# પ્રવચનસાર
## સમ્યક્જ્ઞાન મહા અધિકાર

સુર-અસુર-નરપતિવંદ્યને, પ્રવિનષ્ટઘાતિકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને; ૧.

અન્વયાર્થ:– [एष:] આ હું [सुरासुरमनुष्येन्द्रवन्दितं] [1]સુરેન્દ્રો, [2]અસુરેન્દ્રો અને [3]નરેન્દ્રોથી જે વંદિત છે અને [धौतघातिकर्ममलं] ઘાતિકર્મમળ જેમણે ધોઈ નાખેલ છે એવા [तीर्थं] તીર્થરૂપ અને [धर्मस्य कर्तारं] ધર્મના કર્તા [वर्धमानं] શ્રી વર્ધમાનસ્વામીને [प्रणमामि] પ્રણમું છું.

ટીકાર્થ : પદખંડના રૂપથી વ્યાખ્યાન કરે છે. પ્રણામ કરું છું.

પ્રશ્ન : પ્રણામ કરવાવાળા તે કોણ છે ?

ઉત્તર : ગ્રંથ કરવા માટે તત્પર મનવાળા, સ્વસંવેદન પ્રત્યક્ષથી આત્માનો અનુભવ કરવાવાળા આ અમે (કુંદ કુંદ આચાર્યદેવ).

પ્રશ્ન : કોને પ્રણામ કરું છું ?

ઉત્તર : વર્ધમાન સ્વામીને.

હવે બધી બાજુથી ઋદ્ધ-વૃદ્ધ-પૂર્ણ વધેલું, માન-પ્રમાણ-જ્ઞાન છે જેમનું તે વર્ધમાન છે. અહીં અવ અને અપમાં અ નો લોપ થઈ જાય છે. આ વ્યાકરણસૂત્રથી અવ શબ્દના અ નો લોપ થઈને વર્ધમાન શબ્દ બન્યો છે. (અવ + ઋદ્ધ + માન) = અવર્ધમાન, અ નો લોપ થવાથી વર્ધમાન બન્યો. તે (સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર) રત્નત્રય સ્વરૂપ, વર્તમાનમાં ચાલતા ધર્મતીર્થના ઉપદેશક, શ્રી વર્ધમાન તીર્થંકર પરમદેવને.

પ્રશ્ન : ક્યારે પ્રણામ કરું છું ?

ઉત્તર : સૌથી પહેલા જ.

પ્રશ્ન : તે વર્ધમાન સ્વામી કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : ત્રણેય લોકના (જીવોમાં) આરાધ્ય, અનંત જ્ઞાનાદિ ગુણોના આધારભૂત પદ પર અધિષ્ઠિત હોવાથી અને તે પદના ઈચ્છુક ત્રણેય લોકના રાજાઓ દ્વારા સારી રીતે આરાધના કરવા

---

૧. સુરેન્દ્રો = ઉર્ધ્વલોકવાસી દેવોના ઈન્દ્રો

૨. અસુરેન્દ્રો = અધોલોકવાસી દેવોના ઈન્દ્રો

૩. નરેન્દ્રો = (મધ્યલોકવાસી) મનુષ્યોના અધિપતિઓ : રાજાઓ

યોગ્ય ચરણકમળવાળા હોવાથી તેઓ દેવેન્દ્ર, અસુરેન્દ્ર તથા ચક્રવર્તી દ્વારા પૂજિત છે.

પ્રશ્ન : વળી તે વર્ધમાન સ્વામી કેવા છે ?

ઉત્તર : (ઉત્કૃષ્ટ આત્મલીનતા રૂપ) પરમ સમાધિથી ઉત્પન્ન, રાગાદિ મળ રહિત, પારમાર્થિક સુખામૃતરૂપ સ્વચ્છ પાણીથી (પોતાના) ઘાતિકર્મરૂપી મળને ધોઈ નાખવાને કારણે અને બીજાના પાપરૂપી મળને ધોઈ નાખવામાં કારણ હોવાથી તેઓ ઘાતિકર્મમળને ધોઈ નાખવાવાળા છે.

પ્રશ્ન : વળી તે વર્ધમાન સ્વામી કેવા છે ?

ઉત્તર : જોયેલા, સાંભળેલા, ભોગવેલા વિષય સુખની ઈચ્છારૂપી પાણીના પ્રવેશથી રહિત ઉત્કૃષ્ટ સમાધિરૂપી વહાણ દ્વારા સંસાર સાગરથી પાર થયેલા હોવાને કારણે તથા બીજાને તરવા માટે ઉપાયભૂત (તરવાનો માર્ગ બતાવનાર) હોવાથી તીર્થ સ્વરૂપ છે.

પ્રશ્ન : વળી તે વર્ધમાન સ્વામી કેવા છે ?

ઉત્તર : ઉપરાગ (સંયોગ-સંયોગીભાવ) રહિત આત્મતત્ત્વ પરિણતિરૂપ નિશ્ચય ધર્મનું ઉપાદાન કારણ હોવાથી તથા બીજા જીવોને ઉત્તમ ક્ષમાદિ અનેક પ્રકારના ધર્મોનો ઉપદેશ દેનારા હોવાથી ધર્મના કર્તા છે. આ રીતે ક્રિયા-કારક સંબંધ છે.

આ રીતે અંતિમ તીર્થંકરને નમસ્કારની મુખ્યતાથી એક ગાથા પૂર્ણ થઈ. ॥ ૧ ॥

## ગાથા ૨

વળી શેષ તીર્થંકર અને સૌ સિદ્ધ શુદ્ધાસ્તિત્વને,
મુનિ જ્ઞાન-દગ-ચારિત્ર-તપ-વીર્યાચરણસંયુક્તને. ૨.

અન્વયાર્થ :– [**पुन:**] વળી [**विशुद्धसद्भावान्**] વિશુદ્ધ [૪]સત્તાવાળા [**शेषान् तीर्थकरान्**] શેષ તીર્થંકરોને [**ससर्वसिद्धान्**] સર્વ સિદ્ધભગવંતો સાથે, [**च**] અને [**ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारान्**] જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર તથા વીર્યાચારવાળા [**श्रमणान्**] [૫]શ્રમણોને પ્રણમું છું.

ટીકાર્થ : હવે ફરી પ્રણામ કરું છું.

પ્રશ્ન : કોને પ્રણામ કરું છું ?

ઉત્તર : ૠષભદેવ આદિથી પાર્શ્વનાથ સુધીના બધા તીર્થંકરો તથા શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ જેનું લક્ષણ છે એવા બધા સિદ્ધોને પ્રણામ કરું છું.

૪. સત્તા = અસ્તિત્વ
૫. શ્રમણો = આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓ

પ્રશ્ન : તેઓ બધાં કેવા છે ?

ઉત્તર : નિર્મળ આત્માની પ્રાપ્તિના બળથી સંપૂર્ણ આવરણોનો સંપૂર્ણ નાશ થઈ જવાને કારણે તથા કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વભાવ પ્રાપ્ત થવાને કારણે પૂર્ણ શુદ્ધ સત્તાવાળા છે. તથા શ્રમણ શબ્દથી કહેવા યોગ્ય આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને પ્રણામ કરું છું.

પ્રશ્ન : તે શ્રમણો કયા લક્ષણવાળા છે ?

ઉત્તર : પરિપૂર્ણ શુદ્ધ, દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ ચેતન વસ્તુમાં જે રાગાદિ વિકલ્પ રહિત, ચંચળતા રહિત એવી સ્થિરતા; તેમાં અંતર્ભૂત વ્યવહાર પંચાચાર રૂપ સહકારી કારણથી ઉત્પન્ન નિશ્ચય પંચાચારરૂપથી પરિણમિત હોવાને કારણે સમ્યક્‌જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચાર સહિત (તે શ્રમણોને) (નમસ્કાર કરું છું).

આ પ્રકારે બાકીના ત્રેવીસ તીર્થંકરોને નમસ્કારની મુખ્યતાથી ગાથા પૂર્ણ થઈ. ॥ ૨ ॥

## ગાથા 3

તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને,
વંદું વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને. ૩.

અન્વયાર્થ :– [**तान् तान् सर्वान्**] તે તે સર્વને [**च**] તથા [**मानुषे क्षेत्रे वर्तमानान्**] મનુષ્યક્ષેત્રમાં વર્તતા [**अर्हतः**] અર્હન્તોને [**समकं समकं**] સાથે સાથે - સમુદાયરૂપે અને [**प्रत्येकं एव प्रत्येकं**] પ્રત્યેક પ્રત્યેકને - વ્યક્તિગત [**वन्दे**] વંદું છું.

ટીકાર્થ : હવે, પહેલા કહેલા તે સર્વે પંચપરમેષ્ઠીઓને કર્તારૂપે હું નમસ્કાર કરું છું.

પ્રશ્ન : તે સર્વને કેવી રીતે નમસ્કાર કરું છું ?

ઉત્તર : સામુહિક વંદના રૂપે અર્થાત્ સર્વને એક સાથે નમસ્કાર કરું છું.

પ્રશ્ન : વળી તે સર્વને કેવી રીતે નમસ્કાર કરું છું ?

ઉત્તર : વ્યક્તિગત વંદનારૂપે અર્થાત્ પ્રત્યેકને જુદા જુદા નમસ્કાર કરું છું.

હું માત્ર પૂર્વે કહેલાને જ નમસ્કાર નથી કરતો, પરંતુ અરિહંતોને પણ નમસ્કાર કરું છું.

પ્રશ્ન : તે અરિહંત કેવા છે ?

ઉત્તર : વિદ્યમાન છે.

પ્રશ્ન : તે અરિહંત ક્યાં વિદ્યમાન છે ?

ઉત્તર : મનુષ્ય ક્ષેત્રમાં (અઢી દ્વીપમાં) વિદ્યમાન છે.

તે આ પ્રમાણે - હાલ અહીં ભરતક્ષેત્રમાં તીર્થંકરોનો અભાવ હોવાથી પાંચ મહાવિદેહમાં

વિદ્યમાન શ્રી સીમંધર સ્વામી તીર્થંકર પરમ દેવ આદિ તીર્થંકરોની સાથે તે પંચ પરમેષ્ઠીઓને નમસ્કાર કરું છું.

પ્રશ્ન : પૂર્વે કહેલા સર્વને કેવી રીતે નમસ્કાર કરું છું ?

ઉત્તર : મોક્ષલક્ષ્મીના સ્વયંવર મંડપરૂપ જિનદીક્ષાના અવસર પર સાધનભૂત મંગલાચાર સ્વરૂપ, સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાનાદિ ગુણોની ભાવનારૂપ સિદ્ધ ભક્તિથી, અને તેવી રીતે નિર્મળ સમાધિરૂપ પરિણમિત પરમ યોગીઓના ગુણોની ભાવના લક્ષણ યોગ ભક્તિથી; તે સર્વને નમસ્કાર કરું છું. આ રીતે પુર્વવિદેહ સ્થિત તીર્થંકરોને નમસ્કારની મુખ્યતાથી ગાથા પૂરી થઈ. એવો અભિપ્રાય છે. ॥ ૩ ॥

## ગાથા ૪

અર્હંતને, શ્રી સિદ્ધનેય નમસ્કરણ કરી એ રીતે,
ગણધર અને અધ્યાપકોને, સર્વસાધુસમૂહને; ૪.

અન્વયાર્થ :– [**इति**] એ રીતે [**अर्हद्भ्यः**] અર્હન્તોને અને [**सिद्धेभ्यः**] સિદ્ધોને, [**तथा गणधरेभ्यः**] આચાર્યોને, [**अध्यापकवर्गेभ्यः**] ઉપાધ્યાય વર્ગને [**च**] અને [**सर्वेभ्यः साधुभ्यः**] સર્વ સાધુઓને [**नमः कृत्वा**] નમસ્કાર કરીને.

ટીકાર્થ : હવે કરીને.

પ્રશ્ન : શું કરીને ?

ઉત્તર : નમસ્કાર કરીને.

પ્રશ્ન : કોને નમસ્કાર કરીને ?

ઉત્તર : અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કાર કરીને.

પ્રશ્ન : કેટલા અરિહંતાદિને નમસ્કાર કરીને ?

ઉત્તર : સર્વને નમસ્કાર કરીને.

આ રીતે પહેલી ત્રણ ગાથામાં પંચ પરમેષ્ઠીને કરેલા નમસ્કારોનો આ ઉપસંહાર છે. ॥ ૪ ॥

## ગાથા ૫

તસુ શુદ્ધદર્શનજ્ઞાનમુખ્ય પવિત્ર આશ્રમ પામીને,
પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવપ્રાપ્તિ બને. ૫.

અન્વયાર્થ :– [**तेषां**] તેમના [**विशुद्धदर्शनज्ञानप्रधानाश्रमं**] [1]વિશુદ્ધદર્શનજ્ઞાનપ્રધાન આશ્રમને [**समासाद्य**] પામીને [**साम्यं उपसम्पद्ये**] હું [2]સામ્યને પ્રાપ્ત કરું છું [**यत:**] કે જેનાથી [**निर्वाणसम्प्राप्ति:**] નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

ટીકાર્થ : પ્રશ્ન : એ રીતે પંચપરમેષ્ઠીઓને નમસ્કાર કરીને શું કરું છું ?

ઉત્તર : આશ્રય લઉં છું.

પ્રશ્ન : કોનો આશ્રય લઉં છું ?

ઉત્તર : સામ્ય - ચારિત્રનો.

પ્રશ્ન : તે ચારિત્રનો આશ્રય લેવાથી શું થાય છે ?

ઉત્તર : તેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : તેનો આશ્રય લીધા પૂર્વે શું કરીને ?

ઉત્તર : પ્રાપ્ત કરીને.

પ્રશ્ન : કોને પ્રાપ્ત કરીને ?

ઉત્તર : જેનું લક્ષણ વિશુદ્ધ જ્ઞાન દર્શન છે એવા મુખ્ય આશ્રમને પ્રાપ્ત કરીને.

પ્રશ્ન : કોના સંબંધિત તે મુખ્ય આશ્રમને પ્રાપ્ત કરીને ?

ઉત્તર : તે પૂર્વે કહેલ પંચપરમેષ્ઠિઓના તે મુખ્ય આશ્રમને પ્રાપ્ત કરીને.

તે આ રીતે - હું આરાધક છું અને આ અરિહંત આદિ આરાધ્ય છે - આ રીતે આરાધ્ય - આરાધકની ભિન્નતારૂપ નમસ્કારને દ્વૈત નમસ્કાર કહે છે તથા રાગાદિ ઉપાધિરૂપ વિકલ્પોથી રહિત પરમ સમાધિના બળથી પોતામાં જ આરાધ્ય આરાધક ભાવને અદ્વૈત નમસ્કાર કહેવાય છે.

આ રીતે પૂર્વે કહેલી ત્રણ ગાથા દ્વારા કહેલ પંચપરમેષ્ઠીઓને પૂર્વે કહેલ લક્ષણથી દ્વૈતાદ્વૈત નમસ્કાર કરીને.

પ્રશ્ન : પંચ પરમેષ્ઠીઓને દ્વૈતાદ્વૈત નમસ્કાર કરીને શું કરું છું ?

ઉત્તર : મઠ - ચૈત્યાલય આદિ રૂપ વ્યવહાર આશ્રમથી ભિન્ન લક્ષણવાળા રાગાદિથી ભિન્ન પોતાના આત્માના આશ્રયથી ઉત્પન્ન આ સુખસ્વભાવી પરમાત્મા છે- એવું ભેદજ્ઞાન તથા તે સુખ સ્વભાવી આત્મા જ પૂર્ણ રીતે ઉપાદેય છે - એવી રૂચિરૂપ સમ્યક્ત્વ - આ લક્ષણવાળા જ્ઞાનદર્શન સ્વભાવી ભાવ આશ્રમરૂપ મુખ્ય આશ્રમને પ્રાપ્ત કરીને તે પૂર્વક થવાવાળું સરાગ ચારિત્ર અવશ્ય હોવા છતાં પણ તે પુણ્યબંધનું કારણ છે એવું જાણીને તેને છોડીને શુદ્ધાત્મામાં સ્થિર અનુભૂતિસ્વરૂપ વીતરાગી ચારિત્રનો હું આશ્રય લઉં છું એવો ગાથાનો ભાવ છે.

૧. વિશુદ્ધ જ્ઞાન પ્રધાન = વિશુદ્ધ દર્શન અને જ્ઞાન જેમાં પ્રધાન (મુખ્ય) છે એવા.

૨. સામ્ય = સમતા, સમભાવ.

આ પ્રકારે પ્રથમ સ્થળમાં નમસ્કારની મુખ્યતાથી પાંચ ગાથાઓ પૂરી થઈ. ॥ ૫ ॥

હવે, ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખનું કારણ હોવાથી વીતરાગ ચારિત્ર ઉપાદેય (છે) તથા અતીન્દ્રિય સુખની અપેક્ષાએ સરાગ ચારિત્ર, ઈન્દ્રિય સુખનું કારણ હોવાથી હેય છે એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૬

સુર-અસુર-મનુજેન્દ્રો તણા વિભવો સહિત નિર્વાણની
પ્રાપ્તિ કરે ચારિત્રથી જીવ જ્ઞાન દર્શન મુખ્યથી. ૬.

અન્વયાર્થ :– [**जीवस्य**] જીવને [**दर्शनज्ञानप्रधानात्**] દર્શનજ્ઞાનપ્રધાન [**चारित्रात्**] ચારિત્રથી [**देवासुरमनुजराजविभवैः**] દેવેન્દ્ર, અસુરેન્દ્ર ને નરેન્દ્રના વૈભવો સહિત [**निर्वाणं**] નિર્વાણ [**संपद्यते**] પ્રાપ્ત થાય છે. (જીવને સરાગચારિત્રથી દેવેન્દ્ર વગેરેના વૈભવની અને વીતરાગ-ચારિત્રથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.)

ટીકાર્થ : પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : કોની પ્રાપ્તિ થાય છે ?

ઉત્તર : મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : કેવી રીતે મોક્ષની પ્રાપ્તિ થાય છે ?

ઉત્તર : આની સાથે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : કોની સાથે મોક્ષની પ્રાપ્તિ થાય છે ?

ઉત્તર : દેવેન્દ્ર, અસુરેન્દ્ર તથા નરેન્દ્ર સંબંધી વૈભવની સાથે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : તેની પ્રાપ્તિ કોને થાય છે ?

ઉત્તર : જીવને તેની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : જીવને તેની પ્રાપ્તિ કોનાથી થાય છે ?

ઉત્તર : ચારિત્રથી તેની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન : કેવા ચારિત્રથી થાય છે ?

ઉત્તર : સમ્યક્‌દર્શન-જ્ઞાન પ્રધાન ચારિત્રથી જીવને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

તે આ પ્રકારે,

સ્વાધીન જ્ઞાન-સુખસ્વભાવી શુદ્ધાત્મ દ્રવ્યમાં ચંચળતા રહિત નિર્વિકાર અનુભૂતિરૂપ સ્થિરતા લક્ષણવાળા નિશ્ચય ચારિત્રથી જીવને પ્રગટ થાય છે.

પ્રશ્ન : શું પ્રગટ થાય છે ?

ઉત્તર : પરાધીન ઈન્દ્રિયજનિત જ્ઞાન-સુખથી ભિન્ન લક્ષણવાળા, સ્વાધીન અતીન્દ્રિયરૂપ ઉત્કૃષ્ટ જ્ઞાન-સુખ યુક્ત મોક્ષ પ્રગટ થાય છે.

સરાગ ચારિત્રની મુખ્યતાએ દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્ર સંબંધી વૈભવને ઉત્પન્ન કરવાવાળો વિશિષ્ટ પુણ્યબંધ થાય છે તેમજ પરંપરાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : અસુરોમાં સમ્યક્દૃષ્ટિ કેવી રીતે ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : જો આવી શંકા હોય તો (તેનું સમાધાન એમ છે કે) નિદાન બંધથી સમ્યક્ત્વની વિરાધના કરીને તે ત્યાં ઉત્પન્ન થાય છે એમ જાણવું જોઈએ.

અહીં નિશ્ચયથી વીતરાગ ચારિત્ર ઉપાદેય છે અને સરાગચારિત્ર હેય છે એવો ગાથાનો ભાવ છે. ॥ ૬ ॥

હવે નિશ્ચય ચારિત્રના પર્યાયવાચી નામ કહું છું એવો અભિપ્રાય મનમાં રાખીને આ ગાથા કહે છે.

આ પ્રકારે આગળ પણ કહેવા ધારેલી ગાથાના અર્થને મનમાં ધારણ કરીને અથવા આ ગાથા પછી આ ગાથા જ અહીં ઉચિત છે; એવો નિશ્ચય કરીને આ ગાથા કહે છે, આ પ્રકારે પાતનિકાનું લક્ષણ યથાસંભવ બધી જગ્યાએ જાણવું જોઈએ.

## ગાથા ૭

ચારિત્ર છે તે ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે;
ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે. ૭.

અન્વયાર્થ :– [**चारित्रं**] ચારિત્ર [**खलु**] ખરેખર [**धर्मः**] ધર્મ છે. [**यः धर्मः**] જે ધર્મ છે [**तत् साम्यम्**] તે સામ્ય છે [**इति निर्दिष्टम्**] એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. [**साम्यं हि**] સામ્ય [**मोहक्षोभविहीनः**] મોહક્ષોભરહિત એવો [**आत्मनः परिणामः**] આત્માનો પરિણામ (ભાવ) છે.

ટીકાર્થ : ચારિત્રરૂપ કર્તા (ચારિત્ર 'કર્તાકારક'ના સ્થાન પર છે) સ્પષ્ટરૂપથી ધર્મ છે. જે ધર્મ છે તેને સામ્ય કહેવામાં આવે છે અને જે સામ્ય છે તે મોહ ક્ષોભથી રહિત પરિણામ છે.

પ્રશ્ન : મોહ ક્ષોભથી રહિત એવું સામ્ય કોનું પરિણામ છે ?

ઉત્તર : સ્પષ્ટરૂપથી તે આત્માનું પરિણામ છે.

તે આ પ્રકારે,

શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં ચરવું-પ્રવૃત્તિ-લીનતા (તે) ચારિત્ર છે. તે જ ચારિત્ર મિથ્યાત્વ રાગાદિ પરિણમનરૂપ ભાવસંસારમાં ડૂબેલા પ્રાણીઓને બહાર કાઢી નિર્વિકાર શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં સ્થાપે છે. તેથી (તે) ધર્મ છે. તે જ ધર્મ સ્વઆત્માના આશ્રયથી ઉત્પન્ન થવાવાળા સુખમય અમૃતરૂપ શીતળ પાણી દ્વારા કામ ક્રોધાદિરૂપ અગ્નિથી ઉત્પન્ન સાંસારિક દુઃખરૂપ બળતરાને શાંત કરવાવાળો હોવાથી સામ્ય છે. અને જે શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ સમ્યક્દર્શનને નાશ કરવાવાળુ હોવાથી દર્શન મોહનીય નામના (કર્મને) મોહ કહેવાય છે તથા વીતરાગ સ્થિરતારૂપ પરિણમનવાળા ચારિત્રને નષ્ટ કરવાવાળુ હોવાથી ચારિત્ર મોહનીય નામના (કર્મને) ક્ષોભ કહેવાય છે.

મોહ અને ક્ષોભ, આ બંનેને સંપૂર્ણ નષ્ટ કરવાવાળું હોવાથી તે સામ્ય, મોહ ક્ષોભ રહિત શુદ્ધાત્માનું પરિણામ કહેવાય છે આમ અભિપ્રાય છે. ॥ ૭ ॥

હવે અભેદનયથી ધર્મસ્વરૂપ પરિણત આત્મા જ ધર્મ છે; એમ બતાવે છે.

## ગાથા ૮

**જે ભાવમાં પ્રણમે દરવ, તે કાળ તન્મય તે કહ્યું;**
**જીવદ્રવ્ય તેથી ધર્મમાં પ્રણમેલ ધર્મ જ જાણવું. ૮.**

અન્વયાર્થ :– [**द्रव्यं**] દ્રવ્ય જે કાળે [**येन**] જે ભાવરૂપે [**परिणमति**] પરિણમે છે [**तत्कालं**] તે કાળે [**तन्मयं**] તે-મય છે [**इति**] એમ [**प्रज्ञप्तं**] (જિનેન્દ્રદેવે) કહ્યું છે; [**तस्मात्**] તેથી [**धर्मपरिणत: आत्मा**] ધર્મપરિણત આત્મા [**धर्म: मन्तव्य:**] ધર્મ જાણવો.

ટીકાર્થ : દ્રવ્યરૂપ કર્તા (આ ગાથામાં દ્રવ્ય કર્તાકારકના સ્થાન પર છે) જે પર્યાયથી પરિણમિત થાય છે તે તે સમયે તે પર્યાયથી તન્મય થાય છે એવું કહેવામાં આવેલ છે. તેથી ધર્મ પર્યાયથી પરિણત આત્માને જ ધર્મ માનવો જોઈએ.

તે આ પ્રકારે,

નિજ શુદ્ધાત્મ પરિણતિરૂપ નિશ્ચયધર્મ, તથા પંચ પરમેષ્ઠી આદિ તરફની ભક્તિના પરિણામરૂપ વ્યવહારધર્મ કહેવામાં આવ્યો છે કેમકે તે વિવક્ષિત-અવિવક્ષિત (વર્તમાનમાં કહેવા ધારેલ અને વર્તમાનમાં નહિ કહેવા ધારેલ) પર્યાયથી પરિણત તે દ્રવ્ય તે પર્યાયરૂપ હોય છે તેથી તપેલા લોખંડના ગોળાની જેમ, અભેદનયની અપેક્ષાએ પૂર્વે કહેલ બે પ્રકારના ધર્મરૂપે પરિણત આત્મા જ ધર્મ છે એમ જાણવું જોઈએ.

પ્રશ્ન : ધર્મરૂપથી પરિણત આત્માને ધર્મ શા માટે જાણવો જોઈએ ?

ઉત્તર : ઉપાદાન કારણ જેવું જ કાર્ય હોય છે તેવું વચન હોવાથી ધર્મરૂપ પરિણત આત્માને

ધર્મ જાણવો જોઈએ. શુદ્ધ અને અશુદ્ધ ઉપાદાનના ભેદથી તે ઉપાદાન કારણ પણ બે પ્રકારનું છે. આગમ ભાષામાં જેને શુકલધ્યાન કહે છે તે રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાન કેવળજ્ઞાનની ઉત્પત્તિનું શુદ્ધ ઉપાદાન કારણ છે; તથા અશુદ્ધ નિશ્ચયનયથી અશુદ્ધ આત્મા રાગાદિનું અશુદ્ધ ઉપાદાન કારણ છે. આ ગાથાનો આવો ભાવ છે. ॥ ૮ ॥

આ પ્રકારે ચારિત્રની સંક્ષેપ સૂચનારૂપથી બીજા સ્થળમાં ત્રણ ગાથાઓ પુરી થઈ.

હવે શુભોપયોગ, અશુભોપયોગ, શુદ્ધોપયોગ-ત્રણ ઉપયોગરૂપથી પરિણત જીવ (ક્રમથી) શુભ ઉપયોગ, અશુભઉપયોગ, શુદ્ધોપયોગ સ્વરૂપે થાય છે; એવો ઉપદેશ આપવામાં આવે છે.

## ગાથા ૯

**શુભ કે અશુભમાં પ્રણમતાં શુભ કે અશુભ આત્મા બને,**
**શુદ્ધે પ્રણમતાં શુદ્ધ, પરિણામસ્વભાવી હોઈને. ૯.**

અન્વયાર્થ :– [**जीव:**] જીવ, [**परिणामस्वभाव:**] પરિણામસ્વભાવી હોવાથી, [**यदा**] જ્યારે [**शुभेन वा अशुभेन**] શુભ કે અશુભ ભાવે [**परिणमति**] પરિણમે છે [**शुभ: अशुभ:**] ત્યારે શુભ કે અશુભ (પોતે જ) થાય છે [**शुद्धेन**] અને જ્યારે શુદ્ધ ભાવે પરિણમે છે [**तदा शुद्ध: हि भवति**] ત્યારે શુદ્ધ થાય છે.

ટીકાર્થ : જીવરૂપી કર્તા જ્યારે શુભ કે અશુભ પરિણામથી પરિણમિત થાય છે ત્યારે શુભથી શુભરૂપ અથવા અશુભથી અશુભરૂપ થાય છે અને જ્યારે શુદ્ધ પરિણામથી પરિણમિત થાય છે ત્યારે સ્પષ્ટરૂપથી શુદ્ધ થાય છે.

પ્રશ્ન : જીવ કેવો થયો થકો શુભાદિરૂપ થાય છે ?

ઉત્તર : પરિણામના સદ્ભાવવાળો થયો થકો પરિણામ સ્વભાવી હોવાથી શુભાદિરૂપ થાય છે.

તે આ પ્રકારે,

જેવી રીતે અત્યંત નિર્મળ સ્ફટિક મણિ પણ જાસુદના ફૂલ આદિ લાલ, કાળા અને સફેદ રંગ રૂપ ઉપાધિ વશથી લાલ, કાળો અને સફેદરંગવાળો થઈ જાય છે, તેવી રીતે સ્વભાવથી શુદ્ધ-બુદ્ધ એક સ્વરૂપવાળો હોવા છતાં પણ આ જીવ વ્યવહારથી ગૃહસ્થદશાની અપેક્ષાએ યથાસંભવ સરાગ સમ્યક્ત્વપૂર્વક દાનપૂજાદિ શુભ ક્રિયાથી, તથા મુનિદશા અપેક્ષા મુળગુણ-ઉતરગુણ આદિ શુભ ક્રિયાથી પરિણમતો થકો શુભ જાણવો જોઈએ. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ-આ પાંચ (બંધના) કારણોરૂપ અશુભ ઉપયોગથી પરિણમતો થકો અશુભ જાણવો જોઈએ, તથા નિશ્ચય

રત્નત્રય સ્વરૂપ શુદ્ધોપયોગથી પરિણમતો થકો શુદ્ધ જાણવો જોઈએ.

વિશેષ એમ છે કે સિદ્ધાંત ગ્રંથોમાં અસંખ્યાત લોકપ્રમાણ જીવના પરિણામને મધ્યમરૂપથી જાણકારી કરાવવાની અપેક્ષાએ મિથ્યાદૃષ્ટિ આદિ ચૌદ ગુણસ્થાનરૂપથી કહેવામાં આવેલ છે.

અહીં પ્રાભૃત શાસ્ત્ર (અધ્યાત્મ શાસ્ત્ર) માં તે જ ગુણસ્થાનોને સંક્ષિપ્તરૂપથી અશુભ ઉપયોગ, શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગરૂપથી કહેવામાં આવ્યા છે.

પ્રશ્ન : પ્રાભૃત શાસ્ત્રમાં ત્રણ ઉપયોગ કયા પ્રકારથી કહેવામાં આવ્યા છે ?

ઉત્તર : મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર એવા ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યતાથી (ઘટવારૂપ) અશુભઉપયોગ, ત્યારબાદ અસંયત સમ્યક્દૃષ્ટિ, દેશવિરત અને પ્રમત સંયત એવા ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્યતાથી (વધતો જતો) શુભોપયોગ, ત્યારબાદ આગળ અપ્રમતસંયત ગુણસ્થાનથી ક્ષીણકષાય પર્યંત છ ગુણસ્થાનોમાં તારતમ્યતાથી (વધતો જતો) શુદ્ધોપયોગ (કહેવામાં આવેલ છે).

ત્યારબાદ સયોગીજિન અને અયોગીજિન આ બે ગુણસ્થાન શુદ્ધ ઉપયોગના ફળરૂપ છે આવો ભાવ છે. ॥ ૯ ॥

હવે નિત્ય એકાંત અને ક્ષણિક એકાંતના નિરાકરણને માટે પરસ્પર પરિણામ અને પરિણામીનું કથંચિત્ અભેદપણું દર્શાવે છે.

## ગાથા ૧૦

પરિણામ વિણ ન પદાર્થ, ને ન પદાર્થ વિણ પરિણામ છે;
ગુણ-દ્રવ્ય-પર્યયસ્થિત ને અસ્તિત્વસિદ્ધ પદાર્થ છે. ૧૦.

અન્વયાર્થ :– [**इह**] આ લોકમાં [**परिणामं विना**] પરિણામ વિના [**अर्थः नास्ति**] પદાર્થ નથી, [**अर्थ विना**] પદાર્થ વિના [**परिणामः**] પરિણામ નથી; [**अर्थः**] પદાર્થ [**द्रव्यगुणपर्यायस्थः**] દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહેલો અને [**अस्तित्वनिर्वृत्तः**] (ઉત્પાદવ્યયધ્રૌવ્યમય) અસ્તિત્વથી બનેલો છે.

ટીકાર્થ : સૌથી પહેલા મુક્ત જીવમાં કહે છે - સિદ્ધ પર્યાયરૂપ શુદ્ધપરિણામ વગર શુદ્ધ જીવ પદાર્થ હોતો નથી.

પ્રશ્ન : સિદ્ધ પર્યાય વગર શુદ્ધ જીવ પદાર્થ શા માટે નથી ?

ઉત્તર : સિદ્ધ પર્યાય અને શુદ્ધ જીવમાં નામ, લક્ષણ, પ્રયોજન આદિ ભેદ હોવા છતાં પણ બંનેમાં પ્રદેશ ભેદ નહિ હોવાથી સિદ્ધ પર્યાય વગર શુદ્ધ જીવ નથી હોતો.

આ લોકમાં મુક્ત સ્વરૂપી આત્મપદાર્થ વગર શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ લક્ષણવાળી સિદ્ધપર્યાયરૂપ શુદ્ધ પરિણમન નથી.

પ્રશ્ન : મુક્ત જીવ વિના સિદ્ધ પર્યાય કેમ નથી ?

ઉત્તર : મુક્ત જીવમાં અને સિદ્ધ પર્યાયમાં નામાદિ (પહેલા બતાવેલા) ભેદ હોવા છતાં પણ પ્રદેશ ભેદ નહિ હોવાથી મુક્ત જીવ વગર સિદ્ધ પર્યાય નથી હોતી.

આત્મસ્વરૂપ દ્રવ્ય અને તેમાં જ કેવળજ્ઞાન આદિ ગુણ અને સિદ્ધરૂપ પર્યાય આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણવાળા દ્રવ્ય, ગુણ, પર્યાયમાં રહે છે (તેઓ) દ્રવ્ય, ગુણ, પર્યાયમાં સ્થિત છે.

પ્રશ્ન : દ્રવ્ય-ગુણ-પર્યાયમાં સ્થિતિરૂપ કરવાવાળા કર્તારૂપથી તે કોણ છે ?

ઉત્તર : જેવી રીતે સુવર્ણ પદાર્થ સુવર્ણ દ્રવ્ય, પીળાશ આદિ ગુણ તથા કુંડળ આદિ પર્યાયોમાં સ્થિત છે તેવી રીતે પરમાત્મ પદાર્થ પૂર્વે કહેલા પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં સ્થિત છે.

પ્રશ્ન : તે પરમાત્મ પદાર્થ વળી કેવો છે ?

ઉત્તર : જેવી રીતે સુવર્ણ પદાર્થ સુવર્ણ દ્રવ્ય, સુવર્ણમયગુણ તથા સુવર્ણમય પર્યાયોરૂપ અસ્તિત્વથી બનેલો છે; તેવી રીતે પરમાત્મ પદાર્થ પણ શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયોના આધારભૂત શુદ્ધ અસ્તિત્વથી બનેલો હોવાને કારણે અસ્તિત્વથી રચાયેલ છે.

અહીં તાત્પર્ય એ છે કે,

જેવી રીતે મુક્ત જીવમાં દ્રવ્ય-ગુણ-પર્યાય આ ત્રણેયને પરસ્પર અવિનાભાવી દેખાડવામાં આવેલ છે તેવી રીતે નયભેદથી સંસારી જીવમાં પણ મતિજ્ઞાનાદિ વિભાવગુણો અને મનુષ્ય, નારકી આદિ વિભાવ પર્યાયોમાં પરસ્પર અવિનાભાવ યથા યોગ્ય જાણી લેવો જોઈએ. તે જ પ્રકારે પુદ્ગલ આદિ બાકી દ્રવ્યોમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું પરસ્પર અવિનાભાવિપણું જાણી લેવું જોઈએ. ॥ ૧૦॥

આ પ્રકારે શુભ, અશુભ અને શુદ્ધ પરિણામોના કથનની મુખ્યતાથી ત્રીજા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ.

હવે સંક્ષેપમાં (ક્રમશઃ) વીતરાગ ચારિત્ર અને સરાગ ચારિત્ર નામના શુદ્ધોપયોગ અને શુભોપયોગ પરિણામોનું ફળ દેખાડે છે.

## ગાથા ૧૧

જો ધર્મ પરિણતસ્વરૂપ જીવ શુદ્ધોપયોગી હોય તો,
તે પામતો નિર્વાણસુખ, ને સ્વર્ગસુખ શુભયુક્ત જો. ૧૧.

અન્વયાર્થ :– [**धर्मेण परिणतात्मा**] ધર્મે પરિણમેલા સ્વરૂપવાળો [**आत्मा**] આત્મા [**यदि**] જો [**शुद्धसंप्रयोगयुत:**] શુદ્ધ ઉપયોગમાં જોડાયેલો હોય તો [**निर्वाणसुखं**] મોક્ષના સુખને [**प्राप्नोति**] પામે છે [**शुभोपयुक्त: वा**] અને જો શુભ ઉપયોગવાળો હોય તો [**स्वर्गसुखं**] સ્વર્ગના સુખને (બંધને) પામે છે.

ટીકાર્થ : ધર્મરૂપથી પરિણતસ્વરૂપવાળો થયો થકો આ આત્મા શુદ્ધ ઉપયોગ જેનું નામ છે એવા શુદ્ધ સંપ્રયોગ પરિણામરૂપ પરિણત થાય છે તો તે મોક્ષસુખ પ્રાપ્ત કરે છે. શુભ ઉપયોગથી પરિણત થયો થકો સ્વર્ગસુખને પ્રાપ્ત કરે છે.

અહીં તેનો વિસ્તાર કરે છે, આ ગાથામાં ધર્મ શબ્દથી અહિંસા લક્ષણ ધર્મ, ગૃહસ્થધર્મ, મુનિધર્મ, ઉત્તમક્ષમા આદિ લક્ષણવાળા રત્નત્રય સ્વરૂપ ધર્મ, મોહ ક્ષોભ રહિત આત્માના પરિણામ અથવા વસ્તુનો શુદ્ધ સ્વભાવ ગ્રહણ કરવામાં આવે છે.

''ચારિત્ર જ વાસ્તવિક ધર્મ છે'' એવું વચન હોવાથી તે જ ધર્મ બીજા શબ્દોમાં ચારિત્ર કહેવામાં આવે છે અને તે ચારિત્ર અપહત સંયમ - ઉપેક્ષા સંયમ એવા બે ભેદથી અથવા સરાગ અને વીતરાગ એવા બે ભેદથી અથવા શુભોપયોગ અને શુદ્ધોપયોગના ભેદથી બે પ્રકારનું છે. ત્યાં જે શુદ્ધસંપ્રયોગ શબ્દથી કહેવામાં આવેલ શુદ્ધ ઉપયોગ સ્વરૂપ વીતરાગ ચારિત્ર છે તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

નિર્વિકલ્પ સમાધિરૂપ શુદ્ધોપયોગમાં રહેવાની શક્તિનો અભાવ હોવાથી જ્યારે (પૂર્વે કહેલ જીવ) શુભઉપયોગરૂપ સરાગ ચારિત્રથી પરિણત થાય છે તો અનાકુળતા લક્ષણવાળા પારમાર્થિક સુખથી વિપરીત આકુળતા ઉત્પન્ન કરવાવાળું સ્વર્ગ સુખ પ્રાપ્ત કરે છે તથા ત્યારબાદ તે પરમ સમાધિરૂપ મોક્ષના કારણભૂત વીતરાગ ચારિત્રરૂપ સામગ્રીના સદ્‌ભાવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે- આમ ગાથાનો ભાવ છે. ॥ ૧૧ ॥

હવે ચારિત્ર પરિણામના અસંભવપણાને લીધે સર્વથા છોડવા યોગ્ય અશુભ ઉપયોગનું ફળ બતાવે છે.

## ગાથા ૧૨

અશુભોદયે આત્મા કુનર, તિર્યંચ ને નારકપણે,
નિત્યે સહસ્ર દુ:ખે પીડિત, સંસારમાં અતિ અતિ ભમે. ૧૨.

અન્વયાર્થ :– [**अशुभोदयेन**] અશુભ ઉદયથી [**आत्मा**] આત્મા [**कुनर:**] કુમનુષ્ય (હલકો મનુષ્ય), [**तिर्यग्**] તિર્યંચ [**नैरयिक:**] અને નારક [**भूत्वा**] થઈને [**दु:खसहस्रै:**] હજારો દુ:ખોથી [**सदा अभिद्रुत:**] સદા પીડિત થતો [**अत्यंतं भ्रमति**] (સંસારમાં) અત્યંત ભમે છે.

ટીકાર્થ : અશુભ કર્મના ઉદયથી આત્મા કુમનુષ્ય, તિર્યંચ અને નારક થઈને

પ્રશ્ન : આ રૂપે થઈને આત્મા શું કરે છે ?

ઉત્તર : હજારો દુઃખોથી હંમેશા પીડિત થયો થકો સંસારમાં દીર્ઘકાળ સુધી ફરતો રહે છે.

તે આ પ્રકારે,

નિર્વિકાર શુદ્ધાત્મતત્ત્વની રુચિરૂપ નિશ્ચય સમ્યક્દર્શન તથા તે શુદ્ધાત્મામાં નિર્વિકલ્પ મનોવૃત્તિ-રૂપ નિશ્ચય ચારિત્રથી વિરુદ્ધ લક્ષણવાળા વિપરીત માન્યતાના ઉત્પાદક અને દેખેલા, સાંભળેલા અને ભોગવેલા પાંચ ઈન્દ્રિયના વિષયોની ઈચ્છા સંબંધી તીવ્ર સંક્લેશ પરિણામરૂપ અશુભ ઉપયોગથી બંધાયેલા પાપ કર્મોના ઉદયમાં આ આત્મા, સહજ શુદ્ધાત્માના આશ્રયથી ઉત્પન્ન આનંદ છે એક લક્ષણ જેનું એવા પારમાર્થિક સુખથી વિપરીત દુઃખથી દુઃખી થયો થકો, આત્મ સ્વભાવની ભાવનાથી રહિત થઈને સંસારમાં દીર્ઘકાળ સુધી ફરતો રહે છે-આમ તાત્પર્ય છે. ॥ ૧૨ ॥

આ પ્રકારે શુભાદિ ત્રણ ઉપયોગોના ફળને બતાવનારી ચોથા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ.

હવે (૧) શુભોપયોગ અને અશુભોપયોગ આ બંનેને નિશ્ચયનયથી હેય જાણીને શુદ્ધોપયોગ અધિકાર શરૂ કરતા થકા શુદ્ધાત્મભાવનાને આત્મસાત્ કરવાવાળા શુદ્ધોપયોગી જીવના પ્રોત્સાહન માટે શુદ્ધોપયોગનું ફળ પ્રકાશિત કરે છે.

(૨) અથવા બીજી પાતનિકા - જો કે શુદ્ધોપયોગનું ફળ જ્ઞાન અને સુખને આગળ સંક્ષેપ-વિસ્તારથી કહેશે તો પણ અહીં પીઠિકામાં પણ સુચના કરે છે.

(૩) અથવા ત્રીજી પાતનિકા - પહેલા (અગિયારમી ગાથામાં) શુદ્ધોપયોગનું ફળ નિર્વાણ કહેવામાં આવેલ, હવે નિર્વાણનું ફળ અનંત સુખ કહે છે.

આ પ્રકારે ત્રણ પાતનિકાઓના અર્થને મનમાં ધારણ કરીને આ ગાથા કહે છે.

## ગાથા ૧૩

**અત્યંત આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને,**
**વિચ્છેદહીન છે સુખ અહો ! શુદ્ધોપયોગપ્રસિદ્ધને. ૧૩.**

અન્વયાર્થ :– [**शुद्धोपयोगप्रसिद्धानां**] શુદ્ધોપયોગથી *નિષ્પન્ન થયેલા આત્માઓનું (કેવળી ભગવંતોનું અને સિદ્ધભગવંતોનું) [**सुखं**] સુખ [**अतिशयं**] અતિશય, [**आत्मसमुत्थं**] આત્મોત્પન્ન, [**विषयातीतं**] વિષયાતીત (અતીન્દ્રિય), [**अनौपम्यं**] અનુપમ (ઉપમા વિનાનું),

* નિષ્પન્ન થવું = નીપજવું; ફળરૂપ થવું; સિદ્ધ થવું.
(શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા એટલે શુદ્ધોપયોગરૂપ કારણથી કાર્યરૂપ થયેલા.

[**अनंतं**] અનંત [**अव्यच्छिन्नं च**] અને અવિચ્છિન્ન (અતૂટક) છે.

અનાદિ સંસારથી દેવેન્દ્ર આદિ સંબંધી સુખથી પણ અપૂર્વ પરમ આનંદમય હોવાથી અતિશય સ્વરૂપ છે, રાગાદિ વિકલ્પ રહિત નિજ શુદ્ધાત્માના આશ્રયથી ઉત્પન્ન હોવાના કારણે આત્મોત્પન્ન છે, નિર્વિષય પરમાત્મતત્ત્વથી વિરૂદ્ધ પાંચ ઈન્દ્રિયોના વિષયોથી રહિત હોવાને કારણે વિષયાતીત છે. નિરૂપમ, પરમાનંદરૂપ એક લક્ષણમય હોવાથી ઉપમા રહિત હોવાને કારણે અનુપમ છે. અનંત ભવિષ્યકાળમાં નષ્ટ નહિ થવાના કારણે અથવા અસીમ હોવાને કારણે અનંત છે અને અશાતા વેદનીય કર્મના ઉદયનો અભાવ થઈ જવાથી હંમેશા રહેવાને કારણે નાશ રહિત અવ્યાબાધ છે. આ પ્રકારે કહેવામાં આવેલ વિશેષણ સંપન્ન સુખ હોય છે.

પ્રશ્ન : આવું સુખ કોને હોય છે ?

ઉત્તર : વીતરાગ પરમ સામાયિક શબ્દથી કહેવા યોગ્ય શુદ્ધોપયોગથી પ્રસિદ્ધ ઉત્પન્ન થયેલ જે અરિહંત અને સિદ્ધ છે, તેમને હોય છે.

અહીં આ જ સુખ ઉપાદેયરૂપથી નિરંતર ભાવના કરવા યોગ્ય છે. એવો ભાવ છે. ॥ ૧૩ ॥

હવે જે શુદ્ધ ઉપયોગથી ગાથા-૧૩ માં કહેવામાં આવેલ લક્ષણવાળું સુખ (જેને) થાય છે તે શુદ્ધઉપયોગરૂપ પરિણત પુરુષનું લક્ષણ પ્રકાશિત કરે છે -

## ગાથા ૧૪

સુવિદિતસૂત્રપદાર્થ, સંયમતપ સહિત, વીતરાગ ને,
સુખદુઃખમાં સમ શ્રમણને શુદ્ધોપયોગ જિનો કહે. ૧૪.

અન્વયાર્થ :– [**सुविदितपदार्थ सूत्रः**] જેમણે (નિજ શુદ્ધ આત્માદિ) પદાર્થોને અને સૂત્રોને સારી રીતે જાણ્યાં છે, [**संयमतपः संयुतः**] જે સંયમ અને તપ સહિત છે, [**विगतरागः**] જે વીતરાગ અર્થાત્ રાગરહિત છે [**समसुखदुःखः**] અને જેમને સુખ-દુઃખ સમાન છે, [**श्रमणः**] એવા શ્રમણને (મુનિવરને) [**शुद्धोपयोगः इति भणितः**] 'શુદ્ધોપયોગી' કહેવામાં આવ્યા છે.

ટીકાર્થ : સંશય આદિ (દોષથી) રહિત હોવાને કારણે જેણે સારી રીતે નિજ શુદ્ધાત્મા આદિ પદાર્થો અને તેના પ્રતિપાદક સુત્રોને જાણી લીધા છે, અને તેનું શ્રદ્ધાન કરેલ છે, તેને પદાર્થો અને સૂત્રોને સારી રીતે જાણવાવાળો કહેવામાં આવે છે. બાહ્યમાં દ્રવ્યેન્દ્રિયોથી નિવૃત્ત થઈને છ કાયના જીવોની રક્ષાથી અને અંતરંગમાં પોતાના શુદ્ધાત્માના અનુભવના બળથી સ્વરૂપમાં સંયમિત થવાથી

જે સંયમ સંપન્ન છે, તથા બહિરંગ અને અંતરંગ તપના બળથી કામ ક્રોધાદિ શત્રુઓ દ્વારા જેનો પ્રતાપ ખંડિત નથી થયો એવા નિજ શુદ્ધાત્મામાં પ્રતાપવંત -વિજયવંત હોવાથી જે તપ સંપન્ન છે. વીતરાગ શુદ્ધાત્મભાવનાના બળથી સમસ્ત રાગાદિ દોષોથી રહિત હોવાને કારણે વીતરાગ છે.

વીતરાગી નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન અને તેવી રીતે જ પરમાનંદ સુખરસમાં લીન એવી નિર્વિકાર સ્વસંવેદનરૂપ ઉત્કૃષ્ટ કળા તેના અવલંબનથી ઈષ્ટ-અનિષ્ટ પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં હર્ષ વિષાદ રહિત હોવાને કારણે જેને સુખ દુઃખ સમાન છે. આવા ગુણોથી સમૃદ્ધ શ્રમણને ઉત્કૃષ્ટ મુનિને શુદ્ધોપયોગી કહેવામાં આવેલ છે આમ અભિપ્રાય છે. આવી રીતે શુદ્ધોપયોગના ફળ સ્વરૂપ તે પૂર્વે કહેલ શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. ॥ ૧૪ ॥

આ પ્રકારે પાંચમા સ્થળમાં શુદ્ધોપયોગના ફળભૂત અનંત સુખનું અને શુદ્ધોપયોગી પુરુષનું સ્વરૂપ બતાવનારી બે ગાથાઓ પૂરી થઈ.

આ પ્રકારે અહીં ચૌદ ગાથાઓ દ્વારા પાંચ સ્થળોમાં વહેંચાયેલ 'પીઠિકા' નામનો પ્રથમ અંતર અધિકાર પુરો થયો.

આના પછી સાત ગાથાઓમાં નિબદ્ધ સામાન્યથી સર્વજ્ઞ સિદ્ધિ-જ્ઞાન વિચાર અને સંક્ષેપમાં શુદ્ધોપયોગનું ફળ બતાવનારો બીજો અંતર અધિકાર છે. ત્યાં ચાર સ્થળ છે. તેમાં પહેલા સ્થળમાં સર્વજ્ઞનું સ્વરૂપ બતાવનારી પહેલી ગાથા અને સ્વયંભૂનું કથન કરવાવાળી બીજી, આમ બે ગાથા છે. બીજા સ્થળમાં તે સર્વજ્ઞ ભગવાનના ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની સ્થાપના કરવાને માટે પહેલી ગાથા તથા તે જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને દૃઢ કરવા વાળી બીજી, આ પ્રકારે બે ગાથાઓ છે. ત્રીજા સ્થળમાં સર્વજ્ઞની શ્રદ્ધાથી અનંત સુખ હોય છે તે દેખાડવાને માટે એક ગાથા છે. ત્યાર પછી ચોથા સ્થળમાં અતીન્દ્રિય જ્ઞાન સુખરૂપ પરિણમનને બતાવવાની મુખ્યતાથી પહેલી ગાથા તથા કેવળી ભગવાનને કવલાહારના નિષેધની મુખ્યતાથી બીજી ગાથા, આ પ્રકારે બે ગાથાઓ છે.

આ પ્રકારે ચાર સ્થળો દ્વારા બીજા અંતર અધિકારમાં સમુદાય પાતનિકા (સામુહિક ઉત્થાનિકા) છે.

| સામાન્ય સર્વજ્ઞ-સિદ્ધિ નામક બીજા અંતર અધિકારનું સ્થળ વિભાજન ગાથા ૧૫ થી ૨૦ + વધારાની ગાથા નં.૧ | | | |
|---|---|---|---|
| સ્થળ ક્રમ | પ્રતિપાદિત વિષય | ગાથા | કુલ ગાથા |
| | | ક્યાંથી ક્યાં સુધી | |
| પહેલો | સર્વજ્ઞ અને સ્વયંભૂસ્વરૂપ પ્રતિપાદક | ૧૫ થી ૩૬ | ૨ |
| બીજો | સર્વજ્ઞના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય | ૧૭ થી ૧૮ | ૨ |
| | ની સિદ્ધિ અને પુષ્ટિ | | |
| ત્રીજો | સર્વજ્ઞની શ્રદ્ધાનું ફળ | વધારાની ગાથા ૧ | ૧ |
| ચોથો | અતીન્દ્રિય જ્ઞાન સુખરૂપ | | |
| | પરિણમન અને કેવળી | | |
| | કવલાહારનો નિષેધ | ૧૯ થી ૨૦ | ૨ |
| કુલ ચાર સ્થળ | | | કુલ ૭ ગાથાઓ |

હવે શુદ્ધોપયોગની પ્રાપ્તિ પછી કેવળજ્ઞાન થાય છે એમ કહે છે. અથવા બીજી પાતનિકા : કુંદકુંદાચાર્યદેવ સંબોધન કરે છે કે હે શિવકુમાર મહારાજ સંક્ષિપ્ત રૂચિવાળો કોઈ આસન્ન ભવ્ય પીઠિકાના વ્યાખ્યાનને સાંભળીને પોતાનું કાર્ય (સ્વરૂપ પ્રાપ્તિ) કરી લ્યે છે વિસ્તાર રૂચિવાળો કોઈ બીજો શુદ્ધોપયોગથી ઉત્પન્ન સર્વજ્ઞના જ્ઞાન-સુખાદિકનો વિચાર કરી પછી પોતાનું કાર્ય કરી લ્યે છે તેથી સર્વજ્ઞના જ્ઞાન સુખાદિકની વ્યાખ્યા કરે છે.

## ગાથા ૧૫

જે ઉપયોગવિશુદ્ધ તે મોહાદિઘાતિરજ થકી,
સ્વયમેવ રહિત થયો થકો જ્ઞેયાન્તને પામે સહી. ૧૫.

અન્વયાર્થ :– [**यः**] જે [**उपयोगविशुद्धः**] ઉપયોગવિશુદ્ધ (અર્થાત્ શુદ્ધોપયોગી) છે, [**आत्मा**] તે આત્મા [**विगतावरणान्तरायमोहरजाः**] જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરૂપ રજથી રહિત [**स्वयमेव भूतः**] સ્વયમેવ થયો થકો [**ज्ञेयभूतानां**] જ્ઞેયભૂત પદાર્થોના [**पारं याति**] પારને પામે છે.

ટીકાર્થ : શુદ્ધોપયોગ રૂપ પરિણામથી જેઓ વિશુદ્ધ થયા છે, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય અને મોહરજ રહિત થયા થકા વર્તે છે.

પ્રશ્ન : તેઓ શુદ્ધોપયોગથી વિશુદ્ધ અને જ્ઞાનાવરણાદિ રજથી રહિત કેવી રીતે થયા ?

ઉત્તર : નિશ્ચયથી પોતાથી જ તેઓ એવા થયા. તે પૂર્વે કહેલ પરમાત્મા જાય છે.

પ્રશ્ન : તે સર્વજ્ઞ પરમાત્મા ક્યાં જાય છે ?

ઉત્તર : અંત સુધી જાય છે.

પ્રશ્ન : તે પરમાત્મા કોના અંત સુધી જાય છે ?

ઉત્તર : જાણવા યોગ્ય પદાર્થોના અંત સુધી જાય છે. (એટલે કે) બધાંને જાણે છે, આમ તેનો અર્થ છે. અહીં તેનો વિસ્તાર કરે છે.

આગમ ભાષામાં જેને પૃથકત્વ વિતર્ક વીચાર (નામનું) શુકલધ્યાન કહેવાય છે, એવા નિર્મોહ સ્વભાવી નિજ શુદ્ધાત્મમાં સ્થિરતારૂપ શુદ્ધોપયોગ નામના પરિણામોથી પહેલા સંપૂર્ણ મોહનો ક્ષય કરીને પછી રાગાદિ વિકલ્પરૂપ ઉપાધિરહિત સ્વસંવેદન સંપન્ન એકત્વવિતર્ક અવીચાર નામના બીજા શુકલ ધ્યાનની સાથે ક્ષીણકષાય ગુણસ્થાનમાં અંતર્મુહૂર્ત કાળ સુધી રહીને તેના અંતિમ સમયમાં તે શુદ્ધોપયોગી જીવના જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વીર્યાંતરાય નામના ત્રણ ઘાતિકર્મ એકી સાથે નષ્ટ થઈ જાય છે અને ત્રણ લોક ત્રણકાળવર્તી સંપૂર્ણ વસ્તુઓમાં રહેવાવાળા અનંતધર્મોને એક સાથે પ્રકાશિત કરવાવાળું કેવળજ્ઞાન પ્રગટ થઈ જાય છે.

તેથી સાબિત થાય છે કે શુદ્ધોપયોગથી જ સર્વજ્ઞ થાય છે. ॥ ૧૫ ॥

હવે શુદ્ધોપયોગથી ઉત્પન્ન શુદ્ધાત્મ સ્વભાવ પ્રાપ્તિને અન્ય કારકોની નિરપેક્ષતા હોવાથી સ્વાધીનતા પ્રકાશિત કરે છે.

## ગાથા ૧૬

**સર્વજ્ઞ, લબ્ધસ્વભાવ ને ત્રિજગેંદ્રપૂજિત એ રીતે,**
**સ્વયમેવ જીવ થયો થકો તેને સ્વયંભૂ જિનો કહે. ૧૬.**

અન્વયાર્થ :– [**तथा**] એ રીતે [**स: आत्मा**] તે આત્મા [**लब्धस्वभाव:**] સ્વભાવને પામેલો, [**सर्वज्ञ:**] સર્વજ્ઞ [**सर्वलोकपतिमहित:**] અને [1]સર્વ (ત્રણે) લોકના અધિપતિઓથી પૂજિત [**स्वयमेव भूत:**] સ્વયમેવ થયો હોવાથી [**स्वयंभू: भवति**] 'સ્વયંભૂ' છે [**इति निर्दिष्ट:**] એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

ટીકાર્થ : જેવી રીતે નિશ્ચય રત્નત્રય લક્ષણ શુદ્ધોપયોગના પ્રસાદથી (આ આત્મા) બધાને જાણે છે તેવી રીતે પહેલા કહેલી (પંદરમી) ગાથામાં કહ્યું કે શુદ્ધાત્મ સ્વભાવને પ્રાપ્ત કરતો થકો આ આત્મા સ્વયંભૂ છે, એવું કહેવામાં આવેલ છે.

૧. સર્વલોકના અધિપતિઓ = ત્રણ લોકના સ્વામીઓ - સુરેન્દ્રો, અસુરેન્દ્રો અને ચક્રવર્તીઓ

પ્રશ્ન : તે આત્મા કેવો થયો થકો સ્વયંભૂ છે ?

ઉત્તર : સર્વજ્ઞ (થયો થકો) અને સંપૂર્ણ લોકના રાજાઓ દ્વારા પૂજિત હોવાથી સ્વયંભૂ છે.

પ્રશ્ન : તે સ્વયંભૂ કેવી રીતે છે ?

ઉત્તર : નિશ્ચયથી તે સ્વયંથી જ સ્વયંભૂ છે.

તે આ પ્રકારે,

અભિન્ન કારકરૂપ જ્ઞાનાનંદ એક સ્વભાવથી સ્વતંત્ર હોવાના કારણે કર્તા છે. નિત્યાનંદ એક સ્વભાવથી સ્વયંને પ્રાપ્ત હોવાને કારણે કર્મકારક છે. શુદ્ધચૈતન્ય સ્વભાવથી સાધકતમ હોવાને કારણે કરણકારક છે. વીતરાગ પરમાનંદ એક પરિણતિ લક્ષણરૂપ શુદ્ધાત્મભાવરૂપ કર્મથી સમાશ્રિત હોવાને કારણે (સ્વયં ને આપવામાં આવતુ હોવાથી) સંપ્રદાન છે. એવી રીતે પહેલાના મતિ આદિ જ્ઞાનના ભેદોનો અભાવ થવા છતાં પણ અખંડિત એક ચૈતન્ય પ્રકાશથી અવિનાશી હોવાને કારણે અપાદાન છે. નિશ્ચયથી શુદ્ધ ચૈતન્ય આદિ ગુણસ્વભાવી આત્માનો સ્વયં જ આધાર હોવાને કારણે અધિકરણ છે; આ પ્રકારે અભેદ ષટ્કારકરૂપથી સ્વયં જ પરિણમતો થકો આ આત્મા પરમાત્મા સ્વભાવરૂપ કેવળજ્ઞાનની ઉત્પત્તિના સમયે ભિન્ન કારકોની અપેક્ષા નથી રાખતો, માટે સ્વયંભૂ છે- આવો ભાવ છે. ॥ ૧૬ ॥

આ પ્રકારે સર્વજ્ઞની મુખ્યતાથી પહેલી ગાથા તથા સ્વયંભૂની મુખ્યતાથી બીજી ગાથા-આ પ્રકારે પહેલા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ. હવે, આ ભગવાનની દ્રવ્યાર્થિક-નયથી નિત્યતા હોવા છતાં પણ પર્યાયાર્થિક-નયથી અનિત્યતા છે, એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૧૭

વ્યયહીન છે ઉત્પાદ ને ઉત્પાદહીન વિનાશ છે,
તેને જ વળી ઉત્પાદધ્રૌવ્યવિનાશનો સમવાય છે. ૧૭.

અન્વયાર્થ :– [**भंगविहीन: च भव:**] તેને (-શુદ્ધાત્મસ્વભાવને પામેલા આત્માને) વિનાશ રહિત ઉત્પાદ છે અને [**संभवपरिवर्जित: विनाश: हि**] ઉત્પાદ રહિત વિનાશ છે. [**तस्य एव पुन:**] તેને જ વળી [**स्थितिसंभवनाशसमवाय: विद्यते**] સ્થિતિ, ઉત્પાદ અને વિનાશનો સમવાય (-મેળાપ, એકઠાપણું) છે.

ટીકાર્થ : વિનાશ રહિત ઉત્પાદ-જીવન મરણ આદિમાં સમતાભાવ લક્ષણ, પરમ-ઉપેક્ષા સંયમરૂપ શુદ્ધોપયોગથી ઉત્પન્ન જે આ કેવળજ્ઞાનરૂપ ઉત્પાદ.

પ્રશ્ન : તે કેવળજ્ઞાન રૂપ ઉત્પાદ કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : તે કેવળજ્ઞાન રૂપ ઉત્પાદ, વિનાશ રહિત છે.

અને જે ઉત્પાદ રહિત વિનાશ છે તે મિથ્યાત્વ રાગાદિ પરિવર્તનરૂપ સંસાર પર્યાયનો વિનાશ છે.

પ્રશ્ન : તે સંસાર પર્યાયનો વિનાશ કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : તે સંસાર પર્યાયનો વિનાશ ઉત્પાદથી રહિત છે - વીતરાગી આત્મ તત્ત્વથી વિરૂદ્ધ લક્ષણવાળા રાગાદિ પરિણામોનો અભાવ હોવાથી ઉત્પાદથી રહિત છે. તેથી જાણી શકાય છે કે તે જ ભગવાનનો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ સિદ્ધ સ્વરૂપથી વિનાશ નથી. તો પણ તેના ધ્રૌવ્ય-ઉત્પાદ-વ્યયનો સમવાય (એકઠાપણુ) વિદ્યમાન છે. તે જ ભગવાનને પર્યાયાર્થિક નયથી શુદ્ધ વ્યંજન પર્યાયની અપેક્ષાએ સિદ્ધપર્યાયરૂપથી ઉત્પાદ, સંસાર પર્યાયરૂપથી વિનાશ અને કેવળજ્ઞાનાદિ ગુણોના આધારભૂત દ્રવ્યપણાથી ધ્રૌવ્ય છે.

તેથી સિદ્ધ થયું કે દ્રવ્યાર્થિકનયપણાથી નિત્યપણુ હોવા છતાં પણ પર્યાયાર્થિકનયથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણેય હોય છે. ॥ ૧૭ ॥

હવે જેમ સુવર્ણાદિ મૂર્તિક પદાર્થોમાં ઉત્પાદ આદિ ત્રણેય દેખાય છે તેવી રીતે પદાર્થપણું હોવાથી અમૂર્ત સિદ્ધ સ્વરૂપમાં પણ તે ત્રણેય જાણવા જોઈએ, એવું નિરૂપણ કરે છે.

## ગાથા ૧૮

ઉત્પાદ તેમ વિનાશ છે સૌ કોઈ વસ્તુમાત્રને,
વળી કોઈ પર્યયથી દરેક પદાર્થ છે સદ્‌ભૂત ખરે. ૧૮.

અન્વયાર્થ :– [**उत्पादः**] કોઈ પર્યાયથી ઉત્પાદ [**विनाशः च**] અને કોઈ પર્યાયથી વિનાશ [**सर्वस्य**] સર્વ [**अर्थजातस्य**] પદાર્થમાત્રને [**विद्यते**] હોય છે; [**केन अपि पर्यायेण तु**] વળી કોઈ પર્યાયથી [**अर्थः**] પદાર્થ [**सद्भूतः खलु भवति**] ખરેખર ધ્રુવ છે.

ટીકાર્થ : બધા પદાર્થ સમુહને ઉત્પાદ અને વ્યય વિદ્યમાન છે.

પ્રશ્ન : બધા પદાર્થને ઉત્પાદ-વ્યય કયા રૂપમાં વિદ્યમાન છે ?

ઉત્તર : અર્થ અને વ્યજંન પર્યાયરૂપ અથવા સ્વભાવ-વિભાવ પર્યાયરૂપ કોઈ વિવક્ષિત પર્યાયથી તેના ઉત્પાદ-વ્યય વિદ્યમાન છે.

પ્રશ્ન : ઉત્પાદ-વ્યયવાળા તે પદાર્થ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : વાસ્તવમાં પદાર્થ સતાભૂત-સત્તાથી અભિન્ન હોય છે.

તે આ પ્રમાણે,

જેમ લોકમાં સુવર્ણ, ગોરસ (દૂધ, દહીં, છાશ) માટી, પુરુષ (શરીર) આદિ મૂર્ત પદાર્થોમાં ઉત્પાદ આદિ ત્રણેય પ્રસિદ્ધ છે, એવી રીતે અમૂર્ત મુક્ત જીવમાં પણ જાણવા જોઈએ. જો કે સંસારના વિનાશથી ઉત્પન્ન, શુદ્ધાત્મામાં રૂચિ, જાણકારી, નિશ્ચળ અનુભૂતિ લક્ષણ કારણ-સમયસારરૂપ પર્યાયનો વિનાશ થાય છે અને તેવી રીતે કેવળજ્ઞાનાદિની વ્યક્તિ (પ્રગટતા) રૂપ કાર્ય સમયસાર પર્યાયના ઉત્પાદ થાય છે, તો પણ પદાર્થ હોવાના કારણે ઉત્પાદ-વ્યય બંને ય પર્યાયોરૂપથી પરિણત આત્મદ્રવ્યત્વની અપેક્ષાએ મુક્ત જીવ ધ્રૌવ્યરૂપ છે. અથવા જેમ જ્ઞેય પદાર્થ પ્રતિસમય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ ભંગરૂપથી પરિણમન કરે છે તેવી રીતે જ્ઞાન પણ (જ્ઞેય પદાર્થ સંબંધી) જાણવાની અપેક્ષા એ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ત્રણ ભંગરૂપથી પરિણમિત થાય છે. અથવા ષટ્સ્થાન ગત અગુરુલઘુ ગુણ સંબંધી વૃદ્ધિ હાનીની અપેક્ષા ઉત્પાદાદિ ત્રણ ભંગ જાણવા જોઈએ-આ ગાથાનું તાત્પર્ય છે. ॥ ૧૮ ॥

આ રીતે સિદ્ધ જીવમાં દ્રવ્યાર્થિકનયથી નિત્યપણું હોવા છતાં પણ, વિવક્ષિત પર્યાયથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની સ્થાપના રૂપથી બીજા સ્થળમાં બે ગાથાઓ પૂર્ણ થઈ.

(એના પછી સર્વજ્ઞની શ્રદ્ધાથી મોક્ષના પ્રતિપાદક એક ગાથાવાળા ત્રીજા સ્થળનો પ્રારંભ થાય છે.)

હવે તે પૂર્વોક્ત (ગાથા ૧૫-૧૬ માં કહેવાયેલ) સર્વજ્ઞને જે માને છે તે સમ્યક્દૃષ્ટિ છે અને પરંપરાથી મોક્ષને પ્રાપ્ત કરે છે; આ પ્રતિપાદન કરે છે.

**વધારાની ગાથા - ૧**

**तं सव्वट्ठवरिट्ठं इट्ठं अमरासुप्पहाणेहि ।**
**ये सदहंति जीवा तेसिं दुकखाणि खीयंति ॥** વધારાની ગાથા ૧

ઉત્કૃષ્ટ અર્થ જિનેન્દ્ર જે, સુર-અસુરપતિને ઈષ્ટ છે,
શ્રદ્ધા કરે જો જીવ તેના, દુઃખ વ્યય થઈ જાય છે......વધારાની ગાથા ૧

તેઓ સંપૂર્ણ પદાર્થોમાં શ્રેષ્ઠ, સ્વીકાર્ય છે.

પ્રશ્ન : તે સર્વોત્કૃષ્ટ (સર્વજ્ઞ) કોનાથી સ્વીકાર્ય છે ?

ઉત્તર : દેવો અને અસુરોમાં મુખ્ય ઈન્દ્રોથી સ્વીકાર્ય છે. જે ભવ્ય જીવ એની શ્રદ્ધા રૂચિ કરે છે. એ શ્રદ્ધાળુ ભવ્ય જીવોના વીતરાગ પારમાર્થિક સુખથી ભિન્ન લક્ષણવાળા દુઃખ નાશ થઈ જાય

છે-આ ગાથાનો અર્થ છે.

આ રીતે નિર્દોષ પરમાત્માની શ્રદ્ધાથી મોક્ષ થાય છે આ કથનરૂપ ત્રીજા સ્થળમાં એક ગાથા પૂરી થઈ. ॥ ૧ ॥

(હવે કેવળી ભગવાન અતીન્દ્રિય જ્ઞાન-સુખરૂપ પરિણમિત છે. તથા તેને કવલાહાર નથી હોતો. આ પ્રતિપાદનરૂપ બે ગાથાઓ વાળા બીજા અંતરાધિકારનું છેલ્લું ચોથું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, તે સર્વજ્ઞ પરમાત્માના નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ શુદ્ધોપયોગના પ્રભાવથી સર્વજ્ઞપણું હોવાથી, ઈન્દ્રિયોના વિના જ્ઞાન અને આનંદ કેવી રીતે છે એવું પૂછવાથી એનો ઉત્તર આપે છે.

## ગાથા ૧૯

પ્રક્ષીણઘાતિકર્મ, અનહદવીર્ય, અધિકપ્રકાશ ને,
ઈન્દ્રિય-અતીત થયેલ આત્મા જ્ઞાનસૌખ્યે પરિણમે. ૧૯.

અન્વયાર્થ :– [**प्रक्षीणघातिकर्मा**] જેનાં ઘાતિકર્મો ક્ષય પામ્યાં છે, [**अतीन्द्रियः जातः**] જે અતીન્દ્રિય થયો છે, [**अनंतवरवीर्यः**] અનંત જેનું ઉત્તમ વીર્ય છે અને [**अधिकतेजाः**] [1]અધિક જેનું (કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ) તેજ છે [**सः**] એવો તે (સ્વયંભૂ આત્મા) [**ज्ञानं सौख्यं च**] જ્ઞાન અને સુખરૂપે [**परिणमति**] પરિણમે છે.

ટીકાર્થ : જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય સ્વરૂપ પરમાત્મદ્રવ્યની ભાવના લક્ષણ રૂપ શુદ્ધોપયોગના બળથી ઘાતિકર્મ રહિત થયા થકા, અનંત ઉત્કૃષ્ટ વીર્યવાળા છે.

પ્રશ્ન : ઘાતિકર્મોથી રહિત અને અનંત વીર્ય સંપન્ન તેઓ અન્ય કઈ વિશેષતાઓ સહિત છે ?

ઉત્તર : અધિક તેજ યુક્ત છે. અહીં તેજ શબ્દથી કેવળજ્ઞાન અને કેવળદર્શન આ બંને ગ્રહણ કરવા જોઈએ.

પ્રશ્ન : તે ઘાતિકર્મ રહિત વગેરે પૂર્વોક્ત લક્ષણ સંપન્ન આત્મા ઉત્પન્ન થયા છે. તે આત્મા કેવી રીતે ઉત્પન્ન થયા છે ?

ઉત્તર : અણિન્દ્રિય-ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિથી રહિતરૂપથી ઉત્પન્ન થયા છે.

પ્રશ્ન : અણિન્દ્રિય થઈને તે શું કરે છે ?

ઉત્તર : કેવળજ્ઞાન અને અનંતસુખરૂપથી પરિણમિત છે.

૧. અધિક = ઉત્કૃષ્ટ; અસાધારણ; અત્યંત

તે આ રીતે,

પ્રશ્ન : આ વ્યાખ્યાનથી શું કહેવાયું છે ?

ઉત્તર : નિશ્ચયથી અનંત જ્ઞાન-સુખ સ્વભાવી આત્મા પણ વ્યવહારથી સંસાર અવસ્થામાં કર્મોથી ઢંકાયેલા જ્ઞાન-સુખરૂપ થાય છે. ઉપરાંત ઈન્દ્રિયોના આધારે (ઈન્દ્રિયોના ધારકપણા વખતે) મર્યાદિત જ્ઞાન અને સુખરૂપ પરિણમિત થાય છે. જ્યારે નિર્વિકલ્પ સ્વસંવેદનના બળથી કર્મોનો અભાવ થાય છે ત્યારે ક્ષયોપશમનો અભાવ થઈ જતા (અને) ઈન્દ્રિયો પણ ન રહેવા છતાં પોતાના અતીન્દ્રિય જ્ઞાન અને સુખનો અનુભવ કરે છે.

તેનાથી એમ સાબિત થયું કે ઈન્દ્રિયોનો અભાવ થવા છતાં પણ પોતાના અનંત જ્ઞાન અને સુખનો અનુભવ થાય છે.

પ્રશ્ન : ઈન્દ્રિયોના અભાવમાં અનંત જ્ઞાનાદિનો અનુભવ કેવી રીતે થઈ શકે છે ?

ઉત્તર : સ્વભાવને પરની અપેક્ષા નથી હોતી. તેથી ઈન્દ્રિયો વગર પણ અનંત જ્ઞાનાદિનો અનુભવ થાય છે - એવો અભિપ્રાય છે. ॥ ૧૯ ॥

હવે, અતીન્દ્રિયતા હોવાથી જ કેવળી ભગવાનને, શરીરના આધારથી પ્રગટ થવાવાળી ભોજનાદિ સુખ અને ક્ષુધાદિ દુઃખ નથી એમ વિચાર કરે છે.

## ગાથા ૨૦

કંઈ દેહગત નથી સુખ કે નથી દુઃખ કેવળજ્ઞાનીને,
જેથી અતીન્દ્રિયતા થઈ તે કારણે એ જાણજે. ૨૦.

અન્વયાર્થ :– [**केवलज्ञानिन:**] કેવળજ્ઞાનીને [**देहगतं**] શરીર સંબંધી [**सौख्यं**] સુખ [**वा पुन: दुखं**] કે દુઃખ [**नास्ति**] નથી. [**यस्मात्**] કારણ કે [**अतीन्द्रियत्वं जातं**] અતીન્દ્રિયપણું થયું છે [**तस्मात् तु तत् ज्ञेयम्**] તેથી એમ જાણવું.

ટીકાર્થ : સુખ અથવા દુઃખ કેવળજ્ઞાનીને નથી.

પ્રશ્ન : કેવળજ્ઞાનીને કેવી રીતે સુખ દુઃખ નથી ?

ઉત્તર : દેહ સંબંધી-દેહના આધારવાળી જીભ આદિ ઈન્દ્રિયથી ઉત્પન્ન કવલાહાર આદિ સુખ અને અસાતાના ઉદયથી ઉત્પન્ન ભૂખ આદિ દુઃખ કેવળી ભગવાનને નથી.

પ્રશ્ન : આ દેહગત સુખ-દુઃખ કેવળી ભગવાનને કેમ નથી ?

ઉત્તર : કેમકે તેઓ મોહાદિ ઘાતિકર્મનો અભાવ હોવાથી પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં પ્રવૃત્તિથી

રહિત થયા થકા ઉત્પન્ન થયા છે તેથી તેમને આ સુખ દુઃખ નથી. તેથી અતિન્દ્રિયતા હોવાને કારણે એનું જ્ઞાન અને સુખ અતિન્દ્રિય જ જાણવું જોઈએ.

તે આ પ્રકારે -

જેવી રીતે લોઢાના ગોળાના સંસર્ગનો અભાવ હોવાથી અગ્નિ ઘણના ઘા ને પ્રાપ્ત નથી થતી, તેવી રીતે આ આત્માને પણ લોઢાના પિંડ સમાન ઈન્દ્રિય સમૂહનો અભાવ હોવાથી સાંસારિક સુખ દુઃખનો અનુભવ નથી કરતો - આ અર્થ છે.

અહીં કોઈ કહે છે કે - ઔદારિક શરીર વિદ્યમાન હોવાથી કેવળીને ભોજન છે અથવા અસાતાવેદનીય કર્મનો ઉદય હોવાથી અમારી જેમ જ એમને (કેવળીને) પણ ભોજન હોય છે. આચાર્ય એનું નિરાકરણ કરે છે - તે ભગવાનનું શરીર ઔદારિક નહીં, પરમ ઔદારિક છે - કહ્યું પણ છે :-

"ક્ષીણ દોષવાળા વીતરાગ-સર્વજ્ઞ જીવને સાત ધાતુ રહિત, શુદ્ધ સ્ફટિક મણિ સમાન, અત્યંત તેજસ્વી શરીર હોય છે."

તથા અશાતા વેદનીયનો ઉદય હોવાથી એને ભોજન છે, એમ જે કહે છે - તેનું નિરાકરણ કરે છે-જેમ ધાન્ય આદિ બીજ પાણીરૂપ સહકારી કારણથી સહિત હોય ત્યારે અંકુર આદિ કાર્યને ઉત્પન્ન કરે છે, તેમ અશાતા વેદનીય કર્મ મોહનીય કર્મરૂપ સહકારી કારણ સહિત હોય ત્યારે જ ભુખાદિ કાર્ય ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન : મોહનીયના સદ્ભાવમાં અશાતા વેદનીય ભૂખ આદિ કાર્ય કરે છે. તે કેવી રીતે જાણ્યું ?

ઉત્તર : [૧]"વેદનીય કર્મ મોહના બળથી જીવનો ઘાત કરે છે" એવું વચન હોવાથી.

અને જો મોહના અભાવમાં પણ વેદનીય કર્મ ક્ષુધાદિ પરિષહ ઉત્પન્ન કરે છે, તો વધ-રોગાદિ પરિષહોને પણ ઉત્પન્ન કરે પરંતુ નથી કરતા.

પ્રશ્ન : મોહના અભાવમાં વેદનીય કર્મ વધાદિ પરિષહોને ઉત્પન્ન નથી કરતાં - એમ કેવી રીતે જાણ્યું ?

ઉત્તર : [૨]"ભોજન અને ઉપસર્ગનો અભાવ હોવાથી" આ વચનથી તે જાણકારી થાય છે.

"કેવળીને ભોજન" માનવાથી બીજા પણ દોષ આવે છે. જો કેવળી ભગવાનને ક્ષુધાની બાધા છે તો ક્ષુધાની ઉત્પત્તિરૂપ શક્તિની ક્ષીણતાથી એને અનંત વીર્ય નથી. તેવી રીતે ક્ષુધાથી દુઃખિત જીવને અનંત સુખ પણ નથી. જીભ ઈન્દ્રિયની જાણકારીરૂપ મતિજ્ઞાનથી પરિણત જીવને કેવળજ્ઞાન પણ સંભવ નથી.

૧. કર્મકાંડ, ગાથા ૧૯, બીજું પદ,

૨. નંદિશ્વર ભક્તિ-પદ્ય ૪૦, ત્રીજું પદ - "भुक्त्युपसर्गाभावा" આ પાઠ છે.

અથવા અન્ય પણ કારણ પણ છે. કેવળીને અશાતા વેદનીયના ઉદયની અપેક્ષા સાતાવેદનીયનો ઉદય અનંતગુણો છે. એટલા માટે સાકરના ઢગલામાં લીમડાંના કણ સમાન અશાતા વેદનીયનો ઉદય હોવા છતાં જણાતો નથી.

એવી રીતે (કેવળી કવલાહારના વિષયમાં) બીજા પણ બાધક (કારણ) છે - જેવી રીતે વેદ કષાયનો ઉદય હોવા છતાં પણ મોહનો ઉદય મંદ હોવાથી અખંડ બ્રહ્મચારી પ્રમત્તસંયત આદિ મુનિરાજોને સ્ત્રી પરિષહ સંબંધી બાધા નથી હોતી, અને જેમ નવગ્રૈવેયક વિ. અહમિંદ્ર દેવોને વેદ કષાયનો ઉદય હોવા છતાં પણ મોહ મંદ હોવાથી સ્ત્રી વિષયક બાધા નથી હોતી;...તેવી રીતે ભગવાનમાં અશાતા વેદનીયનો ઉદય વિદ્યમાન હોવા છતાં પણ મોહનો પૂર્ણતઃ અભાવ થઈ જવાથી ક્ષુધાની બાધા હોતી નથી.

અમારું એવું કહેવાથી જો તમારા દ્વારા ફરીને એવું કહેવામાં આવે છે કે ''મિથ્યાદષ્ટિથી લઈને સયોગ કેવળી પર્યંત તેરમા ગુણસ્થાન સુધીવાળા જીવ આહારક છે'' એવું આહાર માર્ગણાના પ્રકરણમાં આગમમાં કહેવામાં આવ્યું છે - તેથી કેવળીને આહાર છે, પરંતુ આ કથન યોગ્ય નથી.

[૧]''નોકર્મ આહાર, કર્માહાર, કવલાહાર, લેપાહાર, ઓજાહાર અને માનસિક આહાર-ક્રમશ આ છ પ્રકારના આહાર જાણવા જોઈએ.''

આ રીતે ગાથામાં કહેલ ક્રમાનુસાર જો કે આહાર છ પ્રકારના છે, તો પણ કેવળીને નોકર્માહારની અપેક્ષાએ આહારકપણું જાણવું જોઈએ, કવલાહારની અપેક્ષાએ નહીં.

તે આ પ્રકારે - ''લાભાન્તરાયનો સંપૂર્ણ ક્ષય થઈ જવાથી અન્ય મનુષ્યોને અસંભવ કવલાહાર વિના જ કંઈક પૂર્વ કોટીથી ઓછા સુધી શરીરની સ્થિતિના કારણભૂત, સપ્તધાતુથી રહિત, પરમ ઔદારિક શરીર સંબંધી નોકર્મ આહારને યોગ્ય સૂક્ષ્મ, સુરસ, સુગંધમય પુદ્‌ગલ પ્રતિક્ષણ આવ્યા કરે છે'' એવું નવ કેવળલબ્ધિના વ્યાખ્યાનના પ્રસંગમાં કહેવામાં આવ્યું છે. તેથી જાણવામાં આવે છે કે નોકર્માહારની અપેક્ષાએ જ કેવળીને આહારકપણું છે.

અહીં ફરી પ્રશ્ન છે કે તમારી કલ્પનાથી કેવળીને આહારક-અનાહારકપણું નોકર્મ આહારની અપેક્ષાએ છે, કવલાહારની અપેક્ષાએ નથી, એ કેવી રીતે જણાય ?

આચાર્ય ઉત્તર આપે છે કે એવું નથી. [૨]'એક, બે અથવા ત્રણ સમય સુધી જ અનાહારક હોય છે' એવું તત્ત્વાર્થસૂત્રમાં કહેવામાં આવ્યું છે. તે સૂત્રનો ભાવ કહે છે - બીજા ભવ તરફ ગમન કરવાના સમયે વિગ્રહગતિમાં શરીરનો અભાવ હોવાથી નવું શરીર ગ્રહણ કરવા માટે ત્રણ શરીર અને છ પર્યાપ્તિઓને યોગ્ય પુદ્‌ગલ સ્કંધોનું ગ્રહણ નોકર્મ આહાર કહેવાય છે, અને તે વિગ્રહગતિમાં

૧. ભાવસંગ્રહ, ગાથા ૧૧૦

૨. તત્ત્વાર્થસૂત્ર, બીજો અધ્યાય, સૂત્ર-૩૦

કર્માહાર વિદ્યમાન હોવા છતાં પણ એક, બે અથવા ત્રણ સમય સુધી નથી હોતું. તેથી નોકર્મ આહારની અપેક્ષાએ જ આગમમાં આહારક અને અનાહારકપણું જાણવું જોઈએ. જો આ કવલાહારની અપેક્ષાએ માનતા હો તો ભોજનના સમયને છોડીને હંમેશા અનાહારક જ છે, ત્યારે ત્રણ સમયનો નિયમ ઘટિત નથી થતો.

જો તમારો આ મત હોય કે વર્તમાન મનુષ્યોની જેમ, કેવળીઓને પણ મનુષ્યપણું હોવાથી કવલાહાર છે. તો (આ પણ) ઉચિત નથી કેમકે ત્યારે તો આ પણ કહી શકાય કે વર્તમાન મનુષ્યોની જેમ પૂર્વકાળના પુરુષોને પણ સર્વજ્ઞપણું નથી. અને રામ, રાવણ આદિ પુરુષોને વિશેષ સામર્થ્ય નથી.

પરંતુ એમ તો નથી.

બીજું સત્ય આ છે કે સાત ધાતુ રહિત પરમઔદારિક શરીરના અભાવમાં [1]"છટ્ઠા ગુણસ્થાન સુધી પ્રથમ આહાર સંજ્ઞા હોય છે."

એવું વચન હોવાથી જો કે પ્રમત સંયત નામના છટ્ઠા ગુણસ્થાનવર્તી છદ્મસ્થ મુનિરાજ પણ આહાર ગ્રહણ કરે છે, તે પણ જ્ઞાન, સંયમ અને ધ્યાનની સિદ્ધિને માટે જ, શરીર પ્રતિ મમત્વને માટે તેઓ આહાર ગ્રહણ નથી કરતા. વળી, કહ્યું છે કે -

[2]"શરીરની સ્થિતિ માટે આહાર છે, શરીર જ્ઞાનને માટે માનવામાં આવ્યું છે. જ્ઞાન કર્મનાશ કરવા માટે છે અને કર્મોના નાશથી પરમસુખ થાય છે."

[3]"મુનિરાજ શરીરના બળ તેમ આયુના હેતુથી અને શરીરની (હૃષ્ટ-પુષ્ટતા) માટે તથા તેજને માટે ભોજન નથી કરતા પરંતુ જ્ઞાન, સંયમ અને ધ્યાનની સિદ્ધિને માટે ભોજન કરે છે.

(જેનો અર્થ છે કે - બળ, આયુ અને સ્વાદને માટે ભોજન નથી કરતા)

તે ભગવાનને જ્ઞાન, સંયમ, ધ્યાન આદિ ગુણ, સ્વભાવથી જ છે, આહારના બળથી નહીં. (તેથી તે માટે તો કવલાહાર નથી) અને જો દેહના મમત્વથી આહાર ગ્રહણ કરે છે તો તે છદ્મસ્થો કરતા પણ અધિક હીનતાને પામે છે.

અહીં ફરી કોઈ કહે છે કે એમના વિશિષ્ટ અતિશય હોવાથી પ્રગટ ભોજન નથી, પણ ગુપ્ત ભોજન છે. આચાર્ય એનો ઉત્તર આપે છે કે જો એમ છે તો પરમ ઔદારિક શરીરપણું હોવાથી ભોજન જ નથી આ અતિશય કેમ નથી થઈ જતો. ત્યાં ગુપ્ત ભોજનમાં માયાસ્થાન (છળ) દીનતા તથા બીજા પણ ભોજન સંબંધી કહેલા અનેક દોષ આવે છે. તે બીજેથી, તર્ક શાસ્ત્રથી જાણવા જોઈએ. આ અધ્યાત્મ ગ્રંથ હોવાથી અહીં નથી કહ્યા.

---

૧. ગોમ્મટસાર, જીવકાંડ, ગાથા-૭૦૧

૨. દોહા પાહુડ, પદ્ય-૨૧૬

૩. મૂલાચાર, ગાથા-૪૮૧

અહીં ભાવ એ છે કે આ વસ્તુનું સ્વરૂપ જ છે, એમ જાણીને અહીં દુરાગ્રહ ન કરવો જોઈએ.

પ્રશ્ન : આગ્રહ કેમ ન કરવો જોઈએ ?

ઉત્તર : દુરાગ્રહ થવાથી રાગદ્વેષની ઉત્પત્તિ થાય છે. અને તેનાથી વીતરાગ જ્ઞાનાનંદ સ્વભાવી પરમાત્માની ભાવનાનો નાશ થાય છે, તેથી આગ્રહ ન કરવો જોઈએ. ॥ ૨૦॥

આ પ્રકારે અનંતજ્ઞાન-સુખ સ્થાપનામાં પહેલી ગાથા તથા કેવળીભુક્તિ નિરાકરણમાં બીજી ગાથા - આ રીતે ચોથા સ્થાનમાં બે ગાથા પૂરી થઈ.

આ પ્રકારે સાત ગાથાઓવાળો ચાર સ્થળ દ્વારા ''સામાન્ય થી સર્વજ્ઞ સિદ્ધિ' નામનો બીજો અંતરાધિકાર પૂરો થયો.

હવે 'જ્ઞાન પ્રપંચ' નામના ત્રીજા અંતર અધિકારમાં ૩૩ ગાથાઓ છે. તથા આઠ વિભાગ છે. તેમાં પહેલા વિભાગમાં 'કેવળજ્ઞાનમાં બધુ પ્રત્યક્ષ હોય છે' એવા કથનની મુખ્યતાથી ૨ ગાથાઓ છે. બીજા વિભાગમાં 'આત્મા અને જ્ઞાનના નિશ્ચયથી અસંખ્યાત પ્રદેશ હોવાથી વ્યવહારથી પણ સર્વગતત્વ છે.' એવા કથનની મુખ્યતાથી ૫ ગાથાઓ છે. ત્યારબાદ ત્રીજા વિભાગમાં 'જ્ઞાન અને જ્ઞેયનું પરસ્પર ગમનના નિરાકરણ' ની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. ચોથા વિભાગમાં 'નિશ્ચય-વ્યવહાર કેવળીના પ્રતિપાદન' ની મુખ્યતાથી ચાર ગાથાઓ છે. પાંચમાં વિભાગમાં 'વર્તમાન જ્ઞાનમાં ત્રણ કાળ સંબંધી પર્યાયોની જાણકારી'ના કથનરૂપથી પાંચ ગાથાઓ છે. છટ્ઠા વિભાગમાં 'કેવળજ્ઞાન તથા રાગાદિ વિકલ્પ રહિત છદ્મસ્થ-જ્ઞાન પણ બંધનું કારણ નથી પરંતુ રાગાદિ બંધનું કારણ છે' એવા નિરૂપણની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. સાતમાં વિભાગમાં 'કેવળજ્ઞાન સર્વજ્ઞાનને સર્વજ્ઞતાના રૂપમાં પ્રતિપાદિત કરે છે' એવા વ્યાખ્યાનની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. તથા છેલ્લા આઠમા વિભાગમાં જ્ઞાન પ્રપંચ અધિકારના ઉપસંહારની મુખ્યતાથી પહેલી ગાથા અને નમસ્કાર કથનરૂપથી બીજી ગાથા આ પ્રકારે બે ગાથાઓ છે.

આ પ્રકારે આઠ વિભાગમાં અલગ અલગ ૩૩ ગાથાઓથી બંધાયેલ 'જ્ઞાનપ્રપંચ' નામના ત્રીજા અંતર અધિકારની સમુદાય પાતનિકા (સામુહિક ઉત્થાનિકા) સમાપ્ત થઈ.

| જ્ઞાન પ્રપંચ નામના ત્રીજા અંતર અધિકાર-સ્થળ વિભાજન ગાથા ૨૧ થી ૫૨ | | | |
|---|---|---|---|
| સ્થળ ક્રમ | વિષય વસ્તુ | ગાથા નંબર | કુલ ગાથા |
| પહેલો | કેવળજ્ઞાનમાં બધુ પ્રત્યક્ષ છે. | ૨૧-૨૨ | ૨ |
| બીજો | આત્મા અને જ્ઞાન નિશ્ચયથી આત્માગત | ૨૩-૨૭ | ૫ |
| | વ્યવહારથી સર્વગત | | |
| ત્રીજો | જ્ઞાન અને જ્ઞેયનો પરસ્પર ગમનનો નિષેધ | ૨૮-૩૨ | ૫ |
| ચોથો | નિશ્ચય-વ્યવહારથી કેવળીનું પ્રતિપાદન | ૩૩ થી ૩૬ | ૪ |
| પાંચમો | વર્તમાન જ્ઞાનનું ત્રિકાળપણું | ૩૭ થી ૪૧ | ૫ |
| છઠ્ઠો | બંધનું કારણ-જ્ઞાન નથી પણ રાગ છે | ૪૨ થી ૪૬ | ૫ |
| સાતમો | કેવળજ્ઞાન-સર્વજ્ઞતા | ૪૭ થી ૫૧ | ૫ |
| આઠમો | ઉપસંહાર - અને નમસ્કારની | ૫૨ તથા વધારાની ગાથા નંબર-૨ | ૨ |
| કુલ આઠ સ્થળ | | કુલ ૩૩ ગાથાઓ | |

હવે, અતીન્દ્રિયજ્ઞાનરૂપથી પરિણત હોવાને કારણે કેવળીને બધું પ્રત્યક્ષ છે, એમ પ્રતિપાદન કરે છે.

## ગાથા ૨૧

પ્રત્યક્ષ છે સૌ દ્રવ્યપર્યય જ્ઞાન-પરિણમનારને;
જાણે નહીં તે તેમને અવગ્રહ-ઈહાદિ ક્રિયા વડે. ૨૧.

અન્વયાર્થ :– [**खलु**] ખરેખર [**ज्ञानं परिणाममानस्य**] જ્ઞાનરૂપે (કેવળજ્ઞાનરૂપે) પરિણમતા કેવળી ભગવાનને [**सर्वद्रव्यपर्याया:**] સર્વ દ્રવ્ય-પર્યાયો [**प्रत्यक्षा:**] પ્રત્યક્ષ છે; [**स:**] તે [**तान्**] તેમને [**अवग्रहपूर्वाभि: क्रियाभि:**] અવગ્રહ આદિ ક્રિયાઓથી [**नैव विजानाति**] નથી જાણતા.

ટીકાર્થ : બધા દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે.

પ્રશ્ન : બધા દ્રવ્ય-પર્યાયો કોને પ્રત્યક્ષ છે ?

ઉત્તર : કેવળી ભગવાનને.

પ્રશ્ન : શું કરતા થકા તે કેવળીને પ્રત્યક્ષ છે ?

ઉત્તર : તે પરિણમન કરતા થકા કેવળી ભગવાનને વાસ્તવમાં ખરેખર પ્રત્યક્ષ છે.

પ્રશ્ન : કયા રૂપથી પરિણમન કરતા થકા કેવળીને તે બધા દ્રવ્ય-પર્યાયો પ્રત્યક્ષ છે ?

ઉત્તર : અનંત પદાર્થોને જાણવામાં સમર્થ એવા કેવળજ્ઞાન રૂપથી પરિણમન કરતા થકા કેવળીને તે પ્રત્યક્ષ છે.

પ્રશ્ન : તો શું તેઓ તેને ક્રમથી જાણે છે ?

ઉત્તર : નહીં, તે ભગવાન તેને અવગ્રહ આદિપૂર્વક ક્રિયાઓથી નથી જાણતા, પરંતુ એક સાથે (અક્રમે) જાણે છે. એવો અર્થ છે.

અહીં આનો વિસ્તાર કરે છે.

અનાદિ અનંત અહેતુક જ્ઞાનાનંદ એક સ્વભાવી નિજ શુદ્ધાત્માને ઉપાદેય કરી કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત આગમભાષાની અપેક્ષાએ શુક્લધ્યાન નામના રાગાદિ વિકલ્પ જાળ રહિત સ્વસંવેદનજ્ઞાન રૂપથી જ્યારે આ આત્મા પરિણમિત થાય છે, ત્યારે સ્વસંવેદન જ્ઞાનના ફળભૂત કેવળજ્ઞાનસ્વરૂપ જાણકારીરૂપથી પરિણત તે આત્માને તે જ ક્ષણે ક્રમથી પ્રવૃતિ કરવાવાળા– ક્ષાયોપશમિક જ્ઞાનનો તેમને અભાવ થવાથી, એકી સાથે સંપૂર્ણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપથી સ્થિત બધા દ્રવ્ય-ગુણ-પર્યાયો તેમને પ્રત્યક્ષ થાય છે-આમ અભિપ્રાય છે. ॥ ૨૧ ॥

હવે પૂર્વ ગાથા (૨૧ મી ગાથા) માં બધું પ્રત્યક્ષ છે-એવું અન્વય (અસ્તિ વિધિ) રૂપથી કથન કર્યું હતું. ત્યાં પરોક્ષ કંઈ પણ નથી, એવા પ્રકારના અર્થને વ્યતિરેક (નાસ્તિ-નિષેધ) રૂપથી હવે દ્રઢ કરે છે.

## ગાથા ૨૨

ન પરોક્ષ કંઈ પણ સર્વતઃ સર્વાક્ષગુણસમૃદ્ધને,
ઈન્દ્રિય-અતીત સદૈવ ને સ્વયમેવ જ્ઞાન થયેલને. ૨૨.

અન્વયાર્થ :– [**सदा अक्षातीतस्य**] જે સદા ઈન્દ્રિયાતીત છે, [**समन्ततः सर्वाक्षगुणसमृद्धस्य**] જે સર્વ તરફથી (-સર્વ આત્મપ્રદેશે) સર્વ ઈન્દ્રિયગુણો વડે સમૃદ્ધ છે [**स्वयम् एव हि ज्ञानजातस्य**] અને જે સ્વયમેવ જ્ઞાનરૂપ થયેલા છે, તે કેવળીભગવાનને [**किंचिद् अपि**] કાંઈ પણ [**परोक्षं नास्ति**] પરોક્ષ નથી.

ટીકાર્થ : તે ભગવાનને કંઈ પણ પરોક્ષ નથી.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા તે ભગવાનને કંઈ પણ પરોક્ષ નથી ?

ઉત્તર : બધા આત્મપ્રદેશોથી અથવા પૂર્ણરૂપથી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દની જાણકારીરૂપ

બધી ઈન્દ્રિયોના ગુણથી સમૃદ્ધ (ઈન્દ્રિયોના વિષયોના જાણપણાથી સમૃદ્ધ) તે કેવળી ભગવાનને કંઈપણ પરોક્ષ નથી.

પ્રશ્ન : તો શું ઈન્દ્રિય સહિત કેવળીને કંઈ પણ પરોક્ષ નથી ?

ઉત્તર : ના એમ નથી. ઈન્દ્રિય વ્યાપારથી રહિત કેવળીને, કંઈ પણ પરોક્ષ નથી.

અથવા બીજું વ્યાખ્યાન -

જે જ્ઞાનથી વ્યાપ્ત હોય છે (જે) જાણે છે, તે આત્મા છે. તે આત્માના ગુણોથી સમૃદ્ધ ઈન્દ્રિય વ્યાપારથી રહિત કેવળી ભગવાનને કંઈ પણ પરોક્ષ નથી. તેમને (સદાય) કંઈ પણ પરોક્ષ નથી.

પ્રશ્ન : તે કેવળી ભગવાન કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : સ્વયં જ, ખરેખર કેવળજ્ઞાનથી પરિણત તે કેવળી ભગવાનને કઈ પણ પરોક્ષ નથી.

તે આ પ્રકારે -

અતીન્દ્રિય સ્વભાવી પરમાત્માથી વિપરીત ક્રમથી પ્રવૃત્તિના કારણભૂત એવી ઈન્દ્રિયોથી રહિત ત્રણ લોક, ત્રણકાળવર્તી સમસ્ત પદાર્થોને એકી સાથે જાણવામાં સમર્થ, અવિનાશી, અખંડ એક પ્રતિભાસમય (જ્યોતિરૂપ) કેવળજ્ઞાન રૂપથી પરિણત તે ભગવાનને કંઈ પણ પરોક્ષ નથી. આવો ભાવ છે. ॥ ૨૨ ॥

આ પ્રકારે કેવળીને સર્વ પ્રત્યક્ષ છે એવા કથનરૂપથી પ્રથમ સ્થળમાં બે-ગાથાઓ પૂરી થઈ.

હવે આત્મા જ્ઞાન પ્રમાણ છે અને જ્ઞાન વ્યવહારથી સર્વગત છે એમ ઉપદેશ આપે છે.

## ગાથા ૨૩

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ ભાખ્યું, જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે;
ને જ્ઞેય લોકાલોક, તેથી સર્વગત એ જ્ઞાન છે. ૨૩.

અન્વયાર્થ :– [**आत्मा**] આત્મા [**ज्ञानप्रमाणं**] જ્ઞાનપ્રમાણ છે. [**ज्ञानं**] જ્ઞાન [**ज्ञेयप्रमाणं**] જ્ઞેયપ્રમાણ [**उद्दिष्टं**] કહ્યું છે. [**ज्ञेयं लोकालोकं**] જ્ઞેય લોકાલોક છે, [**तस्मात्**] તેથી [**ज्ञानं तु**] જ્ઞાન [**सर्वगतं**] સર્વગત (અર્થાત્ સર્વવ્યાપક) છે.

ટીકાર્થ : જ્ઞાનની સાથે હીન અધિકતાનો અભાવ હોવાથી આત્મા જ્ઞાન પ્રમાણ છે. તે આ પ્રકારે :

ગુણ પર્યાયો જેટલું જ દ્રવ્ય હોય છે. એવું વચન હોવાથી જેવી રીતે આ આત્મા વર્તમાન મનુષ્યભવમાં વર્તમાન મનુષ્ય પર્યાય જેટલો જ છે અને તેવી જ રીતે મનુષ્ય પર્યાયના પ્રદેશવર્તી

જ્ઞાનગુણ જેટલો પ્રત્યક્ષરૂપથી દેખાય છે. તેવી જ રીતે આ આત્મા નિશ્ચયથી સદા અવ્યાબાધ અક્ષય સુખ આદિ અનંત ગુણોના આધારભૂત કેવળજ્ઞાન ગુણ જેટલો છે.

ઈંધણમાં રહેલ અગ્નિની જેમ જ્ઞાનને જ્ઞેયો જેટલું કહેવામાં આવ્યું છે. જ્ઞેય લોકાલોક છે. બધી રીતે આશ્રય કરવા યોગ્ય શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્મદ્રવ્ય, આદિ છ દ્રવ્ય સ્વરૂપ લોક છે. લોકના બાહ્ય ભાગમાં શુદ્ધ (માત્ર) આકાશ અલોક છે. અને આ લોક તથા અલોક બન્ને પોતપોતાની અનંત પર્યાયોરૂપથી પરિણમન કરવાને કારણે અનિત્ય પણ છે. અને દ્રવ્યાર્થિકનયથી નિત્ય પણ છે.

જે કારણથી નિશ્ચય રત્નત્રય સ્વરૂપ શુદ્ધોપયોગની ભાવનાના બળથી ઉત્પન્ન જે કેવળજ્ઞાન તે ટંકોત્કીર્ણ (ટાંકીને કંડારેલા) આકારને જાણવારૂપ ન્યાયથી હંમેશા જ્ઞેયોને જાણે છે. આ કારણથી વ્યવહારથી જ્ઞાનને સર્વગત કહેવામાં આવ્યું છે. ॥ ૨૩ ॥

આથી એમ સિદ્ધ થયું કે આત્મા જ્ઞાન પ્રમાણ છે અને જ્ઞાન સર્વગત છે.

હવે જે આત્માને જ્ઞાન પ્રમાણ નથી માનતા તેને હીન અધિકતાનો દોષ લાગે છે.

## ગાથા ૨૪

જીવદ્રવ્ય જ્ઞાનપ્રમાણ નહિ - એ માન્યતા છે જેહને,
તેના મતે જીવ જ્ઞાનથી હીન કે અધિક અવશ્ય છે. ૨૪.

અન્વયાર્થ :– [**इह**] આ જગતમાં [**यस्य**] જેના મતમાં [**आत्मा**] આત્મા [**ज्ञानप्रमाणं**] જ્ઞાનપ્રમાણ [**न भवति**] નથી, [**तस्य**] તેના મતમાં [**स: आत्मा**] તે આત્મા [**ध्रुवम् एव**] અવશ્ય [**ज्ञानात् हीन: वा**] જ્ઞાનથી હીન [**अधिक: वा भवति**] અથવા અધિક હોવો જોઈએ.

ટીકાર્થ : આ લોકમાં જે વાદીના મતમાં (જો) જ્ઞાન જેટલો આત્મા નથી (તો) તેના મતમાં આ આત્મા નિશ્ચિત જ જ્ઞાનથી ઓછો અથવા વધારે છે. ॥ ૨૪ ॥

હવે ફરી આ વાતને સ્પષ્ટ કરે છે.

## ગાથા ૨૫

જો હીન આત્મા હોય, નવ જાણે અચેતન જ્ઞાન એ,
ને અધિક જ્ઞાનથી હોય તો વણ જ્ઞાન કયમ જાણે અરે ? ૨૫.

અન્વયાર્થ :– [यदि] જો [स: आत्मा] તે આત્મા [हीन:] જ્ઞાનથી હીન હોય [तद्] તો [ज्ञानं] જ્ઞાન [अचेतनं] અચેતન થવાથી [न जानाति] જાણે નહિ, [ज्ञानात् अधिक: वा] અને જો (આત્મા) જ્ઞાનથી અધિક હોય તો [ज्ञानेन विना] (તે આત્મા) જ્ઞાન વિના [कथं जानाति] કેમ જાણે ?

ટીકાર્થ : જેવી રીતે અગ્નિનો અભાવ થતાં તેનો ઉષ્ણ ગુણ ઠંડો થઈ જાય છે તેવી જ રીતે જો આત્માને જ્ઞાનથી ઓછો માનવામાં આવે તો પોતાના આધારભૂત ચેતનાત્મક દ્રવ્યના સંયોગનો અભાવ થઈ જવાથી, તે આત્માનું જ્ઞાન અચેતન થયું થકું કંઈ પણ નથી જાણતું.

અને જેવી રીતે ઉષ્ણ ગુણ ન હોવાથી જેમ અગ્નિ ઠંડી હોય છે તેથી સળગાવવાનું કાર્ય કરવા અસમર્થ છે; તેવી રીતે જો આત્મા જ્ઞાનથી વધારે માનવામાં આવે તો, જ્ઞાન ગુણ વગર આત્મા પણ અચેતન થયો થકો જાણવામાં કેવી રીતે સમર્થ થઈ શકે ? અર્થાત્ જાણવામાં સમર્થ ન થઈ શકે.

અહીં ભાવ એમ છે કે, જે કોઈ આત્માને અંગુઠાના નાના ભાગ જેટલો, શ્યામક ચોખા જેવડો અથવા વટકકણિકા (નાનાપિંડનો નાનામાં નાનો ભાગ) જેટલા આકારવાળો માને છે તે બધી માન્યતાનું આ કથન દ્વારા નિરાકરણ થયું તથા જે સાત સમુદ્‌ઘાતને છોડીને દેહ પ્રમાણ કરતા વધારે પ્રમાણ (માપ)વાળો આત્માને માને છે; તેની માન્યતાઓનું નિરાકરણ પણ આ કથન દ્વારા થઈ ગયું. ॥ ૨૫ ॥

હવે જેમ પહેલા ૨૩ ગાથામાં જ્ઞાનને સર્વગત કહેવામાં આવેલ હતું, તેવી જ રીતે સર્વગત જ્ઞાનની અપેક્ષાએ ભગવાન પણ સર્વગત છે, તેમ જ્ઞાન કરાવે છે.

## ગાથા ૨૬

છે સર્વગત જિનવર અને સૌ અર્થ જિનવરપ્રાપ્ત છે,
જિન જ્ઞાનમય ને સર્વ અર્થો વિષય જિનના હોઈને. ૨૬.

અન્વયાર્થ :– [जिनवृषभ:] જિનવર [सर्वगत:] સર્વગત છે [च] અને [जगति] જગતના [सर्वे अपि अर्था:] સર્વ પદાર્થો [तद्‌गता:] જિનવરગત (જિનવરમાં પ્રાપ્ત) છે; [जिन: ज्ञानमयत्वात्] કારણ કે જિન જ્ઞાનમય છે [च] અને [ते] સર્વ પદાર્થો [विषयत्वात्] જ્ઞાનના વિષય હોવાથી [तस्य] જિનના વિષય [भणिता:] કહેવામાં આવ્યા છે.

ટીકાર્થ : સર્વગત છે.

પ્રશ્ન : કર્તારૂપથી તે સર્વગત કોણ છે ?

ઉત્તર : સર્વજ્ઞ સર્વગત છે.

પ્રશ્ન : સર્વજ્ઞ સર્વગત કેમ છે ?

ઉત્તર : સર્વજ્ઞ જિન જ્ઞાનમય હોવાને કારણે સર્વગત છે. અને તે જગતના બધા પદાર્થો અરીસામાં પડતા પ્રતિબિંબની જેમ વ્યવહારથી તે ભગવાનમાં ગયા છે.

પ્રશ્ન : તે પદાર્થ ભગવાનમાં ગયા છે એ કેવી રીતે જાણ્યું ?

ઉત્તર : તે પદાર્થ ત્યાં ગયા છે એવું કહેવામાં આવ્યું છે. જ્ઞાનનો વિષય જ્ઞેય હોવાથી તે પદાર્થ ભગવાનમાં ગયા છે એમ કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : કોના જ્ઞેય હોવાથી તે (ભગવાનમાં) ગયા છે એમ કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : તે ભગવાનના જ્ઞેય હોવાથી તે ભગવાનમાં ગયા છે એમ કહેવામાં આવ્યું છે.

તે આ પ્રકારે -

જે અનંતજ્ઞાન અને અનાકુળતા લક્ષણવાળા અનંત સુખનો આધાર છે તે આત્મા છે. આવું હોવાથી આત્મપ્રમાણ જ્ઞાન આત્માનું પોતાનું સ્વરૂપ છે. એવા પોતાના સ્વરૂપને તથા શરીરમાં રહેવારૂપ સ્થિતિને નહીં છોડતા થકા, તે સર્વજ્ઞ લોકાલોકને જાણે છે. એટલા માટે વ્યવહારથી ભગવાન સર્વગત કહેવામાં આવેલ છે. અને અરીસાના પ્રતિબિંબની જેમ વાદળી, પીળા આદિ બાહ્ય પદાર્થ જાણકારી રૂપથી જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે (ઝળકે છે) એટલા માટે પદાર્થોના કાર્યભૂત પદાર્થ આકારોને પણ પદાર્થ કહેવામાં આવે છે અને તે જ્ઞાનમાં સ્થિત છે એવા કથનમાં દોષ નથી આમ અભિપ્રાય છે. ॥ ૨૬ ॥

હવે જ્ઞાન આત્મા છે, પરંતુ આત્મા જ્ઞાન અને સુખાદિ પણ છે, એવું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૨૭

છે જ્ઞાન આત્મા જિનમતે; આત્મા વિના નહિ જ્ઞાન છે,
તે કારણે છે જ્ઞાન જીવ, જીવ જ્ઞાન છે વા અન્ય છે. ૨૭.

અન્વયાર્થ :– [ज्ञानं आत्मा] જ્ઞાન આત્મા છે [इति मतं] એમ જિનદેવનો મત છે. [आत्मानं विना] આત્મા વિના (બીજા કોઈ દ્રવ્યમાં) [ज्ञानं न वर्तते] જ્ઞાન હોતું નથી [तस्मात्] તેથી [ज्ञानं आत्मा] જ્ઞાન આત્મા છે; [आत्मा] અને આત્મા તો [ज्ञानं वा] (જ્ઞાનગુણ દ્વારા) જ્ઞાન છે [अन्यत् वा] અથવા (સુખાદિ અન્ય ગુણ દ્વારા) અન્ય છે.

ટીકાર્થ : જ્ઞાન આત્મા છે તે સ્વીકાર્ય છે.

પ્રશ્ન : જ્ઞાન આત્મા છે એવું કેમ સ્વીકાર કરવામાં આવેલ છે ?

ઉત્તર : જ્ઞાનરૂપ કર્તા (આત્મા) સ્વ જીવ સિવાયના બીજા (પદાર્થો) ઘટ, પટ આદિમાં નથી રહેતો તેથી જાણવામાં આવે છે કે કથંચિત્ જ્ઞાન આત્મા જ છે,. આ પ્રકારે ગાથાના ત્રણ ચરણોમાં જ્ઞાનનું કથંચિત્ આત્મત્વ સ્થિત થયું.

આત્મા જ્ઞાનધર્મની અપેક્ષાએ જ્ઞાન છે. સુખ વીર્ય આદિ ધર્મોની અપેક્ષાએ અન્ય પણ છે- (એકાંતે) નિયમ નથી.

તે આ પ્રકારે - જો એકાંતથી "જ્ઞાન આત્મા" છે. એમ કહેવામાં આવે તો જ્ઞાન ગુણ માત્ર જ આત્મા સિદ્ધ થશે અને સુખાદિ ધર્મોને માટે સ્થાન નહીં રહે. આવી સ્થિતિમાં સુખ, વીર્ય આદિ ધર્મ સમૂહોનો અભાવ થવાથી આત્માનો અભાવ થશે. આધારભૂત આત્માનો અભાવ થવાથી આધેયભૂત જ્ઞાનગુણનો પણ અભાવ થશે. આ પ્રકારે એકાંત માનવાથી બન્નેનો અભાવ થઈ જશે. એટલા માટે આત્મા કથંચિત્ જ્ઞાન છે, સર્વથા નહિ.

અહીં અભિપ્રાય છે કે આત્મા વ્યાપક છે અને જ્ઞાન વ્યાપ્ય છે, એટલા માટે જ્ઞાન આત્મા છે- પરંતુ આત્મા જ્ઞાન પણ છે અને અન્ય પણ છે, અને એવું કહ્યું પણ છે કે [1]'વ્યાપક તદ્ અને અતદ્, બન્નેમાં રહે છે, પરંતુ વ્યાપ્ય માત્ર તદમાં જ રહે છે' ॥ ૨૭॥

હવે જ્ઞાન જ્ઞેયની નજીક નથી જતું, એમ નિશ્ચિત કરે છે.

## ગાથા ૨૮

છે 'જ્ઞાની' જ્ઞાનસ્વભાવ, અર્થો જ્ઞેયરૂપ છે 'જ્ઞાની'ના,
જયમ રૂપ છે નેત્રો તણાં, નહિ વર્તતા અન્યોન્યમાં. ૨૮.

અન્વયાર્થ :– [**ज्ञानी**] આત્મા [**ज्ञानस्वभावः**] જ્ઞાનસ્વભાવ છે [**अर्थाः हि**] અને પદાર્થો [**ज्ञानानिः**] આત્માના [**ज्ञेयात्मकाः**] જ્ઞેયસ્વરૂપ છે, [**रूपाणि इव चक्षुषोः**] જેમ રૂપ (-રૂપી પદાર્થો) નેત્રોનાં જ્ઞેય છે તેમ. [**अन्योन्येषु**] તેઓ એકબીજામાં [**न एव वर्तन्ते**] વર્તતા નથી.

ટીકાર્થ : જ્ઞાની સર્વજ્ઞ કેવળજ્ઞાન સ્વભાવી જ છે. ત્રણ લોક ત્રણકાળવર્તી પદાર્થ જ્ઞેયસ્વરૂપ જ છે. જ્ઞાન સ્વરૂપ નથી.

પ્રશ્ન : તે બધા પદાર્થો કોના જ્ઞેય સ્વરૂપ છે ?

૧. સિદ્ધિ વિનિશ્ચય ટીકા, કંઠ પ્રસ્તાવ, હેતુ લક્ષણ સિદ્ધિ કારિકા ૨ ની ટીકા.

ઉત્તર : તે જ્ઞાનીના જ્ઞેય સ્વરૂપ છે.

જ્ઞાની અને પદાર્થ (જ્ઞેય) પરસ્પરમાં એકપણાની પ્રવૃત્તિ નથી કરતા.

પ્રશ્ન : જ્ઞાની અને પદાર્થ કોની જેમ, કોનાથી સંબંધિત પરસ્પરમાં એકપણાની પ્રવૃત્તિ નથી કરતાં ?

ઉત્તર : જેવી રીતે નેત્ર રૂપી પદાર્થો (જોવા લાયક પદાર્થો) પરસ્પરમાં પ્રવૃત્તિ નથી કરતા તે જ પ્રકારે તે બન્ને પરસ્પરમાં પ્રવૃત્તિ નથી કરતા.

તે આ પ્રકારે - જેવી રીતે રૂપી દ્રવ્યને નેત્રની સાથે પરસ્પરમાં સંબંધનો અભાવ હોવા છતાં પણ પોતાના આકારને સમર્પિત કરવામાં સમર્થ છે અને નેત્ર પણ તેના આકારને ગ્રહણ કરવામાં સમર્થ છે. તેવી રીતે ત્રણ લોક રૂપી પેટના છિદ્રમાં સ્થિત, ત્રણ કાળ સંબંધી પર્યાયોથી પરિણમિત પદાર્થ, જ્ઞાનની સાથે પરસ્પર પ્રદેશોનો સંબંધ નહી હોવા છતાં પણ, પોતાનો આકાર સમર્પિત કરવામાં (પ્રતિબિંબિત થવામાં) સમર્થ છે; અખંડ એક પ્રતિભાસમય કેવળજ્ઞાન પણ તેના આકારોને ગ્રહણ કરવામાં સમર્થ છે એવો ભાવ છે. ॥ ૨૮ ॥

હવે નિશ્ચયનયથી જ્ઞાની જ્ઞેય પદાર્થોમાં પ્રવેશ નહીં કરતો થકો પણ વ્યવહારથી પ્રવેશ કરતો હોય તેવો જણાય છે, એવી શક્તિની વિચિત્રતાને દેખાડે છે.

## ગાથા ૨૯

જ્ઞેયે પ્રવિષ્ટ ન, અણપ્રવિષ્ટ ન, જાણતો જગ સર્વને,
નિત્યે અતીંદ્રિય આતમા, જ્યમ નેત્ર જાણે રૂપને. ૨૯.

અન્વયાર્થ :– [**चक्षु: रूपं इव**] જેવી રીતે ચક્ષુ રૂપને (જ્ઞેયોમાં અપ્રવેશેલું રહીને તેમ જ અપ્રવેશેલું નહિ રહીને જાણે-દેખે છે) તેવી રીતે [**ज्ञानी**] આત્મા [**अक्षातीत:**] ઈન્દ્રિયાતીત થયો થકો [**अशेषं जगत्**] અશેષ જગતને (-સમસ્ત લોકાલોકને) [**ज्ञेयेषु**] જ્ઞેયોમાં [**न प्रविष्ट:**] અપ્રવિષ્ટ રહીને [**न अविष्ट:**] તેમ જ અપ્રવિષ્ટ નહિ રહીને [**नियतं**] નિરંતર [**जानाति पश्यति**] જાણે-દેખે છે.

ટીકાર્થ : નિશ્ચયનયથી પ્રવેશ નથી. અને વ્યવહારથી પ્રવેશ છે.

પ્રશ્ન : પ્રવેશ-અપ્રવેશ બન્ને રૂપ ન થવાવાળો કર્તારૂપ તે કોણ છે ?

ઉત્તર : જ્ઞાની રૂપ કર્તા પ્રવિષ્ટ અને અણપ્રવિષ્ટ નથી.

પ્રશ્ન : જ્ઞાની પ્રવેશેલા-અણપ્રવેશેલા શેમાં નથી ?

ઉત્તર : તે જ્ઞેય પદાર્થોમાં પ્રવેશેલા-અણપ્રવિષ્ટરૂપ નથી.

પ્રશ્ન : જ્ઞાની કોની જેમ તેમાં પ્રવિષ્ટ-અપ્રવિષ્ટરૂપ નથી ?

ઉત્તર : રૂપના સંબંધમાં જેમ નેત્ર છે તેની જેમ જ્ઞાની તેમાં (જ્ઞેયમાં) પ્રવિષ્ટ-અપ્રવિષ્ટ નથી.

પ્રશ્ન : એવાં થયો થકો જ્ઞાની શું કરે છે ?

ઉત્તર : તેને જાણે અને દેખે છે. તે એને સંશય રહિત જાણે અને દેખે છે.

પ્રશ્ન : તે જાણવા દેખવાવાળો જ્ઞાની કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : તે અક્ષાતીત-ઈન્દ્રિય રહિત છે.

પ્રશ્ન : તે કોને જાણે દેખે છે ?

ઉત્તર : તે સંપૂર્ણ જગતને જાણે દેખે છે.

તે આ પ્રકારે,

જેવી રીતે નેત્ર રૂપી કર્તા જો કે નિશ્ચયથી રૂપી દ્રવ્યોને સ્પર્શ નથી કરતા તો પણ વ્યવહારથી લોકમાં સ્પર્શ કરતા હોય તેમ જણાય છે. તે જ પ્રકારે આ આત્મા કેવળજ્ઞાનની પૂર્વે મિથ્યાત્વ રાગાદિ આસ્રવ અને આત્માની વચ્ચે થવાવાળા વિશિષ્ટ ભેદજ્ઞાનથી ઉત્પન્ન થવાવાળા કેવળજ્ઞાન-કેવળદર્શનથી ત્રણ લોક અને ત્રણકાળવર્તી પદાર્થોને નિશ્ચયથી સ્પર્શ નહી કરતા છતાં પણ વ્યવહારથી સ્પર્શ કરે છે; તથા જાણે સ્પર્શ કરતાં હોય તેની જેમ જ્ઞાનથી જાણે છે. અને દર્શનથી દેખે છે.

પ્રશ્ન : તે આત્મા કેવો થયો થકો જાણે અને દેખે છે ?

ઉત્તર : અતીન્દ્રિય સુખરૂપ આસ્વાદથી પરિણત થયો થકો ઈન્દ્રિય રહિત થયો થકો તે બધાને જાણે છે અને દેખે છે.

આથી માલુમ પડે છે કે નિશ્ચયથી અપ્રવેશની જેમ જ્ઞેય પદાર્થોમાં વ્યવહારથી પ્રવેશ પણ સાબિત થાય છે. ॥ ૨૯ ॥

હવે આ જ અર્થ ને દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે.

## ગાથા ૩૦

જયમ દૂધમાં સ્થિત ઈન્દ્રનીલમણિ સ્વકીય પ્રભા વડે,
દૂધને વિષે વ્યાપી રહે, ત્યમ જ્ઞાન પણ અર્થો વિષે. ૩૦.

અન્વયાર્થ :– [**यथा**] જેમ [**इह**] આ જગતને વિષે [**दुग्धाध्युषितं**] દૂધમાં રહેલું [**इन्द्रनीलं रत्नं**] ઈન્દ્રનીલ રત્ન [**स्वभासा**] પોતાની પ્રભા વડે [**तद् अपि दुग्धं**] તે દૂધમાં [**अभिभूय**] વ્યાપીને [**वर्तते**] વર્તે છે, [**तथा**] તેમ [**ज्ञानं**] જ્ઞાન (અર્થાત જ્ઞાતૃદ્રવ્ય) [**अर्थेषु**] પદાર્થોમાં વ્યાપીને વર્તે છે.

ટીકાર્થ : રત્ન આ લોકમાં.

પ્રશ્ન : આ લોકમાં કયા નામવાળું રત્ન ?

ઉત્તર : ઈન્દ્રનીલ નામનું રત્ન.

પ્રશ્ન : તે ઈન્દ્રનીલ નામનું રત્ન કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : (શ્વેત) દુધમાં પડેલ ઈન્દ્રનીલ રત્ન પોતાની પ્રભા-તેજથી તિરસ્કૃત કરીને. (તિરસ્કાર-અવગણીને)

પ્રશ્ન : ઈન્દ્રનીલ રત્ન પોતાની પ્રભા-તેજથી કોને તિરસ્કૃત કરીને ?

ઉત્તર : તે રત્ન પોતાની પ્રભા-તેજથી પૂર્વે કહેલા દુધને તિરસ્કૃત કરીને વર્તે છે. આ પ્રકારે દૃષ્ટાંત ગાથા પૂરી થઈ.

તે જ પ્રકારે જ્ઞાન પદાર્થોમાં વર્તે છે.

તે આ પ્રકારે,

જેવી રીતે ઈન્દ્રનીલ રત્નરૂપ કર્તા પોતાની વાદળી પ્રભા-તેજ રૂપ સાધનથી દુધને વાદળી (રંગનું) કરીને વર્તે છે. તેવી જ રીતે નિશ્ચય રત્નત્રય સ્વરૂપ પરમ સામાયિક સંયમથી ઉત્પન્ન થયેલ જે કેવળજ્ઞાન તે સ્વ પરને જાણવારૂપ સામર્થ્યથી સંપૂર્ણ અજ્ઞાનરૂપી અંધકારને તિરસ્કૃત કરીને એકી સાથે બધા પદાર્થોમાં જ્ઞાનાકારરૂપથી વર્તે છે. અહીં એવો ભાવ છે કે કારણભૂત બધા પદાર્થોના કાર્યભૂત એવા જ્ઞાનાકારને ઉપચારથી અર્થ કહેવાય છે. અને તેમાં જ્ઞાન વર્તે છે. તેથી અર્થોમાં (પદાર્થોમાં) જ્ઞાન વર્તે છે. આ કથનમાં વ્યવહારથી દોષ નથી. ॥ ૩૦॥

પૂર્વ ગાથામાં વ્યવહારથી જ્ઞાન પદાર્થોમાં વર્તે છે. એમ કહ્યું હતું હવે આ ગાથામાં પદાર્થ જ્ઞાનમાં વર્તે છે એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૩૧

નવ હોય અર્થો જ્ઞાનમાં, તો જ્ઞાન સૌ-ગત પણ નહીં,
ને સર્વગત છે જ્ઞાન તો ક્યમ જ્ઞાનસ્થિત અર્થો નહીં ? ૩૧.

અન્વયાર્થ :– [**यदि**] જો [**ते अर्था:**] તે પદાર્થો [**ज्ञाने न सन्ति**] જ્ઞાનમાં ન હોય તો [**ज्ञानं**] જ્ઞાન [**सर्वगतं**] સર્વગત [**न भवति**] ન હોઈ શકે. [**वा**] અને જો [**ज्ञानं सर्वगतं**] જ્ઞાન સર્વગત છે તો [**अर्था:**] પદાર્થો [**ज्ञानस्थिता:**] જ્ઞાનસ્થિત [**कथं न**] કઈ રીતે નથી ? (અર્થાત્ છે જ.)

ટીકાર્થ : જો તે પદાર્થો પોતાના જ્ઞાનાકાર સમર્પણની અપેક્ષાએ દર્પણમાં પ્રતિબિંબ સમાન નથી.

પ્રશ્ન : દર્પણમાં પ્રતિબિંબની સમાન તે પદાર્થ કયાં નથી ?

ઉત્તર : જો તે પદાર્થ કેવળજ્ઞાનમાં નથી. તો જ્ઞાન સર્વગત ન હોઈ શકે. જો આપને વ્યવહારથી સર્વગતજ્ઞાન સ્વીકાર્ય છે તો, પોતાના જ્ઞેયાકારોને જાણકારીરૂપથી સમર્પિત કરવાની અપેક્ષા એ વ્યવહારનયથી તે પદાર્થો જ્ઞાનમાં સ્થિત કેવી રીતે નથી ? અવશ્ય છે જ.

અહીં અભિપ્રાય એમ છે કે, જે કારણથી વ્યવહારથી જ્ઞેય સંબંધી જ્ઞાનાકારોને ગ્રહણ કરવાની અપેક્ષાએ જ્ઞાન સર્વગત કહેવાય છે તે જ કારણે વ્યવહારથી જ્ઞેય સંબંધી જ્ઞાનાકારોમાં સમર્પણની અપેક્ષાએ પદાર્થો પણ જ્ઞાનગત કહેવાય છે. ॥ ૩૧ ॥

હવે જો કે વ્યવહારથી જ્ઞાનીનો પદાર્થોની સાથે ગ્રાહ્ય-ગ્રાહક-જ્ઞેય જ્ઞાયક સંબંધ છે, તો પણ સંશ્લેષાદિ સંબંધ નથી, તેથી જ્ઞેય પદાર્થોની સાથે તેની ભિન્નતા જ છે; એમ પ્રતિપાદન કરે છે.

## ગાથા ૩૨

પ્રભુકેવળી ન ગ્રહે, ન છોડે, પરરૂપે નવ પરિણમે;
દેખે અને જાણે નિઃશેષે સર્વતઃ તે સર્વને. ૩૨.

અન્વયાર્થ :– [**केवली भगवान्**] કેવળીભગવાન [**परं**] પરને [**न एव गृह्णाति**] ગ્રહતા નથી, [**न मुंचति**] છોડતા નથી, [**न परिणमति**] પરરૂપે પરિણમતા નથી; [**सः**] તેઓ [**निरवशेषं सर्वं**] નિરવશેષપણે સર્વને (આખા આત્માને, સર્વ જ્ઞેયોને) [**समन्ततः**] સર્વ તરફથી (સર્વ આત્મપ્રદેશેથી) [**पश्यति जानाति**] દેખે-જાણે છે.

ટીકાર્થ : ગ્રહણ નથી કરતા અને છોડતા નથી અને પરદ્રવ્યરૂપ જ્ઞેય પદાર્થોના પરિણમનને કરતા નથી.

પ્રશ્ન : ગ્રહણ કરવારૂપ, છોડવારૂપ ને પરિણમન કરવારૂપ ક્રિયાને નહીં કરવાવાળા કર્તારૂપથી તે કોણ છે ?

ઉત્તર : કેવળી ભગવાન - સર્વજ્ઞ, પરદ્રવ્યને ગ્રહણ નથી કરતા, છોડતા નથી અને પરિણમન નથી કરતા. આથી જણાય છે કે પરદ્રવ્યની સાથે (તેમને) ભિન્નપણું જ છે.

પ્રશ્ન : તો શું તે સર્વજ્ઞ પરદ્રવ્યને જાણતા નથી ?

ઉત્તર : આમ હોવા છતાં સર્વજ્ઞ વ્યવહારનયથી કંઈ પણ બાકી રાખ્યા વગર સર્વને, સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપથી જાણે અને દેખે છે.

અથવા બીજુ વ્યાખ્યાન - સર્વજ્ઞ અંતરંગમાં કામ ક્રોધાદિ અને બાહ્ય વિષયોમાં પાંચ ઈન્દ્રિયોના વિષયાદિક બાહ્ય દ્રવ્યને ગ્રહણ નથી કરતા અને પોતાના અનંત જ્ઞાનાદિ ચતુષ્ટયને છોડતા નથી,

તેથી તે જીવ કેવળજ્ઞાનની ઉત્પત્તિ સમયથી જ એકીસાથે બધાને જાણવા છતાં અન્ય વિકલ્પરૂપ પરિણમિત નથી થતા.

પ્રશ્ન : એવા થયા તે થકા કેવળી શું કરે છે ?

ઉત્તર : આત્મતત્ત્વથી ઉત્પન્ન કેવળજ્ઞાનરૂપી જ્યોતિ દ્વારા સ્ફટિકમણિની જેમ અત્યંત સ્થિર ચૈતન્ય પ્રકાશરૂપે થઈને પોતાના આત્માને, પોતાના આત્મા દ્વારા, પોતાના આત્મામાં અનુભવ કરે છે.

આ કારણથી પરદ્રવ્યની સાથે જ્ઞાનીને ભિન્નતા જ છે - એવો અભિપ્રાય છે.

આ પ્રકારે જ્ઞાન, જ્ઞેયરૂપથી પરિણમિત નથી થતું એવા વ્યાખ્યાનરૂપ ત્રીજા સ્થળમાં પાંચ ગાથાઓ પૂરી થઈ.

હવે જેવી રીતે નિરાવરણ, પરિપૂર્ણ પ્રગટ સ્વરૂપ કેવળજ્ઞાનથી આત્માનું પરિજ્ઞાન થાય છે તેવી રીતે આવરણ સહિત અલ્પ પ્રગટ સ્વરૂપ, કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજરૂપ, સ્વસંવેદન જ્ઞાન રૂપ ભાવશ્રુત જ્ઞાનથી પણ આત્માનું પરિજ્ઞાન થાય છે, એમ નિશ્ચિત કરે છે. ॥ ૩૨ ॥

અથવા બીજી પાતનિકા - જેવી રીતે કેવળજ્ઞાન પ્રમાણ છે તેવી જ રીતે કેવળજ્ઞાન દ્વારા બતાવવામાં આવેલ પદાર્થોને પ્રકાશિત કરવાવાળું શ્રુતજ્ઞાન પણ પરોક્ષ પ્રમાણ છે. આ પ્રકારે બન્ને પાતનિકાઓને મનમાં ધારણ કરીને આ ગાથાનું પ્રતિપાદન કરે છે.

## ગાથા 33

શ્રુતજ્ઞાનથી જાણે ખરે જ્ઞાયકસ્વભાવી આત્મને,
ઋષિઓ પ્રકાશક લોકના શ્રુતકેવળી તેને કહે. ૩૩.

અન્વયાર્થ :– [**यः हि**] જે ખરેખર [**श्रुतेन**] શ્રુતજ્ઞાન વડે [**स्वभावेन ज्ञायकं**] સ્વભાવથી જ્ઞાયક (અર્થાત્ જ્ઞાયકસ્વભાવ) [**आत्मानं**] આત્માને [**विजानाति**] જાણે છે, [**तं**] તેને [**लोकप्रदीपकराः**] લોકના પ્રકાશક [**ऋषयः**] ઋષીશ્વરો [**श्रुतकेवलिनं भणन्ति**] શ્રુતકેવળી કહે છે.

ટીકાર્થ : જે કર્તા સ્પષ્ટરૂપથી નિર્વિકાર સ્વસંવેદનરૂપ ભાવશ્રુત પરિણામ વડે વિશેષરૂપથી જાણે છે તે વિષય સુખ સંબંધી આનંદથી વિરૂદ્ધ લક્ષણવાળા નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન પરમાનંદ એક સ્વરૂપી સુખરસના આસ્વાદ રૂપે અનુભવ કરે છે.

પ્રશ્ન : ભાવશ્રુત પરિણામ દ્વારા કોનો અનુભવ કરે છે ?

ઉત્તર : નિજાત્મદ્રવ્યનો ભાવ-શ્રુત જ્ઞાન દ્વારા અનુભવ કરે છે.

પ્રશ્ન : એવા નિજાત્મ દ્રવ્યનો અનુભવ કેવી રીતે કરે છે ?

ઉત્તર : સંપૂર્ણ વિભાવ રહિત પોતાના સ્વભાવનો અનુભવ કરે છે.

તે આત્મ અનુભવી મહા યોગીન્દ્રને શ્રુતકેવળી કહે છે.

પ્રશ્ન : તેને શ્રુતકેવળી કર્તારૂપ કોણ કહે છે ?

ઉત્તર : ઋષી તેમને શ્રુતકેવળી કહે છે.

પ્રશ્ન : તે ઋષી કેવી વિશેષતાવાળા છે ?

ઉત્તર : તે લોકને પ્રકાશિત કરવાવાળા છે.

અહીં વિસ્તાર કરે છે પરદ્રવ્યથી રહિતપણાથી અને એકી સાથે પરિપૂર્ણ સંપૂર્ણ ચૈતન્યની સમૃદ્ધિથી સંપન્ન કેવળજ્ઞાન દ્વારા જેમ અનાદિ અનંત, અહેતુક, અન્ય દ્રવ્યોથી અસાધારણ સ્વાનુભૂતિગમ્ય પરમ ચૈતન્ય સામાન્ય સ્વરૂપવાળા માત્ર આત્માનો આત્મામાં સ્વાનુભવ કરવાથી ભગવાન કેવળી છે, તેવી રીતે આ ગણધર આદિ નિશ્ચય રત્નત્રયના આરાધક મનુષ્ય પણ પૂર્વોક્ત લક્ષણવાળા આત્માનું ભાવશ્રુત જ્ઞાન દ્વારા સ્વસંવેદન કરવાથી નિશ્ચય શ્રુત કેવળી છે.

વિશેષ એમ છે કે જેવી રીતે કોઈ દેવદત્ત નામક પુરુષ દિવસમાં સૂર્યોદયના પ્રકાશમાં જોવે છે અને રાત્રિના દિપકના પ્રકાશમાં (થોડુ) જોવે છે; તેવી રીતે કેવળી ભગવાન સૂર્યના ઉદય સમાન કેવળજ્ઞાનથી દિવસની જેમ મોક્ષ પર્યાયમાં ભગવાન આત્માને જોવે છે તથા સંસારી જ્ઞાની જીવ રાત્રિની જેમ સંસાર પર્યાયમાં દીપકની જેમ રાગાદિ વિકલ્પોથી રહિત પરમ સમાધિથી નિજાત્માને જોવે છે.

અહીં અભિપ્રાય એમ છે કે (જો) આત્મા પરોક્ષ છે, (તો) તેનું ધ્યાન કેવી રીતે કરી શકાય ? એવી શંકા ધારણ કરીને પરમાત્મ ભાવનાને છોડવી ન જોઈએ. ॥ ૩૪ ॥

હવે વ્યવહારથી શબ્દરૂપ દ્રવ્યશ્રુત જ્ઞાન છે તથા નિશ્ચયથી પદાર્થોની જાણકારીરૂપ ભાવશ્રુત જ જ્ઞાન છે એમ કહે છે.

અથવા આત્મભાવનામાં લીન નિશ્ચય શ્રુતકેવળી છે એવું પાછલી ગાથા ૩૩ માં કહ્યું હતું. આ ગાથામાં તે વ્યવહાર શ્રુતકેવળી છે એવું કહે છે.

## ગાથા ૩૪

પુદ્‌ગલસ્વરૂપ વચનોથી જિન-ઉપદિષ્ટ જે તે સૂત્ર છે;
છે જ્ઞપ્તિ તેની જ્ઞાન, તેને સૂત્રની જ્ઞપ્તિ કહે. ૩૪.

અન્વયાર્થ :– [**सूत्रं**] સૂત્ર એટલે [**पुद्गलद्रव्यात्मकैः वचनैः**] પુદ્‌ગલદ્રવ્યાત્મક વચનો વડે [**जिनोपदिष्टं**] જિનભગવંતે ઉપદેશેલું તે. [**तज्ज्ञप्तिः हि**] તેની જ્ઞપ્તિ તે [**ज्ञानं**] જ્ઞાન છે [**च**] અને તેને [**सूत्रस्य ज्ञप्तिः**] સૂત્રની જ્ઞપ્તિ (શ્રુતજ્ઞાન) [**भणिता**] કહી છે.

ટીકાર્થ : દ્રવ્યશ્રુત.

પ્રશ્ન : તે દ્રવ્યશ્રુત કેવું છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવાયું છે.

પ્રશ્ન : તે દ્રવ્યશ્રુત જિનેન્દ્ર ભગવાને કઈ રીતે કહ્યું છે ?

ઉત્તર : પુદ્‌ગલ દ્રવ્યાત્મક દિવ્યધ્વનિ રૂપ વચનોથી તે દ્રવ્યશ્રુત જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. તે પૂર્વોક્ત શબ્દશ્રુતના આધારથી વાસ્તવમાં જ્ઞપ્તિ-પદાર્થોની જાણકારી જ્ઞાન કહેવાય છે. એટલા માટે વ્યવહારથી પૂર્વોક્ત દ્રવ્યશ્રુતને પણ જ્ઞાન સંજ્ઞા છે, પરંતુ નિશ્ચયથી નથી.

તે આ પ્રકારે - જેવી રીતે નિશ્ચયથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ સંપન્ન જીવ છે પછી વ્યવહારથી નર નારકાદિરૂપને પણ જીવ કહેવામાં આવે છે, તેવી જ રીતે નિશ્ચયથી સમસ્ત વસ્તુઓને જાણવાવાળું અખંડ એક પ્રતિભાસરૂપ જ્ઞાન કહેવાય છે, પછી વ્યવહારથી વાદળાના સમૂહથી ઢંકાયેલ સૂર્યની વિશિષ્ટ અવસ્થાની જેમ કર્મસમુહથી ઢંકાયેલ અખંડ એક જ્ઞાનરૂપ જીવના મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ નામ હોય છે - એવો ભાવ છે. ॥ ૩૪ ॥

હવે ભિન્ન જ્ઞાનથી આત્મા જ્ઞાની નથી થતો એવો ઉપદેશ આપે છે -

## ગાથા ૩૫

જે જાણતો તે જ્ઞાન, નહિ જીવ જ્ઞાનથી જ્ઞાયક બને;
પોતે પ્રણમતો જ્ઞાનરૂપ, ને જ્ઞાનસ્થિત સૌ અર્થ છે. ૩૫.

અન્વયાર્થ :– [**यः जानाति**] જે જાણે છે [**सः ज्ञानं**] તે જ્ઞાન છે (અર્થાત્ જે જ્ઞાયક છે તે જ જ્ઞાન છે), [**ज्ञानेन**] જ્ઞાન વડે [**आत्मा**] આત્મા [**ज्ञायकः भवति**] જ્ઞાયક છે [**न**] એમ નથી. [**स्वयं**] પોતે જ [**ज्ञानं परिणमते**] જ્ઞાનરૂપે પરિણમે છે [**सर्वे अर्थाः**] અને સર્વ પદાર્થો [**ज्ञानस्थिताः**] જ્ઞાનસ્થિત છે.

ટીકાર્થ : કર્તારૂપ (જાણવાની ક્રિયા કરવાવાળો) જે જાણે છે તે જ્ઞાન છે. તે આ પ્રકારે જેવી રીતે નામ, લક્ષણ, પ્રયોજન આદિનો ભેદ હોવા છતાં પણ અભેદનયથી સળગાવવાની ક્રિયા કરવામાં

સમર્થ ઉષ્ણગુણથી પરિણત અગ્નિ પણ ઉષ્ણ કહેવાય છે. તેવી જ રીતે પદાર્થોને જાણવા સંબંધી ક્રિયા કરવામાં સમર્થ જ્ઞાન ગુણથી પરિણત આત્મા પણ જ્ઞાન કહેવાય છે.

તેથી જ કહ્યું છે કે - જે જાણે છે તે જ્ઞાન-આત્મા છે. આત્મા સર્વથા જ ભિન્ન જ્ઞાનથી, જ્ઞાની નથી. અહીં કોઈ કહે છે કે, જેવી રીતે દેવદત્ત સ્વયંથી ભિન્ન એવા દાતરડા વડે કાપવાનું કાર્ય કરે છે તેવી રીતે આત્મા પણ ભિન્ન જ્ઞાનથી જ્ઞાયક (જાણનાર) હોય એમાં શું દોષ છે ? આચાર્ય કહે છે, એમ નથી.

કાપવાની ક્રિયાના વિષયમાં બહિરંગ સાધનરૂપ દાતરડા આદિ દેવદત્તથી જુદા ભલે હો, પરંતુ કાપવાની ક્રિયાના વિષયમાં અંતરંગ સાધનરૂપ દેવદત્તની જે શક્તિ વિશેષ છે તેનાથી (દેવદત્ત) અભિન્ન જ છે; તેવી રીતે પદાર્થોની જાણકારીના વિષયમાં અંતરંગ સાધનરૂપ જ્ઞાન આત્માથી અભિન્ન જ છે. બહિરંગ સાધનરૂપ ઉપાધ્યાય, અધ્યાપક, પ્રકાશ આદિ આત્માથી ભિન્ન હો તો પણ દોષ નથી.

અને જો ભિન્ન જ્ઞાનથી આત્મા જ્ઞાની છે તો બીજાના જ્ઞાનથી ઘડો, થાંભલા વિગેરે બધા જડ પદાર્થ પણ જ્ઞાની થઈ જાય પરંતુ તે જ્ઞાની નથી થતા.

કેમકે ભિન્ન જ્ઞાનથી આત્મા જ્ઞાની નથી. એટલા માટે ઘટની ઉત્પત્તિમાં માટીના પિંડની જેમ ઉપાદાનરૂપથી સ્વયં જીવ જ જ્ઞાનરૂપ પરિણમન કરે છે. અરીસામાં પડવાવાળા પ્રતિબિંબ સમાન વ્યવહારથી જ્ઞેય પદાર્થ જાણકારીરૂપથી જ્ઞાનમાં સ્થિત છે. એવો અભિપ્રાય છે. ॥ ૩૫ ॥

હવે આત્મા જ્ઞાન છે અને શેષ જ્ઞેય છે એવું નિરૂપણ કરે છે -

## ગાથા ૩૬

છે જ્ઞાન તેથી જીવ, જ્ઞેય ત્રિધા કહેલું દ્રવ્ય છે;
એ દ્રવ્ય પર ને આતમા, પરિણામસંયુત જેહ છે. ૩૬.

અન્વયાર્થ :– [**तस्मात्**] તેથી [**जीवः ज्ञानं**] જીવ જ્ઞાન છે [**ज्ञेयं**] અને જ્ઞેય [**त्रिधा समाख्यातं**] ત્રિધા વર્ણવવામાં આવેલું (ત્રિકાળસ્પર્શી) [**द्रव्यं**] દ્રવ્ય છે. [**पुनः द्रव्यं इति**] (એ જ્ઞેયભૂત) દ્રવ્ય એટલે [**आत्मा**] આત્મા (સ્વાત્મા) [**परः च**] અને પર [**परिणामसंबद्धः**] કે જેઓ પરિણામવાળાં છે.

ટીકાર્થ : કેમકે આત્મા જ ઉપાદાનરૂપથી જ્ઞાનરૂપ પરિણમિત છે. તેવી જ રીતે પદાર્થોને જાણે છે. એવું પહેલા ગાથા ૩૪ માં કહ્યું હતું. તેથી આત્મા જ જ્ઞાન છે.

પ્રશ્ન : આત્માનું જ્ઞેય કોણ છે ?

ઉત્તર : દ્રવ્ય આત્માનું જ્ઞેય છે.

અને તે દ્રવ્ય ત્રણકાળવર્તી પર્યાયોની પરિણતિરૂપથી અથવા દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપથી અને તે જ પ્રકારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપથી ત્રણ પ્રકારનું કહેવામાં આવે છે.

અને તે જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા અને પર છે.

પ્રશ્ન : જ્ઞેયભૂત દ્રવ્ય આત્મા અને પર કેવા છે ?

ઉત્તર : દીપકની જેમ જ્ઞાન સ્વ અને પરને જાણે છે, તેથી જ્ઞેયભૂત દ્રવ્ય સ્વ અને પર છે.

પ્રશ્ન : અને તે સ્વ અને પર દ્રવ્ય કેવા છે ?

ઉત્તર : તે સ્વ અને પર દ્રવ્ય કથંચિત્ પરિણામી છે-આ અર્થ છે.

અહીં નૈયાયિક મતનું અનુસરણ કરવાવાળા કોઈ કહે છે કે ઘટ આદિની જેમ પ્રમેયતા હોવાથી જ્ઞાન જ્ઞાનાંતરથી (અન્ય જ્ઞાનથી) જાણવા યોગ્ય છે ?

આચાર્ય તેનું નિરાકરણ કરે છે કે આપનું આ કથન દીપક (ના દૃષ્ટાંત)ની સાથે દોષને પ્રાપ્ત થાય છે. જેવી રીતે દીપક પ્રમેય-પરિચ્છેદ્ય જ્ઞેય-જાણવા યોગ્ય હોવા છતાં પણ બીજા દીપકથી પ્રકાશિત નથી થતો. (પરંતુ સ્વયંથી પ્રકાશિત છે) તેવી જ રીતે જ્ઞાન પણ સ્વયં જ સ્વયં ને પ્રકાશિત કરે છે. બીજા જ્ઞાનથી પ્રકાશિત નથી થતું. જો તે જ્ઞાન સ્વયં ને પ્રકાશિત ન કરતું થકું બીજા જ્ઞાનથી પ્રકાશિત થાય તો આકાશ વ્યાપી મહાન, નિવારી ન શકાય એવી અનવસ્થા પ્રાપ્ત થાય છે આવો ગાથાનો અર્થ છે.

આ પ્રકારે નિશ્ચયશ્રુત કેવળી-વ્યવહાર શ્રુતકેવળી કથનની મુખ્યતાથી ભિન્ન જ્ઞાન નિરાકરણ અને જ્ઞાન-જ્ઞેય સ્વરૂપ કથનથી ચોથા સ્થળમાં ચાર ગાથાઓ પૂરી થઈ. ॥ ૩૬ ॥

હવે ભૂત ભાવિ પર્યાયો વર્તમાન જ્ઞાનમાં વિદ્યમાન વર્તમાનની જેમ દેખાય છે. એવું નિરુપણ કરે છે.

## ગાથા ૩૭

તે દ્રવ્યના સદ્ભૂત-અસદ્ભૂત પર્યયો સૌ વર્તતા,
તત્કાળના પર્યાય જેમ, વિશેષપૂર્વક જ્ઞાનમાં. ૩૭.

અન્વયાર્થ :– [**तामाम् द्रव्यजातीनाम्**] તે (જીવાદિ) દ્રવ્યજાતિઓના [**ते सर्वे**] સમસ્ત [**सदसद्भूता: हि**] વિદ્યમાન અને અવિદ્યમાન [**पर्याया:**] પર્યાયો [**तात्कालिका: इव**] તાત્કાલિક (વર્તમાન) પર્યાયોની માફક, [**विशेषत:**] વિશિષ્ટતાપૂર્વક (પોતપોતાના ભિન્ન ભિન્ન સ્વરૂપે) [**ज्ञाने**

**वर्तन्ते**] જ્ઞાનમાં વર્તે છે.

ટીકાર્થ : વાસ્તવમાં જે બધી વિદ્યમાન અને અવિદ્યમાન પર્યાયો છે, તે પૂર્વોક્ત બધી પર્યાયો વર્તે છે પ્રતિભાસિત થાય છે, જણાય છે.

પ્રશ્ન : વિદ્યમાન-અવિદ્યમાન તે બધી પર્યાયો ક્યાં વર્તે છે ?

ઉત્તર : તે બધી પર્યાયો કેવળજ્ઞાનમાં વર્તે છે.

પ્રશ્ન : તે પર્યાયો કોની જેમ કેવળજ્ઞાનમાં વર્તે છે ?

ઉત્તર : તે વર્તમાન પર્યાયોની જેમ કેવળજ્ઞાનમાં વર્તે છે.

પ્રશ્ન : તે પર્યાયો કોની સાથે સંબંધિત - કોની છે ?

ઉત્તર : તે પ્રસિદ્ધ શુદ્ધ જીવદ્રવ્ય આદિ દ્રવ્ય જાતિઓ - સમુહની તે પર્યાયો છે.

કેવળજ્ઞાનમાં એક સાથે વર્તતી હોવા છતાં પણ તે બધી પર્યાયો પરસ્પર સંબંધ રહિત છે.

પ્રશ્ન : એકી સાથે વર્તતી તે પર્યાયો સંબંધ રહિત કેવી રીતે છે ?

ઉત્તર : પોત પોતાના પ્રદેશ, કાળ, આકાર રૂપ વિશેષોથી સંકર (ભળી જવું) અને વ્યતિકર (એક બીજાના ધર્મને ગ્રહણ કરવા) દોષોના નિરાકરણરૂપ રહેવાને કારણે તે બધી પર્યાયો પરસ્પર સંબંધ રહિત છે. આવો અર્થ છે.

વિશેષ એમ છે કે, જેવી રીતે મનમાં વિચાર કરતા છદ્મસ્થ પુરુષને ભૂત અને ભાવિ ની પર્યાયો સ્ફૂરાયમાન થાય છે અને જેવી રીતે દિવાલ પર બનેલ ચિત્રમાં બાહુબલી-ભરત આદિ ભૂતકાળરૂપ અને શ્રેણિક તીર્થંકર આદિ ભાવિરૂપ વર્તમાનની જેમ પ્રત્યક્ષ દેખાય છે. તેવી રીતે દિવાલના ચિત્રની જેમ કેવળજ્ઞાનમાં ભૂત-ભાવિ પર્યાયો એક સાથે પ્રત્યક્ષ દેખાય છે. એક સાથે દેખાવામાં કંઈ પણ વિરોધ આવતો નથી.

જેવી રીતે આ કેવળી ભગવાન પરદ્રવ્ય-પર્યાયોની જાણકારી માત્રથી જાણે છે, તન્મયરૂપથી નહી. નિશ્ચયથી કેવળજ્ઞાન આદિ ગુણોની આધારભૂત પોતાની સિદ્ધ પર્યાયને જ કેવળી ભગવાન સ્વસંવિતિ આકારથી તન્મય થઈને જાણે છે, તેવી રીતે આસન્ન ભવ્ય જીવને પણ નિજ શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ નિશ્ચય રત્નત્રય પર્યાય જ સર્વ પ્રયોજનથી જાણવા યોગ્ય છે. આમ તાત્પર્ય છે. ॥ ૩૭ ॥

હવે ભૂત-ભાવિ પર્યાયોને અસદ્‌ભૂત-અવિદ્યમાન સંજ્ઞા છે, એમ પ્રતિપાદન કરે છે.

## ગાથા ૩૮

જે પર્યયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,
તે સૌ અસદ્ભૂત પર્યયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.

અન્વયાર્થ :– [ये पर्याया:] જે પર્યાયો [हि] ખરેખર [न एव संजाता:] ઉત્પન્ન થયા નથી, તથા [ये] જે પર્યાયો [खलु] ખરેખર [भूत्वा नष्टा:] ઉત્પન્ન થઈને નાશ પામી ગયા છે, [ते] તે [असद्भूता: पर्याया:] અવિદ્યમાન પર્યાયો [ज्ञानप्रत्यक्षा: भवन्ति] જ્ઞાનપ્રત્યક્ષ છે.

ટીકાર્થ : જે આજ સુધી ઉત્પન્ન નથી થઈ એવી ભવિષ્ય કાળની પર્યાયો અને વાસ્તવમાં નષ્ટ થયેલ પર્યાયો (ભૂતકાળની).

પ્રશ્ન : તે પર્યાયો શું કરીને નષ્ટ થઈ છે ?

ઉત્તર : ઉત્પન્ન થઈને તે પર્યાયો નષ્ટ થઈ છે. તે પૂર્વે કહેલ ભૂત-ભાવિ પર્યાયો વિદ્યમાન નહીં હોવાથી અસદ્ભૂત કહેવામાં આવી છે. વિદ્યમાન નહીં હોવાથી તે અસદ્ભૂત છે, તો પણ વર્તમાન જ્ઞાનનો વિષય હોવાને કારણે વ્યવહારથી ભૂતાર્થ કહેવામાં આવી છે અને તે પ્રકારે તે જ્ઞાનમાં પ્રત્યક્ષ પણ થાય છે.

જેવી રીતે આ ભગવાન નિશ્ચયથી પરમાનંદ એક લક્ષણ સુખ સ્વભાવમય મોક્ષ પર્યાયને જ તન્મયતાપૂર્વક જાણે છે, પર દ્રવ્ય-પર્યાયોને તો વ્યવહારથી જાણે છે, તેવી જ રીતે આત્માની ભાવના કરવાવાળા પુરુષના દ્વારા રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત સ્વસંવેદન પર્યાય જ પ્રધાનતાથી જાણવા યોગ્ય છે, બાહ્ય દ્રવ્ય અને પર્યાયો તો ગૌણરૂપથી (જાણવા યોગ્ય છે) એવો ભાવ છે. ॥ ૩૮ ॥

હવે અસદ્ભૂત પર્યાયોનું વર્તમાન જ્ઞાનમાં પ્રત્યક્ષપણું દૃઢ કરે છે -

## ગાથા ૩૯

જ્ઞાને અજાત-વિનષ્ટ પર્યાયો તણી પ્રત્યક્ષતા,
નવ હોય જો, તો જ્ઞાનને એ 'દિવ્ય' કોણ કહે ભલા ? ૩૯.

અન્વયાર્થ :– [यदि वा] જો [अजात: पर्याय:] અનઉત્પન્ન પર્યાય [च] તથા [प्रलयित:] નષ્ટ પર્યાય [ज्ञानस्य] જ્ઞાનને (કેવળજ્ઞાનને) [प्रत्यक्ष: न भवति] પ્રત્યક્ષ ન હોય, [तत् ज्ञानं] તો તે જ્ઞાનને [दिव्यं इति हि] 'દિવ્ય' [के प्ररूपयन्ति] કોણ પ્રરૂપે ?

ટીકાર્થ : જો પ્રત્યક્ષ નથી.

પ્રશ્ન : તે કોણ પ્રત્યક્ષ નથી ?

ઉત્તર : ભવિષ્ય કાળની પર્યાય, ભવિષ્ય કાળની જ નહીં પરંતુ ભૂતકાળની પર્યાય પણ.

પ્રશ્ન : ભૂત ભાવિ પર્યાય કોને પ્રત્યક્ષ નથી ?

ઉત્તર : જો ભૂત-ભાવિ પર્યાય જ્ઞાનને (કેવળજ્ઞાનને) પ્રત્યક્ષ નથી, તો તે જ્ઞાનને દિવ્ય કોણ કહેશે ? કોઈ પણ નહીં કહે.

તે આ પ્રકારે, ક્રમ અને સાધન સંબંધી બાધાથી રહિત હોવાને કારણે જો જ્ઞાનરૂપ કર્તા વર્તમાન પર્યાયની જેમ ભૂત-ભવિષ્યની પર્યાયોને સાક્ષાત્ પ્રત્યક્ષ નથી કરતા તો તે જ્ઞાન દિવ્ય નથી, ખરેખર તો તે જ્ઞાન જ નથી.

જેવી રીતે કેવળી ભગવાન, જો કે પરદ્રવ્ય-પર્યાયોને જાણવા માત્રથી જાણે છે, તો પણ નિશ્ચયનયથી સહજાનંદ એક સ્વભાવી સ્વશુદ્ધાત્મામાં તન્મયપણે તેને જાણે છે; તેવી જ રીતે નિર્મળ ભેદજ્ઞાની જીવ પણ, જો કે વ્યવહારથી પરદ્રવ્ય ગુણ - પર્યાયોનું જ્ઞાન કરે છે, તો પણ નિશ્ચયથી સ્વ વિષય હોવાથી નિર્વિકાર સ્વસંવેદન પર્યાયમાં પર્યાય દ્વારા પરિજ્ઞાન કરે છે - આવું ગાથાનું તાત્પર્ય છે. ॥ ૩૯ ॥

હવે ભૂત ભવિષ્યના સૂક્ષ્મ આદિ પદાર્થોને ઈન્દ્રિયજ્ઞાન નથી જાણતું, એવો વિચાર કરે છે -

## ગાથા ૪૦

ઈહાદિપૂર્વક જાણતા જે અક્ષપતિત પદાર્થને,
તેને પરોક્ષ પદાર્થ જાણવું શક્ય ના - જિનજી કહે. ૪૦.

અન્વયાર્થ :– [**ये**] જેઓ [**अक्षनिपतितं**] અક્ષપતિત અર્થાત્ ઈન્દ્રિયગોચર [**अर्थं**] પદાર્થને [**ईहापूर्वैः**] ઈહાદિક વડે [**विजानन्ति**] જાણે છે, [**तेषां**] તેમને માટે [**परोक्षभूतं**] *પરોક્ષભૂત પદાર્થને [**ज्ञातुं**] જાણવાનું [**अशक्यं**] અશક્ય છે [**इति प्रज्ञप्तम्**] એમ સર્વજ્ઞદેવે કહ્યું છે.

ટીકાર્થ : ઘટ પટ આદિ જ્ઞેય પદાર્થ છે.

પ્રશ્ન : તે જ્ઞેય પદાર્થ કેવા છે ?

ઉત્તર : ઈન્દ્રિયોથી સંબંધિત તે પદાર્થો છે.

આ પ્રકારના પદાર્થોને જે પુરુષ અવગ્રહ, ઈહા, અવાય, ધારણા આદિ ક્રમથી વાસ્તવમાં

* પરોક્ષભૂત : અક્ષથી પર અર્થાત્ અક્ષથી દૂર હોય તેવું ઈન્દ્રિયગોચર.

જાણે છે. તેથી તેનું તે જ્ઞાન પરોક્ષ હોવાથી સુક્ષ્માદિ પદાર્થોને જાણવા અસમર્થ છે એમ કહ્યું છે.

પ્રશ્ન : આવું કોણે કહ્યું છે ?

ઉત્તર : આવું જ્ઞાનીઓએ કહ્યું છે.

તે આ પ્રકારે - નેત્ર આદિ ઈન્દ્રિયો ઘટ, પટ આદિ પદાર્થોની નજીક જઈને પછી પદાર્થને જાણે છે. એવું સન્નિકર્ષનું લક્ષણ નૈયાયિક મતમાં કહેવામાં આવ્યું છે. અથવા ટૂંકમાં, ઈન્દ્રિય અને પદાર્થનો સંબંધ જ સન્નિકર્ષ છે અને તે જ પ્રમાણ છે. અને તે સન્નિકર્ષ આકાશ આદિ અમૂર્તિક પદાર્થોમાં, દૂર દેશવર્તી મેરૂ આદિ પદાર્થોમાં, દૂર કાળવર્તી રામ-રાવણ આદિમાં, સ્વભાવથી અદૃશ્ય ભૂતાદિમાં, તેવી જ રીતે અત્યંત સુક્ષ્મ પરકીય મનોવૃતિ તથા પુદ્‌ગલ પરમાણુ આદિમાં પ્રવૃત્તિ નથી કરતું.

પ્રશ્ન : સન્નિકર્ષ આ વિષયોમાં પ્રવૃત્તિ કેમ નથી કરતું ?

ઉત્તર : (સન્નિકર્ષ જ્ઞાનમાં) ઈન્દ્રિયોથી સ્થુળ વિષય અને મૂર્તિક વિષય જ જણાતા હોવાને કારણે તે (ઉપર કહેલા) વિષયોમાં સન્નિકર્ષ પ્રવૃત્તિ નથી કરતું. આ કારણથી ઈન્દ્રિયજ્ઞાનથી સર્વજ્ઞ થવાતુ નથી.

એટલા માટે જ અતીન્દ્રિય જ્ઞાનની ઉત્પત્તિના કારણભૂત રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાનને છોડીને જે પાંચ ઈન્દ્રિય સુખના સાધનભૂત (એવા) ઈન્દ્રિયજ્ઞાનમાં અને વિવિધ ઈચ્છાઓના વિકલ્પ જાળરૂપ માનસિક જ્ઞાનમાં સ્નેહ કરે છે, તેઓ સર્વજ્ઞ પદ પ્રાપ્ત નથી કરતા. એવો ગાથાનો અભિપ્રાય છે. ॥ ૪૦ ॥

હવે અતીન્દ્રિયજ્ઞાન ભૂત-ભવિષ્યના સૂક્ષ્મ આદિ પદાર્થોને જાણે છે એવો ઉપદેશ આપે છે -

## ગાથા ૪૧

જે જાણતું અપ્રદેશને, સપ્રદેશ, મૂર્ત, અમૂર્તને,
પર્યાય નષ્ટ-અજાતને, ભાખ્યું અતીંદ્રિય જ્ઞાન તે. ૪૧.

અન્વયાર્થ :– [**अप्रदेशं**] જે જ્ઞાન પ્રદેશને, [**सप्रदेशं**] સપ્રદેશને, [**मूर्तं**] મૂર્તને, [**अमूर्तं च**] અને અમૂર્તને, [**अजातं**] તથા અનઉત્પન્ન [**च**] તેમ જ [**प्रलयं गतं**] નષ્ટ [**पर्यायं**] પર્યાયને [**जानाति**] જાણે છે, [**तत् ज्ञानं**] તે જ્ઞાન [**अतीन्द्रियं**] અતીન્દ્રિય [**भणितम्**] કહેવામાં આવ્યું છે.

ટીકાર્થ : અપ્રદેશી કાલાણુ, પરમાણુ આદિ (એક પ્રદેશી દ્રવ્ય) શુદ્ધ જીવાસ્તિકાય આદિ પાંચ અસ્તિકાય સ્વરૂપ (બહુપ્રદેશી દ્રવ્ય) મૂર્તિક પુદ્‌ગલદ્રવ્ય અને શુદ્ધ જીવ દ્રવ્યાદિ અમૂર્તિક દ્રવ્ય,

અનુત્પન્ન ભાવિ તથા નષ્ટ થયેલ ભૂતકાળની પર્યાયો-પૂર્વે કહેલ આ બધી જ્ઞેય વસ્તુઓને જે જ્ઞાનરૂપ કર્તા જાણે છે. તે જ્ઞાનને અતીન્દ્રિય જ્ઞાન કહે છે. અને તે જ્ઞાનથી જ સર્વજ્ઞ થાય છે.

આથી પહેલાની (૪૦ મી) ગાથામાં કહેલ ઈન્દ્રિય જ્ઞાન અને માનસિક જ્ઞાનને છોડીને જે સમસ્ત વિભાવ પરિણામોના ત્યાગપૂર્વક નિર્વિકલ્પ સમાધિરૂપ સ્વસંવેદન જ્ઞાનમાં પ્રીતિ કરે છે. તે જ પરમ આનંદ એક લક્ષણ સ્વભાવવાળા સર્વજ્ઞપદ ને પ્રાપ્ત કરે છે. આમ અભિપ્રાય છે.

આ પ્રકારે ભૂત ભાવિ પર્યાયો વર્તમાન જ્ઞાનમાં પ્રત્યક્ષ નથી થતી એવી માન્યતાવાળા બોદ્ધ મતના નિરાકારણની મુખ્યતાથી ત્રણ ગાથાઓ અને તેના પછી નૈયાયિક મતાનુસારી શિષ્યને સંબોધવા માટે ઈન્દ્રિય જ્ઞાનથી સર્વજ્ઞ નથી થતાં, અતીન્દ્રિય જ્ઞાનથી સર્વજ્ઞ થાય છે. આ પ્રકારની બે ગાથાઓ, આ પ્રકારે સમૂહરૂપથી પાંચમા સ્થળમાં પાંચ ગાથાઓ પૂરી થઈ. ॥ ૪૧ ॥

હવે રાગ, દ્વેષ, મોહ બંધના કારણ છે, જ્ઞાન નહી, એવા કથનરૂપથી પાંચ ગાથા સુધી વ્યાખ્યાન કરે છે, તે આ પ્રકારે છે -

જેને કર્મબંધના કારણરૂપ હિતકારી-અહિતકારી વિકલ્પરૂપથી જાણવા યોગ્ય વિષયોમાં પરિણમન છે, તેને ક્ષાયિક જ્ઞાન નથી; એવું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૪૨

જો જ્ઞેય અર્થે પરિણમે જ્ઞાતા, ન ક્ષાયિક જ્ઞાન છે;
તે કર્મને જ અનુભવે છે એમ જિનદેવો કહે. ૪૨.

અન્વયાર્થ :– [**ज्ञाता**] જ્ઞાતા [**यदि**] જો [**ज्ञेयं अर्थं**] જ્ઞેય પદાર્થરૂપે [**परिणमति**] પરિણમતો હોય [**तस्य**] તો તેને [**क्षायिकं ज्ञानं**] ક્ષાયિક જ્ઞાન [**न एव इति**] નથી જ. [**जिनेन्द्राः**] જિનેન્દ્રોએ [**तं**] તેને [**कर्म एव**] કર્મને જ [**क्षपयन्तं**] અનુભવનાર [**उक्तवन्तः**] કહ્યો છે.

ટીકાર્થ : જો જ્ઞાતા એવો આ આત્મા આ વાદળી આ પીળું એવા વિકલ્પરૂપથી જ્ઞેય પદાર્થો પ્રત્યે પરિણમન કરે છે. તો તે આત્માને ક્ષાયિકજ્ઞાન નથી. અથવા જ્ઞાન જ નથી.

પ્રશ્ન : જ્ઞેય અર્થે પરિણત તે આત્માને જ્ઞાન કઈ રીતે નથી ?

ઉત્તર : કર્મ પ્રાપ્ત પુરુષને જિનેન્દ્ર ભગવાન કર્તા કહે છે.

પ્રશ્ન : જિનેન્દ્ર ભગવાન તે પુરુષને શું કરતો થકો કહે છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાન તેને અનુભવ કરતો કહે છે.

પ્રશ્ન : જિનેન્દ્ર ભગવાન તેને શાનો અનુભવ કરતો કહે છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાન તેને કર્મનો અનુભવ કરતો કહે છે.

નિર્વિકાર સહજાનંદ એક સુખ સ્વભાવના અનુભવથી રહિત થયો થકો તે ઉદયમાં આવેલ પોતાના કર્મોનો જ અનુભવ કરતો રહે છે. પરંતુ જ્ઞાનનો અનુભવ નથી કરતો એવો અર્થ છે.

અથવા બીજું વ્યાખ્યાન : જો જ્ઞાતા, પદાર્થ પ્રત્યે પરિણમન કરીને પછી પદાર્થને જાણે છે તો પદાર્થો અનંત હોવાથી તેને બધા પદાર્થોની જાણકારી થતી નથી.

અથવા ત્રીજું વ્યાખ્યાન :

છદ્મસ્થ અવસ્થામાં જ્યારે બાહ્ય જ્ઞેય પદાર્થોનો વિચાર કરવામાં આવે છે. ત્યારે રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાન નથી અને તેના અભાવમાં ક્ષાયિક જ્ઞાન જ ઉત્પન્ન નથી થતું - આમ અભિપ્રાય છે. ॥ ૪૨ ॥

હવે અનંત પદાર્થોની જાણકારી રૂપથી પરિણત થવા છતાં પણ જ્ઞાન બંધનું કારણ નથી તેમજ રાગાદિ રહિત કર્મનો ઉદય પણ, બંધનું કારણ નથી, એવો નિશ્ચય કરે છે.

## ગાથા ૪૩

ભાખ્યાં જિને કર્મો ઉદયગત નિયમથી સંસારીને,<br>
તે કર્મ હોતાં મોહી-રાગી-દ્વેષી બંધ અનુભવે. ૪૩.

અન્વયાર્થ :– [**उदयगता: कर्मांशा:**] (સંસારી જીવને) ઉદયપ્રાપ્ત કર્માંશો (જ્ઞાનાવરણીયાદિ પુદ્‌ગલકર્મના ભેદો) [**नियत्या**] નિયમથી [**जिनवरवृषभै:**] જિનવર, વૃષભોએ [**भणिता:**] કહ્યા છે. [**तेषु**] જીવ તે કર્માંશો હોતાં, [**विमूढ: रक्त: दुष्ट: वा**] મોહી, રાગી અથવા દ્વેષી થયો થકો [**बन्धं अनुभवति**] બંધને અનુભવે છે.

ટીકાર્થ : ઉદયને પ્રાપ્ત જ્ઞાનાવરણ આદિ મૂળ-ઉત્તર કર્મ પ્રકૃતિ ભેદવાળા કર્મ અંશોને તીર્થંકરોએ સ્વભાવથી કહ્યાં છે. પરંતુ તેઓ પોત પોતાના શુભ-અશુભ ફળ આપીને ચાલ્યા જાય છે રાગાદિ પરિણામો નહીં હોવાથી બંધ નથી કરતા.

પ્રશ્ન : તો પછી જીવ બંધ કેવી રીતે કરે છે ?

આવો પ્રશ્ન હોય તો (તેનો ઉત્તર કહે છે)

ઉત્તર : મોહ, રાગ, દ્વેષથી વિલક્ષણ નિજ શુદ્ધાત્મ તત્ત્વની ભાવનાથી રહિત થયો થકો ઉદયમાં આવેલ કર્મ અંશોમાં વિશેષરૂપથી મોહ, રાગ, દ્વેષ રૂપ થાય છે. તે કેવળજ્ઞાન આદિ અનંત ગુણોની પ્રગટતા સ્વરૂપ મોક્ષથી વિરુદ્ધ લક્ષણવાળા પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ અને પ્રદેશ ભેદવાળા બંધનો

અનુભવ કરે છે.

તેથી તે નિશ્ચય થયો કે જ્ઞાન બંધનું કારણ નથી, આ પ્રકારે કર્મનો ઉદય પણ બંધનું કારણ નથી પણ રાગાદિ બંધનું કારણ છે. ॥ ૪૩ ॥

હવે કેવળી ને રાગાદિનો અભાવ હોવાથી ધર્મ ઉપદેશ આદિ પણ બંધનું કારણ નથી. એમ કહે છે.

## ગાથા ૪૪

ધર્મોપદેશ, વિહાર, આસન, સ્થાન શ્રી અર્હંતને,
વર્તે સહજ તે કાળમાં, માયાચરણ જ્યમ નારીને. ૪૪.

અન્વયાર્થ :– [**तेषाम् अर्हतां**] તે અર્હંતભગવંતોને [**काले**] તે કાળે [**स्थाननिषद्याविहाराः**] ઊભા રહેવું, બેસવું, વિહાર [**धर्मोपदेशः च**] અને ધર્મોપદેશ, [**स्त्रीणां मायाचारः इव**] સ્ત્રીઓને માયાચારની માફક, [**नियतयः**] સ્વાભાવિક જ–પ્રયત્ન વિના જ–હોય છે.

ટીકાર્થ : સ્થાન પર ઉભા રહેવું, બેસવુ, વિહાર અને ધર્મ ઉપદેશ આ ક્રિયાઓ સ્વાભાવિક, ઈચ્છા વગર થાય છે.

પ્રશ્ન : આ ક્રિયા સ્વાભાવિક કોને થાય છે ?

ઉત્તર : તે અરિહંત નિર્દોષી પરમાત્માને આ ક્રિયાઓ સ્વાભાવિક થાય છે.

પ્રશ્ન : તેમને તે ક્યારે થાય છે ?

ઉત્તર : અરિહંત અવસ્થામાં તેમને આ ક્રિયાઓ થાય છે.

પ્રશ્ન : તેમનામાં આ ક્રિયાઓ કોની જેમ હોય છે ?

ઉત્તર : સ્ત્રીઓના માયાચારની જેમ તેમનામાં આ ક્રિયાઓ હોય છે.

તે આ પ્રકારે,

જેવી રીતે સ્ત્રીવેદના ઉદયનો સદ્‌ભાવ હોવાને કારણે સ્ત્રીઓને પ્રયત્ન વગર જ માયાચાર હોય છે એવી રીતે શુદ્ધાત્મ તત્ત્વના વિરોધી એવા મોહના ઉદયમાં થવાવાળા ઈચ્છાપૂર્વક પ્રયત્નરૂપ કાર્યનો અભાવ હોવા છતાં ભગવાનને વિહાર આદિ હોય છે. અથવા વાદળોના રોકાવાનું, જવાનું, ગર્જના કરવાનું અને પાણી વરસાવવાના કાર્યની જેમ ભગવાનને તે ક્રિયાઓ સહજ હોય છે. આથી એમ સિદ્ધ થયું કે મોહાદિનો અભાવ હોવાથી ક્રિયા વિશેષ પણ બંધનું કારણ નથી. ॥ ૪૪ ॥

હવે રાગાદિ રહિત કર્મોદય તથા વિહાર આદિ ક્રિયા બંધનું કારણ નથી એવું આગળની ગાથા (૪૩-૪૪) માં કહ્યું હતું તે જ અર્થને અન્ય પ્રકારથી દ્રઢ કરે છે.

## ગાથા ૪૫

છે પુણ્યફળ અર્હંત, ને અર્હંતકિરિયા ઉદયિકી;
મોહાદિથી વિરહિત તેથી તે ક્રિયા ક્ષાયિક ગણી. ૪૫.

અન્વયાર્થ :– [**अर्हन्त:**] અર્હંતભગવંતો [**पुण्यफला:**] પુણ્યના ફળવાળા છે [**पुन: हि**] અને [**तेषां क्रिया**] તેમની ક્રિયા [**औदयिकी**] ઔદયિકી છે; [**मोहादिभि: विरहिता**] મોહાદિકથી રહિત છે [**तस्मात्**] તેથી [**सा**] તે [**क्षायिकी**] ક્ષાયિકી [**इति मता**] માનવામાં આવી છે.

ટીકાર્થ : મહાકલ્યાણક પૂજાને ઉત્પન્ન કરવાવાળા, ત્રણ લોકમાં વિજયને પ્રાપ્ત કરવાવાળા જે તીર્થંકર નામનું પુણ્ય નામ કર્મ છે અને તેના ફળ સ્વરૂપે અરિહંત તીર્થંકર થાય છે. તેમની જે દિવ્યધ્વનિરૂપ વચન વ્યાપાર આદિની ક્રિયા તે નિષ્ક્રિય શુદ્ધાત્મ તત્ત્વથી વિપરીત કર્મોદયથી ઉત્પન્ન હોવાને કારણે તે બધી ઔદયિકી છે. કેમકે નિર્મોહ શુદ્ધાત્મ તત્ત્વને આવરણ કરવાવાળા મમકાર અને અહંકારને ઉત્પન્ન કરવામાં સમર્થ એવા મોહાદિથી રહિત છે. એટલા માટે જોકે તે ઔદયિકી છે તો પણ નિર્વિકાર શુદ્ધાત્મ તત્ત્વમાં વિકાર ઉત્પાદક નહીં હોવાથી ક્ષાયિકી માનવામાં આવી છે. અહીં શિષ્ય કહે છે કે ''ઔદયિક ભાવ તો બંધનું કારણ છે'' એવું આગમ વચન વ્યર્થ (ઠરશે) છે.

આચાર્યદેવ તેનું નિરાકરણ કરે છે કે ઔદયિક ભાવ બંધનું કારણ છે, પરંતુ મોહના ઉદય સાથેનો ઔદયિક ભાવ જ, (તેના વગરનો) બીજો નહીં. દ્રવ્ય મોહનો ઉદય હોવા છતાં પણ જો શુદ્ધાત્મ ભાવનાના બળથી ભાવ મોહરૂપ પરિણમન નથી કરતો તો તેને બંધ નથી થતો. જો ફરી કર્મોદય માત્રથી જ બંધ થાય તો સંસારીઓને સદાય કર્મના ઉદયની વિદ્યમાનતા હોવાથી સદૈવ સર્વદા બંધ જ થાય, ક્યારેય મોક્ષ ન થાય એવો અભિપ્રાય છે. ॥ ૪૫ ॥

હવે જેવી રીતે અરિહંતોને શુભાશુભ પરિણામરૂપ વિકાર નથી તેવી રીતે એકાંતથી સંસારીઓને પણ નથી. આવી શંકા સાંખ્યમત અનુસારી શિષ્ય દ્વારા કરવામાં આવતા તેમાં દોષ બતાવતા તેનું નિરાકરણ કરે છે.

## ગાથા ૪૬

આત્મા સ્વયં નિજ ભાવથી જો શુભ-અશુભ બને નહીં,
તો સર્વ જીવનિકાયને સંસાર પણ વર્તે નહીં ! ૪૬.

અન્વયાર્થ :– [**यदि**] જો એમ માનવામાં આવે કે [**सः आत्मा**] આત્મા [**स्वयं**] સ્વયં [**स्वभावेन**] સ્વભાવથી (-પોતાના ભાવથી) [**शुभः वा अशुभः**] શુભ કે અશુભ [**न भवति**] થતો નથી (અર્થાત્ શુભાશુભ ભાવે પરિણમતો જ નથી) [**सर्वेषां जीवकायनां**] તો સર્વ જીવનિકાયોને [**संसारः अपि**] સંસાર પણ [**न विद्यते**] વિદ્યમાન નથી એમ ઠરે !

ટીકાર્થ : જેવી રીતે શુદ્ધનયથી આત્મા શુભાશુભરૂપ પરિણમિત નથી થતો તેવી જ રીતે જો અશુદ્ધનયથી પણ સ્વયં પોતાના ઉપાદાન કારણ સ્વભાવરૂપ અશુદ્ધ નિશ્ચયથી પણ (શુભાશુભરૂપ) પરિણમતો ન હોય તો ?

પ્રશ્ન : અશુદ્ધ નયથી પણ શુભાશુભરૂપે ન પરિણમવામાં શું દોષ આવે છે ?

ઉત્તર : સંસારના અભાવરૂપ શુદ્ધાત્મ સ્વરૂપથી વિપરીત સંસાર વ્યવહારનયથી પણ નથી હોતો.

પ્રશ્ન : અશુદ્ધનયથી પણ તે રૂપે (શુભાશુભરૂપે) ન પરિણમવાથી સંસાર કોને નહીં હોય ?

ઉત્તર : બધા જીવ સમૂહને સંસાર નહીં હોય.

તે આ પ્રકારે,

પ્રથમ તો આત્મા પરિણામી છે, અને તે કર્મ ઉપાધિનું નિમિત્ત હોવાથી સ્ફટિકમણિની જેમ ઉપાધિને ગ્રહણ કરે છે, આ કારણથી સંસારનો અભાવ નથી થતો. અને જો એવો મત હોય કે સાંખ્યોને માટે સંસારનો અભાવ તે દોષ નથી, પરંતુ સારો ગુણ છે તો એમ પણ નથી. સંસારનો અભાવ જ મોક્ષ કહેવાય છે અને તે પ્રત્યક્ષ વિરોધરૂપથી સંસારી જીવોને દેખાતો નથી. આમ ભાવ છે.

આ પ્રકારે રાગાદિ બંધનું જ કારણ છે. જ્ઞાન બંધનું કારણ નથી એવા વ્યાખ્યાનની મુખ્યતાથી છઠ્ઠા સ્થાનમાં પાંચ ગાથાઓ પૂરી થઈ. ॥ ૪૭ ॥

હવે સર્વપ્રથમ કેવળજ્ઞાન જ સર્વજ્ઞ સ્વરૂપ છે. ત્યારબાદ સર્વને જાણનાર એકને જાણે છે, એકને જાણનાર સર્વને જાણે છે. ઈત્યાદિ કથનરૂપથી પાંચ ગાથા સુધી વ્યાખ્યાન કરે છે. તે આ પ્રકારે,

અહીં જ્ઞાન પ્રપંચનું પ્રકરણ છે તે પ્રકરણનું અનુસરણ કરીને ફરીથી કેવળજ્ઞાનને સર્વજ્ઞરૂપથી નિરુપિત કરે છે.

## ગાથા ૪૭

સૌ વર્તમાન-અવર્તમાન, વિચિત્ર, વિષય પદાર્થને,
યુગપદ સરવતઃ જાણતું, તે જ્ઞાન ક્ષાયિક જિન કહે. ૪૭.

અન્વયાર્થ :– [**यत्**] જે જ્ઞાન [**युगपद्**] યુગપદ્ [**समन्ततः**] સર્વતઃ (સર્વ આત્મપ્રદેશેથી) [**तात्कालिकं**] તાત્કાલિક [**इतरं**] કે અતાત્કાલિક, [**विचित्रविषमं**] વિચિત્ર (–અનેક પ્રકારના) અને વિષમ મૂર્ત, અમૂર્ત આદિ અસમાન જાતિના [**सर्वं अर्थं**] સર્વ પદાર્થોને [**जानाति**] જાણે છે, [**तद् ज्ञानं**] તે જ્ઞાનને [**क्षायिकं भणितम्**] ક્ષાયિક કહ્યું છે.

ટીકાર્થ : જે જ્ઞાન કર્તારૂપથી જાણે છે.

પ્રશ્ન : જ્ઞાન કોને જાણે છે ?

ઉત્તર : જ્ઞાન પદાર્થને જાણે છે.

અહીં પદાર્થ છે તે વિશેષ પદ છે.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા પદાર્થને જાણે છે.

ઉત્તર : વર્તમાન-ભૂત અને ભવિષ્યકાળ સંબંધી પદાર્થોને જાણે છે.

પ્રશ્ન : જ્ઞાન આ પદાર્થોને કેવી રીતે જાણે છે ?

ઉત્તર : એક સાથે એક સમયે બધી બાજુથી બધા આત્મપ્રદેશોથી અથવા સર્વ પ્રકારે જ્ઞાન તેને જાણે છે.

પ્રશ્ન : જ્ઞાન કેટલી સંખ્યાવાળા પદાર્થોને જાણે છે ?

ઉત્તર : સંપૂર્ણ પદાર્થોને તે જાણે છે.

પ્રશ્ન : વળી કઈ વિશેષતાવાળા પદાર્થોને જાણે છે ?

ઉત્તર : વિવિધ ભેદવાળા પદાર્થોને જાણે છે.

પ્રશ્ન : તે પદાર્થો વળી કેવા છે ?

ઉત્તર : મૂર્ત, અમૂર્ત, ચેતન, અચેતન આદિ વિવિધ જાતિ વિશેષોથી અસમાન એવા બધાય પદાર્થોને જાણે છે.

જે આવા પ્રકારના ગુણોથી વિશિષ્ટ જ્ઞાન છે તે જ્ઞાનને ક્ષાયિક કહેવામાં આવે છે. અભેદનયથી તે જ સર્વજ્ઞ સ્વરૂપ છે, તે જ ઉપાદેય ભૂત અનંત સુખાદિ અનંત ગુણોનું આધારભૂત એવું આ જ્ઞાન સર્વ પ્રકારે ઉપાદેયરૂપથી ભાવના કરવા યોગ્ય છે. એમ તાત્પર્ય છે. ॥ ૪૭ ॥

હવે જે બધાને નથી જાણતું તે એકને પણ નથી જાણતું એવો વિચાર કરે છે.

## ગાથા ૪૮

જાણે નહિ યુગપદ ત્રિકાળિક ત્રિભુવનસ્થ પદાર્થને,
તેને સપર્યય એક પણ નહિ દ્રવ્ય જાણવું શક્ય છે. ૪૮.

અન્વયાર્થ :– [**यः**] જે [**युगपद्**] એકીસાથે [**त्रैकालिकान् त्रिभुवनस्थान्**] ત્રૈકાલિક ત્રિભુવનસ્થ (–ત્રણે કાળના અને ત્રણે લોકના) [**अर्थान्**] પદાર્થોને [**न विजानाति**] જાણતો નથી, [**तस्य**] તેને [**सपर्ययं**] પર્યાય સહિત [**एकं द्रव्यं वा**] એક દ્રવ્ય પણ [**ज्ञातुं न शक्यं**] જાણવું શક્ય નથી.

ટીકાર્થ : કર્તારૂપ જે નથી જાણતો.

પ્રશ્ન : તે કેવી રીતે નથી જાણતો ?

ઉત્તર : જે એક સાથે એક સમયમાં નથી જાણતો.

પ્રશ્ન : એક સાથે કોને નથી જાણતો ?

ઉત્તર : જે પદાર્થોને એક સાથે નથી જાણતો.

પ્રશ્ન : કેવા પદાર્થોને નથી જાણતો ?

ઉત્તર : ત્રિકાળવર્તી પર્યાયરૂપ પરિણત પદાર્થોને જે નથી જાણતો.

પ્રશ્ન : વળી તે કેવા પદાર્થોને નથી જાણતો ?

ઉત્તર : ત્રણલોકમાં સ્થિત પદાર્થોને નથી જાણતો. તે પુરુષનું જ્ઞાન જાણવામાં સમર્થ નથી.

પ્રશ્ન : કોને જાણવામાં સમર્થ નથી ?

ઉત્તર : જ્ઞેય દ્રવ્યને જાણવામાં સમર્થ નથી.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા જ્ઞેય દ્રવ્યને જાણવામાં સમર્થ નથી ?

ઉત્તર : અનંત પર્યાય સહિત જ્ઞેય દ્રવ્યને જાણવામાં સમર્થ નથી.

પ્રશ્ન : કેટલી સંખ્યાવાળા જ્ઞેય દ્રવ્યને જાણવામાં સમર્થ નથી ?

ઉત્તર : એક પણ જ્ઞેય પદાર્થને જાણવામાં સમર્થ નથી.

તે આ પ્રકારે - આકાશ દ્રવ્ય એક, ધર્મ દ્રવ્ય એક, તે જ પ્રકારે અધર્મદ્રવ્ય એક, લોકાકાશ પ્રમાણ અસંખ્ય કાલાણુ, તેનાથી અનંતગુણા જીવ દ્રવ્ય અને તેનાથી પણ અનંતગુણા પુદ્ગલ દ્રવ્ય છે. અને આ પ્રત્યેકની અનંત પર્યાયો છે. તે બધું જ્ઞેય છે અને તેમાંથી એક કહેવા ધારેલ જીવ દ્રવ્ય તે જ્ઞાતા છે. આ પ્રકારે વસ્તુનો સ્વભાવ છે.

જેવી રીતે અગ્નિ બળવા યોગ્ય પદાર્થોને બાળતી થકી સંપૂર્ણ દાહ્યના નિમિત્તથી થવાવાળા સંપૂર્ણ દાહ્યાકાર પર્યાયરૂપથી પરિણમિત સંપૂર્ણ એક દહન સ્વરૂપ ઉષ્ણતારૂપથી પરિણત ઘાસ

પાંદડા આદિના આકારરૂપ સ્વયંને પરિણત કરે છે. તેવી જ રીતે આ આત્મા સંપૂર્ણ જ્ઞેયોને જાણતો થકો સંપૂર્ણ જ્ઞેયોના નિમિત્તથી થવાવાળા સંપૂર્ણ જ્ઞેયાકારો પર્યાયરૂપથી પરિણત પૂરા એક અખંડ જ્ઞાનરૂપ પોતાના આત્માને પરિણમિત કરે છે, જાણે છે, નિશ્ચિત કરે છે.

અને જેવી રીતે તે જ અગ્નિ પૂર્વે કહેલા લક્ષણવાળા દાહ્યને નહીં બાળતી તેના આકારરૂપ પરિણત નથી થતી તેવી રીતે આત્મા પણ પૂર્વે કહેલા લક્ષણવાળા સર્વ જ્ઞેયોને નહીં જાણતો થકો પૂર્વે કહેલા લક્ષણવાળા પૂરા એક અખંડ જ્ઞાનાકાર રૂપ પોતાના આત્માને પરિણમિત નથી કરતો, જાણતો નથી, નિશ્ચિત નથી કરતો.

બીજુ પણ ઉદાહરણ છે કે, જેવી રીતે કોઈ આંધળો સૂર્યથી પ્રકાશિત પદાર્થોને નહીં દેખતો થકો સૂર્યને પણ નથી દેખતો, દીપકથી પ્રકાશિત પદાર્થોને નહીં દેખતો હોવાથી તે દીપકને પણ નથી દેખતો, દર્પણમાં પડતા પ્રતિબિંબને નહીં દેખતો તે દર્પણને પણ નથી દેખતો, તેમજ પોતાની આંખથી પ્રકાશિત અન્ય પદાર્થોને નહીં દેખતો થકો હાથ, પગ આદિ અંગો રૂપથી પરિણત પોતાના શરીરાકાર સ્વયંને, પોતાની આંખથી નથી દેખતો. આવી રીતે આ વિવક્ષિત આત્મા પણ કેવળજ્ઞાનથી પ્રકાશિત પદાર્થોને નહીં જાણતો થકો સંપુર્ણ અખંડ એક કેવળજ્ઞાનરૂપ આત્માને પણ નથી જાણતો.

આથી એમ નિશ્ચિત થયું કે જે સર્વને નથી જાણતો, તે આત્માને પણ નથી જાણતો. ॥ ૪૮ ॥

હવે એકને નથી જાણતો તે સર્વને નથી જાણતો એવો નિર્ણય કરે છે.

## ગાથા ૪૯

જો એક દ્રવ્ય અનંતપર્યય તેમ દ્રવ્ય અનંતને,
યુગપદ ન જાણે જીવ, તો તે કેમ જાણે સર્વને ? ૪૯.

* અન્વયાર્થ :– [**यदि**] જો [**अनन्तपर्यायं**] અનંત પર્યાયવાળા [**एकं द्रव्यं**] એક દ્રવ્યને (-આત્મદ્રવ્યને) [**अनन्तानि द्रव्यजातानि**] તથા અનંત દ્રવ્યસમૂહને [**युगपद्**] યુગપદ્ [**न विजानाति**] જાણતો નથી [**सः**] તો તે (પુરુષ) [**सर्वाणि**] સર્વને (–અનંત દ્રવ્યસમૂહને) [**कथं जानाति**] કઈ રીતે જાણી શકે ? (અર્થાત્ જે આત્મદ્રવ્યને ન જાણતો હોય તે સમસ્ત દ્રવ્યસમૂહને ન જાણી શકે.)

ટીકાર્થ : દ્રવ્ય-અનંત પર્યાયરૂપ (એવા) એક (અને) અનંત દ્રવ્ય સમૂહને જે નથી જાણતો તે

* આ ગાથાનો બીજી રીતનો અન્વયાર્થ : જો અનંત પર્યાયવાળા એક દ્રવ્યને (આત્મદ્રવ્યને) જાણતો નથી, તો તે (પુરુષ) યુગપદ્ સર્વ અનંત દ્રવ્યસમૂહને કઈ રીતે જાણી શકે ?

બધાને કેવી રીતે જાણી શકશે ? એક સાથે, એક સમયે, કોઈ પણ રીતે નહીં જાણી શકે.

તે આ પ્રકારે - જ્ઞાન આત્માનું લક્ષણ છે અને તે અખંડ પ્રતિભાસમય (છે અને) બધા જીવોમાં સામાન્યરૂપથી પ્રાપ્ત થવાવાળું એવું મહા સામાન્યરૂપ છે. અને આ મહાસામાન્ય જ્ઞાનમય અનંત વિશેષોમાં વ્યાપ્ત છે અને તે જ્ઞાનવિશેષ (ના) વિષયભૂત, જ્ઞેયભૂત, અનંત દ્રવ્ય-પર્યાયોનું જ્ઞાયક ગ્રાહક-જાણવાવાળું છે.

અખંડ એક પ્રતિભાસમય જે મહા સામાન્યરૂપ સ્વભાવવાળા આત્માને જે પ્રત્યક્ષ નથી જાણતો તો તે પુરુષ પ્રતિભાસમય મહા સામાન્યથી વ્યાપ્ત જે અનંત જ્ઞાન વિશેષ અને તેના વિષયભૂત જે અનંત દ્રવ્ય-પર્યાયો તેમને કેવી રીતે જાણી શકે ? કોઈ પણ પ્રકારે ન જાણી શકે.

આથી એમ નિશ્ચિત થયું કે જે આત્માને નથી જાણતો, તે સર્વને નથી જાણતો.

વળી કહ્યું પણ છે કે, ‘‘એક ભાવ છે તે સર્વભાવ સ્વભાવવાળો છે, સર્વ ભાવ એકભાવ સ્વભાવવાળા છે; તેથી જેના વડે એક ભાવ વાસ્તવિકરૂપથી જાણી લેવામાં આવે છે, તેણે બધા ભાવ વાસ્તવિકરૂપથી જાણી લીધા છે.’’

અહીં શિષ્ય કહે છે કે - આત્માનું વિશિષ્ટ જ્ઞાન થવાથી સર્વનું જ્ઞાન થાય છે. એવું અહીં કહેવામાં આવ્યું. આગળની ગાથામાં કહેવામાં આવ્યું કે સર્વનું જ્ઞાન થવાથી આત્માનું જ્ઞાન થાય છે, એવું કહેવામાં આવેલ, જો આમ છે તો છદ્મસ્થ જીવોને તો સર્વનું જ્ઞાન નથી તો તેને આત્માનું જ્ઞાન કેવી રીતે થશે ? આત્માના જ્ઞાનના અભાવમાં આત્મભાવના કેવી રીતે થશે ? અને તેના અભાવમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ નહીં થાય.

આચાર્ય આનું નિરાકરણ કરે છે કે, પરોક્ષ પ્રમાણભૂત શ્રુતજ્ઞાન દ્વારા બધા પદાર્થ જાણવામાં આવે છે.

પ્રશ્ન : શ્રુતજ્ઞાન દ્વારા બધા પદાર્થો કેવી રીતે જાણવામાં આવે છે ?

આવી શંકા હોય તો તેનો ઉત્તર આપે છે.

ઉત્તર : છદ્મસ્થને પણ વ્યાપ્તિજ્ઞાન (અનુમાનજ્ઞાન) રૂપથી લોકાલોક આદિનું પરિજ્ઞાન પ્રાપ્ત હોય છે. તથા કેવળજ્ઞાન સંબંધી વિષયને ગ્રહણ કરવાવાળું આ વ્યાપ્તિજ્ઞાન પરોક્ષ રૂપથી કથંચિત્ આત્મા જ કહેવામાં આવે છે. અથવા સ્વસંવેદનજ્ઞાનથી આત્મા જાણવામાં આવે છે. અને તેના વડે ભાવના કરવામાં આવે છે. અને તે રાગાદિ વિકલ્પ રહિત સ્વસંવેદન જ્ઞાનરૂપ ભાવનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ પ્રકારે દોષ નથી. ॥ ૪૯ ॥

હવે ક્રમપ્રવૃત્ત (ક્રમથી પદાર્થોને જાણવાવાળું) જ્ઞાનથી સર્વજ્ઞ નથી થતા એવી વ્યવસ્થા કરે છે એમ નિશ્ચિત કરે છે.

## ગાથા ૫૦

જો જ્ઞાન 'જ્ઞાની'નું ઊપજે ક્રમશઃ અરથ અવલંબીને,
તો નિત્ય નહિ, ક્ષાયિક નહિ ને સર્વગત નહિ જ્ઞાન એ. ૫૦.

અન્વયાર્થ :– [**यदि**] જો [**ज्ञानिन: ज्ञानं**] આત્માનું જ્ઞાન [**क्रमश:**] ક્રમશઃ [**अर्थान् प्रतीत्य**] પદાર્થોને અવલંબીને [**उत्पद्यते**] ઉત્પન્ન થતું હોય [**तद्**] તો તે (જ્ઞાન) [**न एव नित्यं भवति**] નિત્ય નથી, [**न क्षायिकं**] ક્ષાયિક નથી, [**न एव सर्वगतम्**] સર્વગત નથી.

ટીકાર્થ : જો જ્ઞાન ઉત્પન્ન થાય છે ક્રમથી.

પ્રશ્ન : જ્ઞાન ક્રમથી શું કરીને ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : જ્ઞેય પદાર્થોનો આશ્રય કરીને જો જ્ઞાન ઉત્પન્ન થાય છે, જ્ઞાની આત્માનું જ્ઞાન જો ક્રમથી જ્ઞેયોનો આશ્રય કરીને ઉત્પન્ન થાય છે તો ઉત્પત્તિના નિમિત્તભૂત પદાર્થોનો વિનાશ થવાથી તેનો પણ (જ્ઞાનનો પણ) વિનાશ થઈ જાય છે. તેથી તે જ્ઞાન નિત્ય નથી, જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની પરાધીનતા હોવાથી ક્ષાયિક પણ નથી. કારણ કે પૂર્વોક્ત પ્રકારથી પરાધીન હોવાને કારણે નિત્ય નથી ક્ષયોપશમને આધીન હોવાને કારણે ક્ષાયિક નથી; એટલા માટે એક સાથે સંપૂર્ણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના જાણવારૂપ સામર્થ્યનો અભાવ હોવાથી (જ્ઞાન) સર્વગત નથી.

આથી એમ નિશ્ચિત થયું કે, જે જ્ઞાન ક્રમથી પદાર્થોનો આશ્રય લઈને ઉત્પન્ન થાય છે તેવા જ્ઞાનથી સર્વજ્ઞ નથી થવાતું. ॥ ૫૦ ॥

આથી એમ સાબિત થયું કે ક્રમથી પ્રવૃત્તિ કરતાં ક્ષયોપશમ જ્ઞાનથી આત્મા સર્વજ્ઞ નથી થતો. હવે એક સાથે જાણવારૂપ જ્ઞાનથી જ સર્વજ્ઞ થાય છે. એવું આવેદન કરે છે.

## ગાથા ૫૧

નિત્યે વિષમ, વિધવિધ, સકળ પદાર્થગણ સર્વત્રનો,
જિનજ્ઞાન જાણે યુગપદે, મહિમા અહો એ જ્ઞાનનો ! ૫૧.

અન્વયાર્થ :– [**त्रैकाल्यनित्यविषमं**] ત્રણે કાળે સદાય વિષમ (અસમાન જાતિના), [**सर्वत्रसंभवं**] સર્વ ક્ષેત્રના [**चित्रं**] અને અનેક પ્રકારના [**सकलं**] સમસ્ત પદાર્થોને [**जैनं**] જિનદેવનું જ્ઞાન [**युगपद् जानाति**] યુગપદ્ જાણે છે. [**अहो हि**] અહો ! [**ज्ञानस्य माहात्म्यम्**] જ્ઞાનનું માહાત્મ્ય !

ટીકાર્થ : જાણે છે. આ ક્રિયાનો કર્તા કોણ છે ?

પ્રશ્ન : કોણ જાણે છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાનનું જ્ઞાન જાણે છે.

પ્રશ્ન : તેમનું જ્ઞાન કેવી રીતે જાણે છે ?

ઉત્તર : એક સાથે એક સમયમાં જાણે છે.

અહો ! સ્પષ્ટરૂપથી (જાણતું) આ જૈન જ્ઞાન (કેવળજ્ઞાન)ની મહિમા (તો)જુઓ.

પ્રશ્ન : તે જ્ઞાન કોને જાણે છે ?

ઉત્તર : પદાર્થને જાણે છે. અહી અર્થ (પદાર્થ) શબ્દ અધ્યાહાર છે અર્થાત્ પૂર્વની ગાથામાંથી લીધેલ છે.

પ્રશ્ન : તે પદાર્થ કેવા છે ?

ઉત્તર : ત્રણ કાળ સંબંધી પદાર્થ-સર્વકાળ સ્થિત (હયાત-મોજુદ) છે.

પ્રશ્ન : તે પદાર્થ વળી કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : સંપૂર્ણ છે.

પ્રશ્ન : તે પદાર્થ વળી કેવા છે ?

ઉત્તર : લોકમાં સર્વત્ર સ્થિત છે.

પ્રશ્ન : વળી તે કેવા છે ?

ઉત્તર : અનેક જાતિઓના ભેદથી વિચિત્ર છે.

તે આ પ્રકારે - એક સાથે સંપૂર્ણ પદાર્થોને જાણવાવાળા જ્ઞાનથી સર્વજ્ઞ હોય છે. આવું જાણીને શું કરવું જોઈએ ? અજ્ઞાની જીવોના ચિતને ચમત્કૃત કરવાને કારણે અને પરમાત્મા સંબંધી ભાવનાને નષ્ટ કરવાવાળા જે જ્યોતિષ્ક, મંત્રવાદ, રસસિદ્ધિ આદિ ખંડ વિજ્ઞાન-એક દેશ જ્ઞાન ક્ષયોપશમ જ્ઞાન છે તેનો આગ્રહ છોડીને ત્રણ લોક, ત્રણકાળ વર્તી સંપૂર્ણ પદાર્થોને એકી સાથે પ્રકાશિત કરવાવાળા અવિનશ્વર, અખંડ એક પ્રતિભાસમય સર્વજ્ઞ શબ્દથી વાચ્ય જે કેવળજ્ઞાન તેની ઉત્પત્તિના કારણભૂત એવું જે સંપૂર્ણ રાગાદિ વિકલ્પજાળ રહિત સહજ શુદ્ધાત્માથી અભેદરૂપ જ્ઞાન તેની જ ભાવના કરવી જોઈએ આમ તાત્પર્ય છે. ॥ ૫૧ ॥

અ પ્રકારે કેવળજ્ઞાન જ સર્વજ્ઞ છે, આ કથનરૂપથી એક ગાથા અને ત્યારબાદ સર્વ પદાર્થોની જાણકારીથી પરમાત્મજ્ઞાન થાય છે આવા કથનવાળી પહેલી ગાથા છે અને પરમાત્મજ્ઞાનથી બધા પદાર્થોની જાણકારી થાય છે તે પ્રકારની બીજી ગાથા છે. ત્યારબાદ ક્રમથી પ્રર્વતતા જ્ઞાનથી સર્વજ્ઞ નથી હોતા તે પ્રકારની પહેલી ગાથા અને એક સાથે બધાને જાણવાવાળા જ્ઞાનથી સર્વજ્ઞ થાય છે. આ પ્રકારની બીજી ગાથા આ પ્રકારે સામૂહિકરૂપથી સાતમા સ્થળમાં પાંચ ગાથાઓ પૂરી થઈ.

હવે પૂર્વોક્ત પદાર્થોની જાણકારીનો સદ્‌ભાવ હોવા છતાં પણ રાગ, દ્વેષ, મોહનો અભાવ હોવાથી કેવળીને બંધ નથી પૂર્વે કહેલ આ જ અર્થને બીજા રૂપથી દ્રઢ કરતા થકા જ્ઞાન પ્રપંચ અધિકારનો ઉપસંહાર કરે છે.

## ગાથા ૫૨

તે અર્થરૂપ ન પરિણમે જીવ, નવ ગ્રહે, નવ ઊપજે,
સૌ અર્થને જાણે છતાં, તેથી અબંધક જિન કહે. ૫૨.

અન્વયાર્થ :– [**आत्मा**] (કેવળજ્ઞાની) આત્મા [**तान् जानन् अपि**] પદાર્થોને જાણતો હોવા છતાં [**न अपि परिणमति**] તે-રૂપે પરિણમતો નથી, [**न गृह्णाति**] તેમને ગ્રહતો નથી [**तेषु अर्थेषु न एव उत्पद्यते**] અને તે પદાર્થોરૂપે ઉત્પન્ન થતો નથી [**तेन**] તેથી [**अबंधकः प्रज्ञप्तः**] તેને અબંધક કહ્યો છે.

ટીકાર્થ : જેવી રીતે પોતાના આત્મપ્રદેશોની સાથે સમરસી ભાવથી પરિણત થાય છે તેવી રીતે જ્ઞેયરૂપથી પરિણત નથી જેવી રીતે અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય-સ્વરૂપ સ્વયંને સ્વયંથી ગ્રહણ કરે છે તેવી રીતે જ્ઞેયરૂપને ગ્રહણ નથી કરતા. અને જેવી રીતે નિર્વિકાર પરમાનંદ એક સુખરૂપ પોતાની સિદ્ધ પર્યાયથી ઉત્પન્ન થાય છે તેવી રીતે જ્ઞેય પદાર્થોમાં ઉત્પન્ન નથી થતા.

પ્રશ્ન : શું કરતા થકા (તેઓ) આ બધુ નથી કરતા ?

ઉત્તર : સ્વયંથી જુદા એવા જ્ઞેય પદાર્થોને જાણવા છતાં પણ તે રૂપ પરિણમન આદિ ક્રિયાઓ નથી કરતા.

પ્રશ્ન : તેને જાણવા છતાં પણ તે રૂપ પરિણમન આદિ કોણ નથી કરતું ? અર્થાત્ એવી ક્રિયાનો કર્તા કોણ છે ?

ઉત્તર : મુક્તાત્મા-કેવળી ભગવાન તેને જાણવા છતાં પણ તે રૂપ પરિણમન આદિ નથી કરતા.

આ કારણથી તેમને કર્મોના અબંધક કહ્યા છે.

તે આ પ્રકારે - રાગાદિ રહિત જ્ઞાન બંધનું કારણ નથી એવું જાણીને શુદ્ધાત્માની પરિપૂર્ણ પ્રાપ્તિ લક્ષણ મોક્ષથી વિપરીત નરકાદિ દુઃખોના કારણભૂત કર્મબંધનું કારણ ઈન્દ્રિય-મનથી ઉત્પન્ન એક દેશ-વિજ્ઞાનને છોડીને, કર્મબંધના અકારણભૂત પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાનના બીજભૂત નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનમાં જ ભાવના કરવી જોઈએ આમ અભિપ્રાય છે. ॥ ૫૨ ॥

આ પ્રકારે રાગ દ્વેષ મોહથી રહિત હોવાને કારણે કેવળીને બંધ નથી, આ કથન રૂપ જ્ઞાન પ્રપંચ અધિકારની સમાપ્તિની મુખ્યતાવાળી એક ગાથા દ્વારા આઠમું સ્થળ પૂરું થયું.

હવે જ્ઞાન પ્રપંચ વ્યાખ્યાન પછી જ્ઞાનના આધારભૂત સર્વજ્ઞને નમસ્કાર કરે છે.

**વધારાની ગાથા નં. ૨**

**तस्स णमाइं लोगो देवासुरमणुअरायसंबंधो ।**
**भत्तो करेदि णिच्चं उवजुतो तं तहा वि अहं ।।**

સુર, અસુર, નરપતિ ભક્ત જીવો નિત્ય નમતા જેહને,
ત્યમ નમન કરુ હું સર્વજ્ઞને, ઉપયોગમાં એકાગ્રથી.

ગાથાર્થ : દેવરાજ, અસુરરાજ, અને મનુજરાજ સંબંધી ભક્તલોક ઉપયોગપૂર્વક હંમેશા તે સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કરે છે હું પણ તેવી જ રીતે તેમને નમસ્કાર કરું છું.

ટીકાર્થ : કરે છે.

પ્રશ્ન : તે કોણ કરે છે ?

ઉત્તર : લોક કરે છે.

પ્રશ્ન : કેવો લોક કરે છે ?

ઉત્તર : દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને નરેન્દ્ર સંબંધી લોક કરે છે.

પ્રશ્ન : અને તે લોક કેવો છે ?

ઉત્તર : ભક્ત છે, સદાને માટે.

પ્રશ્ન : વળી તે લોક કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : ઉપયોગયુક્ત અથવા પ્રયત્નશીલ છે.

પ્રશ્ન : એવો લોક શું કરે છે ?

ઉત્તર : નમસ્કાર કરે છે.

પ્રશ્ન : કોને નમસ્કાર કરે છે ?

ઉત્તર : તે પૂર્વ કહેલા સર્વજ્ઞને નમસ્કાર કરે છે.

હું ગ્રંથકર્તા પણ તે સર્વજ્ઞને તે જ પ્રકારથી નમસ્કાર કરું છું.

અહીં એવાં અર્થ છે કે જેવી રીતે દેવેન્દ્ર ચક્રવર્તી આદિ અનંત અક્ષય સુખાદિ ગુણોના સ્થાનભૂત સર્વજ્ઞ સ્વરૂપને નમસ્કાર કરે છે. તેવી રીતે તે પદના અભિલાષી એવો હું પણ પરમ ભક્તિથી તેમને પ્રણામ કરું છું.

આ પ્રકારે આઠ સ્થળો દ્વારા ૩૨ ગાથાઓ અને ત્યારબાદ એક નમસ્કાર ગાથા આ પ્રકારે

સામૂહિકરૂપથી ૩૩ ગાથાઓ દ્વારા જ્ઞાનપ્રપંચ નામનો ત્રીજો અંતર અધિકાર પૂરો થયો.

હવે સુખ પ્રપંચ નામના ચોથા અંતર અધિકારમાં ૧૮ ગાથાઓ છે ત્યાં પાંચ સ્થળ છે તેમાં પહેલા સ્થળમાં એક અધિકાર ગાથા ત્યારબાદ બીજા સ્થળમાં અતીન્દ્રિય જ્ઞાનની મુખ્યતાથી ૧ ગાથા ત્યારબાદ ત્રીજા સ્થળમાં ઈન્દ્રિયજ્ઞાનની મુખ્યતાથી ચાર ગાથાઓ. ત્યારબાદ ચોથા સ્થળમાં અતીન્દ્રિય સુખની મુખ્યતાથી ચાર ગાથાઓ તથા પાંચમા સ્થળમાં ઈન્દ્રિય સુખના પ્રતિપાદન રૂપથી આઠ ગાથાઓ છે.

એ પાચમાં સ્થળમાંની આઠ ગાથાઓમાંથી સર્વપ્રથમ ઈન્દ્રિયસુખને દુઃખરૂપથી સ્થાપન કરવાને માટે બે ગાથાઓ ત્યારબાદ મુક્તાત્માઓને શરીરના અભાવમાં પણ સુખ છે એમ બતાવવા ને માટે શરીર સુખનું કારણ નથી-એવા કથનરૂપથી બે ગાથાઓ, ત્યારબાદ ઈન્દ્રિય વિષય પણ સુખનું કારણ નથી એવા કથનરૂપથી બે ગાથાઓ અને ત્યારબાદ સર્વજ્ઞ નમસ્કારની મુખ્યતાથી બે ગાથાઓ છે. આ પ્રકારે પાંચમાં સ્થળમાં ચાર અંતર સ્થળો છે.

આ પ્રકારે સુખપ્રપંચ અધિકારમાં સમુદાયપાતનિકા થઈ.

**સુખ પ્રપંચ સંજ્ઞાવાળા ચોથા અધિકારનું સ્થળ વિભાજન**

| સ્થળ ક્રમ | વિષય વસ્તુ | ગાથા નંબર | કુલ ગાથા |
|---|---|---|---|
| ૧ | અધિકાર ગાથા | ૫૩ | ૧ |
| ૨ | અતીન્દ્રિય જ્ઞાનથી પ્રધાનતા વિષયક | ૫૪ | ૧ |
| ૩ | ઈન્દ્રિયજ્ઞાનથી પ્રધાનતા વિષયક | ૫૫-૫૮ | ૪ |
| ૪ | અતીન્દ્રિયસુખની પ્રધાનતા વિષયક | ૫૯-૬૨ | ૪ |
| ૫ | ઈન્દ્રિય-સુખ પ્રતિપાદક | ૬૩-૭૦ | ૮ |
| ૫-૧ | ઈન્દ્રિય-સુખ દુઃખનું પ્રતિપાદક | ૬૩-૬૪ | ૨ |
| ૫-૨ | શરીર-સુખનું કારણ નથી | ૬૫-૬૬ | ૨ |
| ૫-૩ | ઈન્દ્રિય-વિષય પણ સુખનું કારણ નથી | ૬૭ | ૧ |
| ૫-૪ | સર્વજ્ઞ-નમસ્કાર વિષયક | ૬૮ વધારાની ગાથા ૩ - ૪ | ૩ |
| કુલ સ્થળ પાંચ | | | કુલ ગાથા ૧૮ |

હવે ઉપાદેયભૂત અતીન્દ્રિય સુખના સ્વરૂપનો વિસ્તાર કરતા થકા અતીન્દ્રિયજ્ઞાન અને

અતીન્દ્રિય સુખ ઉપાદેય છે તથા ઈન્દ્રિય જન્ય જ્ઞાન અને સુખ હેય છે. આ પ્રકારના પ્રતિપાદનરૂપથી સૌથી પહેલા પ્રથમ અધિકાર સ્થળ ગાથા દ્વારા ચાર સ્થળોને વ્યવસ્થિત કરે છે -

## ગાથા ૫૩

અર્થોનું જ્ઞાન અમૂર્ત, મૂર્ત, અતીંદ્રિ ને ઐન્દ્રિય છે,
છે સુખ પણ એવું જ, ત્યાં પરધાન જે તે ગ્રાહ્ય છે. ૫૩.

અન્વયાર્થ :– [**अर्थेषु ज्ञानं**] પદાર્થો સંબંધી જ્ઞાન [**अमूर्तं मूर्तं**] અમૂર્ત કે મૂર્ત, [**अतीन्द्रियं ऐन्द्रियं च अस्ति**] અતીંદ્રિય કે ઐંદ્રિય હોય છે; [**च तथा सौख्यं**] અને એ જ પ્રમાણે (અમૂર્ત કે મૂર્ત, અતીંદ્રિય કે ઐંદ્રિય) સુખ હોય છે. [**तेषु च यत् परं**] તેમાં જે પ્રધાન–ઉત્કૃષ્ટ છે [**तत् ज्ञेयम्**] તે ઉપાદેયપણે જાણવું.

ટીકાર્થ : છે.

પ્રશ્ન : શું છે ? આ ક્રિયાનો કર્તા કોણ છે ?

ઉત્તર : જ્ઞાન છે. અહીં ભિન્ન વિશિષ્ટ ક્રમ પરસ્પર સંબંધ રહિતતાનું સૂચક છે.

પ્રશ્ન : આ જ્ઞાન કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : અમૂર્ત અને મૂર્ત છે.

પ્રશ્ન : વળી તે જ્ઞાન બીજી કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : જે જ્ઞાન અમૂર્ત છે તે અતીન્દ્રિય છે અને જે મૂર્ત છે, તે ઈન્દ્રિયજન્ય છે. આ વિશેષતાવાળું જ્ઞાન છે.

પ્રશ્ન : આ વિશેષતાવાળું જ્ઞાન કયા વિષયોમાં છે ?

ઉત્તર : આવું જ્ઞાન જ્ઞેય પદાર્થોના સંબંધથી  છે (વિષયોમાં છે)

આવી જ રીતે જ્ઞાનની જેમ અમૂર્ત અતીન્દ્રિય અને મૂર્ત ઈન્દ્રિયજન્ય સુખ પણ હોય છે.

આ રીતે કહેલા જ્ઞાન અને સુખની વચ્ચે જે ઉત્કૃષ્ટ અતીન્દ્રિય જ્ઞાન અને સુખ છે તે ઉપાદેય છે એમ જાણવું જોઈએ.

તેનો જ વિસ્તાર કરે છે - અમૂર્ત, ક્ષાયિકી, અતીન્દ્રિય, ચિદાનંદ એક લક્ષણવાળી શુદ્ધાત્મ શક્તિઓથી ઉત્પન્ન હોવાને કારણે સ્વાધીન અને અવિનશ્વર હોવાથી અતીન્દ્રિયજ્ઞાન અને સુખ ઉપાદેય છે. તથા પૂર્વોક્ત અમૂર્ત શુદ્ધાત્મ-શક્તિઓથી વિરૂદ્ધ લક્ષણવાળું ક્ષાયોપશમિક, ઈન્દ્રિય શક્તિઓથી ઉત્પન્ન હોવાને કારણે પરાધીન અને વિનશ્વર હોવાથી ઈન્દ્રિયજન્ય જ્ઞાન અને સુખ હેય છે એમ તાત્પર્ય છે.

આ પ્રકારે એક અધિકાર-ગાથા રૂપથી પ્રથમ સ્થળ પૂરું થયું ॥ ૫૩ ॥

(હવે અહીં અતીન્દ્રિયજ્ઞાનની પ્રધાનતાપૂર્વક બીજું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે પૂર્વોક્ત ઉપાદેયભૂત અતીન્દ્રિયજ્ઞાનને વિશેષરૂપથી વ્યક્ત કરે છે.

## ગાથા ૫૪

દેખે અમૂર્તિક, મૂર્તમાંય અતીંદ્રિને, પ્રચ્છન્નને,
તે સર્વને - પર કે સ્વકીયને, જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૪.

અન્વયાર્થ :– [**प्रेक्षमाणस्य यत्**] દેખનારનું જે જ્ઞાન [**अमूर्तं**] અમૂર્તને, [**मूर्तेषु**] મૂર્ત પદાર્થોમાં પણ [**अतीन्द्रियं**] અતીંદ્રિયને, [**च प्रच्छन्नं**] અને પ્રચ્છન્નને [**सकलं**] એ બધાંયને–[**स्वकं च इतरत्**] સ્વ તેમ જ પરને–દેખે છે, [**तद् ज्ञानं**] તે જ્ઞાન [**प्रत्यक्षं भवति**] પ્રત્યક્ષ છે.

ટીકાર્થ : જે અતીન્દ્રિયજ્ઞાન રૂપ કર્તા છે અર્થાત્ આ વાક્યમાં કર્તા જે જ્ઞાન છે. દેખવાવાળા પુરુષનું આ જ્ઞાન જાણે છે.

પ્રશ્ન : તેનું આ જ્ઞાન શું શું જાણે છે ?

ઉત્તર : અમૂર્ત, અતીન્દ્રિય, નિરૂપરાગ, સદાનંદ એક સુખ સ્વભાવવાળા પરમાત્મદ્રવ્યથી ઉત્પન્ન (તે) બધા અમૂર્ત દ્રવ્ય-સમૂહને, મૂર્ત પુદ્‌ગલ દ્રવ્યોમાં જે અતીન્દ્રિય પુદ્‌ગલ પરમાણુ આદિ છે તેને જાણે છે. કાલાણુ આદિ દ્રવ્યરૂપથી ગુપ્ત વ્યવહિત-અન્તરિત સૂક્ષ્મ; અલોકાકાશના પ્રદેશોથી લઈને (બધાના) ક્ષેત્રને ગુપ્ત કરનારા, નિર્વિકાર પરમાનંદ એક સુખ સ્વાદરૂપથી પરિણત પરમાત્માના વર્તમાન સમયવર્તી પરિણામોથી લઈને જે સંપૂર્ણ દ્રવ્યોના વર્તમાન સમયવર્તી પરિણામ તે કાળરૂપથી ગુપ્ત તથા તે જ પરમાત્માની સિદ્ધરૂપ શુદ્ધ વ્યંજન પર્યાય અને બાકીના દ્રવ્યોની જે યથાસંભવ એવી વ્યંજન પર્યાયો અને તેમાં ગર્ભિત પ્રતિ સમય થવાવાળી ષટ્‌કારક હાનિ-વૃદ્ધિરૂપ અર્થ પર્યાયો તે ભાવથી ગુપ્ત છે. તે પુર્વે કહેલા સર્વ જ્ઞેય બે પ્રકારના છે.

પ્રશ્ન : તે જ્ઞેય બે પ્રકારના કેવી રીતે છે ?

ઉત્તર : યથાસંભવ કોઈ જ્ઞેય સ્વદ્રવ્યગત છે. અને બીજા પરદ્રવ્યગત છે. આ બન્નેને જે કારણથી જાણે છે તે કારણે પૂર્વે કહેલ (એવું તે) જ્ઞાન છે.

પ્રશ્ન : તે જ્ઞાન કેવું છે ?

ઉત્તર : તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

અહીં શિષ્ય કહે છે કે, જ્ઞાન પ્રપંચ અધિકાર તો પહેલા જ પૂરો થઈ ગયો છે, આ સુખ પ્રપંચ અધિકારમાં તો સુખ જ કહેવું જોઈએ. આચાર્ય તેનું નિરાકરણ કરે છે કે જે અતીન્દ્રિયજ્ઞાન પહેલા કહેવામાં આવ્યું તે અભેદનયથી સુખ છે, એવું બતાવવા માટે અથવા ત્યાં જ્ઞાનની મુખ્યતા હોવાથી હેય ઉપાદેયનો વિચાર નથી કર્યો તે બતાવવા માટે સુખ પ્રપંચ અધિકારમાં પણ જ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. ॥ ૫૪ ॥

આ પ્રકારે અતીન્દ્રિય જ્ઞાન ઉપાદેય છે. આ કથનની મુખ્યતાથી એક ગાથા દ્વારા બીજું સ્થળ પૂરું થયું.

હવે હેયભૂત ઈન્દ્રિય, સુખનું કારણ હોવાથી અને અલ્પ વિષય હોવાથી, ઈન્દ્રિયજ્ઞાન હેય છે એમ ઉપદેશ આપે છે.

## ગાથા ૫૫

પોતે અમૂર્તિક જીવ મૂર્તશરીરગત એ મૂર્તથી,
કદી યોગ્ય મૂર્ત અવગ્રહી જાણે, કદીક જાણે નહીં. ૫૫.

અન્વયાર્થ :– [**स्वयं अमूर्तः**] સ્વયં અમૂર્તએવો [**जीवः**] જીવ [**मूर्तिगतः**] મૂર્ત શરીરને પ્રાપ્ત થયો થકો [**तेन मूर्तेन**] તે મૂર્ત શરીર વડે [**योग्यं मूर्तं**] યોગ્ય મૂર્ત પદાર્થને [**अवगृह्य**] અવગ્રહીને (–ઈન્દ્રિયગ્રહણયોગ્ય મૂર્ત પદાર્થનો [2]અવગ્રહ કરીને) [**तद्**] તેને [**जानाति**] જાણે છે [**वा न जानाति**] અથવા નથી જાણતો (–કોઈ વાર જાણે છે અને કોઈ વાર નથી જાણતો.)

ટીકાર્થ : પ્રથમ તો જીવ શક્તિરૂપથી શુદ્ધ, દ્રવ્યાર્થિક નયથી અમૂર્ત, અતીન્દ્રિય જ્ઞાન-સ્વભાવી, સુખ સ્વભાવી છે, પછી અનાદિ બંધના વશે વ્યવહારનયથી મૂર્ત શરીરગત-મૂર્ત શરીરરૂપથી પરિણત થાય છે. તે મૂર્ત શરીરથી-મૂર્ત શરીરના આધારથી ઉત્પન્ન મૂર્ત દ્રવ્યેન્દ્રિય-ભાવેન્દ્રિયના આધારથી મૂર્ત વસ્તુને અવગ્રહાદિરૂપથી ક્રમ અને સાધન સંબંધી બાધાઓ સહિત તે સ્પર્શાદિ મૂર્ત વસ્તુને.

પ્રશ્ન : કેવી સ્પર્શાદિ મૂર્ત વસ્તુને ?

ઉત્તર : ઈન્દ્રિયથી ગ્રહણ કરવા યોગ્ય મૂર્ત વસ્તુઓને સ્વ-આવરણ કર્મના ક્ષયોપશમ યોગ્ય કંઈક સ્થુળ ને જાણે છે, તથા વિશેષ ક્ષયોપશમનો અભાવ હોવાથી સૂક્ષ્મને નથી જાણતો.

આનો ભાવ એમ છે કે,

૨. મતિજ્ઞાનથી કોઈ પદાર્થને જાણવાની શરૂઆત થતાં પ્રથમ જ અવગ્રહ થાય છે. કારણ કે મતિજ્ઞાન-અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા-એ ક્રમથી જાણે છે.

જો કે ઈન્દ્રિયજ્ઞાન વ્યવહારથી પ્રત્યક્ષ કહેવામાં આવે છે, તો પણ નિશ્ચયથી કેવળજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ જ છે. અને પરોક્ષ જ્ઞાન, જેટલા અંશોમાં સૂક્ષ્મ પદાર્થને નથી જાણતું તેટલા અંશોમાં મનને ખેદનું કારણ થાય છે. અને ખેદ એ દુઃખ છે. આ પ્રકારે દુઃખને ઉત્પન્ન કરવાવાળું હોવાથી ઈન્દ્રિયજ્ઞાન હેય છે. ॥ ૫૫ ॥

હવે ચક્ષુ આદિ ઈન્દ્રિયજ્ઞાન રૂપાદિ પોતાના વિષયને પણ એકી સાથે નથી જાણતું તેથી હેય છે. એમ નિશ્ચિત કરે છે.

## ગાથા ૫૬

રસ, ગંધ, સ્પર્શ વળી વરણ ને શબ્દ જે પૌદ્‌ગલિક તે,
છે ઈન્દ્રિવિષયો, તેમનેય ન ઈન્દ્રિયો યુગપદ ગ્રહે. ૫૬.

અન્વયાર્થ :– [**स्पर्शः**] સ્પર્શ, [**रसः च**] રસ, [**गन्धः**] ગંધ, [**वर्णः**] વર્ણ [**शब्दः च**] અને શબ્દ–[**पुद्‌गलाः**] કે જેઓ પુદ્‌ગલ છે તેઓ–[**अक्षाणां भवन्ति**] ઈન્દ્રિયોના વિષયો છે. [**तानि अक्षाणि**] (પરંતુ) તે ઈન્દ્રિયો [**तान्**] તેમને (પણ) [**युगपद्**] યુગપદ્ [**न एव गृह्णन्ति**] ગ્રહતી (–જાણતી) નથી.

ટીકાર્થ : સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ પુદ્‌ગલ મૂર્ત છે. અને તેઓ વિષય છે.

પ્રશ્ન : તેઓ કોના વિષય છે ?

ઉત્તર : તે સ્પર્શન આદિ ઈન્દ્રિયોના વિષય છે.

તે કર્તારૂપ ઈન્દ્રિયો એકી સાથે તેના પોતાના વિષયોને પણ ગ્રહણ નથી કરતી, જાણતી નથી.

અહીં એવો અભિપ્રાય છે કે, જેવી રીતે સર્વ પ્રકારથી ઉપાદેયભૂત (પ્રગટ કરવાયોગ્ય) અનંત સુખનું ઉપાદાન કારણભૂત કેવળજ્ઞાન એકી સાથે સંપૂર્ણ વસ્તુઓને જાણતું થકુ જીવને સુખનું કારણ છે, તેવી રીતે પોતાના વિષયમાં એકી સાથે જાણવાનો અભાવ હોવાથી આ ઈન્દ્રિયજ્ઞાન સુખનું કારણ નથી.

હવે ઈન્દ્રિયજ્ઞાન પ્રત્યક્ષ નથી તેમ નિશ્ચિત કરે છે.

## ગાથા ૫૭

તે ઈંદ્રિયો પરદ્રવ્ય, જીવસ્વભાવ ભાખી ન તેમને;
તેનાથી જે ઉપલબ્ધ તે પ્રત્યક્ષ કઈ રીત જીવને ? ૫૭.

અન્વયાર્થ :– [**तानि अक्षाणि**] તે ઈન્દ્રિયો [**परद्रव्यं**] પરદ્રવ્ય છે, [**आत्मनः स्वभावः**

**इति**] તેમને આત્મા સ્વભાવરૂપ [**न एव भणितानि**] કહી નથી; [**तै:**] તેમના વડે [**उपलब्धं**] જણાયેલું [**आत्मन:**] આત્માને [**प्रत्यक्षं**] પ્રત્યક્ષ [**कथं भवति**] કઈ રીતે હોય ?

ટીકાર્થ : તે પ્રસિદ્ધ ઈન્દ્રિયો પર દ્રવ્ય છે.

પ્રશ્ન : તે કોના (માટે) પરદ્રવ્ય છે ?

ઉત્તર : તે આત્મા (ને માટે) પરદ્રવ્ય છે.

આત્માનો જે આ વિશુદ્ધજ્ઞાન-દર્શન સ્વભાવ છે ઈન્દ્રિયો નિશ્ચયથી તે સ્વભાવરૂપ કહેવામાં નથી આવી.

પ્રશ્ન : તે (ઈન્દ્રિયો) આત્મસ્વભાવરૂપ કેમ નથી કહેવામાં આવી ?

ઉત્તર : તે ઈન્દ્રિયો પૃથક અસ્તિત્વથી રચાયેલ હોવાને કારણે તે રૂપે કહેવામાં નથી આવી.

જે પાંચ ઈન્દ્રિયના વિષયભૂત વસ્તુ તેના દ્વારા જાણવામાં આવે છે. તે વસ્તુ આત્માને પ્રત્યક્ષ કેવી રીતે હોય શકે ? (કોઈ પણ પ્રકારે ન હોય શકે) અને તેવી જ રીતે વિવિધ મનોરથની વ્યાપ્તિના વિષયમાં પ્રતિપાદ્ય-પ્રતિપાદક (વિષય-વિષયી) આદિ વિકલ્પ જાળરૂપ જે મન તે પણ ઈન્દ્રિયજ્ઞાનની જેમ નિશ્ચયથી પરોક્ષ છે.

પ્રશ્ન : આવું જાણીને શું કરવું જોઈએ ?

ઉત્તર : સંપૂર્ણ એક અખંડ પ્રત્યક્ષ પ્રતિભાસમય ઉત્કૃષ્ટ જ્યોતિ-કેવળજ્ઞાનના કારણભૂત શુદ્ધાત્મ સ્વરૂપની ભાવનાથી ઉત્પન્ન પરમ આહ્‌લાદક એક લક્ષણ સુખ સંવિતિ (આનંદની અનુભૂતિ) ના આકાર પરિણતિરૂપે રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત સ્વસંવેદન જ્ઞાનમાં (તે એક શુદ્ધાત્મ સ્વરૂપની) ભાવના કરવી જોઈએ એવો અભિપ્રાય છે.

હવે ફરીને અન્ય વિધીથી પ્રત્યક્ષ-પરોક્ષનું લક્ષણ કહે છે.

## ગાથા ૫૮

**અર્થો તણું જે જ્ઞાન પરતઃ થાય તેહ પરોક્ષ છે;**
**જીવમાત્રથી જ જણાય જો, તો જ્ઞાન તે પ્રત્યક્ષ છે. ૫૮.**

અન્વયાર્થ :– [**परत:**] પર દ્વારા થતું [**यत्**] જે [**अर्थेषु विज्ञानं**] પદાર્થો સંબંધી વિજ્ઞાન [**तत् तु**] તે તો [**परोक्षं इति भणितं**] પરોક્ષ કહેવામાં આવ્યું છે; [**यदि**] જો [**केवलेन जीवेन**] કેવળ જીવ વડે જ [**ज्ञातं भवति हि**] જાણવામાં આવે [**प्रत्यक्षम्**] તો તે જ્ઞાન પ્રત્યક્ષ છે.

ટીકાર્થ : જે પરથી જ્ઞાન થાય છે તેને પરોક્ષ કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : કયા વિષય સંબંધી જ્ઞાનને પરોક્ષ કહેવામાં આવેલ છે.

ઉત્તર : જ્ઞેય પદાર્થો (પર પદાર્થો) સંબંધી પરથી થવાવાળા જ્ઞાનને પરોક્ષ કહેવામાં આવેલ છે.

અને જે કેવળ કોઈની સહાયતા વગર સ્પષ્ટરૂપથી જણાય છે.

પ્રશ્ન : કયા કર્તા દ્વારા જણાય છે ?

ઉત્તર : જીવ દ્વારા જણાય છે. તો તે પ્રત્યક્ષ છે.

અહીં વિસ્તાર કરે છે.

ઈન્દ્રિય, મન, પરોપદેશ, પ્રકાશ આદિ બાહ્ય કારણભૂત અને તે પ્રકારે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન પદાર્થોને ગ્રહણ કરવાની શક્તિથી ઉપલબ્ધ-લબ્ધિથી અને અંતરંગ કારણભૂત પદાર્થ જ્ઞાનના અવધારણરૂપ સંસ્કારથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે પરાધીન હોવાથી પરોક્ષ કહેવામાં આવેલ છે. અને જો પૂર્વ કહેલા બધા પરદ્રવ્યોથી નિરપેક્ષ માત્ર શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્માથી ઉત્પન્ન થાય છે, તો તે જ્ઞાન અક્ષ નામક આત્માને લઈને (આત્માના આશ્રયથી) ઉત્પન્ન થવાથી પ્રત્યક્ષ છે. આ ગાથાનો આવો અભિપ્રાય છે. ॥ ૫૮ ॥

આ પ્રકારે હેયભૂત ઈન્દ્રિયજ્ઞાનના કથનની મુખ્યતાથી ચાર ગાથાઓમાં ગ્રંથાયેલ ત્રીજું સ્થળ પૂરું થયું.

હવે અભેદનયથી પાંચ વિશેષણોથી વિશિષ્ટ કેવળજ્ઞાન જ સુખ છે એમ પ્રતિપાદન કરે છે.

## ગાથા ૫૯

સ્વયમેવ જાત, સંમત, અર્થ અનંતમાં વિસ્તૃત ને
અવગ્રહ-ઈહાદિ રહિત, નિર્મળ જ્ઞાન સુખ એકાંત છે. ૫૯.

અન્વયાર્થ :– [**स्वयं जातं**] સ્વયં (–પોતાથી જ) ઊપજતું, [**समंतं**] સમંત (અર્થાત્ સર્વ પ્રદેશેથી જાણતું), [**अनन्तार्थविस्तृतं**] અનંત પદાર્થોમાં વિસ્તૃત, [**विमलं**] વિમળ [**तु**] અને [**अवग्रहादिभिः रहितं**] અવગ્રહાદિથી રહિત–[**ज्ञानं**] એવું જ્ઞાન [**ऐकान्तिकं सुखं**] એકાંતિક સુખ છે [**इति भणितम्**] એમ (સર્વજ્ઞદેવે) કહ્યું છે.

ટીકાઃ ઉત્પન્ન છે.

પ્રશ્ન : કર્તારૂપથી કોણ ઉત્પન્ન છે ?

આ વાક્યમાં કર્તા કોણ છે ?

ઉત્તર : કેવળજ્ઞાન ઉત્પન્ન છે.

પ્રશ્ન : તે કેવી રીતે ઉત્પન્ન છે ?

ઉત્તર : સ્વયં જ તે ઉત્પન્ન છે.

પ્રશ્ન : તે કેવળજ્ઞાન બીજી કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : પરિપૂર્ણ છે.

પ્રશ્ન : વળી કયા સ્વરૂપવાળું છે

ઉત્તર : તે અનંત પદાર્થોમાં વિસ્તૃત છે.

પ્રશ્ન : વળી તે કેવું છે ?

ઉત્તર : તે અવગ્રહાદિથી રહિત છે.

પ્રશ્ન : વળી તે કેવું છે ?

ઉત્તર : સંશય આદિ મળથી રહિત છે.

આ પ્રકારે પાંચ વિશેષણો સહિત જે કેવળજ્ઞાન છે, તેને સુખ કહેવામાં આવે છે.

પ્રશ્ન : તે સુખ કેવું કહેવામાં આવેલ છે ?

ઉત્તર : તે નિયમથી સર્વથા સુખ કહેવામાં આવેલ છે.

તે આ પ્રકારે,

૧. પર નિરપેક્ષ હોવાથી જ્ઞાનાનંદ એક સ્વભાવી નિજ શુદ્ધાત્માને ઉપાદાન કારણ કરીને (નિજ શુદ્ધાત્મા રૂપ ઉપાદાન કારણથી) ઉત્પન્ન હોવાથી સ્વયં ઉત્પન્ન થયું થકું.

૨. સંપૂર્ણ શુદ્ધાત્મ પ્રદેશોના આધારપણાથી ઉત્પન્ન હોવાને કારણે સમસ્ત અર્થાત્ સર્વજ્ઞાનના અવિભાગી પ્રતિચ્છેદોથી પરિપૂર્ણ થયું થકું.

૩. સંપૂર્ણ કર્મના આવરણનો ક્ષય થવાથી ઉત્પન્ન થયું હોવાને કારણે સંપૂર્ણ જ્ઞેય પદાર્થોને જાણવાવાળું થવાથી વિસ્તૃત થયું થકું.

૪. સંશય વિમોહ વિભ્રમ રહિત હોવાને કારણે સૂક્ષ્મ આદિ પદાર્થોના જાણવાના વિષયમાં અત્યંત સ્પષ્ટ હોવાથી વિમલ થયું થકું અને.

૫. ક્રમ-કરણની બાધાથી ઉત્પન્ન ખેદનો અભાવ હોવાથી અવગ્રહાદિ રહિત થયું થકું.

આ પ્રકારે પાંચ વિશેષણોથી વિશિષ્ટ જે ક્ષાયિક જ્ઞાન છે તે અનાકુળતા લક્ષણવાળા ઉત્કૃષ્ટ આનંદમય એકરૂપ વાસ્તવિક સુખથી નામ, લક્ષણ, પ્રયોજન આદિની અપેક્ષાએ ભિન્ન હોવા છતાં પણ નિશ્ચયથી અભિન્ન હોવાથી પારમાર્થિક સુખ કહેવાય છે આમ અભિપ્રાય છે.

હવે અનંત પદાર્થોનું જ્ઞાન હોવાથી કેવળજ્ઞાનમાં ખેદ છે એવા પૂર્વ પક્ષના હોવા પર તેનું નિરાકરણ કરે છે.

## ગાથા ૬૦

જે જ્ઞાન 'કેવળ' તે જ સુખ, પરિણામ પણ વળી તે જ છે;
ભાખ્યો ન તેમાં ખેદ જેથી ઘાતિકર્મ વિનષ્ટ છે. ૬૦.

અન્વયાર્થ :– [**यत्**] જે [**केवलम् इति ज्ञानं**] 'કેવળ' નામનું જ્ઞાન છે [**तत् सौख्यं**] તે સુખ છે. [**परिणामः च**] પરિણામ પણ [**सः च एव**] તે જ છે. [**तस्य खेदः न भणितः**] તેને ખેદ કહ્યો નથી (અર્થાત્ કેવળજ્ઞાનમાં સર્વજ્ઞદેવે ખેદ કહ્યો નથી) [**यस्मात्**] કારણ કે [**घातीनि**] ઘાતિકર્મો [**क्षयं जातानि**] ક્ષય પામ્યાં છે.

ટીકાર્થ : જે કેવળજ્ઞાન છે તે જ સુખ તેથી તે કેવળજ્ઞાનમાં ખેદ-દુઃખ નથી કહ્યું.

પ્રશ્ન : કેવળજ્ઞાનમાં દુઃખ કેમ નથી કહ્યું ?

ઉત્તર : કેમકે મોહાદિ ઘાતિકર્મ ક્ષય પામેલ હોવાને કારણે તેમાં દુઃખ નથી.

પ્રશ્ન : તો પછી તેમને અનંત પદાર્થોને જાણવારૂપ પરિણામ દુઃખનું કારણ થતું હશે ?

ઉત્તર : ના એમ નથી. તે કેવળજ્ઞાનનું તે પરિણામ પણ સુખરૂપ જ છે.

અહીં તેનો વિસ્તાર કરે છે કે,

જ્ઞાનાવરણ, દર્શનાવરણનો ઉદય હોવાથી એક સાથે પદાર્થોને જાણવામાં અસમર્થ હોવાથી ક્રમ-કરણ બાધા રૂપથી ગ્રહણ થવાથી દુઃખ થાય છે. બન્ને આવરણરૂપ કર્મોનો અભાવ થઈ જવાથી (પદાર્થોને) એક સાથે ગ્રહણ કરવામાં (જાણવામાં) કેવળજ્ઞાનને દુઃખ નથી, પરંતુ સુખ જ છે.

તેવી જ રીતે તે ભગવાનને ત્રણલોક ત્રણકાળવર્તી બધા પદાર્થોને એક સાથે જાણવામાં સમર્થ અખંડ એકરૂપ પ્રત્યક્ષ જાણવા સ્વરૂપ પરિણમતું થકું કેવળજ્ઞાન જ પરિણામ છે. કેવળજ્ઞાનથી ભિન્ન કોઈ પરિણામ જ નથી કે જેનાથી ખેદ થાય.

અથવા પરિણામના વિષયમાં બીજુ વ્યાખ્યાન કરે છે. એકી સાથે અનંત પદાર્થોને જાણવારૂપ પરિણામ હોવા છતાં પણ વીર્યાન્તરાયના પૂર્ણ ક્ષયથી અનંત વીર્યતા થવાને કારણે દુઃખનું કારણ નથી અને તેવી રીતે શુદ્ધાત્માના સંપૂર્ણ પ્રદેશોમાં સમરસીભાવથી પરિણમિત થયો થકો સહજ શુદ્ધ આનંદ એક સ્વરૂપ સુખરસના આસ્વાદન રૂપ પરિણમિત આત્માથી અભિન્ન અનાકુળતાની અપેક્ષાએ ખેદ નથી.

આ પ્રકારે સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિ કૃત ભેદ હોવા છતાં પણ નિશ્ચયથી અભેદરૂપ પરિણમન કરતા થકા કેવળજ્ઞાનને સુખ જ કહેવામાં આવે છે. આથી એમ નિશ્ચિત થયું કે કેવળજ્ઞાનથી ભિન્ન કોઈ સુખ નથી એટલા માટે કેવળજ્ઞાનમાં દુઃખ સંભવતું નથી.

હવે ફરીથી કેવળજ્ઞાનની સુખ સ્વરૂપતા બીજી રીતથી દૃઢ કરે છે.

## ગાથા ૬૧

અર્થાન્તગત છે જ્ઞાન, લોકાલોકવિસ્તૃત દૃષ્ટિ છે;
છે નષ્ટ સર્વ અનિષ્ટ ને જે ઈષ્ટ તે સૌ પ્રાપ્ત છે. ૬૧.

અન્વયાર્થ :– [**ज्ञानं**] જ્ઞાન [**अर्थान्तगतं**] પદાર્થોના પારને પામેલું છે [**दृष्टि:**] અને દર્શન [**लोकालोकेषु विस्तृता**] લોકાલોકમાં વિસ્તૃત છે; [**सर्वं अनिष्टं**] સર્વ અનિષ્ટ [**नष्टं**] નાશ પામ્યું છે [**पुन:**] અને [**यत् तु**] જે [**इष्टं**] ઈષ્ટ છે [**तत्**] તે સર્વ [**लब्धं**] પ્રાપ્ત થયું છે. (તેથી કેવળ અર્થાત્ કેવળજ્ઞાન સુખસ્વરૂપ છે.)

ટીકાર્થ : કેવળજ્ઞાન જ્ઞેય પદાર્થોના અનંત-ભેદને પ્રાપ્ત છે. દૃષ્ટિ-કેવળદર્શન લોકાલોકમાં ફેલાયેલું છે. અનિષ્ટ દુઃખ અને અજ્ઞાન બધુ નાશ પામેલ છે. જે વાસ્તવિક ઈષ્ટજ્ઞાન અને સુખ છે તે બધું પ્રાપ્ત થયેલ છે.

તે આ પ્રકારે - સ્વભાવ ઘાતના અભાવથી સુખ હોય છે. સ્વભાવનો ઘાત ન થવો તે સુખ છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બન્ને સ્વભાવ છે. તેમનો ઘાત કરનાર બે આવરણ રૂપ કર્મ છે, કેવળીને તે આવરણરૂપ કર્મોનો અભાવ છે; એટલા માટે સ્વભાવ ઘાતના અભાવમાં થવાવાળું અક્ષય અનંત સુખ છે અને કેમકે પરમાનંદ એક લક્ષણ સુખથી વિપરીત આકુળતાનું ઉત્પાદક અનિષ્ટરૂપ દુઃખ અને અજ્ઞાન નષ્ટ થયેલ છે. તથા પૂર્વોક્ત લક્ષણ સુખની સાથે અવિનાભાવી ત્રણ લોકના પેટના છિદ્રમાં સ્થિત સંપૂર્ણ પદાર્થોને એક સાથે પ્રકાશિત કરવાવાળું-જાણવાવાળું ઈષ્ટ જ્ઞાન પ્રાપ્ત હોય છે આથી જણાય છે કે કેવળીનું જ્ઞાન જ સુખ છે - એમ અભિપ્રાય છે. ॥ ૬૧ ॥

હવે પારમાર્થિક સુખ કેવળીને જ છે જે તે (પારમાર્થિક સુખ) સંસારીઓને હોય તેમ માને છે તે અભવ્ય છે, એમ નિરૂપણ કરે છે.

## ગાથા ૬૨

સુણી 'ઘાતિકર્મવિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે,'
શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે. ૬૨.

અન્વયાર્થ :– '[**विगतघातिनां**] જેમનાં ઘાતિકર્મ નાશ પામ્યાં છે તેમનું [**सौख्यं**] સુખ [**सुखेषु परमं**] (સર્વ) સુખોમાં પરમ અર્થાત્ ઉત્કૃષ્ટ છે' [**इति श्रुत्वा**] એવું વચન સાંભળીને [**न**

**श्रद्दधति**] જેઓ તેને શ્રદ્ધતા નથી [**ते अभव्याः**] તેઓ અભવ્ય છે; [**भव्याः वा**] અને ભવ્યો [**तत्**] તેનો [**प्रतीच्छन्ति**] સ્વીકાર (–આદર, શ્રદ્ધા) કરે છે.

ટીકા : જે નથી માનતા

પ્રશ્ન : કોને નથી માનતા ?

ઉત્તર : નિર્વિકાર પરમ આલ્હાદક્ એક સુખને જે નથી માનતા.

પ્રશ્ન : એવા સુખને કેવું નથી માનતા ?

ઉત્તર : સુખોમાં તે નિર્વિકારી પરમ આલ્હાદક સુખ જ સર્વોત્કૃષ્ટ છે તે સુખને જે એવું નથી માનતા.

પ્રશ્ન : એવું સુખ કોને હોય છે ?

ઉત્તર : ઘાતિકર્મોથી રહિત કેવળી ભગવાનને એવું સુખ હોય છે.

પ્રશ્ન : શું કરવા છતાં પણ તેવું માનતા નથી ?

ઉત્તર : તે સુખ સ્વથી ઉત્પન્ન છે પરિપૂર્ણ છે વગેરે પૂર્વોક્ત ત્રણ ગાથાઓમાં કહેલ પદ્ધતિને સાંભળીને પણ જે નથી માનતા, તે અભવ્ય છે.

તે જીવને વર્તમાન સમયમાં સમ્યક્ત્વરૂપી ભવ્યત્વની પ્રગટતાનો અભાવ હોવાથી અભવ્ય કહેવામાં આવે છે, સર્વથા અભવ્ય નથી. જે વર્તમાન કાળમાં સમ્યક્ત્વરૂપ ભવ્યત્વની પ્રગટતારૂપથી પરિણમિત છે, તેઓ તે અનંત સુખને વર્તમાનમાં જ માને છે. અને જે સમ્યક્ત્વરૂપ ભવ્યત્વની પ્રગટતારૂપથી ભવિષ્યમાં પરિણમિત થશે તે દૂર ભવી (જીવ) પછી શ્રદ્ધાન કરશે.

અહીં અર્થ એમ છે કે,

જેમ મારવા માટે કોટવાળ દ્વારા પકડાયેલ ચોરને મરણ સારૂં નથી લાગતું, તેવી રીતે જો કે ઈન્દ્રિય સુખ સારું નથી, તો પણ કોટવાળના જેવું ચારિત્ર મોહનીય (કર્મ અને તેના) ઉદયથી મોહિત થયો થકો, મલિનતા રહિત પોતાના આત્માના આશ્રયથી ઉત્પન્ન એવા સુખને નહી પ્રાપ્ત કરતો થકો, આત્મનિંદારૂપ પરિણામથી પરિણમિત સરાગ સમ્યક્દૃષ્ટિ હેયરૂપથી તેનો અનુભવ કરે છે. અને જે વીતરાગ સમ્યક્દૃષ્ટિ શુદ્ધોપયોગી છે તેમને માછલીઓને જેમ જમીન પર આવવાથી થતા દુઃખની જેમ અથવા અગ્નિમાં પ્રવેશ કરવાથી થતા દુઃખની જેમ નિર્વિકાર શુદ્ધાત્મ સુખથી ચ્યુત થવાથી દુઃખ પ્રતીત થાય છે.

આમ પણ કહ્યું છે કે,

સમતારૂપી સુખનો અનુભવ કરવાવાળા મનુષ્યને સમતાથી ચ્યુત થવું સારું નથી લાગતું. તો પછી પંચેન્દ્રિય વિષય સંબંધી ભોગોની તો વાત જ શી ?

અર્થાત્ તેઓ ત્યાં કઈ રીતે રમણ કરી શકે ? ન કરી શકે, જેવી રીતે માછલીઓને જમીન જ દઝાડે છે. તો પછી અગ્નિ-અંગારાનું તો કહેવું જ શું ? તે તો દઝાડશે જ. ॥ ૬૨ ॥

આ પ્રકારે અભેદનયથી કેવળજ્ઞાનને જ સુખ કહેવામાં આવેલ છે. આવા કથનની મુખ્યતાથી ચાર ગાથાઓ દ્વારા ચોથું સ્થળ પૂરું થયું.

હવે સંસારીઓને સાધક ઈન્દ્રિય જ્ઞાનથી સાધ્યભૂત ઈન્દ્રિય સુખનો વિચાર કરે છે.

## ગાથા ૬૩

સુર-અસુર-નરપતિ પીડિત વર્તે સહજ ઈંદ્રિયો વડે,
નવ સહી શકે તે દુઃખ તેથી રમ્ય વિષયોમાં રમે. ૬૩.

અન્વયાર્થ :– [**मनुजासुरामरेन्द्राः**] મનુષ્યેંદ્રો, અસુરેંદ્રો અને સુરેંદ્રો [**इन्द्रियैः सहजैः**] સ્વાભાવિક (અર્થાત્ પરોક્ષજ્ઞાનવાળાઓને જે સ્વાભાવિક છે એવી) ઈંદ્રિયો વડે [**अभिद्रुताः**] પીડિત વર્તતા થકા [**तद् दुःखं**] તે દુઃખ [**असहमाना**] નહિ સહી શકવાથી [**रम्येषु विषयेषु**] રમ્ય વિષયોમાં [**रमन्ते**] રમે છે.

ટીકાર્થ : મનુષ્યેન્દ્ર, ચક્રવર્તી, અસુરેન્દ્ર અને દેવેન્દ્ર.

પ્રશ્ન : આ બધા કેવા છે ?

ઉત્તર : કદર્થિત[1] - દુઃખી-પીડિત છે.

પ્રશ્ન : આ બધા કોનાથી પીડિત છે ?

ઉત્તર : આ બધા સ્વાભાવિક ઈન્દ્રિયોથી પીડિત છે.

તેઓ દુખોદ્રેક - દુઃખોની તીવ્રતાને સહન ન કરી શકવાથી રમ્યાભાસ વિષયોમાં રમણ કરે છે.

હવે (તેનો) વિસ્તાર કરે છે - મનુષ્ય આદિ જીવ અમૂર્ત, અતીન્દ્રિય જ્ઞાન-સુખના આસ્વાદને પ્રાપ્ત ન કરતા થકા મૂર્ત ઈન્દ્રિય જ્ઞાન સુખ ને માટે તેના કારણભૂત પાંચ ઈન્દ્રિયોમાં, પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં મિત્રતા કરે છે. અને તેનાથી ગરમ થયેલ લોખંડના ગોળાનું પાણી શોષવાની જેમ, વિષયોમાં તીવ્ર તૃષ્ણા ઉત્પન્ન થાય છે. આ તૃષ્ણાને સહન ન કરી શકતા, તેઓ વિષયનો અનુભવ કરે છે. આથી જ્ઞાત થાય છે કે પાંચ ઈન્દ્રિયો રોગ-બીમારી જેવી છે અને તેના વિષયો તેના નિરાકરણ માટે ઔષધ સમાન છે. આ પ્રકારે સંસારીઓને વાસ્તવિક સુખ નથી. ॥ ૬૩ ॥

([1]કદર્થિત = લાચાર, અસહાય, પામર.

હવે જે ઈન્દ્રિય વ્યાપાર છે તે દુઃખ જ છે, એમ કહે છે.

## ગાથા ૬૪

વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વભાવિક તેમને;
જો તે ન હોય સ્વભાવ તો વ્યાપાર નહિ વિષયો વિષે. ૬૪.

અન્વયાર્થ :– [**येषां**] જેમની [**विषयेषु रतिः**] વિષયોમાં રતિ છે, [**तेषां**] તેમને [**दुःखं**] દુઃખ [**स्वाभावं**] સ્વાભાવિક [**विजानीहि**] જાણો; [**हि**] કારણ કે [**यदि**] જો [**तद्**] દુઃખ [**स्वभावं न**] (તેમનો) સ્વભાવ ન હોય [**विषयार्थं**] તો વિષયાર્થે [**व्यापारः**] વ્યાપાર [**न अस्ति**] ન હોય.

ટીકાર્થ : જેમને નિર્વિષય અતીન્દ્રિય પરમાત્મસ્વરૂપથી વિપરીત વિષયોમાં પ્રીતિ છે. તેવા બહિર્મુખ જીવોને નિજ શુદ્ધાત્મદ્રવ્યના સેવનથી ઉત્પન્ન નિરૂપાધિ પારમાર્થિક સુખથી વિપરીત દુઃખ સ્વાભાવિક જ છે - એમ જાણવું જોઈએ.

પ્રશ્ન : તેમને સ્વભાવથી જ દુઃખ છે તે કેવી રીતે જણાય છે ?

ઉત્તર : પંચેન્દ્રિય વિષયોમાં પ્રીતિ દેખવાથી એમ જણાય છે. જો વાસ્તવમાં તે દુઃખ તેમને સ્વભાવથી ન હોય તો તેમનો વિષયો અર્થે વ્યાપાર ન હોઈ શકે. રોગ નિવારણને માટે ઔષધિમાં પ્રવૃત્તિની જેમ તેઓનું વિષયમાં પ્રવર્તવું દેખાય છે આથી એમ જણાય છે કે તેઓને દુઃખ છે - આમ અભિપ્રાય છે. ॥ ૬૪ ॥

આ પ્રકારે પરમાર્થથી ઈન્દ્રિય સુખને દુઃખરૂપથી સ્થાપન કરવા માટે બે ગાથાઓ પૂરી થઈ.

(હવે શરીર સુખનું કારણ નથી એવા તથ્યના પ્રતિપાદક (રૂપ) બે ગાથાઓવાળા પાંચમાં સ્થળનો બીજો ભાગ શરૂ થાય છે.)

હવે સિદ્ધાત્માને શરીરનો અભાવ હોવા છતાં પણ સુખ છે એ બતાવવા માટે શરીર, સુખનું કારણ નથી એમ સ્પષ્ટ કરે છે.

## ગાથા ૬૫

ઈન્દ્રિયસમાશ્રિત ઈષ્ટ વિષયો પામીને, નિજ ભાવથી,
જીવ પ્રણમતો સ્વયમેવ સુખરૂપ થાય, દેહ થતો નથી. ૬૫.

અન્વયાર્થ :– [**स्पर्शैः समाश्रितान्**] સ્પર્શનાદિક ઈન્દ્રિયો જેમનો આશ્રય કરે છે એવા [**इष्टान् विषयान्**] ઈષ્ટ વિષયોને [**प्राप्य**] પામીને [**स्वभावेन**] (પોતાના અશુદ્ધ) સ્વભાવે [**परिणममानः**] પરિણમતો થકો [**आत्मा**] આત્મા [**स्वयमेव**] સ્વયમેવ [**सुखं**] સુખરૂપ (–ઈન્દ્રિયસુખરૂપ) થાય છે, [**देहः न भवति**] દેહ સુખરૂપ થતો નથી.

ટીકાર્થ : પ્રાપ્ત કરીને.

પ્રશ્ન : કોને પ્રાપ્ત કરીને ?

ઉત્તર : ઈષ્ટ પંચેન્દ્રિય વિષયને પ્રાપ્ત કરીને.

પ્રશ્ન : કેવા વિષયોને પ્રાપ્ત કરીને ?

ઉત્તર : સ્પર્શનાદિ ઈન્દ્રિયોથી રહિત શુદ્ધાત્મતત્ત્વથી વિલક્ષણ સ્પર્શનાદિ ઈન્દ્રિયો દ્વારા સારી રીતે પ્રાપ્ત-ગ્રહણ કરવા યોગ્ય વિષયોને પ્રાપ્ત કરીને.

પ્રશ્ન : તે વિષયોને કોણે પ્રાપ્ત કરીને ?

ઉત્તર : આત્મારૂપ કર્તા - આ વાક્યનો કર્તા આત્મા, તેને પ્રાપ્ત કરીને.

પ્રશ્ન : તે આત્મા કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : અનંત સુખના ઉપાદાનભૂત શુદ્ધાત્મ સ્વભાવથી વિપરીત અશુદ્ધ સુખના ઉપાદાનભૂત અશુદ્ધાત્મ-સ્વભાવથી પરિણમિત થયો થકો, એવો થયો થકો સ્વયં જ ઈન્દ્રિય સુખરૂપ પરિણમિત થાય છે. તથા શરીર અચેતન હોવાથી તે સુખરૂપ નથી.

અહીં એવો અર્થ છે કે કર્મથી આચ્છાદિત સંસારી જીવોને જે ઈન્દ્રિય સુખ છે તેમાં પણ જીવ ઉપાદાન કારણ છે; શરીર નહીં. અને શરીર અને કર્મથી રહિત મુક્ત આત્માઓને જે અનંત અતીન્દ્રિય સુખ છે તેમાં તો વિશેષરૂપથી આત્મા જ કારણ છે. ॥ ૬૫ ॥

હવે મનુષ્ય શરીર સુખનું કારણ ભલે ન હોય, પરંતુ દેવોનું દિવ્ય શરીર તો સુખનું કારણ હશે ને ? એવી આશંકાનું નિવારણ કરે છે.

## ગાથા ૬૬

એકાંતથી સ્વર્ગેય દેહ કરે નહીં સુખ દેહીને,
પણ વિષયવશ સ્વયમેવ આત્મા સુખ વા દુઃખ થાય છે. ૬૬.

અન્વયાર્થ :– [**एकान्तेन हि**] એકાંતે અર્થાત્ નિયમથી [**स्वर्गे वा**] સ્વર્ગમાં પણ [**देह:**] દેહ [**देहिन:**] દેહીને (–આત્માને) [**सुखं न करोति**] સુખ કરતો નથી; [**विषयवशेन तु**] પરંતુ વિષયોના વશે [**सौख्यं दु:खं वा**] સુખ અથવા દુઃખરૂપ [**स्वयं आत्मा भवति**] સ્વયં આત્મા થાય છે.

ટીકાર્થ : એકાંતથી નિયમરૂપથી ખરેખર તો દેહરૂપ કર્તા સુખને નથી કરતો.

પ્રશ્ન : કોના સુખને નથી કરતો ?

ઉત્તર : સંસારી જીવોના સુખને નથી કરતો. મનુષ્યોનું માનવ શરીર સુખને નથી કરતુ. આ સત્યને તો રહેવા દયો, કારણ કે આને તો કોઈ સુખકારક નહીં માને પરંતુ સ્વર્ગમાં જે દેવોનું દિવ્ય શરીર છે, વૈક્રિયિક શરીર છે; તે પણ ઉપચારને છોડીને (ઉપચારથી સુખ કહેવાય છે પરંતુ ખરેખર) સુખને નથી કરતું.

પરંતુ નિશ્ચયથી નિર્વિષય અમૂર્ત સ્વાભાવિક સદાનંદ એક સુખ સ્વભાવી હોવા છતાં પણ વ્યવહારથી અનાદિ કર્મબંધને વશ વિષયાધીનરૂપ પરિણમન કરી સ્વયં આત્મા જ સાંસારિક સુખ દુઃખ રૂપ થાય છે, શરીર સુખ દુઃખ રૂપ નથી થતું - આમ અભિપ્રાય છે. ॥ ૬૬ ॥

આ પ્રકારે મુક્ત આત્માઓને શરીરનો અભાવ હોવા છતાં પણ સુખ છે. આ પરિજ્ઞાનને માટે સંસારીઓને પણ શરીર સુખનું કારણ નથી આ કથનરૂપથી બે ગાથાઓ પૂરી થઈ.

હવે આત્માનો સ્વયં સુખ સ્વભાવ હોવાથી જેમ નિશ્ચયથી શરીર સુખનું સાધન નથી, તેવી જ રીતે નિશ્ચયથી વિષય પણ સુખનું કારણ નથી એવું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૬૭

જો દૃષ્ટિ પ્રાણીની તિમિરહર, તો કાર્ય છે નહિ દીપથી;
જ્યાં જીવ સ્વયં સુખ પરિણમે, વિષયો કરે છે શું તહીં ? ૬૭.

અન્વયાર્થ :– [**यदि**] જો [**जनस्य दृष्टि:**] પ્રાણીની દૃષ્ટિ [**तिमिरहरा**] તિમિરનાશક હોય તો [**दीपेन नास्ति कर्तव्यं**] દીવાથી કાંઈ પ્રયોજન નથી. અર્થાત્ દીવો કાંઈ કરતો નથી, [**तथा**] તેમ જ્યાં [**आत्मा**] આત્મા [**स्वयं**] સ્વયં [**सौख्यं**] સુખરૂપ પરિણમે છે [**तत्र**] ત્યાં [**विषया:**] વિષયો [**किं कुर्वन्ति**] શું કરે છે ?

ટીકાર્થ : જો નિશાચર પ્રાણીઓની દૃષ્ટિ અંધકારને નષ્ટ કરવાવાળી હોય તો પ્રાણીઓને દીપકથી કંઈ કામ નથી રહેતુ. તેને જેમ દીપકથી કંઈ પ્રયોજન જ નથી તેવી જ રીતે નિશ્ચયથી આત્મા જ નિર્વિષય, અમૂર્ત, સર્વપ્રદેશોથી આનંદને ઉત્પન્ન કરવાવાળો સહજાનંદ એક લક્ષણ સુખ સ્વભાવી છે ત્યાં મુક્ત અથવા સંસારી દશામાં વિષય શું કરે છે ?

કંઈ પણ નથી કરતા. એમ ભાવ છે. ॥ ૬૭ ॥

હવે આત્માની સુખ સ્વભાવતા અને જ્ઞાન સ્વભાવતા અન્ય દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે.

## ગાથા ૬૮

**જયમ આભમાં સ્વયમેવ ભાસ્કર ઉષ્ણ, દેવ, પ્રકાશ છે,**
**સ્વયમેવ લોકે સિદ્ધ પણ ત્યમ જ્ઞાન, સુખ ને દેવ છે. ૬૮.**

અન્વયાર્થ :– [**यथा**] જેમ [**नभसि**] આકાશમાં [**आदित्य:**] સૂર્ય [**स्वयमेव**] સ્વયમેવ [**तेज:**] તેજ, [**उष्ण:**] ઉષ્ણ [**च**] અને [**देवता**] દેવ છે, [**तथा**] તેમ [**लोके**] લોકમાં [**सिद्ध: अपि**] સિદ્ધભગવાન પણ (સ્વયમેવ) [**ज्ञानं**] જ્ઞાન, [**सुखं च**] સુખ [**तथा देव:**] અને દેવ છે.

ટીકાર્થ : બીજા કારણોની અપેક્ષા ન રાખીને જેમ સૂર્ય સ્વયં જ સ્વ-પર પ્રકાશરૂપથી પ્રકાશમાન છે. અને તેવી જ રીતે સ્વયં જ ઉષ્ણ છે, અને તેવી જ રીતે અજ્ઞાની લોકોનો દેવતા છે.

પ્રશ્ન : આવા રૂપનો સૂર્ય ક્યાં સ્થિત છે ?

ઉત્તર : આવા રૂપનો સૂર્ય આકાશમાં સ્થિત છે.

તેવી જ રીતે સિદ્ધ ભગવાન પણ અન્ય કારણોની અપેક્ષા વગર સ્વભાવથી જ સ્વ-પર પ્રકાશમય કેવળજ્ઞાનમય અને તે જ પ્રકારે પરમ સંતુષ્ટિ સ્વરૂપ અનાકુળતા લક્ષણ સુખમય છે.

પ્રશ્ન : આવા રૂપે સિદ્ધ ભગવાન ક્યાં છે ?

ઉત્તર : આવા રૂપે તેઓ લોકમાં છે. વળી તેઓ તે જ પ્રકારે નિજ શુદ્ધાત્માના સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અભેદ રત્નત્રય સ્વરૂપ નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન સુંદર આનંદના તીવ્ર પ્રવાહરૂપ સુખામૃત પાનના પિપાસુ ગણધરદેવ આદિ પરમયોગીઓ અને દેવેન્દ્ર આદિ આસન્ન ભવ્ય જીવોના મનમાં નિરંતર પરમ આરાધ્ય છે. વળી તેવી જ રીતે અનંત જ્ઞાન આદિ ગુણોના સ્તવનથી સ્તુતિ કરવા યોગ્ય જે પવિત્ર આત્મ સ્વરૂપ (તેવા) સ્વભાવને કારણે તેઓ દેવ છે.

આથી જણાય છે કે મુક્ત આત્માઓને વિષયથી કંઈ પ્રયોજન નથી. ॥ ૬૮ ॥

આ પ્રકારે સ્વભાવથી જ સુખ સ્વભાવી હોવાને કારણે વિષય પણ મુક્ત આત્માને સુખનું કારણ નથી આવા કથનરૂપથી બે ગાથાઓ પૂરી થઈ.

હવે અહીં શ્રી કુંદકુંદ આચાર્યદેવ પૂર્વોક્ત લક્ષણ અનંત સુખના આધારભૂત સર્વજ્ઞને વસ્તુ સ્તવનરૂપથી નમસ્કાર કરે છે.

**વધારાની ગાથા નં. ૩**

**तेजो दिट्ठी णाणं इड्ढी सोकखं तहेव ईसरियं ।**
**तिहुवणपहाणदइयं माहप्पं जस्स सो अरिहो ॥**

જ્ઞાન, દૃષ્ટિ, તેજ, ઋદ્ધિ સુખ વળી ઐશ્વર્યને,
ધારી મહાત્મ્ય તે રીતે અરિહંત છે ત્રિભૂવનપતિ.

ગાથાર્થ : જેમને પ્રભામંડળ કેવળદર્શન, કેવળજ્ઞાન, ઋદ્ધિ, અતીન્દ્રિયસુખ, ઈશ્વરતા, ત્રણ લોકના પ્રધાનદેવ આદિ માહાત્મ્ય છે તે અરિહંત ભગવાન છે.

ટીકાર્થ : પ્રભામંડળ, ત્રણ લોક ત્રણકાળવર્તી સંપૂર્ણ વસ્તુઓના સામાન્ય અસ્તિત્વને એક સાથે ગ્રહણ કરવાવાળું કેવળદર્શન, તેવી જ રીતે બધા પ્રકારના વિશેષ અસ્તિત્વને ગ્રહણ કરવાવાળું કેવળજ્ઞાન, ઋદ્ધિ શબ્દથી સમવસરણ આદિ લક્ષણ વિભૂતિ, સુખ શબ્દથી અવ્યાબાધ અનંત સુખ, આ પદની ઈચ્છાથી ઈન્દ્ર આદિ પણ જેની સેવા કરે છે એવા લક્ષણવાળી ઈશ્વરતાને કારણે ત્રણ લોકના રાજાઓના પણ પ્રિય સ્વામી દેવ કહેવાય છે. આ પ્રકારનું માહાત્મ્ય જેનું છે. તે અરિહંત કહેવાય છે.

આ પ્રકારે દ્રવ્ય સ્તવનરૂપ નમસ્કાર કરવામાં આવેલ છે. ॥ ૩ ॥

હવે તે જ ભગવાનને સિદ્ધ અવસ્થા સંબંધી ગુણોના સ્તવનરૂપથી નમસ્કાર કરે છે.

**વધારાની ગાથા નં. ૪**

**तं गुणदो अधिगदरं अविच्छिदं मणुवदेवपदिभावं ।**
**अपुणब्भावणिबद्धं पणमामि पुणो पुणो सिद्धं ॥**

ગુણ અધિક જે ભવ રહિતને અબંધ એવા સિદ્ધને,
વંદુ ફરી ફરી રહિત જે થયા સુર-મનુ સ્વામિત્વથી.

ગાથાર્થ : તે ગુણોથી પરિપૂર્ણ, મનુષ્ય અને દેવોના સ્વામિત્વથી રહિત, અપુનર્ભાવ નિબદ્ધ-મોક્ષસ્વરૂપ સિદ્ધ ભગવાનને હું વારંવાર પ્રણામ કરું છું.

ટીકાર્થ : નમસ્કાર કરું છું. વારંવાર.

પ્રશ્ન : વારંવાર કોને નમસ્કાર કરું છું ?

ઉત્તર : પરમાગમમાં પ્રસિદ્ધ તે સિદ્ધોને નમસ્કાર કરું છું.

પ્રશ્ન : તે સિદ્ધ કેવા છે ?

ઉત્તર : અવ્યાબાધ-અનંત સુખાદિ ગુણોથી અધિકતર, સારી રીતે વિશિષ્ટ, અધિક, પરિપૂર્ણ ગુણવાળા છે.

પ્રશ્ન : વળી તે સિદ્ધ કેવા છે ?

ઉત્તર : જેવી રીતે પહેલા અરિહંત અવસ્થામાં ચક્રવર્તી, દેવેન્દ્ર આદિ સમવશરણમાં આવીને નમસ્કાર કરે છે, તેમાં પ્રભુતા હોય છે. તેનાથી પાર થયા હોય ને માનવપતિ, દેવપતિ ભાવથી રહિત છે.

પ્રશ્ન : વળી તે સિદ્ધ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : દ્રવ્ય ક્ષેત્રાદિ પાંચ પ્રકારના ભવોથી વિરૂદ્ધ લક્ષણ શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી નિજાત્માની પ્રાપ્તિ લક્ષણવાળું જે મોક્ષ તેને આધીન હોવાથી અપૂનર્ભાવ નિબદ્ધ છે. આમ ભાવ છે.

આ પ્રકારે નમસ્કારની મુખ્યતાથી બે ગાથા પૂરી થઈ. આ પ્રકારે આઠ ગાથાઓવાળું પાંચમું સ્થળ જાણવું જોઈએ.

આ પ્રકારે ૧૮ ગાથાઓ દ્વારા પાંચ સ્થળોમાં વિભાજીત 'સુખ પ્રપંચ' નામનો ચોથો અંતર અધિકાર પૂરો થયો.

આ પ્રકારે પૂર્વોક્ત પ્રકારથી ૧૪ ગાથાઓ દ્વારા પીઠિકા પૂરી થઈ ત્યારબાદ ૭ ગાથાઓ દ્વારા સામાન્ય સર્વજ્ઞ સિદ્ધિ, ત્યારબાદ ૩૩ ગાથાઓ દ્વારા જ્ઞાન પ્રપંચ અને ત્યારબાદ ૧૮ ગાથાઓ દ્વારા સુખપ્રપંચ આ પ્રકારે સામૂહિક રૂપથી ૭૨ ગાથાઓ દ્વારા ચાર અંતર અધિકાર રૂપથી પ્રથમ શુદ્ધોપયોગ અધિકાર પૂરો થયો.

હવે આગળ ૨૫ ગાથાઓ સુધી ચાલવાવાળા 'જ્ઞાનકંડિકા ચતુષ્ટય' નામના બીજા અધિકારનો પ્રારંભ થાય છે. ત્યાં ૨૫ ગાથઓમાં સૌથી પહેલા શુભાશુભના વિષયમાં મુઢતા નિવારણને માટે દશ ગાથાઓ સુધી પ્રથમ જ્ઞાનકંડિકા કહે છે. ત્યારબાદ આપ્ત અને આત્માના સ્વરૂપ પરિજ્ઞાનના વિષયમાં મુઢતા નિવારણને માટે સાત ગાથા સુધી બીજી જ્ઞાન કંડિકા અને ત્યારબાદ દ્રવ્ય, ગુણ, પર્યાય સંબંધી પરિજ્ઞાનના વિષયમાં મુઢતા નિવારણને માટે ૬ ગાથા સુધી ત્રીજી જ્ઞાનકંડિકા છે. ત્યારબાદ સ્વ-પર તત્ત્વ પરિજ્ઞાન સંબંધી વિષયમાં મુઢતા-નિવારણને માટે બે ગાથાઓ દ્વારા ચોથી જ્ઞાન કંડિકા કહેવામાં આવેલ છે.

આ પ્રકારે જ્ઞાન કંડિકા ચતુષ્ટય નામના બીજા અધિકારમાં સામુહિક પાતનિકા થઈ.

**જ્ઞાનકંડિકા ચતુષ્ટય નામનો બીજો અંતર અધિકાર વિભાજન**

| અંતર અધિકાર ક્રમ | પ્રધાન વિષય | ગાથા નંબર | કુલ ગાથા |
|---|---|---|---|
| પહેલો | શુભાશુભ સંબંધી મુઢતા નિવારણ | ૬૯ થી ૭૮ | ૧૦ |
| બીજો | આપ્ત સંબંધી મુઢતા નિવારણ | ૭૯ થી ૮૨ વધારાની ૫-૬-૭ | ૭ |
| ત્રીજો | દ્રવ્ય, ગુણ, પર્યાય સંબંધી મુઢતા નિવારણ | ૮૩ થી ૮૮ | ૬ |
| ચોથો | સ્વ-પર તત્ત્વ પરિજ્ઞાન સંબંધી મુઢતા નિવારણ | ૮૯ થી ૯૦ | ૨ |

| ગાથા ૬૯ થી ૭૮ સુધીનું વિભાજન | | | |
|---|---|---|---|
| ક્રમાંક | વિષય | ગાથા ક્યાંથી ક્યાં સુધી | કુલ |
| પ્રથમ | સ્વતંત્ર ચાર ગાથાઓ | ૬૯ થી ૭૨ | ૪ |
| બીજુ | તૃષ્ણા ઉત્પાદક પુણ્ય પ્રતિપાદક | ૭૩ થી ૭૬ | ૪ |
| ત્રીજુ | ઉપસંહાર સુચક | ૭૭ થી ૭૮ | ૨ |
| | | કુલ | ૧૦ |

(હવે અહીંયા બીજા અધિકારની અંતર્ગત પ્રથમ જ્ઞાન કંડીકાના રૂપમાં પ્રથમ અંતર અધિકારનું ચાર સ્વતંત્ર ગાથા દર્શાવતું ચાર ગાથાવાળુ પહેલુ સ્થાન શરૂ થાય છે.)

તે આ પ્રકારે - જોકે આની પહેલા ૬૩ થી ૬૮ ગાથાઓ દ્વારા ઈન્દ્રિયસુખનું સ્વરૂપ કહેવામાં આવેલ છે. તો પણ તેને જ વધુ વિસ્તારથી કહેવા સાથે તેને સાધવાવાળા એવા શુભોપયોગનું પ્રતિપાદન કરે છે.

અથવા બીજી પાતનિકા-પીઠિકામાં જે શુભ ઉપયોગના સ્વરૂપની સુચના આપી હતી તેનું આ સમયે ઈન્દ્રિય સુખને સાધવાવાળું હોવાથી ઈન્દ્રિય સુખના વિશેષ વિચારના પ્રસંગમાં વિશેષ વિવરણ કરે છે.

## ગાથા ૬૯

ગુરુ-દેવ-યતિપૂજા વિષે, વળી દાન ને સુશીલો વિષે,
જીવ રક્ત ઉપવાસાદિકે, શુભ-ઉપયોગસ્વરૂપ છે. ૬૯.

અન્વયાર્થ :– [**देवतायतिगुरुपूजासु**] દેવ, ગુરુ ને યતિની પૂજામાં [**दाने च एव**] દાનમાં, [**सुशीलेषु वा**] સુશીલોમાં [**उपवासादिषु**] તથા ઉપવાસાદિકમાં [**रक्तः आत्मा**] રક્ત આત્મા [**शुभोपयोगात्मकः**] શુભોપયોગાત્મક છે.

ટીકાર્થ : દેવતા, યતિ, અને ગુરુની પૂજામાં તથા દાન અને સુશીલોમાં તથા તેજ પ્રકારે ઉપવાસાદિમાં આસક્ત-લીન જીવ શુભ ઉપયોગાત્મક કહેવામાં આવેલ છે.

તે આ પ્રકારે - નિર્દોષી પરમાત્મા દેવ છે. ઈન્દ્રિય જયથી શુદ્ધાત્મા-સ્વરૂપલીનતામાં પ્રયત્નશીલ યતિ છે. સ્વયં ભેદાભેદ રત્નત્રયના આરાધક તથા તે રત્નત્રયના અભિલાષી ભવ્યોને જિનદીક્ષા દેવાવાળા ગુરુ છે. આમ કહેલા દેવતા, યતિ, ગુરુઓ તથા તેના પ્રતિબિંબ આદિ પ્રત્યે યથાસંભવ

દ્રવ્ય-ભાવાદિ પૂજા અને આહાર આદિ ચાર પ્રકારના દાન તથા આચારાદિ ગ્રંથો (ચરણાનુયોગ) માં કહેવામાં આવેલ શીલ વ્રત અને તે પ્રકારે જિન ગુણ સંપત્તિ આદિ વિધિ-વિશેષરૂપ ઉપવાસાદિ શુભ અનુષ્ઠાનોમાં જે લીન છે અને દ્વેષરૂપ વિષય અનુરાગરૂપ અશુભ અનુષ્ઠાનોથી વિરક્ત છે તે જીવ શુભ ઉપયોગી છે. આમ ગાથાનો અર્થ છે. ॥ ૬૯ ॥

(શુભઉપયોગ સંબંધી વિશેષ જાણકારી માટે આ શાસ્ત્રની ગાથા ૧૫૭ તથા પંચાસ્તિકાય સંગ્રહ ગાથા ૧૩૬ જોઈ લેવી)

હવે પૂર્વે કહેલ શુભ ઉપયોગ વડે સાધ્ય એવા ઈન્દ્રિય સુખને કહે છે.

## ગાથા ૭૦

શુભયુક્ત આત્મા દેવ વા તિર્યંચ વા માનવ બને;
તે પર્યયે તાવત્સમય ઈંદ્રિયસુખ વિધવિધ લહે. ૭૦.

અન્વયાર્થ :– [**शुभेन युक्तः**] શુભોપયોગયુક્ત [**आत्मा**] આત્મા [**तिर्यक् वा**] તિર્યંચ, [**मानुषः वा**] મનુષ્ય [**देवः वा**] અથવા દેવ [**भूतः**] થઈને, [**तावत्कालं**] તેટલો કાળ [**विविधं**] વિવિધ [**ऐन्द्रियं सुखं**] ઇન્દ્રિયસુખ [**लभते**] પામે છે.

ટીકાર્થ : જેવી રીતે નિશ્ચય રત્નત્રયાત્મક શુદ્ધ ઉપયોગથી સહિત જીવ, મુક્ત થઈને અનંતકાળ સુધી અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરતો રહે છે. તેવી રીતે પૂર્વ ગાથા ૬૯ માં કહેવામાં આવેલ લક્ષણવાળા શુભ ઉપયોગથી સહિત-પરિણત આ આત્મા તિર્યંચ, મનુષ્ય અથવા દેવ થઈને પોતાના જીવનકાળ સુધી ઈન્દ્રિયજન્ય વિવિધ સુખોને પ્રાપ્ત કરે છે. એવો આ ગાથાનો અભિપ્રાય છે. ॥ ૭૦ ॥

હવે પૂર્વોક્ત ઈન્દ્રિયસુખ નિશ્ચયનયથી દુઃખ જ છે. તેવો ઉપદેશ આપે છે.

## ગાથા ૭૧

સુરનેય સૌખ્ય સ્વભાવસિદ્ધ ન - સિદ્ધ છે આગમ વિષે;
તે દેહવેદનથી પીડિત રમણીય વિષયોમાં રમે. ૭૧.

અન્વયાર્થ :– [**उपदेशे सिद्धं**] (જિનદેવના) ઉપદેશમાં સિદ્ધ છે કે– [**सुराणाम् अपि**] દેવોને પણ [**स्वभावसिद्धं**] સ્વભાવનિષ્પન્ન [**सौख्यं**] સુખ [**नास्ति**] નથી; [**ते**] તેઓ

[**देहवेदनार्ता:**] (પંચેન્દ્રિયમય) દેહની વેદનાથી પીડિત હોવાથી [**रम्येषु विषयेषु**] રમ્ય વિષયોમાં [**रमन्ते**] રમે છે.

ટીકાર્થ : ઉપાદાન કારણભૂત જ્ઞાનાનંદ એક સ્વભાવથી ઉત્પન્ન જે રાગાદિ ઉપાધિ રહિત સ્વભાવિક સુખ છે, તે સ્વભાવ સિદ્ધ સુખ (સાચું સુખ) કહેવાય છે. તેવું સુખ મનુષ્ય આદિથી તો દૂર જ રહો પણ દેવેન્દ્ર આદિને પણ નથી હોતું એવું પરમાગમોમાં કહેવાયું છે. તેવા પ્રકારના સ્વભાવસિદ્ધ સુખનો અભાવ હોવાથી તે દેવાદિ શરીર સંબંધી વેદના (ઈન્દ્રિય સુખ સંબંધની વાંછા) થી પીડિત-દુઃખી થયા થકા સુખાભાસ વિષયોમાં પ્રવૃત્તિ કરે છે.

તેનો કંઈક વિસ્તાર કહે છે, જેવી રીતે કોઈ પુરુષને પોતાની નીચે સાત નરકરૂપી સ્થાન જેવા અજગરનું ફાડેલ મુખ છે, ક્રોધ, માન, માયા, લોભ જેવા ચારે ખુણામાં મોં ફાડીને ઊભેલા સર્પો છે. શરીરરૂપી મહાન અંધકારમય કુવામાં પડેલો છે, અને સંસારરૂપી ભયંકર વનમાં મિથ્યાત્વ આદિ કુમાર્ગમાં નાશ પામતો થકો, મૃત્યુ જેવા હાથીના ભયથી ભયભીત છે, જે વૃક્ષના મૂળ શુકલ અને કૃષ્ણ પક્ષ (સમય) રૂપી બે ઉંદરો કાપી રહ્યા છે, તેવા આયુકર્મરૂપી વૃક્ષની શાખાઓ પર રોગ જેવી મધમાખીથી ઘેરાયેલ છે. આયુરૂપી વૃક્ષને મૃત્યુરૂપી હાથીના હલાવવાથી પડતા વિષય સુખ જેવા મધના ટીપાના સ્વાદથી સુખ માને છે તેવું આ સંસારનું સુખ છે. જે પૂર્વે કહેલા મોક્ષ સુખથી વિપરીત છે. આમ તાત્પર્ય છે. ॥ ૭૧ ॥

હવે પૂર્વોક્ત પ્રકારથી શુભ ઉપયોગ દ્વારા સાધ્ય ઈન્દ્રિય સુખની નિશ્ચયથી દુઃખરૂપતા જાણીને તેના સાધક શુભ ઉપયોગનું પણ અશુભ ઉપયોગની સાથે સમાનપણું સ્થાપિત કરે છે, નિશ્ચિત કરે છે.

## ગાથા ૭૨

તિર્યંચ-નારક-સુર-નરો જો દેહગત દુઃખ અનુભવે,
તો જીવનો ઉપયોગ એ શુભ ને અશુભ કઈ રીતે છે ? ૭૨.

અન્વયાર્થ :– [**नरनारकतिर्यक्सुरा:**] મનુષ્યો, નારકો, તિર્યંચો અને દેવો (–બધાંય) [**यदि**] જો [**देहसंभवं**] દેહોત્પન્ન [**दु:खं**] દુઃખને [**भजन्ति**] અનુભવે છે, [**जीवानां**] તો જીવોનો [**स: उपयोग:**] તે (શુદ્ધોપયોગથી વિલક્ષણ-અશુદ્ધ) ઉપયોગ [**शुभ: वा अशुभ:**] શુભ અને અશુભ–બે પ્રકારનો [**कथं भवति**] કઈ રીતે છે ? (અર્થાત્ નથી.)

ટીકાર્થ : સહજ અતીન્દ્રિય, અમૂર્ત, સદાનંદ એક લક્ષણવાળા વાસ્તવિક સુખને પ્રાપ્ત નહીં કરતા થકા મનુષ્ય, નારકી, તિર્યંચ, દેવ બધા સમાનરૂપથી પૂર્વે કહેલા પારમાર્થિક સુખથી વિરૂદ્ધ પાંચ ઈન્દ્રિયાત્મક શરીરથી ઉત્પન્ન દુઃખને જ નિશ્ચયનયથી ભોગવે છે.

વ્યવહારથી વિશેષ ભેદ હોવા છતાં નિશ્ચયથી શુદ્ધોપયોગથી વિરૂદ્ધ આ પ્રસિદ્ધ શુભ-અશુભ ઉપયોગ ભિન્નતાને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ તેમાં ભેદ કેવી રીતે કરી શકાય ? કોઈ પણ રીતે (ભેદ) ન કરી શકાય એવો ભાવ છે.

આ પ્રકારે સ્વતંત્ર ચાર ગાથાઓ દ્વારા પ્રથમ સ્થળ પુરું થયું.

હવે પુણ્ય, દેવેન્દ્ર ચક્રવર્તી આદિ પદ આપે છે આ પ્રકારે પહેલા પ્રશંસા કરે છે.

પ્રશ્ન : પુણ્યની પ્રશંસા શા માટે કરે છે ?

ઉત્તર : તેના ફળના આધારે, આગળ ઉપર તૃષ્ણાની ઉત્પત્તિરૂપ દુઃખ દેખાડવાને માટે પહેલા તેની પ્રશંસા કરે છે.

## ગાથા ૭૩

ચક્રી અને દેવેંદ્ર શુભ-ઉપયોગમૂલક ભોગથી,
પુષ્ટિ કરે દેહાદિની, સુખી સમ દીસે અભિરત રહી. ૭૩.

અન્વયાર્થ :– [**कुलिशायुधचक्रधरा:**] વજ્રધરો અને ચક્રધરો (–ઈન્દ્રો અને ચક્રવર્તીઓ) [**शुभोपयोगात्मकै: भोगै:**] શુભોપયોગમૂલક (પુણ્યોના ફળરૂપ) ભોગો વડે [**देहादीनां**] દેહાદિની [**वृद्धिं कुर्वन्ति**] પુષ્ટિ કરે છે અને [**अभिरता:**] (એ રીતે) ભોગોમાં રત વર્તતા થકા [**सुखिता: इव**] સુખી જેવા ભાસે છે (માટે પુણ્યો વિદ્યમાન છે ખરાં.)

ટીકાર્થ : દેવેન્દ્ર અને ચક્રવર્તીરૂપ કર્તા. આ વાક્યમાં કર્તા કારકમાં કહેવાયેલા દેવેન્દ્ર અને ચક્રવર્તી શુભ ઉપયોગના ફળમાં ઉત્પન્ન ભોગો દ્વારા વિશેષ ક્રિયાઓના માધ્યમથી શરીર પરિવાર આદિની વૃદ્ધિ કરે છે.

પ્રશ્ન : તે કેવા થયા થકા તેની વૃદ્ધિ કરે છે ?

ઉત્તર : તે સુખીની જેમ આસક્ત થયા થકા શરીરાદિની વૃદ્ધિ કરે છે.

અહીં એવો અર્થ છે કે જે પરમ અતિશય સંતુષ્ટિને ઉત્પન્ન કરવાવાળું અને વિષય તૃષ્ણાને નષ્ટ કરવાવાળું જે સ્વભાવિક સુખ છે તેને પ્રાપ્ત નહીં કરવાવાળા દૂષિત લોહીમાં આસક્ત જળોની જેમ આસક્ત થયા થકા સુખાભાસમાંથી (દુઃખમાં જ) દેહાદિની વૃદ્ધિ કરે છે. આથી એમ જણાય

છે કે તેઓને સ્વભાવિક સુખ નથી. (દુઃખ જ છે)

હવે પુણ્ય જીવની વિષય તૃષ્ણાને ઉત્પન્ન કરે છે તેમ પ્રતિપાદન કરે છે.

### ગાથા ૭૪

પરિણામજન્ય અનેકવિધ જો પુણ્યનું અસ્તિત્વ છે,
તો પુણ્ય એ દેવાન્ત જીવને વિષયતૃષ્ણોદ્‌ભવ કરે. ૭૪.

અન્વયાર્થ :– [**यदि हि**] (પૂર્વોક્ત રીતે) જો [**परिणामसमुद्भवानि**] (શુભપયોગરૂપ) પરિણામથી ઊપજતાં [**विविधानि पुण्यानि च**] વિવિધ પુણ્યો [**सन्ति**] વિદ્યમાન છે, [**देवतान्तानां जीवानां**] તો તેઓ દેવો સુધીના જીવોને [**विषयतृष्णां**] વિષયતૃષ્ણા [**जनयन्ति**] ઉત્પન્ન કરે છે.

ટીકાર્થ : નિશ્ચયથી પુણ્ય પાપ રહિત પરમાત્માથી વિપરીત, તે પુણ્ય છે. અને,

પ્રશ્ન : તે પુણ્ય કેવી વિશેષતાવાળું છે ?

ઉત્તર : નિર્વિકાર સ્વસંવેદનથી વિલક્ષણ શુભ પરિણામોથી ઉત્પન્ન પોતાના અનંત ભેદોથી અનેક પ્રકારનું છે.

પ્રશ્ન : તો તે પુણ્ય શું કરે છે ?

ઉત્તર : તે ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન : તે પુણ્ય શું ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : તે વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન : તે કોના વિષય સંબંધી તૃષ્ણા ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : દેખેલા, સાંભળેલા, અનુભવ કરેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાન બંધથી લઈને વિવિધ પ્રકારના ઈચ્છારૂપી ઘોડાઓ દ્વારા તૃષ્ણા ઉત્પન્ન કરે છે અને વિકલ્પ જાળોથી રહિત પરમ સમાધિ (સ્વરૂપલીનતા) થી ઉત્પન્ન, સંપૂર્ણ આત્મ પ્રદેશોમાં પરમ આનંદને ઉત્પન્ન કરવાવાળા એકાકાર પરમ સમરસીભાવ સ્વરૂપ, વિષય ઈચ્છારૂપી અગ્નિથી ઉત્પન્ન થતી અત્યંત બળતરાનો નાશ કરનાર એવા સુખામૃત સ્વરૂપની તૃપ્તિને પ્રાપ્ત નહીં કરવાવાળા, દેવેન્દ્રોથી લઈને બહિર્મુખ સંસારી જીવોને વિષય તૃષ્ણા ઉત્પન્ન કરે છે.

અહીં તાત્પર્ય એમ છે કે જો (ઉપર કહેલા બર્હિમુખી જીવોને) આવા પ્રકારની વિષય તૃષ્ણા નથી હોતી તો તે દુષિત લોહીમાં આસક્ત જળોની માફક વિષયોમાં શા માટે પ્રવૃત્તિ કરે છે ? અને જો કરે છે તો તૃષ્ણાનું ઉત્પાદક હોવાથી પુણ્ય દુઃખનું જ કારણ છે તેમ માલુમ પડે છે.

આમ પુણ્ય દુઃખનું જ કારણ છે એવા પ્રકારના પૂર્વે કહેલા અર્થનું વિશેષરૂપથી ફરી સમર્થન કરે છે.

## ગાથા ૭૫

તે ઉદિતતૃષ્ણ જીવો, દુઃખિત તૃષ્ણાથી, વિષયિક સુખને
ઈચ્છે અને આમરણ દુઃખસંતપ્ત તેને ભોગવે. ૭૫.

અન્વયાર્થ :– [**पुन:**] વળી, [**उदीर्णतृष्णां: ते**] જેમને તૃષ્ણા ઉદિત છે એવા તે જીવો [**तृष्णाभि: दु:खिता:**] તૃષ્ણાઓ વડે દુઃખી વર્તતા થકા, [**आमरणं**] મરણપર્યંત [**विषयसौख्यानि इच्छन्ति**] વિષયસુખોને ઈચ્છે છે [**च**] અને [**दु:खसंतप्ता:**] દુઃખથી સંતપ્ત થયા થકા (–દુઃખદાહને નહિ સહી શકતા થકા) [**अनुभवन्ति**] તેમને ભોગવે છે.

ટીકાર્થ : સહજ શુદ્ધાત્મ તૃપ્તિનો અભાવ હોવાને કારણે સર્વ સંસારી જીવ તૃષ્ણાની પ્રગટતાવાળા થયા થકા સ્વસંવેદનથી ઉત્પન્ન પારમાર્થિક સુખનો અભાવ હોવાથી પૂર્વે કહેલી તૃષ્ણાથી દુઃખી થયા થકા તેઓ.

પ્રશ્ન : તૃષ્ણાથી દુઃખી તેઓ શું કરે છે ?

ઉત્તર : તૃષ્ણાથી દુઃખી તેઓ નિર્વિષય પરમાત્મ સુખથી વિરુદ્ધ એવા વિષય સુખની ઈચ્છા કરે છે. તે માત્ર તેની ઈચ્છા જ નથી કરતા પરંતુ તેવો અનુભવ પણ કરે છે.

પ્રશ્ન : તેઓ વિષય સુખનો અનુભવ ક્યાં સુધી કરે છે ?

ઉત્તર : તેઓ તેનો મરણ સુધી અનુભવ કરે છે.

પ્રશ્ન : કેવા થયા થકા તેઓ તેનો અનુભવ કરે છે ?

ઉત્તર : દુઃખથી ખુબ જ દુઃખી થયા થકા, તેઓ તેનો અનુભવ કરે છે.

અહીં અર્થ એમ છે કે - જેવી રીતે તૃષ્ણાની વૃદ્ધિથી પ્રેરિત ખરાબ લોહીની ઈચ્છા કરતી થકી જળો, તેનો જ અનુભવ કરતી થકી મરણ પામે ત્યાં સુધી દુઃખી થાય છે, તેવી જ રીતે સ્વ શુદ્ધાત્માના સંવેદનથી રહિત જીવ પણ મૃગતૃષ્ણાને કારણે પાણીની ઈચ્છા સમાન વિષયોને ઈચ્છતા થકા, તેનો જ અનુભવ કરતા થકા, મરણ પામે ત્યાં સુધી દુઃખી થાય છે.

આથી એમ નક્કી થયું કે તૃષ્ણારૂપ રોગને ઉત્પન્ન કરવાવાળું હોવાથી પુણ્ય, વાસ્તવમાં દુઃખનું કારણ છે.

હવે ફરી પુણ્યથી ઉત્પન્ન થવાવાળા ઈન્દ્રિય સુખની દુઃખરૂપતાને અનેક પ્રકારે પ્રકાશિત કરે છે.

## ગાથા ૭૬

પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;
જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે. ૭૬.

અન્વયાર્થ :– [**यद्**] જે [**इन्द्रियैः लब्धं**] ઇંદ્રિયોથી પ્રાપ્ત થાય છે, [**तद् सौख्यं**] તે સુખ [**सपरं**] પરના સંબંધવાળું, [**बाधासहितं**] બાધાસહિત, [**विच्छिन्नं**] વિચ્છિન્ન, [**बन्धकारणं**] બંધનું કારણ [**विषमं**] અને વિષમ છે; [**तथा**] એ રીતે [**दुःखम् एव**] તે દુઃખ જ છે.

ટીકાર્થ : ઈન્દ્રિયસુખ પર દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી પરાધીન છે. અને પારમાર્થિક સુખ પરદ્રવ્યથી નિરપેક્ષ હોવાને કારણે સ્વાધીન છે. ઈન્દ્રિય સુખ તીવ્ર ભૂખ તૃષ્ણા આદિ અનેક બાધાઓથી સહિત હોવાને કારણે વિઘ્ન સહિત છે. અને નિજાત્મ સુખ પૂર્વે કહેલ બધી બાધાઓથી રહિત હોવાને કારણે અવ્યાબાધ નિર્વિઘ્ન છે.

ઈન્દ્રિય સુખ તેના વિરોધી એવા અશાતા (કર્મ)ના ઉદય સહિત હોવાને કારણે વિચ્છિન્ન-અંતર સહિત-ખંડિત છે અને અતીન્દ્રિય સુખ પોતાના વિરોધી એવા અશાતા (કર્મ)ના ઉદયનો અભાવ હોવાથી અવિચ્છિન્ન-અંતર રહિત-અખંડિત છે. ઈન્દ્રિય સુખ જોયેલા, સાંભળેલા અને ભોગવેલા ભોગોની ઈચ્છાને લઈને થવાવાળા અનેક પ્રકારના અપધ્યાનોને વશ ભવિષ્યકાળમાં નરકાદિ દુઃખોને ઉત્પન્ન કરવાવાળા કર્મ બંધના ઉત્પાદક હોવાથી બંધના કારણ છે. અને અતીન્દ્રિય સુખ, સંપૂર્ણ અપધ્યાનોથી રહિત હોવાને કારણે બંધનું કારણ નથી. (ઈન્દ્રિય સુખ) શમ-અર્થાત્ પરમ ઉપશમથી રહિત છે. અથવા સંતોષકારક નહીં હોવાથી અથવા હાનિ-વૃદ્ધિ સહિત હોવાને કારણે વિષમ છે અને અતીન્દ્રિય સુખ પરમ સંતોષકારક તથા હાનિ-વૃદ્ધિ રહિત છે. જે ઈન્દ્રિયોથી પ્રાપ્ત સંસાર સુખ છે, તે સુખ જે પ્રકારે પૂર્વોક્ત પાંચ વિશેષણો સહિત છે. તેવી રીતે તે દુઃખ જ છે-આમ અભિપ્રાય છે. ॥ ૭૬ ॥

હવે નિશ્ચયનયથી પુણ્ય પાપમાં ભેદ નથી એમ કહેતા થકા પુણ્ય પાપના વ્યાખ્યાનનો ઉપસંહાર કરે છે.

## ગાથા ૭૭

નહિ માનતો - એ રીત પુણ્યે પાપમાં ન વિશેષ છે,
તે મોહથી આચ્છન્ન ઘોર અપાર સંસારે ભમે. ૭૭.

અન્વયાર્થ :– [**एवं**] એ રીતે [**पुण्यपापयोः**] પુણ્ય અને પાપમાં [**विशेषः नास्ति**] તફાવત નથી [**इति**] એમ [**यः**] જે [**न हि मन्यते**] નથી માનતો, [**मोहसंछन्नः**] તે મોહાચ્છાદિત વર્તતો

થકો [घोरं अपारं संसारं] ઘોર અપાર સંસારમાં [हिण्डति] પરિભ્રમણ કરે છે.

ટીકાર્થ : જે આ પ્રકારે નથી માનતો.

પ્રશ્ન : શું નથી માનતો ?

ઉત્તર : નિશ્ચયથી પુણ્ય અને પાપમાં વિશેષ-ભેદ નથી એવું નથી માનતો.

પ્રશ્ન : તે શું કરે છે ?

ઉત્તર : તે ભ્રમણ કરે છે.

પ્રશ્ન : તે ક્યાં ભ્રમણ કરે છે ?

ઉત્તર : સંસારમાં ભ્રમણ કરે છે.

પ્રશ્ન : કેવા સંસારમાં ભ્રમણ કરે છે ?

ઉત્તર : અભવ્યની અપેક્ષાએ તે ઘોર અપાર સંસારમાં ભ્રમણ કરે છે.

પ્રશ્ન : તે આવા સંસારમાં કેવો થયો થકો ભ્રમણ કરે છે ?

ઉત્તર : તે મોહથી આચ્છાદિત થયો થકો આવા સંસારમાં ભ્રમણ કરે છે.

તે આ પ્રકારે - વ્યવહારથી દ્રવ્યપુણ્ય-પાપમાં ભેદ છે, અશુદ્ધ નિશ્ચયનયથી ભાવ પુણ્ય-પાપ અને તેના ફળ સ્વરૂપે થવાવાળા સુખ દુઃખમાં ભેદ છે. પરંતુ શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધાત્માથી ભિન્ન હોવાને કારણે તેમનામાં ભેદ નથી. આ પ્રકારે શુદ્ધ નિશ્ચયનયથી પુણ્ય અને પાપમાં કંઈ ફેર નથી, એમ જે નથી માનતો તે દેવેન્દ્ર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, કામદેવ આદિ પદોના નિમિત્ત નિદાનબંધ રૂપથી પુણ્યને ઈચ્છતો થકો નિર્મોહ શુદ્ધાત્મ તત્ત્વથી વિપરીત દર્શનમોહ-ચારિત્રમોહથી આચ્છાદિત થયો થકો સોનાની બેડી અને લોખંડની બેડીની જેમ પુણ્ય અને પાપ બન્નેથી બંધાયેલ સંસાર રહિત શુદ્ધાત્માથી વિપરીત એવા સંસારમાં પરિભ્રમણ કરે છે - આમ અર્થ છે. ॥ ૭૭ ॥

હવે આ પ્રકારે શુભ અને અશુભમાં સમાનતાના જ્ઞાનથી શુદ્ધાત્મ તત્ત્વને (પોતાના જ્ઞાનમાં) નિશ્ચિત કરતો થકો (જીવ) દુઃખના વિનાશને માટે શુદ્ધોપયોગરૂપ અનુષ્ઠાન સ્વીકાર કરે છે.

## ગાથા ૭૮

વિદિતાર્થ એ રીત, રાગદ્વેષ લહે ન જે દ્રવ્યો વિષે,
શુદ્ધોપયોગી જીવ તે ક્ષય દેહગત દુઃખનો કરે. ૭૮.

અન્વયાર્થ :– [एवं] એ રીતે [विदितार्थ:] વસ્તુસ્વરૂપ જાણીને [य:] જે [द्रव्येषु] દ્રવ્યો

પ્રત્યે [रागं द्वेषं वा] રાગ કે દ્વેષને [न एति] પામતો નથી, [सः] તે [उपयोगविशुद्धः] ઉપયોગવિશુદ્ધ વર્તતો થકો [देहोद्भवं दुःखं] દેહોત્પન્ન દુઃખનો [क्षपयति] ક્ષય કરે છે.

ટીકાર્થ : આ પ્રકારે જ્ઞાનાનંદ એક સ્વભાવરૂપ પરમાત્મ તત્ત્વ જ ઉપાદેય છે, અન્ય સર્વ હેય છે. આ પ્રકારે હેય ઉપાદેયના પરિજ્ઞાનથી અર્થ-તત્ત્વને જાણીને, જે નિજ શુદ્ધાત્મ દ્રવ્યથી ભિન્ન શુભાશુભ સંપૂર્ણ દ્રવ્યોમાં રાગ અથવા દ્વેષને પ્રાપ્ત નથી કરતા. તેમજ રાગાદિ રહિત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ શુદ્ધોપયોગથી વિશુદ્ધ થઈને તે અનાકુળતા લક્ષણ પારમાર્થિક સુખથી વિરૂદ્ધ લક્ષણ તપેલા લોખંડના પિંડ સમાન દેહથી ઉત્પન્ન તીવ્ર આકુળતાના ઉત્પાદક શારીરિક દુઃખને, લોહ પિંડથી રહિત અગ્નિ જેમ ધણના ઘા ખાવાની પરંપરાથી બચી જાય છે તેમ, (વર્તમાન) દેહથી રહિત થઈને શારીરિક દુઃખને નષ્ટ કરી દે છે આમ અભિપ્રાય છે. ॥ ૭૮ ॥

આ પ્રકારે ઉપસંહાર રૂપથી ત્રીજા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ.

આ પ્રકારે શુભાશુભ વિષયક મુઢતાના નિવારણને માટે ૧૦ ગાથા સુધી ૩ સ્થળોના સમુહ દ્વારા પ્રથમ જ્ઞાન કંડિકા નામનો પહેલો અંતર અધિકાર પૂરો થયો.

હવે શુભાશુભ ઉપયોગ નિવૃત્તિ લક્ષણ શુદ્ધોપયોગથી મોક્ષ થાય છે. એવું પહેલાની ગાથા (૭૮ માં) કહેવામાં આવેલ હતું અહીં બીજી જ્ઞાન કંડિકાના પ્રારંભમાં શુદ્ધોપયોગના અભાવમાં શુદ્ધાત્માને પ્રાપ્ત નથી કરતા, આ પ્રકારે તે જ અર્થને વ્યતિરેક રૂપથી દૃઢ કરે છે.

## ગાથા ૭૯

જીવ છોડી પાપારંભને શુભ ચરિતમાં ઉદ્યત ભલે,
જો નવ તજે મોહાદિને તો નવ લહે શુદ્ધાત્મને. ૭૯.

અન્વયાર્થ :– [पापारम्भं] પાપારંભ [त्यकत्वा] છોડીને [शुभे चरित्रे] શુભ ચારિત્રમાં [समुत्थितः वा] ઉદ્યત હોવા છતાં [यदि] જો જીવ [मोहादीन्] મોહાદિકને [न जहाति] છોડતો નથી, તો [सः] તે [शुद्धं आत्मकं] શુદ્ધ આત્માને [न लभते] પામતો નથી.

ટીકાર્થ : પહેલા ઘરમાં રહેવા આદિરૂપ પાપ આરંભને છોડીને પછી સારી રીતે સ્થિત થાય છે.

પ્રશ્ન : સારી રીતે ક્યાં સ્થિત થાય છે ?

ઉત્તર : શુભ ચારિત્રમાં સ્થિત થાય છે.

જો રાગ, દ્વેષ, મોહને નથી છોડતો તો તે શુદ્ધાત્માને પ્રાપ્ત નથી કરતો.

તેનો વિસ્તાર કરે છે - જો કોઈ મોક્ષાર્થી પહેલા પરમ ઉપેક્ષા લક્ષણ પરમ સામાયિકની પ્રતિજ્ઞા

લઈને, પછી વિષય સુખની સાધક એવી શુભોપયોગ પરિણતિથી મોહિત ચિતવાળો થયો થકો નિર્વિકલ્પ સમાધિ સ્વરૂપ પૂર્વે કહેલ સામાયિકનો અભાવ હોવા પર નિર્મોહ શુદ્ધાત્મ તત્ત્વથી વિરૂદ્ધ મોહાદિને નથી છોડતો તો જિનરૂપ સિદ્ધ ભગવાનની જેમ નિજ શુદ્ધાત્માને પ્રાપ્ત નથી કરતો એવો આ ગાથાનો અર્થ છે. ॥ ૭૯ ॥

હવે શુદ્ધોપયોગનો અભાવ હોવાથી જેવી રીતે જિન સિદ્ધ સ્વરૂપને પ્રાપ્ત નથી કરતા, તે જ વાત ફરી કહે છે.

**વધારાની ગાથા - ૫**

**तवसंजमप्पसिद्धो सिद्धो सग्गापवग्गमग्गकरो ।**
**अमरासुरिंदमहिदो देवो सो लोयसिहरत्थो ॥**

તપ સંયમથી લોકાગ્રે સિદ્ધ જે સુર-અસુરથી વંદ્ય છે,
દર્શાવતા જે મોક્ષને નિશ્ચય વળી વ્યવહારથી.

ગાથાર્થ : તપ અને સંયમથી સિદ્ધ થયેલ તે દેવ સ્વર્ગ અને મોક્ષમાર્ગના બતાવનારા, દેવેન્દ્રો-અસુરેન્દ્રોથી પૂજિત તથા લોકના શિખર પર સ્થિત છે.

ટીકાર્થ : સંપુર્ણ રાગાદિ પરભાવોની ઈચ્છાના ત્યાગથી સ્વસ્વરૂપમાં પ્રતપન-વિજયરૂપ તપ છે. બાહ્યમાં ઈન્દ્રિય સંયમ અને પ્રાણસંયમના બળથી શુદ્ધાત્માનાં સંયમપૂર્વક સમરસીભાવથી પરિણમન સંયમ છે.

આ બન્નેથી પ્રસિદ્ધ ઉત્પન્ન-આ પ્રકારના તપ અને સંયમથી પ્રસિદ્ધ, ક્ષુધાદિ અઢાર દોષોથી રહિત, સ્વર્ગ અને પ્રસિદ્ધ કેવલજ્ઞાન આદિ અનંત ચતુષ્ટય લક્ષણ મોક્ષ, આ બન્ને માર્ગને કરે છે. અર્થાત્ માર્ગનો ઉપદેશ આપે છે.

આ પ્રકારે સ્વર્ગ અને મોક્ષના માર્ગનો ઉપદેશ દેનાર, તે પદના ઈચ્છુક દેવેન્દ્રો-અસુરેન્દ્રો દ્વારા પૂજિત છે. આવા ગુણોથી વિશિષ્ટ તે અરિહંત દેવ છે. તે જ ભગવાન લોકના અગ્ર શિખર પર સ્થિત થયા થકા સિદ્ધ છે - આ પ્રકારે જિનરૂપ સિદ્ધ ભગવાનનું સ્વરૂપ જાણવું જોઈએ. ॥ ૫ ॥

હવે આ પ્રકારથી તે નિર્દોષી પરમાત્માની જે શ્રદ્ધા કરે છે. તેને માને છે તે અક્ષય સુખને પ્રાપ્ત કરે છે તેમ બતાવે છે-જ્ઞાન કરાવે છે.

**વધારાની ગાથા - ૬**

**त देवदेवदेवं जदिवरवसहं गुरुं तिलोयस्स ।**
**पणमंति जे मणुस्सा ते सोक्खं अक्खयं जंति ॥**

દેવાધિદેવ ત્રિલોક ગુરુ, યતિવર વૃષભ જિનદેવને,
જે મનુષ્ય કરતા નમન તેને સુખ અહો ઉત્તમ થશે.

ગાથાર્થ : જે મનુષ્ય દેવેન્દ્રોના પણ દેવ, દેવાધિદેવ, મુનિવરોમાં શ્રેષ્ઠ, ત્રણ લોકના ગુરુ (તે નિર્દોષી પરમાત્માને) નમસ્કાર કરે છે તે અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ : સૌધર્મેન્દ્ર આદિ દેવોના પણ દેવ-દેવેન્દ્ર છે. તેઓના દેવ-આરાધ્ય-તે દેવાદિદેવને જિતેન્દ્રિયત્વ હોવાથી નિજ શુદ્ધાત્મામાં પ્રયત્નશીલ યતિ છે. તેમાં શ્રેષ્ઠ ગણધર દેવાદિ છે. તેમાં પણ પ્રધાન યતિવર વૃષભ અનંત જ્ઞાનાદિ મહાન ગુણો વડે ત્રણ લોકના પણ ગુરુ છે. આ ત્રિલોક ગુરુને - આ પ્રકારથી તે ભગવાનને જે મનુષ્યાદિ દ્રવ્યભાવ નમસ્કારપૂર્વક પ્રણામ કરે છે, તેની આરાધના કરે છે અને તે આરાધનાના ફળસ્વરૂપ પરંપરાથી અક્ષય અનંત સુખને પ્રાપ્ત કરે છે. આ ગાથાનો ભાવ છે. ॥ ૬ ॥

હવે પહેલાની ગાથા દ્વારા શુદ્ધોપયોગના અભાવમાં મોહાદિનો વિનાશ નથી હોતો એવું જે કહ્યું હતું અને મોહાદિનો વિનાશ ન થવાથી શુદ્ધાત્માનો લાભ નથી થતો તેના માટે જ હવે તેના ઉપાયનો વિચાર કરે છે.

## ગાથા ૮૦

જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.

અન્વયાર્થ :– [**य:**] જે [**अर्हन्तं**] અર્હંતને [**द्रव्यत्वगुणत्वपर्ययत्वै:**] દ્રવ્યપણે, ગુણપણે અને પર્યાયણે [**जानाति**] જાણે છે, [**स:**] તે [**आत्मानं**] (પોતાના) આત્માને [**जानाति**] જાણે છે અને [**तस्य मोह:**] તેનો મોહ [**खलु**] અવશ્ય [**लयं याति**] લય પામે છે.

ટીકાર્થ : કર્તારૂપે જે જાણે છે, આ કથનમાં કર્તાકારકમાં પ્રયુક્ત જે જાણે છે.

પ્રશ્ન : કોને જાણે છે ?

ઉત્તર : જે અરિહંતને જાણે છે.

પ્રશ્ન : કયા રૂપથી અરિહંતને જાણે છે ?

ઉત્તર : જે દ્રવ્યરૂપથી, ગુણરૂપથી અને પર્યાયરૂપથી અરિહંતને જાણે છે.

તે પુરુષ અરિહંતને સર્વ પ્રકારથી જાણીને પછી આત્માને જાણે છે. તે આત્માની વિશિષ્ટ જાણકારીથી, સર્વ પ્રકારના જ્ઞાનથી, તેનો મોહ-દર્શન મોહ વિનાશને પ્રાપ્ત થાય છે.

તે આ પ્રકારે,

કેવળજ્ઞાન આદિ વિશેષગુણ, અસ્તિત્વ આદિ સામાન્ય ગુણ, પરમ ઔદારિક શરીર આકાર

રૂપ જે આત્મપ્રદેશોનો આકાર તે વ્યંજન પર્યાય, અગુરુલઘુ ગુણની ષટ્વૃદ્ધિ હાનિ રૂપથી પ્રતિ સમય થવાવાળી અર્થ પર્યાયો, આવા લક્ષણવાળા ગુણ-પર્યાયોનું આધારભૂત અમૂર્ત અસંખ્યાત પ્રદેશી શુદ્ધ ચૈતન્યના અન્વયરૂપ (એવું નિત્ય તે) દ્રવ્ય છે.

આ પ્રકારથી દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વરૂપવાળા પહેલા કહેવામાં આવેલ અરિહંત નામના પરમાત્માને જાણીને પછી નિશ્ચયનયથી તે જ આગમની સારપદભૂત અધ્યાત્મ ભાષા (ની અપેક્ષાથી) સ્વશુદ્ધાત્માની ભાવનાની સન્મુખરૂપ સવિકલ્પ 'સ્વસંવેદન જ્ઞાનમાં' અને તેવી જ રીતે આગમભાષા (ની અપેક્ષા) થી અધઃ પ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ નામના દર્શનમોહના ક્ષયમાં સમર્થ પરિણામ વિશેષના બળથી પછી તે (પોતાના જ્ઞાનને) આત્મામાં જોડે છે.

ત્યારબાદ નિર્વિકલ્પ સ્વરૂપ પ્રાપ્ત થવાથી, જેવી રીતે અભેદનયથી પર્યાયની જગ્યાએ મોતી અને ગુણની જગ્યાએ સફેદી તે હાર જ છે, તેવી રીતે અભેદનયથી પૂર્વે કહેલા દ્રવ્ય, ગુણ, પર્યાય આત્મા જ છે. આ પ્રકારે પરિણમીત થવાથી તેના દર્શન મોહરૂપ અંધકાર વિનાશને પ્રાપ્ત થાય છે. આવો ગાથાનો ભાવ છે.

હવે પ્રમાદને ઉત્પન્ન કરવાવાળો ચારિત્ર મોહ નામનો ચોર છે એવું માનીને આપ્ત સંબંધી વિશિષ્ટ જ્ઞાનથી પ્રાપ્ત શુદ્ધાત્મારૂપ ચિંતામણીની રક્ષા માટે જાગૃત રહે છે એમ કહે છે.

## ગાથા ૮૧

જીવ મોહને કરી દૂર, આત્મસ્વરૂપ સમ્યક્ પામીને,
જો રાગદ્વેષ પરિહરે તો પામતો શુદ્ધાત્મને. ૮૧.

અન્વયાર્થ :– [**व्यपगतमोह:**] જોણે મોહને દૂર કર્યો છે અને [**सम्यक् आत्मन: तत्त्वं**] આત્માના સમ્યક્ તત્ત્વને (–સાચા સ્વરૂપને) [**उपलब्धवान्**] પ્રાપ્ત કર્યું છે એવો [**जीव:**] જીવ [**यदि**] જો [**रागद्वेषौ**] રાગદ્વેષને [**जहाति**] છોડે છે, [**स:**] તો તે [**शुद्धम् आत्मानं**] શુદ્ધ આત્માને [**लभते**] પામે છે.

ટીકાર્થ : જીવરૂપ કર્તા આ ગાથામાં કર્તાકારકમાં પ્રયુક્ત જીવ.

પ્રશ્ન : તે જીવ કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : શુદ્ધાત્મતત્ત્વની રૂચિને રોકવાવાળા દર્શન-મોહથી રહિત છે.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : જાણવાવાળો છે.

પ્રશ્ન : કોને જાણવાવાળો છે ?

ઉત્તર : પરમાનંદ એક સ્વભાવી આત્મ તત્ત્વને જાણવાવાળો છે.

પ્રશ્ન : કોના આત્મ તત્ત્વને જાણવાવાળો છે ?

ઉત્તર : નિજ શુદ્ધાત્મ સંબંધી આત્મ તત્ત્વને જાણવાવાળો છે.

પ્રશ્ન : નિજ શુદ્ધાત્મ તત્ત્વને કેવી રીતે જાણે છે ?

ઉત્તર : સંશય આદિ દોષોથી રહિત હોવાને કારણે સારી રીતે જાણે છે.

જો શુદ્ધાત્મ અનુભૂતિ લક્ષણવાળા વીતરાગ ચારિત્રને રોકવાવાળા ચારિત્ર-મોહના રાગ, દ્વેષને છોડે છે તે જ અભેદ રત્નત્રય પરિણત જીવ શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી આત્માને પ્રાપ્ત કરે છે-મુક્ત થાય છે.

અહીં પ્રશ્ન એ છે કે પહેલી જ્ઞાન કંડિકામાં એમ કહ્યું હતું કે "ઉપયોગની વિશુદ્ધિ (શુદ્ધોપયોગ)-વાળો જીવ દેહના દુઃખોને ક્ષય કરે છે. અને અહીં એમ કહે છે કે, જે રાગ દ્વેષને છોડે છે તે શુદ્ધાત્માને પ્રાપ્ત કરે છે. આ બન્ને ગાથાઓથી મોક્ષ જ સિદ્ધ થાય છે તો તફાવત શું છે ?

આચાર્ય તેના પ્રતિ ઉત્તર આપે છે કે ત્યાં નિશ્ચયથી શુભ-અશુભમાં સમાનતા જાણીને પછી શુભ રહિત નિજ શુદ્ધ સ્વરૂપમાં લીન થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે. આ કારણથી શુભાશુભ મુઢતાના નિરાકરણને માટે તે ગાથા જ્ઞાન કંડિકામાં કહેવાઈ હતી અને અહીં દ્રવ્ય, ગુણ, પર્યાયથી આપ્ત (અરિહંત)નું સ્વરૂપ જાણીને પછી તેવા રૂપવાળા સ્વશુદ્ધાત્મામાં લીન થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે. આ કારણથી આ આપ્ત અને આત્મ સ્વરૂપના સ્વરૂપના વિષયની મુઢતાના નિરાકરણને માટે જ્ઞાનકંડિકા છે. આ બન્નેમાં આટલું અંતર છે.

હવે પહેલા દ્રવ્ય, ગુણ, પર્યાય દ્વારા અરિહંતના સ્વરૂપને જાણીને પછી તેવી જ રીતે પોતાના આત્મામાં સ્થિત થઈને બધા અરિહંત મોક્ષ ગયા છે - એવો પોતાના મનમાં નિશ્ચય કરે છે.

## ગાથા ૮૨

અર્હંત સૌ કર્મો તણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત થયા; નમું તેમને. ૮૨.

અન્વયાર્થ :– [**सर्वे अपि च**] બધાય [**अर्हन्तः**] અર્હંતભગવંતો [**तेन विधानेन**] તે જ વિધિથી [**क्षपितकर्मांशाः**] કર્માંશોનો (–જ્ઞાનાવરણીયાદિ કર્મભેદોનો) ક્ષય કરીને તથા [**तथा**] (અન્યને પણ) એ જ પ્રકારે [**उपदेशं कृत्वा**] ઉપદેશ કરીને [**निर्वृताः ते**] મોક્ષ પામ્યા છે. [**नमः तेभ्यः**] તેમને નમસ્કાર હો.

ટીકાર્થ : અને બધા અરિહંત, દ્રવ્ય, ગુણ, પર્યાય દ્વારા પહેલા અરિહંતને જાણીને પછી તેવા જ

પોતાના આત્મામાં સ્થિતિરૂપ રૂપ-લીનતારૂપ થઈ, પૂર્વોક્ત પ્રકારથી વિવિધ કર્મોથી રહિત થઈને, હે ભવ્યો ! નિશ્ચય રત્નત્રયાત્મક શુદ્ધાત્માની પ્રાપ્તિ લક્ષણ તે જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ નથી, એવો ઉપદેશ આપીને અક્ષય અનંત સુખથી તૃપ્ત થયા છે-મુક્ત થયા છે, તે અરિહંત ભગવાન છે.

આ પ્રકારે મોક્ષમાર્ગનો નિશ્ચય કરીને મોક્ષ અને મોક્ષમાર્ગ આ બન્નેના ઈચ્છુક શ્રી કુંદકુંદ આચાર્યદેવ તે નિજ શુદ્ધાત્મ અનુભૂતિ સ્વરૂપ મોક્ષમાર્ગ અને તેના ઉપદેશક અરિહંતોને ''તેમને નમસ્કાર હો'' એવા પદ દ્વારા નમસ્કાર કરે છે આમ અભિપ્રાય છે. ॥ ૮૨ ॥

હવે રત્નત્રયના આરાધક પુરુષ જ દાન, પૂજા, ગુણ, પ્રશંસા અને નમસ્કારને યોગ્ય છે બીજા નહીં એમ કહે છે.

**વધારાની ગાથા - ૭**

**दंसणसुद्धा पुरिसा णाणपहाणा समग्गचरियत्था ।**
**पूजासक्काररिहा दाणस्स य हि ते णमो तेसिं ॥**

ચારિત્ર દર્શન જ્ઞાનપૂર્ણ વર્તતા તે જ્ઞાની છે,
પૂજા વિનય વળી દાનથી તે વંદવાને યોગ્ય છે.

ગાથાર્થ : જે પુરુષ સમ્યક્‌દર્શનથી શુદ્ધ, જ્ઞાનમાં પ્રધાન અને પરિપૂર્ણ ચારિત્રમાં સ્થિત છે, તે જ પૂજા, સત્કાર અને દાનને યોગ્ય છે; તેમને નમસ્કાર હો.

ટીકાર્થ : નિજ શુદ્ધાત્માની રૂચિરૂપ નિશ્ચય સમ્યક્ત્વને સાધનારા ત્રણ મૂઢતા આદિ પચ્ચીસ દોષોથી રહિત, તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ દર્શનથી શુદ્ધ-દર્શન શુદ્ધ છે, તે જીવ.

પ્રશ્ન : અને તે જીવો કેવા છે ?

ઉત્તર : ઉપરાગ રહિત સ્વસંવેદન જ્ઞાનને સાધવાવાળા વીતરાગ સર્વજ્ઞ દ્વારા કહેવામાં આવેલ પરમાગમના અભ્યાસના જ્ઞાનથી-પ્રધાન જ્ઞાનથી સમર્થ જ્ઞાનમાં પ્રૌઢજ્ઞાન પ્રધાન છે.

પ્રશ્ન : વળી તે જીવો કેવા છે ?

ઉત્તર : વિકાર રહિત, ચંચળતા રહિત, આત્માનુભૂતિ લક્ષણ નિશ્ચય ચારિત્રને સાધવાવાળા, આચાર આદિ શાસ્ત્રોમાં કહેવાયેલ મૂળગુણો અને ઉત્તર ગુણોના અનુષ્ઠાન આદિરૂપ ચારિત્રથી સમગ્ર-પરિપૂર્ણ, સમગ્ર ચારિત્રવાન છે. તેઓ દ્રવ્ય અને ભાવ પૂજા અને ગુણ-પ્રશંસારૂપ સત્કાર, આ બન્નેને યોગ્ય છે. અને સ્પષ્ટરૂપથી દાનને યોગ્ય છે. તેવા પહેલા કહેવાયેલ રત્નત્રયના આધારભૂત જીવ, તેને નમસ્કાર હો આ પ્રકારે તેઓ જ નમસ્કાર કરવા યોગ્ય છે.

આ પ્રકારે આપ્ત અને આત્માના સ્વરૂપમાં મૂઢતાના નિરાકરણને માટે સાત ગાથાઓ દ્વારા બીજી જ્ઞાનકંડિકા પૂરી થઈ.

હવે શુદ્ધાત્માની પ્રાપ્તિમાં વિરોધી એવા મોહનું સ્વરૂપ અને ભેદોનું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૮૩

દ્રવ્યાદિકે મૂઢ ભાવ વર્તે જીવને, તે મોહ છે;
તે મોહથી આચ્છન્ન રાગી-દ્વેષી થઈ ક્ષોભિત બને. ૮૩.

અન્વયાર્થ :– [**जीवस्य**] જીવને [**द्रव्यादिकेषु मूढ: भाव:**] દ્રવ્યાદિક વિષે જે મૂઢ ભાવ (–દ્રવ્યગુણપર્યાય વિષે જે મૂઢતારૂપ પરિણામ) [**मोह: इति भवति**] તે મોહ છે; [**तेन अवच्छन्न:**] તેનાથી આચ્છાદિત વર્તતો થકો જીવ [**रागं वा द्वेषं वा प्राप्य**] રાગ અથવા દ્વેષને પામીને [**क्षुभ्यति**] ક્ષુબ્ધ થાય છે.

ટીકાર્થ : શુદ્ધાત્મ આદિ દ્રવ્યોમાં, તે દ્રવ્યોના અનંત જ્ઞાનાદિ અને અસ્તિત્વાદિ વિશેષ અને સામાન્ય લક્ષણ ગુણોમાં અને શુદ્ધાત્મ-પરિણતિ લક્ષણ સિદ્ધત્વ આદિ પર્યાયોમાં તથા યથાસંભવ પહેલા કહેવાયેલ તથા આગળ કહેવામાં આવનાર દ્રવ્ય, ગુણ, પર્યાયોમાં અને આ પૂર્વે કહેવાયેલા દ્રવ્ય, ગુણ, પર્યાયોમાં વિપરીત અભિપ્રાયરૂપથી તત્ત્વમાં સંશય ઉત્પન્ન કરવાવાળો મુઢભાવ તે જીવનો દશનમોહરૂપ ભાવ છે. તે દર્શન મોહથી ઘેરાયેલ, નિરાકુળ આત્મતત્ત્વથી વિપરીત આકુળતા દ્વારા ક્ષોભ, સ્વરૂપ ચંચળતા, વિપરીતતતાને પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : શું કરીને સ્વરૂપ વિપરીતતાને પ્રાપ્ત થાય છે ?

ઉત્તર : વિકાર રહિત શુદ્ધાત્માથી વિપરીત ઈષ્ટ-અનિષ્ટ ઈન્દ્રિયના વિષયોમાં હર્ષ-વિષાદરૂપ ચારિત્ર મોહ નામના રાગ દ્વેષને પ્રાપ્ત કરી સ્વરૂપ વિપરીતતાને પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : આમાં શું કહેવાયું છે ? આ બધું કહેવાનું શું તાત્પર્ય છે ?

ઉત્તર : મોહ-દર્શન મોહ અને રાગ - દ્વેષ બન્ને ચારિત્ર મોહ, આ પ્રકારે મોહ ત્રણ ભૂમિકાવાળો છે. ત્રણ ભેદવાળો છે. ॥ ૮૩ ॥

હવે દુઃખના કારણભૂત બંધના કારણભૂત રાગ, દ્વેષ, મોહ જડમૂળથી નાશ કરવા યોગ્ય છે એવી ઘોષણા કરે છે.

## ગાથા ૮૪

રે ! મોહરૂપ વા રાગરૂપ વા દ્વેષપરિણત જીવને
વિધવિધ થાયે બંધ, તેથી સર્વ તે ક્ષયયોગ્ય છે. ૮૪.

અન્વયાર્થ :– [**मोहने वा**] મોહરૂપે, [**रागेण वा**] રાગરૂપે [**द्वेषेण वा**] અથવા દ્વેષરૂપે

[**परिणतस्य जीवस्य**] પરિણમતા જીવને [**विविध: बन्ध:**] વિવિધ બંધ [**जायते**] થાય છે; [**तस्मात्**] તેથી [**ते**] તેમને (મોહ-રાગ-દ્વેષને) [**संक्षपयितव्या:**] સંપૂર્ણ રીતે ક્ષય કરવાયોગ્ય છે.

ટીકાર્થ : મોહાદિ રહિત પરમાત્મસ્વરૂપ પરિણતીથી રહિત મોહ, રાગ, દ્વેષ પરિણત બાહ્ય દૃષ્ટિવાળા જીવને શુદ્ધોપયોગ લક્ષણ ભાવ-મોક્ષ તથા તેના બળથી જીવ પ્રદેશ અને કર્મ પ્રદેશોનું અત્યંત જુદા થવું તે દ્રવ્ય મોક્ષ છે. આ પ્રકારે દ્રવ્ય-ભાવ મોક્ષથી વિરૂદ્ધ લક્ષણવાળા બધા પ્રકારથી ઉપાદેયભૂત પ્રગટ કરવા યોગ્ય સ્વભાવિક સુખથી વિપરીત, નારક આદિ દુઃખોના કારણભૂત એવા વિવિધ પ્રકારના બંધ થાય છે. કેમકે રાગ, દ્વેષ, મોહ પરિણત જીવને આ પ્રકારે બંધ થાય છે. એટલા માટે રાગાદિ રહિત શુદ્ધાત્માના ધ્યાન દ્વારા, તે રાગ, દ્વેષ, મોહ સમ્યક્ રીતે નષ્ટ કરવા યોગ્ય છે આમ તાત્પર્ય છે.

હવે પોતપોતાના ચિન્હો દ્વારા રાગ, દ્વેષ, મોહને જાણીને યથાસંભવ તે નષ્ટ કરવા યોગ્ય છે એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૮૫

અર્થો તણું અયથાગ્રહણ, કરુણા મનુજ-તિર્યંચમાં,<br>
વિષયો તણો વળી સંગ, -લિંગો જાણવા આ મોહનાં. ૮૫.

અન્વયાર્થ :– [**अर्थे अयथाग्रहणं**] પદાર્થનું અયથાગ્રહણ (અર્થાત્ પદાર્થોને જેમ છે તેમ સત્ય સ્વરૂપે ન માનતાં તેમના વિષે અન્યથા સમજણ) [**च**] અને [**तिर्यङ्मनुजेषु करुणाभाव:**] તિર્યંચ-મનુષ્યો પ્રત્યે કરુણાભાવ, [**विषयेषु प्रसंग: च**] તથા વિષયોનો સંગ (અર્થાત્ ઇષ્ટ વિષયો પ્રત્યે પ્રીતિ અને અને અનિષ્ટ વિષયો પ્રત્યે અપ્રીતિ)–[**एतानि**] આ [**मोहस्य लिंगानि**] મોહનાં લિંગો છે.

ટીકાર્થ : યથાસ્વરૂપ-પોત પોતાના સ્વરૂપમાં સ્થિત હોવા છતાં પણ શુદ્ધાત્મ આદિ પદાર્થોમાં વિપરીત અભિપ્રાયને કારણે જેવું નથી તેવું ગ્રહણ કરવું. શુદ્ધાત્માની પ્રાપ્તિ લક્ષણરૂપ પરમ ઉપેક્ષા સંયમથી વિપરીત કરૂણાભાવ-દયા પરિણામ અથવા વ્યવહારથી કરૂણાનો અભાવ.

પ્રશ્ન : કયા વિષયોમાં કરૂણા અથવા કરૂણાનો અભાવ ભાવ ?

ઉત્તર : મનુષ્ય અને તિર્યંચ જીવોમાં કરૂણાનો ભાવ કે કરૂણાનો અભાવ તે દર્શન મોહના ચિન્હ છે.

વિષય રહિત, સુખરૂપી સ્વાદથી રહિત, બહિરાત્મા જીવોને રૂચિકર અને અરૂચિકર વિષયોમાં

જે તે વિશેષરૂપે સંગ-સંસર્ગ પ્રવૃત્તિ છે, તેને જોઈને પ્રીતિ અને અપ્રીતિના ચિન્હોથી વિવેકીઓ દ્વારા ચારિત્ર મોહ નામના રાગદ્વેષ જાણવામાં આવે છે. એટલા માટે વિશિષ્ટ જ્ઞાન થયા પછી તુરંત જ નિર્વિકાર નિજ શુદ્ધાત્માની ભાવનાથી રાગદ્વેષ મોહ પુર્ણ રૂપથી નાશ કરવા યોગ્ય છે આવો ગાથાનો અર્થ છે.

અથવા દ્રવ્ય ગુણ પર્યાય રૂપથી અરિહંતને સર્વ પ્રકારથી જાણીને આત્માને જાણે છે એવું જે પહેલાં કહ્યું હતું તે આત્માનું જ્ઞાન આ આગમના અભ્યાસની અપેક્ષા રાખે છે. આગમનાં અભ્યાસથી આત્મા અને અરિહંતનું જ્ઞાન થાય છે. આ પ્રકારે બે પાતનિકાઓને મનમાં ધારણ કરીને આ ગાથા કહે છે.

## ગાથા ૮૬

શાસ્ત્રો વડે પ્રત્યક્ષઆદિથી જાણતો જે અર્થને,
તસુ મોહ પામે નાશ નિશ્ચય; શાસ્ત્ર સમધ્યયનીય છે. ૮૬.

અન્વયાર્થ :– [**जिनशास्त्रात्**] જિનશાસ્ત્ર દ્વારા [**प्रत्याक्षादिभिः**] પ્રત્યક્ષાદિ પ્રમાણોથી [**अर्थान्**] પદાર્થોને [**बुध्यमानस्य**] જાણનારને [**नियमात्**] નિયમથી [**मोहोपचयः**] [1]મોહોપચય [**क्षीयते**] ક્ષય પામે છે, [**तस्मात्**] તેથી [**शास्त्रं**] શાસ્ત્ર [**समध्येतव्यम्**] સમ્યક્ પ્રકારે અભ્યાસવાયોગ્ય છે.

ટીકાર્થ : જે શાસ્ત્રોથી પ્રત્યક્ષ આદિ પ્રમાણો દ્વારા શુદ્ધાત્મ આદિ પદાર્થોને જાણવાવાળા જીવને નિશ્ચયથી.

પ્રશ્ન : તેને જાણવાનું શું ફળ છે ?

ઉત્તર : તેને જાણવાથી વિપરીત અભિપ્રાયરૂપ સંસ્કાર કરવાવાળો મોહ સમૂહ નષ્ટ થઈ જાય છે. એટલા માટે શાસ્ત્રનું સારી રીતે અધ્યયન કરવું જોઈએ.

તે આ પ્રકારે,

કોઈ ભવ્ય, વીતરાગ સર્વજ્ઞદેવ દ્વારા કહેવામાં આવેલ શાસ્ત્રથી 'એક મારો શાશ્વત આત્મા' ઈત્યાદિ પરમાત્માના ઉપદેશ દેવાવાળા શ્રુતજ્ઞાન દ્વારા સર્વપ્રથમ આત્માને જાણે છે. અને ત્યારબાદ વિશિષ્ટ અભ્યાસથી પરમ સમાધિના સમયે રાગાદિ વિકલ્પોથી રહિત માનસ પ્રત્યક્ષથી તે આત્માને (સ્વસંવેદન પ્રત્યક્ષથી) જ જાણે છે. અથવા તે જ પ્રકારે અનુમાનથી જાણે છે.

તે આ પ્રકારે,

---

મોહોપચય = મોહનો સંચય, ઢગલો.

નિશ્ચયનયથી શરીરમાં શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી-પરમાત્મા છે. શરીરમાં જ નિજ પરમાત્મા છે.

પ્રશ્ન : એ કઈ રીતે જાણ્યું ?

ઉત્તર : સુખાદિની જેમ વિકાર રહિત સ્વસંવેદન પ્રત્યક્ષ રૂપથી એમ જાણવામાં આવે છે.

તેવી જ રીતે અન્ય પદાર્થ પણ યથાસંભવ આગમ-અભ્યાસના બળથી ઉત્પન્ન પ્રત્યક્ષ અથવા અનુમાનથી જાણવામાં આવે છે. એટલા માટે ભવ્ય મોક્ષાર્થી એ આગમનો અભ્યાસ કરવો જોઈએ. એવું તાત્પર્ય છે.

## ગાથા ૮૭

દ્રવ્યો, ગુણો ને પર્યયો સૌ 'અર્થ' સંજ્ઞાથી કહ્યાં;
ગુણ-પર્યયોનો આતમા છે દ્રવ્ય જિન-ઉપદેશમાં. ૮૭.

અન્વયાર્થ :– [**द्रव्याणि**] દ્રવ્યો, [**गुणा:**] ગુણો [**तेषां पर्याया:**] અને તેમના પર્યાયો [**अर्थसंज्ञया**] 'અર્થ' નામથી [**भणिता:**] કહ્યાં છે. [**तेषु**] તેમાં, [**गुणपर्यायाणाम् आत्मा द्रव्यम्**] ગુણ-પર્યાયોનો આત્મા દ્રવ્ય છે (અર્થાત્ ગુણો અને પર્યાયોનું સ્વરૂપ-સત્ત્વ દ્રવ્ય જ છે, તેઓ ભિન્ન વસ્તુ નથી) [**इति उपदेश:**] એમ (જિનેન્દ્રનો) ઉપદેશ છે.

ટીકાર્થ : દ્રવ્ય-ગુણ અને દ્રવ્યોની પર્યાયો-આ ત્રણે ને અર્થના નામથી ઓળખવામાં આવે છે. આ બધાંનું અર્થ નામ છે, આ અર્થ, તે ભાવ છે. આ ત્રણે : દ્રવ્ય-ગુણ અને પર્યાયની મધ્યમાં, ગુણ-પર્યાયોનો સંબંધી આત્મા-સ્વભાવ છે.

પ્રશ્ન : ગુણ-પર્યાયોનો સબંધી આત્મા કોણ છે ?

ઉત્તર : દ્રવ્ય જ, તે ગુણ-પર્યાયોનો આત્મા તે સ્વભાવ છે. તેવો ઉપદેશ છે.

પ્રશ્ન : દ્રવ્યનો સ્વભાવ શું છે ?

ઉત્તર : ગુણ-પર્યાયોનો આત્મા-સ્વરૂપ જ તેનો સ્વભાવ છે. એમ ઉપદેશ છે.

હવે, તેનો અહીં વિસ્તાર કરવામાં આવે છે. જેના કારણે અનંતજ્ઞાન-સુખ આદિ ગુણોને અને તે પ્રકારે અમૂર્તત્વ, અતિન્દ્રિયત્વ, સિદ્ધત્વ આદિ પર્યાયોને પ્રાપ્ત કરે છે, તે રૂપે પરિણમન કરે છે-તેનો આશ્રય લે છે, તે કારણે તેને અર્થ કહેવામાં આવે છે.

પ્રશ્ન : અર્થ કોને કહેવામાં આવે છે ?

ઉત્તર : શુદ્ધાત્મ દ્રવ્યને અર્થ કહેવામાં આવે છે. જેના કારણે આધારભૂત એવા શુદ્ધાત્મ દ્રવ્યને પ્રાપ્ત કરે છે, તે રૂપે પરિણમન કરે છે - તેનો આશ્રય લે છે, તે કારણે તે અર્થ કહેવાય છે.

પ્રશ્ન : તે અર્થ કહેવાતું કોણ છે ?

ઉત્તર : તે અર્થ, કહેવાતું જ્ઞાનત્વ આદિ ગુણો અને સિદ્ધત્વ આદિ પર્યાયો છે.

પ્રશ્ન : જ્ઞાનત્વ-સિદ્ધત્વ આદિ ગુણ-પર્યાયોનો આત્મા અર્થાત્ સ્વભાવ શું છે ?

ઉત્તર : શુદ્ધાત્મા દ્રવ્ય જ (તેનો) સ્વભાવ છે.

પ્રશ્ન : શુદ્ધાત્મ દ્રવ્યનો સ્વભાવ શું છે ?

ઉત્તર : પૂર્વોક્ત ગુણ-પર્યાયો જ તેનો સ્વભાવ છે.

આ પ્રકારે અન્ય દ્રવ્ય-ગુણ-પર્યાયોની પણ અર્થ-સંજ્ઞા જાણવી જોઈએ - તેવો અર્થ છે. ॥ ૮૭ ॥

હવે, દુર્લભ જૈન-ઉપદેશ પ્રાપ્ત કરી લેવા છતાં પણ જે મોહ, રાગ, દ્વેષનો નાશ કરે છે તે જ સંપૂર્ણ દુઃખોના નાશને પ્રાપ્ત કરે છે તેવું જ્ઞાન કરાવે છે.

## ગાથા ૮૮

જે પામી જિન-ઉપદેશ હણતો રાગ-દ્વેષ-વિમોહને,
તે જીવ પામે અલ્પ કાળે સર્વદુઃખવિમોક્ષને. ૮૮.

અન્વયાર્થ :– [**यः**] જે [**जैनम् उपदेशम्**] જિનના ઉપદેશને [**उपलभ्य**] પામીને [**मोहरागद्वेषान्**] મોહ-રાગ-દ્વેષને [**निहन्ति**] હણે છે, [**सः**] તે [**अचिरेण कालेन**] અલ્પ કાળમાં [**सर्वदुःखमोक्षं प्राप्नोति**] સર્વ દુઃખથી મુક્ત થાય છે.

ટીકાર્થ : જે મોહ-રાગ-દ્વેષને નષ્ટ કરે છે.

પ્રશ્ન : તે શું કરીને તેને (મોહ-રાગ-દ્વેષ) નષ્ટ કરે છે ?

ઉત્તર : પ્રાપ્ત કરીને તેને નષ્ટ કરે છે.

પ્રશ્ન : શું પ્રાપ્ત કરીને નષ્ટ કરે છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ પ્રાપ્ત કરીને તેને (મોહ-રાગ-દ્વેષ) નષ્ટ કરે છે. તે સર્વ દુઃખોથી મોક્ષ (છુટકારો) પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : તે કેવી રીતે અને ક્યારે (મોક્ષ) પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : તે અલ્પ સમયમાં - થોડાં જ સમયમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

તે આ પ્રકારે છે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયાદિ (જીવોની) દુર્લભ પરંપરાથી, જિનેન્દ્ર ભગવાનનો ઉપદેશ પ્રાપ્ત કરીને, મોહ-રાગ-દ્વેષથી વિલક્ષણ, અવિનાભાવી નિશ્ચય સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાનયુક્ત પોતાના શુદ્ધાત્માની નિશ્ચળ અનુભૂતિ લક્ષણ વીતરાગ ચારિત્ર નામની તીક્ષ્ણ તલવારનો, જે મોહ-રાગ-દ્વેષરૂપી શત્રુઓ ઉપર દૃઢતાથી પ્રહાર કરે છે - તે જ વાસ્તવિક અનાકુળ લક્ષણ સુખથી વિપરીત દુઃખોનો ક્ષય કરે છે. -આમ અર્થ છે. આ પ્રકારે દ્રવ્ય-ગુણ-પર્યાયના વિષયમાં

મૂઢતાના નિરાકરણ માટે છ ગાથાઓ દ્વારા ત્રીજી જ્ઞાનકંડિકા પૂરી થઈ. ॥ ૮૮ ॥

હવે, પોતાના અને પરના આત્માના ભેદજ્ઞાનથી મોહનો નાશ થાય છે એવું વિશેષ રૂપથી જ્ઞાન કરાવે છે.

## ગાથા ૮૯

જે જ્ઞાનરૂપ નિજ આત્માને, પરને વળી નિશ્ચય વડે
દ્રવ્યત્વથી સંબદ્ધ જાણે, મોહનો ક્ષય તે કરે. ૮૯.

અન્વયાર્થ :– [**यः**] જે [**निश्चयतः**] નિશ્ચયથી [**ज्ञानात्मकम् आत्मानं**] જ્ઞાનાત્મક એવા પોતાને [**च**] અને [**परं**] પરને [**द्रव्यत्वेन अभिसंबद्धम्**] નિજ નિજ દ્રવ્યત્વથી સંબદ્ધ (–સંયુક્ત) [**यदि जानाति**] જાણે છે, [**सः**] તે [**मोहक्षयं करोति**] મોહનો ક્ષય કરે છે.

ટીકાર્થ : જે જ્ઞાન સ્વરૂપી આત્માને જાણે છે.

પ્રશ્ન : જ્ઞાન સ્વરૂપી આત્માને કેવી રીતે જાણે છે ?

ઉત્તર : પોતાના શુદ્ધ ચૈતન્ય દ્રવ્યત્વથી સંયુક્ત-બંધાયેલા-જોડાયેલા આત્માને જાણે છે. માત્ર પોતાના આત્માને જ નથી જાણતો, પરંતુ પોતપોતાના દ્રવ્યરૂપથી સંબંધિત ચેતન-અચેતન બીજા દ્રવ્યોને જાણે છે.

પ્રશ્ન : આ બધાને કેવી રીતે જાણે છે ?

ઉત્તર : નિશ્ચયનયથી અનુકૂળ ભેદજ્ઞાનનો આશ્રય લઈને જાણે છે.

જે કર્તા-જે આ વાક્યનો કર્તા, તે મોહરહિત પરમાનંદ, એક સ્વભાવી શુદ્ધાત્માથી વિપરીત મોહનો ક્ષય કરે છે તેવો આ ગાથાનો અર્થ છે. ॥ ૮૯ ॥

આ પ્રકારે સ્વ અને પરનું ભેદજ્ઞાનપૂર્વક સ્વરૂપલીનતાથી મોહનો ક્ષય થાય છે એવો ભાવ છે.

હવે, પૂર્વ સૂત્ર (ગાથા ૮૯) માં કહેવાયેલ સ્વ-પરનું ભેદવિજ્ઞાન આગમથી સિદ્ધ થાય છે, એમ પ્રતિપાદન કરે છે.

## ગાથા ૯૦

તેથી યદિ જીવ ઇચ્છતો નિર્મોહતા નિજ આત્મને,
જિનમાર્ગથી દ્રવ્યો મહીં જાણો સ્વ-પરને ગુણ વડે. ૯૦.

અન્વયાર્થ :– [**तस्मात्**] માટે (સ્વ-પરના વિવેકથી મોહનો ક્ષય કરી શકાતો હોવાથી) [**यदि**]

જો [**आत्मा**] આત્મા [**आत्मनः**] પોતાને [**निर्मोहं**] નિર્મોહપણું [**इच्छति**] ઈચ્છતો હોય, તો [**जिनमार्गात्**] જિનમાર્ગ દ્વારા [**गुणैः**] ગુણો વડે [**द्रव्येषु**] દ્રવ્યોમાં [**आत्मानं परं च**] સ્વ અને પરને [**अभिगच्छतु**] જાણો (અર્થાત્ જિનાગમ દ્વારા વિશેષ ગુણો વડે અનંત દ્રવ્યોમાંથી ‘આ સ્વ છે ને આ પર છે’ એમ વિવેક કરો.)

ટીકાર્થ : જે કારણે-પૂર્વોક્ત ગાથામાં સ્વ-પર ભેદવિજ્ઞાનથી મોહ ક્ષય થાય છે-તેમ કહ્યું હતું-તે કારણે જિનમાર્ગથી, જિનાગમ/જિનવાણીથી ગુણો દ્વારા, આત્માને-સ્વયંને, અને માત્ર આત્માને જ નહીં, પરંતુ પર દ્રવ્યોને પણ (જાણો).

પ્રશ્ન : ગુણો દ્વારા આત્માને અને પરને કોની વચ્ચે જાણો ?

ઉત્તર : શુદ્ધાત્મ આદિ છ એ દ્રવ્યોમાંથી (આત્માને) જાણો.

પ્રશ્ન : શું ઈચ્છતા હો તો (જાણો) ?

ઉત્તર : જો નિર્મોહભાવ ઈચ્છતા હો તો (જાણો).

પ્રશ્ન : કોનો નિર્મોહભાવ ઈચ્છો છો ?

ઉત્તર : આત્મા(નો) નિર્મોહભાવ ઈચ્છતા હો તો.

પ્રશ્ન : કોના સંબંધી તેને (નિર્મોહભાવને) ઈચ્છો છો ?

ઉત્તર : આત્માના-સ્વયંનો-નિર્મોહભાવ ઈચ્છતા હો તો.

તે આ પ્રકારે-આ જે મારો સ્વ-પરને જાણવાવાળો ચૈતન્ય છે, તેના દ્વારા હું, કર્તારૂપ-વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવી, મારા આત્માને જાણું છું-ત્થા પુદ્ગલ આદિ પાંચ દ્રવ્ય, અન્ય બાકીના બીજા જીવ રૂપ પરને પર રૂપથી જાણું છું. આ કારણે એકરૂપ-ઓરડામાં બળતા અનેક દિપકોનો પ્રકાશ-એક રૂપ રહેવા છતાં અલગ છે-તેવી રીતે સહજ શુદ્ધ ચિદાનંદ એક સ્વભાવી એવા મને અન્ય દ્રવ્યોમાંથી કોઈની સાથે મોહ નથી-આમ અભિપ્રાય છે-આ રીતે સ્વ અને પરના જ્ઞાનના વિષયમાં મૂઢતા-નિરાકરણને માટે બે ગાથાઓ દ્વારા ચતુર્થ જ્ઞાનકંડિકા પૂર્ણ થઈ. ॥ ૯૦ ॥

આ પ્રકારે પચ્ચીસ ગાથાઓ દ્વારા જ્ઞાનકંડિકા ચતુષ્ટય નામનો બીજો અધિકાર પૂરો થયો.

હવે નિર્દોષી પરમાત્મા દ્વારા કહેવાયેલ પદાર્થોના શ્રદ્ધાન વગર શ્રમણ નથી હોતા, તેઓમાં શુદ્ધ ઉપયોગ લક્ષણ ધર્મ પણ સંભવ નથી હોતો એવો નિશ્ચય કરે છે.

## ગાથા ૯૧

**શ્રામણ્યમાં સત્તામયી સવિશેષ આ દ્રવ્યો તણી**
**શ્રદ્ધા નહિ, તે શ્રમણ ના; તેમાંથી ધર્મોદ્ભવ નહીં. ૯૧.**

અન્વયાર્થ :– [**यः हि**] જે (જીવ) [**श्रामण्ये**] શ્રમણપણામાં [**ऐतान् सत्तासंबद्धान् सविशेषान्**] આ [1]સત્તાસંયુક્ત [2]સવિશેષ પદાર્થોને [**न एव श्रद्दधाति**] શ્રદ્ધતો નથી, [**सः**] તે [**श्रमणः न**] શ્રમણ નથી; [**ततः धर्मः न संभवति**] તેનામાંથી ધર્મ ઉદ્‌ભવતો નથી (અર્થાત્ તે શ્રમણાભાસને ધર્મ થતો નથી.)

ટીકાર્થ : મહાસત્તાના સંબંધથી સહિત તે પૂર્વે કહેલ શુદ્ધ જીવાદિ પદાર્થોની.

પ્રશ્ન : તે જીવાદિ પદાર્થ વળી કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : વિશેષસત્તા-અવાન્તરસત્તા અર્થાત્ પોત પોતાની સ્વરૂપ સત્તાથી સહિત જીવાદિ પદાર્થોની જે કર્તા-આ વાક્યનો જે કર્તા છે, તે દ્રવ્ય શ્રામણ્ય (દ્રવ્ય મુનિપણા) માં સ્થિત થયો થકો શ્રદ્ધાન નથી કરતો તો વાસ્તવમાં નિજ શુદ્ધાત્માની રૂચિરૂપ નિશ્ચય સમ્યક્‌દર્શનપૂર્વક પરમ સામાયિક-સંયમ લક્ષણ શ્રામણ્યનો અભાવ હોવાથી તે શ્રમણ નથી. આ પ્રકારની ભાવ શ્રામણતાનો અભાવ હોવાથી તે પહેલા કહેલા દ્રવ્યશ્રમણથી રાગાદિ મલિનતા રહિત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ ધર્મ પણ સંભવ નથી આવો આ ગાથાનો અર્થ છે.

હવે સામ્યનો આશ્રય ગ્રહણ કરું છું એવી નમસ્કાર ગાથામાં જે પ્રતિજ્ઞા કરી હતી, ત્યારબાદ ચારિત્ર વાસ્તવિક ધર્મ છે, એવી ગાથા દ્વારા ચારિત્રનું ધર્મપણે સ્થાપન કર્યું હતું. ત્યારબાદ દ્રવ્ય જે રૂપથી પરિણમિત થાય છે એવી ગાથા દ્વારા આત્માનું ધર્મપણું કહ્યું હતું. આ બધુ શુદ્ધ ઉપયોગના પ્રસાદથી સિદ્ધ કરવા યોગ્ય છે. હવે નિશ્ચય રત્નત્રય પરિણત આત્મા જ ધર્મ છે એમ સિદ્ધ છે.

અથવા બીજી પાતનિકામાં સમ્યક્ત્વના આ અભાવમાં મુનિ નથી, તે શ્રમણને ધર્મ પણ નથી. તો કેવા શ્રમણ છે ? એવો પ્રશ્ન પૂછવા પર ઉત્તર દેતા થકા જ્ઞાન અધિકારનો ઉપસંહાર કરે છે.

## ગાથા ૯૨

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે,
વીતરાગ-ચરિતારૂઢ છે, તે મુનિ-મહાત્મા 'ધર્મ' છે. ૯૨.

અન્વયાર્થ :– [**यः आगमकुशलः**] જે આગમમાં કુશળ છે, [**निहतमोहदृष्टिः**] જેની મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે અને [**विरागचतिते अभ्युत्थितः**] જે વીતરાગચારિત્રમાં આરૂઢ છે, [**महात्मा श्रमणः**] તે મહાત્મા શ્રમણને [**धर्मः इति विशेषितः**] (શાસ્ત્રમાં) 'ધર્મ' કહેલ છે.

ટીકાર્થ : તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ વ્યવહાર સમ્યક્ત્વથી ઉત્પન્ન નિજ શુદ્ધાત્માની રૂચિ રૂપ

૧. સત્તાસંયુક્ત = અસ્તિત્વવાળા, ૨. સવિશેષ = વિશેષ સહિત, તફાવતવાળા, ભેદવાળા, ભિન્ન ભિન્ન.

નિશ્ચય સમ્યક્ત્વરૂપથી પરિણત હોવાના કારણે જે મોહદૃષ્ટિ-દર્શન મોહથી રહિત છે.

પ્રશ્ન : વળી તે કયા સ્વરૂપે છે ?

ઉત્તર : સર્વ દોષોથી રહિત, પરમાત્મા દ્વારા કહેવાયેલ, પરમાગમના અભ્યાસથી, ઉપાધિરહિત સ્વસંવેદન જ્ઞાનમાં કુશળ હોવાથી-આગમમાં કુશળ-ચતુર છે.

પ્રશ્ન : તે કેવા સ્વરૂપવાળા છે ?

ઉત્તર : વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ બાહ્ય ચારિત્રના અનુષ્ઠાનને વશ થઈ, સ્વ શુદ્ધાત્મામાં નિશ્ચલ પરિણતીરૂપ વીતરાગ ચારિત્રમય પરિણત હોવાથી પરમ વીતરાગ ચારિત્રમાં અત્યંત સ્થિત છે-તત્પર છે.

પ્રશ્ન : અને વળી તે કેવા છે ?

ઉત્તર : મોક્ષ લક્ષણ રૂપ મહાન અર્થ-પુરુષાર્થના સાધક હોવાથી મહાત્મા છે. જીવન-મરણ, લાભ-અલાભ આદિમાં સમતાભાવ રૂપ પરિણત જે આત્મા છે-તે શ્રમણ (મુનિરાજ) જ અભેદ નયથી ધર્મ છે. એવા મોહ અને ક્ષોભથી રહિત આત્મપરિણામ-રૂપ નિશ્ચય ધર્મ કહેવાય છે, તેવો અર્થ છે. ॥ ૯૨ ॥

હવે, આવા નિશ્ચય રત્નત્રય પરિણત મહાન તપોધનની જ જે ભક્તિ કરે છે તેનું તેને ફળ બતાવે છે.

**વધારાની ગાથા - ૮**

**जो तं दिट्ठा तुट्ठो अब्भुट्ठित्ता करेदि सक्कारं ।**
**वंदणणमंसणादिहिं ततो सो धम्मादियादि ॥**

જે જોઈને સંતુષ્ટ થઈ વંદન-નમન કરે જેમને,
સત્કાર કરે તેમનો તેનાથી ધર્મને ગ્રહણ કરે.

ગાથાર્થ : જે કોઈ તેને (પૂર્વોક્ત મુનિરાજને) જોઈને સંતુષ્ટ થઈને વંદન-નમસ્કાર આદિ દ્વારા સત્કાર કરે છે તે તેનાથી ધર્મ ગ્રહણ કરે છે.

ટીકાર્થ : જે ભવ્યોમાં પ્રધાન જીવ ઉપરાગ રહિત શુદ્ધાત્માની પ્રાપ્તિ લક્ષણ નિશ્ચય ધર્મ પરિણત પહેલા (૯૨ ગાથા) ના કહેલા (લક્ષણવાળા) મુનિરાજને જોઈને, ગુણોથી પૂર્ણ ભરેલ હોવાને કારણે અનુરાગથી સંતુષ્ટ થયો થકો.

પ્રશ્ન : સંતુષ્ટ થયો થકો શું કરે છે ?

ઉત્તર : વિનયથી મોક્ષના સાધક સમ્યક્ત્વ આદિ ગુણોની પ્રશંસા કરે છે. ''તપથી સિદ્ધ, નયથી સિદ્ધ'', ઈત્યાદિ રૂપથી વંદના કરે છે. ''આપને નમસ્કાર હો'' એ પ્રકારે નમસ્કાર કરે છે.

વગેરે રૂપથી તેના પ્રતિ વિશેષ ભક્તિ દ્વારા તે ભવ્ય તે મુનિવરોથી પુણ્ય ગ્રહણ કરે છે. તેના માધ્યમથી તે સમયે પુણ્યનો બંધ કરે છે. ॥ ૮ ॥

**વધારાની ગાથા - ૯**

હવે તે પુણ્યથી બીજા ભવમાં શું ફળ હોય છે તે પ્રતિપાદન કરે છે.

**तेण णरा व तिरिच्छा देविं वा माणुसिं गदिं पप्पा।**
**विहविस्सरियेहिं सया संपुण्णमणोरहा होंति ॥**

તિર્યંચ-નર પુણ્યથી પામે નર-સ્વર્ગની ગતિ,
વૈભવનો-ઐશ્વર્યનો મનોરથ પૂર્ણ સર્વદા.

ગાથાર્થ : મનુષ્ય અને તિર્યંચ તે પુણ્ય દ્વારા દેવ કે મનુષ્યગતિ ને પ્રાપ્ત કરીને વૈભવ અને ઐશ્વર્યથી સદા પરિપૂર્ણ મનોરથવાળા હોય છે.

ટીકાર્થ : તે પૂર્વે કરેલ પુણ્યથી આ વર્તમાન ભવમાં મનુષ્ય અને તિર્યંચ, બીજા ભવમાં દેવ અથવા મનુષ્ય ગતિ પ્રાપ્ત કરીને રાજાધિરાજ, રૂપ, સુંદરતા, સૌભાગ્ય, પુત્ર, સ્ત્રી આદિ પરિપૂર્ણ સંપત્તિ વૈભવ કહેવાય છે, આજ્ઞાના ફળને ઐશ્વર્ય કહેવાય છે, આ વૈભવ અને ઐશ્વર્યથી પરિપૂર્ણ મનોરથવાળા હોય છે. તેઓ પુણ્ય ભોગાદિ નિદાન રહિત હોવાથી જો સમ્યક્ત્વપૂર્વક હોય છે, તો તેનાથી પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરે છે - આ ભાવ છે. ॥ ૯ ॥

આ પ્રકારે શ્રી જયસેન આચાર્ય કૃત ''તાત્પર્યવૃત્તિ'' માં પૂર્વોક્ત પ્રકારની બોતેર ગાથા દ્વારા શુદ્ધ ઉપયોગ અધિકાર, ત્યારબાદ પચ્ચીસ ગાથાઓ દ્વારા જ્ઞાનકંડિકા ચતુષ્ટય નામથી બીજો અધિકાર અને ત્યારબાદ સમ્યક્ત્વ કથનરૂપથી પહેલી ગાથા રત્નત્રયના આધારભૂત પુરુષને જ ધર્મ સંભવ છે એ પ્રકારે બીજી ગાથા આ પ્રકારે બે સ્વતંત્ર ગાથાઓ, તે નિશ્ચય ધર્મધારી મુનિરાજની જે ભક્તિ કરે છે તેના ફળના કથનરૂપથી બે ગાથાઓ, આ પ્રકારે અલગથી ચાર ગાથાઓથી સહિત બે અધિકારો દ્વારા એકસો એક ગાથાઓમાં નિબદ્ધ ''જ્ઞાનતત્વ પ્રતિપાદક'' નામનો પહેલો મહાધિકાર પૂરો થયો.

# સમ્યક્દર્શન મહાધિકાર

## (જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અધિકાર)

આગળ (૯૧ મી) ગાથા સૂત્ર દ્વારા જે સમ્યક્દર્શનનું સંક્ષેપરૂપથી વ્યાખ્યાન કર્યું હતું. હવે તે પછી તે સમ્યક્દર્શનનું અને તેના વિષયભૂત પદાર્થોનું વ્યાખ્યાનના માધ્યમથી ૧૧૩ ગાથાઓ સુધી વિસ્તારથી વ્યાખ્યાન કરે છે.

અથવા બીજી પાતનિકા-પહેલા જે જ્ઞાનનું વ્યાખ્યાન કર્યુ હતું તેના જ્ઞેયભૂત પદાર્થોને કહે છે.

ત્યાં ૧૧૩ ગાથાઓમાં સર્વપ્રથમથી લઈને પાઠક્રમથી ૩૫ ગાથાઓ સુધી જ્ઞેયોનું સામાન્ય વ્યાખ્યાન, ત્યારબાદ ૧૯ ગાથાઓ સુધી જ્ઞેયોનું વિશેષ વ્યાખ્યાન, ત્યારબાદ ૮ ગાથાઓ સુધી સામાન્ય ભેદભાવના તથા ત્યારબાદ ૫૧ ગાથાઓ સુધી વિશેષ ભેદભાવના આ પ્રકારે બીજા મહા અધિકારમાં સામુહિક પાતનિકા છે.

**જ્ઞેયતત્ત્વપ્રજ્ઞાપન અપરનામ સમ્યક્દર્શન બીજા મહાધિકારનું અધિકાર વિભાજન**

| અધિકાર ક્રમ | અધિકારનું નામ | ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞેય અધિકાર | ૯૩ થી ૧૨૬ વધારાની ગાથા ૧૦ મી | ૩૫ |
| ૨ | વિશેષ જ્ઞેય અધિકાર | ૧૨૭ થી ૧૪૪, વધારાની ગાથા ૧૧ મી | ૧૯ |
| ૩ | સામાન્ય ભેદભાવના અધિકાર | ૧૪૫ થી ૧૫૧, વધારાની ગાથા ૧૨ મી | ૮ |
| ૪ | વિશેષ ભેદભાવના અધિકાર | ૧૫૨ થી ૨૦૦, વધારાની ગાથા ૧૩-૧૪ મી | ૫૧ |

હવે અહીં ''સામાન્ય જ્ઞેય વ્યાખ્યાન'' નામના પ્રથમ અધિકારના ''સામાન્ય દ્રવ્ય નિર્ણય'' નામના પ્રથમ અંતર અધિકારમાં પહેલી નમસ્કાર ગાથા, બીજી દ્રવ્ય-ગુણ-પર્યાય વ્યાખ્યાન ગાથા, ત્રીજી સ્વસમય - પરસમયના નિરૂપણની ગાથા અને ચોથી દ્રવ્યના સત્તાદિ ત્રણ લક્ષણની સુચક ગાથા, આ પ્રકારે ''પીઠિકા'' નામના પ્રથમ સ્થળની ચાર સ્વતંત્ર ગાથાઓ છે. ત્યારબાદ 'સત્તા લક્ષણ વ્યાખ્યાન' ની મુખ્યતાથી ચાર ગાથા સુધી બીજું સ્થળ, ત્યારબાદ ''ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણના કથન''ની મુખ્યતાથી ત્રણ ગાથા સુધી ત્રીજું સ્થળ ત્યારબાદ દ્રવ્ય-ગુણ-પર્યાયના નિરૂપણની મુખ્યતાથી બે ગાથા સુધી ચોથું સ્થળ છે. ત્યારબાદ ચાર ગાથાઓ દ્વારા પાંચમાં સ્થળમાં સત્તા-દ્રવ્યના અભેદ વિષયમાં યુક્તિ કહે છે. ત્યારબાદ સત્તા અને દ્રવ્યમાં ગુણ-ગુણી કથનરૂપથી પહેલી

ગાથા તથા દ્રવ્યની સાથે ગુણ-પર્યાયોનાં અભેદપણાની મુખ્તાથી બીજી ગાથા આ પ્રકારે છટ્ઠા સ્થાનમાં બે સ્વતંત્ર ગાથાઓ છે. ત્યારબાદ દ્રવ્યનો દ્રવ્યાર્થિક નયથી સત્-ઉત્પાદ અને પર્યાયાર્થિક નયથી અસત્ ઉત્પાદ હોય છે. એવા કથનરૂપથી સાતમા સ્થળમાં ચાર ગાથાઓ અને ત્યારબાદ આઠમા સ્થળમાં એક ગાથા દ્વારા નય સપ્તભંગીનું વ્યાખ્યાન છે. આ પ્રકારે સામુહિક રૂપથી આઠ સ્થળોમાં વહેંચાયેલ ચોવીસ ગાથાઓ દ્વારા દ્રવ્યનો નિર્ણય કરે છે.

**સામાન્ય જ્ઞેય અધિકારનું અંતર અધિકાર વિભાજન**

| અંતર અધિકાર ક્રમ | અંતર અધિકારનું નામ | ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
|---|---|---|---|
| ૧ | સામાન્ય દ્રવ્ય નિર્ણય | વધારાની ૧૦ + ૯૩ થી ૧૧૫ | ૨૪ |
| ૨ | સામાન્ય ભેદ ભાવના | ૧૧૬ થી ૧૨૬ | ૧૧ |
| કુલ બે અન્તરાધિકાર | | | કુલ ૩૫ ગાથા |

**સામાન્ય દ્રવ્ય નિર્ણય નામના અંતર અધિકારનું વિભાજન**

| સ્થળ ક્રમ | વિષય | ક્યાંથી ક્યા સુધી | કુલ કેટલી ગાથા |
|---|---|---|---|
| ૧ | ચાર સ્વતંત્ર ગાથારૂપ પીઠિકા | વધારાની ૧૦ + ૯૩ થી ૯૫ | ૪ |
| ૨ | સત્તા લક્ષણ વ્યાખ્યાન | ૯૬ થી ૯૯ | ૪ |
| ૩ | ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ વ્યાખ્યાન | ૧૦૦ થી ૧૦૨ | ૩ |
| ૪ | દ્રવ્ય-પર્યાય ગુણ-પર્યાયનિરૂપણ | ૧૦૩ થી ૧૦૪ | ૨ |
| ૫ | સત્તા-દ્રવ્યના અભેદ વિષયમાં યુક્તિ | ૧૦૫ થી ૧૦૮ | ૪ |
| ૬ | સત્તા-દ્રવ્યમાં ગુણગુણી કથન દ્રવ્યનું ગુણ પર્યાયો સાથે અભેદપણું | ૧૦૯ થી ૧૧૦ | ૨ |
| ૭ | દ્રવ્યાર્થિકનયથી સત્ ઉત્પાદ પર્યાયાર્થિકનયથી અસત્ ઉત્પાદ | ૧૧૧ થી ૧૧૪ | ૪ |
| ૮ | નય સપ્તભંગી | ૧૧૫ | ૧ |
| | કુલ ગાથા | | ૨૪ |

તે આ પ્રકારે હવે, સમ્યક્ત્વ અધિકાર કહે છે.

**વધારાની ગાથા નંબર ૧૦**

**तम्हा तस्स णमाइं किच्चा णिच्चं पि तम्मणो होज्ज।**
**वोच्छामि संगहादो परमट्‌ठविणिच्छयाधिगमं ॥**

આથી નમન કરી તેમને મન નિત જોડી તેમને,
અધિગમ કહું સંક્ષેપથી પરમાર્થ નિશ્ચાયકનો.

ગાથાર્થ : આથી તેમને (સમ્યક્ ચારિત્ર યુક્ત પૂર્વે કહેલ મુનિરાજાને) નમસ્કાર કરીને તથા હંમેશા તેમાં જ મન લગાવીને સંક્ષેપમાં પરમાર્થનો નિશ્ચય કરવાવાળા સમ્યક્ત્વ (અધિકાર)ને કહીશ.

પ્રશ્ન : નમસ્કાર આદિ કરીને શું કહીશ ?

ઉત્તર : પરમાર્થ (ત્રિકાળ ધ્રુવ તત્ત્વ નિજ ભગવાન આત્મા)નો નિશ્ચય કરવાવાળા અધિગમ-સમ્યક્ત્વને કહીશ.

પરમાર્થનો નિશ્ચય કરાવવાવાળા અધિગમ શબ્દથી સમ્યક્ત્વ કેવી રીતે કહે છે ? એવો જો પ્રશ્ન હોય તો.

ઉત્તર : પરમ અર્થ-પરમાર્થ-શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્મા, પરમાર્થનું વિશેષરૂપથી, સંશય આદિથી રહિત નિશ્ચય પરમાર્થ વિનિશ્ચયરૂપ અધિગમ છે. જે શંકા આદિ આઠ દોષથી રહિત છે કેમે યથાર્થરૂપથી પદાર્થોના અવબોધ સ્વરૂપ છે. એટલા માટે પરમાર્થ વિનિશ્ચય અધિગમ સમ્યક્ત્વ છે જેને (હું) કહીશ.

અથવા પરમાર્થ વિનિશ્ચય અર્થાત્ અનેકાન્તાત્મક-અનંત ગુણો અથવા પરસ્પર વિરૂદ્ધ પ્રતીત હોવાવાળા ધર્મ યુગલ સહિત અનંત ધર્મયુગલો સ્વરૂપ પદાર્થ સમૂહ તેનો અધિગમ-સમ્યક્જ્ઞાન જેનાથી થાય છે તેને કહીશ. હવે, પદાર્થના દ્રવ્ય ગુણ પર્યાય સ્વરૂપનું નિરૂપણ કરે છે.

## ગાથા ૯૩

છે અર્થ દ્રવ્યસ્વરૂપ, ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,
વળી દ્રવ્ય-ગુણથી પર્યયો; પર્યાયમૂઢ પરસમય છે. ૯૩.

અન્વયાર્થ :– [**अर्थः खलु**] પદાર્થ [**द्रव्यमयः**] દ્રવ્યસ્વરૂપ છે; [**द्रव्याणि**] દ્રવ્યો [**गुणात्मकानि**] ગુણાત્મક [**भणितानि**] કહેવામાં આવ્યાં છે; [**तैः तु पुनः**] અને વળી દ્રવ્ય તથા ગુણોથી [**पर्यायाः**] પર્યાયો થાય છે. [**पर्ययमूढाः हि**] પર્યાયમૂઢ જીવો [**परसमयाः**] પરસમય (અર્થાત્ મિથ્યાદૃષ્ટિ) છે.

ટીકાર્થ : અર્થ જ્ઞાનનો વિષયભૂત પદાર્થ વાસ્તવમાં દ્રવ્યમય છે.

પ્રશ્ન : પદાર્થ દ્રવ્યમય કેવી રીતે છે ?

ઉત્તર : તિર્યક્ (તીરછા-આડા) સામાન્ય અને ઉર્ધ્વતા (ઉભા-ચડઉતર) સામાન્ય લક્ષણ દ્રવ્યથી રચાયેલ હોવાને કારણે પદાર્થ દ્રવ્યમય છે. (હવે) તિર્યક્ સામાન્ય અને ઉર્ધ્વતા સામાન્યનું લક્ષણ કહે છે. એક સમયમાં અનેક વસ્તુઓમાં પ્રાપ્ત થવાવાળું અન્વય(પણું) તિર્યક્ સામાન્ય કહેવાય છે તેનું દૃષ્ટાંત કહે છે, જેવી રીતે અનેક સિદ્ધ જીવોમાં, આ સિદ્ધ છે, આ સિદ્ધ છે-આ પ્રકારે સમાન સ્વભાવવાળી સિદ્ધ જાતિનું જ્ઞાન તિર્યક સામાન્ય છે. અનેક સમયોમાં એક વસ્તુ સંબંધી સમાનતા ઉર્ધ્વતા સામાન્ય કહેવાય છે. તેનું દૃષ્ટાન્ત આપે છે કે જેવી રીતે કેવળજ્ઞાનની ઉત્પત્તિના સમયે જે મુક્તાત્મા છે તે બીજા સમયોમાં પણ તે જ છે, આવું જ્ઞાન ઉર્ધ્વતા સામાન્યરૂપ છે. અથવા અનેક ગાય શરીરમાં (ગાયોના સમુહમાં) આ ગાય, આ ગાય એવી રીતે ગો જાતિનું જ્ઞાન એ તિર્યક્ સામાન્ય છે. અને જેવી રીતે એક પુરુષ સંબંધી બાળ, કુમાર આદિ અવસ્થામાં આ તે જ દેવદત્ત છે એ પ્રકારના જ્ઞાનને ઉર્ધ્વતા સામાન્ય કહેવાય છે.

દ્રવ્ય ગુણાત્મક-ગુણસ્વભાવી કહેવામાં આવેલ છે. આ તે જ, આ તે જ ગુણ છે અથવા સાથે રહેવાવાળા ગુણ છે. આ પ્રકારથી ગુણનું લક્ષણ છે. જેવી રીતે સિદ્ધ જીવ દ્રવ્યને અનંતજ્ઞાન અનંત સુખ આદિ વિશેષ ગુણોની સાથે અને તેવી જ રીતે અગુરુ લઘુ આદિ સામાન્ય ગુણોની સાથે અભિન્નતા હોવાને કારણે (તે) ગુણાત્મક છે. તેવી રીતે પોત પોતાના વિશેષ-સામાન્ય ગુણોની સાથે અભિન્નતા હોવાથી બધા દ્રવ્યો ગુણાત્મક છે.

આ પૂર્વે કહેલા લક્ષણવાળા દ્રવ્ય અને ગુણથી પર્યાયો થાય છે. જે વ્યતિરેકિ-ભિન્ન ભિન્ન છે તે પર્યાયો છે. અથવા જે ક્રમથી થાય છે તે પર્યાયો છે. આ પ્રકારે પર્યાયનું લક્ષણ છે.

જેવી રીતે એક મુક્તાત્મા દ્રવ્યમાં ગતિ માર્ગણાથી વિરૂદ્ધ લક્ષણ અંતિમ શરીરના આકારથી કંઈક ઓછા આકારવાળી સિદ્ધ ગતિ પર્યાય તથા અગુરુલઘુ ગુણની ષટ્ગુણ વૃદ્ધિ-હાનિ રૂપ સાધારણ સ્વભાવવાળી ગુણ પર્યાયો છે; તેવી રીતે બધા દ્રવ્યોમાં સ્વભાવદ્રવ્ય પર્યાયો અને સ્વજાતીય-વિજાતીય વિભાવ દ્રવ્ય પર્યાયો હોય છે અને તેવી જ રીતે પંચાસ્તિકાય ગ્રંથમાં પહેલા કહેલા ક્રમથી "જેનો અસ્તિ સ્વભાવ છે" એવી ગાથામાં અને તેવી જ રીતે "જીવાદિક દ્રવ્ય ભાવ છે" વિગેરે ગાથામાં યથા સંભવ જાણી લેવું જોઈએ.

કેમકે આ પ્રકારે દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાન સંબંધમાં જે મૂઢ અજ્ઞાની છે અથવા નારકાદિ પર્યાયરૂપ હું નથી એવા પ્રકારના ભેદ વિજ્ઞાનમાં જે અજ્ઞાની (અજાણ) છે. તે પર સમય મિથ્યાદૃષ્ટિ છે. તેથી આ પરમેશ્વર-વીતરાગ સર્વજ્ઞદેવ દ્વારા કહેવામાં આવેલ દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા સમીચીન, કલ્યાણકારી છે એમ અભિપ્રાય છે. ॥ ૯૩ ॥

હવે પ્રસંગોપાત પરસમય-સ્વસમય વ્યવસ્થાને કહે છે.

## ગાથા ૯૪

પર્યાયમાં રત જીવ જે તે 'પરસમય' નિર્દિષ્ટ છે;
આત્મસ્વભાવે સ્થિત જે તે 'સ્વકસમય' જ્ઞાતવ્ય છે. ૯૪.

અન્વયાર્થ :– [**यी जीवाः**] જે જીવો [**पर्यायेषु निरताः**] પર્યાયોમાં લીન છે [**परसमयिकाः इति निर्दिष्टाः**] તેમને પરસમય કહેવામાં આવ્યા છે; [**आत्मस्वभावे स्थिताः**] જે જીવો આત્મસ્વભાવમાં સ્થિત છે [**ते**] તે [**स्वकसमयाः ज्ञातव्याः**] સ્વસમય જાણવા.

ટીકાર્થ : જે પર્યાયોમાં લીન - આસક્ત જીવ છે, તે પરસમય છે-એમ કહે છે. તે આ પ્રકારે– મુનષ્ય આદિ પર્યાયરૂપ હું છું - એવી પરિણતિને અહંકાર કહે છે. મનુષ્ય આદિ શરીર, તે શરીરના આધારે ઉત્પન્ન પાંચ ઈન્દ્રિયો, તેના વિષય તથા તે જન્ય સુખ-આ મારા છે-આવી પરિણતિ તે મમત્વ છે. મમત્વ - અહંકાર રહિત (એવી) પરમ ચૈતન્ય ચમત્કાર પરિણતિ રહિત જે જીવ આ બન્ને રૂપે પરિણત છે, તે જીવ કર્મના ઉદયમાં ઉત્પન્ન પર-પર્યાયોમાં લીન-આસક્ત હોવાથી પરસમય-મિથ્યાદૃષ્ટિ કહેલ છે.

અને જે આત્મા-સ્વરૂપમાં સ્થિત છે - લીન છે. તે સ્વસમય છે, એમ માનવું-જાણવું જોઈએ. તે આ પ્રકારે-જેમ અનેક કમરાઓમાં લઈ જવામાં આવેલ એક રત્નદીપકની જેમ અનેક શરીરોમાં પણ "હું એક છું" - આ પ્રકારના દૃઢ સંસ્કારથી નિજ શુદ્ધાત્મામાં સ્થિત રહે છે-લીન રહે છે, તે કર્મોના ઉદયથી ઉત્પન્ન પર્યાયરૂપ પરિણમનથી રહિત હોવાને કારણે સ્વસમય છે - આમ અર્થ છે. ॥૯૪॥

હવે, દ્રવ્યના સત્તા આદિ ત્રણ લક્ષણને સુચિત કરે છે, દ્રવ્યના ત્રણ લક્ષણો કહે છે.

## ગાથા ૯૫

છોડ્યા વિના જ સ્વભાવને ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે,
વળી ગુણ ને પર્યય સહિત જે, 'દ્રવ્ય' ભાખ્યું તેહને. ૯૫.

અન્વયાર્થ :– [**अपरित्यक्तस्वभावेन**] સ્વભાવને છોડ્યા વિના [**यत्**] જે [**उत्पाद्व्यय-ध्रुवत्वसंबद्धम्**] ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસંયુક્ત છે [**च**] તથા [**गुणवत् सपर्यायं**] ગુણવાળું ને પર્યાયસહિત છે. [**तत**] તેને [**द्रव्यम् इति**] 'દ્રવ્ય' [**ब्रुवन्ति**] કહે છે.

ટીકાર્થ : સ્વભાવને નહીં છોડવાવાળા અસ્તિત્વ સાથે અભિન્ન-ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની સાથે સંયુક્ત-ગુણયુક્ત અને પર્યાય સહિત - જે આ પ્રકારે સત્તા આદિ ત્રણ લક્ષણો સહિત છે - તે દ્રવ્ય છે

- એમ સર્વજ્ઞ કહે છે.

આ દ્રવ્યને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય અને ગુણપર્યાય સાથે લક્ષ્યલક્ષણ ભેદ હોવા છતાં પણ સત્તાથી ભેદ નથી.

પ્રશ્ન : જો સત્તાભેદ નથી તો શું કરે છે ?

ઉત્તર : સ્વરૂપથી જ એ વિવિધતાઓનું અવલંબન કરે છે.

પ્રશ્ન : તે વિવિધતાઓનું અવલંબન કરે છે તેનો શું અર્થ છે ?

ઉત્તર : શુદ્ધાત્માની જેમજ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ અને ગુણ-પર્યાય સ્વરૂપ પરિણમિત થાય છે - આમ અર્થ છે.

આ પ્રકારે કેવળજ્ઞાનની ઉત્પત્તિના પ્રસંગમાં શુદ્ધાત્માની રુચિ, જ્ઞાન નિશ્ચળ અનુભૂતિ-સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ કારણ-સમયસાર પર્યાયનો વિનાશ થવાથી શુદ્ધાત્માની પ્રાપ્તિ રૂપ કાર્યસમયસારનો ઉત્પાદ, કારણ સમયસારનો વ્યય તથા તે બન્નેના આધારભૂત પરમાત્મા દ્રવ્યરૂપથી ધ્રૌવ્ય છે. તેવી જ રીતે અનંત જ્ઞાનાદિ ગુણ, ગતિમાર્ગણાથી વિપરીત સિદ્ધગતિ, ઈન્દ્રિય માર્ગણાથી વિપરીત અતિન્દ્રિયતા આદિ લક્ષણવાળી શુદ્ધપર્યાયો છે. જેમકે - શુદ્ધ સત્તા સાથે અભિન્ન પરમાત્મદ્રવ્ય પૂર્વોક્ત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને ગુણ-પર્યાયો સાથે સંજ્ઞા લક્ષણ-પ્રયોજન આદિનો ભેદ હોવા છતાં તેની સાથે સત્તાભેદ ન કરતાં, સ્વરૂપથી જ તે વિવિધતાઓનું અવલંબન કરે છે.

પ્રશ્ન : તે વિવિધતાઓનો શું અર્થ છે ?

ઉત્તર : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, ગુણ-પર્યાય સ્વરૂપથી પરિણમિત થાય છે-આમ અર્થ છે.

તે જ પ્રકારે દરેક દ્રવ્યો પોત-પોતાના યથોચિત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને તે જ પ્રકારે ગુણપર્યાયો સાથે જો કે સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન આદિ દ્વારા ભેદ કરે છે; છતાં સત્તા-સ્વરૂપથી ભેદ નથી કરતા, સ્વભાવથી જ તે વિવિધતાઓનું અવલંબન કરે છે.

પ્રશ્ન : આ વિવિધતાઓ નો શું અર્થ છે ?

ઉત્તર : ઉત્પાદ-વ્યય આદિ સ્વરૂપથી પરિણમિત થાય છે - આમ અર્થ છે.

અથવા, જેમ વસ્ત્ર નિર્મળ પર્યાયથી ઉત્પન્ન, મલિન પર્યાયથી નષ્ટ અને તે બન્નેનાં આધારભૂત કાપડરૂપથી ધ્રુવ-અવિનશ્વર છે અને તે જ પ્રકારે સફેદ રંગ આદિ ગુણ તથા નવી જુની પર્યાય સહિત છે; તે જ પ્રકારે સત્ તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને પોતાના ગુણ-પર્યાયો સાથે સંજ્ઞા આદિ ભેદ હોવા છતાં પણ સત્તારૂપથી ભેદ નથી કરતું.

પ્રશ્ન : સત્તા રૂપથી ભેદ નથી કરતું તો શું કરે છે ?

ઉત્તર : સ્વરૂપથી જ ઉત્પાદ-આદિ રૂપે પરિણમિત થાય છે. આ પ્રકારે દરેક દ્રવ્યોનું જાણવું જોઈએ. આ અભિપ્રાય છે. ॥ ૯૫ ॥

આ પ્રકારે નમસ્કાર ગાથા, દ્રવ્ય-ગુણ-પર્યાય કથન ગાથા, સ્વસમય-પરસમય નિરૂપણ ગાથા અને સત્તા આદિ ત્રણ લક્ષણ સૂચક ગાથા - આ પ્રકારે ચાર સ્વતંત્ર ગાથાઓ દ્વારા પીઠિકા નામનું પ્રથમ સ્થળ સમાપ્ત થયું.

હવે સૌ પ્રથમ સ્વરૂપ-અસ્તિત્વને પ્રતિપાદન કરે છે.

## ગાથા ૯૬

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશથી, ગુણ ને વિવિધ પર્યાયથી
અસ્તિત્વ દ્રવ્યનું સર્વદા જે, તેહ દ્રવ્યસ્વભાવ છે. ૯૬.

અન્વયાર્થ :– [**सर्वकालं**] સર્વ કાળે [**गुणै:**] ગુણો તથા [**चित्रै: स्वकपर्ययै:**] અનેક પ્રકારના પોતાના પર્યાયો વડે [**उत्पादव्ययध्रुवत्वै:**] તેમ જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય વડે [**द्रव्यस्य सद्भाव:**] દ્રવ્યનું જે અસ્તિત્વ, [**हि**] તે ખરેખર [**स्वभाव:**] સ્વભાવ છે.

ટીકાર્થ : વાસ્તવમાં સ્વભાવ-સ્વરૂપ છે.

પ્રશ્ન : સ્વભાવરૂપ કર્તા કોણ છે-સ્વભાવ શું છે ?

ઉત્તર : સદ્‌ભાવ-શુદ્ધસત્તા અથવા શુદ્ધ અસ્તિત્વ સ્વભાવ છે.

પ્રશ્ન : શુદ્ધ અસ્તિત્વ કોનો સ્વભાવ છે ?

ઉત્તર : મુક્ત આત્મ દ્રવ્યનો સ્વભાવ છે. અને તે સ્વરૂપ-અસ્તિત્વ જેમ મુક્ત આત્માઓથી ભિન્નભૂત પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્યોનું અને શેષ જીવ દ્રવ્યોનું ભિન્નપણું છે. તેવું ભિન્ન નથી.

પ્રશ્ન : તે સ્વરૂપ કોનાથી ભિન્ન નથી ?

ઉત્તર : કેવળજ્ઞાનાદિ ગુણો અને અંતિમ શરીરાકારથી થોડો ન્યુન આકાર આદિ પોતાની પર્યાયોથી ભિન્ન નથી.

પ્રશ્ન : તે પર્યાયો કેવી છે ?

ઉત્તર : સિદ્ધગતિત્વ, અતીન્દ્રિયત્વ, અશરીરત્વ, અયોગત્વ, અવેદત્વ ઈત્યાદિ અનેક ભેદોથી પૃથક-પૃથક છે (અને) માત્ર ગુણ-પર્યાયોથી ભિન્ન નથી એટલું જ નથી, પરંતુ શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષપર્યાયનો ઉત્પાદ, રાગાદિ વિકલ્પ રહિત પરમ સમાધિરૂપ મોક્ષમાર્ગ-રત્નત્રય પર્યાયનો વ્યય તથા મોક્ષ તેમજ મોક્ષમાર્ગના આધારભૂત અન્વયરૂપથી રહેવાવાળી દ્રવ્યતા (જેનું) લક્ષણ (છે તે) ધ્રૌવ્ય-આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણવાળા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી (શુદ્ધાત્મા) ભિન્ન નથી.

પ્રશ્ન : તો તે આ બધાંથી ભિન્ન કઈ રીતે નથી ?

ઉત્તર : હંમેશા તે રૂપે રહેવાનો કારણે ભિન્ન નથી.

પ્રશ્ન : અથવા તે ઉત્પાદાદિથી ભિન્ન ક્યારે નથી ?

ઉત્તર : સર્વકાળે-હંમેશા તેનાથી ભિન્ન નથી.

પ્રશ્ન : આ બધાંથી ભિન્ન કેમ નથી ?

ઉત્તર : કેમકે કર્તાભૂત ગુણ-પર્યાયના અસ્તિત્વથી અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના અસ્તિત્વથી શુદ્ધાત્મદ્રવ્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તથા શુદ્ધાત્મદ્રવ્યના અસ્તિત્વથી ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું અસ્તિત્વ સિદ્ધ થાય છે; તેથી આ બધા પરસ્પરથી ભિન્ન-ભિન્ન નથી.

તે આ પ્રકારે-જેમ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા સુવર્ણથી અભિન્ન પીળાપણાં આદિ ગુણો તથા કુંડળ આદિ પર્યાયો સંબંધી જે અસ્તિત્વ છે, તે જ સુવર્ણનું શુદ્ધ અસ્તિત્વ છે; તેવી જ રીતે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા પરમાત્મ-દ્રવ્યથી અભિન્ન કેવળજ્ઞાનાદિ ગુણો તથા અંતિમ શરીરાકારથી થોડો ન્યુન આકાર આદિ પર્યાયોનું જે અસ્તિત્વ છે, તે જ મુક્ત-આત્મદ્રવ્યનું શુદ્ધ અસ્તિત્વ છે.

જેમ - પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા પીળાપણાં આદિ ગુણો તથા કુંડળ આદિ પર્યાયોથી અભિન્ન સુવર્ણ સંબંધી જે અસ્તિત્વ છે, તે પીળાપણાં આદિ ગુણો તથા કુંડળ આદિ પર્યાયોનો સ્વભાવ છે; તે પ્રકારે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ દ્વારા કેવળજ્ઞાનાદિ ગુણો તથા અંતિમ શરીરાકારથી થોડો ન્યુન આકાર આદિ પર્યાયોથી અભિન્ન મુક્ત-આત્મદ્રવ્ય સંબંધી જે અસ્તિત્વ છે, તે જ કેવળજ્ઞાનાદિ ગુણો તથા અંતિમ શરીરાકારથી થોડો ન્યુન આકાર આદિ પર્યાયોનો સ્વભાવ (છે તેમ) જાણવું જોઈએ.

હવે, અહીં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું પણ દ્રવ્યની સાથે અભિન્ન અસ્તિત્વ કહે છે. જેમ - પોતાના દ્રવ્ય આદિ ચતુષ્ટય દ્વારા સુવર્ણથી અભિન્ન કડાની પર્યાયના ઉત્પાદ, કંકણ પર્યાયના વિનાશ અને સુવર્ણતા લક્ષણ (રૂપ) ધ્રૌવ્ય સંબંધી જે અસ્તિત્વ છે, તે જ સુવર્ણનું શુદ્ધ અસ્તિત્વ છે; તે જ પ્રકારે સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય દ્વારા પરમાત્મ દ્રવ્યથી અભિન્ન મોક્ષપર્યાયનો ઉત્પાદ, મોક્ષમાર્ગ પર્યાયનો વ્યય તથા તે બન્નેના આધારભૂત પરમાત્મદ્રવ્યતા લક્ષણ (રૂપ) ધ્રૌવ્ય સંબંધી જે અસ્તિત્વ છે, તે જ મુક્ત-આત્મ દ્રવ્યનું શુદ્ધ અસ્તિત્વ છે.

જેમ સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય દ્વારા કડાની પર્યાયનો ઉત્પાદ, કંકણ પર્યાયનો વ્યય અને સુવર્ણતા લક્ષણ (રૂપ) ધ્રૌવ્યથી અભિન્ન સુવર્ણ સંબંધી જે અસ્તિત્વ છે તે જ કડાની પર્યાયનો ઉત્પાદ, કંકણ પર્યાયનો વ્યય તથા તે બન્નેના આધારભૂત સુવર્ણતા લક્ષણ (રૂપ) ધ્રૌવ્યનો સ્વભાવ છે; તે જ પ્રકારે સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય દ્વારા મોક્ષપર્યાયનો ઉત્પાદ, મોક્ષમાર્ગ પર્યાયનો વ્યય તથા તે બન્નેના આધારભૂત

મુક્તાત્મદ્રવ્યત્વ લક્ષણ (રૂપ) ધ્રૌવ્યથી અભિન્ન પરમાત્મદ્રવ્ય સંબંધી જે અસ્તિત્વ છે, તે જ મોક્ષપર્યાયનો ઉત્પાદ, મોક્ષમાર્ગ પર્યાયનો વ્યય તથા તે બન્નેના આધારભૂત મુક્તાત્મદ્રવ્યત્વ લક્ષણ (રૂપ) ધ્રૌવ્યનો સ્વભાવ છે.

આ પ્રકારે જે મુક્તાત્મ-દ્રવ્યની પોતાના ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાથે સ્વરૂપાસ્તિત્વ નામની અવાંતરસત્તા અભિન્ન સ્થાપિત કરી છે; તે જ પ્રકારે બાકી બધા દ્રવ્યોની પણ સ્થાપિત કરવી જોઈએ - આમ અર્થ છે. ॥ ૯૬ ॥

હવે, સાદ્રશ્ય અસ્તિત્વ દ્વારા દર્શાવવામાં આવતી મહાસત્તાનું પ્રજ્ઞાપન કરે છે (તેની વિશેષ જાણકારી કરાવે છે)–

## ગાથા ૯૭

વિધવિધલક્ષણીનું સરવ-ગત 'સત્ત્વ' લક્ષણ એક છે,
- એ ધર્મને ઉપદેશતા જિનવરવૃષભ નિર્દિષ્ટ છે. ૯૭.

અન્વયાર્થ :– [**धर्मं**] ધર્મને [**खलु**] ખરેખર [**उपदिशता**] ઉપદેશતા [**जिनवरवृषभेण**] [1]જિનવરવૃષભે [**इह**] આ વિશ્વમાં [**विविधलक्षणानां**] વિવિધ લક્ષણવાળાં (ભિન્ન ભિન્ન સ્વરૂપ-અસ્તિત્વવાળાં સર્વ) દ્રવ્યોનું, [**सत् इति**] 'સત્' એવું [**सर्वगतं**] [2]સર્વગત [**लक्षणं**] લક્ષણ (સાદશ્ય-અસ્તિત્વ) [**एकं**] એક [**प्रज्ञप्तम्**] કહ્યું છે.

ટીકાર્થ : આ લોકમાં પ્રત્યેક સત્તા નામના સ્વરૂપાસ્તિત્વ દ્વારા ભિન્ન-ભિન્ન લક્ષણવાળા ચેતન-અચેતન મૂર્ત-અમૂર્ત પદાર્થોનું એક અખંડ લક્ષણ છે.

પ્રશ્ન : તે અખંડ લક્ષણ શું છે ? અથવા અખંડ લક્ષણરૂપ કર્તા કોણ છે ?

ઉત્તર : તે બધા ''સત્'' છે - આ પ્રકારે મહાસત્તારૂપ અખંડ લક્ષણ છે.

પ્રશ્ન : તે લક્ષણ કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : મિશ્રતારૂપ અને ભિન્નતારૂપ દોષોથી રહિત પોતાની જાતિનો વિરોધ નહીં કરવાવાળું શુદ્ધસંગ્રહનયથી સર્વગત અને સર્વ પદાર્થોમાં વ્યાપક પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : આવું કોણે કહ્યું છે ?

ઉત્તર : વસ્તુનો સ્વભાવ ધર્મ છે - એમ સ્પષ્ટરૂપે ઉપદેશ આપવાવાળા જિનવરોમાં શ્રેષ્ઠ એવા તીર્થંકરોએ સંક્ષેપમાં આમ કહ્યું છે.

---

જિનવર વૃષભે = જિનવરોમાં શ્રેષ્ઠ, તીર્થંકર, સર્વગત = સર્વમાં વ્યાપનાર.

તે આ પ્રકારે - જેમ દરેક મુક્ત-આત્મા છે એમ કહેવાથી પરમાનંદ એક લક્ષણ સુખરૂપી અમૃતરસના આસ્વાદથી ભરેલ અવસ્થ-પરિપૂર્ણ ભરેલ, લોકાકાશ પ્રમાણ શુદ્ધ-માત્ર અસંખ્યાત આત્મપ્રદેશોથી તથા અંતિમ શરીરાકારથી થોડા ન્યુન આકાર આદિ પર્યાયોથી, તથા મિશ્રતારૂપ અને ભિન્નતારૂપ દોષોના નિરાકરણરૂપ જાતિ-ભેદથી ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ સર્વે સિદ્ધોનું ગ્રહણ થાય છે; આ પ્રકારે 'બધા સત્ છે' - એ કહેવાથી સંગ્રહનયથી બધા પદાર્થોનું ગ્રહણ થાય છે.

અથવા, જેમ આ સેના છે, આ વન છે - એમ કહેવાથી પોત-પોતાની જાતિના ભેદથી ભિન્ન-ભિન્ન ક્રમશઃ ઘોડા, હાથી આદિ પદાર્થોનું અને લીંબડો, આંબો આદિ વૃક્ષોનું એક સાથે ગ્રહણ થાય છે; તે પ્રકારે 'બધા સત્ છે' -એમ કહેવાથી શુદ્ધસંગ્રહનય દ્વારા સાદ્રશ્યતા નામક મહાસત્તારૂપ પોતાની જાતિના અવિરોધપણાથી બધા પદાર્થોનું ગ્રહણ થાય છે - આમ અર્થ છે.

હવે, જેમ દ્રવ્ય સ્વભાવથી સિદ્ધ છે, તે જ પ્રકારે તે સત્ પણ સ્વભાવથી સિદ્ધ છે, એમ પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૯૮

દ્રવ્યો સ્વભાવે સિદ્ધ ને 'સત્' - તત્ત્વતઃ શ્રી જિનો કહે;
એ સિદ્ધ છે આગમ થકી, માને ન તે પરસમય છે. ૯૮.

અન્વયાર્થ :– [**द्रव्यं**] દ્રવ્ય [**स्वभावसिद्धं**] સ્વભાવથી સિદ્ધ અને [**सत् इति**] (સ્વભાવથી જ) 'સત્' છે એમ [**जिना:**] જિનોએ [**तत्त्वत:**] તત્ત્વતઃ [**समाख्यातवन्त:**] કહ્યું છે; [**तथा**] એ પ્રમાણે [**आगमत:**] આગમ દ્વારા [**सिद्धं**] સિદ્ધ છે; [**य:**] જે [**न इच्छति**] ન માને [**स:**] તે [**हि**] ખરેખર [**परसमय:**] પરસમય છે.

ટીકાર્થ : દ્રવ્ય-પરમાત્મદ્રવ્ય સ્વભાવસિદ્ધ છે.

પ્રશ્ન : પરમાત્મદ્રવ્ય સ્વભાવસિદ્ધ કેવી રીતે છે ?

ઉત્તર : અનાદિ-અનંત, અન્ય કારણોથી નિરપેક્ષ, સ્વયંથી જ સિદ્ધ કેવળજ્ઞાનાદિ ગુણોના આધારભૂત, હંમેશા આનંદમય એકરૂપ સુખરૂપી અમૃતરસમય પરમસમતારસ ભાવથી પરિણિત બધા શુદ્ધાત્મપ્રદેશોમાં પરિપૂર્ણ ભરેલ શુદ્ધ ઉપાદાનભૂત પોતાના સ્વભાવથી નિષ્પન્ન હોવાના કારણથી પરમાત્મદ્રવ્ય સ્વભાવસિદ્ધ છે. અને જે સ્વભાવસિદ્ધ નથી, તે દ્રવ્ય પણ નથી. દ્વિ-અણુક આદિ પુદ્ગલસ્કંધ પર્યાયોની જેમ અને મનુષ્યાદિ જીવપર્યાયોની જેમ સ્વભાવ-સિદ્ધ નહિ હોવાવાળું

૧. અવસ્થિત = રહેલું, ટકેલું.

દ્રવ્ય પણ નથી. જેમ જે સ્વભાવથી સિદ્ધ છે તે દ્રવ્ય છે; તે જ પ્રકારે 'સત્' એવું સત્તાનું લક્ષણ પણ સ્વભાવથી જ છે, ભિન્ન સત્તાના સમવાયથી સત્ નથી.

અથવા, જેમ દ્રવ્ય, સ્વભાવથી જ સિદ્ધ છે, તે જ પ્રકારે તેનો જે સત્તાગુણ છે, તે પણ સ્વભાવસિદ્ધ જ છે.

પ્રશ્ન : દ્રવ્યની જેમ તેનો ગુણ સત્ સ્વભાવસિદ્ધ કેવી રીતે છે ?

ઉત્તર : જો આમ પ્રશ્ન હોય તો - સત્તા અને દ્રવ્યનો સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિનો ભેદ હોવા છતાં પણ, દંડ અને દંડીની જેમ સમાન પ્રદેશભેદનો અભાવ હોવાથી, દ્રવ્યના ગુણ હોવાથી; દ્રવ્યની જેમ સત્ પણ સ્વભાવસિદ્ધ છે.

પ્રશ્ન : ઉપર્યુક્ત આ બધું કોણ કહે છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાનરૂપ કર્તા, વાસ્તવમાં ઘણી ચોખવટ સાથે આ કહે છે - દ્રવ્યાર્થિકનયથી પરંપરાની અપેક્ષાએ અનાદિ-અનંત આગમથી પણ એવું જ સિદ્ધ છે. જેઓ આ વસ્તુસ્વરૂપને નથી માનતા, તેઓ સ્પષ્ટ પરસમય-મિથ્યાદૃષ્ટિ છે.

આ પ્રકારે જેમ પરમાત્મ દ્રવ્ય સ્વભાવથી સિદ્ધ છે, તે પ્રકારે બધા દ્રવ્યોને જાણવા જોઈએ.

અહીં, દ્રવ્ય કોઈ પણ પુરુષ દ્વારા કરાવવામાં આવેલ નથી, (તેમજ) સત્તાગુણ પણ દ્રવ્યથી ભિન્ન નથી-આમ અભિપ્રાય છે. ॥ ૯૮ ॥

હવે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત હોવા છતાં સત્તા જ દ્રવ્ય છે, એમ પ્રજ્ઞાપન કરે છે (એવી વિશેષ જાણકારી કરાવે છે)

## ગાથા ૯૯

દ્રવ્યો સ્વભાવ વિષે અવસ્થિત, તેથી 'સત્' સૌ દ્રવ્ય છે;
ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશયુક્ત પરિણામ દ્રવ્યસ્વભાવ છે. ૯૯.

અન્વયાર્થ :– [**स्वभावे**] સ્વભાવમાં [**अवस्थितं**] [1]અવસ્થિત (હોવાથી) [**द्रव्यं**] દ્રવ્ય [**सत्**] 'સત્' છે; [**द्रव्यस्य**] દ્રવ્યનો [**यः हि**] જે [**स्थितिसंभवनाशसंबद्धः**] ઉત્પાદવ્યયધ્રૌવ્ય સહિત [**परिणामः**] પરિણામ [**सः**] તે [**अर्थेषु स्वभावः**] પદાર્થોનો સ્વભાવ છે.

ટીકાર્થ : મુક્તાત્મા દ્રવ્ય છે.

પ્રશ્ન : તે દ્રવ્ય શું છે ? આ (ઉપરોક્ત) વાક્યમાં કર્તા કોણ છે ?

૧. અવસ્થિત = રહેલું, ટકેલું.

ઉત્તર : 'સત્' -એવું શુદ્ધચેતનાનું અન્વય (તેનું તે જ) રૂપ અસ્તિત્વ દ્રવ્ય છે.

પ્રશ્ન : તે અસ્તિત્વ કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : તે સારી રીતે સ્થિત છે.

પ્રશ્ન : તે સારી રીતે ક્યાં સ્થિત છે ?

ઉત્તર : તે સ્વભાવમાં સારી રીતે સ્થિત છે. અહીં એ સ્વભાવને કહેવામાં આવે છે તે પરમાત્મદ્રવ્ય સંબંધીનું સ્પષ્ટ પરિણામ છે.

પ્રશ્ન : કયા વિષયોમાં તે પરિણામ છે ?

ઉત્તર : પરમાત્મપદાર્થનો ધર્મ-સ્વભાવ હોવાથી અભેદનયથી તેને અર્થ કહેવામાં આવે છે.

પ્રશ્ન : તે અર્થ કોણ છે ?

ઉત્તર : કેવળજ્ઞાન આદિ ગુણ અને સિદ્ધત્વ આદિ પર્યાયો તે અર્થ છે. અને આ અર્થો-વિષયોમાં જે તે પરિણામ છે. કેવળજ્ઞાન આદિ ગુણ અને સિદ્ધત્વ આદિ પર્યાયરૂપ પરિણમન તે પરમાત્મદ્રવ્યનો સ્વભાવ છે.

પ્રશ્ન : અને તે સ્વભાવ કેવો છે ?

ઉત્તર : નિજાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષપર્યાયનો ઉત્પાદ, તે જ સમયે પરમાગમની ભાષા પ્રમાણે એકત્વવિતર્ક-અવિચારરૂપ દ્વિતીય શુકલધ્યાન નામક શુદ્ધ ઉપાદાનભૂત સમસ્ત રાગાદિ વિકલ્પોની ઉપાધિ (સંયોગ) રહિત સ્વસંવેદન જ્ઞાનપર્યાયનો વ્યય અને તે જ સમયે તે બન્નેના આધારભૂત પરમાત્મદ્રવ્યની સ્થિતિ, ધ્રુવતા અને આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણયુક્ત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-આ ત્રણેથી સહિત તે સ્વભાવ છે.

આ પ્રકારે જો કે પર્યાયાર્થિકનયથી એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-આ ત્રણરૂપે પરમાત્મદ્રવ્ય પરિણત છે, તો પણ દ્રવ્યાર્થિકનયથી તો સત્તાલક્ષણ માત્ર જ છે.

પ્રશ્ન : ત્રણ લક્ષણોવાળું હોવા છતાં પણ સત્નું સત્તાલક્ષણ કેવી રીતે કહેવામાં આવે છે ? એવો જો પ્રશ્ન હોય તો ઉત્તર આપે છે.

ઉત્તર : 'સત્ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સહિત છે' -એવું વચન હોવાથી (તેને) સત્તાલક્ષણવાળું કહેવામાં આવે છે.

જેમ આ પરમાત્મદ્રવ્ય, એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપથી પરિણમતું થકું જ સત્તાલક્ષણવાળું કહેવામાં આવેલ છે; તે જ પ્રકારે બધા દ્રવ્યો, એક જ સમયમાં ઉત્પાદાદિ રૂપથી પરિણમિત થયા થકા સત્તાલક્ષણવાળા છે - આમ અર્થ છે. ॥ ૯૯ ॥

આ પ્રકારે સ્વરૂપ સત્તારૂપથી પહેલી ગાથા, મહાસત્તારૂપથી બીજી ગાથા, જેમ દ્રવ્ય સ્વતઃ સિદ્ધ છે - તેમ સત્તાગુણ પણ છે; આ કથનરૂપ ત્રીજી ગાથા અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સહિત હોવા છતાં પણ સત્તા જ દ્રવ્ય કહેવામાં આવેલ છે - આ કથનરૂપ ચોથી ગાથા. આ પ્રકારે ચાર ગાથાઓ

દ્વારા સત્તાલક્ષણ - વિવરણની મુખ્યતાથી દ્વિતીય સ્થળ સમાપ્ત થયું.

હવે, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની પરસ્પર સાપેક્ષતા દર્શાવે છે.

## ગાથા ૧૦૦

ઉત્પાદ ભંગ વિના નહીં, સંહાર સર્ગ વિના નહીં;
ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય-પદાર્થ વિણ વર્તે નહીં. ૧૦૦.

અન્વયાર્થ :– [**भव:**] ઉત્પાદ [**भङ्गविहीन:**] [2]ભંગ વિનાનો [**न**] હોતો નથી [**वा**] અને [**भङ्ग:**] ભંગ [**संभवविहीन:**] ઉત્પાદ વિનાનો [**नास्ति**] હોતો નથી; [**उत्पाद:**] ઉત્પાદ [**अपि च**] તેમ જ [**भङ्ग:**] ભંગ [**ध्रौव्येण अर्थेन विना**] ધ્રૌવ્ય પદાર્થ વિના [**न**] હોતા નથી.

ટીકાર્થ : નિર્દોષ પરમાત્માની રૂચિરૂપ સમ્યક્ત્વપર્યાયનો ઉત્પાદ, તે તેનાથી વિપરીત મિથ્યાત્વપર્યાયના વિનાશ વિના નથી થતો.

પ્રશ્ન : મિથ્યાત્વપર્યાયના વિનાશ વિના સમ્યક્ત્વ પર્યાયનો ઉત્પાદ કેમ નથી થતો ?

ઉત્તર : ઉપાદાન કારણનો અભાવ હોવાથી જેમ માટીના પિંડના વિનાશ વિના ઘડાની ઉત્પત્તિ નથી થતી, તે જ પ્રકારે મિથ્યાત્વપર્યાયના વિનાશ વિના સમ્યક્ત્વપર્યાયની ઉત્પત્તિ પણ નથી થતી. અને બીજું પણ કારણ છે - મિથ્યાત્વપર્યાયના વિનાશનું સમ્યક્ત્વપર્યાયરૂપથી પ્રતિભાસન થવાથી તેના (મિથ્યાત્વપર્યાયના) વિનાશ વિના સમ્યક્ત્વપર્યાય ઉત્પન્ન નથી થતી.

પ્રશ્ન : તેના (મિથ્યાત્વપર્યાયના) વિનાશનું સમ્યક્ત્વપર્યાયરૂપથી પ્રતિભાસન કેવી રીતે થાય છે ?

ઉત્તર : ''અભાવ અન્ય પદાર્થના સ્વભાવરૂપ હોય છે'' - એવું વચન હોવાથી. જેમ માટીના પિંડનો અભાવ ઘડાની ઉત્પત્તિરૂપથી પ્રતિભાસિત થાય છે; તે જ પ્રકારે મિથ્યાત્વપર્યાયનો અભાવ સમ્યક્ત્વપર્યાયની ઉત્પત્તિરૂપથી પ્રતિભાસિત થાય છે.

જો સમ્યક્ત્વના ઉપાદાનકારણભૂત મિથ્યાત્વપર્યાયના વિનાશ વિના જ શુદ્ધાત્માની અનુભૂતિ રૂચિ રૂપ સમ્યક્ત્વનો ઉત્પાદ થાય, તો ઉપાદાનકારણથી રહિત આકાશના ફુલ આદિનો પણ ઉત્પાદ થાય. પરંતુ તેમ તો થતું નથી.

પરદ્રવ્ય ઉપાદેય છે એવી રૂચિરૂપ મિથ્યાત્વનો વિનાશ નથી થતો.

પ્રશ્ન : કેવી રીતે મિથ્યાત્વનો વિનાશ નથી થતો ?

૨. ભંગ = વ્યય; નાશ.

ઉત્તર : અગાઉ કહેવામાં આવ્યા મુજબ સમ્યક્ત્વપર્યાયના ઉત્પાદથી રહિત મિથ્યાત્વનો વિનાશ નથી થતો.

પ્રશ્ન : સમ્યક્ત્વપર્યાયની ઉત્પત્તિ વિના મિથ્યાત્વપર્યાયનો વિનાશ કેમ નથી થતો ?

ઉત્તર : વિનાશના કારણનો અભાવ હોવાથી, ઘડાની ઉત્પત્તિના અભાવમાં માટીના પિંડનો વિનાશ ન થવા સમાન, સમ્યક્ત્વની ઉત્પત્તિના અભાવમાં મિથ્યાત્વનો વિનાશ નથી થતો અને બીજું પણ કારણ છે કે - સમ્યક્ત્વપર્યાયના ઉત્પાદનું મિથ્યાત્વપર્યાયના અભાવરૂપ દર્શન હોવાથી, તેથી (સમ્યક્ત્વપર્યાયની) ઉત્પત્તિ વિના મિથ્યાત્વપર્યાય નષ્ટ નથી થતી.

પ્રશ્ન : તેનો (સમ્યક્ત્વપર્યાયનો) ઉત્પાદ મિથ્યાત્વપર્યાયના વિનાશ વિના કેમ નથી દેખાતો ?

ઉત્તર : એક પર્યાયમાં અન્ય પર્યાયનું અભાવરૂપપણું હોવાથી, જેમ ઘડાની પર્યાયનું દર્શન માટીના પિંડના અભાવરૂપથી થાય છે; તે જ પ્રકારે સમ્યક્ત્વપર્યાયનું પ્રગટ થવું મિથ્યાત્વપર્યાયના વિનાશરૂપથી થાય છે.

જો સમ્યક્ત્વની ઉત્પત્તિ વિના જ મિથ્યાત્વપર્યાયનો અભાવ થાય, તો (ખરેખર) તેનો અભાવ જ નથી થતો.

પ્રશ્ન : સમ્યક્ત્વની ઉત્પત્તિ વિના મિથ્યાત્વપર્યાયનો અભાવ કેમ નહીં થાય ?

ઉત્તર : અભાવના કારણનો અભાવ હોવાથી. (વિનાશનું કારણ ઉત્પાદ છે - તે નહી હોવાથી) ઘડાની ઉત્પત્તિના અભાવમાં માટીના પિંડનો વિનાશ નહીં થવા સમાન, સમ્યક્ત્વની ઉત્પત્તિના અભાવમાં મિથ્યાત્વનો વિનાશ નહીં થાય.

પરમાત્માની રૂચિરૂપ સમ્યક્ત્વનો ઉત્પાદ તથા તેથી વિપરીત મિથ્યાત્વનો વિનાશ નથી થતો.

પ્રશ્ન : તે બન્નેનો (સમ્યક્ત્વનો અને મિથ્યાત્વનો) ઉત્પાદ-વિનાશ કોના વિના નથી થતો ?

ઉત્તર : બન્નેના આધારભૂત પરમાત્મરૂપ દ્રવ્ય-પદાર્થ વિના તે બન્નેનો ઉત્પાદ-વિનાશ નથી થતો.

પ્રશ્ન : તે બન્નેના આધારભૂત પરમાત્મા પદાર્થ વિના બન્નેનો ઉત્પાદ-વિનાશ કેમ નથી થતો ?

ઉત્તર : દ્રવ્યના અભાવમાં વિનાશ અને ઉત્પત્તિનો અભાવ હોવાથી માટી દ્રવ્યના અભાવમાં ઘડાની ઉત્પત્તિ તથા માટીના પિંડનો વિનાશ ન હોવા સમાન, પરમાત્મદ્રવ્યના અભાવમાં સમ્યક્ત્વનો ઉત્પાદ તથા મિથ્યાત્વનો વિનાશ નથી થતો.

આ પ્રકારે જેમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વ - આ બે પર્યાયોમાં એક-બીજાની અપેક્ષા સહિત ઉત્પાદ આદિ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) ત્રણે દર્શાવ્યા છે, તે જ પ્રકારે બધા દ્રવ્યોની પર્યાયોમાં જોઈ લેવું જોઈએ-સમજી લેવું જોઈએ.

હવે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને દ્રવ્યની સાથે પરસ્પર આધાર-આધેય ભાવરૂપતા હોવાને કારણે અન્વય-દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય જ છે, એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૧૦૧

ઉત્પાદ તેમ જ ધ્રૌવ્ય ને સંહાર વર્તે પર્યયે,
ને પર્યયો દ્રવ્યે નિયમથી, સર્વ તેથી દ્રવ્ય છે. ૧૦૧.

અન્વયાર્થ :– [**उत्पादस्थितिभङ्गाः**] ઉત્પાદ, સ્થિતિ અને ભંગ [**पर्यायेषु**] પર્યાયોમાં [**विद्यन्ते**] વર્તે છે; [**पर्यायाः**] પર્યાયો [**नियतं**] નિયમથી [**द्रव्ये हि सन्ति**] દ્રવ્યમાં હોય છે, [**तस्मात्**] તેથી [**सर्वं**] (તે) બધું ય [**द्रव्यं भवति**] દ્રવ્ય છે.

ટીકાર્થ : વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ આત્મતત્ત્વના નિર્વિકાર સ્વસંવેદન-જ્ઞાનરૂપથી ઉત્પાદ, તે જ સમયે સ્વસંવેદનજ્ઞાનથી વિપરીત અજ્ઞાનપર્યાયરૂપથી વ્યય તથા તે બન્નેના આધારભૂત આત્મદ્રવ્યત્વની અવસ્થારૂપથી સ્થિતિ-આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણવાળા ત્રણે ભંગરૂપ કર્તા-આ ત્રણેય આ વાક્યમાં કર્તાકારકમાં પ્રયુક્ત હોય છે.

પ્રશ્ન : આ ત્રણેય શેમાં હોય છે ?

ઉત્તર : સમ્યક્ત્વ પૂર્વક નિર્વિકાર સ્વસંવેદનજ્ઞાનપર્યાયમાં જ્યારે ઉત્પાદ થાય છે ત્યારે સ્વસંવેદનજ્ઞાનથી વિપરીત અજ્ઞાનપર્યાયરૂપથી વ્યય અને તે બન્નેના આધારભૂત આત્મદ્રવ્યત્વની અવસ્થારૂપ પર્યાયથી ધ્રૌવ્ય-આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણોવાળી પોતપોતાની પર્યાયોમાં તે બધા (ત્રણેય) રહે છે. અત્રે કહેવામાં આવેલ લક્ષણોવાળી જ્ઞાન, અજ્ઞાન અને તે બન્નેના આધારભૂત આત્મદ્રવ્યત્વની અવસ્થારૂપ પર્યાયો સ્પષ્ટરૂપથી દ્રવ્ય છે. પ્રદેશોથી અભેદ હોવા છતાં પણ પોત-પોતાની સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિ ભેદથી તે વાસ્તવમાં દ્રવ્ય છે. કારણ કે ઉત્પાદાદિ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય), નિશ્ચય આધાર-આધેય ભાવથી રહે છે; તે કારણથી ઉત્પાદાદિ ત્રણેય (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) અને સ્વસંવેદનજ્ઞાન આદિ ત્રણેય સ્વસંવેદનજ્ઞાનની ઉત્પાદરૂપ પર્યાય, અજ્ઞાનની વ્યયરૂપ પર્યાય અને બન્નેના આધારભૂત આત્મદ્રવ્યત્વની અવસ્થારૂપ પર્યાય- આ સર્વે અન્વય-દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય છે.

પૂર્વોક્ત ઉત્પાદાદિ ત્રણેય અને તે પ્રકારે સ્વસંવેદનજ્ઞાનાદિ ત્રણે પર્યાયોની સાથે-સાથે રહેવાવાળું અન્વયરૂપથી જે આધારભૂત છે તે અન્વય દ્રવ્ય કહેવામાં આવે છે; (તેમજ) તેઓ જેનો વિષય હોય છે તે અન્વય-દ્રવ્યાર્થિકનય છે.

જેમ આ જ્ઞાન-અજ્ઞાન બે પર્યાયોમાં (ઉત્પાદાદિ) ત્રણેય ભંગોનું વ્યાખ્યાન કરવામાં આવેલ

છે, તે જ પ્રકારે બધા દ્રવ્ય-પર્યાયોમાં યથાસંભવ જાણવું જોઈએ-એમ અભિપ્રાય છે. ॥ ૧૦૧ ॥

હવે હજુ પણ બીજી પદ્ધતિથી દ્રવ્ય સાથે ઉત્પાદાદિના અભેદનું સમર્થન કરે છે અને સમય-ભેદનું નિરાકરણ કરે છે.

## ગાથા ૧૦૨

ઉત્પાદ-ધ્રૌવ્ય-વિનાશસંજ્ઞિત અર્થ સહ સમવેત છે
એક જ સમયમાં દ્રવ્ય નિશ્ચય, તેથી એ ત્રિક દ્રવ્ય છે. ૧૦૨.

અન્વયાર્થ :– [**द्रव्यं**] દ્રવ્ય [**एकस्मिन् च एव समये**] એક જ સમયમાં [**संभवस्थिति-नाशसंज्ञितैः अर्थैः**] ઉત્પાદ, સ્થિતિ અને નાશ નામના [1]અર્થો સાથે [**खलु**] ખરેખર [**समवेतं**] [2]સમવેત (એકમેક) છે; [**तस्मात्**] તેથી [**तत् त्रितयं**] એ [3]ત્રિક [**खलु**] ખરેખર [**द्रव्यं**] દ્રવ્ય છે.

ટીકાર્થ : સ્પષ્ટરૂપથી એકભૂત-અભિન્ન છે.

પ્રશ્ન : અભિન્ન કોણ છે ?

ઉત્તર : આત્મદ્રવ્ય અભિન્ન છે.

પ્રશ્ન : આત્મદ્રવ્ય કોની સાથે અભિન્ન છે ?

ઉત્તર : સમ્યક્ત્વ-જ્ઞાન પૂર્વક નિશ્ચળ, નિર્વિકાર, નિજાત્માનુભૂતિ લક્ષણ વીતરાગ ચારિત્ર પર્યાયરૂપથી ઉત્પાદ, તે જ પ્રકારે રાગાદિ પરદ્રવ્યો સાથે એકત્વ પરિણતિરૂપ ચારિત્ર પર્યાયથી નાશ અને તે બન્નેના આધારભૂત આત્મદ્રવ્યત્વની અવસ્થિતિરૂપ પર્યાયથી સ્થિતિ-(એટલે કે) ધ્રૌવ્ય-આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણ અને નામવાળા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સાથે આત્મદ્રવ્ય અભિન્ન છે.

પ્રશ્ન : તો શું બૌદ્ધમત અનુસાર ભિન્ન-ભિન્ન સમયમાં ત્રણેય (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) થતા હશે ?

ઉત્તર : એવું નથી. અંગુલીદ્રવ્યની વક્ર પર્યાયના સમાન (આંગળીના સીધાપણાની પર્યાયના વ્યય સમયે જ વક્ર-વાંકી થવાની પર્યાયનો ઉત્પાદ અને બન્નેના આધારભૂત આંગળી દ્રવ્યની અવસ્થિતિરૂપ પર્યાયનો જેમ એક સમય છે તેમ), સંસારી જીવના મરણ સમયે ઋજુગતિ સમાન, ક્ષીણકષાય (૧ ૨ મું ગુણસ્થાન)ના અંતિમ સમયમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિના સમાન અને અયોગી

૧. અર્થો = પદાર્થો (૮૭ મી ગાથામાં સમજાવ્યા પ્રમાણે પર્યાય પણ અર્થ છે.

૨. સમવેત = સમવાયુવાળુ; તાદાત્મ્યપૂર્વક જોડાયેલું; એકમેક

૩. ત્રિક = ત્રણનો સમુદાય ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણનો સમુદાય ખરેખર દ્રવ્ય જ છે.

(૧૪ મું ગુણસ્થાન) ના અંતિમ સમયમાં મોક્ષની જેમ એક સમયમાં જ ઉત્પાદાદિ ત્રણે આત્મદ્રવ્યમાં હોય છે. કેમકે પૂર્વોક્ત પ્રકારથી એક સમયમાં ત્રણેય ભંગરૂપથી પરિણમિત થાય છે; તેથી સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિની અપેક્ષાએ ભેદ હોવા છતાં પણ પ્રદેશોના અભેદપણાથી ત્રણેય સ્પષ્ટરૂપે દ્રવ્ય છે.

જેમ આ ત્રણ ભંગ ચારિત્ર અને અચારિત્ર એમ બે પર્યાયોમાં અભેદરૂપથી દર્શાવેલ છે, તે જ પ્રકારે બધા દ્રવ્યોમાં જાણી લેવું જોઈએ - આમ અર્થ છે. ॥ ૧૦૨ ॥

આ પ્રકારે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ લક્ષણના વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ દ્વારા ત્રીજું સ્થળ પૂર્ણ થયું.

(હવે દ્રવ્યપર્યાય-ગુણપર્યાય નિરૂપક બે ગાથાઓમાં નિબદ્ધ ચોથું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, દ્રવ્ય પર્યાય દ્વારા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય દર્શાવે છે-

## ગાથા ૧૦૩

ઊપજે દરવનો અન્ય પર્યય, અન્ય કો વિણસે વળી,
પણ દ્રવ્ય તો નથી નષ્ટ કે ઉત્પન્ન દ્રવ્ય નથી તહીં. ૧૦૩.

અન્વયાર્થ :– [**द्रव्यस्य**] દ્રવ્યનો [**अन्य: पर्याय:**] અન્ય પર્યાય [**प्रादुर्भवति**] ઉત્પન્ન થાય છે [**च**] અને [**अन्य: पर्याय:**] કોઈ અન્ય પર્યાય [**व्येति**] નષ્ટ થાય છે; [**तद् अपि**] પરંતુ [**द्रव्यं**] દ્રવ્ય તો [**प्रणष्टं न एव**] નષ્ટ પણ નથી, [**उत्पन्नं न**] ઉત્પન્ન પણ નથી (-ધ્રુવ છે).

ટીકાર્થ : અને (નવીન પર્યાય) ઉત્પન્ન થાય છે. શાશ્વત રહેવાવાળી કોઈ નવીન અનંત જ્ઞાન-સુખ આદિ ગુણોના સ્થાનભૂત બીજી (પર્યાય).

પ્રશ્ન : આ બીજી (પર્યાય) કોણ છે ?

ઉત્તર : તે પરમાત્મદશાની પ્રાપ્તિરૂપ સ્વભાવ દ્રવ્ય પર્યાય છે. તે પર્યાય નષ્ટ થાય છે.

પ્રશ્ન : કેવી પર્યાય નષ્ટ થાય છે ?

ઉત્તર : પૂર્વોક્ત મોક્ષપર્યાયથી ભિન્ન, (જે) નિશ્ચય રત્નત્રય સ્વરૂપ નિર્વિકલ્પ સમાધિરૂપ કે જે મોક્ષપર્યાયની ઉપાદાનકારણભૂત છે તે પર્યાય નષ્ટ થાય છે.

પ્રશ્ન : તે પર્યાય કોના સંબંધી છે ?

ઉત્તર : પરમાત્મદ્રવ્યની તે પર્યાય છે. તો પણ પરમાત્મદ્રવ્ય તો શુદ્ધદ્રવ્યાર્થિકનયથી ન તો નષ્ટ થાય છે કે ન તો ઉત્પન્ન થાય છે.

અથવા સંસારી જીવની અપેક્ષાથી દેવ-આદિરૂપ વિભાવ-દ્રવ્યપર્યાય ઉત્પન્ન થાય છે, મનુષ્ય-આદિરૂપ પર્યાય નષ્ટ થાય છે અને તે જીવદ્રવ્ય નિશ્ચયથી ન તો ઉત્પન્ન થાય છે કે ન તો નષ્ટ થાય છે. અથવા પુદ્‌ગલદ્રવ્ય દ્વિ-અણુક આદિ સ્કંધરૂપ સ્વજાતિય-વિભાવ-દ્રવ્યપર્યાયોના નષ્ટ અને ઉત્પન્ન થવા છતાં પણ નિશ્ચયથી ઉત્પન્ન અને વિનષ્ટ નથી થતું.

આથી એમ ફલિત થાય છે કે જે કારણે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપથી દ્રવ્યપર્યાયોનો વિનાશ અને ઉત્પાદ હોવા છતાં પણ દ્રવ્યનો વિનાશ નથી થતો, તે જ કારણે દ્રવ્યપર્યાયો પણ દ્રવ્યનું લક્ષણ હોય છે-આ અભિપ્રાય છે. ॥ ૧૦૩ ॥

હવે, દ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને ગુણપર્યાયની મુખ્યતાથી પ્રતિપાદિત કરે છે.

## ગાથા ૧૦૪

અવિશિષ્ટસત્ત્વ સ્વયં દરવ ગુણથી ગુણાંતર પરિણમે,
તેથી વળી દ્રવ્ય જ કહ્યા છે સર્વગુણપર્યાયને. ૧૦૪.

અન્વયાર્થ :– [**सदविशिष्टं**] સત્તા-અપેક્ષાએ અવિશિષ્ટપણે, [**द्रव्यं स्वयं**] દ્રવ્ય પોતે જ [**गुणत: च गुणान्तरं**] ગુણમાંથી ગુણાંતરે [**परिणमति**] પરિણમે છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ એક ગુણપર્યાયમાંથી અન્ય ગુણપર્યાયે પરિણમે છે અને તેની સત્તા ગુણપર્યાયોની સત્તા સાથે અવિશિષ્ટ–અભિન્ન–એક જ રહે છે), [**तस्मात् पुन:**] તેથી વળી [**गुणपर्याया:**] ગુણપર્યાયો [**द्रव्यम् एव इति भणिता:**] દ્રવ્ય જ કહેવામાં આવ્યા છે.

ટીકાર્થ : સ્વયં જ ઉપાદાન કારણભૂત જીવદ્રવ્ય કર્તા પરિણમિત થાય છે.

પ્રશ્ન : જીવદ્રવ્ય કયા રૂપે પરિણમિત થાય છે ?

ઉત્તર : કેવળજ્ઞાનની ઉત્પત્તિના બીજભૂત ઉપરાગ રહિત-વીતરાગ સ્વસંવેદન જ્ઞાન ગુણથી પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન ગુણ સ્વરૂપ બીજી (નવીન) પર્યાયરૂપ પરિણમિત થાય છે.

પ્રશ્ન : સત્ કેવું હોતું થકું પરિણમિત થાય છે ?

ઉત્તર : પોતાના સ્વરૂપ ચૈતન્યરૂપ અસ્તિત્વથી અવિશિષ્ટ-અભિન્ન હોતું થકું પરિણમિત થાય છે. આ કારણથી ન કેવળ પૂર્વ ગાથા (૧૦૩) માં કહેવામાં આવેલ દ્રવ્યપર્યાયો દ્રવ્ય છે, પરંતુ ગુણરૂપ પર્યાયો જે ગુણપર્યાયો કહેવામાં આવે છે તે પણ દ્રવ્ય જ છે.

અથવા સંસારી જીવદ્રવ્ય મતિ-સ્મૃતિ આદિ વિભાવગુણોને છોડીને શ્રુતજ્ઞાન આદિ બીજા વિભાવગુણરૂપ પરિણમિત થાય છે. અથવા પુદ્‌ગલદ્રવ્ય લીલા ગુણને છોડીને પીળા ગુણરૂપ બદલતા

આમ્રફળ (કેરી)ની માફક પૂર્વોક્ત સફેદ આદિ ગુણોને છોડીને લાલ આદિ બીજા (નવીન) ગુણરૂપે પરિણમિત થાય છે-આ ગાથાનો ભાવ છે.

આ પ્રકારે સ્વભાવ-વિભાવરૂપ દ્રવ્યપર્યાયો અને ગુણપર્યાયો નય-વિભાગથી દ્રવ્યના લક્ષણો છે-આ કથનની મુખ્યતાવાળી બે ગાથાઓ દ્વારા ચોથુ સ્થળ પુર્ણ થયું. ॥ ૧૦૪ ॥

(હવે, સત્તા-દ્રવ્યના અભેદ વિષયમાં યુક્તિ સૂચક ચાર ગાથાઓમાં નિબદ્ધ પાંચમું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, સત્તા અને દ્રવ્યના અભેદ વિષયમાં હજુ પણ બીજી પદ્ધતિથી યુક્તિ દર્શાવે છે.

## ગાથા ૧૦૫

જો દ્રવ્ય હોય ન સત્, ઠરે જ અસત્, બને ક્યમ દ્રવ્ય એ ?
વા ભિન્ન ઠરતું સત્ત્વથી ! તેથી સ્વયં તે સત્ત્વ છે. ૧૦૫.

અન્વયાર્થ :– [**यदि**] જો [**द्रव्यं**] દ્રવ્ય [**सत् न भवति**] (સ્વરૂપથી જ) સત્ ન હોય તો)–(૧) [**ध्रुवं असत् भवति**] નક્કી તે અસત્ હોય; [**तत् कथं द्रव्यं**] જે અસત્ હોય તે દ્રવ્ય કેમ હોઈ શકે ? [**पुन: वा**] અથવા (જો અસત્ ન હોય) તો (૨) [**अन्यत् भवति**] તે સત્તાથી અન્ય (જુદું) હોય ! (તે પણ કેમ બને ?) [**तस्मात्**] માટે [**द्रव्यं स्वयं**] દ્રવ્ય પોતે જ [**सत्ता**] સત્તા છે.

ટીકાર્થ : પરમ ચૈતન્ય પ્રકાશરૂપ સ્વરૂપ-સત્તામય અસ્તિત્વગુણ વડે જો સત્ નથી. (એવો કોઈ તર્ક કરે છે તો) ત્યાં એવો પ્રશ્ન ઉદ્‌ભવે કે કર્તારૂપ તે કોણ સત્ નથી ? તો પરમાત્મદ્રવ્ય સત્ નથી ! તો પછી પરમાત્મદ્રવ્ય નિશ્ચિત અસત્ થશે. અસત્ હોતુ થકું તે પરમાત્મદ્રવ્ય કેવી રીતે હશે ? નહીં હોય. અને પરમાત્મદ્રવ્યનું સત્ દ્રવ્ય નહીં હોવું તો પ્રત્યક્ષ-વિરુદ્ધ છે.

પ્રશ્ન : તેનું સત્ દ્રવ્ય નહીં હોવું તે પ્રત્યક્ષ-વિરુદ્ધ કેવી રીતે છે ?

ઉત્તર : સ્વસંવેદનજ્ઞાનથી જ્ઞાત થવાના કારણે પરમાત્મદ્રવ્યને સત્ નહીં માનવું તે પ્રત્યક્ષ વિરુદ્ધ છે.

હવે, અવિચારિત રમણીય ન્યાયથી (વિચાર નહીં કરવાથી સુંદર પ્રતીત થવાવાળા ન્યાયે) સત્તાગુણનો અભાવ હોવા છતાં પણ તે રહે છે; જો આવું માનવામાં આવે, તો ત્યાં વિચાર કરવામાં આવે છે કે-જો દ્રવ્ય કેવળ જ્ઞાન દર્શન ગુણના અવિનાભાવિ એવા પોતાના સ્વરૂપ અસ્તિત્વથી પૃથક્ રહે, તો સ્વરૂપ અસ્તિત્વ નહીં બને અને સ્વરૂપ અસ્તિત્વના અભાવમાં દ્રવ્ય પણ સિદ્ધ નહીં થાય. અથવા, પોતાના સ્વરૂપ અસ્તિત્વથી સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિનો ભેદ હોવા છતાં પણ જો

પ્રદેશરૂપથી અભિન્ન રહે, તો તે સ્વીકૃત જ છે.

આ પ્રસંગમાં બૌદ્ધમતનું અનુસરણ કરવાવાળા કોઈ કહે કે-સિદ્ધપર્યાયના હોવાપણામાં સત્તારૂપથી શુદ્ધાત્મદ્રવ્ય ઉપચારથી છે, મુખ્યરૂપથી નથી.

તો આચાર્ય તેનું નિરાકરણ કરે છે-વૃક્ષના અભાવમાં ફળના અભાવની સમાન, સિદ્ધપર્યાયના ઉપાદાન કારણભૂત પરમાત્મદ્રવ્યના અભાવમાં, સિદ્ધપર્યાયની સત્તા જ સંભવે નહી; તેથી ત્યાં શુદ્ધાત્મદ્રવ્ય મુખ્યરૂપથી જ છે, ઉપચારથી નહીં.

આ પ્રસંગમાં નૈયાયિકમતને અનુસરણ કરવાવાળા કોઈ કહે કે-તે પરમાત્મદ્રવ્ય છે, પરંતુ સત્તાથી ભિન્ન છે, અને ત્યારબાદ સત્તા સાથે સમવાયથી સત્ છે.

તો આચાર્ય તેનું નિરાકરણ કરતા કહે છે કે સત્તાના સમવાય પહેલા દ્રવ્ય સત્ હતું કે અસત્ ? જો પહેલેથી જ સત્ હતું તો સત્તાનો સમવાય વ્યર્થ છે, કેમકે પહેલેથી જ અસ્તિત્વ વિદ્યમાન છે. અને જો પહેલા અસત્ હતું તો આકાશના ફૂલની જેમ અભાવરૂપ દ્રવ્ય સાથે સત્તા સમવાય કેવી રીતે કરે છે ? જો કરે તો આકાશના ફૂલ સાથે પણ કર્તારૂપ સત્તા સમવાય કરે ? પરંતુ એવું તો નથી કરતી. આથી અભેદનયથી શુદ્ધચૈતન્યસ્વરૂપ સત્તા જ પરમાત્મદ્રવ્ય છે.

આમ જેમ પરમાત્મદ્રવ્ય સાથે શુદ્ધચેતના સત્તાનું અભેદ વ્યાખ્યાન કર્યું, તે જ પ્રકારે બધા ચેતન-અચેતન દ્રવ્યોનું પોત-પોતાની સત્તા સાથે અભેદ વ્યાખ્યાન કરવું જોઈએ-આમ અભિપ્રાય છે.

હવે, પૃથકત્વનું લક્ષણ શું છે ? અને અન્યત્વનું લક્ષણ શું છે ? એવું પૂછવામાં આવતા ઉત્તર આપે છે.

## ગાથા ૧૦૬

જિન વીરનો ઉપદેશ એમ - પૃથક્ત્વ ભિન્નપ્રદેશતા,
અન્યત્વ જાણ અતત્પણું; નહિ તે-પણે તે એક ક્યાં ? ૧૦૬.

અન્વયાર્થ :– [**प्रविभक्तप्रदेशत्वं**] વિભક્તપ્રદેશત્વ તે [**पृथक्त्वं**] પૃથક્ત્વ છે [**इति हि**] એમ [**वीरस्य शासनं**] વીરનો ઉપદેશ છે. [**अतद्भाव:**] અતદ્ભાવ (અતત્પણું અર્થાત્ તે-પણે નહિ હોવું) તે [**अन्यत्वं**] અન્યત્વ છે. [**न तत् भवत्**] જે તે-પણે ન હોય [**कथं एकम् भवति**] તે એક કેમ હોય ? (કથંચિત્ સત્તા દ્રવ્યપણે નથી અને દ્રવ્ય સત્તાપણે નથી માટે તેઓ એક નથી.)

ટીકાર્થ : પૃથકત્વ નામક ભેદ છે.

પ્રશ્ન : તે પૃથકત્વ ભેદ કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : વિશેષરૂપથી પ્રદેશોની ભિન્નતાવાળો છે.

પ્રશ્ન : કોના માફક વિશેષરૂપથી પ્રદેશભિન્નતાવાળો છે ?

ઉત્તર : દંડ અને દંડીની જેમ વિશેષરૂપથી પ્રદેશભિન્નતાવાળો છે. આ પ્રકારનું પૃથકત્વ શુદ્ધાત્મદ્રવ્ય અને શુદ્ધસત્તા ગુણમાં લાગુ નથી પડતું.

પ્રશ્ન : તે બન્નેમાં (શુદ્ધાત્મદ્રવ્ય અને શુદ્ધસત્તા ગુણમાં) આ ભેદ કેમ લાગુ નથી પડતો ?

ઉત્તર : આ બન્નેમાં ભિન્ન-ભિન્ન પ્રદેશોનો અભાવ હોવાથી આ ભેદ લાગુ પડતો નથી.

પ્રશ્ન : કોના માફક તેમાં આ લાગુ નથી પડતો ?

ઉત્તર : સફેદ વસ્ત્ર અને સફેદ ગુણની જેમ આ ભેદ લાગુ નથી પડતો. આ પ્રકારે શાસન ઉપદેશ-આદેશ છે.

પ્રશ્ન : એવો કોનો ઉપદેશ-આદેશ છે ?

ઉત્તર : વીર નામના અંતિમ તીર્થંકર પરમદેવનો આ ઉપદેશ-આદેશ છે. મુક્તાત્મદ્રવ્ય અને શુદ્ધસત્તાગુણના પ્રદેશોનું અભેદ હોવા છતાં પણ અન્યતા-ભિન્નતા છે.

પ્રશ્ન : તે બન્નેમાં અન્યત્વ કેવું છે ?

ઉત્તર : સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિ ભેદો-ભિન્ન સ્વભાવરૂપ અતદ્‌ભાવરૂપ, અન્યત્વ છે.

જેમ પ્રદેશોની અપેક્ષાથી અભેદ છે, તેમ સંજ્ઞા આદિ લક્ષણરૂપથી પણ અભેદ હોય-એમાં શું દોષ છે ? જો કદાચ આવો પ્રશ્ન હોય તો આચાર્ય ઉત્તર આપે છે કે એમ નથી. તે મુક્તાત્મદ્રવ્ય શુદ્ધસત્તાગુણ સાથે પ્રદેશોથી અભેદ હોવા છતાં પણ સંજ્ઞા આદિ રૂપથી તન્મય નથી. વાસ્તવમાં તન્મયતા જ એકતાનું લક્ષણ છે. સંજ્ઞા આદિ રૂપથી તન્મયતાના અભાવમાં એકતા કેવી રીતે શક્ય બને ? તેથી ભિન્નતા જ છે.

જેમ આ મુક્તાત્મદ્રવ્યમાં પ્રદેશ અભેદ હોવા છતાં પણ સંજ્ઞા આદિ રૂપથી ભિન્નતા કહેવામાં આવી છે; તે જ પ્રકારે બધા દ્રવ્યોની પોત-પોતાના સ્વરૂપ અસ્તિત્વગુણથી (સંજ્ઞા આદિરૂપથી ભિન્નતા) જાણવી જોઈએ.

હવે, અતદ્‌ભાવને વિશેષરૂપથી વિસ્તૃત કરીને કહેવામાં આવે છે.

## ગાથા ૧૦૭

'સત્ દ્રવ્ય', 'સત્ પર્યાય', 'સત્ ગુણ' - સત્ત્વનો વિસ્તાર છે;
નથી તે-પણે અન્યોન્ય તેહ અતત્પણું જ્ઞાતવ્ય છે. ૧૦૭.

અન્વયાર્થ :– [सत् द्रव्यं] 'સત્ દ્રવ્ય' [सत् च गुण:] 'સત્ ગુણ' [च] અને [सत् च एव

**पर्याय:**] 'સત્ પર્યાય'– [**इति**] એમ [**विस्तार:**] (સત્તાગુણનો) વિસ્તાર છે. [**य: खलु**] (તેમને પરસ્પર) જે [**तस्य अभाव:**] 'તેનો અભાવ' અર્થાત્ 'તે-પણે હોવાનો અભાવ' છે [**स:**] તે [**तदभाव:**] 'તદ્-અભાવ' [**अतद्भाव:**] એટલે કે 'અતદ્‌ભાવ' છે.

ટીકાર્થ : સત્ દ્રવ્ય, સત્ ગુણ અને સત્ જ પર્યાય - આ પ્રકારે દ્રવ્ય, ગુણ, પર્યાયોમાં સત્તા ગુણનો વિસ્તાર છે.

તે આ પ્રકારે,

જેમ મોતીઓના હારમાં સત્તાગુણના સ્થાન પર ત્યાં સફેદગુણ છે.

પ્રશ્ન : ત્યાં પ્રદેશોનું અભેદ (પણું) હોવાથી શું શું કહેવામાં આવે છે ?

ઉત્તર : તે સફેદ હાર,સફેદ સૂતર (દોરો), સફેદ મોતી - એમ કહેવામાં આવે છે; અને જે હાર, દોરો તથા મોતી છે-એ ત્રણેયની સાથે (પરસ્પર) પ્રદેશોનું અભેદ પણું હોવાથી, સફેદ ગુણ કહેવામાં આવે છે. - આ પ્રકારે તદ્‌ભાવનું લક્ષણ છે.

પ્રશ્ન : તદ્‌ભાવનો (અભેદનો) શો અર્થ છે ? (મોતીના હારના ઉદાહરણમાં)

ઉત્તર : હાર, સૂતર (-દોરો) અને મોતીઓની સફેદ ગુણ સાથે તન્મયતા-પ્રદેશોની અભિન્નતા-એકતા (અભેદતા) એ તદ્‌ભાવનો અર્થ છે.

પ્રશ્ન : આ પ્રકારે મુક્તાત્મપદાર્થ (સિદ્ધ ભગવાન)માં જે શુદ્ધ સત્તાગુણ છે, ત્યાં તે પ્રદેશોનું અભેદપણું હોવાથી શું શું કહેવામાં આવે છે ?

ઉત્તર : તે સત્તાલક્ષણ પરમાત્મ પદાર્થ, સત્તાલક્ષણ કેવળજ્ઞાનાદિ ગુણ, સત્તાલક્ષણ સિદ્ધ પર્યાય-એમ કહેવામાં આવે છે. અને જે પરમાત્મપદાર્થ, કેવળજ્ઞાનાદિ ગુણ અને સિદ્ધત્વપર્યાય છે-તે ત્રણેનું (પરસ્પર) ત્રણેયની સાથે (પ્રદેશોનું અભેદ પણું હોવાથી) શુદ્ધસત્તાગુણ કહેવામાં આવે છે-આ પ્રકારે તે તદ્‌ભાવનું (અભેદતાનું) લક્ષણ છે.

પ્રશ્ન : તદ્‌ભાવનો (અભેદનો) શો અર્થ છે ? (મુક્તાત્મપદાર્થમાં)

ઉત્તર : પરમાત્મપદાર્થ, કેવળજ્ઞાનાદિ ગુણ, સિદ્ધત્વપર્યાયોનો શુદ્ધસત્તાગુણ સાથે સંજ્ઞા આદિ ભેદ હોવા છતાં પણ પ્રદેશો સાથે તન્મયતા, તે તદ્‌ભાવનો (અભેદ) અર્થ છે.

ઉપરાંત જે પૂર્વોક્ત લક્ષણનો "તદ્‌ભાવ" (અભેદ) તેનો સંજ્ઞા આદિ ભેદની વિવિક્ષામાં સ્પષ્ટરૂપે અભાવ છે -તે પૂર્વોક્ત લક્ષણ "તદ્-અભાવ" (ભિન્નતા) કહેવામાં આવે છે.

પ્રશ્ન : તે "તદ્-અભાવ" (ભિન્નતા) કેમ કહેવામાં આવે છે ?

---

તદ્‌ભાવ = તે રૂપ, અભિન્નતા, અભેદતા.

તદભાવ = તદ્-અભાવ, અતદ્‌ભાવ, ભિન્નતા, ભેદતા.

ઉત્તર : તદ્ભાવ (અભેદ) નથી- (અભેદતા) તન્મયતા નથી અથવા અતદ્ભાવ (ભિન્નતા) છે અર્થાત્ સંજ્ઞા, લક્ષણ, પ્રયોજનાદિ કૃત ભેદ છે-આમ અર્થ છે.

તે આ પ્રકારે -જેમ મોતીઓના હારમાં જે સફેદ ગુણ છે, તેનો વાચક શુકલ (સફેદ) -આ બે અક્ષરો દ્વારા હાર વાચ્ય નથી થતો, સૂતર અથવા મોતી પણ વાચ્ય નથી થતા; તથા હાર, સૂતર અને મોતીઓના વાચક શબ્દો દ્વારા સફેદ ગુણ વાચ્ય નથી થતો. આ પ્રકારે પરસ્પર પ્રદેશોનું અભેદપણું હોવા છતાં પણ જે તે સંજ્ઞા આદિ ભેદ છે. તે તે પૂર્વે કહેલા લક્ષણ તદ્ભાવનો અભાવ હોવાથી અતદ્ભાવ કહેવાય છે.

પ્રશ્ન : તે અતદ્ભાવ વળી શું કહેવાય છે ?

ઉત્તર : તે તદ્ અભાવ-અતદ્ભાવ (કહેવાય છે અને) સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિ કૃત ભેદ પણ કહેવાય છે.

આ પ્રકારે મુક્તજીવમાં જે આ શુદ્ધસત્તાગુણ છે, તેના વાચક 'સત્તા' શબ્દ દ્વારા મુક્તજીવ વાચ્ય નથી થતા, અથવા કેવળજ્ઞાનાદિ ગુણ અને સિદ્ધ પર્યાયો પણ વાચ્ય નથી થતા; મુક્તજીવ, કેવળજ્ઞાનાદિ ગુણ અને સિદ્ધ પર્યાય શબ્દો દ્વારા પણ શુદ્ધ સત્તાગુણ વાચ્ય નથી થતો. આ પ્રકારે પરસ્પર પ્રદેશોનું અભેદપણું હોવા છતાં પણ જે સંજ્ઞા આદિ ભેદ છે. તે આ પૂર્વોક્ત લક્ષણ તદ્ભાવનો (અભેદતાનો) અભાવ એ તદ્-અભાવ (ભિન્નતા) કહેવાય છે.

પ્રશ્ન : અને તે તદ્-અભાવ વળી શું કહેવાય છે ?

ઉત્તર : તે (તદ્-અભાવ) અતદ્ભાવ, સંજ્ઞા લક્ષણ પ્રયોજન આદિ કૃત ભેદ વગેરે કહેવાય છે. આમ અર્થ છે.

જેમ અહીં શુદ્ધાત્મમાં શુદ્ધસત્તાગુણની સાથે અભેદતા સ્થાપિત કરેલ છે, તે જ પ્રકારે યથાસંભવ બધા દ્રવ્યોમાં જાણવું જોઈએ-આમ અભિપ્રાય છે. ॥ ૧૦૭॥

હવે, ગુણ-ગુણીમાં પ્રદેશભેદના નિષેધથી તે સંજ્ઞાદિ-ભેદરૂપ અતદ્ભાવને દૃઢ કરવામાં આવે છે.

## ગાથા ૧૦૮

સ્વરૂપે નથી જે દ્રવ્ય તે ગુણ, ગુણ તે નહિ દ્રવ્ય છે,
- આને અતત્પણું જાણવું, ન અભાવને; ભાખ્યું જિને. ૧૦૮.

અન્વયાર્થ :– **[अर्थात्]** સ્વરૂપઅપેક્ષાએ **[यद् द्रव्यं]** જે દ્રવ્ય છે **[तत् न गुण:]** તે ગુણ નથી **[य: अपि गुण:]** અને જે ગુણ છે **[स: न तत्त्वं]** તે દ્રવ્ય નથી;– **[एष: हि अतद्भाव:]** આ

અતદ્ભાવ છે; [**न एव अभाव:**] સર્વથા અભાવ તે અતદ્ભાવ નથી; [**इति निर्दिष्ट:**] આમ (જિનેન્દ્ર દ્વારા) દર્શાવવામાં આવ્યું છે.

ટીકાર્થ : જે દ્રવ્ય છે તે ગુણ નથી-જે મુક્તજીવદ્રવ્ય છે તે શુદ્ધ સત્તાગુણ નથી. મુક્તજીવદ્રવ્ય શબ્દથી શુદ્ધ સત્તાગુણ વાચ્ય નથી-આવો અર્થ છે. જે કોઈ ગુણ છે તે પરમાર્થથી તત્ત્વ-દ્રવ્ય નથી, જે સત્તાગુણ છે તે મુક્તજીવદ્રવ્ય નથી. શુદ્ધ સત્તા શબ્દ દ્વારા મુક્તજીવદ્રવ્ય વાચ્ય નથી થતું-આવો અર્થ છે. આમ કહેવામાં આવેલ લક્ષણ જ વાસ્તવમાં અતદ્ભાવ (ભિન્નતા) છે.

પ્રશ્ન : કહેવામાં આવેલ લક્ષણ-તેનો શો અર્થ છે ?

ઉત્તર : ગુણ અને ગુણીમાં સંજ્ઞા આદિ ભેદ હોવા છતાં પણ પ્રદેશભેદનો અભાવ છે-એમ કહેવામાં આવેલ લક્ષણ અતદ્ભાવ (ભિન્નતા) છે-આવો તેનો અર્થ છે, (સર્વથા) અભાવ નથી-એમ કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : (સર્વથા) અભાવ નથી-તેનો શો અર્થ છે ?

ઉત્તર : જેમ સત્તાવાચક શબ્દથી મુક્તજીવદ્રવ્ય વાચ્ય નથી થતું, તેવી જ રીતે જો સત્તાના પ્રદેશો દ્વારા પણ સત્તાગુણથી તે ભિન્ન છે, તો જેમ જીવના પ્રદેશોથી ભિન્ન પુદ્ગલદ્રવ્ય ભિન્ન સત્-બીજું દ્રવ્ય છે; તે પ્રકારે સત્તાગુણના પ્રદેશોથી ભિન્ન મુક્તજીવદ્રવ્ય, સત્તાગુણથી ભિન્ન થતું થકું પૃથક જુદા દ્રવ્ય રૂપ જોવામાં આવશે.

પ્રશ્ન : તેથી શું સિદ્ધ થશે ?

ઉત્તર : તેથી સત્તાગુણરૂપ પૃથક દ્રવ્ય અને મુક્તજીવદ્રવ્ય રૂપ પૃથક દ્રવ્ય એમ બે દ્રવ્ય સિદ્ધ થશે. પરંતુ એમ છે નહીં.

અને બીજો દોષ પણ જોવામાં આવે છે-જેમ સુવર્ણત્વગુણના પ્રદેશોથી ભિન્ન સુવર્ણનો અભાવ છે તેવી રીતે સુવર્ણના પ્રદેશોથી ભિન્ન સુવર્ણત્વગુણનો પણ અભાવ છે; તે જ પ્રમાણે સત્તાગુણના પ્રદેશોથી ભિન્ન મુક્તજીવદ્રવ્યનો અભાવ તથા મુક્તજીવદ્રવ્યના પ્રદેશોથી ભિન્ન સત્તાગુણનો પણ અભાવ સિદ્ધ થશે-આ પ્રકારે બન્નેનો અભાવ પ્રાપ્ત થશે. (પરંતુ એવી વસ્તુસ્થિતિ નથી)

જેમ આ મુક્તજીવદ્રવ્યમાં સંજ્ઞા આદિ ભેદોથી પૃથક તેનો (સત્તાનો) અતદ્ભાવ તથા સત્તાગુણ સાથે (જીવ સંબંધી) પ્રદેશોનું અભેદ વ્યાખ્યાન કરવામાં આવેલ છે; તે જ પ્રકારે યથાસંભવ બધા દ્રવ્યોમાં જાણવું જોઈએ-આમ અર્થ છે.

આ પ્રકારે દ્રવ્યના અસ્તિત્વ કથન રૂપથી પહેલી ગાથા, પૃથકત્વના લક્ષણ તથા અતદ્ભાવ (ભિન્નતા) નામના અન્યત્વના લક્ષણરૂપ બીજી ગાથા, સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન આદિ ભેદરૂપ-અતદ્ભાવના (ભિન્નતાનું) વિશેષ કથનરૂપથી ત્રીજી, તેને જ દૃઢ કરવા માટે ચોથી-આ પ્રકારે દ્રવ્ય-

ગુણના અભેદ વિષયમાં યુક્તિ-કથનની મુખ્યતાથી ચાર ગાથાઓ દ્વારા પાંચમું સ્થળ પૂર્ણ થયું.

(હવે, સત્તા અને દ્રવ્યમાં ગુણ-ગુણી કથન તથા દ્રવ્યના ગુણ-પર્યાયો સાથે અભેદ કથન સૂચક બે ગાથાઓમાં નિબદ્ધ છઠ્ઠું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, સત્તા ગુણ છે અને દ્રવ્ય ગુણી એવું પ્રતિપાદન કરવામાં આવે છે -

## ગાથા ૧૦૯

પરિણામ દ્રવ્યસ્વભાવ જે, તે ગુણ 'સત્' -અવિશિષ્ટ છે;
'દ્રવ્યો સ્વભાવે સ્થિત સત્ છે' - એ જ આ ઉપદેશ છે. ૧૦૯.

અન્વયાર્થ :– [**य खलु**] જે, [**द्रव्यस्वभाव: परिणाम:**] દ્રવ્યના સ્વભાવભૂત (ઉત્પાદ-વ્યયધ્રૌવ્યાત્મક) પરિણામ છે [**स:**] તે (પરિણામ) [**सदविशिष्ट: गुण:**] 'સત્'થી અવિશિષ્ટ (-સત્તાથી કોઈ જુદો નહિ એવો) ગુણ છે. '[**स्वभावे अवस्थितं**] સ્વભાવમાં અવસ્થિત (હોવાથી) [**द्रव्यं**] દ્રવ્ય [**सत्**] સત્ છે'–[**इति जिनोपदेश:**] એવો જે (૯૯મી ગાથામાં કહેલો) જિનોપદેશ [**अयम्**] તે જ આ (અર્થાત્ ૯૯ મી ગાથાના કથનમાંથી આ ગાથામાં કહેલો ભાવ સહેજે નીકળે છે).

ટીકાર્થ : જે વાસ્તવમાં દ્રવ્યનું સ્વભાવભૂત પરિણામ, (અથવા) પંચેન્દ્રિય વિષયોના ભોગરૂપ મનની ક્રિયાથી ઉત્પન્ન સંપૂર્ણ મનોરથરૂપી વિકલ્પસમૂહનો અભાવ હોવાથી જ્ઞાનાનંદ એક સ્વભાવની અનુભૂતિરૂપ નિજમાં સ્થિરતામય જે પરિણામ છે તેનો ઉત્પાદ, પહેલા કહેવામાં આવેલ વિકલ્પસમૂહોના અભાવરૂપ વ્યય અને તે બન્નેના આધારભૂત જીવત્વરૂપ ધ્રૌવ્ય અને આ પ્રકારે કહેવામાં આવેલ લક્ષણવાળા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ સ્વભાવભૂત જે જીવદ્રવ્યનું પરિણામ છે તે ગુણ છે.

પ્રશ્ન : તે પરિણામ કેવું હોતું થકું ગુણ છે ?

ઉત્તર : તે ઉત્પાદાદિ ત્રણેય એક અસ્તિત્વથી અભિન્ન-એક અસ્તિત્વરૂપ રહે છે.

પ્રશ્ન : તે અસ્તિત્વ સાથે અભિન્ન કેવી રીતે હોય છે ?

ઉત્તર : આવો પ્રશ્ન જો હોય તો ''સત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છે'' એવું વચન હોવાથી અસ્તિત્વથી અભિન્ન છે. એવું હોવાથી સત્તા જ ગુણ છે-આમ અર્થ છે.

આ પ્રકારે ગુણનું કથન થયું.

સ્વભાવમાં સ્થિત સત્ દ્રવ્ય છે, દ્રવ્ય અર્થાત્ પરમાત્મદ્રવ્ય છે.

પ્રશ્ન : સત્ દ્રવ્ય કેવી રીતે છે ?

ઉત્તર : અભેદનયથી સત્ દ્રવ્ય છે.

પ્રશ્ન : કેવું સત્ દ્રવ્ય છે ?

ઉત્તર : સારી રીતે સ્થિત સત્ દ્રવ્ય છે.

પ્રશ્ન : ક્યાં સ્થિત સત્ દ્રવ્ય છે ?

ઉત્તર : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ સ્વભાવમાં સ્થિત સત્ દ્રવ્ય છે. આ જિનઉપદેશ છે. સ્વભાવમાં અવસ્થિત દ્રવ્ય સત્ છે, વાસ્તવમાં દ્રવ્યનું જે પરિણમન છે... ઈત્યાદિ પહેલા (ગાથા ૯૯) ગાથામાં જે કહેવામાં આવેલ હતું તે જ આ વ્યાખ્યાન છે માત્ર ગુણનું કથન અધિક છે-આ તાત્પર્ય છે.

જેમ આ જીવદ્રવ્યમાં ગુણ-ગુણીનું વ્યાખ્યાન કરેલ છે તે પ્રકારે બધા દ્રવ્યોમાં જાણવું જોઈએ.

આ પ્રકારે સત્તા અને દ્રવ્યનો ગુણ-ગુણી ભાવ સિદ્ધ થયો.

હવે, ગુણપર્યાયો સાથે દ્રવ્યનું અભેદપણું દર્શાવે છે.

## ગાથા ૧૧૦

પર્યાય કે ગુણ એવું કોઈ ન દ્રવ્ય વિણ વિશ્વે દીસે;
દ્રવ્યત્વ છે વળી ભાવ; તેથી દ્રવ્ય પોતે સત્ત્વ છે. ૧૧૦.

અન્વયાર્થ :– [**इह**] આ વિશ્વમાં [**गुण: इति वा कश्चित्**] ગુણ એવું કોઈ [**पर्याय: इति वा**] કે પર્યાય એવું કોઈ, [**द्रव्यं विना न अस्ति**] દ્રવ્ય વિના (–દ્રવ્યથી જુદું) હોતું નથી; [**द्रव्यत्वं पुन: भाव:**] અને દ્રવ્યત્વ તે ભાવ છે (અર્થાત્ અસ્તિત્વ તે ગુણ છે); [**तस्मात्**] તેથી [**द्रव्यं स्वयं सत्ता**] દ્રવ્ય પોતે સત્તા (અર્થાત્ અસ્તિત્વ) છે.

ટીકાર્થ : નથી જોવામાં આવતું.

પ્રશ્ન : તે શું છે જે જોવામાં નથી આવતું ?

ઉત્તર : કોઈ ગુણ જોવામાં નથી આવતો, માત્ર ગુણ જ નહીં, કોઈ પર્યાય પણ આ લોકમાં જોવામાં નથી આવતી.

પ્રશ્ન : તે બન્ને કેવી રીતે જોવામાં નથી આવતા ?

ઉત્તર : તેના વગર જોવામાં નથી આવતા.

પ્રશ્ન : તે કોના વગર જોવામાં નથી આવતા ?

ઉત્તર : તે દ્રવ્ય વગર જોવામાં નથી આવતા.

હવે દ્રવ્યના સંબંધમાં કહેવામાં આવે છે. દ્રવ્યત્વ અર્થાત્ અસ્તિત્વ.

પ્રશ્ન : તે અસ્તિત્વને બીજું શું કહેવામાં આવે છે ?

ઉત્તર : ભાવ-તે ભાવ કહેવામાં આવે છે.

પ્રશ્ન : ભાવનો શો અર્થ છે ?

ઉત્તર : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ સદ્‌ભાવ-વિદ્યમાનતા આ ભાવનો અર્થ છે. આથી અભેદનયથી સત્તા સ્વયં જ દ્રવ્ય છે. (દ્રવ્ય જ સ્વયમેવ (પોતે જ) સત્તા છે)

તે આ પ્રકારે-મુક્તાત્મદ્રવ્યમાં સ્વભાવની ઉત્કૃષ્ટ પરિપૂર્ણ પ્રાપ્તિરૂપ મોક્ષપર્યાય અને કેવળજ્ઞાનાદિરૂપ ગુણસમૂહ-જે કારણથી આ બન્ને પણ પરમાત્મદ્રવ્ય વગર નથી-નથી જોવામાં આવતા.

પ્રશ્ન : તેઓ કયા કારણથી (પરમાત્મદ્રવ્ય વગર) જોવામાં નથી આવતા ?

ઉત્તર : પ્રદેશોના અભેદપણાને લીધે તેઓ દ્રવ્ય વગર જોવામાં નથી આવતા. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ શુદ્ધસત્તારૂપ મુક્તાત્મદ્રવ્ય છે. આથી અભેદનયથી સત્તા જ દ્રવ્ય છે-આમ અર્થ છે.

જેમ મુક્તાત્મદ્રવ્યમાં ગુણ-પર્યાયો સાથે અભેદ વ્યાખ્યાન કરવામાં આવેલ છે, તેવી જ રીતે યથાસંભવ બધા દ્રવ્યોમાં જાણવું જોઈએ.

આ પ્રકારે ગુણ-ગુણીના કથનરૂપથી પહેલી ગાથા અને દ્રવ્યનો ગુણ-પર્યાય સાથે ભેદ નથી-આ કથનરૂપ બીજી ગાથા-આ પ્રકારે બે સ્વતંત્ર ગાથાઓ દ્વારા છઠ્ઠું સ્થળ પૂર્ણ થયું.

(હવે, દ્રવ્યાર્થિકનયથી સત્ ઉત્પાદ તથા પર્યાયાર્થિકનયથી અસત્-ઉત્પાદ, કથન સૂચક ચાર ગાથાઓમાં નિબદ્ધ સાતમું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, દ્રવ્યનો દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયથી સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદ્ દર્શાવે છે.

## ગાથા ૧૧૧

આવું દરવ દ્રવ્યાર્થ-પર્યાયાર્થથી નિજભાવમાં
સદ્‌ભાવ-અસદ્‌ભાવયુત ઉત્પાદને પામે સદા. ૧૧૧.

અન્વયાર્થ :– [**एवंविधं द्रव्यं**] આવું (પૂર્વોક્ત) દ્રવ્ય [**स्वभावे**] સ્વભાવમાં [**द्रव्यार्थ-पर्यायार्थाभ्यां**] દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો વડે [**सदसद्भावनिबद्धं प्रादुर्भावं**] સદ્‌ભાવસંબદ્ધ અને અસદ્‌ભાવસંબદ્ધ ઉત્પાદને [**सदा लभते**] સદા પામે છે.

ટીકાર્થ : આ પ્રકારના સદ્‌ભાવમાં-સત્તાલક્ષણ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણ અને ગુણ-પર્યાય

લક્ષણ વાળું દ્રવ્ય-આ પ્રકારે પહેલા કહેવામાં આવેલ સદ્ભાવ-સત્તારૂપ ભાવમાં સ્થિત છે. અથવા એવો બીજો પાઠ-ભેદ છે.

અહીં આ પ્રકારે પૂર્વોક્ત લક્ષણ પોતાના સદ્ભાવમાં સ્થિત છે.

પ્રશ્ન : પોતાના સદ્ભાવમાં કોણ સ્થિત છે ?

ઉત્તર : દ્રવ્યરૂપ કર્તા પોતાના સદ્ભાવમાં સ્થિત છે.

પ્રશ્ન : પોતાના સદ્ભાવમાં સ્થિત દ્રવ્ય શું કરે છે ?

ઉત્તર : હંમેશા પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : તે કયા કર્મને-કોને પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : તે ઉત્પાદને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : તે કેવા ઉત્પાદને પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : સદ્ભાવ-વિદ્યમાનતા સહિત અને અવિદ્યમાનતા સહિત ઉત્પાદને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : કોના દ્વારા-કોની વિવક્ષાથી તેને પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય દ્વારા અથવા તેઓની વિવક્ષામાં તેને પ્રાપ્ત કરે છે.

તે આ પ્રકારે-જેમ જે સમયે દ્રવ્યાર્થિકનયથી વિવક્ષા કરવામાં આવે છે તો કડા પર્યાયમાં જે સુવર્ણ છે તે જ કંકણ પર્યાયમાં છે બીજું નથી. તે સમયે સદ્ભાવનિબદ્ધ અને વિદ્યમાન એવી વસ્તુનો જ ઉત્પાદ છે. (અવિદ્યમાન નવીન પર્યાય ઉત્પન્ન હોવા છતાં પણ)

પ્રશ્ન : વિદ્યમાન વસ્તુનો જ ઉત્પાદ્ કેવી રીતે છે ?

ઉત્તર : દ્રવ્યના દ્રવ્યરૂપથી અવિનાશીપણાને કારણે વિદ્યમાન વસ્તુનો જ ઉત્પાદ છે.

અને જ્યારે પર્યાય (પર્યાયાર્થિકનય)થી વિવક્ષા કરવામાં આવે છે ત્યારે કડા પર્યાયથી ભિન્ન જે સુવર્ણ સંબંધી કંકણ પર્યાય છે, તે હોતી જ નથી તો પછી તે અસત્નો ઉત્પાદ છે.

પ્રશ્ન : અસત્ પર્યાયનો ઉત્પાદ્ કેવી રીતે છે ?

ઉત્તર : પૂર્વ પર્યાયનો વિનાશ થઈ જવાના કારણે અસત્નો ઉત્પાદ છે.

એવી જ રીતે જ્યારે દ્રવ્યાર્થિકનયથી વિવક્ષા કરવામાં આવે છે, ત્યારે પહેલા ગૃહસ્થ દશામાં તે-તે પ્રકારના ગૃહ-વ્યાપાર (ઘર-ગૃહસ્થીના કાર્યો)ને કરતા હતા, ત્યારબાદ જિન દીક્ષા (મુનિ-દીક્ષા) ગ્રહણ કરી હવે તે જ રામ આદિ કેવળી પુરુષો નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ઉત્કૃષ્ટ આત્મધ્યાનથી અનંતસુખરૂપી અમૃતથી તૃપ્ત થયા છે તે કોઈ બીજા નથી; ત્યારે સદ્ભાવનિબદ્ધ વિદ્યમાનતા સહિત જ ઉત્પાદ થયો છે.

પ્રશ્ન : અવિદ્યમાન નવીન પર્યાય ઉત્પન્ન હોવા છતાં પણ વિદ્યમાનનો જ ઉત્પાદ કેવી રીતે થયો ?

ઉત્તર : પુરુષ (જીવ) રૂપથી નષ્ટ નહી થવાનાં કારણે વિદ્યમાનનો જ ઉત્પાદ થયો છે.

હવે, જ્યારે પર્યાયનયથી વિવક્ષા કરવામાં આવે છે, ત્યારે પહેલી સરાગ અવસ્થાથી ભિન્ન જે આ ભરત, સગર, રામ, પાંડવ આદિ કેવળી પુરુષોની ઉપરાગ રહિત વીતરાગ પરમાત્મ પર્યાય તે, તે (સરાગ અવસ્થા) નથી. તો પછી અસદ્ભાવ નિબદ્ધ અવિદ્યમાનતાનો જ ઉત્પાદ થયો.

પ્રશ્ન : અવિદ્યમાનનો ઉત્પાદ કેવી રીતે થાય છે ?

ઉત્તર : પહેલાની પર્યાયથી (વર્તમાન પર્યાયની) ભિન્નતાને કારણે અવિદ્યમાનનો ઉત્પાદ થાય છે.

જેમ આ જીવદ્રવ્યમાં સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદનું વિશેષ કથન કરવામાં આવેલ છે તે જ પ્રકારે બધા દ્રવ્યોમાં યથાસંભવ જાણવું જોઈએ.

હવે, પહેલા કહેલા જ સત્ ઉત્પાદનું, દ્રવ્યથી અભિન્નરૂપથી વિશેષ વર્ણન કરે છે.

## ગાથા ૧૧૨

જીવ પરિણમે તેથી નરાદિક એ થશે; પણ તે-રૂપે
શું છોડતો દ્રવ્યત્વને ? નહિ છોડતો ક્યમ અન્ય એ ? ૧૧૨.

અન્વયાર્થ :– [**जीव:**] જીવ [**भवन्**] પરિણમતો હોવાથી [**नर:**] મનુષ્ય, [**अमर:**] દેવ [**वा**] અથવા [**पर:**] બીજું કાંઈ (-તિર્યંચ, નારક કે સિદ્ધ) [**भविष्यति**] થશે. [**पुन:**] પરંતુ [**भूत्वा**] મનુષ્યદેવાદિક થઈને [**किं**] શું તે [**द्रव्यत्वं प्रजहाति**] દ્રવયપણાને છોડે છે ? [**न जहत्**] નહિ છોડતો થકો તે [**अन्य: कथं भवति**] અન્ય કેમ હોય ? (અર્થાત્ તે અન્ય નથી, તેનો તે જ છે.)

ટીકાર્થ : જીવરૂપી કર્તા (કર્તાકારકમાં પ્રયુક્ત જીવ) પરિણમિત થયો થકો થશે.

પ્રશ્ન : પરિણમિત થયો થકો જીવ શું શું થશે ?

ઉત્તર : વિકારરહિત શુદ્ધોપયોગથી વિલક્ષણ શુભાશુભ ઉપયોગરૂપ પરિણમન કરી મનુષ્ય, દેવ અને અન્ય તિર્યંચ, નારકીરૂપ અથવા પૂર્ણ વિકાર રહિત શુદ્ધોપયોગથી સિદ્ધ થશે, આ રીતે પહેલા કહેલા મનુષ્યાદિ રૂપ થઈને પણ.

અથવા બીજું વ્યાખ્યાન-'છે તે', વર્તમાનકાળની અપેક્ષાએ, 'થશે' તે ભવિષ્યકાળની અપેક્ષાએ, થઈ ગયું તે ભૂતકાળની અપેક્ષાએ-આ રીતે ત્રણેય કાળમાં (તે રૂપ) થઈને પણ શું દ્રવ્યપણાને છોડે છે ? દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યતાને નથી છોડતો, દ્રવ્યથી ભિન્ન નથી.

પ્રશ્ન : (ત્યારે તે જીવદ્રવ્યથી) ભિન્ન કેવી રીતે છે ?

ઉત્તર : (નથી) પરંતુ અન્વયશક્તિ રૂપથી દ્રવ્યના સદ્ભાવનિબદ્ધ ઉત્પાદ-સત્ઉત્પાદ તે જ

છે. એવી રીતે ઉત્પાદ દ્રવ્યથી અભિન્ન છે - એવો ભાવ છે. ॥ ૧૧૨ ॥

હવે, પૂર્વ પર્યાયથી ભિન્નતા હોવાને કારણે, દ્રવ્યનો અસત્ ઉત્પાદ નક્કી કરે છે.

## ગાથા ૧૧૩

માનવ નથી સુર, સુર પણ નહિ મનુજ કે નહિ સિદ્ધ છે;
એ રીત નહિ હોતો થકો ક્યમ તે અનન્યપણું ધરે ? ૧૧૩.

અન્વયાર્થ :– [**मनुजः**] મનુષ્ય તે [**देवः न भवति**] દેવ નથી, [**वा**] અથવા [**देवः**] દેવ તે [**मानुषः वा सिद्धः वा**] મનુષ્ય કે સિદ્ધ નથી; [**एवम् अभवन्**] એમ નહિ હોતો થકો [**अनन्यभावं कथं लभते**] અનન્ય કેમ હોય ?

ટીકાર્થ : આકુળતાને ઉત્પન્ન કરવાવાળી મનુષ્ય, દેવ આદિ વિભાવ પર્યાયોથી વિલક્ષણ અનાકુળતારૂપ સ્વભાવ-પરિણતિ લક્ષણવાળું પરમાત્મદ્રવ્ય, જો કે નિશ્ચયથી મનુષ્ય પર્યાય તેમજ દેવપર્યાયમાં સમાન છે, તો પણ મનુષ્ય છે, તે દેવ નથી.

પ્રશ્ન : મનુષ્ય, તે દેવ કેમ નથી ?

ઉત્તર : દેવ પર્યાયના સમયે મનુષ્ય પર્યાયની પ્રાપ્તિ ન હોવાને કારણે મનુષ્ય છે તે દેવ નથી, અથવા દેવ છે તે મનુષ્ય નથી, અથવા પોતાના આત્માની પૂર્ણ પ્રાપ્તિરૂપ સિદ્ધ પર્યાય નથી.

પ્રશ્ન : આ બધી પર્યાયો એકબીજારૂપ કેમ નથી ?

ઉત્તર : જેવી રીતે સુવર્ણદ્રવ્યમાં કુંડળ આદિ પર્યાયોનો પૃથક-પૃથક સમય હોવાથી (કોઈ વિશિષ્ટ સુવર્ણની) એક સમયમાં બધી પર્યાયો ન હોઈ શકે. તેવી રીતે મનુષ્યાદિ બધી પર્યાયોના પૃથક પૃથક સમય હોવાથી તે બધી એકબીજારૂપ નથી; એ રીતે એકબીજા રૂપે નહીં થતી થકી અનન્યભાવ-અભિન્નતા-એકતાને કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે ? કોઈ પણ રીતે નહીં અર્થાત્ તે એક નથી થઈ શકતી.

આનાથી એટલું સિદ્ધ થયું કે અસદ્ભાવ નિબદ્ધ ઉત્પાદ-અસત્ ઉત્પાદ પૂર્વ પર્યાયથી ભિન્ન હોય છે. ॥ ૧૧૩ ॥

હવે, એક દ્રવ્યનું પર્યાયોની સાથે અનન્યત્વ નામનું એકત્વ અને અન્યત્વ નામનું અનેકત્વ નયવિભાગથી બતાવીએ છીએ.

અથવા, પહેલા કહેલા સત્ અસત્ બંને ઉત્પાદોનું બીજા અર્થમાં સમર્થન કરે છે.

## ગાથા ૧૧૪

દ્રવ્યાર્થિકે બધું દ્રવ્ય છે; ને તે જ પર્યાયાર્થિકે
છે અન્ય, જેથી તે સમય તદ્દરૂપ હોઈ અનન્ય છે. ૧૧૪.

અન્વયાર્થ :– [**द्रव्यार्थिकेन**] દ્રવ્યાર્થિક (નય) વડે [**सर्वं**] સઘળું [**द्रव्यं**] દ્રવ્ય છે; [**पुनः च**] અને વળી [**पर्यायार्थिकेन**] પર્યાયાર્થિક (નય) વડે [**तत्**] તે (દ્રવ્ય) [**अन्यत्**] અન્ય-અન્ય છે, [**तत्काले तन्मयत्वात्**] કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે [**अनन्यत्**] (દ્રવ્ય પર્યાયોથી) અનન્ય છે.

ટીકાર્થ : પ્રશ્ન : કર્તારૂપ કોણ છે ?

ઉત્તર : બધાં વિવક્ષિત-અવિવક્ષિત જીવદ્રવ્ય છે.

પ્રશ્ન : તે કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : તે અનન્ય, અભિન્ન-એક અથવા તન્મય છે.

પ્રશ્ન : તે કોની સાથે અભિન્ન છે ?

ઉત્તર : તે નારક, તિર્યંચ, મનુષ્ય કે દેવરૂપ વિભાવ પર્યાય સમુહ અને કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય શક્તિ (ગુણ) રૂપ સિદ્ધ પર્યાયની સાથે અભિન્ન છે.

પ્રશ્ન : તે તેની સાથે કોના દ્વારા-કઈ અપેક્ષાથી અભિન્ન છે ?

ઉત્તર : શુદ્ધ અન્વય દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ તે આનાથી અભિન્ન છે.

પ્રશ્ન : આ નયની અપેક્ષાએ તે તેનાથી અભિન્ન કેમ છે ?

ઉત્તર : કુંડળ આદિ પર્યાયોમાં વ્યાપ્ત સુવર્ણની જેમ, ભેદનો અભાવ હોવાથી તેઓ તેનાથી અભિન્ન છે.

અને તે દ્રવ્ય પર્યાયાર્થિકનયથી બીજી-ભિન્ન અનેક પર્યાયોની સાથે પૃથક-પૃથક છે.

પ્રશ્ન : પર્યાયાર્થિકનયથી તે પૃથક-પૃથક શા માટે છે ?

ઉત્તર : જો આવો પ્રશ્ન હોય તો (આચાર્યદેવ ઉત્તર આપે છે) ઘાસની અગ્નિ, લાકડાની અગ્નિ, પાંદડાની અગ્નિની જેમ, પોતાની પર્યાયો સાથે તે કાળમાં તન્મય હોવાને કારણે પૃથક પૃથક છે.

પ્રશ્ન : તેથી શું કહેવાયું છે ? અર્થાત્ આ બધા કથનનું તાત્પર્ય શું છે ?

ઉત્તર : (આ બધા કથનનું તાત્પર્ય એ છે કે) દ્રવ્યાર્થિકનયથી જ્યારે વસ્તુની પરીક્ષા કરવામાં આવે છે ત્યારે પર્યાયોના ક્રમરૂપથી બધી પર્યાયોનો સમુહ દ્રવ્ય જ જણાય છે. અને જ્યારે પર્યાયાર્થિકનયથી વિવક્ષા કરવામાં આવે છે, ત્યારે પર્યાયરૂપથી દ્રવ્ય પણ ભિન્ન ભિન્ન જાણવામાં આવે છે. અને જ્યારે પરસ્પર સાપેક્ષ બંને નયોથી (પ્રમાણદૃષ્ટિથી) એક સાથે સારી રીતે જોવામાં

આવે છે, ત્યારે એકતા અને અનેકતા એક સાથે જણાય છે.

જેવી રીતે આ જીવદ્રવ્યમાં વિશેષ કથન કર્યું છે તેમ યથાસંભવ બધાં દ્રવ્યમાં જાણવું જોઈએ- આ અર્થ છે.

આ પ્રકારે સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદના કથનરૂપથી પહેલી, સત્ ઉત્પાદના વિશેષ વિવરણ રૂપ બીજી, તેવી રીતે અસત્ ઉત્પાદના વિશેષ વિવરણરૂપ ત્રીજી તથા દ્રવ્ય અને પર્યાયના એકત્વ અને અનેકત્વ પ્રતિપાદનરૂપથી ચોથી-એ રીતે સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદના વિશેષ કથનની મુખ્યતાથી ચાર ગાથાઓ દ્વારા સાતમું સ્થળ સમાપ્ત થયું. ॥ ૧૧૪ ॥

હવે, નય સપ્તભંગી વિષયક એક ગાથાવાળું છેલ્લું આઠમું સ્થળ શરૂ થાય છે.

હવે સંપૂર્ણ દુર્નયોના એકાંતરૂપ વિવાદનો નિષેધ કરવાવાળી નય સપ્તભંગીનો વિસ્તાર કરે છે -

## ગાથા ૧૧૫

**અસ્તિ, તથા છે નાસ્તિ, તેમ જ દ્રવ્ય અણવક્તવ્ય છે,**
**વળી ઉભય કો પર્યાયથી, વા અન્યરૂપ કથાય છે. ૧૧૫.**

અન્વયાર્થ :– [**द्रव्यं**] દ્રવ્ય [**अस्ति इति च**] કોઈ પર્યાયથી 'અસ્તિ', [**नास्ति इति च**] કોઈ પર્યાયથી 'નાસ્તિ' [**पुन:**] અને [**अवक्तव्यम् इति भवति**] કોઈ પર્યાયથી 'અવક્તવ્ય' છે; [**केनचित् पर्यायेण तु तदुभयं**] વળી કોઈ પર્યાયથી 'અસ્તિ-નાસ્તિ' [**वा**] અથવા [**अन्यत् आदिष्टम्**] કોઈ પર્યાયથી અન્ય ત્રણ ભંગરૂપ કહેવામાં આવે છે.

ટીકાર્થ : સ્યાત્ અસ્તિ જ છે.

પ્રશ્ન : સ્યાત્નો અર્થ શું છે ?

ઉત્તર : કથંચિત્ - આ સ્યાત્નો અર્થ છે.

પ્રશ્ન : કથંચિત્નો શું અર્થ છે ?

ઉત્તર : વિવક્ષિત પ્રકારથી-કોઈ અપેક્ષાથી-સ્વદ્રવ્ય આદિ ચતુષ્ટયની અપેક્ષાથી અસ્તિ છે. આ કથંચિત્નો અર્થ છે. શુદ્ધ જીવના વિષયમાં તે સ્વચતુષ્ટયને કહે છે-શુદ્ધગુણ અને શુદ્ધપર્યાયોના આધારભૂત (એવા) શુદ્ધાત્મદ્રવ્યને દ્રવ્ય કહેવાય છે, લોકાકાશ પ્રમાણ શુદ્ધ અસંખ્યાત પ્રદેશને ક્ષેત્ર કહેવાય છે, વર્તમાન શુદ્ધ પર્યાયરૂપ પરિણત વર્તમાન સમય તે કાળ છે અને શુદ્ધ ચૈતન્યને તે ભાવ છે આ રીતે કહેલા લક્ષણવાળા દ્રવ્યાદિ ચતુષ્ટયરૂપ 'અસ્તિ' છે આ પહેલો ભંગ છે.

સ્યાત્ નાસ્તિ જ છે.

પ્રશ્ન : શું અર્થ છે સ્યાત્નાસ્તિનો ?

ઉત્તર : કથંચિત્-કોઈ અપેક્ષાથી-વિવક્ષિત-પરદ્રવ્યાદિ ચતુષ્ટયરૂપથી નાસ્તિ જ છે આ સ્યાત્ (નાસ્તિ) શબ્દનો અર્થ છે-આ બીજો ભંગ છે.

પ્રશ્ન : કેવા છે ?

ઉત્તર : સ્યાત્ અવકતવ્ય છે.

પ્રશ્ન : શું અર્થ છે સ્યાત્ (અવક્તવ્ય) નો ?

ઉત્તર : કથંચિત્-કોઈ અપેક્ષાથી-વિવક્ષિત પ્રકારે-એક સાથે સ્વપરદ્રવ્યાદિ ચતુષ્ટયરૂપથી સ્યાત્ અવકતવ્ય જ છે-આ સ્યાત્‌નો અર્થ છે-આ ત્રીજો ભંગ છે.

એવી જ રીતે સ્યાત્ અસ્તિ જ છે, સ્યાત્ નાસ્તિ જ છે, સ્યાત્ અવક્તવ્ય જ છે, સ્યાત્ અસ્તિ-નાસ્તિ જ છે, સ્યાત્ અસ્તિ અવક્તવ્ય જ છે, સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય જ છે, અને સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય જ છે-આ સાત ભંગ છે.

પ્રશ્ન : એવું કોણ છે ?

ઉત્તર : પરમાત્મ દ્રવ્યરૂપ કર્તા એવું છે.

પ્રશ્ન : વળી તે કેવું છે ?

ઉત્તર : તે સ્યાત્ અસ્તિ-નાસ્તિ જ છે.

પ્રશ્ન : સ્યાત્‌નો શું અર્થ છે ?

ઉત્તર : કથંચિત્ કોઈ અપેક્ષાથી-વિવક્ષિત (કહેવા ધારેલ) પ્રકારથી-ક્રમથી સ્વ-પર દ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ સ્યાત્ અસ્તિ-નાસ્તિ જ છે. આ સ્યાત્‌નો (અસ્તિ નાસ્તિનો) અર્થ છે. આ ચોથો ભંગ છે.

પ્રશ્ન : કેવું સત્ આવા આવા પ્રકારનું છે ?

ઉત્તર : કહેવામાં આવેલ વિવક્ષિત પ્રકારનું સત્ આવા આવા પ્રકારનું છે.

પ્રશ્ન : વિવક્ષિત સત્ કેવી રીતે આવા આવા પ્રકારનું છે ?

ઉત્તર : પર્યાયથી, પ્રશ્નોત્તરરૂપ નયવિભાગથી વિવક્ષિત સત્ આવા આવા પ્રકારનું છે.

પ્રશ્ન : કેવી પર્યાયથી અથવા કેવા પ્રશ્નોત્તરરૂપ નયવિભાગથી તે રૂપે છે ?

ઉત્તર : કોઈ પણ વિવક્ષિત પર્યાયથી અથવા નૈગમાદિ નયરૂપથી એ રૂપે છે. અને બીજા ત્રણ સંયોગી ભંગરૂપથી તે રૂપ છે.

તે સંયોગી ભંગોને કહે છે.

સ્યાત્ અસ્તિ અવક્તવ્ય જ છે.

પ્રશ્ન : સ્યાત્ (અસ્તિ અવક્તવ્ય)નો શું અર્થ છે ?

ઉત્તર : કથંચિત્-વિવક્ષિત પ્રકારથી-સ્વદ્રવ્યાદિ ચતુષ્ટય અને યુગપત્ (એકી સાથે) એક સાથે સ્વપરદ્રવ્યાદિ ચતુષ્ટયથી સ્યાત્ અસ્તિ-અવક્તવ્ય જ છે આમ સ્યાત્ (અસ્તિ અવક્તવ્ય)નો

અર્થ છે. આ પાંચમો ભંગ છે.

સ્યાત્ નાસ્તિ-અવક્તવ્ય જ છે.

પ્રશ્ન : સ્યાત્ (નાસ્તિ અવક્તવ્ય)નો શું અર્થ છે ?

ઉત્તર : કથંચિત્-વિવક્ષિત પ્રકારથી, પરદ્રવ્યાદિ ચતુષ્ટય અને યુગપત્ (એક સાથે) સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટય વડે સ્યાત્ નાસ્તિ અવક્તવ્ય જ છે. આ સ્યાત્ (નાસ્તિ અવક્તવ્ય) નો અર્થ છે. આ છઠ્ઠો ભંગ છે.

સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય જ છે.

પ્રશ્ન : સ્યાત્ (અસ્તિ-નાસ્તિ અવક્તવ્ય) નો અર્થ શું છે ?

ઉત્તર : કથંચિત્-વિવક્ષિત પ્રકારથી, ક્રમથી સ્વપર દ્રવ્યાદિ ચતુષ્ટય અને એક સાથે સ્વ-પર દ્રવ્યાદિ ચતુષ્ટયથી સ્યાત્ અસ્તિ નાસ્તિ અવક્તવ્ય જ છે. એવો સ્યાત્ (અસ્તિ નાસ્તિ અવક્તવ્ય) નો અર્થ છે. આ સાતમો ભંગ છે.

પહેલા 'પંચાયસ્તિકાય સંગ્રહ' નામના ગ્રંથમાં 'સ્યાત્ અસ્તિ' ઈત્યાદિ પ્રમાણ વાક્ય દ્વારા (ગાથા ૧૪ ટીકા) પ્રમાણ સપ્તભંગીનું વ્યાખ્યાન કર્યું હતું અને અહિંયા જે 'સ્યાત્ અસ્તિ તે-સ્યાત્ જ છે' એ રીતે એવકાર-'જ' શબ્દનું ગ્રહણ કર્યું છે, તે નય સપ્તભંગીને બતાવવાને માટે કર્યું છે-આ ભાવ છે.

જેવી રીતે નય સપ્તભંગીનું વિશેષ કથન શુદ્ધાત્મ દ્રવ્યમાં ઘટિત કરીને દેખાડ્યું છે, એવી રીતે યથાસંભવ બધા પદાર્થોમાં જોવું જોઈએ.

એવી રીતે પૂર્વોક્ત પ્રકારથી પહેલી નમસ્કાર ગાથા, દ્રવ્ય-ગુણ-પર્યાયના કથનરૂપે બીજી ગાથા, સ્વસમય પરસમય પ્રતિપાદનરૂપે ત્રીજી, દ્રવ્યના સત્તા આદિ ત્રણ લક્ષણોની સુચનારૂપે ચોથી-આ રીતે ચાર સ્વતંત્ર ગાથાઓ દ્વારા પહેલું પીઠિકા સ્થાન છે. ત્યારબાદ અવાન્તર સત્તા કથનરૂપ પહેલી, મહાસત્તારૂપ બીજી, જેવી રીતે દ્રવ્યસ્વભાવ સિદ્ધ છે એવી રીતે સત્તા ગુણ પણ સ્વભાવ સિદ્ધ છે-આ કથનરૂપ ત્રીજી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપથી પણ સત્તા જ દ્રવ્ય છે-આ કથનરૂપ ચોથી આ રીતે ચાર ગાથાઓ દ્વારા સત્તાલક્ષણ વિવરણની મુખ્યતાવાળુ બીજું સ્થળ છે. ત્યારબાદ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યના લક્ષણનું વિવરણ બતાવનાર ત્રણ ગાથાઓવાળું ત્રીજું સ્થળ, ત્યાર પછી દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયના કથનરૂપ બે ગાથાઓવાળું ચોથું સ્થળ, ત્યારબાદ દ્રવ્યના અસ્તિત્વની સ્થાપનારૂપ પહેલી, પૃથકત્વ લક્ષણ અને અતદ્ભાવ નામના અન્યત્વ લક્ષણના કથનરૂપ બીજી, સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન આદિ ભેદરૂપ અતદ્ભાવના વિવરણરૂપ ત્રીજી, એને જ દઢ કરવા માટે ચોથી, -આ રીતે ચાર ગાથાઓ દ્વારા સત્તા-દ્રવ્યના અભેદ વિષયમાં યુક્તિપૂર્વક કથનની મુખ્યતાવાળું પાંચમું સ્થળ છે. ત્યારબાદ સત્તા અને દ્રવ્યના ગુણ-ગુણીના કથનરૂપ પહેલી, ગુણ-પર્યાયોનું દ્રવ્યની સાથે અભેદ કથનરૂપથી બીજી ગાથા, આ રીતે બે સ્વતંત્ર ગાથાઓવાળું છઠ્ઠું સ્થળ છે. તે ઉપરાંત

દ્રવ્યનો સત્ ઉત્પાદ અને અસત્ ઉત્પાદના સામાન્ય અને વિશેષ વ્યાખ્યાનરૂપે ચાર ગાથાઓવાળું સાતમું સ્થળ છે. અને ત્યારબાદ સપ્તભંગીના કથનરૂપ એક ગાથાવાળું આઠમું સ્થળ છે.

આ રીતે સામુહિકરૂપથી ચોવીસ ગાથામાં નિબદ્ધ આઠ સ્થળોવાળા 'જ્ઞેય-તત્ત્વ-પ્રજ્ઞાપન' નામના દ્વિતીય મહાઅધિકારના પ્રથમ 'સામાન્ય-જ્ઞેય-વ્યાખ્યાન અધિકાર'માં સામાન્ય દ્રવ્ય-પ્રરૂપણ' નામનો પ્રથમ અંતરાધિકાર પૂરો થયો.

હવે, એના પછી સામાન્ય જ્ઞેય વ્યાખ્યાન નામના પ્રથમ અધિકારમાં જ પ્રથમ સામાન્ય દ્રવ્ય નિર્ણય અંતર અધિકાર પછી સામાન્ય ભેદ ભાવના નામના બીજા અંતર અધિકારમાં સામાન્ય ભેદ ભાવનાની મુખ્યતાથી અગિયાર ગાથાઓ સુધી વ્યાખ્યાન કરે છે. ત્યાં ક્રમથી પાંચ સ્થળ છે.

સર્વપ્રથમ વાર્તિક વ્યાખ્યાનના અભિપ્રાયથી સાંખ્ય-એકાંત મતનું નિરાકરણ અથવા શુદ્ધ નિશ્ચયનય જૈનમત જ છે-એ રીતે વ્યાખ્યાનની મુખ્યતાથી એક ગાથાવાળું પહેલું સ્થળ છે. ત્યારબાદ મનુષ્યાદિ પર્યાયો નિશ્ચયનયથી કર્મનું ફળ છે, શુદ્ધાત્માનું સ્વરૂપ નથી-તે પ્રકારે એ જ અધિકારસૂત્રના વિવરણને માટે પાઠક્રમથી ચાર ગાથાઓવાળું બીજું સ્થળ છે. ત્યાર પછી રાગાદિ પરિણામ જ દ્રવ્યકર્મનું કારણ હોવાથી ભાવકર્મ કહેવાય છે-એ રીતે પરિણામની મુખ્યતાથી બે ગાથાઓવાળું ત્રીજું સ્થળ છે. ત્યારપછી કર્મફળ ચેતના, કર્મચેતના, જ્ઞાનચેતના એ રીતે ત્રિવિધ ચેતનાના પ્રતિપાદનરૂપ ત્રણ ગાથાઓવાળું ચોથું સ્થળ છે અને ત્યાર પછી શુદ્ધાત્મ ભેદભાવનાનું ફળ કહેતા એક ગાથા દ્વારા ઉપસંહાર કરે છે-આ પાંચમું સ્થળ છે.

આ રીતે સામાન્ય ભેદભાવના અંતરાધિકારમાં પાંચ સ્થળો દ્વારા સામુહિક પાતનિકા પૂર્ણ થઈ.

**સામાન્ય ભેદ-ભાવના-સંજ્ઞક દ્વિતીય અંતર અધિકાર-સ્થળ વિભાજન.**

| સ્થળ ક્રમ | સ્થળ પ્રતિપાદિત વિષય | ક્યાંથી ક્યાં સુધી ગાથા | કુલ ગાથા |
|---|---|---|---|
| પહેલો | સાંખ્ય એકાંતના નિરાકરણ અથવા શુદ્ધ નિશ્ચયનયથી જૈનમત | ૧૧૬ | ૧ |
| બીજો | મનુષ્ય આદિ પર્યાયો કર્મફળ છે શુદ્ધાત્માનું સ્વરૂપ નથી | ૧૧૭ થી ૧૨૦ | ૪ |
| ત્રીજો | દ્રવ્યકર્મના બંધનું કારણ રાગાદિ પરિણામ જ ભાવબંધ છે. | ૧૨૧ થી ૧૨૨ | ૨ |
| ચોથો | ત્રિવિધ ચેતના પ્રતિપાદક વિષયક | ૧૨૩ થી ૧૨૫ | ૩ |
| પાંચમો | શુદ્ધાત્મ ભેદભાવનાનું ફળ-ઉપસંહાર | ૧૨૬ | ૧ |
| | કુલ પાંચ સ્થળ | કુલ ગાથા | ૧૧ |

(હવે, અહીં સાંખ્ય એકાંતનું નિરાકરણ અથવા શુદ્ધ નિશ્ચયનયથી જૈનમત નિરૂપક એક ગાથાવાળા સામાન્ય ભેદ ભાવના નામના બીજા અંતરાધિકારનું પ્રથમ સ્થળ પ્રારંભ થાય છે)

તે આ પ્રકારે-હવે મનુષ્ય-નારક આદિ પર્યાયો કર્મોને (ઉદયને) આધીન હોવાથી વિનાશશીલ હોવાને કારણે, શુદ્ધ નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ નથી. એવી ભેદ-ભિન્નતાની ભાવનાને કહે છે.

## ગાથા ૧૧૬

નથી 'આ જ' એવો કોઈ, જ્યાં કિરિયા સ્વભાવ-નિપન્ન છે;
કિરિયા નથી ફળહીન, જો નિષ્ફળ ધરમ ઉત્કૃષ્ટ છે. ૧૧૬.

અન્વયાર્થ :– [**एषः इति कश्चित् नास्ति**] (મનુષ્યાદિપર્યાયોમાં) 'આ જ' એવો કોઈ (શાશ્વત પર્યાય) નથી; [**स्वभावनिर्वृत्ता क्रिया नास्ति न**] (કારણ કે સંસારી જીવને) સ્વભાવ-નિષ્પન્ન ક્રિયા નથી એમ નથી (અર્થાત્ વિભાવસ્વભાવથી નીપજતી રાગદ્વેષમય ક્રિયા અવશ્ય છે). [**यदि**] અને જો [**परमः धर्मः निःफलः**] પરમ ધર્મ અફળ છે તો [**क्रिया हि अफला नास्ति**] ક્રિયા જરૂર અફળ નથી (અર્થાત્ એક વીતરાગ ભાવ જ મનુષ્યાદિપર્યાયોરૂપ ફળ ઉપજાવતો નથી, રાગદ્વેષમય ક્રિયા તો અવશ્ય તે ફળ ઉપજાવે છે).

ટીકાર્થ : ટાંકણાથી ઉત્કીર્ણ થયેલાની જેમ જ્ઞાયક એક સ્વભાવી પરમાત્મ દ્રવ્યની સમાન સંસારમાં મનુષ્યાદિ પર્યાયોમાંથી 'હંમેશા જ આ એકરૂપ જ નિત્ય છે' એવું કોઈ પણ નથી. તો મનુષ્યાદિ પર્યાયોને રચવાવાળી સંસાર સંબંધી ક્રિયા-તે પણ નહિ હોય ? મિથ્યાત્વ, રાગાદિ પરિણતીરૂપ સંસાર-ક્રિયા નથી-એમ નથી, પરંતુ ચાર પર્યાયરૂપ ક્રિયા છે જ.

પ્રશ્ન : અને તે ક્રિયા કેવી છે ?

ઉત્તર : શુદ્ધાત્મ-સ્વભાવથી વિપરીત હોવા છતાં પણ મનુષ્ય, નારકી આદિ વિભાવ પર્યાય સ્વભાવથી રચાયેલી છે-તે રૂપ છે.

પ્રશ્ન : તો શું તે ક્રિયા નિષ્ફળ થશે ?

ઉત્તર : તે મિથ્યાત્વ, રાગાદિ પરિણતીરૂપ ક્રિયા, જો કે અનંત સુખ આદિ ગુણ સ્વરૂપ મોક્ષરૂપી કાર્ય માટે નિષ્ફળ છે, તોપણ અનેક પ્રકારના દુઃખોને દેવાવાળી, પોતાના કાર્યરૂપ મનુષ્ય આદિ પર્યાયોને રચવાવાળી હોવાથી સફળ-ફળ સહિત જ છે. મનુષ્યાદિ પર્યાયોની ઉત્પત્તિ જ એનું ફળ છે.

પ્રશ્ન : આ કેવી રીતે જાણી શકાય છે ?

ઉત્તર : જો એવું પૂછો છો તો કહીએ છીએ કે રાગ રહિત પરમાત્માની પ્રાપ્તિરૂપથી પરિણત અથવા આગમભાષાથી પરમ યથાખ્યાત ચારિત્રરૂપ પરિણત જે આ ઉત્કૃષ્ટ ધર્મ છે-તે કેવળજ્ઞાન

આદિ અનંત ચતુષ્ટયની પ્રગટતારૂપ કાર્ય સમયસારને ઉત્પન્ન કરવાવાળું હોવાથી ફળ સહિત હોવા છતાં પણ મનુષ્ય, નારકી આદિ પર્યાયોના કારણભૂત જ્ઞાનાવરણાદિ કર્મોના બંધોને ઉત્પન્ન નથી કરતું તેથી નિષ્ફળ છે-ફળ રહિત છે.

તેથી જાણી શકાય છે કે મનુષ્ય, નારકી આદિ સંસારરૂપ કાર્ય મિથ્યાત્વ, રાગાદિ ક્રિયાઓનું ફળ છે.

અથવા આ ગાથાનો બીજો અર્થ કરીએ છીએ-જેવી રીતે આ જીવ શુદ્ધનયથી રાગાદિ વિભાવરૂપ પરિણમિત નથી થતો તેવી રીતે અશુદ્ધનયથી પણ પરિણમિત નથી થતો-એવું જે સાંખ્યમત દ્વારા કહેવામાં આવ્યું છે તેનું નિરાકરણ કર્યું છે.

પ્રશ્ન : આનાથી તેનું નિરાકરણ કેવી રીતે કર્યું છે ?

ઉત્તર : એનો ઉત્તર આપીએ છીએ-અશુદ્ધનયથી મિથ્યાત્વ રાગાદિ વિભાવરૂપ પરિણત જીવોની મનુષ્ય, નારકી આદિ પર્યાયોરૂપ પરિણતી દેખાવાના કારણે તેઓ તે રૂપ પરિણમિત થાય છે-એ સ્પષ્ટ થયું. તેનાથી એનું નિરાકરણ થઈ ગયું. ॥ ૧૧૬ ॥

આ રીતે પ્રથમ સ્થળમાં અધિકાર સૂત્રરૂપ એક ગાથા પૂર્ણ થઈ.

(હવે, પ્રથમ સ્થળના અધિકારસૂત્રના વિવરણ વિષયક અથવા મનુષ્યાદિ પર્યાયો વાસ્તવમાં કર્મનું ફળ છે શુદ્ધાત્માનું સ્વરૂપ નથી, આ વાસ્તવિકતાનું પ્રતિપાદન કરવાવાળી ચાર ગાથાઓવાળું બીજું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, મનુષ્યાદિ પર્યાયો કર્મજનિત છે, એવું વિશેષરૂપથી સ્પષ્ટ કરે છે.

## ગાથા ૧૧૭

નામાખ્ય કર્મ સ્વભાવથી નિજ જીવદ્રવ્ય-સ્વભાવને<br>અભિભૂત કરી તિર્યંચ, દેવ, મનુષ્ય વા નારક કરે. ૧૧૭.

અન્વયાર્થ :– [**अथ**] ત્યાં, [**नामसमाख्यं कर्म**] 'નામ' સંજ્ઞાવાળું કર્મ [**स्वभावेन**] પોતાના સ્વભાવ વડે [**आत्मन: स्वभावं अभिभूय**] જીવના સ્વભાવનો પરાભવ કરીને, [**नरं तिर्यञ्चं नैरयिकं वा सुरं**] મનુષ્ય, તિર્યંચ, નારક અથવા દેવ (–એ પર્યાયોને) [**करोति**] કરે છે.

ટીકાર્થ : કર્મરહિત પરમાત્માથી વિલક્ષણ કર્મરૂપ કર્તા.

પ્રશ્ન : કર્મ કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : નામ રહિત, ગોત્ર રહિત મુક્તાત્માથી વિપરીત 'નામ' એવું સમ્યક્ નામ છે જેનું તે

'નામ' નામનું કર્મ 'નામકર્મ' છે-એવો અર્થ છે. શુદ્ધ બુદ્ધ એક પરમાત્મ સ્વભાવને, હવે પોતાના-જ્ઞાનાવરણાદિ પોતાના સ્વભાવરૂપ સાધન દ્વારા તે પૂર્વોક્ત આત્મસ્વભાવનો તિરસ્કાર કરીને.

પ્રશ્ન : પછી શું કરે છે ?

ઉત્તર : મનુષ્ય, તિર્યંચ, નારક અને દેવરૂપ કરે છે.

અહીં અર્થ આમ છે-જેવી રીતે અગ્નિરૂપી કર્તા, કર્મરૂપી તેલના સ્વભાવનો તિરસ્કાર કરીને, દીવાના માધ્યમથી દીપશીખા-દીવાની વાટ-પ્રકાશરૂપે પરિણમન કરે છે, એવી રીતે કર્મ અગ્નિરૂપી કર્તા, તેલના સ્થાન પર શુદ્ધાત્મ સ્વભાવનો તિરસ્કાર કરીને, દીવાના સ્થાને શરીરના માધ્યમથી દીવાની વાટ-પ્રકાશ સમાન મનુષ્ય, નારક આદિ પર્યાયરૂપ પરિણમન કરે છે. તેથી જાણવામાં આવે છે કે મનુષ્ય આદિ પર્યાયો નિશ્ચયનયથી કર્મજનિત છે. ॥ ૧૧૭॥

હવે, મનુષ્ય-નારક આદિ પર્યાયોમાં જીવના સ્વભાવનો તિરસ્કાર કેવી રીતે થાય છે, ત્યાં (તે સ્વભાવ તિરસ્કારમાં) શું જીવનો અભાવ થાય છે ? એવો પ્રશ્ન થવાથી ઉત્તર આપે છે.

## ગાથા ૧૧૮

તિર્યંચ-સુર-નર-નારકી જીવ નામકર્મ-નિપન્ન છે;
નિજ કર્મરૂપ પરિણમનથી સ્વભાવલબ્ધિ ન તેમને. ૧૧૮.

અન્વયાર્થ :– [**नरनारकतिर्यक्सुरा: जीवा:**] મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ જીવો [**खलु**] ખરેખર [**नामकर्मनिर्वृत्ता:**] નામકર્મથી નિષ્પન્ન છે. [**हि**] ખરેખર [**स्वकर्माणि**] તેઓ પોતાના કર્મરૂપે [**परिणममाना:**] પરિણમતા હોવાથી [**ते न लब्धस्वभावा:**] તેમને સ્વભાવની ઉપલબ્ધિ નથી.

ટીકાર્થ : મનુષ્ય, નારકી, તિર્યંચ, દેવ નામવાળા જીવ છે.

પ્રશ્ન : ખરેખરમાં મનુષ્યાદિ જીવ કેવા છે ?

ઉત્તર : તે મનુષ્ય, નારકી આદિ પોતપોતાના નામકર્મથી થયેલા છે.

પરંતુ જેમ માણેકથી જડેલા સુવર્ણ કંકણોમાં ખરેખર માણેકની મુખ્યતા નથી તેવી રીતે તે જીવ જ્ઞાનાનંદ એક શુદ્ધાત્મ સ્વભાવને પ્રાપ્ત ન કરતા થકા પ્રાપ્ત સ્વભાવવાળા નથી, (શુદ્ધાત્મ સ્વભાવરૂપ નથી) તે કારણે સ્વભાવનો તિરસ્કાર કહેવામાં આવે છે. જીવના સ્વભાવના અભાવરૂપ તિરસ્કાર નથી.

પ્રશ્ન : તે જીવ કેવા હોતા થકા પ્રાપ્ત સ્વભાવવાળા (શુદ્ધોપયોગરૂપ અતીન્દ્રિય આનંદમય

પરિણમિત) નથી ?

ઉત્તર : પોતાના ઉદયમાં આવેલા કર્મો પ્રતિ સુખદુઃખરૂપે પરિણમિત થતો થકો તે જીવ પ્રાપ્ત સ્વભાવવાળા નથી.

અહીં અર્થ એ છે કે-જેમ વૃક્ષસિંચનના વિષયમાં પ્રવાહિત-(વહેતુ) પાણી, ચંદન આદિ વનની હારરૂપે પરિણત હોતું થકું પોતાના કોમળ, શીતળ નિર્મળ આદિ સ્વભાવને પ્રાપ્ત નથી થતું એવી રીતે આ જીવ પણ વૃક્ષોની સમાન કર્મોના ઉદયમાં પરિણત થતો થકો ઉત્કૃષ્ટ આહ્‌લાદ એક લક્ષણ સુખરૂપી અમૃતનો આસ્વાદ, વિકાર રહિતતા-નિર્મળતા આદિ પોતાના ગુણસમુહને પ્રાપ્ત નથી કરતો. ॥ ૧૧૮ ॥

હવે, જીવનું દ્રવ્યથી નિત્યપણું હોવા છતાં પણ પર્યાયથી અનિત્યપણું બતાવે છે.

## ગાથા ૧૧૯

નહિ કોઈ ઊપજે વિણસે ક્ષણભંગસંભવમય જગે,
કારણ જનમ તે નાશ છે; વળી જન્મ નાશ વિભિન્ન છે. ૧૧૯.

અન્વયાર્થ :– [**क्षणभङ्गसमुद्भवे जने**] ક્ષણે ક્ષણે ઉત્પાદ ને વિનાશવાળા જીવલોકમાં [**कश्चित्**] કોઈ [**न एव जायते**] ઉત્પન્ન થતું નથી ને [**न नश्यति**] નાશ પામતું નથી, [**हि**] કારણ કે [**य: भव: स: विलय:**] જે ઉદ્‌ભવ છે તે જ વિલય છે; [**संभवविलयौ इति तौ नाना**] વળી ઉદ્‌ભવ અને વિલય એમ તેઓ અનેક (અર્થાત્ ભિન્ન) પણ છે.

ટીકાર્થ : દ્રવ્યાર્થિકનયથી નથી ઉત્પન્ન થતો કે ન નાશ થાય છે.

પ્રશ્ન : ક્યાં ઉત્પન્ન અને નાશ નથી થતો ?

ઉત્તર : પર્યાયાર્થિકનયથી પ્રતિ સમય ઉત્પાદ અને વ્યયનો જેમાં સંભવ છે-થઈ રહ્યા છે, તે ક્ષણભંગ સમ-ઉદ્‌ભવ છે, તે પ્રતિસમય નાશવાન ઉત્પાદવ્યયવાળા આ લોકમાં કોઈપણ તે કારણથી જ ન ઉત્પન્ન થાય છે અને ન નાશ થાય છે-એ રીતે હેતુ કહે છે. જે કારણે દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદનો જ નાશ થાય છે.

તે આ પ્રકારે - મુક્તાત્માનો જે પરિપૂર્ણ, નિર્મળ કેવળજ્ઞાનાદિરૂપ મોક્ષપર્યાયથી ઉત્પાદ છે, તે જ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાયથી વિનાશ છે અને તે બંને મોક્ષપર્યાય અને મોક્ષમાર્ગપર્યાય, કાર્ય-કારણરૂપથી પૃથક પૃથક (ભિન્ન-ભિન્ન) છે તો પણ માટીના પિંડ અને ઘડાના આધારભૂત માટી દ્રવ્યની જેમ અને મનુષ્યપર્યાય કે દેવપર્યાયના આધારભૂત સંસારી જીવની જેમ,

તે બંનેના આધારભૂત જે પરમાત્મદ્રવ્ય છે તે તે જ છે.

પ્રતિ સમયના ઉત્પાદ અને વિનાશનો હેતુ કહે છે. જે કારણે ઉત્પાદ અને વિનાશ બંને ભિન્ન છે, એટલા માટે પર્યાયાર્થિક નયથી ઉત્પાદ અને વિનાશ છે. તે આ પ્રકારે જે પૂર્વોક્ત મોક્ષપર્યાયનો ઉત્પાદ અને મોક્ષમાર્ગ પર્યાયનો વિનાશ છે-તે બંને ભિન્ન જ છે, પરંતુ તે બંનેના આધારભૂત પરમાત્મદ્રવ્ય ભિન્ન નથી.

તેથી જણાય છે કે દ્રવ્યાર્થિકનયથી નિત્ય હોવા છતાં પણ પર્યાયરૂપથી વિનાશશીલ છે. ॥ ૧૧૯ ॥

હવે, અનિત્યતાના કારણનું કથન કરીએ છીએ.

અથવા પહેલા સ્થળમાં અધિકાર ગાથા દ્વારા મનુષ્યાદિ પર્યાયોનું કર્મજનિત રૂપથી જે વિનાશીપણું જણાવ્યું હતું, એનું જ ત્રણ ગાથાઓ દ્વારા વિશેષરૂપથી કથન કર્યું, હવે એનો ઉપસંહાર કરીએ છીએ.

## ગાથા ૧૨૦

તેથી સ્વભાવે સ્થિર એવું ન કોઈ છે સંસારમાં;
સંસાર તો સંસરણ કરતા દ્રવ્ય કેરી છે ક્રિયા. ૧૨૦.

અન્વયાર્થ :– [**तस्मात् तु**] તેથી [**संसारे**] સંસારમાં [**स्वभावसमवस्थितः इति**] સ્વભાવથી અવસ્થિત એવું [**कश्चित् न अस्ति**] કોઈ નથી (અર્થાત્ સંસારમાં કોઈનો સ્વભાવ કેવળ એકરૂપ રહેવાનો નથી); [**संसार पुनः**] સંસાર તો [**संसरतः**] *સંસરણ કરતા [**द्रव्यस्य**] દ્રવ્યની [**क्रिया**] ક્રિયા છે.

ટીકાર્થ : તેથી કોઈ સ્વભાવમાં સમવસ્થિત નથી. જે કારણે પૂર્વોક્ત પ્રકારથી મનુષ્યાદિ પર્યાયોની નશ્વરતાનું વ્યાખ્યાન કર્યું છે, તેનાથી જ આ જાણી શકાય છે કે પરમાનંદ એક લક્ષણ પરમ ચૈતન્ય ચમત્કાર-પરિણત શુદ્ધાત્મ સ્વભાવની જેમ અવસ્થિત-નિત્ય-સ્થાયી કોઈ પણ નથી.

પ્રશ્ન : કોઈપણ સ્થાયી ક્યાં નથી ?

ઉત્તર : સંસારથી રહિત શુદ્ધાત્માથી વિપરીત સંસારમાં કોઈપણ સ્થાયી નથી.

સંસારનું સ્વરૂપ કહીએ છીએ. અને સંસાર ક્રિયા છે. ક્રિયા રહિત, વિકલ્પ રહિત શુદ્ધાત્માની પરિણતિથી વિપરીત મનુષ્યાદિ વિભાવ પર્યાય પરિણતિરૂપ ક્રિયા સંસારનું સ્વરૂપ છે.

પ્રશ્ન : તે ક્રિયા કોને હોય છે ?

ઉત્તર : વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી મુક્તાત્માથી વિપરીત પરિભ્રમણ કરતા સંસારી જીવને તે ક્રિયા હોય છે.

તેનાથી સિદ્ધ થયું કે મનુષ્યાદિ પર્યાય સ્વરૂપ સંસાર જ નશ્વરતા-વિનાશપણામાં કારણ છે. ll ૧૨૦ll

આ રીતે શુદ્ધાત્માથી ભિન્ન કર્મજનિત મનુષ્યાદિ પર્યાયોની વિનશ્વરતાના કથનની મુખ્યતાથી ચાર ગાથાઓ દ્વારા બીજું સ્થળ સમાપ્ત થયું.

(હવે, દ્રવ્યબંધનું કારણ રાગાદિ પરિણામ જ ભાવબંધ છે-તે કથન વિષયક બે ગાથાઓમાં નિબદ્ધ ત્રીજું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, સંસારનું કારણ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ છે અને તેનું કારણ મિથ્યાત્વ-રાગાદિ પરિણામ છે, એવું આવેદન કરે છે-મર્યાદાપૂર્વક જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૨૧

કર્મે મલિન જીવ કર્મસંયુત પામતો પરિણામને,
તેથી કરમ બંધાય છે; પરિણામ તેથી કર્મ છે. ૧૨૧.

અન્વયાર્થ :– [**कर्ममलीमसः आत्मा**] કર્મથી મલિન આત્મા [**कर्मसंयुक्तं परिणामं**] કર્મસંયુક્ત પરિણામને (–દ્રવ્યકર્મના સંયોગે થતા અશુદ્ધ પરિણામને [**लभते**] પામે છે, [**ततः**] તેથી [**कर्म श्लिष्यति**] કર્મ ચોંટે છે (–દ્રવ્યકર્મ બંધાય છે); [**तस्मात् तु**] માટે [**परिणामः कर्म**] પરિણામ તે કર્મ છે.

ટીકાર્થ : નિર્દોષી પરમાત્મા નિશ્ચયથી શુદ્ધબુદ્ધ એક સ્વભાવી હોવા છતાં પણ વ્યવહારથી અનાદિ કર્મબંધના વશે કર્મથી મલિન છે.

પ્રશ્ન : કર્મથી મલિન હોવાથી તે શું કરે છે ?

ઉત્તર : પરિણામને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : કેવા પરિણામને પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : કર્મરહિત પરમાત્માથી વિપરીત કર્મ સહિત મિથ્યાત્વ રાગાદિ વિભાવ પરિણામને પ્રાપ્ત કરે છે. તે પરિણામને બાંધે છે, (-પરિણામથી બંધાય છે).

પ્રશ્ન : તે પરિણામથી શું બાંધે છે ?

ઉત્તર : તેનાથી કર્મ બાંધે છે.

અને જો નિર્મળ ભેદજ્ઞાન જ્યોતિરૂપ પરિણામથી પરિણમન કરે છે ત્યારે કર્મ છૂટી જાય છે. કેમકે રાગાદિ પરિણામથી કર્મ બંધાય છે. એટલે રાગાદિ વિકલ્પરૂપ ભાવકર્મને સ્થાને સરાગ પરિણામ જ કર્મનું કારણ હોવાથી ઉપચારથી કર્મ કહેવાય છે.

તેથી નિશ્ચિત થયું કે રાગાદિ પરિણામ કર્મબંધનું કારણ છે. ॥ ૧૨૧ ॥

હવે, આત્મા નિશ્ચયથી પોતાના પરિણામોનો જ કર્તા છે, દ્રવ્યકર્મોનો નહીં. એમ પ્રતિપાદન કરે છે.

અથવા બીજી પાતનિકા-શુદ્ધ પારિણામિક-પરમભાવ ગ્રાહક-શુદ્ધ-નયથી જેમ આત્મા અકર્તા છે, તેવી રીતે અશુદ્ધ નયથી પણ અકર્તા છે-એમ સાંખ્યો દ્વારા જે કહેવામાં આવ્યું છે, એના નિષેધ માટે અને આત્માના બંધ-મોક્ષ સિદ્ધ કરવા માટે કથંચિત્ પરિણામીપણાની વ્યવસ્થા કરે છે.

આ રીતે બંને પાતનિકાઓને મનમાં ધારણ કરીને આ ગાથા કહે છે.

## ગાથા ૧૨૨

પરિણામ પોતે જીવ છે, ને છે ક્રિયા એ જીવમયી;
કિરિયા ગણી છે કર્મ; તેથી કર્મનો કર્તા નથી. ૧૨૨.

અન્વયાર્થ :– [**परिणाम:**] પરિણામ [**स्वयम्**] પોતે [**आत्मा**] આત્મા છે, [**सा पुन:**] અને તે [**जीवमयी क्रिया इति भवति**] જીવમયી ક્રિયા છે; [**क्रिया**] ક્રિયાને [**कर्म इति मता**] કર્મ માનવામાં આવી છે; [**तस्मात्**] માટે આત્મા [**कर्मण: कर्ता तु न**] દ્રવ્યકર્મનો કર્તા તો નથી.

ટીકાર્થ : પરિણામ સ્વયં આત્મા છે, આત્માનું પરિણામ આત્મા જ છે.

પ્રશ્ન : આત્માનું પરિણામ આત્મા શું કામ છે ?

ઉત્તર : પરિણામ અને પરિણામી (દ્રવ્યને) તન્મયતા (તે રૂપતા) હોવાથી આત્માનું પરિણામ આત્મા છે. અને તે પરિણામ ક્રિયા-પરિણતી છે.

પ્રશ્ન : તે ક્રિયા કેવી છે ?

ઉત્તર : જીવથી રચાયેલી હોવાના કારણે જીવમયી છે. સ્વતંત્ર સ્વાધીન શુદ્ધાશુદ્ધ ઉપાદાન કારણભૂત જીવ દ્વારા પ્રાપ્ય હોવાથી તે ક્રિયા કર્મ છે..એવું સ્વીકાર કરવામાં આવ્યું છે. કર્મ શબ્દે અહીં જે ચૈતન્યરૂપ જીવથી અભિન્ન ભાવકર્મ નામનું નિશ્ચય કર્મ છે તે ગ્રહણ કરવું જોઈએ. જીવ તેનો જ કર્તા છે. તેથી દ્રવ્યકર્મનો કર્તા નથી.

અહીં એ નિશ્ચય થયો-જો કે કથંચિત્ પરિણામી હોવાથી જીવનું કર્તાપણું સિદ્ધ છે, તોપણ

નિશ્ચયથી પોતાના પરિણામોનો જ કર્તા છે, પુદ્‌ગલ કર્મોનો કર્તા વ્યવહારથી છે. ત્યાં જ્યારે શુદ્ધ ઉપાદાન કારણરૂપ શુદ્ધોપયોગે પરિણત થાય છે, ત્યારે મોક્ષને સિદ્ધ કરે છે-પ્રાપ્ત કરે છે. અને જ્યારે અશુદ્ધ ઉપાદાનકારણ રૂપે પરિણત થાય છે ત્યારે બંધને પ્રાપ્ત કરે છે. પુદ્‌ગલ પણ જીવની જેમ નિશ્ચયથી પોતાના પરિણામોનો જ કર્તા છે, વ્યવહારથી જીવના પરિણામોનો કર્તા છે. ॥ ૧ ૨ ૨ ॥

એ રીતે રાગાદિ પરિણામ કર્મબંધનું કારણ છે. એનો કર્તા જીવ જ છે-આ કથનની મુખ્યતાથી બે ગાથાઓ દ્વારા ત્રીજું સ્થળ સમાપ્ત થયું.

(હવે, ત્રિવિધ ચેતનાના પ્રતિપાદનરૂપે ત્રણ ગાથાઓમાં નિબદ્ધ ચોથુ સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, જે પરિણામથી આત્મા પરિણમિત થાય છે, તે પરિણામને કહે છે.

## ગાથા ૧૨૩

જીવ ચેતનારૂપ પરિણમે; વળી ચેતના ત્રિવિધા ગણી;
તે જ્ઞાનવિષયક, કર્મવિષયક, કર્મફળવિષયક કહી. ૧ ૨ ૩.

અન્વયાર્થ :– [**आत्मा**] આત્મા [**चेतनया**] ચેતનારૂપે [**परिणमति**] પરિણમે છે. [**पुन:**] વળી [**चेतना**] ચેતના [**त्रिधा अभिमता**] ત્રણ પ્રકારે માનવામાં આવી છે; [**पुन:**] અને [**सा**] તેને [**ज्ञाने**] જ્ઞાન સંબંધી, [**कर्मणि**] કર્મ સંબંધી [**वा**] અથવા [**कर्मण: फले**] કર્મના ફળ સંબંધી– [**भणिता**] એમ કહેવામાં આવી છે.

ટીકાર્થ : ચેતનારૂપ સાધનથી પરિણમિત થાય છે.

પ્રશ્ન : ચેતનારૂપે કોણ પરિણમિત થાય છે ?

ઉત્તર : આત્મા તે રૂપે પરિણમિત થાય છે. આત્માનું જે કોઈપણ શુદ્ધાશુદ્ધ પરિણામ છે તે બધાં ચેતનાને નથી છોડતા-એવો અભિપ્રાય છે. અને તે ચેતના ત્રણ પ્રકારની સ્વીકારવામાં આવી છે.

પ્રશ્ન : ત્રણ પ્રકારની તે કયા કયા રૂપમાં સ્વીકારવામાં આવી છે ?

ઉત્તર : જ્ઞાનના વિષયમાં, કર્મના વિષયમાં તથા ફળમાં સ્વીકારવામાં આવી છે.

પ્રશ્ન : કોના ફળમાં સ્વીકારવામાં આવી છે ?

ઉત્તર : કર્મના ફળમાં સ્વીકારવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે. જ્ઞાનરૂપ પરિણતિ જ્ઞાન ચેતના છે. એને આગળ કહેશું, કર્મરૂપ કર્મ ચેતના અને કર્મના ફળરૂપ પરિણતિ કર્મફળ ચેતના છે-આ ભાવ છે. ॥ ૧ ૨ ૩ ॥

હવે, જ્ઞાન-કર્મ-કર્મફળ રૂપ ત્રણ ચેતનાનો વિશેષરૂપે વિચાર કરીએ છીએ.

## ગાથા ૧૨૪

છે 'જ્ઞાન' અર્થવિકલ્પ, ને જીવથી કરાતું 'કર્મ છે,
- તે છે અનેક પ્રકારનું 'ફળ' સૌખ્ય અથવા દુઃખ છે. ૧૨૪.

અન્વયાર્થ :– [**अर्थविकल्पः**] અર્થવિકલ્પ (અર્થાત્ સ્વ-પર પદાર્થોનું ભિન્નતાપૂર્વક યુગપદ અવભાસન) [**ज्ञानं**] તે જ્ઞાન છે; [**जीवेन**] જીવ વડે [**यत् समारब्धं**] જે કરાતું હોય [**कर्म**] તે કર્મ છે, [**तद् अनेकविधं**] તે અનેક પ્રકારનું છે; [**सौख्यं वा दुःखं वा**] સુખ અથવા દુઃખ [**फलम् इति भणतम्**] તે કર્મફળ કહેવામાં આવ્યું છે.

ટીકાર્થ : જ્ઞાન, મતિ આદિના ભેદથી આઠ પ્રકારનું છે. અથવા જ્ઞાન અર્થ વિકલ્પ છે. તે આ પ્રકારે-અર્થ અર્થાત્ પરમાત્મા આદિ પદાર્થ, અનંત જ્ઞાન સુખાદિ રૂપ હું છું, રાગાદિ આસ્રવ મારાથી ભિન્ન છે-એ રીતે નિજ અને પરના સ્વરૂપના અવભાસનરૂપે, દર્પણ (અરીસા) ની જેમ પદાર્થોને જાણવામાં સમર્થ (જ્ઞાન) વિકલ્પ છે-આ વિકલ્પનું લક્ષણ કહેવામાં આવ્યું છે. તે જ જ્ઞાન, જ્ઞાન-ચેતના છે.

જીવ દ્વારા જે કરવામાં આવી રહ્યું છે તે કર્મ છે. બુદ્ધિપૂર્વક મન-વચન-કાયાના વ્યાપાર (ક્રિયા) રૂપે જીવ દ્વારા જે સારી રીતે કરવા માટે પ્રારંભ કરવામાં આવે છે તે કર્મ કહેવાય છે. તે જ કર્મચેતના છે. અને તે કર્મ શુભોપયોગ, અશુભોપયોગ અને શુદ્ધોપયોગના ભેદથી અનેક પ્રકારનું-ત્રણ પ્રકારનું કહેવામાં આવ્યું છે.

હવે, ફળ ચેતના (કર્મફળ ચેતના) કહીએ છીએ. ફળ, સુખ અથવા દુઃખ છે, વિષયાનુરાગ રૂપ જે અશુભ ઉપયોગ લક્ષણ કર્મ છે, એનું ફળ આકુળતાને ઉત્પન્ન કરવાવાળા નરક આદિ દુઃખ છે, અને જે ધર્માનુરાગરૂપ શુભોપયોગ લક્ષણ કર્મ છે, એનું ફળ ચક્રવર્તી આદિ પંચેન્દ્રિય-ભોગોના અનુભવરૂપ છે અને તે અશુદ્ધ નિશ્ચયનયથી સુખ કહેવાતું હોવા છતાં આકુળતાને ઉત્પન્ન કરવાવાળું હોવાથી શુદ્ધનિશ્ચયથી દુઃખ જ છે. અને જે રાગાદિ વિકલ્પ રહિત શુદ્ધોપયોગ પરિણતિ રૂપ કર્મ છે, એનું ફળ અનાકુળતાને ઉત્પન્ન કરવાવાળું હોવાથી ઉત્કૃષ્ટ આનંદ એકરૂપ સુખામૃત છે.

એ રીતે જ્ઞાનચેતના, કર્મચેતના, અને કર્મફળ ચેતનાનું સ્વરૂપ જાણવું જોઈએ. ॥ ૧૨૪ ॥

હવે, જ્ઞાન, કર્મ અને કર્મફળ-ત્રણેય ચેતનાઓ અભેદનયથી આત્મા જ છે એવું વિશેષરૂપથી જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૨૫

પરિણામ-આત્મક જીવ છે, પરિણામ જ્ઞાનાદિક બને;
તેથી કરમફળ, કર્મ તેમ જ જ્ઞાન આત્મા જાણજે. ૧૨૫.

અન્વયાર્થ :– [आत्मा परिणामात्मा] આત્મા પરિણામાત્મક છે; [परिणामः] પરિણામ [ज्ञानकर्मफलभावी] જ્ઞાનરૂપ, કર્મરૂપ અને કર્મફળરૂપ થાય છે. [तस्मात्] તેથી [ज्ञानं कर्म फलं च] જ્ઞાન, કર્મ અને કર્મફળ [आत्मा ज्ञातव्यः] આત્મા છે એમ જાણવું.

ટીકાર્થ : આત્મા છે.

પ્રશ્ન : આત્મા કેવો છે ?

ઉત્તર : આત્મા પરિણામ સ્વભાવી છે.

પ્રશ્ન : આત્મા પરિણામ સ્વભાવી કેમ છે ?

ઉત્તર : પરિણામ સ્વયં આત્મા છે, એવું પહેલા (ગાથા-૧૨૨ માં) સ્વયં જ કહેવામાં આવ્યું હોવાથી આત્મા પરિણામ સ્વભાવી છે. પરિણામ કહેવાય છે. પરિણામ છે.

પ્રશ્ન : પરિણામ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : જ્ઞાનભાવી, કર્મભાવી અને કર્મફળભાવી છે-જ્ઞાનરૂપે, કર્મરૂપે અને કર્મફળરૂપે હોવાના સ્વભાવવાળા છે, એવો અર્થ છે. જે કારણે એવા પરિણામ સ્વભાવી છે એ કારણે પહેલા (ગાથા-૧૨૪) માં કહેલી જ્ઞાનચેતના છે. ત્યાં જ કહેલા લક્ષણવાળી કર્મચેતના છે. અને પહેલાં ત્યાં કહેલા લક્ષણવાળી કર્મફળચેતના છે. આ ચેતના ત્રણ પ્રકારની હોવા છતાં પણ અભેદનયથી આત્મા જ જાણવી જોઈએ.

પ્રશ્ન : તેનાથી શું કહેવામાં આવ્યું છે ?

ત્રણ પ્રકારના ચેતના પરિણામથી પરિણમિત હોતો થકો આત્મા શું કરે છે ?

ઉત્તર : પરિણામી આત્મા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ શુદ્ધોપયોગથી મોક્ષને તથા શુભ-અશુભ પરિણામથી બંધને સાધે છે-પ્રાપ્ત કરે છે.

આ રીતે ત્રણ પ્રકારની ચેતનાના કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ દ્વારા ચોથું સ્થળ પૂર્ણ થયું. ॥ ૧૨૫ ॥

(હવે શુદ્ધાત્મ-ભેદભાવનાના ફળ વિષયક ઉપસંહારરૂપથી એક ગાથાવાળું પાંચમું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, સામાન્ય જ્ઞેયાધિકારની સમાપ્તિ પર પહેલા કહેલી ભેદ-ભાવનાનું શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ

ફળ બતાવે છે.

## ગાથા ૧૨૬

'કર્તા, કરમ, ફળ, કરણ જીવ છે' એમ જો નિશ્ચય કરી
મુનિ અન્યરૂપ નવ પરિણમે, પ્રાપ્તિ કરે શુદ્ધાત્મની. ૧૨૬.

અન્વયાર્થ :– [**यदि**] જો [**श्रमण:**] શ્રમણ [**कर्ता करणं कर्म कर्मफलं च आत्मा**] 'કર્તા, કરણ, કર્મ અને કર્મફળ આત્મા છે' [**इति निश्चित:**] એવા નિશ્ચયવાળો થયો થકો [**अन्यत्**] અન્યરૂપે [**न एव परिणमति**] ન જ પરિણમે, [**शुद्धम् आत्मानं**] તો તે શુદ્ધ આત્માને [**लभते**] ઉપલબ્ધ કરે છે.

ટીકાર્થ : સ્વતંત્ર-સ્વાધીન-કર્તા-સાધના કરવાવાળો-નિષ્પન્ન કરવાવાળો છું-થાઉં છું.

પ્રશ્ન : એવું કરવાવાળો તે કોણ છે ?

ઉત્તર : એવું કરવાવાળો આત્મા જ છે.

પ્રશ્ન : આત્મા-એનો અર્થ શું છે ?

ઉત્તર : હું એવું કરવાવાળો છું-આ આત્માનો અર્થ છે.

પ્રશ્ન : હું કેવો છું ?

ઉત્તર : હું એક છું.

પ્રશ્ન : હું કોનો સાધક છું ?

ઉત્તર : હું નિર્મળ આત્માનુભૂતિનો સાધક છું.

પ્રશ્ન : સાધના કરવાવાળો હું કઈ વિશેષતાવાળો છું ?

ઉત્તર : વિકાર રહિત પરમચૈતન્ય પરિણામથી પરિણત થયો થકો હું, નિર્મળ આત્માનુભૂતિની સાધના કરવાવાળો છું.

'કરણ' -અતિશયરૂપથી-નિયમરૂપથી સાધક-સાધકતમ કરણ-ઉપકરણ અર્થાત્ સાધન, નિયામક સાધનરૂપ કરણ-કારક હું એકજ છું-થાવ છું.

પ્રશ્ન : હું જ કરણ-કારકરૂપથી કોનો સાધક છું ?

ઉત્તર : કરણ-કારકરૂપથી હું સહજ શુદ્ધ પરમાત્માની અનુભૂતિનો સાધક છું.

પ્રશ્ન : કોના દ્વારા એનો સાધક છું ?

ઉત્તર : રાગાદિ વિકલ્પરહિત સ્વસંવેદનજ્ઞાનરૂપ પરિણતીના બળથી એ અનુભૂતિનો સાધક છું.

શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી પરમાત્મા દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય, વ્યાપ્ત હોવા યોગ્ય હું એક જ કર્મ-કારક છું.

અને શુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી પરમાત્માને સિદ્ધ કરવા યોગ્ય, રચવા યોગ્ય, સ્વશુદ્ધાત્માની રૂચિ-જાણકારી-નિશ્ચળ અનુભૂતિ અર્થાત્ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અભેદ રત્નત્રય સ્વરૂપ પરમસમાધિ-પૂર્ણ સ્વરૂપ લીનતાથી ઉત્પન્ન સુખરૂપી અમૃતરસ ના આસ્વાદમયી પરિણતિરૂપ હું એક જ ફળ છું.

આ પ્રકારે કહેવાયેલી પદ્ધતિથી નિશ્ચિતમતિ-દૃઢ નિશ્ચયી હોતા થકા સુખ-દુ:ખ, જીવન મરણ, શત્રુ-મિત્ર આદિમાં સમભાવરૂપથી પરિણત શ્રમણ-મહામુનિ જો અન્ય રાગાદિ પરિણામરૂપ પરિણમિત નથી થતા તો ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત હોવાને કારણે શુદ્ધ-શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી આત્માને પ્રાપ્ત કરે છે-એવો ભગવાન કુંદકુંદાચાર્ય દેવનો અભિપ્રાય છે. ॥ ૧૨૬ ॥

આ રીતે એક ગાથા દ્વારા પાંચમું સ્થળ પૂર્ણ થયું.

આ રીતે 'સામાન્ય જ્ઞેયાધિકાર'ની વચ્ચે પાંચ સ્થળો દ્વારા (અગિયાર ગાથાઓમાં નિબદ્ધ) 'સામાન્ય ભેદભાવના' નામનો બીજો અંતરાધિકાર પૂર્ણ થયો. આ રીતે કહેલા પ્રકારથી ૩૫ ગાથાઓ દ્વારા 'સામાન્ય જ્ઞેયાધિકાર' નામના પ્રથમ અધિકારનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

અહીંથી આગળ ૧૯ ગાથાઓ દ્વારા જીવ-અજીવ દ્રવ્યાદિ વિવરણરૂપથી વિશેષ જ્ઞેય-વ્યાખ્યાન કરીએ છીએ ત્યાં આઠ સ્થળ છે.

ત્યાં સૌથી પહેલા જીવ-અજીવત્વના કથનરૂપ પહેલી ગાથા, લોક-અલોકત્વના કથનરૂપ બીજી, સક્રિય-નિષ્ક્રિયત્વના કથનરૂપ ત્રીજી, આ રીતે ત્રણ ગાથાઓ દ્વારા પહેલું સ્થળ છે. ત્યારબાદ જ્ઞાનાદિ વિશેષ ગુણોના સ્વરૂપ કથનરૂપથી બે ગાથાઓ દ્વારા બીજું સ્થળ છે. ત્યારપછી પોતપોતાના વિશેષગુણોથી ઉપલક્ષિત દ્રવ્યોના નિર્ણયને માટે ત્રણ ગાથાઓ દ્વારા ત્રીજું સ્થળ છે.

ત્યારબાદ પાંચ અસ્તિકાયોના કથનની મુખ્યતાથી બે ગાથાઓ દ્વારા ચોથું સ્થળ છે. તે ઉપરાંત દ્રવ્યનો આધાર લોકાકાશ છે-એ કથનરૂપથી પહેલી, જે આકાશ દ્રવ્યનું પ્રદેશ લક્ષણ છે તે જ બાકીના દ્રવ્યોનું છે. એ કથનરૂપથી બીજી-આ પ્રકારે બે ગાથાઓ દ્વારા પાંચમું સ્થળ છે. તેના પછી કાળદ્રવ્યના અપ્રદેશત્વની સ્થાપના રૂપથી પહેલી, સમયરૂપ પર્યાયકાળ, કાલાણુરૂપ દ્રવ્યકાળ-એ કથનરૂપથી બીજી-આ પ્રકારે બે ગાથાઓ દ્વારા છઠ્ઠું સ્થળ છે. ત્યારબાદ પ્રદેશ લક્ષણ કથનરૂપથી પહેલી, તિર્યક પ્રચય અને ઉર્ધ્વ પ્રચયના સ્વરૂપ કથનરૂપથી બીજી-બે ગાથાઓ દ્વારા સાતમું સ્થળ છે. અને ત્યારપછી કાલાણુરૂપ દ્રવ્યકાળની સ્થાપનારૂપે ત્રણ ગાથાઓ દ્વારા આઠમું સ્થળ છે-આ રીતે વિશેષ જ્ઞેયાધિકાર નામના બીજા અધિકારમાં સામુહિક પાતનિકા થઈ.

## વિશેષ જ્ઞેયાધિકાર સંજ્ઞક દ્વિતિયાધિકારનું સ્થળ વિભાજન

(ગાથા ૧૨૭થી ૧૪૪)

| સ્થળ ક્રમ | સ્થળ પ્રતિપાદિત વિષય | ક્યાંથી ક્યાં સુધી ગાથા | કુલ ગાથા |
|---|---|---|---|
| પહેલું | જીવાજીવાદિ, લોકાલોકત્વ, સક્રિય નિષ્ક્રિયત્વ દ્રવ્ય વિવરણ | ૧૨૭થી ૧૨૯ | ૩ |
| બીજું | જ્ઞાનાદિ વિશેષ ગુણોનું સ્વરૂપ કથન | ૧૩૦થી ૧૩૧ | ૨ |
| ત્રીજું | વિશેષ ગુણો દ્વારા દ્રવ્યનો નિર્ણય | ૧૩૨ થી ૧૩૪ | ૩ |
| ચોથું | પંચાસ્તિકાય વ્યાખ્યાન | ૧૩૫ તથા વધારાની ગાથા નં ૧૧ | ૨ |
| પાંચમું | દ્રવ્યોનો આધાર લોકાકાશ, આકાશનું પ્રદેશ લક્ષણ | ૧૩૬ થી ૧૩૭ | ૨ |
| છટ્ઠું | કાળદ્રવ્યનું અપ્રદેશત્વ તથા પર્યાયકાળ, દ્રવ્યકાળ | ૧૩૮ થી ૧૩૯ | ૨ |
| સાતમું | પ્રદેશ લક્ષણ, તિર્યક્પ્રચય, ઉર્ધ્વપ્રચય લક્ષણ | ૧૪૦થી ૧૪૧ | ૨ |
| આઠમું | કાલાણુરૂપ દ્રવ્યકાળ વ્યાખ્યાન | ૧૪૨ થી ૧૪૪ | ૩ |
| કુલ સ્થળ ૮ | | | કુલ ૧૯ ગાથા |

હવે, દ્વિતીય મહાધિકારના 'વિશેષ જ્ઞેયાધિકાર' નામના બીજા અધિકારમાં જીવાજીવત્વ આદિ દ્રવ્યવિવરણ વિષયક ૩ ગાથા (ત્રણ ગાથાઓ)માં નિબદ્ધ પહેલું સ્થળ પ્રારંભ થાય છે.

તે આ પ્રકારે,

હવે જીવ અને અજીવના લક્ષણનું આવેદન કરે છે. (મર્યાદાપૂર્વક જ્ઞાન કરાવે છે)

### ગાથા ૧૨૭

છે દ્રવ્ય જીવ, અજીવ; ચિત-ઉપયોગમય તે જીવ છે;
પુદ્ગલપ્રમુખ જે છે અચેતન દ્રવ્ય, તેહ અજીવ છે. ૧૨૭.

અન્વયાર્થ :– [द्रव्यं] દ્રવ્ય [जीव: अजीव:] જીવ અને અજીવ છે. [पुन:] ત્યાં,

[**चेतनोपयोगमयः**] ચેતના-ઉપયોગમય (ચેતનામય તથા ઉપયોગમય) તે [**जीवः**] જીવ છે [**च**] અને [**पुद्गलद्रव्यप्रमुखः अचेतनः**] પુદ્‌ગલદ્રવ્યાદિક અચેતન દ્રવ્યો તે [**अजीवः भवति**] અજીવ છે.

ટીકાર્થ : દ્રવ્ય જીવ અને અજીવ લક્ષણવાળું છે. એમાં જીવ ચેતન છે-સ્વયં સિદ્ધ (પોતે પોતાનાથી જ સિદ્ધ અસ્તિત્વવાળું), બાહ્યકારણોની અપેક્ષા વિના બહાર અને અંદર પ્રકાશમાન, સ્થાયી, નિશ્ચયથી પરમ શુદ્ધચેતનાની સાથે, અને વ્યવહારથી અશુદ્ધ ચેતનાની સાથે સંબંધ હોવાથી ચેતન છે.

પ્રશ્ન : જીવ અન્ય કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : ઉપયોગમય છે-નિશ્ચયનયથી અખંડ એક પ્રતિભાસમય (જ્ઞાન સ્વરૂપે) પરિપૂર્ણ શુદ્ધ, કેવળજ્ઞાન-કેવળદર્શન લક્ષણથી પદાર્થોને જાણવાની ક્રિયારૂપ-એવા શુદ્ધોપયોગથી અને વ્યવહારથી મતિજ્ઞાન આદિ અશુદ્ધોપયોગથી નિર્વૃત્ત હોવાને કારણે-નિષ્પન્ન-રચિત હોવાને કારણે તે ઉપયોગમય છે.

પુદ્‌ગલ દ્રવ્ય મુખ્ય અચેતન અજીવ દ્રવ્ય છે, પુદ્‌ગલ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ નામના પાંચ દ્રવ્ય પહેલા કહેવાયેલ લક્ષણવાળા ચેતના અને ઉપયોગનો અભાવ હોવાથી અજીવ-અચેતન છે. આ અર્થ છે. ॥ ૧૨૭॥

હવે લોક અને અલોકરૂપથી પદાર્થની દ્વિવિધતાને પ્રસિદ્ધ કરીએ છીએ.

## ગાથા ૧૨૮

આકાશમાં જે ભાગ ધર્મ-અધર્મ-કાળ સહિત છે,
જીવ-પુદ્‌ગલોથી યુક્ત છે, તે સર્વકાળે લોક છે. ૧૨૮.

અન્વયાર્થ :– [**आकाशे**] આકાશમાં [**यः**] જે ભાગ [**पुद्गलजीवनिबद्धः**] જીવ ને પુદ્‌ગલથી સંયુક્ત [**धर्माधर्मास्तिकायकालाढ्यः वर्तते**] તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ને કાળથી સમૃદ્ધ છે, [**सः**] તે [**सर्वकाले तु**] સર્વ કાળે [**लोकः**] લોક છે. (બાકીનું એકલું આકાશ તે અલોક છે.)

ટીકાર્થ : અણુ તેમજ સ્કન્ધના ભેદથી ભેદવાળા પુદ્‌ગલ અને એવી રીતે અમૂર્તત્ત્વ, અતીન્દ્રિય જ્ઞાનમયત્વ, વિકાર રહિત ઉત્કૃષ્ટ આનંદ એક સુખમયત્વ આદિ લક્ષણવાળા જીવ-એવી રીતે જીવ અને પુદ્‌ગલોથી નિબદ્ધ-સંબંધ ભરેલ હોવાથી પુદ્‌ગલ-જીવ-નિબદ્ધ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળ - ધર્માધર્માસ્તિકાય અને કાળથી ભરેલ હોવાથી ધર્માધર્માસ્તિકાય, કાળથી ભરપૂર છે. જે આ પાંચનો આવો સમુદાય-રાશિ-સમૂહ વર્તે છે, રહે છે.

પ્રશ્ન : તે સમુહ શેમાં રહે છે ?

ઉત્તર : અનંતાનંત આકાશ દ્રવ્યની મધ્યમાં સ્થિત લોકાકાશમાં તે સમુહ રહે છે.

તે પહેલા કહેવાયેલ પાંચેયનો સમુહ અને એના આધારભૂત લોકાકાશ-એ રીતે છ દ્રવ્યનો સમુહ લોક છે.

પ્રશ્ન : છ દ્રવ્યનો સમુહ લોક ક્યાં અને ક્યારે છે ?

ઉત્તર : બધા કાળમાં (હંમેશા) છ દ્રવ્યનો સમુહ લોક છે.

એનાથી બહાર અનંતાનંત આકાશ-અલોક છે-એવો અભિપ્રાય છે.

એવી રીતે જીવાદિ છ દ્રવ્યોને આકાશની મુખ્યતાથી લોક અને અલોક બે ભાગોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. ॥ ૧૨૮ ॥

હવે, દ્રવ્યોના સક્રિય અને નિષ્ક્રિય રૂપે ભેદ બતાવે છે. આ પ્રકારે એક પાતનિકા છે.

તથા બીજી પાતનિકા-જીવ અને પુદ્ગલની અર્થ અને વ્યંજન બંને પર્યાય છે અને બાકીના દ્રવ્યોને મુખ્યરૂપથી અર્થપર્યાય છે, એવી વ્યવસ્થા બતાવે છે.

## ગાથા ૧૨૯

ઉત્પાદ, વ્યય ને ધ્રુવતા જીવપુદ્ગલાત્મક લોકને
પરિણામ દ્વારા, ભેદ વા સંઘાત દ્વારા થાય છે. ૧૨૯.

અન્વયાર્થ :– [**पुद्गलजीवात्मकस्य लोकस्य**] પુદ્ગલ-જીવાત્મક લોકને [**परिणामात्**] પરિણામ દ્વારા અને [**संधातात् वा भेदात्**] *સંઘાત વા +ભેદ દ્વારા [**उत्पादस्थितिभंगा:**] ઉત્પાદ, ધ્રૌવ્ય ને વિનાશ [**जायन्ते**] થાય છે.

ટીકાર્થ : ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : કર્તારૂપ કોણ ઉત્પન્ન થાય છે ? અથવા ઉત્પન્ન થવાની ક્રિયાને કરવાવાળું કોણ છે ?

ઉત્તર : ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : એ ત્રણેય કોના છે ?

ઉત્તર : એ ત્રણેય લોકના છે.

પ્રશ્ન : તે કઈ વિશેષતાવાળા લોકના છે ?

---

*સંઘાત = ભેગા મળવું તે, એકઠા થવું તે, મિલન.

\+ ભેદ = છૂટા પડવું તે, વિખુટા થવું તે.

ઉત્તર : તે જીવ-પુદ્ગલાત્મક લોકના છે. અહીં પુદ્ગલ અને જીવ ઉપલક્ષણ (સંકેત) છે. એથી છ દ્રવ્યાત્મક-છ દ્રવ્યસ્વરૂપ લોકના તે છે.

પ્રશ્ન : તે લોકના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય કેમ થાય છે ?

ઉત્તર : પરિણામથી, એક-એક પ્રતિ સમય વર્તી અર્થપર્યાયથી, જીવ પુદ્ગલોના ઉત્પાદ આદિ માત્ર અર્થ પર્યાયથી જ નથી થતા પરંતુ સંઘાતથી, ભેદથી અર્થાત્ વ્યંજનપર્યાયથી પણ થાય છે.

તે આ પ્રકારે,

ધર્મ, અધર્મ, આકાશ અને કાળને મુખ્યરૂપથી એક-એક સમયવર્તી અર્થપર્યાયો જ હોય છે. તથા જીવ અને પુદ્ગલોને અર્થપર્યાય અને વ્યંજન પર્યાય બંને હોય છે.

પ્રશ્ન : તેને બંને કેવી રીતે હોય છે ? જો આવો પ્રશ્ન હોય તો ઉત્તર આપીએ છીએ.

ઉત્તર : પ્રતિ સમય પરિણમનરૂપ અર્થ પર્યાય કહેવાય છે. જ્યારે જીવ આ શરીરને છોડીને-ત્યાગીને, બીજા ભવમાં શરીરની સાથે સંઘાત કરે છે-શરીરને ગ્રહણ કરે છે ત્યારે વિભાવ વ્યંજન પર્યાય હોય છે. એ કારણે જ બીજા ભવમાં સંક્રમણ થવાથી-પરિવર્તન થવાથી સક્રિયત્વ-ક્રિયા (એક સ્થળથી સ્થળાંતર રૂપ ક્રિયા) સહિતપણું કહે છે. એ રીતે પુદ્ગલોની, વિવક્ષિત સ્કંધના વિઘટનથી ખંડિત થવાથી સક્રિયતા હોવાને કારણે બીજા સ્કંધની સાથે સંયોગ થવાથી વિભાવવ્યંજન પર્યાય થાય છે.

પરંતુ મુક્તજીવોને નિશ્ચયરત્નત્રય લક્ષણ પરમ કારણ સમયસાર નામના નિશ્ચય મોક્ષમાર્ગના બળથી અયોગી (ચૌદમું ગુણસ્થાન) ના અંતિમ સમયમાં નખ અને વાળ સિવાય પરમઔદારિક શરીરના વિલીનરૂપે (કપુરની જેમ ઊંડી જવા રૂપથી) નાશ થઈ જવાથી કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયની (અવ્યાબાધ સુખની મુખ્યતાથી) પ્રગટતા લક્ષણ પરમ કાર્ય સમયસાર રૂપ સ્વભાવ વ્યંજન પર્યાયરૂપે જે ઉત્પાદ છે તે ભેદથી જ હોય છે સંઘાતથી નહિ.

પ્રશ્ન : તે સ્વભાવ વ્યંજન પર્યાય એના સંઘાતથી શું કામ નથી હોતી ? જો આવો પ્રશ્ન હોય તો ઉત્તર કહીએ છીએ ?

ઉત્તર : બીજા શરીરની સાથે સંબંધનો અભાવ હોવાથી એને તે ભેદથી જ ઉત્પન્ન થાય છે, સંઘાતથી નહિ-એવો ભાવ છે. ॥ ૧૨૯ ॥

આ રીતે જીવ-અજીવત્વ લોક-અલોકત્વ, સક્રિય-નિષ્ક્રિયત્વના કથન ક્રમથી પહેલા સ્થળમાં ત્રણ ગાથા સમાપ્ત થઈ.

(હવે જ્ઞાનાદિ વિશેષ ગુણોના સ્વરૂપ કથન વિષયક બે ગાથાઓમાં નિબદ્ધ બીજુ સ્થળ પ્રારંભ થાય છે.)

હવે જ્ઞાનાદિ વિશેષગુણોના ભેદથી દ્રવ્યના ભેદનું આવેદન કરીએ છીએ. (મર્યાદાપૂર્વક જ્ઞાન કરાવીએ છીએ.)

## ગાથા ૧૩૦

જે લિંગથી દ્રવ્યો મહીં 'જીવ' 'અજીવ' એમ જણાય છે,
તે જાણ મૂર્ત-અમૂર્ત ગુણ, અતત્પણાથી વિશિષ્ટ જે. ૧૩૦.

અન્વયાર્થ :– [**यैः लिङ्गैः**] જે લિંગો વડે [**द्रव्यं**] દ્રવ્ય [**जीवः अजीवः च**] જીવ અને અજીવ તરીકે [**विज्ञातं भवति**] જણાય છે, [**ते**] તે [**अतद्भावविशिष्टाः**] અતદ્ભાવવિશિષ્ટ (–દ્રવ્યથી અતદ્ભાવ વડે ભિન્ન એવા) [**मूर्तामूर्ताः**] મૂર્ત-અમૂર્ત [**गुणाः**] ગુણો [**ज्ञेयाः**] જાણવા.

ટીકાર્થ : જે સહજ શુદ્ધ પરમ ચૈતન્ય વિલાસરૂપ અથવા તેવી રીતે અચેતન જડરૂપ લિંગો-ચિન્હો-વિશેષ ગુણોરૂપ સાધનોથી જીવરૂપી કર્તા દ્વારા વિશેષરૂપથી જણાય છે.

પ્રશ્ન : આ ગાથામાં કર્મપણાને કોણ પ્રાપ્ત છે ? કોણ જણાય છે ?

ઉત્તર : દ્રવ્ય જણાય છે.

પ્રશ્ન : કેવું દ્રવ્ય જણાય છે ?

ઉત્તર : જીવ અને અજીવદ્રવ્ય જણાય છે. તે પહેલા કહેલા ચેતન-અચેતન (દ્રવ્યોના) ચિન્હ મૂર્ત-અમૂર્ત ગુણ જાણવા જોઈએ.

પ્રશ્ન : તે ગુણ કેવા છે ?

ઉત્તર : તે અતદ્ભાવ વિશિષ્ટ છે (દ્રવ્યથી અતદ્ભાવરૂપ ભિન્ન છે)

તે આ પ્રકારે,

શુદ્ધ જીવ દ્રવ્યમાં જે કેવળજ્ઞાનાદિ ગુણ છે, એનો શુદ્ધ જીવના પ્રદેશોની સાથે જે એકત્વ-અભિન્નત્વ-તન્મયત્વ-એકરૂપત્વ છે, તે તદ્ભાવ કહેવાય છે. એ જ ગુણોનો એ પ્રદેશોની સાથે જ્યારે સંજ્ઞા, લક્ષણ, પ્રયોજન આદિ ભેદ કરવામાં આવે છે, ત્યારે-અતદ્ભાવ કહેવાય છે, આ સંજ્ઞાદિ ભેદરૂપ અતદ્ભાવ દ્વારા તે પોતપોતાના દ્રવ્યની સાથે વિશિષ્ટ-કથંચિત્ ભિન્ન છે.

અથવા બીજા વ્યાખ્યાનથી પોતાના દ્રવ્યની સાથે તદ્ભાવ-તન્મયતાને કારણે અન્ય દ્રવ્યથી વિશિષ્ટ-ભિન્ન છે-એવો અભિપ્રાય છે.

આ રીતે ગુણભેદથી દ્રવ્યનો ભેદ જાણવો જોઈએ. ॥ ૧૩૦ ॥

હવે, મૂર્ત-અમૂર્ત ગુણોના લક્ષણ અને સંબંધ નિરૂપિત કરીએ છીએ.

## ગાથા ૧૩૧

ગુણ મૂર્ત ઈન્દ્રિયગ્રાહ્ય તે પુદ્‌ગલમયી બહુવિધ છે;
દ્રવ્યો અમૂર્તિક જેહ તેના ગુણ અમૂર્તિક જાણજે. ૧૩૧.

અન્વયાર્થ :– [**इन्द्रियग्राह्या: मूर्ता:**] ઈન્દ્રિયગ્રાહ્ય એવા મૂર્ત ગુણો [**पुद्‌गलद्रव्यात्मका:**] પુદ્‌ગલદ્રવ્યાત્મક [**अनेकविधा:**] અનેકવિધ છે; [**अमूर्तानां द्रव्याणां**] અમૂર્ત દ્રવ્યોના [**गुणा:**] ગુણો [**अमूर्ता: ज्ञातव्या:**] અમૂર્ત જાણવા.

ટીકાર્થ : મૂર્ત ગુણ ઈન્દ્રિય ગ્રાહ્ય-ઈન્દ્રિયોના દ્વારા ગ્રહણ કરવા યોગ્ય હોય છે. અને અમૂર્તગુણ ઈન્દ્રિયોના વિષયો હોતા નથી. -એવી રીતે મૂર્ત-અમૂર્ત ગુણોનું ઈન્દ્રિય અને અણિન્દ્રિય વિષયરૂપ લક્ષણ કહ્યું. હવે મૂર્તગુણ કોના સંબંધી-કોના હોય છે-એ રીતે સંબંધ કહે છે. મૂર્ત ગુણ પુદ્‌ગલ દ્રવ્ય સ્વરૂપ અનેક પ્રકારના હોય છે, પુદ્‌ગલ દ્રવ્ય સંબંધી-પુદ્‌ગલ દ્રવ્યના છે. એવો અર્થ છે.

અમૂર્ત ગુણોનો સંબંધ બતાવે છે-વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી જે પરમાત્મ દ્રવ્ય તત્પ્રભૃતિ[1] અમૂર્ત દ્રવ્યો સંબંધી-અમૂર્ત દ્રવ્યોના છે.

પ્રશ્ન : અમૂર્ત દ્રવ્યોના કોણ છે ?

ઉત્તર : તે અમૂર્ત ગુણ-કેવળજ્ઞાનાદિ ગુણ અમૂર્ત દ્રવ્યોના છે એમ જાણવું જોઈએ-આ અર્થ છે.

આ રીતે મૂર્ત અને અમૂર્ત ગુણોના લક્ષણ અને સંબંધ જાણવા જોઈએ.

આ રીતે જ્ઞાનાદિ વિશેષ ગુણોના ભેદથી દ્રવ્યોના ભેદ હોય છે-આ કથનરૂપ બીજા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ. ॥ ૧૩૧ ॥.

(હવે વિશેષગુણોના દ્વારા દ્રવ્યોના નિર્ણય વિષયક ત્રણ ગાથાઓમાં નિબદ્ધ ત્રીજું સ્થળ પ્રારંભ થાય છે)

હવે, મૂર્ત પુદ્‌ગલદ્રવ્યોના ગુણોનું જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૩૨

છે વર્ણ તેમ જ ગંધ વળી રસ-સ્પર્શ પુદ્‌ગલદ્રવ્યને,
- અતિસૂક્ષ્મથી પૃથ્વી સુધી; વળી શબ્દ પુદ્‌ગલ, વિવિધ જે. ૧૩૨.

---

[1]તત્પ્રભૃતિ = થી શરૂ કરીને. નો ભાવાર્થ પરમાત્મ દ્રવ્યથી શરૂ કરીને અમૂર્ત દ્રવ્યો (જીવથી શરૂ કરીને બધા અમૂર્ત દ્રવ્યો - ધર્મ, અધર્મ, આકાશ, અને કાળ)

અન્વયાર્થ :– [**वर्णरसगंधस्पर्शाः**] વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ (–એ ગુણો) [**सूक्ष्मात्**] સૂક્ષ્મથી માંડીને [**पृथिवीपर्यन्तस्य च**] પૃથ્વી પર્યંતના [**पुद्‌गलस्य**] (સર્વ) પુદ્‌ગલને [**विद्यन्ते**] હોય છે; [**चित्रः शब्दः** ] જે વિવિધ પ્રકારનો શબ્દ [**सः**] તે [**पुद्‌गलः**] પુદ્‌ગલ અર્થાત્ પૌદ્‌ગલિક પર્યાય છે.

ટીકાર્થ : વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિદ્યમાન છે.

પ્રશ્ન : તે કોના વિદ્યમાન છે ?

ઉત્તર : તે પુદ્‌ગલના વિદ્યમાન છે.

પ્રશ્ન : તે કેવા પુદ્‌ગલના વિદ્યમાન છે ?

ઉત્તર : પુદ્‌ગલ દ્રવ્યને જિનેન્દ્રદેવે પૃથ્વી, પાણી, પડછાયો. (આંખ સિવાય) ચાર ઈન્દ્રિયોના વિષય, કર્મ અને પરમાણુ-એ રીતે છ ભેદવાળા કહ્યા છે.

આ ગાથામાં કહેલા ક્રમથી પરમાણુ લક્ષણ સૂક્ષ્મ સ્વરૂપથી, પૃથ્વી સ્કંધ લક્ષણ સ્થૂળ સ્વરૂપવાળા પુદ્‌ગલના વિદ્યમાન છે.

તે આ પ્રકારે - જેમ વિશેષણભૂત અનંતજ્ઞાનાદિ ચતુષ્ટય યથાસંભવ બધા જીવોમાં સાધારણ છે તેવી રીતે વિશેષ લક્ષણભૂત વર્ણાદિ ચતુષ્ટય યથાસંભવ બધા પુદ્‌ગલોમાં સાધારણ છે. અને જેમ મુક્ત જીવમાં અનંત જ્ઞાનાદિ ચતુષ્ટય, અતીન્દ્રિયજ્ઞાનનો વિષય છે (તેમ) તથા અનુમાન ગમ્ય અને આગમગમ્ય છે, તેવી રીતે શુદ્ધ પરમાણુ દ્રવ્યમાં વર્ણાદિ ચતુષ્ટય પણ અતીન્દ્રિયજ્ઞાનનો વિષય તથા અનુમાન- ગમ્ય અને આગમગમ્ય છે.

જેમ સંસારી જીવમાં રાગાદિ ચિકાશના નિમિત્તથી, કર્મબંધને વશ અનંત ચતુષ્ટયની અશુદ્ધતા હોય છે, તેવી રીતે વર્ણાદિ ચતુષ્ટયના પણ દ્વિઅણુક આદિ બંધની અવસ્થામાં, સ્નિગ્ધ-રૂક્ષ ગુણના નિમિત્તથી અશુદ્ધતા હોય છે. તથા જેવી રીતે રાગાદિ ચિકાશ રહિત શુદ્ધાત્માના ધ્યાનથી અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયની શુદ્ધતા થાય છે, તેવી રીતે (બંધાવા યોગ્ય) સ્નિગ્ધ ગુણના અભાવમાં બંધન ન થવાને લીધે, પુદ્‌ગલની પરમાણુ અવસ્થામાં વર્ણાદિ ચતુષ્ટયની પણ શુદ્ધતા હોય છે.

અને જે શબ્દ છે, તે પુદ્‌ગલ છે, જેમ જીવની મનુષ્ય નારક આદિ વિભાવ પર્યાયો છે તેવી રીતે આ શબ્દ પુદ્‌ગલની વિભાવ પર્યાય છે, ગુણ નથી.

પ્રશ્ન : તે ગુણ કેમ નથી ?

ઉત્તર : ગુણોની અવિનશ્વરતા-નિત્યતાનો નાશ નહીં હોવાથી શબ્દ તે ગુણ નથી. આ નશ્વર છે-નાશ થાય છે.

નૈયાયિક મતનું અનુસરણ કરવાવાળા કોઈ કહે છે-આ શબ્દ આકાશનો ગુણ છે. આચાર્યદેવ એનું નિરાકરણ કરે છે-આકાશનો ગુણ હોય તો તે અમૂર્ત (સિદ્ધ) થાય છે. અને અમૂર્ત કર્ણેન્દ્રિયનો વિષય ન હોય. પરંતુ આને કર્ણેન્દ્રિયની વિષયતા જોવામાં આવે છે.

પ્રશ્ન : તે બાકીની ઈન્દ્રિયોનો વિષય શું કારણે-શું કામ નથી થતો ?

ઉત્તર : વસ્તુના સ્વભાવથી જ રસાદિ વિષયોની જેમ, કોઈ અન્ય ઈન્દ્રિયનો વિષય બીજી અન્ય ઈન્દ્રિયનો વિષય નથી થતો.

પ્રશ્ન : તે શબ્દ પણ કેવો છે ?

ઉત્તર : વિવિધ પ્રકારના-ભાષાત્મક, અભાષાત્મક રૂપથી, કૃત્રિમ તથા સ્વાભાવિકરૂપથી અનેક પ્રકારનો છે. અને તે ''શબ્દ સ્કંધથી ઉત્પન્ન છે'' ઈત્યાદિ 'પંચાસ્તિકાય ગાથામાં' કહેવામાં આવ્યું છે. એવી રીતે અહીં અતિ વિસ્તારથી બસ થાઓ. ॥ ૧૩૨ ॥

હવે, આકાશ આદિ અમૂર્ત દ્રવ્યોના વિશેષ ગુણ કહે છે.

## ગાથા ૧૩૩ - ૧૩૪

અવગાહ ગુણ આકાશનો, ગતિહેતુતા છે ધર્મનો,
વળી સ્થાનકારણતારૂપી ગુણ જાણ દ્રવ્ય અધર્મનો. ૧૩૩.

અન્વયાર્થ :– [**आकाशस्य अवगाहः**] આકાશનો અવગાહ, [**धर्मद्रव्यस्य गमनहेतुत्वं**] ધર્મદ્રવ્યનો ગમનહેતુત્વ [**तु पुनः**] અને વળી [**धर्मेतरद्रव्यस्य गुणः**] અધર્મદ્રવ્યનો ગુણ [**स्थानकारणता**] સ્થાનકારણતા છે.

છે કાળનો ગુણ વર્તના, ઉપયોગ ભાખ્યો જીવમાં,
એ રીત મૂર્તિવિહીનના ગુણ જાણવા સંક્ષેપમાં. ૧૩૪.

અન્વયાર્થ :– [**कालस्य**] કાળનો ગુણ [**वर्तना स्थात्**] વર્તના છે, [**आत्मनः गुणः**] આત્માનો ગુણ [**उपयोगः इति भणितः**] ઉપયોગ કહ્યો છે. [**मूर्तिग्रहीणानां गुणाः हि**] આ રીતે અમૂર્ત દ્રવ્યોના ગુણો [**संक्षेपात्**] સંક્ષેપથી [**ज्ञेयाः**] જાણવા.

ટીકાર્થ : આકાશનો અવગાહ હેતુત્વ (જગ્યા દેવામાં નિમિત્ત થવું) ધર્મ દ્રવ્યનો ગમન હેતુત્વ (ચાલવામાં નિમિત્ત થવું) અને અધર્મ દ્રવ્યનો સ્થિતિ હેતુત્વ (સ્થિતિ થવામાં નિમિત્ત થવું) ગુણ છે આ રીતે પહેલી (૧૩૩) ગાથા પૂરી થઈ.

કાળનો વર્તના ગુણ છે. જ્ઞાન-દર્શન બંને ઉપયોગ આત્માના ગુણ કહેવામાં આવ્યા છે-આ રીતે સંક્ષેપમાં અમૂર્ત દ્રવ્યોના ગુણ જાણવા જોઈએ.

તે આ પ્રકારે - અન્ય દ્રવ્યોમાં અસંભવ ન જોવા મળતા, બધાં દ્રવ્યોને સાધારણ-સમાનરૂપથી અવગાહ હેતુત્વરૂપ વિશેષ ગુણથી જ વિદ્યમાન આકાશનો નિશ્ચય કરવામાં આવે છે. અન્ય દ્રવ્યોને

અસંભવ, ગતિરૂપ પરિણત સંપૂર્ણ જીવ પુદ્ગલોને એક સમયમાં સમાનરૂપથી ગમનમાં હેતુરૂપ વિશેષ ગુણથી જ વિદ્યમાન ધર્મદ્રવ્યનો નિશ્ચય કરવામાં આવે છે. અને તેવી જ રીતે અન્ય દ્રવ્યોને અસંભવ સ્થિતિરૂપ પરિણત સંપૂર્ણ જીવ-પુદ્ગલની એક સમયમાં સમાનરૂપ સ્થિતિમાં હેતુરૂપ વિશેષ ગુણથી જ વિદ્યમાન અધર્મ દ્રવ્યનો નિશ્ચય કરવામાં આવે છે. અન્ય દ્રવ્યોને અસંભવ, બધાં દ્રવ્યોને એક સાથે પર્યાયરૂપ પરિણમનમાં હેતુરૂપ, વિશેષ ગુણથી જ વિદ્યમાન કાળદ્રવ્યનો નિશ્ચય કરવામાં આવે છે. અન્ય અચેતન પાંચ દ્રવ્યોને અસંભવ, બધાં જીવોમાં જોવામાં આવતા પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન-કેવળદર્શન (માત્ર જ્ઞાન-દર્શન) બે વિશેષ ગુણોથી જ વિદ્યમાન શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્મ દ્રવ્યનો નિશ્ચય કરવામાં આવે છે.

અહીં અર્થ એ છે કે જો કે પાંચ દ્રવ્ય જીવને ઉપકાર (નિમિત્ત) કરે છે તો પણ તે દુઃખના કારણ જ છે-એવું જાણીને અક્ષય-અનંત સુખાદિના કારણભૂત વિશુદ્ધ જ્ઞાન-દર્શન ઉપયોગ સ્વભાવી પરમાત્મ દ્રવ્યનું જ મન દ્વારા ધ્યાન કરવું જોઈએ, તેને જ વચનોથી બોલવું જોઈએ અને શરીરથી તેનું જ સાધકરૂપ અનુષ્ઠાન કરવું જોઈએ.

આ રીતે કયા દ્રવ્યના કયા વિશેષ ગુણ છે-આ કથનરૂપ ત્રીજા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ. ॥ ૧૩૪ ॥

(હવે પંચાસ્તિકાય વ્યાખ્યાન વિષયક બે ગાથાઓમાં નિબદ્ધ ચોથું સ્થળ પ્રારંભ થાય છે)

હવે, કાળ દ્રવ્ય સિવાય જીવાદિ પાંચ દ્રવ્યોના અસ્તિકાયત્વની વ્યાખ્યા કરે છે. (અસ્તિકાયપણાનું કથન કરેછે)

## ગાથા ૧૩૫

જીવદ્રવ્ય, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ વળી આકાશને
છે સ્વપ્રદેશ અનેક, નહિ વર્તે પ્રદેશો કાળને. ૧૩૫.

અન્વયાર્થ :– [जीवा:] જીવો, [पुद्गलकाया:] પુદ્ગલકાયો, [धर्माधर्मौ] ધર્મ, અધર્મ [पुन: च] અને વળી [आकाशं] આકાશ [स्वप्रदेशै:] સ્વપ્રદેશોની અપેક્ષાએ [असंख्याता:] અસંખ્યાત અર્થાત્ અનેક છે; [कालस्य] કાળને [प्रदेशा: इति] પ્રદેશો [न सन्ति]નથી.

ટીકાર્થ : જીવ, પુદ્ગલકાય, ધર્મ, અધર્મ અને આકાશ.

પ્રશ્ન : આ પાંચ અસ્તિકાય કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : પોતાના પ્રદેશોથી અસંખ્યાત છે. અહીં 'અસંખ્યાત પ્રદેશ' શબ્દથી બહુપ્રદેશતા ગ્રહણ

કરવી જોઈએ. અને તે યથાસંભવ લગાડવી જોઈએ.

એમાંથી જીવને સંસાર અવસ્થામાં દિપકના પ્રકાશ સમાન પ્રદેશોનો સંકોચ વિસ્તાર થવા છતાં પણ હીનાધિકતાનો અભાવ હોવાને કારણે વ્યવહારથી શરીર પ્રમાણ આકાર હોવા છતાં પણ નિશ્ચયથી લોકાકાશની જેટલી અસંખ્યાત પ્રદેશતા છે ધર્મ અને અધર્મ દ્રવ્યને અવસ્થિત-સ્થાયીરૂપથી લોકાકાશની બરાબર અસંખ્યાત પ્રદેશતા છે. સ્કંધના આકાર પરિણત પુદ્‌ગલોને સંખ્યાત-અસંખ્યાત અને અનંત પ્રદેશતા છે. પરંતુ પુદ્‌ગલના કથનમાં પ્રદેશ શબ્દ દ્વારા પરમાણુ ગ્રહણ કરવું (સમજવું) જોઈએ, ક્ષેત્રરૂપ પ્રદેશ નહિ.

પ્રશ્ન : ક્ષેત્રરૂપ પ્રદેશ કેમ ગ્રહણ ન કરવો જોઈએ ?

ઉત્તર : પુદ્‌ગલનું અનંત પ્રદેશ ક્ષેત્રમાં રહેવાનો અભાવ હોવાથી પ્રદેશ શબ્દથી ક્ષેત્રરૂપ પ્રદેશ ગ્રહણ ન કરતા પરમાણુ ગ્રહણ કરવું જોઈએ.

પરમાણુને પ્રગટરૂપથી એક પ્રદેશતા અને શક્તિરૂપથી ઉપચારથી બહુપ્રદેશતા છે. આકાશને અનંત પ્રદેશતા છે. કાળને પ્રદેશ (બહુપ્રદેશ) નથી.

પ્રશ્ન : કાળને બહુપ્રદેશ કેમ નથી ?

ઉત્તર : દ્રવ્યરૂપથી એકપ્રદેશી હોવાથી તથા પરસ્પર બંધનો અભાવ હોવાને કારણે પર્યાયરૂપે પણ એના બહુપ્રદેશ નથી. ॥ ૧૩૫ ॥

હવે, એ જ અર્થ ને દૃઢ કરે છે.

**વધારાની ગાથા - ૧૧**

एदाणि पंचदव्वाणि उज्झियकालं तु अत्थिकाय ति।
भण्णंते काया पुण बहुप्पदेसाण पचयतं ॥

આ કાળ દ્રવ્ય સિવાય અસ્તિ-કાય પાંચે દ્રવ્ય છે,
સર્વજ્ઞ કહે જે કાય તે બહુપ્રદેશનો સમુદાય છે.

ગાથાર્થ : કાળ દ્રવ્યને છોડીને પાંચ દ્રવ્ય અસ્તિકાય છે. અને બહુ પ્રદેશોના સમુહને કાય કહેવાય છે.

ટીકાર્થ : આ પહેલા (૧૩૫ ગાથામાં) કહેલા જીવાદિ છ દ્રવ્ય જ કાળ દ્રવ્યને બાદ કરતા અસ્તિકાય-પાંચ અસ્તિકાય કહેવાય છે.

પ્રશ્ન : કાય શબ્દથી શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : બહુપ્રદેશોનું હોવાપણુ-સમુહ-કાય શબ્દથી કહેવામાં આવ્યો છે.

અહીં પાંચ અસ્તિકાયોમાં જીવાસ્તિકાય ઉપાદેય છે, ત્યાં પણ પંચપરમેષ્ઠીરૂપ પર્યાય દશા ઉપાદેય છે, એમાં પણ અરિહંત-સિદ્ધ દશા ઉપાદેય છે, એમાં પણ સિદ્ધદશા ઉપાદેય છે. ખરેખર તો રાગાદિ સંપૂર્ણ વિકલ્પ સમુહોના નિષેધના સમયે સિદ્ધ જીવની સમાન પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ જ

ઉપાદેય છે-એવો ભાવ છે.

આ રીતે પાંચ અસ્તિકાયોના સંક્ષિપ્ત કથનરૂપથી ચોથા સ્થળમાં બે ગાથાઓ પૂર્ણ થઈ.

હવે, દ્રવ્યોનો આધાર લોકાકાશ અને લોકાકાશનું પ્રદેશ લક્ષણ છે. આ વિષયક બે ગાથાઓમાં નિબદ્ધ પાંચમું સ્થળ પ્રારંભ થાય છે)

હવે, દ્રવ્યોનો લોકાકાશમાં અવગાહ છે, એવું પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૧૩૬

લોકે અલોકે આભ, લોક અધર્મ-ધર્મથી વ્યાપ્ત છે,
છે શેષ-આશ્રિત કાળ, ને જીવ-પુદ્‌ગલો તે શેષ છે. ૧૩૬.

અન્વયાર્થ :– [**नभ:**] આકાશ [**लोकालोकयो:**] લોકાલોકમાં છે, [**लोक:**] લોક [**धर्माधर्माभ्याम् आतत:**] ધર્મ ને અધર્મ વ્યાપ્ત છે, [**शेषौ प्रतीत्य**] બાકીનાં બે દ્રવ્યોનો આશ્રય કરીને [**काल:**] કાળ છે, [**पुन:**] અને [**शेषौ**] તે બાકીનાં બે દ્રવ્યો [**जीवा: पुद्‌गला:**] જીવો ને પુદ્‌ગલો છે.

ટીકાર્થ : આધારભૂત લોક અને અલોકમાં આકાશ છે. લોક ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયથી વ્યાપ્ત-ભરેલું છે.

પ્રશ્ન : લોક શું કરવાવાળાથી ભરેલો છે ?

ઉત્તર : બાકી જીવ અને પુદ્‌ગલનો આશ્રય લઈને રહેવાવાળા ધર્મ અને અધર્મથી આ લોક ભરેલો છે. અહીં અર્થ એ છે કે જીવ અને પુદ્‌ગલ લોકમાં રહે છે એ બંનેની ગતિ-સ્થિતિમાં કારણભૂત ધર્મ અને અધર્મ પણ લોકમાં રહે છે. કાળ-પણ જીવ-પુદ્‌ગલોનો આશ્રય લઈને લોકમાં રહે છે.

પ્રશ્ન : તે જીવ-પુદ્‌ગલોનો આશ્રય કેમ લે છે ?

ઉત્તર : નવી અને જુની પર્યાયરૂપે પરિણમિત શેષ જીવ-પુદ્‌ગલોના દ્વારા વ્યક્ત થવાવાળી સમય, ઘડી આદિ પર્યાયરૂપ હોવાના કારણે તે શેષ જીવ-પુદ્‌ગલોનો આશ્રય લઈને લોકમાં રહે છે.

પ્રશ્ન : શેષ શબ્દથી શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : જીવ અને પુદ્‌ગલ શેષ (શબ્દથી) કહેવામાં આવ્યા છે.

અહીં ભાવ આ છે કે-જેમ સિદ્ધ ભગવાન જો કે નિશ્ચયથી લોકાકાશ પ્રમાણ પોતાના શુદ્ધ અસંખ્યાત પ્રદેશોમાં, કેવળજ્ઞાનાદિ ગુણોના આધારભૂત પોતપોતાના ભાવોમાં રહે છે, તો પણ વ્યવહારથી મોક્ષશિલા (સિદ્ધશિલા) માં રહે છે-એમ કહે છે. એવી રીતે બધાં પદાર્થ જો કે નિશ્ચયથી

પોતપોતાના સ્વરૂપમાં રહે છે, તોપણ વ્યવહારથી લોકાકાશમાં રહે છે.

અહીં જો કે અનંત જીવદ્રવ્યોથી અનંત ગુણા પુદ્‌ગલ છે, તોપણ એક દિવાના પ્રકાશમાં અનેક દિવાના પ્રકાશની જેમ વિશિષ્ટ અવગાહન શક્તિના યોગથી, અસંખ્યાત પ્રદેશી લોકમાં પણ (આ બધાનું) રહેવું વિરોધને પામતું નથી. ॥ ૧૩૬ ॥

હવે, જે પરમાણુથી ઘેરાયેલા આકાશના ક્ષેત્રને પ્રદેશનું લક્ષણ કહ્યું છે ત્યાં અન્ય બધા દ્રવ્યોના પ્રદેશોના લક્ષણ છે, એવી સૂચના આપે છે - એમ બતાવે છે.

## ગાથા ૧૩૭

જે રીત આભ-પ્રદેશ, તે રીત શેષદ્રવ્ય-પ્રદેશ છે;
અપ્રદેશ પરમાણુ વડે ઉદ્‌ભવ પ્રદેશ તણો બને. ૧૩૭.

અન્વયાર્થ :– [**यथा**] જે રીતે [**ते नभ:प्रदेशा:**] તે આકાશપ્રદેશો છે, [**तथा**] તે જ રીતે [**शेषाणां**] બાકીનાં દ્રવ્યોના [**प्रदेशा: भवन्ति**] પ્રદેશ છે (અર્થાત્ જેમ આકાશના પ્રદેશો પરમાણુરૂપી ગજથી મપાય છે તેમ બાકીનાં દ્રવ્યોના પ્રદેશ પણ એ જ રીતે મપાય છે.) [**परमाणु: अप्रदेश:**] પરમાણુ અપ્રદેશી છે; [**तेन**] તેના વડે [**प्रदेशोद्भव: भणित:**] પ્રદેશોદ્‌ભવ કહ્યો છે.

ટીકાર્થ : જેમ તે પ્રસિદ્ધ પરમાણુથી વ્યાપ્ત ક્ષેત્રના બરાબર આકાશના પ્રદેશ છે, એ જ આકાશના પ્રદેશના પ્રમાણથી પ્રદેશ છે.

પ્રશ્ન : આકાશના પ્રદેશના પ્રમાણથી કોના પ્રદેશ છે ?

ઉત્તર : શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ જે પરમાત્મ દ્રવ્ય છે તત્પ્રભૃતિ[1] બાકીના દ્રવ્યોના પ્રદેશ છે. અપ્રદેશ-બીજા પ્રદેશોથી રહિત તે પુદ્‌ગલ પરમાણુ છે. એ પરમાણુ દ્વારા પ્રદેશોની ઉત્પત્તિ કહેવાઈ છે. પરમાણુથી વ્યાપ્ત ક્ષેત્ર પ્રદેશ છે. તે આગળ (૧૫૧ મી ગાથામાં) વિસ્તારથી કહેવામાં આવશે, અહીં તો માત્ર સુચના દીધી છે. ॥ ૧૩૭ ॥

આ પ્રકારે પાંચમા સ્થળમાં બે સ્વતંત્ર ગાથાઓ પૂરી થઈ.

(હવે કાળદ્રવ્યનું અપ્રદેશત્વ તથા પર્યાયકાળ-દ્રવ્યકાળ વિષયક બે ગાથાઓવાળું છટ્ઠું સ્થળ પ્રારંભ થાય છે)

હવે, કાળદ્રવ્યના બીજા આદિ પ્રદેશોથી રહિત હોવાને કારણે અપ્રદેશતાની વ્યવસ્થા બતાવે છે.

[1]તત્પ્રભૃતિ = થી શરૂ કરીને.

## ગાથા ૧૩૮

છે કાળ તો અપ્રદેશ; એકપ્રદેશ પરમાણુ યદા
આકાશદ્રવ્ય તણો પ્રદેશ અતિક્રમે, વર્તે તદા. ૧૩૮.

અન્વયાર્થ :– [**समय: तु**] કાળ તો [**अप्रदेश:**] અપ્રદેશી છે. [**प्रदेशमात्रस्य द्रव्यजातस्य**] પ્રદેશમાત્ર પુદ્‌ગલ-પરમાણુ [**आकाशद्रव्यस्य प्रदेशं**] આકાશ દ્રવ્યના પ્રદેશને [**व्यतिपतत:**] મંદ ગતિથી ઓળંગતો હોય ત્યારે [**स: वर्तते**] તે વર્તે છે અર્થાત્ નિમિત્તભૂતપણે પરિણમે છે.

ટીકાર્થ : સમય પર્યાયનું ઉપાદાન કારણ હોવાથી સમય-કાલાણુ-કાળદ્રવ્ય છે અને,

પ્રશ્ન : તે કાળ દ્રવ્ય કેવું છે ?

ઉત્તર : અપ્રદેશ-બીજા આદિ પ્રદેશોથી રહિત છે.

પ્રશ્ન : તે અપ્રદેશી કાળ દ્રવ્ય શું કરે છે ?

ઉત્તર : તે પૂર્વોક્ત (પૂર્વ કહેલ) કાલાણુ, પરમાણુને ગતિરૂપ પરિણમનમાં નિમિત્તરૂપે વર્તે છે-પરિણમન કરે છે.

પ્રશ્ન : જે ગતિ પરિણત છે તે પરમાણુ કોના સંબંધી છે ? -ગતિ પરિણત તે પરમાણુ કોના છે ?

ઉત્તર : પ્રદેશમાત્ર-એકપ્રદેશી પુદ્‌ગલ જાતિરૂપ પરમાણુ દ્રવ્યનું તે, ગતિ પરિણત પરમાણુ છે.

પ્રશ્ન : શું કરતું થકું પરમાણુના માધ્યમથી કાળદ્રવ્ય પરિણમિત થાય છે ?

ઉત્તર : મંદગતિથી જઈ રહેલ પરમાણુના માધ્યમથી તે પરિણમિત થાય છે.

પ્રશ્ન : તે પરમાણુ કઈ બાજુ મંદગતિથી જાય છે ?

ઉત્તર : તે કાલાણુથી વ્યાપ્ત એક પ્રદેશની બાજુ જાય છે.

પ્રશ્ન : તે પ્રદેશ કોના છે ?

ઉત્તર : તે પ્રદેશ આકાશ દ્રવ્યના છે.

તે આ પ્રકારે,

કાલાણુ અપ્રદેશી (એકપ્રદેશી) છે.

પ્રશ્ન : તે અપ્રદેશી કેવી રીતે છે ?

ઉત્તર : દ્રવ્યની અપેક્ષાએ એકપ્રદેશી હોવાને કારણે તે અપ્રદેશી છે. અથવા જેમ ચિકાશ ગુણ દ્વારા પુદ્‌ગલોનો પરસ્પર બંધ થાય છે, તે પ્રકારના બંધનો અભાવ હોવાથી પર્યાય અપેક્ષાએ પણ તે અપ્રદેશી છે.

અહીં અર્થ આ છે કે જે કારણે પુદ્‌ગલ પરમાણુના એક પ્રદેશ સુધી ગમનમાં સહકારી થાય

છે-નિમિત્ત થાય છે. વધુમાં નહિં, તેથી જાણવામાં આવે છે કે કાળદ્રવ્ય પણ એકપ્રદેશી જ છે.

હવે, પહેલા (૧૩૮ ગાથામાં) કહેલા કાળ પદાર્થના પર્યાય સ્વરૂપનું અને દ્રવ્યસ્વરૂપનું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૧૩૯

તે દેશના અતિક્રમણ સમ છે 'સમય', તત્પૂર્વાપરે
જે અર્થ છે તે કાળ છે, ઉત્પન્નધ્વંસી 'સમય' છે. ૧૩૯.

અન્વયાર્થ :– [**तं देशं व्यतिपततः**] પરમાણુ એક આકાશપ્રદેશને (મંદ ગતિથી) ઓળંગે ત્યારે [**तत्समः**] તેના બરાબર જે વખત તે [**समयः**] 'સમય' છે; [**ततः पूर्वः परः**] 'સમય'ની પૂર્વે તેમ જ પછી એવો (નિત્ય) [**यः अर्थः**] જે પદાર્થ છે [**सः कालः**] તે કાળદ્રવ્ય છે; [**समयः उत्पन्नप्रध्वंसी**] 'સમય' ઉત્પન્નધ્વંસી છે.

ટીકાર્થ : આ પહેલા (૧૩૮ મી) ગાથામાં કહેલા પુદ્ગલ પરમાણુના વ્યતિપાતથી-મંદગતિથી જઈ રહેલ.

પ્રશ્ન : આ ગાથામાં કર્મતાને પ્રાપ્ત કોણ છે - કર્મકારકમાં કોણ છે - મંદગતિથી ક્યાં જઈ રહેલ ?

ઉત્તર : પહેલી ગાથામાં કહેલા કાલાણુથી વ્યાપ્ત તે આકાશ પ્રદેશ તરફ જતાં થકા કાલાણુથી વ્યાપ્ત એકપ્રદેશી પુદ્ગલ પરમાણુનું મંદગતિથી જવા સમાન-સદશ અર્થાત્ એના સમાન કાલાણુ દ્રવ્યનું સુક્ષ્મ પર્યાયભૂત સમય તે વ્યવહાર કાળ છે-આ રીતે પર્યાયનું કથન પૂર્ણ થયું.

આ પહેલા કહેલી સમયરૂપ કાળ પર્યાયથી અન્ય-ભવિષ્યકાળમાં અને પૂર્વ ભૂતકાળમાં જે ભૂત અને ભાવિપર્યાયોમાં અન્વયરૂપથી રહેવાવાળો પદાર્થ-દ્રવ્ય છે, તે કાળ નામનો પદાર્થ છે. આ રીતે દ્રવ્યનું કથન થયું.

તે પહેલા કહેલી સમય પર્યાય જો કે ભૂત-ભાવિ સમય-પર્યાયોની પરંપરાની અપેક્ષાએ સંખ્યાત, અસંખ્યાત અને અનંત સમયવાળી છે, તોપણ વર્તમાન સમયની અપેક્ષાએ ઉત્પન્ન અને નાશ થવાવાળી છે અને જે પહેલા કહેલ દ્રવ્ય (તે) કાળ છે તે ત્રણેય કાળથી સ્થાયી હોવાથી નિત્ય છે.

આ પ્રકારે કાળનું દ્રવ્યસ્વરૂપ અને પર્યાયસ્વરૂપ જાણવું જોઈએ. અથવા આ બે ગાથાઓ દ્વારા સમય-વ્યવહાર કાળનું વિશેષ કથન કરવામાં આવ્યું છે, નિશ્ચયકાળનું વિશેષ કથન તો ત્રણ ગાથાઓ દ્વારા આગળ કરીશું.

તે આ પ્રકારે,

નિશ્ચયકાળનો પર્યાયભૂત સમય, અપગતપ્રદેશ-બીજા આદિ પ્રદેશોથી રહિત અર્થાત નિરંશ-એવો અર્થ છે.

પ્રશ્ન : તે નિરંશ કેવી રીતે છે ? જો આવો પ્રશ્ન હોય તો ઉત્તર કહે છે.

ઉત્તર : પ્રદેશ માત્ર પુદ્ગલદ્રવ્ય સંબંધી તે પરમાણુ છે, વ્યતિપાતથી-મંદગતિથી ગમન કરવાને કારણે તે પરમાણુ ગમનરૂપથી વર્તે છે-પરિણમન કરે છે.

પ્રશ્ન : તે કોના પ્રતિ ગમનરૂપથી વર્તે છે ?

ઉત્તર : તે વિવક્ષિત એક આકાશ પ્રદેશના પ્રતિ ગમનરૂપથી વર્તે છે.

આ રીતે પહેલી (૧૩૮મી) ગાથાનું વિશેષ કથન થયું તે પરમાણુ એ આકાશ પ્રદેશનો જ્યારે વ્યતિપાત-અતિક્રાંત-ઉલ્લંઘન કરે છે, મંદગતિથી ગમન કરવાવાળા તે પુદ્ગલ પરમાણુની જેમ સમાન સમય છે એ રીતે તે સમય નિરંશ છે.

આ રીતે વર્તમાન સમયનું વિશેષ કથન કર્યું.

હવે ભૂત અને ભાવિ સમય કહીએ છીએ-તે પહેલા કહેલા વર્તમાન સમયથી આગળ બીજા ભાવરૂપ કોઈપણ સમય હશે અને પહેલા પણ કોઈપણ સમય હતો, આ પ્રકારે જે ત્રણ સમયરૂપ અર્થ છે તે ભૂત ભવિષ્ય, વર્તમાનરૂપે ત્રણ પ્રકારનો વ્યવહારકાળ કહેવાય છે. તે ત્રણેની વચ્ચે જે વર્તમાન સમય છે તે ઉત્પન્ન અને નાશ સ્વરૂપ છે અને ભૂત અને ભાવિ કાળ તો સંખ્યાત, અસંખ્યાત અને અનંત સમયોનો છે-એવો અર્થ છે.

એવા કહેલા લક્ષણવાળા કાળનું વિદ્યમાનપણું હોવા છતાં પણ, પરમાત્મતત્ત્વને પ્રાપ્ત ન કરતો થકો આ જીવ, ભૂતકાળના અનંતકાળથી સંસાર સાગરમાં ઘૂમી રહ્યો છે. તે કારણે તે જ નિજ પરમાત્મતત્ત્વ બધા પ્રકારથી ઉપાદેયરૂપ શ્રદ્ધા કરવા યોગ્ય છે, સ્વસંવેદન જ્ઞાનરૂપથી જાણવા યોગ્ય છે તથા આહાર, ભય, મૈથુન, પરિગ્રહ સંજ્ઞાઓના સ્વરૂપથી લઈને સંપૂર્ણ રાગાદિ વિભાવોના ત્યાગરૂપથી તે જ ધ્યાન કરવા યોગ્ય છે. એવું તાત્પર્ય છે. ॥ ૧૩૯ ॥

આ પ્રકારે કાળના વિશેષ કથનની મુખ્યતાથી છટ્ઠા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ.

(હવે, પ્રદેશ લક્ષણ તથા તિર્યકપ્રચય-ઉર્ધ્વ પ્રચય લક્ષણ વિષયક બે ગાથઓમાં નિબદ્ધ સાતમું સ્થળ પ્રારંભ થાય છે)

હવે પહેલા (૧૩૭ ગાથામાં) જેની સુચના દીધી હતી, તે પ્રદેશના સ્વરૂપનું વર્ણન કરે છે.

## ગાથા ૧૪૦

આકાશ જે અણુવ્યાપ્ય, 'આભપ્રદેશ' સંજ્ઞા તેહને;
તે એક સૌ પરમાણુને અવકાશદાનસમર્થ છે. ૧૪૦.

અન્વયાર્થ :– [अणुनिविष्टम् आकाशं] એક પરમાણુ જેટલા આકાશમાં રહે તેટલા આકાશને [आकाशप्रदेशसंज्ञया] 'આકાશપ્રદેશ' એવા નામથી [भणितम्] કહેવામાં આવ્યું છે; [च] અને [तत्] તે [सर्वेषाम् अणूनां] સર્વ પરમાણુઓને [अवकाशं दातुम् शक्नोति] અવકાશ દેવાને સમર્થ છે.

ટીકાર્થ : અણુથી નિવિષ્ટ-પુદ્‌ગલ પરમાણુથી વ્યાપ્ત-ઘેરાયેલું આકાશ-આકાશ પ્રદેશના નામથી કહેવાયું છે. બધાં પરમાણુઓને તથા ચકાર શબ્દથી સૂક્ષ્મ સ્કંધોને તે આકાશ-પ્રદેશ અવકાશ-સ્થાન દેવામાં સમર્થ છે. તે આકાશ પ્રદેશને જો આ પ્રકારે સ્થાન દેવાનું સામર્થ્ય ન હોત તો અનંતાનંત જીવરાશિ અને એથી પણ અનંતગુણી પુદ્‌ગલ રાશિ અસંખ્યાત પ્રદેશી લોકમાં કેવી રીતે અવકાશ-સ્થાન પામત ? અને એને પહેલા વિસ્તારથી કહ્યું જ છે.

હવે પ્રશ્ન છે કે, અખંડ આકાશ દ્રવ્યના પ્રદેશોનો વિભાગ કેવી રીતે ઘટિત થાય છે ?

તેનો ઉત્તર : જ્ઞાનાનંદ એક સ્વભાવી સ્વઆત્મતત્ત્વમાં પરમ એકાગ્રતા લક્ષણ-પૂર્ણ લીનતારૂપ સમાધિથી ઉત્પન્ન વિકારરહિત આહ્‌લાદ એકરૂપ સુખસુધારસ (સુખીરૂપી અમૃત રસ)ના આસ્વાદથી તૃપ્ત બે મુનિરાજોનું બેસવાનું સ્થાન શું એક છે કે અનેક છે ? જો એક છે, તો બંને મુનિરાજોની એકતા પ્રાપ્ત થાય છે-બંને મળીને એક થઈ જશે. પરંતુ એવું તો છે નહિ. અને જો એ બંને મુનિરાજોનું બેસવાનું સ્થાન અલગ અલગ છે - તો અખંડ આકાશ દ્રવ્યના પ્રદેશોનો વિભાગ વિરૂદ્ધ નથી. એવો અર્થ છે. ॥ ૧૪૦॥

હવે, તિર્યક્‌પ્રચય અને ઉર્ધ્વપ્રચયનું નિરૂપણ કરે છે.

## ગાથા ૧૪૧

વર્તે પ્રદેશો દ્રવ્યને, જે એક અથવા બે અને
બહુ વા અસંખ્ય, અનંત છે; વળી હોય સમયો કાળને. ૧૪૧.

અન્વયાર્થ :– [द्रव्याणां च] દ્રવ્યોને [एकः] એક, [द्वौ] બે, [बहवः] ઘણા, [संख्यातीताः] અસંખ્ય [वा] અથવા [ततः अनन्ताः च] અનંત [प्रदेशाः] પ્રદેશો [सन्ति हि] છે. [कालस्य] કાળને [समयाः इति] 'સમયો' છે.

ટીકાર્થ : એક, બે, અનેક અથવા સંખ્યાતીત, સંખ્યાત અને અનંત, ખરેખર તો કાળ દ્રવ્યને છોડીને સંબંધિત પાંચ દ્રવ્યોને યથાસંભવ આ પ્રદેશ છે અને કાળની પહેલા કહેલી સંખ્યાથી સહિત સમય છે.

તે આ પ્રકારે - એકાકાર પરમ સમરસી ભાવથી પરિણત પરમાનંદ એક લક્ષણ સુખરૂપી અમૃતથી ભરિતાવસ્થ, કેવળજ્ઞાનાદિની પ્રગટતારૂપ અનંતગુણોના આધારભૂત લોકાકાશ પ્રમાણ શુદ્ધ (માત્ર) અસંખ્યાત પ્રદેશોના સિદ્ધ ભગવાનરૂપ આત્મપદાર્થમા જે આ પ્રચય, સમુહ, સમુદાય રાશિ છે.

પ્રશ્ન : તે શું શું કહેવાય છે ?

ઉત્તર : તે અસંખ્યાત પ્રદેશોની રાશિ તિર્યક્ પ્રચય, તિર્યક્ સામાન્ય, વિસ્તાર સામાન્ય અને અક્રમ અનેકાંત કહેવાય છે.

અને તે પ્રદેશોનો સમુહ લક્ષણ તિર્યક પ્રચય, જેમ સિદ્ધ ભગવાનરૂપ આત્મપદાર્થમાં કહેવામાં આવેલ છે, એવી રીતે કાળને છોડીને (સિવાય) પોતપોતાના પ્રદેશોની સંખ્યા અનુસાર તે બાકીના દ્રવ્યને હોય છે. આ રીતે તિર્યક પ્રચયનું વ્યાખ્યાન કર્યું.

મોતીઓના હારની જેમ પ્રત્યેક સમયવર્તી પહેલાનીને અને પછીની પર્યાયોની પરંપરારૂપ ઉર્ધ્વપ્રચય છે. તેને ઉર્ધ્વ સામાન્ય, આયત સામાન્ય અને ક્રમ-અનેકાંત કહે છે. અને તે બધાં દ્રવ્યને હોય છે. પરંતુ પાંચ દ્રવ્યોથી સંબંધિત પહેલાને આગળની પરંપરારૂપ જે ઉર્ધ્વતા પ્રચય છે, તેનું પોતપોતાનું દ્રવ્ય ઉપાદાન કારણ છે. (અને) કાળનો પ્રત્યેક સમય સહકારી કારણ-નિમિત્ત કારણ છે. પરંતુ જે કાળદ્રવ્યના સમયની પરંપરારૂપ ઉર્ધ્વપ્રચય છે, તેનું કાળ જ ઉપાદાન કારણ અને કાળ જ સહકારી-નિમિત્ત કારણ છે.

પ્રશ્ન : કાળ સંબંધી ઉર્ધ્વતાપ્રચયના બંનેય કારણ કાળ કેમ છે ?

ઉત્તર : કાળને ભિન્ન સમયનો અભાવ હોવાથી પર્યાયો જ સમય છે, તેથી બંને કારણ કાળ જ છે. એવો અભિપ્રાય છે. ॥ ૧૪૧ ॥

આ રીતે સાતમા સ્થળમાં બે સ્વતંત્ર ગાથા પૂર્ણ થઈ.

(હવે, કાલાણુરૂપ દ્રવ્યકાળના વ્યાખ્યાન વિષયક ત્રણ ગાથાઓવાળું અંતિમ આઠમું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, સમયની પરંપરા-પર્યાયોના પ્રવાહરૂપ ઉર્ધ્વપ્રચયના અન્વયીરૂપથી આધારભૂત કાળદ્રવ્યની વ્યવસ્થા બતાવે છે.

## ગાથા ૧૪૨

એક જ સમયમાં ધ્વંસ ને ઉત્પાદનો સદ્‌ભાવ છે
જો કાળને, તો કાળ તેહ સ્વભાવ-સમવસ્થિત છે. ૧૪૨.

અન્વયાર્થ :– [**यदि यस्य समयवस्य**] જો કાળને [**एकसमये**] એક સમયમાં [**उत्पादः प्रध्वंसः**] ઉત્પાદ અને ધ્વંસ [**विद्यते**] વર્તે છે, [**सः अपि समयः**] તો તે કાળ [**स्वभाव-समवस्थितः**] સ્વભાવે અવસ્થિત અર્થાત્ ધ્રુવ [**भवति**] (ઠરે) છે.

ટીકાર્થ : જો ઉત્પાદ અને વ્યય વિદ્યમાન છે.

પ્રશ્ન : કોના ઉત્પાદ-વ્યય વિદ્યમાન છે ?

ઉત્તર : જેના-કાલાણુના ઉત્પાદ-વ્યય વિદ્યમાન છે.

પ્રશ્ન : એના તે ક્યાં વિદ્યમાન છે ?

ઉત્તર : એક સમયમાં-વર્તમાન સમયમાં વિદ્યમાન છે. જોવા મળે છે.

સમયનો ઉત્પાદક હોવાથી સમય કાલાણુ છે, તે કાલાણુમાં જોવા મળે છે. તે કાલાણુ પણ સ્વભાવમાં સમવસ્થિત છે. પહેલાં કહેલા ઉત્પાદ અને વ્યય-એ બંનેના આધારભૂત કાલાણુ દ્રવ્ય ધ્રૌવ્યરૂપ છે. -આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણરૂપ સ્વભાવવાળું સત્ત્વ-અસ્તિત્વ છે. એમાં સારી રીતે સ્થિત રહે છે-સ્વભાવમાં સમવસ્થિત છે.

તે આ પ્રકારે,

જેમ આંગળી દ્રવ્યમાં જે વર્તમાન સમયમાં વક્ર (વાંકી) પર્યાયનો ઉત્પાદ છે, તે સમયે એ જ આંગળી દ્રવ્યની પૂર્વવર્તી સીધી પર્યાયનો વ્યય છે અને એ બંનેની આધારભૂત આંગળી દ્રવ્યરૂપથી ધ્રૌવ્ય છે-આ રીતે દ્રવ્યની સિદ્ધિ થઈ.

અથવા પોતાના સ્વભાવરૂપ સુખથી ઉત્પાદ, એ જ સમયે એ જ આત્મદ્રવ્યના પહેલા અનુભવ કરવામાં આવેલા આકુળતામયી દુઃખરૂપથી વિનાશ અને એ બંનેના આધારભૂત પરમાત્મદ્રવ્ય રૂપથી ધ્રૌવ્ય-આ રીતે દ્રવ્યની સિદ્ધિ થઈ.

અથવા મોક્ષપર્યાય રૂપથી ઉત્પાદ, એ જ સમયે રત્નત્રય સ્વરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ પર્યાયથી વિનાશ અને એ બંનેના આધારભૂત પરમાત્મદ્રવ્યરૂપથી ધ્રૌવ્ય-આ રીતે દ્રવ્યની સિદ્ધિ થઈ.

એવી રીતે વર્તમાન સમયરૂપ પર્યાયથી ઉત્પાદ, એ જ સમયે તે કાલાણુ દ્રવ્યના પહેલા સમયની સમય પર્યાયરૂપથી વિનાશ અને બંનેના આધારભૂત આંગળીરૂપ દ્રવ્યની જેમ સ્થાનીય કાલાણુ દ્રવ્યથી ધ્રૌવ્ય-આ રીતે કાળદ્રવ્ય સિદ્ધ થયું-એવો અર્થ છે. ॥ ૧૪૨ ॥

હવે, પૂર્વોક્ત પ્રકારથી જેમ વર્તમાન સમયમાં કાળદ્રવ્યનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સ્થાપિત કર્યું, એવી રીતે બધાં સમયોમાં છે, એમ નિશ્ચિત નક્કી કરે છે.

## ગાથા ૧૪૩

પ્રત્યેક સમયે જન્મ-ધ્રૌવ્ય વિનાશ અર્થો કાળને
વર્તે સરવદા; આ જ બસ કાળાણુનો સદ્‌ભાવ છે. ૧૪૩.

અન્વયાર્થ :– [**एकस्मिन् समये**] એક એક સમયમાં [**संभवस्थितिनाशसंज्ञिता: अर्था:**] ઉત્પાદ, ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો [**समयस्य**] કાળને [**सर्वकालं**] સદાય [**सन्ति**] હોય છે. [**ऐष: हि**] આ જ [**कालाणुसद्भाव:**] કાળાણુનો સદ્‌ભાવ છે (અર્થાત્ આ જ કાળાણુના અસ્તિત્વની સિદ્ધિ છે).

ટીકાર્થ : એક સમયમાં પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : એક સમયમાં કોણ પ્રાપ્ત થાય છે ?

ઉત્તર : ઉત્પાદ-ધ્રૌવ્ય અને વ્યય નામના અર્થો-ધર્મો-સ્વભાવો એક સમયમાં પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : તે ઉત્પાદાદિ સ્વભાવ કોના છે ?

ઉત્તર : સમયરૂપ પર્યાયને ઉત્પન્ન કરવાવાળા હોવાથી સમય અર્થાત્ કાલાણુ, એના આ ઉત્પાદાદિ છે. જો એક વર્તમાન સમયમાં ઉત્પાદ આદિ રૂપ છે, તો તે પ્રકારે હંમેશા જ તે રૂપે છે. આ પ્રત્યક્ષીભૂત ખરેખરમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ કાલાણુનો સદ્‌ભાવ છે.

તે આ પ્રકારે,

જેમ પહેલા એક સમય સંબંધી ઉત્પાદ-વ્યયના આધારરૂપ આંગળી દ્રવ્ય આદિના ઉદાહરણ દ્વારા, વર્તમાન સમયમાં કાળદ્રવ્યનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સ્થાપિત કર્યું હતું, એવી રીતે બધાં સમયોમાં જાણવું જોઈએ.

અહિંયા જો કે ભૂતકાળના અનંત સમયોમાં દુર્લભ, બધાં પ્રકારથી ઉપાદેયભૂત સિદ્ધગતિનું કાળલબ્ધિરૂપથી કાળ બહિરંગ સહકારી છે, તો પણ નિશ્ચયનયથી સ્વશુદ્ધાત્મ તત્ત્વના સમ્યક્-શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાન (ચારિત્ર) સ્વરૂપ, સંપૂર્ણ પરદ્રવ્યોની ઈચ્છાના નિરોધ લક્ષણ તપશ્ચરણરૂપ જે ચાર પ્રકારની નિશ્ચય આરાધના, તે ત્યાં (સિદ્ધદશાની પ્રાપ્તિમાં) ઉપાદાન કારણ છે, કાળ ઉપાદાન કારણ નથી, એ કારણે તે હેય છે-એવો ભાવ છે. ॥ ૧૪૩ ॥

હવે, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય-સ્વરૂપ અસ્તિત્વના અવલંબનથી કાળદ્રવ્યને એક પ્રદેશપણું સિદ્ધ કરે છે.

## ગાથા ૧૪૪

જે અર્થને ન બહુ પ્રદેશ, ન એક વા પરમાર્થથી,
તે અર્થ જાણો શૂન્ય કેવળ - અન્ય જે અસ્તિત્વથી. ૧૪૪.

અન્વયાર્થ :– [यस्य] જે પદાર્થને [प्रदेशा:] પ્રદેશો [प्रदेशमात्रं वा] અથવા એક પ્રદેશ પણ [तत्त्वत: ज्ञातुम् न सन्ति] પરમાર્થે જણાતો નથી, [तम् अर्थम्] તે પદાર્થને [शून्य जानीहि] શૂન્ય જાણ– [अस्तित्वात् अर्थान्तरभूतम्] કે જે અસ્તિત્વથી અર્થાન્તરભૂત (–અન્ય) છે.

ટીકાર્થ : જે પદાર્થના નથી-જેના જોવામાં આવતા નથી.

પ્રશ્ન : શું જોવામાં નથી આવતા ?

ઉત્તર : જેના પ્રદેશ જોવામાં આવતા નથી.

પ્રશ્ન : પ્રદેશમાત્ર અથવા એક પ્રદેશ પ્રમાણ પણ (જેના નથી જોવા મળતા) તો પછી આ વસ્તુ પરમાર્થથી ખરેખર જણાવાને માટે (જ્ઞેય થવાને) સમર્થ હોય શકે ? અર્થાત્ ન હોય શકે.

ઉત્તર : જેને એક પણ પ્રદેશ નથી તે પદાર્થને હે શિષ્ય ! શૂન્ય જાણો.

પ્રશ્ન : એને શૂન્ય શું કામ જાણીએ ?

ઉત્તર : જે કારણે એક પ્રદેશનો અભાવ હોવાથી અર્થાંતરભૂત-ભિન્ન છે એટલે તેને શૂન્ય જાણો.

પ્રશ્ન : તે કોનાથી ભિન્ન છે ?

ઉત્તર : તે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય સત્તાથી ભિન્ન છે.

તે આ પ્રકારે,

પહેલા (૧૪૩ મી) ગાથામાં કહ્યા મુજબ, કાળ પદાર્થને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ અસ્તિત્વ જોવામાં આવે છે, અને તે અસ્તિત્વ, પ્રદેશ વિના ઘટિત નથી થઈ શકતું. અને જે પ્રદેશવાન છે, તે કાળ પદાર્થ છે.

(અહીં કોઈ કહે છે કે) કાળદ્રવ્યના અભાવમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ઘટિત થાય છે, જો એવું માનવામાં આવે તો ? (આચાર્ય કહે છે) એવું ન માની શકાય. આંગળી દ્રવ્યના અભાવમાં, વર્તમાન વાંકી પર્યાયનો ઉત્પાદ, પહેલી સીધી પર્યાયનો વ્યય અને બંનેના આધારભૂત ધ્રૌવ્ય કોનું હશે ? કોઈનું પણ નહીં હોય. એ રીતે કાળદ્રવ્યના અભાવમાં, વર્તમાન સમયરૂપ ઉત્પાદ, ભૂત સમયરૂપ વિનાશ અને એ બંનેના આધારભૂત ધ્રૌવ્ય કોનું હશે ? કોઈનું પણ નહિ હોય.

એવું હોવાથી આ સિદ્ધ થયું કે અન્યનો વ્યય, અન્યનો ઉત્પાદ અને અન્યનું ધ્રૌવ્ય-આ રીતે માનવાથી સંપૂર્ણ વસ્તુ સ્વરૂપનો વિપ્લવ-વિનાશ થાય છે. તેથી વસ્તુ વિનાશના ભયથી ઉત્પાદ-

વ્યય-ધ્રૌવ્યનું કોઈપણ એક આધારભૂત છે-એવું સ્વીકાર કરવું જોઈએ. અને તે એક પ્રદેશરૂપ કાલાણુ પદાર્થ જ છે.

અહીં ભૂતકાળના અનંતકાળમાં જે સિદ્ધ-સુખના પાત્ર થયા છે અને ભવિષ્યમાં ''પોતાના આત્મરૂપ ઉપાદાનથી સિદ્ધ, સ્વયં સાતિશય'' વગેરે વિશેષણોથી વિશિષ્ટ સિદ્ધ સુખના પાત્ર થશે, તે બધા કાળલબ્ધિના વશે જ થયા છે, તો પણ નિજ પરમાત્મા જ ઉપાદેય છે એવી રૂચિરૂપ વીતરાગ-ચારિત્રનું અવિનાભાવી જે નિશ્ચય સમ્યક્ત્વ છે, એની જ મુખ્યતા છે. કાળની નહીં, જેના કારણે તે હેય છે. એવું જ કહ્યું છે કે,

''અધિક કહેવાથી શું ? જે શ્રેષ્ઠ પુરુષ ભૂતકાળમાં સિદ્ધ થયા છે અને જે ભવિષ્યકાળમાં સિદ્ધ થશે, તે સમ્યક્ત્વનો જ મહિમા જાણો.'' ॥ ૧૪૪ ॥

આ રીતે નિશ્ચયકાળના વ્યાખ્યાનની મુખ્યતાથી આઠમા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂર્ણ થઈ.

આ રીતે પહેલા કહેલ તે પ્રમાણે ૧૯ ગાથાઓ દ્વારા આઠ સ્થળરૂપથી ''વિશેષ જ્ઞેયઅધિકાર'' સમાપ્ત થયો.

હવે, એના પછી શુદ્ધ જીવનું દ્રવ્ય-ભાવ પ્રાણોની સાથે ભેદમાં નિમિત્ત યથાક્રમથી આઠ ગાથા સુધી ''સામાન્ય ભેદભાવના'' (નામનો ત્રીજા અધિકાર) નું વિશેષ કથન કરે છે.

તે આ પ્રકારે,

હવે, જ્ઞાન અને જ્ઞેયના જ્ઞાપન માટે (જ્ઞાન કરાવવા માટે) અથવા તેવી રીતે આત્માની ચાર પ્રાણો સાથે ભેદરૂપ ભાવનાને માટે, આ ગાથાનું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૧૪૫

**સપ્રદેશ અર્થોથી સમાપ્ત સમગ્ર લોક સુનિત્ય છે;**
**તસુ જાણનારો જીવ, પ્રાણચતુષ્કથી સંયુક્ત જે. ૧૪૫.**

અન્વયાર્થ :– [**सप्रदेशैः अर्थैः**] સપ્રદેશ પદાર્થો વડે [**निष्ठितः**] [1]સમાપ્તિ પામેલો [**समग्रः लोकः**] આખો લોક [**नित्यः**] નિત્ય છે. [**तं**] તેને [**यः जानाति**] જે જાણે છે [**जीवः**] તે જીવ છે– [**प्राणचतुष्काभिसंबद्धः**] કે જે (સંસારદશામાં) ચાર પ્રાણોથી સંયુક્ત છે.

ટીકાર્થ : લોક છે.

પ્રશ્ન : લોક કેવો છે ?

---

સમાપ્તિ : છ દ્રવ્યોથી જ લોક સમાપ્ત થાય છે. અર્થાત્ તે દ્રવ્યો ઉપરાંત લોકમાં બીજું કંઈ નથી.

ઉત્તર : નિષ્ઠિત, અંતને પ્રાપ્ત અથવા ભરેલો છે.

પ્રશ્ન : કયા કર્તાઓથી ભરેલો છે ?

ઉત્તર : સહજ શુદ્ધબુદ્ધ એક સ્વભાવી તે પરમાત્મપદાર્થ, તત્પ્રભૃતિ જે પદાર્થ (તેનાથી શરૂ કરીને બીજા બધા પદાર્થો) તેનાથી ભરેલો છે.

પ્રશ્ન : તે લોક અન્ય કઈ વિશેષતાઓવાળો છે ?

ઉત્તર : પોતાના પ્રદેશો દ્વારા સમગ્ર-પરિપૂર્ણ છે. અથવા પદાર્થોથી પરિપૂર્ણ છે.

પ્રશ્ન : કેવા પદાર્થોથી પરિપૂર્ણ છે ?

ઉત્તર : સપ્રદેશી-પ્રદેશ સહિત પદાર્થોથી પરિપૂર્ણ છે.

પ્રશ્ન : લોક અન્ય કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : દ્રવ્યાર્થિકનયથી નિત્ય છે. અથવા લોકાકાશની અપેક્ષાએ નિત્ય છે. અથવા કોઈ વિશિષ્ટ પુરુષ દ્વારા કરવામાં આવ્યો નથી, તેથી નિત્ય છે. જે કર્તા તે જ્ઞેયભૂત લોકને જાણે છે, તે જીવ પદાર્થ છે.

પ્રશ્ન : તેથી શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : જે આ વિશુદ્ધજ્ઞાન-દર્શન સ્વભાવી જીવ છે તે જ્ઞાન અને જ્ઞેય કહેવામાં આવ્યો છે. પરંતુ બાકીના પદાર્થો તો જ્ઞેય જ છે. આ રીતે જ્ઞાતા અને જ્ઞેયનો વિભાગ-ભેદ છે.

પ્રશ્ન : જીવ અન્ય કંઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : જો કે નિશ્ચયથી જીવ સ્વતઃ સિદ્ધ પરમ ચૈતન્ય સ્વભાવરૂપ નિશ્ચય પ્રાણથી જીવે છે, તોપણ વ્યવહારથી અનાદિ કર્મબંધન વશ આયુ આદિ અશુદ્ધ ચાર પ્રાણો દ્વારા સંબંધ-સહિત હોતો થકો જીવે છે. અને તે શુદ્ધનયથી જીવનું સ્વરૂપ નથી. આ રીતે ભેદરૂપ ભાવના જાણવી જોઈએ- એવો અભિપ્રાય છે. ॥ ૧૪૫ ॥

હવે, ઈન્દ્રિય આદિ ચાર પ્રાણોનું સ્વરૂપ પ્રતિપાદિત કરે છે.

## ગાથા ૧૪૬

ઈન્દ્રિયપ્રાણ, તથા વળી બળપ્રાણ, આયુપ્રાણ ને
વળી પ્રાણ શ્વાસોચ્છ્વાસ-એ સૌ, જીવ કેરા પ્રાણ છે. ૧૪૬.

અન્વયાર્થ :– [**इन्द्रियप्राण: च**] ઈન્દ્રિયપ્રાણ, [**तथा बलप्राण:**] બળપ્રાણ, [**तथा च आयु:प्राण:**] આયુપ્રાણ [**च**] તથા [**आनपानप्राण:**] શ્વાસોચ્છ્વાસપ્રાણ–[**ते**] એ (ચાર) [**जीवानां**] જીવોના [**प्राणा:**] પ્રાણો [**भवन्ति**] છે.

ટીકાર્થ : અતીન્દ્રિય-અનંત સુખ સ્વભાવી આત્માથી વિલક્ષણ ઈન્દ્રિયપ્રાણ; મન, વચન અને શરીરના વ્યાપારથી રહિત પરમાત્મદ્રવ્યથી વિસદશ-ભિન્ન બળપ્રાણ, અનાદિ અનંત સ્વભાવી પરમાત્મપદાર્થથી વિપરીત સાદિ-સાન્ત આયુપ્રાણ અને શ્વાચ્છોશ્વાસથી ઉત્પન્ન ખેદથી રહિત શુદ્ધાત્મ તત્ત્વથી વિરૂદ્ધ આનપાન-શ્વાચ્છોશ્વાસ પ્રાણ આ રીતે અભેદનયથી આયુ, ઈન્દ્રિય, બળ અને શ્વાચ્છોશ્વાસરૂપથી ચાર પ્રાણ જીવને હોય છે. અને તે શુદ્ધનયથી જીવથી ભિન્ન છે-એવી ભાવના કરવી જોઈએ.

હવે, તે જ પ્રાણ ભેદનયથી દશ પ્રકારના હોય છે, એવું આવેદન કરે છે. (મર્યાદાપૂર્વક જ્ઞાન કરાવે છે)

**વધારાની ગાથા ૧૨**

**पंच वि इंदियपाणा मणवचिकाया य तिण्णि बलपाणा।**
**आणप्पाणप्पाणो आउगपाणेण होंति दसपाणा ॥**

છે પાંચ ઈન્દ્રિય-પ્રાણ, તેમજ મન-વચન-કાય ત્રણ છે,
છે પ્રાણ શ્વાચ્છોશ્વાસ, આયુ થઈને તે સર્વે દશ છે.

ભાવાર્થ : પાંચ ઈન્દ્રિય પ્રાણ, મન, વચન ને કાય એ ત્રણ બળપ્રાણ, શ્વાચ્છોશ્વાસ અને આયુપ્રાણ રૂપથી દશ પ્રાણ થાય છે.

પાંચ પ્રકારના ઈન્દ્રિયપ્રાણ, ત્રણ પ્રકારના બળપ્રાણ અને શ્વાસોચ્છ્વાસ અને આયુપ્રાણ-આ રીતે ભેદથી દસ પ્રાણ છે, તે પણ નિશ્ચયથી જ્ઞાનાનંદ એક સ્વભાવી પરમાત્માથી ભિન્ન જાણવા જોઈએ-એવો અભિપ્રાય છે. ॥ ૧ ૨ ॥

હવે, પ્રાણ શબ્દની વ્યુત્પતિથી જીવનું જીવત્વ અને પ્રાણોનું પુદ્ગલ સ્વરૂપત્વ નિરૂપિત કરે છે.

## ગાથા ૧૪૭

જે ચાર પ્રાણે જીવતો પૂર્વે, જીવે છે, જીવશે,
તે જીવ છે; પણ પ્રાણ તો પુદ્ગલદરવનિષ્પન્ન છે. ૧૪૭.

અન્વયાર્થ :– [**यः हि**] જે [**चतुर्भिः प्राणैः**] ચાર પ્રાણોથી [**जीवति**] જીવે છે, [**जीविष्यति**] જીવશે [**जीवितः पूर्वं**] અને પૂર્વે જીવતો હતો, [**सः जीवः**] તે જીવ છે. [**पुनः**] આમ છતાં [**प्राणाः**] પ્રાણો તો [**पुद्गलद्रव्यैः निर्वृत्ताः**] પુદ્ગલદ્રવ્યોથી નિષ્પન્ન છે.

ટીકાર્થ : જો કે નિશ્ચયથી સત્તા, ચૈતન્ય, સુખ, બોધ આદિ શુદ્ધ ભાવ પ્રાણોથી જીવે છે, તોપણ વ્યવહારથી વર્તમાન સમયમાં દ્રવ્ય-ભાવરૂપ ચાર અશુદ્ધ પ્રાણોથી જીવે છે, ભવિષ્યકાળમાં તેનાથી

જીવશે, જે ખરેખર પહેલા-ભૂતકાળમાં જીવિત હતો, -તે જીવ છે. તે પહેલા કહેલા પ્રાણ ઉદયમાં આવેલા પુદ્‌ગલકર્મોથી રચિત છે. એ કારણે જ પુદ્‌ગલ દ્રવ્યથી વિપરીત અનંતજ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અનંતગુણ સ્વભાવરૂપ પરમાત્મતત્ત્વથી, (પ્રાણોની) ભિન્ન ભાવના કરવી જોઈએ-એવો ભાવ છે. ॥ ૧૪૭॥

હવે, પ્રાણોનું જે પહેલા (૧૪૭ ગાથામાં) કહેલ પૌદ્‌ગલિકત્વ-પુદ્‌ગલપણું છે એને જ દેખાડે છે.

## ગાથા ૧૪૮

મોહાદિકર્મનિબંધથી સંબંધ પામી પ્રાણને,
જીવ કર્મફળ-ઉપભોગ કરતાં; બંધ પામે કર્મનો. ૧૪૮.

અન્વયાર્થ :– [**मोहादिकैः कर्मभिः**] મોહાદિક કર્મો વડે [**बद्धः**] બંધાયો હોવાને લીધે [**जीवः**] જીવ [**प्राणनिबद्धः**] પ્રાણોથી સંયુક્ત થયો થકો [**कर्मफलम् उपभुंजानः**] કર્મફળને ભોગવતાં [**अन्यैः कर्मभिः**] અન્ય કર્મો વડે [**बध्यते**] બંધાય છે.

ટીકાર્થ : જીવરૂપ કર્તા ચાર પ્રાણોથી નિબદ્ધ-સંબંધ સહિત છે.

પ્રશ્ન : તે કેવો થયો થકો પ્રાણોથી સહિત છે ?

ઉત્તર : શુદ્ધાત્માની પ્રાપ્તિરૂપ લક્ષણ મોક્ષથી વિલક્ષણ, બંધાયેલો એનાથી સહિત છે.

પ્રશ્ન : મોક્ષથી વિલક્ષણ કોનાથી બંધાયેલો છે ?

ઉત્તર : તે મોહનીય આદિ કર્મોથી બંધાયેલો છે. તેથી જાણવામાં આવે છે કે મોહાદિ કર્મોથી બંધાયેલો જીવ, પ્રાણોથી નિબદ્ધ હોય છે (કર્મોના બંધનથી રહિત જીવ પ્રાણોથી નિબદ્ધ નથી હોતો) તેનાથી જ જણાય છે કે પ્રાણ પુદ્‌ગલ કર્મના ઉદયથી ઉત્પન્ન છે.

પ્રશ્ન : આ પ્રકારનો (કર્મબદ્ધ, પ્રાણ નિબદ્ધ) થયો થકો તે શું કરે છે ?

ઉત્તર : પરમ સમાધિ (ઉત્કૃષ્ટ સ્વરૂપલીનતા) થી ઉત્પન્ન નિત્યાનંદ એક લક્ષણ સુખરૂપી અમૃત ભોજનને પ્રાપ્ત ન કરતો થકો, કડવા ઝેર સમાન કર્મફળને જ ભોગવે છે. એ કર્મોના ફળને ભોગવતો થકો આ જીવ, કર્મથી રહિત આત્માથી વિપરીત અન્ય નવા કર્મોથી બંધાય છે. જે કારણે કર્મફળને ભોગવતો થકો નવા કર્મોથી બંધાય છે તેથી જાણવામાં આવે છે કે પ્રાણ નવા પુદ્‌ગલકર્મોનું કારણભૂત છે. ॥ ૧૪૮॥

હવે, પ્રાણ નવીન કર્મબંધનું કારણ છે, એવું પહેલા (૧૪૮ ગાથા) કહેવાયેલ તે અર્થનું જ

વિશેષરૂપથી સમર્થન કરે છે.

## ગાથા ૧૪૯

જીવ મોહ-દ્વેષ વડે કરે બાધા જીવોના પ્રાણને,
તો બંધ જ્ઞાનાવરણ-આદિક કર્મનો તે થાય છે. ૧૪૯.

અન્વયાર્થ :– [**यदि**] જો [**जीव:**] જીવ [**मोहप्रद्वेषाभ्यां**] મોહ અને દ્વેષ વડે [**जीवयो:**] જીવોના (-સ્વજીવના તથા પરજીવના) [**प्राणाबाधं करोति**] પ્રાણોને બાધા કરે છે, [**स: हि**] તો પૂર્વે કહેલા [**ज्ञानावरणादिकर्मभि: बन्ध:**] જ્ઞાનાવરણાદિક કર્મો વડે બંધ [**भवति**] થાય છે.

ટીકાર્થ : આયુ આદિ પ્રાણોથી બાધા-પીડા-દુઃખને કરે છે.

પ્રશ્ન : પ્રાણોની બાધા કરવાવાળું તે કોણ છે ?

ઉત્તર : જીવ પ્રાણોને બાધિત કરે છે.

પ્રશ્ન : તે કોના દ્વારા એને કરે છે ?

ઉત્તર : પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાનરૂપી મહાન દીવા દ્વારા મોહરૂપી અંધકારને નાશ કરવાવાળા પરમાત્માથી વિપરીત, મોહ અને દ્વેષથી એને કરે છે.

પ્રશ્ન : તે મોહ-દ્વેષથી કોના પ્રાણોને બાધા કરે છે ?

ઉત્તર : તે તેનાથી (મુખ્ય) એકેન્દ્રિય આદિ જીવોના પ્રાણોને બાધા કરે છે.

જો તે આવું કરે છે ત્યારે નિજ પરમાત્માની પ્રાપ્તિરૂપ મોક્ષથી વિપરીત, મુળ અને ઉત્તર પ્રકૃતિઓના ભેદથી અનેક ભેદવાળા પરમાગમમાં પ્રસિદ્ધ બંધ ખરેખર તેને થાય છે.

પ્રશ્ન : તે પ્રસિદ્ધ બંધ કોનાથી થાય છે ?

ઉત્તર : જ્ઞાનાવરણાદિ કર્મોથી તે બંધ થાય છે.

એથી જાણવામાં આવે છે કે પ્રાણ પુદ્ગલકર્મ બંધનું કારણ છે.

અહીં અર્થ એ છે-જેમ તપેલા લોઢાના ગોળાથી બીજાને મારવાના ઈચ્છુક થતો કોઈ પણ, પહેલા પોતાને જ મારે છે, પછી બીજાના ઘાતવાનો નિયમ નથી (થાય પણ, અને ન પણ થાય), એવી રીતે તપેલા લોઢાના ગોળા સમાન મોહાદિરૂપ પરિણમિત થયો થકો આ અજ્ઞાની જીવ પણ, પહેલા વિકાર રહિત સ્વસંવેદનજ્ઞાન સ્વરૂપ પોતાના શુદ્ધપ્રાણોનો ઘાત કરે છે ત્યારબાદ બીજાના પ્રાણોના ઘાતનો નિયમ નથી. (થાય પણ, અને ન પણ થાય) ॥ ૧૪૯ ॥

હવે, ઈન્દ્રિય આદિ પ્રાણોની ઉત્પત્તિના અંતરંગ કારણનો ઉપદેશ આપે છે-(કથન કરે છે)

## ગાથા ૧૫૦

કર્મે મલિન જીવ ત્યાં લગી પ્રાણો ધરે છે ફરી ફરી,
મમતા શરીરપ્રધાન વિષયે જ્યાં લગી છોડે નહીં. ૧૫૦.

અન્વયાર્થ :– [**यावत्**] જ્યાં સુધી [**देहप्रधानेषु विषयेषु**] દેહપ્રધાન વિષયોમાં [**ममत्वं**] મમત્વ [**न त्यजति**] છોડતો નથી, [**कर्ममलीमसः आत्मा**] ત્યાં સુધી કર્મથી મલિન આત્મા [**पुनः पुनः**] ફરી ફરીને [**अन्यान् प्राणान्**] અન્ય અન્ય પ્રાણો [**धारयति**] ધારણ કરે છે.

ટીકાર્થ : આ આત્મા સ્વભાવથી ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મરૂપી કર્મમળથી રહિત હોવાને કારણે અત્યંત નિર્મળ હોવા છતાં પણ, વ્યવહારથી અનાદિ (થી ચાલ્યા આવતા) કર્મોના બંધવશ મલિન હોય છે.

પ્રશ્ન : એવો થયો થકો (મલિન થયો થકો આત્મા) શું કરે છે ?

ઉત્તર : વારંવાર બીજા બીજા નવીન પ્રાણોને ધારણ કરે છે.

પ્રશ્ન : જ્યાં સુધી શું નથી કરતો ?

ઉત્તર : રાગથી રહિત ચૈતન્ય ચમત્કાર પરિણતિથી વિપરીત, મમતા (મારાપણા) ને જેટલા સમય સુધી, જ્યાં સુધી છોડતો નથી, ત્યાં સુધી.

પ્રશ્ન : તે કોના વિષયોમાં મમતાને જ્યાં સુધી નથી છોડતો ?

ઉત્તર : શરીર અને વિષયોથી રહિત ઉત્કૃષ્ટ ચૈતન્ય પ્રકાશરૂપ પરિણતીથી વિપરીત, જેમાં શરીર મુખ્ય છે એવા પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં જ્યાં સુધી મમતા નથી છોડતો. (ત્યાં સુધી)

એથી આ નિશ્ચિત થયું કે શરીરાદિમાં મમતા જ ઈન્દ્રિય આદિ પ્રાણોની ઉત્પત્તિનું અંતરંગ કારણ છે. ॥ ૧૫૦॥

હવે ઈન્દ્રિય આદિ પ્રાણોના વિનાશનું અંતરંગ કારણ જણાવે છે. મર્યાદાપૂર્વક કહે છે.

## ગાથા ૧૫૧

કરી ઈન્દ્રિયાદિક-વિજય, ધ્યાવે આત્મને-ઉપયોગને,
તે કર્મથી રંજિત નહિ; ક્યમ પ્રાણ તેને અનુસરે ? ૧૫૧.

અન્વયાર્થ :– [**यः**] જે [**इन्द्रियादिविजयी भूत्वा**] ઈન્દ્રિયાદિનો વિજયી થઈને [**उपयोगम् आत्मकं**] ઉપયોગમાત્ર આત્માને [**ध्यायति**] ધ્યાવે છે, [**सः**] તે [**कर्मभिः**] કર્મો વડે [**न रज्यते**] રંજિત થતો નથી; [**तं**] તેને [**प्राणाः**] પ્રાણો [**कथं**] કઈ રીતે [**अनुचरन्ति**] અનુસરે ? (અર્થાત્

તેને પ્રાણોનો સંબંધ થતો નથી.)

ટીકાર્થ : જે કર્તા, અતીન્દ્રિય આત્માથી ઉત્પન્ન સુખરૂપી અમૃતમાં સંતોષના માધ્યમથી, જિતેન્દ્રિય હોવાને કારણે કષાય રહિત નિર્મળ અનુભૂતિના બળથી અને કષાયોને જીતવાથી પંચ ઈન્દ્રિયો આદિ ઉપર વિજય પ્રાપ્ત કરીને કેવળજ્ઞાન-કેવળદર્શન ઉપયોગમયી નિજ આત્માનું ધ્યાન કરે છે તે.

કર્મોથી-તે ચૈતન્ય ચમત્કારી આત્માના પ્રતિબંધક આત્માને બાંધવાવાળા જ્ઞાનાવરણ આદિ કર્મોથી નથી રંગાતા-નથી બંધાતા. કર્મોના બંધનો અભાવ હોવાથી, તે પુરુષના પ્રાણરૂપી કર્તા (કર્મોનું) અનુચરણ કેવી રીતે કરશે ? આશ્રય કેવી રીતે કરશે ? કોઈ પણ પ્રકારે તેનું અનુચરણ નહીં કરી શકે.

આથી જણાય છે કે કષાય અને ઈન્દ્રિયો પર વિજય જ, પાંચ ઈન્દ્રિયો આદિ પ્રાણોના વિનાશનું કારણ છે. ॥ ૧૫૧ ॥

આ પ્રમાણે આઠ ગાથાઓ દ્વારા "સામાન્ય ભેદ ભાવના" અધિકાર (નામનો ત્રીજો અધિકાર) સમાપ્ત થયો.

હવે ત્યારબાદ ૫૧ ગાથા સુધી "વિશેષ ભેદભાવના અધિકાર" કહે છે. ત્યાં ચાર વિશેષ અંતર અધિકાર છે. આ ચાર વચ્ચે શુભ આદિ ત્રણ ઉપયોગોની મુખ્યતાથી અગિયાર ગાથા સુધી પહેલો વિશેષ અંતર અધિકાર પ્રારંભ થાય છે.

તેમાં ચાર સ્થળ છે. તેમાં સર્વ પ્રથમ મનુષ્યાદિ પર્યાયની સાથે શુદ્ધાત્મા સ્વરૂપની પૃથકતાના પરિજ્ઞાનને માટે યથાક્રમથી ૩ ગાથાઓ પ્રથમ સ્થળમાં છે. ત્યારબાદ તેના સંયોગના કારણરૂપ બે ગાથાઓ બીજા સ્થળમાં છે. ત્યારબાદ શુભ-અશુભ અને શુદ્ધ ઉપયોગ આ ત્રણ ઉપયોગની સુચનાની મુખ્યતાથી ત્રણ ગાથાઓ ત્રીજા સ્થળમાં છે. ત્યારબાદ શરીર-વચન અને મનનું શુદ્ધાત્માની સાથે ભેદ કથનરૂપથી ત્રણ ગાથાઓ ચોથા સ્થળમાં છે.

## પ્રથમ વિશેષાંતર અધિકારનું સ્થળ વિભાજન

| સ્થળ ક્રમ | પ્રતિપાદિત પ્રધાન વિષય | ક્યાંથી ક્યાં | કુલ ગાથાઓ |
|---|---|---|---|
| પહેલું સ્થળ | મનુષ્યાદિ પર્યાય સાથે શુદ્ધાત્મ સ્વરૂપની ભિન્નતા | ૧૫૨ થી ૧૫૪ | ૩ |
| બીજું સ્થળ | તેના સંયોગોના કારણનું પ્રતિપાદન | ૧૫૫ થી ૧૫૬ | ૨ |
| ત્રીજું સ્થળ | શુભાદિ ત્રણ ઉપયોગનું સૂચન | ૧૫૭ થી ૧૫૯ | ૩ |
| ચોથું સ્થળ | શરીર-મન-વચનની સાથે શુદ્ધાત્મસ્વરૂપની ભિન્નતા | ૧૬૦ થી ૧૬૨ | ૩ |
| | | કુલ | ૧૧ ગાથા |

હવે ફરીથી શુદ્ધાત્માની વિશેષ ભેદ ભાવનાને માટે મનુષ્યનારક આદિ પર્યાયરૂપ વ્યવહાર જીવત્વનો હેતુ બતાવે છે.

### ગાથા ૧૫૨

અસ્તિત્વનિશ્ચિત અર્થનો કો અન્ય અર્થે ઉપજતો
જે અર્થ તે પર્યાય છે, જ્યાં ભેદ સંસ્થાનાદિનો. ૧૫૨.

અન્વયાર્થ :– [**अस्तित्वनिश्चितस्य अर्थस्य हि**] અસ્તિત્વથી નિશ્ચિત અર્થનો (દ્રવ્યનો) [**अर्थान्तरे संभूत:**] અન્ય અર્થમાં (-દ્રવ્યમાં) ઊપજતો [**अर्थ:**] જે અર્થ (-ભાવ) [**स: पर्याय:**] તે પર્યાય છે–[**संस्थानादिप्रभेदै:**] કે જે સંસ્થાનાદિ ભેદો સહિત હોય છે.

ટીકાર્થ : ખરેખરમાં જ્ઞાનાનંદ એક લક્ષણ સ્વરૂપાસ્તિત્વ દ્વારા નિશ્ચિત જાણવા યોગ્ય પદાર્થના.

પ્રશ્ન : આવા સ્વરૂપવાળા, કયા પદાર્થના ?

ઉત્તર : આવા સ્વરૂપવાળા પરમાત્મ પદાર્થના.

શુદ્ધાત્મ પદાર્થથી અન્ય-ભિન્ન જ્ઞાનાવરણ આદિ કર્મરૂપ પદાર્થોમાં (જ્ઞાનાવરણીય કર્મોના નિમિત્તમાં) જે ઉત્પન્ન મનુષ્ય, નારક આદિ રૂપ અર્થ-પદાર્થ છે. જીવમાં તે આ પ્રકારની પર્યાય, વિકાર રહિત શુદ્ધાત્માની અનુભૂતિ લક્ષણ સ્વભાવ વ્યંજન પર્યાયથી જુદા પ્રકારની હોવાથી વિભાવ વ્યંજન પર્યાય થાય છે.

પ્રશ્ન : તે કોના સહિત ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : સંસ્થાન-આકાર આદિથી રહિત પરમાત્મ દ્રવ્યથી વિલક્ષણ (વિરૂદ્ધ લક્ષણવાળી) સંસ્થાન, સંહનન, શરીર આદિ વિશેષ ભેદો સહિત ઉત્પન્ન થાય છે. ॥ ૧૫૨ ॥

હવે તે જ પર્યાયોના ભેદને બતાવે છે.

## ગાથા ૧૫૩

તિર્યંચ, નારક, દેવ, નર - એ નામ કર્મોદય વડે
છે જીવના પર્યાય, જેહ વિશિષ્ટ સંસ્થાનાદિકે. ૧૫૩.

અન્વયાર્થ :– [**नरनारकतिर्यक्सुराः**] મનુષ્ય, નારક તિર્યંચ અને દેવ–એ, [**नामकर्मणः उदयादिभिः**] નામકર્મના ઉદયાદિકને લીધે [**जीवानां पर्यायाः**] જીવોના પર્યાય છે– [**संस्थानादिभिः**] કે જેઓ સંસ્થાનાદિ વડે [**अन्यथा जाताः**] અન્ય અન્ય પ્રકારના હોય છે.

ટીકાર્થ : મનુષ્ય, નારક, તિર્યંચ, દેવરૂપ અવસ્થા વિશેષ સંસ્થાન આદિ દ્વારા બીજા પ્રકારની હોય છે. મનુષ્યભવમાં સમચતુરસ્રાદિ સંસ્થાન અને ઔદારિક શરીર આદિ છે, તેની અપેક્ષાએ બીજા ભવમાં, તેનાથી જુદા બીજા સંસ્થાન આદિ હોય છે. આ કારણથી મનુષ્ય નારક આદિ પર્યાયોને જુદી જુદી કહેવામાં આવી છે. શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્મદ્રવ્યપણાની અપેક્ષાએ એ જુદી નથી.

પ્રશ્ન : શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી પરમાત્મદ્રવ્યત્વની અપેક્ષાએ તે ભિન્ન કેમ નથી ?

ઉત્તર : ઘાસ, લાકડા, પાંદડાના આકારોના ભેદથી ભિન્ન (હોવા છતાં તે બધામાં વ્યાપ્ત એક) અગ્નિની જેમ, તે બધામાં તે એક સ્વરૂપ હોવાથી તે અપેક્ષાએ તે ભિન્ન નથી.

પ્રશ્ન : મનુષ્ય નારક આદિ જીવોની વિભાવ વ્યંજન પર્યાય કહેવાય છે. તે પર્યાય કોના દ્વારા કરવામાં આવે છે.

ઉત્તર : નામકર્મના ઉદયાદિ દ્વારા દોષ રહિત પરમાત્મા શબ્દથી કહેવા યોગ્ય નામ રહિત ગોત્ર રહિત આદિ લક્ષણવાળા શુદ્ધાત્મ દ્રવ્યથી ભિન્ન, નામકર્મ જનિત બંધ, ઉદય, ઉદીરણા આદિ દ્વારા (વિભાવ વ્યંજન પર્યાય) કરવામાં આવે છે.

જે કારણોથી કર્મના ઉદયથી તે ઉત્પન્ન થાય છે, તેનાથી જ જણાય છે કે તે શુદ્ધાત્માનું સ્વરૂપ નથી. ॥ ૧૫૩ ॥

હવે જે આ સ્વરૂપ અસ્તિત્વ લક્ષણ પરમાત્મ દ્રવ્યને જાણે છે, તે પરદ્રવ્યમાં મોહ નથી કરતા

એમ પ્રકાશિત કરે છે - બતાવે છે.

## ગાથા ૧૫૪

અસ્તિત્વથી નિષ્પન્ન દ્રવ્યસ્વભાવને ત્રિવિકલ્પને
જે જાણતો, તે આતમા નહિ મોહ પરદ્રવ્યે લહે. ૧૫૪.

અન્વયાર્થ :– [यः] જે જીવ [तं] તે (પૂર્વોક્ત) [**सद्भावनिबद्धं**] અસ્તિત્વનિષ્પન્ન, [**त्रिधा समाख्यातं**] ત્રણ પ્રકારે કહેલા, [**सविकल्पं**] ભેદોવાળા [**द्रव्यस्वभावं**] દ્રવ્યસ્વભાવને [**जानाति**] જાણે છે, [सः] તે [**अन्यद्रव्ये**] અન્ય દ્રવ્યમાં [**न मुह्यति**] મોહ પામતો નથી.

ટીકાર્થ : જે કર્તા જાણે છે.

પ્રશ્ન : જે કોને જાણે છે ?

ઉત્તર : તે પહેલા કહેલા પરમાત્મદ્રવ્યના સ્વભાવને જાણે છે.

પ્રશ્ન : તે પરમાત્મદ્રવ્ય કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : સ્વભાવ અર્થાત્ સ્વરૂપસત્તામાં જે નિબદ્ધ છે, તેને આધીન છે, તેમાં જ તન્મયરૂપ છે. સદ્‌ભાવ નિબદ્ધ છે.

પ્રશ્ન : તે વળી કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : તે ત્રણ પ્રકારથી કહેવામાં આવ્યું છે.

૧. કેવળજ્ઞાન આદિ ગુણો, ૨. સિદ્ધત્વ આદિ વિશુદ્ધ પર્યાયો, ૩. આ બન્નેનું આધારભૂત પરમાત્મદ્રવ્ય આ પ્રકારના કથિત ત્રણ લક્ષણવાળા ત્રણ સ્વરૂપ અને તેવી જ રીતે શુદ્ધ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય એવા ત્રણ સ્વરૂપ સહિત જે પહેલા કહેવામાં આવેલ સ્વરૂપ અસ્તિત્વ, તેના દ્વારા સારી રીતે કહેવામાં આવેલ છે, પ્રતિપાદિત કરવામાં આવેલ છે.

પ્રશ્ન : અને આવા આત્માનો સ્વભાવ કેવો છે ?

ઉત્તર : સવિકલ્પ, પહેલાં કહેવામાં આવેલ દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપથી ભેદ સહિત છે.

જે આ પ્રકારે આત્માના સ્વભાવને જાણે છે, તે અન્ય દ્રવ્યમાં મોહિત નથી થતાં, તે ભેદજ્ઞાની વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવી આત્મતત્ત્વને છોડીને શરીર રાગાદિ પરદ્રવ્યમાં મોહને પ્રાપ્ત નથી થતો એવો અર્થ છે.

આ પ્રકારે મનુષ્ય નારક આદિ પર્યાયોની સાથે પરમાત્માના વિશેષ ભેદ કથનરૂપથી પહેલા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ. ॥ ૧૫૪ ॥

હવે પહેલા કહ્યા અનુસાર મનુષ્ય નારક આદિ પર્યાયો સાથે આત્માની ભિન્નતાનું પરિજ્ઞાન તો થયું હવે તેના સંયોગનું કારણ કહે છે.

## ગાથા ૧૫૫

છે આતમા ઉપયોગરૂપ, ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
ઉપયોગ એ આત્મા તણો શુભ વા અશુભરૂપ હોય છે. ૧૫૫.

અન્વયાર્થ :– [**आत्मा उपयोगात्मा**] આત્મા ઉપયોગાત્મક છે; [**उपयोग:**] ઉપયોગ [**ज्ञानदर्शनं भणित:**] જ્ઞાન-દર્શન કહેલ છે; [**अपि**] અને [**आत्मन:**] આત્માનો [**स: उपयोग:**] તે ઉપયોગ [**शुभ: अशुभ: वा**] શુભ અથવા અશુભ [**भवति**] હોય છે.

ટીકાર્થ : આત્મા છે.

પ્રશ્ન : આત્મા કેવો છે ?

ઉત્તર : ચૈતન્યનું અનુસરણ કરવાવાળો જે ઉપયોગ તેનાથી રચાયેલો હોવાથી ઉપયોગાત્મા- ઉપયોગ સ્વરૂપ છે.

અને તે ઉપયોગ સવિકલ્પજ્ઞાન, અને નિર્વિકલ્પ દર્શનરૂપ છે. એમ કહ્યું છે. તે જ્ઞાન દર્શન ઉપયોગ પણ ધર્મ અનુરાગ રૂપ શુભ તથા વિષય અનુરાગ રૂપ દ્વેષ-મોહ રૂપ અશુભ અથવા શબ્દથી શુભ- અશુભ અનુરાગ રહિત હોવાને કારણે શુદ્ધરૂપ છે. આ પ્રકારે આત્મા ત્રણ લક્ષણવાળા ઉપયોગરૂપ છે. એવો અર્થ છે. (આત્માનો આ પ્રકારે ત્રણ લક્ષણવાળો ઉપયોગ છે) એવો અર્થ છે. ॥ ૧૫૫ ॥

હવે ઉપયોગ, મનુષ્ય નારક આદિ પર્યાયોના કારણભૂત એવા કર્મરૂપ પરદ્રવ્યોના સંયોગનું કારણ છે. તેમાં આ સમયે કયા કર્મમાં ક્યાં ઉપયોગ કારણ છે, તેનો વિચાર કરે છે.

## ગાથા ૧૫૬

ઉપયોગ જો શુભ હોય, સંચય થાય પુણ્ય તણો તહીં,
ને પાપસંચય અશુભથી; જ્યાં ઉભય નહિ, સંચય નહીં. ૧૫૬.

અન્વયાર્થ :– [**उपयोग:**] ઉપયોગ [**यदि हि**] જો [**शुभ:**] શુભ હોય [**जीवस्य**] તો જીવને [**पुण्यं**] પુણ્ય [**संचयं याति**] સંચય પામે છે [**तथा वा अशुभ:**] અને જો અશુભ હોય [**पापं**] તો પાપ સંચય પામે છે. [**तयो: अभावे**] તેમના (બન્નેના) અભાવમાં [**चय: न अस्ति**] સંચય થતો નથી.

ટીકાર્થ : જો ઉપયોગ ખરેખરમાં શુભ છે તો તે સમયે જીવનો દ્રવ્યપુણ્યરૂપ કર્તા, સંચય-ઉપચય-વૃદ્ધિને પ્રાપ્ત થાય છે, અર્થાત્ દ્રવ્ય પુણ્ય બંધાય છે એમ અર્થ છે.

તથા જો અશુભ ઉપયોગ છે તો તેવી જ રીતે પુણ્યની જેમ દ્રવ્યપાપ સંચયને પ્રાપ્ત થાય છે, બંધાય છે. આ બન્નેના અભાવમાં ચય-બંધન નથી થતું. દોષ રહિત નિજ પરમાત્માની ભાવનારૂપ શુદ્ધોપયોગના બળથી જ્યારે તે બન્ને શુભ-અશુભ ઉપયોગનો અભાવ કરવામાં આવે છે, ત્યારે તે બન્નેનો સંચય-કર્મોનો બંધ થતો નથી, એવો અર્થ છે.

આ પ્રકારે શુભ-અશુભ-શુદ્ધ એવા ત્રણ ઉપયોગોના સામાન્ય કથનરૂપથી બીજા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ. ॥ ૧૫૬ ॥

હવે વિશેષરૂપથી શુભ ઉપયોગના સ્વરૂપનું વ્યાખ્યાન કરવામાં આવે છે.

## ગાથા ૧૫૭

જાણે જિનોને જેહ, શ્રદ્ધે સિદ્ધને, અણગારને,
જે સાનુકંપ જીવો પ્રતિ, ઉપયોગ છે શુભ તેહને. ૧૫૭.

અન્વયાર્થ :– [**यः**] જે [**जिनेन्द्रान्**] જિનેંન્દ્રોને [**जानाति**] જાણે છે, [**सिद्धान् तथैव अनागारान्**] સિદ્ધોને તથા અણગારોને (અચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓને) [**पश्यति**] શ્રદ્ધે છે, [**जीवेषु सानुकम्पः**] જીવો પ્રત્યે અનુકંપાયુક્ત છે, [**तस्य**] તેને [**सः**] તે [**शुभः उपयोगः**] શુભ ઉપયોગ છે.

ટીકાર્થ : કર્તારૂપ જે જાણે છે.

પ્રશ્ન : કોને જાણે છે ?

ઉત્તર : અનંત જ્ઞાન આદિ ચતુષ્ટય સહિત અને ક્ષુધા આદિ અઢાર દોષથી રહિત જિનેન્દ્ર ભગવાનને જાણે છે, શ્રદ્ધાન કરે છે.

પ્રશ્ન : કોનું શ્રદ્ધાન કરે છે ?

ઉત્તર : જ્ઞાનાવરણ આદિ આઠ કર્મ રહિત અને સમ્યક્ત્વ આદિ આઠ ગુણોમાં ગર્ભિત અનંતગુણ સહિત સિદ્ધોનું શ્રદ્ધાન કરે છે. તેવી જ રીતે અનાગાર મુનિરાજોનું શ્રદ્ધાન કરે છે.

અનાગાર શબ્દથી વાચ્ય-કહેવામાં આવતા નિશ્ચય-વ્યવહાર, પાંચ આચાર આદિ જેવા છે તેવા (જેમ આગમમાં કહ્યા છે, તેવા) લક્ષણવાળા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓનું શ્રદ્ધાન કરે છે. ત્રસ અને સ્થાવર જીવોમાં અનુકંપા-દયા સહિત છે. આ પ્રકારના ઉપયોગને શુભ ઉપયોગ

કહેવાય છે.

પ્રશ્ન : અને તે શુભ ઉપયોગ કોને હોય છે ?

ઉત્તર : પહેલા કહેલા લક્ષણવાળા જીવને હોય છે એવો અભિપ્રાય છે. ॥ ૧૫૭ ॥

હવે અશુભ ઉપયોગના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

## ગાથા ૧૫૮

કુવિચાર-સંગતિ-શ્રવણયુત, વિષયે કષાયે મગ્ન જે,
જે ઉગ્ર ને ઉન્માર્ગપર, ઉપયોગ તેહ અશુભ છે. ૧૫૮.

અન્વયાર્થ :– [**यस्य उपयोगः**] જેનો ઉપયોગ [**विषयकषायावगाढः**] વિષય-કષાયમાં અવગાઢ (મગ્ન) છે, [**दुःश्रुतिदुश्चित्तदुष्टगोष्टियुतः**] કુશ્રુતિ, કુવિચાર અને કુસંગતિમાં જોડાયેલો છે, [**उग्रः**] ઉગ્ર છે તથા [**उन्मार्गपरः**] ઉન્માર્ગમાં લાગેલો છે, [**सः अशुभः**] તેને તે અશુભ ઉપયોગ છે.

ટીકાર્થ : વિષય કષાયોમાં અવગાઢ-આસક્ત, દુશ્રુતિ-ખરાબ સાંભળવા કે વાંચવા, દુશ્ચિત-ખરાબ મન-ખરાબ વિચારો દુષ્ટ ગોષ્ઠિ-ખરાબ સંગતિથી સહિત એવા ઉગ્ર ઉન્માર્ગ-વિપરીત માર્ગમાં તત્પર (પ્રવૃત્ત), આ પ્રકારના ચાર વિશેષણોથી સહિત જે ઉપયોગરૂપ પરિણામ જે જીવને હોય છે તેના ઉપયોગને અશુભ કહેવાય છે. અથવા અભેદરૂપથી તે પુરુષ જ અશુભ કહેવાય છે.

તે આ પ્રકારે - વિષય કષાય રહિત, (જે) શુદ્ધ ચૈતન્ય પરિણતિ (છે તેનાથી) વિપરીત, (એવી જે) વિષય કષાયમાં અવગાઢ અર્થાત્ વિષય કષાયરૂપથી જે પરિણત છે (અને જે) શુદ્ધાત્મ તત્ત્વને કહેવાવાળી શ્રુતિ-જિનવાણી-આગમશ્રુતિ છે, તેનાથી વિપરીત (છે તે) દુઃશ્રુતિ અથવા મિથ્યાશાસ્ત્ર રૂપ શ્રુતિ એ દુઃશ્રુતિ છે.

ચિંતા રહિત થઈને આત્મધ્યાન પરિણત-આત્મામાં લીન મન સુચિત છે. એવી આત્મલીનતાનો વિનાશ કરવાવાળું મન દુશ્ચિત્ત છે અથવા સ્વપર ને માટે ઈચ્છિત-અનુકૂળ કામ-ભોગની ચિંતારૂપ પરિણત રાગાદિ અપધ્યાન-ખરાબ ધ્યાન તે દુશ્ચિત છે. પરમ ચૈતન્ય પરિણતિનો નાશ કરવાવાળી દુષ્ટ ગોષ્ઠી છે. અથવા તે પરમ ચૈતન્ય પરિણતિના વિરોધી કુશીલ પુરુષ આદિની ગોષ્ઠી-દુષ્ટ ગોષ્ઠી-ખરાબ સંગતિ છે.

આ પ્રકારે દુઃશ્રુતિ, દુશ્ચિત, દુષ્ટ ગોષ્ઠીથી જે સહિત છે તે પરમ ઉપશમભાવરૂપ પરિણત પરમ ચૈતન્ય સ્વભાવથી પ્રતિકૂળ ઉગ્ર છે. વીતરાગ-સર્વજ્ઞ ભગવાન દ્વારા કહેવામાં આવેલ નિશ્ચય

વ્યવહાર મોક્ષમાર્ગથી વિરૂદ્ધ ઉન્માર્ગમાં તત્પર છે.

આ પ્રકારના ચાર વિશેષણોથી સહિત ઉપયોગરૂપ પરિણામ અથવા તે રૂપથી પરિણત પુરુષ અશુભ ઉપયોગ કહેવાય છે - એવો અર્થ છે. ॥ ૧૫૮ ॥

હવે શુભાશુભ રહિત શુદ્ધ ઉપયોગનું પ્રરૂપણ-કથન કરે છે.

## ગાથા ૧૫૯

મધ્યસ્થ પરદ્રવ્યે થતો, અશુભોપયોગ રહિત ને
શુભમાં અયુક્ત, હું ધ્યાઉં છું નિજ આત્માને જ્ઞાનાત્મને. ૧૫૯.

અન્વયાર્થ :– [**अन्यद्रव्ये**] અન્ય દ્રવ્યમાં [**मध्यस्थ:**] મધ્યસ્થ [**भवन्**] થતો [**अहम्**] હું [**अशुभोपयोगरहित:**] અશુભોપયોગ રહિત થયો થકો તેમ જ [**शुभोपयुक्त: न**] શુભોપયુક્ત નહિ થયો થકો [**ज्ञानात्मकम्**] જ્ઞાનાત્મક [**आत्मकं**] આત્માને [**ध्यायामि**] ધ્યાઉં છું.

ટીકાર્થ : અશુભ ઉપયોગથી રહિત થાઉં છું.

પ્રશ્ન : અશુભ ઉપયોગથી રહિત તે કોણ છે ?

ઉત્તર : કર્તારૂપ હું અશુભ ઉપયોગથી રહિત છું.

પ્રશ્ન : વળી હું કેવો છું ?

ઉત્તર : શુભ ઉપયોગમાં યુક્ત એટલે કે શુભ ઉપયોગરૂપથી પરિણત નથી થતો.

પ્રશ્ન : શેમાં પરિણત નથી થતો ?

ઉત્તર : તે શુભ ઉપયોગરૂપ વિષયમાં પરિણત નથી થતો. નિજ પરમાત્મ દ્રવ્યથી ભિન્ન અન્ય દ્રવ્યમાં (પરિણત નથી થતો).

પ્રશ્ન : તો હું કેવો થાઉં છું ?

ઉત્તર : જીવન-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા આદિ વિષયોમાં મધ્યસ્થ થાઉં છું.

પ્રશ્ન : એવો થયો થકો શું કરું છું ?

ઉત્તર : જ્ઞાનાત્મક આત્માનું ધ્યાન કરું છું.

હું જ્ઞાનથી રચિત જ્ઞાનાત્મક-જ્ઞાનસ્વરૂપ-કેવળજ્ઞાનમાં ગર્ભિત, અનંતગુણ સ્વરૂપી નિજાત્માનું, શુદ્ધ ધ્યાનની વિરોધી એવી સંપૂર્ણ ઈચ્છારૂપી ચિંતાઓની જાળના ત્યાગપૂર્વક ધ્યાન કરું છું. આ પ્રકારે શુદ્ધોપયોગનું લક્ષણ જાણવું જોઈએ. ॥ ૧૫૯ ॥

આ પ્રકારે શુભ-અશુભ અને શુદ્ધોપયોગના વિવરણ વિશેષ કથનરૂપથી ત્રીજા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

હવે શરીર મન વચનના સંબંધમાં અત્યંત મધ્યસ્થતાને પ્રગટ કરે છે.

## ગાથા ૧૬૦

હું દેહ નહિ, વાણી ન, મન નહિ, તેમનું કારણ નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૧૬૦.

અન્વયાર્થ :– [**अहं देह: न**] હું દેહ નથી, [**मन: न**] મન નથી, [**च एव**] તેમ જ [**वाणी न**] વાણી નથી; [**तेषां कारणं न**] તેમનું કારણ નથી, [**कर्ता न**] કર્તા નથી, [**कारयिता न**] કારયિતા (કરાવનાર) નથી, [**कर्तॄणाम् अनुमन्ता न एव**] કર્તાનો અનુમોદક નથી.

ટીકાર્થ : હું શરીર નથી, મન નથી અને વાણી નથી. મન, વચન શરીરના વ્યાપારથી રહિત પરમાત્મ દ્રવ્યથી ભિન્ન જે મન, વચન, શરીર તે ત્રણેય નિશ્ચયનયથી હું નથી. આ પ્રકારે તેમના પ્રતિ પક્ષપાતને છોડીને અત્યંત મધ્યસ્થ છું. તેનું હું કારણ નથી. વિકાર રહિત પરમ આનંદદાયક એક લક્ષણ સુખરૂપ અમૃતમયી પરિણતિનું જે ઉપાદાન કારણભૂત આત્મદ્રવ્ય છે, તેનાથી વિલક્ષણ મન, વચન, કાયના ઉપાદાન કારણભૂત પુદ્ગલપિંડ રૂપ તે હું નથી. આ કારણથી તેના પ્રતિ પક્ષપાતને છોડીને હું અત્યંત મધ્યસ્થ છું.

હું કર્તા નથી, કરાવવાવાળો નથી, કરવાવાળાનો અનુમોદક નથી. નિજ શુદ્ધાત્માની ભાવનાના વિષયમાં જે કૃત કારિત-અનુમોદનાનું સ્વરૂપ છે, તેનાથી વિરૂદ્ધ લક્ષણ જે મન, વચન, કાયના વિષયમાં કૃત, કારિત, અનુમોદનાનું સ્વરૂપ છે, તે રૂપે હું નથી.

આ કારણે તેના પ્રતિ પક્ષપાતને છોડીને અત્યંત મધ્યસ્થ છું - એવું તાત્પર્ય છે. ॥ ૧૬૦॥

હવે શરીર-વચન અને મનનું શુદ્ધાત્માના સ્વરૂપથી પર દ્રવ્યપણું વ્યવસ્થાપિત કરે છે.

## ગાથા ૧૬૧

મન, વાણી તેમ જ દેહ પુદ્ગલદ્રવ્યરૂપ નિર્દિષ્ટ છે;
ને તેહ પુદ્ગલદ્રવ્ય બહુ પરમાણુઓનો પિંડ છે. ૧૬૧.

અન્વયાર્થ :– [**देह: च मन: वाणी**] દેહ, મન અને વાણી [**पुद्गलद्रव्यात्मका:**]

પુદ્‌ગલદ્રવ્યાત્મક [**इति निर्दिष्टाः**] (વીતરાગદેવે) કહ્યાં છે; [**अपि पुनः**] અને [**पुद्गलद्रव्यं**] તે દેહાદિ પુદ્‌ગલદ્રવ્ય [**परमाणुद्रव्याणां पिण्डः**] પરમાણુદ્રવ્યોનો પિંડ છે.

ટીકાર્થ : શરીર અને મન વાણી ત્રણેય પુદ્‌ગલ દ્રવ્ય સ્વરૂપ છે. એવું કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : તે પુદગલદ્રવ્ય સ્વરૂપ કેમ છે ?

ઉત્તર : વ્યવહારથી જીવ સાથે એકત્વ હોવા છતાં પણ નિશ્ચયથી ચૈતન્ય પ્રકાશ પરિણતિથી ભિન્નતા હોવાને કારણે, તે પુદ્‌ગલદ્રવ્ય સ્વરૂપ છે.

પ્રશ્ન : પુદ્‌ગલ દ્રવ્ય શું કહેવાય છે ?

ઉત્તર : પુદ્‌ગલ દ્રવ્ય ખરેખર પિંડ-સમુહ છે.

પ્રશ્ન : કોનો સમુહ છે ?

ઉત્તર : તે પરમાણુ દ્રવ્યનો સમુહ છે એવો અર્થ છે. ॥ ૧૬૧ ॥

હવે આત્માને શરીરરૂપ પરદ્રવ્યોનો અભાવ અને તેના કર્તૃત્વનો અભાવ નિરૂપણ કરે છે.

## ગાથા ૧૬૨

હું પૌદ્‌ગલિક નથી, પુદ્‌ગલો મેં પિંડરૂપ કર્યાં નથી;
તેથી નથી હું દેહ વા તે દેહનો કર્તા નથી. ૧૬૨.

અન્વયાર્થ :– [**अहं पुद्गलमयः न**] હું પુદ્‌ગલમય નથી અને [**ते पुद्गलाः**] તે પુદ્‌ગલો [**मया पिण्डं न कृताः**] મેં પિંડરૂપ કર્યાં નથી; [**तस्मात् हि**] તેથી [**अहं न देहः**] હું દેહ નથી [**वा**] તેમ જ [**तस्य देहस्य कर्ता**] તે દેહનો કર્તા નથી.

ટીકાર્થ : હું પુદ્‌ગલમય નથી અને તે પુદ્‌ગલપિંડ મારા દ્વારા કરાયેલ નથી. એટલા માટે હું ખરેખર શરીર નથી. તેમજ તે દેહનો કર્તા નથી.

આનો અર્થ એમ છે કે, હું દેહ નથી.

પ્રશ્ન : હું દેહ-શરીર કેમ નથી ?

ઉત્તર : શરીર રહિત સહજ શુદ્ધ ચૈતન્યરૂપથી પરિણત હોવાને કારણે મારો દેહત્વરૂપથી વિરોધ હોવાને કારણે હું દેહ નથી. તથા તે દેહનો હું કર્તા નથી.

પ્રશ્ન : હું તે શરીરનો કર્તા પણ કેમ નથી ?

ઉત્તર : ક્રિયા રહિત પરમ ચૈતન્ય જ્યોતિરૂપથી પરિણત હોવાને કારણે મારો શરીરની સાથે

કર્તૃત્વ રૂપથી વિરોધ હોવાને કારણે હું શરીરનો કર્તા પણ નથી. ॥ ૧૬૨ ॥

આ પ્રકારે શરીર, વચન, મનની શુદ્ધાત્માની સાથે ભેદ કથનરૂપથી ચોથા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

આ પ્રકારે પહેલા કહેલ પદ્ધતિથી અગિયાર ગાથાઓ દ્વારા ચાર સ્થળરૂપથી પહેલો વિશેષ અંતર અધિકાર પૂરો થયો. હવે માત્ર પુદ્‌ગલબંધની મુખ્યતાથી ૯ ગાથા સુધી વિશેષ કથન કરે છે. અહીં બે સ્થળ છે.

પરમાણુના પરસ્પર બંધનના કથન માટે ચાર ગાથાઓ પહેલા સ્થળમાં છે. ત્યારબાદ સ્કંધોના બંધનની મુખ્યતાથી પાંચ ગાથાઓ બીજા સ્થળમાં છે. આ પ્રકારે બીજા વિશેષ અંતર અધિકારમાં સામુહિક પાતનિકા પુરી થઈ.

| દ્વિતીય વિશેષાંતર અધિકારનું સ્થળ વિભાજન | | | |
|---|---|---|---|
| સ્થળ | પ્રતિપાદિત વિષય | ક્યાંથી ક્યાં સુધી | |
| પ્રથમ | પરમાણુઓનો પરસ્પર બંધ | ૧૬૩ થી ૧૬૬ | ૪ |
| દ્વિતીય | સ્કંધોનો પરસ્પર બંધ | ૧૬૭ થી ૧૭૧ | ૫ |
| કુલ બે સ્થળ | | કુલ બે ગાથા | ૯ |

હવે જો આત્મા પુદ્‌ગલ પિંડને નથી કરતો તો તેનું પિંડ પર્યાયરૂપ પરિણમન કેવી રીતે થાય છે ? એવો પ્રશ્ન થવા પર ઉત્તર આપે છે.

## ગાથા ૧૬૩

પરમાણુ જે અપ્રદેશ, તેમ પ્રદેશમાત્ર, અશબ્દ છે,
તે સ્નિગ્ધ રૂક્ષ બની પ્રદેશદ્વયાદિવત્ત્વ અનુભવે. ૧૬૩.

અન્વયાર્થ :– [**परमाणु:**] પરમાણુ [**य: अप्रदेश:**] કે જે અપ્રદેશ છે, [**प्रदेशमात्र:**] પ્રદેશમાત્ર છે [**च**] અને [**स्वयम् अशब्द:**] પોતે અશબ્દ છે, [**स्निग्ध: वा रूक्ष: वा**] તે સ્નિગ્ધ અથવા રૂક્ષ થયો થકો [**द्विप्रदेशादित्वम् अनुभवति**] દ્વિપ્રદેશાદિપણું અનુભવે છે.

ટીકાર્થ : અપ્રદેશી-બહુપ્રદેશીથી રહિત છે.

પ્રશ્ન : પ્રદેશ રહિત તે કોણ છે ?

ઉત્તર : પુદ્‌ગલ પરમાણુ પ્રદેશ રહિત છે.

પ્રશ્ન : તે પુદ્ગલ પરમાણુ વળી કેવો છે ?

ઉત્તર : બીજા (વધુ) પ્રદેશોનો અભાવ હોવાથી પ્રદેશમાત્ર છે (એક પ્રદેશી છે.)

પ્રશ્ન : વળી તે કેવો છે ?

ઉત્તર : સ્વયં પ્રગટરૂપથી અશબ્દ છે. આ ત્રણ વિશેષણોથી સહિત થયો થકો જે કારણથી સ્નિગ્ધ અથવા રૂક્ષ રૂપથી સંભવિત હોય છે-પરિણમિત થાય છે, તે કારણથી બે પ્રદેશ આદિ રૂપથી બંધનો અનુભવ કરે છે. (અપ્રદેશી=એકપ્રદેશી એવો અહીં અર્થ છે)

તે આ પ્રકારે - જેવી રીતે શુદ્ધ બુદ્ધ સ્વભાવ દ્વારા આ આત્મા બંધ રહિત હોવા છતાં પણ અશુદ્ધ નયથી સ્નિગ્ધના સ્થાને રાગભાવ અને રૂક્ષના સ્થાને દ્વેષભાવથી જ્યારે પરિણમિત થાય છે. ત્યારે પરમાગમમાં કહેવામાં આવેલ વિધિથી બંધનો અનુભવ કરે છે. તેવી જ રીતે પરમાણુ પણ સ્વભાવથી બંધ રહિત હોવા છતાં, જ્યારે બંધના કારણભૂત સ્નિગ્ધ કે રૂક્ષ ગુણરૂપથી પરિણમિત થાય છે ત્યારે બીજા પુદ્ગલની સાથે વિભાવ પર્યાયરૂપ બંધનો અનુભવ કરે છે. આમ અર્થ છે. ॥ ૧૬૩॥

હવે તે સ્નિગ્ધત્વને રૂક્ષત્વ કેવું છે એવું પૂછવાથી ઉત્તર આપે છે.

## ગાથા ૧૬૪

એકાંશથી આરંભી જ્યાં અવિભાગ અંશ અનંત છે,
સ્નિગ્ધત્વ વા રૂક્ષત્વ એ પરિણામથી પરમાણુને. ૧૬૪.

અન્વયાર્થ :– [**अणो:**] પરમાણુને [**परिणामात्**] પરિણામને લીધે [**एकादि**] એકથી (-એક અવિભાગ પ્રતિચ્છેદથી) માંડીને [**एकोत्तरं**] એકેક વધતાં [**यावत् अनन्तत्वम् अनुभवति**] અનંતપણાને (-અનંત અવિભાગ પ્રતિચ્છેદપણાને) પામે ત્યાંસુધીનું [**स्निग्धत्वं वा रूक्षत्वं**] સ્નિગ્ધત્વ અથવા રૂક્ષત્વ હોય છે એમ [**भणितम्**] (જિનદેવે) કહ્યું છે.

ટીકાર્થ : એક (અવિભાગ પ્રતિછેદ) થી શરૂ કરીને એક એક કરીને આગળ વધતી કઈ વસ્તુને ?

ઉત્તર : કર્મતાને પ્રાપ્ત (કર્મકારક કે કર્મસ્વરૂપને) એકથી શરૂ કરીને વધતી જતી સ્નિગ્ધતા કે રૂક્ષતા રૂપ (વસ્તુને) કહેવામાં આવી છે.

પ્રશ્ન : ક્યાં સુધી વધતા તેવા સ્નિગ્ધતાને કે રૂક્ષતાને કહેવામાં આવી છે ?

ઉત્તર : જ્યાં સુધી અનંતતાનો અનુભવ કરે છે. અનંત પર્યંત (વૃદ્ધિને) પ્રાપ્ત થાય છે.

પ્રશ્ન : અનંતતાનો અનુભવ કેવી રીતે કરે છે ?

ઉત્તર : પરિણતિ વિશેષથી પરિણામી હોવાથી અનંતતાનો અનુભવ કરે છે - એવો અર્થ છે.

પ્રશ્ન : કોના પરિણામી હોવાથી અનંતતાનો અનુભવ કરે છે ?

ઉત્તર : અણુ-પુદ્‌ગલ પરમાણુના પરિણામી હોવાથી તેનો (અનંતતાનો) અનુભવ કરે છે.

તે આ પ્રકારે,

પાણીમાં, બકરીના દૂધમાં, ગાયના દૂધમાં; ભેંસના દૂધમાં સ્નેહ-સ્નિગ્ધત્વની વૃદ્ધિની જેમ, જેવી રીતે જીવમાં બંધના કારણભૂત સ્નેહના સ્થાને રાગપણું તથા લુખાશના સ્થાને દ્વેષપણુ, જઘન્ય વિશુદ્ધિ સંકલેશ સ્થાનથી શરૂ કરીને પરમાગમમાં કહેલા ક્રમથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ-સંકલેશ સુધી વધે છે.

તેવી રીતે પુદ્‌ગલ પરમાણુ દ્રવ્યમાં પણ, બંધના કારણભૂત સ્નિગ્ધતા અને રૂક્ષતા પહેલા કહેવામાં આવેલ પાણી આદિની (પાણીથી લઈ અલગ અલગ દૂધો સુધીની) તારતમ્ય શક્તિના ઉદાહરણે એક ગુણ નામની જઘન્ય શક્તિથી પ્રારંભ કરીને ગુણ નામના અવિભાગ પ્રતિચ્છેદરૂપ બીજી શક્તિ વિશેષથી વધે છે. આ પ્રકારે તે ક્યાં સુધી વધે છે ? જ્યાં સુધી અનંત સંખ્યાને પ્રાપ્ત નથી થઈ જતા ત્યાં સુધી વધે છે.

પ્રશ્ન : તે અનંત સંખ્યા સુધી કેમ વધે છે ?

ઉત્તર : પુદ્‌ગલદ્રવ્યનું પરિણામી હોવાને કારણે તથા વસ્તુ સ્વભાવથી (પરિણામીપણું હોવાથી) જ પરિણામનો નિષેધ કરવો અશક્ય હોવાથી, તે અનંત સુધી વધે છે. ॥ ૧૬૪ ॥

હવે અહીં કેવી રીતે સ્નિગ્ધત્વ-રૂક્ષત્વ ગુણથી પિંડ (સ્કંધ) થાયછે એવો પ્રશ્ન થવા પર સમાધાન આપે છે.

## ગાથા ૧૬૫

**હો સ્નિગ્ધ અથવા રૂક્ષ અણુ-પરિણામ, સમ વા વિષમ હો,**
**બંધાય જો ગુણદ્વય અધિક; નહિ બંધ હોય જઘન્યનો. ૧૬૫.**

અન્વયાર્થ :– [**अणुपरिणामा:**] પરમાણુ-પરિણામો, [**स्निग्धा: वा रूक्षा: वा**] સ્નિગ્ધ હો કે રૂક્ષ હો, [**समा: वा विषमा: वा**] બેકી અંશવાળા હો કે એકી અંશવાળા હો, [**यदि समत: द्वयधिक:**] જો સમાન કરતાં બે અધિક અંશવાળા હોય તો [**बध्यन्ते हि**] બંધાય છે; [**आदिपरिहीणा:**] જઘન્ય અંશવાળો બંધાતો નથી.

ટીકાર્થ : ખરેખર બંધાય છે.

પ્રશ્ન : કોણ બંધાય છે ?

ઉત્તર : કર્મપણાને પ્રાપ્ત અણુપરિણામ બંધાય છે. અણુપરિણામ શબ્દથી અહીં પરિણામરૂપથી પરિણત અણુ ગ્રહણ કરવામાં આવેલ છે.

પ્રશ્ન : તે અણુ પરિણામ કેવા છે ?

ઉત્તર : તે સ્નિગ્ધ પરિણામરૂપથી પરિણમિત અથવા રૂક્ષ પરિણામરૂપથી પરિણમિત છે.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : બે શક્તિ, ચાર શક્તિ, છ શક્તિ આદિ રૂપ પરિણત અણુઓની સમ (બેકી) સંજ્ઞા છે. તથા ત્રણ શક્તિ, પાંચ શક્તિ, સાત શક્તિ આદિ રૂપથી પરિણત અણુઓની વિષમ (એકી) સંજ્ઞા છે.

પ્રશ્ન : વળી તે કયા સ્વરૂપવાળા છે ?

ઉત્તર : સમથી-જો સમ સંખ્યાથી બે ગુણોથી અધિક છે તો બે ગુણોની અધિકતા કેવી રીતે છે ? એવો જો પ્રશ્ન હોય તો (તેનો ઉત્તર)

ઉત્તર : એક બે ગુણવાળો છે, બીજો પણ બે ગુણવાળો છે - આ પ્રકારે બે સમાન સંખ્યાવાળા પરમાણુ છે, એક વિવક્ષિત બે ગુણવાળાને બે ગુણોની અધિકતા થવાથી તે ચાર ગુણવાળો થાય છે- ચાર શક્તિઓરૂપ પરિણત થાય છે. આ ચાર ગુણવાળાનો પહેલા કહેલા એવા બે ગુણોવાળા સાથે બંધ થાય છે. એવી રીતે કોઈ બે પરમાણુ ત્રણ શક્તિવાળા છે, ત્યાં પણ ત્રણ ગુણ શબ્દથી કહેવાતો ત્રણ શક્તિવાળો પરમાણુ બે શક્તિવાળા પરમાણુ સાથે જોડાઈને તે પાંચ ગુણવાળો થાય છે. આ પાંચ ગુણવાળો પહેલા કહેલા ત્રણ ગુણવાળાની સાથે બંધાય છે.

આ પ્રકારે બે-બે સ્નિગ્ધના, બે, બે રૂક્ષના, બે બે સ્નિગ્ધ-રૂક્ષત્વના અથવા સમ કે વિષમના બે ગુણ અધિક હોય તો બંધ થાય છે-એમ અર્થ છે.

પરંતુ વિશેષતા આ છે કે - (આદિ) શરૂઆત શબ્દથી પાણીને સ્થાને જઘન્ય સ્નિગ્ધત્વ અને રેતીના સ્થાને જઘન્ય રૂક્ષત્વને કહેવામાં આવે છે, તેનાથી રહિત અર્થાત્ તેનાથી (આદિપરિહીણા બંધાય છે.) વધારેવાળા બંધાય છે (એક અવિભાગ પ્રતિચ્છેદવાળા પરમાણુ બંધ યોગ્ય નથી)

વિશેષ એમ છે કે પરમ ચૈતન્ય પરિણતિ લક્ષણ પરમાત્મતત્ત્વની ભાવનારૂપ ધર્મધ્યાન, શુક્લધ્યાનના બળથી, જેવી રીતે જઘન્ય સ્નિગ્ધ શક્તિના સ્થાને રાગના ક્ષીણ થવાથી અને જઘન્ય રૂક્ષ શક્તિના સ્થાને દ્વેષના ક્ષીણ થવાથી, પાણી અને રેતીની જેમ જીવને બંધ નથી થતો. તેવી રીતે પુદ્ગલ પરમાણુને પણ જઘન્ય સ્નિગ્ધ અને રૂક્ષની શક્તિનો પ્રસંગ થવાથી બંધ નથી થતો એવો અભિપ્રાય છે. ॥ ૧૬૫॥

હવે, આ જ અર્થ નું વિશેષરૂપથી સમર્થન કરે છે.

## ગાથા ૧૬૬

ચતુરંશ કો સ્નિગ્ધાણુ સહ દ્વય-અંશમય સ્નિગ્ધાણુનો;
પંચાંશી અણુ સહ બંધ થાય ત્રયાંશમય રૂક્ષાણુનો. ૧૬૬.

અન્વયાર્થ :– [**स्निग्धत्वेन द्विगुण:**] સ્નિગ્ધપણે બે અંશવાળો પરમાણુ [**चतुर्गुण स्निग्धेन**] ચાર અંશવાળા સ્નિગ્ધ (અથવા રૂક્ષ) પરમાણુ સાથે [**बन्धम् अनुभवति**] બંધ અનુભવે છે; [**वा**] અથવા [**रूक्षेण त्रिगुणित: अणु:**] રૂક્ષપણે ત્રણ અંશવાળો પરમાણુ [**पञ्चगुणयुक्त:**] પાંચ અંશવાળા સાથે જોડાયો થકો [**बध्यते**] બંધાય છે.

ટીકાર્થ : ગુણ શબ્દથી કહેવાતી બે શક્તિથી સહિત સ્નિગ્ધ પરમાણુનો ચાર ગુણવાળા સમ શબ્દથી ઓળખાતા સ્નિગ્ધ અથવા રૂક્ષની સાથે, તેવી રીતે ત્રણ શક્તિથી સહિત રૂક્ષના પાંચ ગુણવાળા વિષમ નામે ઓળખાતા રૂક્ષ અથવા સ્નિગ્ધ ગુણ સાથે, બે ગુણની અધિકતા હોવાથી બંધ થાય છે- એમ જાણવું જોઈએ.

વિશેષ એમ છે કે પરમાનંદ એક લક્ષણ સ્વસંવેદન જ્ઞાનના બળથી રાગ-દ્વેષના ઘટી જવાથી પહેલા કહ્યા પ્રમાણે પાણી અને રેતીના ઉદાહરણની જેમ જીવોને બંધ નથી થતો; તેવી જ રીતે સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ ગુણોના જઘન્ય હોવાપણાથી પરમાણુઓનો બંધ નથી થતો.

આમ પણ કહ્યું છે કે,

[1]"જઘન્યને છોડીને, સ્નિગ્ધના બે ગુણ અધિક સ્નિગ્ધની સાથે, રૂક્ષના બે ગુણ અધિક રૂક્ષની સાથે, સ્નિગ્ધનો રૂક્ષની સાથે વિષમ અથવા સમ દશામાં બંધ થાય છે."

આ પ્રકારે પહેલા કહ્યા અનુસાર સ્નિગ્ધ અને રૂક્ષ પરિણત પરમાણુના સ્વરૂપ કથનરૂપથી પહેલી ગાથા, સ્નિગ્ધ અને રૂક્ષના વિવરણ રૂપથી બીજી, સ્નિગ્ધ અને રૂક્ષ ગુણની અપેક્ષાએ બે અધિક (ગુણો) હોવા થકી બંધ કથનરૂપથી ત્રીજી અને તેને જ દૃઢ કરવા માટે ચોથી-આ પ્રકારે પરમાણુઓની પરસ્પર બંધ-વ્યાખ્યાની મુખ્યતાથી પહેલા સ્થળ પર ચાર ગાથાઓ પૂરી થઈ. ॥ ૧૬૬ ॥

હવે, આત્મા દ્વિઅણુક આદિ પુદગલ સ્કંધોનો કર્તા નથી એવો ઉપદેશ આપે છે.

---

૧. ગોમ્મટસાર - જીવકાંડ - ગાથા-૬૧૫

## ગાથા ૧૬૭

સ્કંધો પ્રદેશદ્વયાદિયુત, સ્થૂલ-સૂક્ષ્મ ને સાકાર જે,
તે પૃથ્વી-વાયુ-તેજ-જળ પરિણામથી નિજ થાય છે. ૧૬૭.

અન્વયાર્થ :– [**द्विप्रदेशादय: स्कंधा:**] દ્વિપ્રદેશાદિક સ્કંધો (બેથી માંડીને અનંત પ્રદેશવાળા સ્કંધો)–[**सूक्ष्मा: वा बादरा:**] કે જેઓ સૂક્ષ્મ અથવા બાદર હોય છે અને [**ससंस्थाना:**] સંસ્થાનો (આકારો) સહિત હોય છે તેઓ–[**पृथिवीजलतेजोवायव:**] પૃથ્વી, જળ, તેજ અને વાયુરૂપ [**स्वकपरिणामै: जायन्ते**] પોતાના પરિણામોથી થાય છે.

ટીકાર્થ : ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : ઉત્પન્ન થવારૂપ ક્રિયાનો કર્તા કોણ છે ?

ઉત્તર : બે પ્રદેશોથી શરૂ કરીને અનંત અણુ-પરમાણુ સુધી સ્કંધ ઉત્પન્ન થવારૂપ ક્રિયાના કર્તા છે.

પ્રશ્ન : કોણ ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : પૃથ્વી, જળ, તેજ અને વાયુ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : તે કેવા ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : તે સુક્ષ્મ અથવા બાદર રૂપ ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન : વળી તે કેવા છે ?

ઉત્તર : યથાસંભવ, ગોળ ચોરસ આદિ પોતપોતાના સંસ્થાન-આકારથી સહિત છે.

પ્રશ્ન : તે કોનાથી ઉત્પન્ન થાય છે ?

ઉત્તર : પોતપોતાના સ્નિગ્ધ-કે રૂક્ષરૂપ પરિણામથી ઉત્પન્ન થાયછે.

હવે તેનો વિસ્તાર કરે છે.

જીવ વાસ્તવમાં ટંકોત્કીર્ણ જ્ઞાયક એકરૂપથી શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી જ છે. ત્યારબાદ વ્યવહારથી અનાદિ કર્મબંધની ઉપાધિને વશ શુદ્ધાત્મ સ્વભાવને પ્રાપ્ત નહીં કરતો થકો પૃથ્વી, જળ, તેજ, વાયુ કાય શરીરમાં ઉત્પન્ન થાય છે; તો પણ પોતાની અંતરંગ સુખ દુ:ખાદિ રૂપ પરિણતિનું જ સ્વયં અશુદ્ધ ઉપાદાન કારણ છે, પૃથ્વી આદિ શરીરોના આકારરૂપ પરિણતિનું ઉપાદાન કારણ નથી.

પ્રશ્ન : પૃથ્વી આદિ શરીરોનું ઉપાદાન કારણ કેમ નથી ? એવો જો પ્રશ્ન હોય તો તેનો ઉત્તર કહે છે કે,

ઉત્તર : ત્યાં સ્કંધોનું જ ઉપાદાન કારણપણુ હોવાથી, જીવ તેનું ઉપાદાન કારણ નથી.

આથી જણાય છે કે જીવને, પુદ્ગલ પિંડોનો કર્તા નથી. ॥ ૧૬૭॥

હવે, આત્મા બંધના સમયે બંધ યોગ્ય પુદ્ગલોને બહારથી લાવતો નથી એવું આવેદન કરે છે.

## ગાથા ૧૬૮

અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી
આ લોક બાદર-સૂક્ષ્મથી, કર્મત્વયોગ્ય-અયોગ્યથી. ૧૬૮.

અન્વયાર્થ :– [**लोक:**] લોક [**सर्वत:**] સર્વતઃ [**सूक्ष्मै: बादरे:**] સૂક્ષ્મ તેમ જ બાદર [**च**] તથા [**अप्रायोग्यै: योग्यै:**] કર્મત્વને અયોગ્ય તેમ જ કર્મત્વને યોગ્ય [**पुद्गलकायै:**] પુદ્ગલકાયો (પુદ્ગલસ્કંધો) વડે [**अवगाढगाढनिचित:**] (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

ટીકાર્થ : અવગાહન-અવગાહન કરી ખાલી જગ્યા વગર પરિપૂર્ણ ભરેલો છે.

પ્રશ્ન : પરિપૂર્ણ ભરેલ તે કોણ છે ?

ઉત્તર : લોક પરિપૂર્ણ ભરેલ છે.

પ્રશ્ન : તે કેવો ભરેલ છે ?

ઉત્તર : બધી તરફથી બધા પ્રદેશોથી ભરેલ છે.

પ્રશ્ન : તે કર્તાભૂત શેનાથી ભરેલ છે ?

ઉત્તર : તે પુદ્ગલ કાયો-સ્કંધોથી ભરેલ છે.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા પુદ્ગલકાયોથી ભરેલો છે ?

ઉત્તર : ઈન્દ્રિયોથી ગ્રહણ કરવામાં અયોગ્ય સુક્ષ્મ અને તેનાથી (ઈન્દ્રિયોથી) ગ્રહણ કરવા યોગ્ય બાદર પુદ્ગલ કાયોથી ભરેલ છે.

પ્રશ્ન : વળી કેવા પુદ્ગલકાયોથી ભરેલ છે ?

ઉત્તર : અતિ સુક્ષ્મ અથવા અતિ સ્થુળતાને કારણે, કર્મવર્ગણા સંબંધી યોગ્યતાથી રહિત પુદગલોથી ભરેલ છે.

પ્રશ્ન : વળી કઈ વિશેષતાવાળા પુદ્ગલોથી ભરેલ છે ?

ઉત્તર : અતિ સૂક્ષ્મતા અને સ્થુળતાનો અભાવ હોવાથી કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલકાયોથી ભરેલ છે.

અહીં એમ અર્થ છે કે,

નિશ્ચયથી શુદ્ધ સ્વરૂપી હોવા છતાં પણ, વ્યવહારથી કર્મ ઉદયને આધીન હોવાથી, પૃથ્વી

આદિ પાંચ સુક્ષ્મ અને સ્થાવરત્વને પ્રાપ્ત જીવોથી, જેમ લોક સદાય ભરેલો રહે છે; તેવી રીતે પુદ્‌ગલોથી પણ ભરેલ હોય છે. તેનાથી જણાય છે કે જેવી રીતે શરીરના અવગાઢ ક્ષેત્રમાં જીવ રહે છે. તેવી રીતે ત્યાં બંધને યોગ્ય પુદ્‌ગલ (કાર્મણવર્ગણા) પણ રહે છે, જીવ તેને બહારથી નથી લાવતો. ॥ ૧૬૮ ॥

હવે, જીવ કર્મ સ્કંધોનો ઉપાદાન કર્તા નથી એવું વિશેષરૂપથી જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૬૯

સ્કંધો કરમને યોગ્ય પામી જીવના પરિણામને
કર્મત્વને પામે; નહીં જીવ પરિણમાવે તેમને. ૧૬૯.

અન્વયાર્થ :– [**कर्मत्वप्रायोग्या: स्कंधा:**] કર્મપણાને યોગ્ય સ્કંધો [**जीवस्य परिणतिं प्राप्य**] જીવની પરિણતિને પામીને [**कर्मभावं गच्छन्ति**] કર્મભાવને પામે છે; [**न हि ते जीवेन परिणमिता:**] તેમને જીવ પરિણમાવતો નથી.

ટીકાર્થ : કર્મપણાને પ્રાપ્ત કરવા યોગ્ય સ્કંધરૂપી કર્તા, જીવની પરિણતિને પ્રાપ્ત કરી - નિર્દોષ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન સહજાનંદ એક લક્ષણ સુખરૂપી અમૃતમયી પરિણતિ-પર્યાયથી વિપરીત એવી જીવ સંબંધી મિથ્યાત્વ રાગાદિ પરિણતિ-પર્યાયને પ્રાપ્ત કરી પરિણમન કરે છે.

પ્રશ્ન : કયા રૂપે પરિણમન કરે છે ?

ઉત્તર : (કાર્મણ વર્ગણા) કર્મભાવરૂપ-જ્ઞાનાવરણ આદિ દ્રવ્યકર્મરૂપ પર્યાયરૂપે પરિણમન કરે છે.

તે કર્મ સ્કંધ જીવરૂપ ઉપાદાનકર્તાથી પરિણમિત નથી - પરિણમનને પ્રાપ્ત નથી કરતા.

આ વિશેષ કથનથી એમ કહેવામાં આવ્યું કે કર્મ સ્કંધોનો કર્તા નિશ્ચયથી જીવ નથી. ॥ ૧૬૯ ॥

હવે, શરીર આકાર પરિણત પુદ્‌ગલ પિંડોનો જીવ કર્તા નથી એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૧૭૦

કર્મત્વપરિણત પુદ્‌ગલોના સ્કંધ તે તે ફરી ફરી
શરીરો બને છે જીવને, સંક્રાંતિ પામી દેહની. ૧૭૦.

અન્વયાર્થ :– [**कर्मत्वगता:**] કર્મપણે પરિણમેલા [**ते ते**] તે તે [**पुद्गलकाया:**] પુદ્‌ગલકાયો

[**देहान्तरसंक्रमं प्राप्य**] દેહાંતરરૂપ ફેરફારને પામીને, [**पुन: अपि**] ફરી ફરીને [**जीवस्य**] જીવને [**देहा:**] શરીરો [**संजायन्ते**] થાય છે.

ટીકાર્થ : આગળની ગાથામાં કહેવાયેલ કર્મત્વને પ્રાપ્ત અર્થાત્ દ્રવ્યકર્મ પર્યાયરૂપ પરિણમિત પુદ્‌ગલ સ્કંધ ફરીને બીજા ભવમાં પણ સારી રીતે દેહ-શરીરને ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન : શું કરીને શરીર ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : દેહાંતર સંક્રમ (ફેરફાર પામીને) બીજા ભવને પ્રાપ્ત કરીને (નવું) શરીર ઉત્પન્ન કરે છે.

પ્રશ્ન : આમાં શું કહેવાયું છે ? આ બધા કથનનો શું નિષ્કર્ષ છે ?

ઉત્તર : ઔદારિક આદિ શરીર નામકર્મથી રહિત પરમાત્માને પ્રાપ્ત નહીં કરવાવાળા જીવ દ્વારા જે ઉપાર્જિત કરવામાં આવ્યા છે-બાંધવામાં આવ્યા છે તે ઔદારિક આદિ શરીર નામકર્મ (રૂપીકર્મ) તે બીજા ભવની પ્રાપ્તિ થવાથી (થતાં) ઉદયમાં આવે છે. તેનો ઉદય થવાથી, નોકર્મ પુદ્‌ગલ ઔદારિક આદિ શરીરના આકારરૂપથી, સ્વયં જ પરિણમિત થાય છે.

આ કારણથી ઔદારિક આદિ શરીરનો જીવ કર્તા નથી. એવો નિષ્કર્ષ છે. ॥ ૧૭૦ ॥

હવે, શરીર જીવનું સ્વરૂપ નથી, એવો નિશ્ચય કરે છે, (નક્કી કરે છે.)

## ગાથા ૧૭૧

જે દેહ ઔદારિક, ને વૈક્રિય-તૈજસ દેહ છે,
કાર્મણ-અહારક દેહ જે, તે સર્વ પુદ્‌ગલરૂપ છે. ૧૭૧.

અન્વયાર્થ :– [**औदारिक: च देह:**] ઔદારિક શરીર, [**वैक्रियिक: देह:**] વૈક્રિયિક શરીર, [**तैजस:**] તૈજસ શરીર, [**आहारक:**] આહારક શરીર [**च**] અને [**कार्मण:**] કાર્મણ શરીર–[**सर्वे**] આ બધાં [**पुद्गलद्रव्यात्मका:**] પુદ્‌ગલદ્રવ્યાત્મક છે.

ટીકાર્થ : વળી ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, તેજસ શરીર, આહારક અને કાર્મણ શરીર આ પાંચેય શરીર પુદ્‌ગલ દ્રવ્ય સ્વરૂપ છે. તે બધા મારા સ્વરૂપે નથી.

પ્રશ્ન : તે મારા સ્વરૂપે કેમ નથી ? એવો જો પ્રશ્ન હોય તો.

ઉત્તર : શરીર રહિત ચૈતન્ય ચમત્કાર પરિણતિ મારી હોવાને કારણે મને, હંમેશા જ અચેતન શરીરત્વની સાથે વિરોધ હોવાથી, તેઓ મારા નથી.

આ પ્રકારે પુદ્‌ગલ સ્કંધોના બંધ સંબંધી વિશેષ કથનની મુખ્યતાથી બીજા સ્થળમાં પાંચ ગાથાઓ પૂરી થઈ. આ રીતે ૯ ગાથાઓ દ્વારા પરમાણુ અને સ્કંધના ભેદથી ભેદિત પુદ્‌ગલોના પિંડની ઉત્પત્તિ સંબંધી વિશેષ કથનની મુખ્યતાથી બે સ્થળોમાં વિભાજીત બીજો વિશેષ અંતર અધિકાર પૂરો થયો.

હવે ૧૯ ગાથા સુધી જીવને પુદ્‌ગલની સાથે બંધની મુખ્યતાથી વિશેષ કથન કરે છે, ત્યાં છ સ્થળ છે, તેમાં સર્વ પ્રથમ શુદ્ધ જીવના વિશેષ કથનરૂપથી એક ગાથા, પૂર્વપક્ષના નિરાકરણની મુખ્યતાથી બે ગાથાઓ આ પ્રકારે પહેલા સ્થળમાં ત્રણ ગાથાઓ છે.

ત્યારબાદ ભાવ બંધની મુખ્યતાથી બીજા સ્થળમાં બે ગાથાઓ છે. હવે પરસ્પર (૧) બે પુદ્‌ગલોનો બંધ, (૨) જીવનો રાગાદિ પરિણામની સાથે બંધ, અને (૩) જીવ-પુદ્‌ગલનો બંધ આ પ્રકારે ત્રણ બંધની મુખ્યતાથી ત્રીજા સ્થળમાં બે ગાથાઓ છે. તેનાથી આગળ નિશ્ચયથી દ્રવ્યબંધનું કારણ હોવાથી રાગાદિ પરિણામ જ બંધ છે. આ કથનની મુખ્યતાથી ચોથા સ્થળમાં ત્રણ ગાથાઓ છે. ત્યારબાદ ભેદ ભાવનાની મુખ્યતાથી પાંચમા સ્થળમાં બે ગાથાઓ છે. ત્યારબાદ જીવ રાગાદિ પરિણામોનો જ કર્તા છે, અને દ્રવ્યકર્મોનો નહીં - આ કથનની મુખ્યતાથી ૬ટ્ઠા સ્થાનમાં સાત ગાથાઓ છે. જ્યાં ‘મુખ્યતા’ એમ કહેવામાં આવેલ છે ત્યાં યથાસંભવ બીજો અર્થ પણ પ્રાપ્ત થાય છે એવું સર્વત્ર જાણવું જોઈએ. ॥ ૧૭૧ ॥

આ પ્રકારે ૧૯ ગાથાઓ દ્વારા ત્રીજા વિશેષ અંતર અધિકારમાં સામુહિક પાતનિકા થઈ.

**ત્રીજા વિશેષાન્તર અધિકારનું સ્થળ વિભાજન ગાથા ૧૭૨ થી ૧૮૧**

| સ્થળ ક્રમ | પ્રતિપાદિત વિષય | ગાથા ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
|---|---|---|---|
| પહેલો | શુદ્ધ જીવનું સ્વરૂપ તથા પુર્વ પક્ષનો પરિહાર | ૧૭૨ થી ૧૭૪ | ૩ |
| બીજો | ભાવબંધની મુખ્યતા | ૧૭૫ થી ૧૭૬ | ૨ |
| ત્રીજો | ત્રિવિધ બંધ પ્રતિપાદક | ૧૭૭ થી ૧૭૮ | ૨ |
| ચોથો | રાગાદિ પરિણામ જ વાસ્તવમાં બંધ છે તે પ્રતિપાદક | ૧૭૯ થી ૧૮૧ | ૩ |
| પાંચમો | ભેદ ભાવના સુચક | ૧૮૨ થી ૧૮૩ | ૨ |
| છટ્ઠો | જીવ રાગાદિનો કર્તા છે દ્રવ્ય કર્મનો નહીં | ૧૮૪ થી ૧૮૯ + વધારાની ૧૩ | ૭ |
| | | કુલ ગાથા | ૧૯ |

તે આ પ્રકારે - હવે, તો પછી શરીર આદિ પરદ્રવ્યોથી ભિન્ન અન્ય દ્રવ્યોથી અસાધારણ જીવનું પોતાનું સ્વરૂપ શું છે ? એવો પ્રશ્ન થવા પર તેને ઉત્તર આપે છે.

## ગાથા ૧૭૨

છે ચેતનાગુણ, ગંધ-રૂપ-રસ-શબ્દ-વ્યક્તિ ન જીવને,
વળી લિંગગ્રહણ નથી અને સંસ્થાન ભાખ્યું ન તેહને. ૧૭૨.

અન્વયાર્થ :– [**जीवम्**] જીવને [**अरसम्**] અરસ, [**अरूपम्**] અરૂપ, [**अगन्धम्**] અગંધ, [**अव्यक्तं**] અવ્યક્ત, [**चेतनागुणम्**] ચેતનાગુણવાળો, [**अशब्दम्**] અશબ્દ, [**अलिंगग्रहणम्**] અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) [**अनिर्दिष्टसंस्थानम्**] જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો [**जानीहि**] જાણ.

ટીકાર્થ : રસ, રૂપ, ગંધ રહિત હોવાને કારણે અને તેવી જ રીતે વિવિધરૂપથી ગ્રહણ કરવા યોગ્ય નહીં હોવાથી, તથા ગાથામાં, જેનું ગ્રહણ નથી થઈ શક્યું તેવા અસ્પર્શરૂપ હોવાથી અવ્યક્ત હોવાથી, અશબ્દ હોવાથી, અલિંગ ગ્રહણ હોવાથી અને અનિર્દિષ્ટ સંસ્થાનવાળો હોવાથી, એવા જીવને જાણો.

હે શિષ્ય ! જીવદ્રવ્યને, અરસ, અરૂપ, અગંધ, અસ્પર્શ, અવ્યક્ત, અશબ્દ, અલિંગગ્રહણ અને અનિર્દિષ્ટ સંસ્થાન લક્ષણવાળો જાણ.

પ્રશ્ન : અને તે જીવ કેવો છે ?

ઉત્તર : સંપૂર્ણ પુદ્ગલ આદિ અચેતન દ્રવ્યોથી ભિન્ન, સંપૂર્ણ અન્ય દ્રવ્યોથી અસાધારણ અને પોતાની અનંત જીવ રાશિમાં સાધારણ ચેતના ગુણ છે જેનો, એવા ચેતનાગુણવાળો જીવને જાણો. તથા અલિંગગ્રાહ્ય એવું કહેવા યોગ્ય હોવા છતાં પણ અલિંગ ગ્રહણ એમ કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : એમ શા માટે કહેવામાં આવ્યું છે ? જો એવો પ્રશ્ન હોય તો,

ઉત્તર : અનેક અર્થોનું જ્ઞાન કરાવવાને માટે અલિંગગ્રાહ્યના સ્થાને અલિંગ ગ્રહણ કહેવામાં આવેલ છે.

અથવા લિંગ અર્થાત્ ઈન્દ્રિય, તેના દ્વારા પદાર્થોનું ગ્રહણ અર્થાત્ જ્ઞાન નથી કરતો તેથી અલિંગગ્રહણ છે.

પ્રશ્ન : તે ઈન્દ્રિયો દ્વારા પદાર્થોનું જ્ઞાન કેમ નથી કરતો ?

ઉત્તર : સ્વયં જ અતીન્દ્રિય અખંડ જ્ઞાન સહિત હોવાને કારણે, તે તેના (ઈન્દ્રિયો) દ્વારા પદાર્થોનું જ્ઞાન નથી કરતો.

તે લિંગ શબ્દ વડે કહેવા યોગ્ય આંખ આદિ ઈન્દ્રિયોથી, અન્ય જીવોનું કે જેનું ગ્રહણ-જ્ઞાન કરવામાં નથી આવતું. જેનું જાણવું સંભવ નથી તેથી અલિંગ ગ્રહણ કહ્યું છે.

પ્રશ્ન : અન્ય જીવ તેને આંખ આદિ ઈન્દ્રિયો વડે શા માટે નથી જાણી શકતા ?

ઉત્તર : વિકાર રહિત અતીન્દ્રિય સ્વસંવેદન પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા ગમ્ય હોવાથી, તે તેને તેના (ઈન્દ્રિયો) દ્વારા નથી જાણી શકતા.

લિંગ અર્થાત્ ધુમાડો આદિ કારણ-સાધન. તે ધૂમાડા લિંગથી ઉત્પન્ન અનુમાન વડે જણાયેલ અગ્નિની જેમ અનુમેય ભૂત (અનુમાન દ્વારા જણાવા યોગ્ય) પર પદાર્થોનું ગ્રહણ-જ્ઞાન નથી કરતો. તેથી અલિંગગ્રહણ છે.

પ્રશ્ન : તે લિંગ દ્વારા પદાર્થોનું જ્ઞાન શામાટે નથી કરતો ?

ઉત્તર : સ્વયં જ અલિંગ-લિંગ વગર ઉત્પન્ન અતીન્દ્રિય જ્ઞાનથી સહિત હોવાને કારણે તે લિંગ દ્વારા તેનું જ્ઞાન નથી કરતો. તે જ લિંગથી ઉત્પન્ન અનુમાન દ્વારા અગ્નિના જ્ઞાનની જેમ બીજા પુરુષો વડે જે આત્માનું ગ્રહણ-જ્ઞાન કરવામાં નથી આવતું-જાણવું સંભવ નથી તેથી અલિંગગ્રહણ છે.

પ્રશ્ન : લિંગ દ્વારા અન્ય પુરુષ તેને કેમ નથી જાણી શકતા ?

ઉત્તર : લિંગ વગર ઉત્પન્ન અતીન્દ્રિય જ્ઞાનથી ગમ્ય જાણવામાં આવતો હોવાને કારણે તે લિંગ વડે તેને નથી જાણી શકતો.

અથવા લિંગ અર્થાત્ ચિન્હ-લાંછન-નિશાન, શિખા-ચોટી-જટાધારણ આદિ તેનાથી પદાર્થોનું ગ્રહણ-જ્ઞાન નથી કરતા તેથી અલિંગ ગ્રહણ છે.

પ્રશ્ન : તે શિખા, આદિ ચિન્હો દ્વારા, પદાર્થનું જ્ઞાન કેમ નથી કરી શકતો ?

ઉત્તર : ચિન્હો વગર ઉત્પન્ન સ્વાભાવિક અતીન્દ્રિયજ્ઞાનથી સહિત હોવાને કારણે, તે તેના વડે (ઈન્દ્રિયો વડે) તેનું (પદાર્થોનું) જ્ઞાન નથી કરતો. તે ચિન્હથી ઉત્પન્ન જ્ઞાન દ્વારા બીજા પુરુષોને જે આત્માનું ગ્રહણ-જ્ઞાન નથી કરી શકતા-જાણવું સંભવ નથી. તેથી અલિંગગ્રહણ છે.

પ્રશ્ન : ચિન્હથી ઉત્પન્ન જ્ઞાન દ્વારા બીજો પુરુષ તેને કેમ જાણી નથી શકતો.

ઉત્તર : ઉપરાગ-રાગાદિ મલિનતા રહિત સ્વસંવેદન જ્ઞાન દ્વારા જાણવામાં આવતો હોવાથી, તેના (ઈન્દ્રિયો) દ્વારા તેને નથી જાણી શકતો.

આ પ્રકારે અલિંગગ્રહણ શબ્દથી વિશેષ કથન ક્રમથી શુદ્ધ જીવનું સ્વરૂપ જાણવું જોઈએ. એવો અભિપ્રાય છે. ॥ ૧૭૨ ॥

હવે, અમૂર્ત શુદ્ધાત્માનું વિશેષ કથન કરવામાં આવતા અમૂર્ત જીવને મૂર્ત પુદ્‌ગલ કર્મોની સાથે બંધ કેવી રીતે થાય છે ? એવો પૂર્વપક્ષ-પ્રશ્ન કરે છે.

## ગાથા ૧૭૩

અન્યોન્ય સ્પર્શથી બંધ થાય રૂપાદિગુણયુત મૂર્તને;
પણ જીવ મૂર્તિરહિત બાંધે કેમ પુદ્‌ગલકર્મને ? ૧૭૩.

અન્વયાર્થ :– [**मूर्तः**] મૂર્ત (એવાં પુદ્‌ગલ) તો [**रूपादिगुणः**] રૂપાદિગુણવાળાં હોવાથી [**अन्योन्यैः स्पर्शैः**] અન્યોન્ય (–પરસ્પર બંધયોગ્ય) સ્પર્શો વડે [**बध्यते**] બંધાય છે; (પરંતુ) [**तद्विपरीतः आत्मा**] તેનાથી વિપરીત (-અમૂર્ત) એવો આત્મા [**पौद्गलिकं कर्म**] પૌદ્‌ગલિક કર્મ [**कथं**] કઈ રીતે [**बध्नाति**] બાંધી શકે ?

ટીકાર્થ : મૂર્ત રૂપ, રસ, ગંધ, સ્પર્શ હોવાથી પુદ્‌ગલદ્રવ્યના ગુણ પરસ્પર સંશ્લેષરૂપથી બંધાય છે, બંધનો અનુભવ કરે છે, ત્યાં દોષ નથી.

પ્રશ્ન : તે કોનાથી બંધાય છે ?

ઉત્તર : તે સ્નિગ્ધ-રૂક્ષ ગુણ લક્ષણ સ્પર્શના સંયોગથી બંધાય છે.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા સ્પર્શોથી બંધાય છે ?

ઉત્તર : પરસ્પરમાં નિમિત્તરૂપ સ્પર્શોથી તેઓ બંધાય છે.

પ્રશ્ન : પરંતુ તેનાથી વિપરીત આત્મા પુદ્‌ગલકર્મને કેવી રીતે બાંધે છે ?

ઉત્તર : તે પરમાત્મા વિકાર રહિત પરમ ચૈતન્ય ચમત્કાર પરિણતિવાળો હોવાથી બંધના કારણભૂત સ્નિગ્ધ રૂક્ષ ગુણના સ્થાને રાગ-દ્વેષ આદિ વિભાવ પરિણામથી રહિત હોવાને કારણે અને અમૂર્ત હોવાને કારણે પુદ્‌ગલકર્મને કેવી રીતે બાંધી શકે ? કોઈ પણ પ્રકારે બાંધી ન શકે તેવો પૂર્વપક્ષ છે. ॥ ૧૭૩ ॥

હવે, આવા અમૂર્ત આત્માને પણ નય વિભાગથી બંધ થાય છે, તેવો ઉત્તર આપે છે.

## ગાથા ૧૭૪

જે રીત દર્શન-જ્ઞાન થાય રૂપાદિનું-ગુણ-દ્રવ્યનું,
તે રીત બંધન જાણ મૂર્તિરહિતને પણ મૂર્તનું. ૧૭૪.

અન્વયાર્થ :– [**यथा**] જે રીતે [**रूपादिकैः रहितः**] રૂપાદરિહિત (જીવ) [**रूपादीनि**] રૂપાદકિને– [**द्रव्याणि गुणान् च**] દ્રવ્યોને તથા ગુણોને (રૂપી દ્રવ્યોને તથા તેમના ગુણોને)–[**पश्यति जानाति**] દેખે છે અને જાણે છે, [**तथा**] તે રીતે [**तेन**] તેની સાથે (-અરૂપીને રૂપી સાથે) [**बंधः जानीहि**] બંધ જાણ.

ટીકાર્થ : પ્રથમ તો અમૂર્ત પરમ ચૈતન્ય જ્યોતિરૂપથી પરિણત હોવાને કારણે આ આત્મા રૂપાદિ રહિત છે.

પ્રશ્ન : એવો હોવાથી તે શું કરે છે ?

ઉત્તર : સિદ્ધ અવસ્થામાં જો કે એક સાથે જાણવાવાળા, સામાન્ય વિશેષને ગ્રહણ કરવાવાળા કેવળદર્શન-કેવળજ્ઞાન ઉપયોગની સાથે તાદાત્મ્ય સંબંધ નથી તો પણ ગ્રહણ કરવા યોગ્ય-જાણવા યોગ્ય અને ગ્રહણ કરવાવાળા-જાણવાવાળા અર્થાત્ જ્ઞેય-જ્ઞાયક લક્ષણ સંબંધરૂપથી દેખે અને જાણે છે.

પ્રશ્ન : કર્મપણાને પ્રાપ્ત આ ગાથામાં કર્મ કારકમાં પ્રયુક્ત કોને તે જીવ દેખે-જાણે છે ?

ઉત્તર : તે રૂપ, રસ, ગંધ, સ્પર્શ સહિત મૂર્ત દ્રવ્યોને દેખે છે જાણે છે, ન કેવળ દ્રવ્યોને દેખે ને જાણે છે પરંતુ તેના બીજા ગુણોને પણ દેખે છે અને જાણે છે.

અથવા કોઈ સંસારી જીવ વિશેષ ભેદ જ્ઞાનથી રહિત થયો થકો લાકડા પત્થર આદિની અચેતન જિન પ્રતિમાને જોઈને આ મારા આરાધ્ય છે - એવું માને છે. જો કે ત્યાં સત્તાને દેખવાવાળા દર્શનની સાથે પ્રતિમાનો તાદાત્મ્ય સંબંધ નથી, તો પણ જ્ઞેય જ્ઞાયક લક્ષણ સંબંધ છે. અથવા, જેવી રીતે વિશેષ ભેદજ્ઞાની સમવસરણમાં પ્રત્યક્ષ જિનેન્દ્ર ભગવાનને જોઈને, આ મારા આરાધ્ય દેવ છે- એવું માને છે ત્યાં પણ જો કે અવલોકન જ્ઞાનનો, જિનેશ્વરની સાથે તાદાત્મ્ય સંબંધ નથી તોપણ આરાધ્ય આરાધક સંબંધ છે. તેવી રીતે બંધને તે દ્દષ્ટાંત થી જાણો.

અહીં અર્થ એમ છે - જો કે આ આત્મા નિશ્ચયથી અમૂર્ત છે, તો પણ અનાદિ કર્મબંધને વશ વ્યવહારથી મૂર્ત થયો થકો, દ્રવ્ય બંધના નિમિત્તભૂત રાગાદિ વિકલ્પરૂપ ભાવબંધમય ઉપયોગને કરે છે. તેમ હોવાથી જો કે મૂર્ત દ્રવ્ય કર્મોની સાથે તાદાત્મ્ય સંબંધ નથી, તો પણ પહેલા કહેવામાં આવેલ ઉદાહરણથી સંશ્લેષ સંબંધ છે - એમાં દોષ નથી. ॥ ૧૭૪ ॥

આ પ્રકારે શુદ્ધ બુદ્ધ એક સ્વભાવી જીવના કથનની મુખ્યતાથી પહેલી ગાથા, મૂર્તિ રહિત-અમૂર્ત જીવનો મૂર્ત કર્મોની સાથે કેવી રીતે બંધ થાય છે. એવા પ્રકારના પૂર્વ પક્ષ (પ્રશ્ન) રૂપથી બીજી, તથા તેના પરિહાર (ઉત્તર)રૂપ ત્રીજી - આ પ્રકારે ત્રણ ગાથાઓ દ્વારા પહેલું સ્થળ પૂરું થયું.

હવે રાગ-દ્વેષ-મોહ લક્ષણ ભાવ બંધનું સ્વરૂપ પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૧૭૫

વિધવિધ વિષયો પામીને ઉપયોગ-આત્મક જીવ જે
પ્રદ્વેષ-રાગ-વિમોહભાવે પરિણમે, તે બંધ છે. ૧૭૫.

અન્વયાર્થ :– [**यः हि पुनः**] જે [**उपयोगमयः जीवः**] ઉપયોગમય જીવ [**विविधान् विषयान्**] વિવિધ વિષયો [**प्राप्य**] પામીને [**मुह्यति**] મોહ કરે છે, [**रज्यति**] રાગ કરે છે [**वा**] અથવા [**प्रद्वेष्टि**] દ્વેષ કરે છે, [**सः**] તે જીવ [**तैः**] તેમના વડે (-મોહરાગદ્વેષ વડે) [**बन्धः**] બંધરૂપ છે.

ટીકાર્થ : ઉપયોગમય જીવ, પ્રથમ તો આ જીવ નિશ્ચયનયથી વિશુદ્ધ જ્ઞાન દર્શન ઉપયોગમય છે, એવું હોવા છતાં પણ અનાદિ બંધના વશે ઉપાધિ-(ઝાંય) સહિત સ્ફટિકની જેમ પર ઉપાધિ (રાગાદિ-મલિનતા) રૂપ ભાવથી પરિણત થયો થકો.

પ્રશ્ન : એવો થયો થકો શું કરે છે ?

ઉત્તર : મોહ કરે છે, રાગ કરે છે, દ્વેષ કરે છે.

પ્રશ્ન : પહેલા શું કરીને મોહાદિ કરે છે ?

ઉત્તર : પ્રાપ્ત કરીને મોહાદિ કરે છે.

પ્રશ્ન : કોને પ્રાપ્ત કરીને મોહાદિ કરે છે ?

ઉત્તર : વિષય રહિત પરમાત્મ સ્વરૂપની ભાવનાથી વિપરીત, અનેક પ્રકારના પંચેન્દ્રિય વિષયોને પ્રાપ્ત કરીને મોહાદિ કરે છે. અને જે આ પ્રકારનો જીવ છે તે ખરેખર તેમના દ્વારા બંધાય છે. તે પહેલા કહેવામાં આવેલ કર્તાભૂત રાગ-દ્વેષ-મોહ દ્વારા, મોહ-રાગ-દ્વેષથી રહિત જીવના શુદ્ધ પરિણામ લક્ષણ પરમધર્મને પ્રાપ્ત ન કરતો થકો તે જીવ બંધાય છે.

અહીં જે રાગ-દ્વેષ-મોહ પરિણામ છે તે જ ભાવ બંધ છે. એવો અર્થ છે. ॥ ૧૭૫ ॥

હવે ભાવબંધની યુક્તિ અને દ્રવ્યબંધનું સ્વરૂપ કહે છે.

## ગાથા ૧૭૬

જે ભાવથી દેખે અને જાણે વિષયગત અર્થને,
તેનાથી છે ઉપરક્તતા; વળી કર્મબંધન તે વડે. ૧૭૬.

અન્વયાર્થ :– [**जीवः**] જીવ [**येन भावेन**] જે ભાવથી [**विषये आगतं**] વિષયમાં આવેલ પદાર્થને [**पश्यति जानाति**] દેખે છે અને જાણે છે, [**तेन एव**] તેનાથી જ [**रज्यति**] ઉપરક્ત થાય છે; [**पुनः**] વળી તેનાથી જ [**कर्म बध्यते**] કર્મ બંધાય છે;– [**इति**] એમ [**उपदेशः**] ઉપદેશ છે.

ટીકાર્થ : જે ભાવથી-પરિણામથી જીવરૂપી કર્તા નિર્વિકલ્પ દર્શનરૂપ પર્યાયથી દેખે છે, અને સવિકલ્પ જ્ઞાનરૂપ પર્યાયથી જાણે છે.

પ્રશ્ન : કર્મપણાને પ્રાપ્ત તે કોને જાણે છે ?

ઉત્તર : આવેલા-પ્રાપ્ત થયેલા કોઈ પણ ઈષ્ટ અનિષ્ટ વસ્તુ પંચેન્દ્રિય વિષયોને દેખે છે અને જાણે છે અને તે પંચેન્દ્રિય વિષયોમાં-તેમાં જ ફરીને રાગ કરે છે, આદિ મધ્ય અંતથી રહિત, રાગાદિ દોષ રહિત, ચૈતન્ય જ્યોતિ સ્વરૂપ, નિજ આત્મ દ્રવ્યની રૂચિ નહીં કરતો થકો તથા તેને જ નહીં જાણતો થકો અને સંપૂર્ણ રાગાદિ વિકલ્પોના ત્યાગપૂર્વક તેની જ (પોતાના શુદ્ધાત્માની) ભાવના નહી કરતો થકો પહેલા કહેવામાં આવેલ જ્ઞાન દર્શન ઉપયોગ દ્વારા રાગ કરે છે. આ પ્રકારે ભાવ બંધની યુક્તિ રીત છે. આ ભાવ બંધથી નવીન દ્રવ્યકર્મનો બંધ થાય છે. એવું દ્રવ્યબંધનું સ્વરૂપ છે. એવો ઉપદેશ છે.

આ પ્રકારે ભાવ બંધના કથનની મુખ્યતાથી બે ગાથાઓ દ્વારા બીજું સ્થળ પૂરું થયું. ॥ ૧૭૬ ॥

હવે પહેલાના અને નવીન (બંધાયેલા) પુદ્ગલ દ્રવ્ય કર્મોનો પરસ્પર બંધ, જીવનો પણ રાગાદિ ભાવ સાથેનો બંધ અને જીવનો જ નવીન દ્રવ્યકર્મોની સાથે બંધ, આ પ્રકારે ત્રણ પ્રકારના બંધ-સ્વરૂપનું વિશેષરૂપથી જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૭૭

રાગાદિ સહ આત્મા તણો, ને સ્પર્શ સહ પુદ્ગલ તણો,
અન્યોન્ય જે અવગાહ તેને બંધ ઉભયાત્મક કહ્યો. ૧૭૭.

અન્વયાર્થ :– [**स्पर्शैः**] સ્પર્શો સાથે [**पुद्गलानां बन्धः**] પુદ્ગલોનો બંધ, [**रागादिभिः जीवस्य**] રાગાદિક સાથે જીવનો બંધ અને [**अन्योन्यम् अवगाहः**] અન્યોન્ય અવગાહ તે [**पुद्गलजीवात्मकः भणितः**] પુદ્ગલજીવાત્મક બંધ કહેવામાં આવ્યો છે.

ટીકાર્થ : સ્પર્શોથી પુદ્ગલોનો બંધ છે. પહેલાના અને નવીન પુદ્ગલ દ્રવ્ય કર્મોનો, જીવના રાગાદિ ભાવોના નિમિત્તથી અને પોતાના સ્નિગ્ધ અને રૂક્ષ ઉપાદાન કારણથી પરસ્પર સ્પર્શના સંયોગ દ્વારા જે તે બંધ છે તે પુદ્ગલ બંધ છે. જીવનો રાગાદિથી (બંધ); ઉપરાગ-મલિનતા રહિત પરમ ચૈતન્યસ્વરૂપ નિજાત્મ તત્ત્વની ભાવનાથી ચ્યુત જીવનું, જે રાગાદિની સાથે પરિણમન છે તે જીવ બંધ છે.

પરસ્પરનું અવગાહન પુદ્ગલજીવાત્મક કહેવામાં આવેલ છે. વિકાર રહિત સ્વસંવેદન જ્ઞાનથી રહિત હોવાને કારણે સ્નિગ્ધ-રૂક્ષના સ્થાને રાગ-દ્વેષ રૂપ પરિણત જીવનો અને બંધ યોગ્ય સ્નિગ્ધ-રૂક્ષ પરિણામ પરિણત પુદ્ગલનો જે પરસ્પર અવગાહ લક્ષણ બંધ છે, તે આ પ્રકારનો બંધ જીવ

પુદ્ગલબંધ-ઉભયબંધ કહેવાય છે. આ પ્રકારે ત્રણ પ્રકારના બંધોનું લક્ષણ જાણવું જોઈએ. ॥ ૧૭૭॥

હવે, ''જીવનો રાગાદિથી બંધ'' પહેલાની ગાથામાં જે કહ્યો હતો તે રાગત્વ દ્રવ્ય બંધનું કારણ છે. એવું વિશેષ રૂપથી સમર્થન કરે છે.

## ગાથા ૧૭૮

સપ્રદેશ છે તે જીવ, જીવપ્રદેશમાં આવે અને
પુદ્ગલસમૂહ રહે યથોચિત, જાય છે, બંધાય છે. ૧૭૮.

અન્વયાર્થ :– [**स: आत्मा**] તે આત્મા [**सप्रदेश:**] સપ્રદેશ છે; [**तेषु प्रदेशेषु**] એ પ્રદેશોમાં [**पुद्गला: काया:**] પુદ્ગલસમુહો [**प्रविशन्ति**] પ્રવેશે છે, [**यथायोग्यं तिष्ठन्ति**] યથાયોગ્ય રહે છે, [**यान्ति**] જાય છે [**च**] અને [**बध्यन्ते**] બંધાય છે.

ટીકાર્થ : પ્રથમ તો તે પ્રસિદ્ધ આત્મા લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી હોવાથી સપ્રદેશ છે. તે પ્રદેશોમાં કર્મવર્ગણાને યોગ્ય પુદ્ગલ સમૂહરૂપ કર્તા પ્રવેશ કરે છે.

પ્રશ્ન : તે એમાં કઈ રીતે પ્રવેશ કરે છે ?

ઉત્તર : મન, વચન, કાય વર્ગણાના આલંબન તથા વીર્યાંતરના ક્ષયોપશમથી ઉત્પન્ન આત્મ પ્રદેશોમાં પરિસ્પંદન લક્ષણ યોગના અનુસારે યથાયોગ્ય પ્રવેશ કરે છે. માત્ર પ્રવેશ નથી કરતા પરંતુ પ્રવેશ પછી ખરેખરમાં પોતાની સ્થિતિના સમય સુધી રહે છે. માત્ર રહેતા નથી. પરંતુ પોતાના ઉદયકાળને પ્રાપ્ત કરી ફળ દઈને ચાલ્યા જાય છે. તથા કેવળજ્ઞાન આદિ અનંત ચતુષ્ટયની પ્રગટતારૂપ મોક્ષથી વિપરીત બંધના કારણ રાગાદિકને પ્રાપ્ત કરી ફરી દ્રવ્યબંધન રૂપથી બંધાય છે.

આથી એમ નિશ્ચય થયો કે રાગાદિ પરિણામ જ દ્રવ્યબંધનું કારણ છે.

અથવા બીજું વિશેષ કથન : કાર્મણ પરમાણુ-વર્ગણા પ્રવેશ કરે છે. એનો અર્થ એ કે પ્રદેશ બંધ થાય છે. ત્યાં તે રોકાય છે તેનું નામ સ્થિત બંધ અને ઉદયકાળે ફળ દઈને ખરી જાય છે તે અનુભાગ બંધ અને જે બંધાય છે તે પ્રકૃતિબંધ છે.

આ પ્રકારે બંધના ચાર ભેદ ચાર શબ્દો દ્વારા કહેવામાં આવે છે.

આ પ્રકારે ત્રણ પ્રકારના બંધની મુખ્યતાથી બે ગાથાઓ દ્વારા ત્રીજું સ્થળ પૂરું થયું. ॥ ૧૭૮॥

હવે, દ્રવ્ય બંધનું કારણ હોવાથી નિશ્ચયથી રાગાદિ વિકલ્પરૂપ ભાવબંધ જ બંધ છે એવું વિશષરૂપથી જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૭૯

જીવ રક્ત બાંધે કર્મ, રાગ રહિત જીવ મુકાય છે;
- આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય જાણજે. ૧૭૯.

અન્વયાર્થ :– [**रक्तः**] રાગી આત્મા [**कर्म बध्नाति**] કર્મ બાંધે છે, [**रागरहितात्मा**] રાગ રહિત આત્મા [**कर्मभिः मुच्यते**] કર્મથી મુકાય છે;– [**एषः**] આ, [**जीवानां**] જીવોના [**बन्धसमासः**] બંધનો સંક્ષેપ [**नि श्चयतः**] નિશ્ચયથી [**जानीहि**] જાણ.

ટીકાર્થ : રક્ત-(રાગાદિથી બંધાયેલ) કર્મ બાંધે છે.

રક્ત જ કર્મ બાંધે છે પણ વૈરાગ્ય પરિણત કર્મ નથી બાંધતા. રાગ રહિત આત્મા કર્મોથી છૂટે છે. રાગ રહિત આત્મા શુભ-અશુભ કર્મોથી છૂટે જ છે, બંધાતો નથી. પ્રત્યક્ષીભૂત બંધનો આ સંક્ષેપ છે.

હે શિષ્ય ! જીવ સંબંધી ( આ વાત) તુ નિશ્ચયથી-નિશ્ચયનયના અભિપ્રાયથી જાણ.

આ પ્રકારે રાગ પરિણામ જ બંધનું કારણ છે એમ જાણીને સંપૂર્ણ રાગાદિ વિકલ્પ સમુહના ત્યાગપૂર્વક વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી નિજાત્મ તત્ત્વમાં નિરંતર ભાવના કરવી જોઈએ. ॥ ૧૭૯ ॥

હવે, દ્રવ્યબંધને સાધવાવાળા રાગાદિની ઉપાધિથી ઉત્પન્ન જીવ-પરિણામનો ભેદ દેખાડે છે.

## ગાથા ૧૮૦

પરિણામથી છે બંધ, રાગ-વિમોહ-દ્વેષથી યુક્ત જે;
છે મોહ-દ્વેષ અશુભ, રાગ અશુભ વા શુભ હોય છે. ૧૮૦.

અન્વયાર્થ :– [**परिणामात् बन्धः**] પરિણામથી બંધ છે, [**परिणामः रागद्वेषमोहयुतः**] (જે) પરિણામ રાગ-દ્વેષ-મોહયુક્ત છે. [**मोहप्रद्वेषौ अशुभौ**] (તેમાં) મોહ અને દ્વેષ અશુભ છે. [**रागः**] રાગ [**शुभः वा अशुभः**] શુભ અથવા અશુભ [**भवति**] હોય છે.

ટીકાર્થ : પરિણામથી બંધ થાય છે.

પ્રશ્ન : અને તે પરિણામ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : વીતરાગ પરમાત્માથી વિરૂદ્ધ લક્ષણવાળા હોવાને કારણે પરિણામ રાગ, દ્વેષ, મોહ ત્રણ રૂપે ઉપાધિથી સહિત છે. મોહ અને દ્વેષ અશુભરૂપ છે. પરની ઉપાધિથી ઉત્પન્ન ત્રણે પરિણામોમાં મોહ અને દ્વેષ બન્ને અશુભ છે. રાગ શુભ અને અશુભ હોય છે. પંચપરમેષ્ઠીની ભક્તિ આદિરૂપ રાગ શુભ રાગ તથા વિષય કષાય રૂપ રાગ અશુભ રાગ કહેવાય છે.

આ બધા પરિણામ ઉપાધિ સહિત (સંયોગ સહિત) હોવાથી બંધના કારણ છે. એવું જાણીને બંધના પ્રકરણમાં શુભ અશુભ સંપૂર્ણ રાગ-દ્વેષનો નાશ કરવાને માટે સંપૂર્ણ રાગાદિ ઉપાધિ રહિત સહજાનંદ એક લક્ષણ સુખરૂપી અમૃત સ્વભાવી નિજાત્મ દ્રવ્યમાં ભાવના કરવી જોઈએ. આમ તાત્પર્ય છે. ॥ ૧૮૦॥

હવે, દ્રવ્યરૂપ પુણ્ય અને પાપરૂપ બંધના કારણ એવા શુભ અને અશુભ પરિણામો-પુણ્ય અને પાપ નામવાળા પરિણામોથી રહિત શુદ્ધોપયોગ પરિણામને મોક્ષનું કારણ કહે છે.

## ગાથા ૧૮૧

પર માંહી શુભ પરિણામ પુણ્ય, અશુભ પરમાં પાપ છે;
નિજદ્રવ્યગત પરિણામ સમયે દુઃખક્ષયનો હેતુ છે. ૧૮૧.

અન્વયાર્થ :– [**अन्येषु**] પર પ્રત્યે [**शुभपरिणामः**] શુભ પરિણામ [**पुण्यम्**] પુણ્ય છે અને [**अशुभः**] (પર પ્રત્યે) અશુભ પરિણામ [**पापम्**] પાપ છે [**इति भणितम्**] એમ કહ્યું છે; [**अनन्यगतः परिणामः**] પર પ્રત્યે નહિ પ્રવર્તતો એવો પરિણામ [**समये**] સમયે [**दुःखक्षयकारणम्**] દુઃખક્ષયનું કારણ છે.

ટીકાર્થ : દ્રવ્ય પુણ્યબંધના કારણ એવા શુભ પરિણામ પુણ્ય કહેવાય છે. અને દ્રવ્ય પાપબંધના કારણ એવા અશુભ પરિણામને પાપ કહેવાય છે.

પ્રશ્ન : જે આ શુભ અશુભ પરિણામ છે તે કયા વિષયોમાં પ્રવર્તતા થકા પુણ્ય-પાપરૂપ કહેવામાં આવેલ છે ?

ઉત્તર : નિજ શુદ્ધાત્માથી ભિન્ન બીજા શુભ-અશુભ બાહ્ય દ્રવ્યોમાં પ્રવર્તતા પુણ્ય પાપરૂપ કહેવામાં આવેલ છે.

જે પરિણામ બીજામાં (અન્ય દ્રવ્યમાં) પ્રવર્તતા નથી અર્થાત્ અનન્યગત અર્થાત્ પોતાના સ્વરૂપમાં સ્થિત છે. એવા પ્રકારના શુદ્ધઉપયોગ લક્ષણ પરિણામ દુઃખક્ષયનું કારણ-દુઃખોના વિનાશ નામના મોક્ષનું કારણ કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : તે મોક્ષનું કારણ ક્યાં કહેવામાં આવેલ છે ?

ઉત્તર : પરમાગમમાં તે મોક્ષનું કારણ કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : તે મોક્ષનું કારણ ક્યારે કહેવામાં આવેલ છે ?

ઉત્તર : તે કાળલબ્ધિના સમયે પ્રાપ્તિ થવા પર મોક્ષનું કારણ કહેવામાં આવેલ છે.

વિશેષ એમ છે કે,

મિથ્યાદૃષ્ટિ, સાસાદન અને મિશ્ર આ ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્ય (હાનિ) રૂપથી અશુભ પરિણામ હોય છે. એવું પહેલાની ગાથામાં (૯ મી ગાથામાં) કહ્યું હતું. અને અવિરત, દેશવિરત પ્રમતસંયત નામના ત્રણ ગુણસ્થાનોમાં તારતમ્ય (વૃદ્ધિગત) રૂપથી શુભ પરિણામ કહ્યા હતા. તથા અપ્રમતાદિ ક્ષીણ કષાય (૭ થી ૧૨) પર્યંત ગુણસ્થાનોમાંતારતમ્ય (વૃદ્ધિગત) રૂપ શુદ્ધ ઉપયોગ પણ કહ્યો હતો તથા નયની વિવક્ષામાં મિથ્યાદૃષ્ટિ આદિ ક્ષીણકષાય પર્યંત ગુણસ્થાનોમાં અશુદ્ધ નિશ્ચયનય હોય જ છે.

પ્રશ્ન : ત્યાં અશુદ્ધ નિશ્ચયનયની વચ્ચે શુદ્ધોપયોગ કેવી રીતે પ્રાપ્ત થાય છે ? એવો શિષ્ય દ્વારા (પૂર્વ પક્ષ) પ્રશ્ન કરવા પર તેને ઉત્તર દેવામાં આવે છે.

ઉત્તર : પ્રથમ તો વસ્તુની એક દેશ પરીક્ષા એ નયનું લક્ષણ છે. અને શુભ અશુભ અથવા શુદ્ધ દ્રવ્યનું અવલંબન એ ઉપયોગનું લક્ષણ છે. આ પ્રકારે અશુદ્ધ નિશ્ચયની વચ્ચે પણ શુદ્ધાત્માનું અવલંબન હોવાથી શુદ્ધ ધ્યેય હોવાથી અને શુદ્ધનું સાધક હોવાથી શુદ્ધોપયોગ પરિણામ પ્રાપ્ત થાય છે. આવું નયનું અને ઉપયોગનું લક્ષણ યથાસંભવ દરેક જગ્યાએ જાણવું જોઈએ.

અહીં જે આ રાગાદિ વિકલ્પોની ઉપાધિ રહિત સમાધિ લક્ષણ શુદ્ધોપયોગ મુક્તિનું કારણ કહેવામાં આવેલ છે. તે શુદ્ધાત્મ દ્રવ્યનું લક્ષણ હોવાથી ધ્યેયભૂત શુદ્ધ પારિણામિક ભાવથી અભેદ-પ્રધાન-દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અભિન્ન હોવા છતાં પણ ભેદ પ્રધાન પર્યાયાર્થિકનયની અપેક્ષાથી ભિન્ન છે.

પ્રશ્ન : આ શુદ્ધ ઉપયોગ ભિન્ન કેમ છે ? એવો જો પ્રશ્ન હોય તો..

ઉત્તર : આ શુદ્ધ ઉપયોગ એક દેશ આવરણ રહિત હોવાથી ક્ષાયોપશમિક ખંડજ્ઞાનની પ્રગટતારૂપ છે. અને તે પારિણામિકભાવ સંપૂર્ણ આવરણોથી રહિત હોવાને કારણે, અખંડ જ્ઞાનની પ્રગટતારૂપ છે. અને (આ શુદ્ધ ઉપયોગ) સાદિ સાંત હોવાથી વિનશ્વર છે. અને તે (પારિણામિકભાવ) અનાદિ અનંત હોવાથી અવિનશ્વર છે.

અને જો એકાંતથી અભેદ હોય તો ઘડાની ઉત્પત્તિમાં માટીના પિંડના વિનાશની જેમ ધ્યાન પર્યાયના વિનાશથી મોક્ષ ઉત્પન્ન થવાથી ધ્યેયરૂપ પારિણામિકનો પણ વિનાશ થઈ જાય એવો અર્થ છે. આથી એમ જણાય છે કે શુદ્ધ પારિણામિક ભાવ ધ્યેયરૂપ છે, ધ્યાન-ભાવના રૂપ નથી.

પ્રશ્ન : તે ધ્યાન-ભાવનારૂપ કેમ નથી ?

ઉત્તર : ધ્યાન વિનાશશીલ હોવાથી તે (પારિણામિક ભાવ) ધ્યાન-ભાવનારૂપ નથી. ॥ ૧૮૧ ॥

આ પ્રકારે દ્રવ્યબંધનું કારણ હોવાથી મિથ્યાત્વ રાગાદિ વિકલ્પરૂપ ભાવ બંધ જ, નિશ્ચયથી બંધ છે એવા કથનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ દ્વારા ચોથું સ્થળ પૂરું થયું.

(હવે, ભેદ ભાવનાવાળી બે ગાથાઓવાળા પાંચમા સ્થળનો આરંભ થાય છે)

હવે, જીવને છ જીવ નિકાયોની સાથે સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિના નિમિત્તરૂપ ભેદ વિજ્ઞાનને દેખાડે છે.

## ગાથા ૧૮૨

સ્થાવર અને ત્રસ પૃથ્વીઆદિક જીવકાય કહેલ જે,
તે જીવથી છે અન્ય તેમ જ જીવ તેથી અન્ય છે. ૧૮૨.

અન્વયાર્થ :– [**अथ**] હવે [**स्थावरा: च त्रसा:**] સ્થાવર અને ત્રસ એવા જે [**पृथिवीप्रमुखा:**] પૃથ્વીઆદિક [**जीवनिकाया:**] જીવનિકાયો [**भणिता:**] કહેવામાં આવ્યા છે, [**ते**] તે [**जीवात् अन्ये**] જીવથી અન્ય છે [**च**] અને [**जीव: अपि**] જીવ પણ [**तेभ्य: अन्य:**] તેમનાથી અન્ય છે.

ટીકાર્થ : પરમાગમમાં પૃથ્વી પ્રમુખ કહેવામાં આવી છે.

પ્રશ્ન : પૃથ્વી આદિ તે કોણ છે ?

ઉત્તર : પૃથ્વી આદિ તે જીવ નિકાય છે - જીવ સમુહ છે.

પ્રશ્ન : હવે તે પૃથ્વી આદિ કેવા છે ?

ઉત્તર : તે સ્થાવર અને ત્રસ રૂપ છે.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : તે અન્ય-ભિન્ન છે.

પ્રશ્ન : તે કોનાથી ભિન્ન છે ?

ઉત્તર : તે શુદ્ધ બુદ્ધ એક જીવ સ્વભાવથી ભિન્ન છે અને જીવ પણ તેનાથી ભિન્ન છે.

તે આ પ્રકારે,

ટાંકણાથી ટાંકેલાની જેમ જ્ઞાયક એક સ્વભાવ પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત જીવ દ્વારા ઉપાર્જિત કરાવામાં આવેલ-બાંધવામાં આવેલ જે ત્રસ-સ્થાવર નામ કર્મ તેના ઉદયથી ઉત્પન્ન હોવાને કારણે અને અચેતન હોવાને કારણે ત્રસ સ્થાવર જીવ નિકાય, શુદ્ધ ચૈતન્ય સ્વભાવી જીવથી ભિન્ન છે. અને જીવ પણ તેનાથી વિરૂદ્ધ લક્ષણ હોવાને કારણે ભિન્ન છે અહીં આ પ્રકારે ભેદ વિજ્ઞાન ઉત્પન્ન થઈ જવાથી મોક્ષાર્થી જીવ સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિ કરે છે એમ ભાવાર્થ છે.॥ ૧૮૨ ॥

હવે, આ ભેદ વિજ્ઞાનને બીજી પદ્ધતિથી દ્રઢ કરે છે.

## ગાથા ૧૮૩

પરને સ્વને નહિ જાણતો એ રીત પામી સ્વભાવને,
તે 'આ હું, આ મુજ' એમ અધ્યવસાન મોહ થકી કરે. ૧૮૩.

અન્વયાર્થ :– [यः] જે [एवं] એ રીતે [स्वभावम् आसाद्य] સ્વભાવને પામીને (જીવપુદ્‌ગલના સ્વભાવને નક્કી કરીને) [परम् आत्मानं] પરને અને સ્વને [न एव जानाति] જાણતો નથી, [मोहात्] તે મોહથી '[अहम्] આ હું છું, [इदं मम] આ મારું છે' [इति] એમ [अध्यवसानं] અધ્યવસાન [कुरुते] કરે છે.

ટીકાર્થ : જે કર્તા એવો પહેલાની ગાથામાં કહ્યા અનુસાર જાણતો જ નથી.

પ્રશ્ન : તે કોને જાણતો નથી ?

ઉત્તર : છ જીવ નિકાય-સમુહ આદિ પરદ્રવ્યને અને દોષ રહિત પરમાત્મ દ્રવ્યરૂપ નિજ આત્માને જે જાણતો નથી.

પ્રશ્ન : તે તેને શું કરીને જાણતો નથી ?

ઉત્તર : શુદ્ધ ઉપયોગ લક્ષણ નિજ શુદ્ધ સ્વભાવનો આશ્રય લઈને જે તેને જાણતો નથી. તે પુરુષ અધ્યવસાનરૂપ પરિણામ કરે છે.

પ્રશ્ન : તે એવું કયા રૂપે કરે છે ?

ઉત્તર : તે આ હું અને આ મારું એવા પ્રકારના અધ્યવસાનરૂપ પરિણામ કરે છે. મમકાર અને અહંકાર આદિ રહિત પરમાત્મ-ભાવનાથી ચ્યુત થઈને, રાગાદિ પરદ્રવ્ય હું છું શરીર આદિ પરદ્રવ્ય મારા છે આ પ્રકારનું અધ્યવસાન કરે છે.

પ્રશ્ન : તે આવું અધ્યવસાન શા માટે કરે છે ?

ઉત્તર : મોહને આધીન હોવાથી તે આવું અધ્યવસાન કરે છે.

આથી એવું નિશ્ચિત થયું કે સ્વ-પરના ભેદવિજ્ઞાનના બળથી સ્વસંવેદન જ્ઞાની જીવ સ્વદ્રવ્યમાં રતિ-પ્રવૃત્તિ અને પરદ્રવ્યથી નિવૃત્તિ કરે છે. ॥ ૧૮૩ ॥

આ પ્રકારે ભેદભાવનાના કથનની મુખ્યતાથી બે ગાથાઓ દ્વારા પાંચમું સ્થળ પૂરું થયું.

હવે, આત્માનું નિશ્ચયથી રાગાદિ સ્વપરિણામ જ કર્મ છે અને દ્રવ્યકર્મ તેનું કર્મ નથી - એમ પ્રરૂપિત કરે છે, કથન કરે છે.

## ગાથા ૧૮૪

નિજ ભાવ કરતો જીવ છે કર્તા ખરે નિજ ભાવનો;
પણ તે નથી કર્તા સકલ પુદ્‌ગલદરવમય ભાવનો. ૧૮૪.

અન્વયાર્થ :– [**स्वभावं कुर्वन्**] પોતાના ભાવને કરતો થકો [**आत्मा**] આત્મા [**हि**] ખરેખર [**स्वकस्य भावस्य**] પોતાના ભાવનો [**कर्ता भवति**] કર્તા છે; [**तु**] પરંતુ [**पुद्गलद्रव्यमयानां सर्वभावानां**] પુદ્‌ગલદ્રવ્યમય સર્વ ભાવોનો [**कर्ता न**] કર્તા નથી.

ટીકાર્થ : સ્વભાવનો કર્તા થયો. અહીં સ્વભાવ શબ્દથી, શુદ્ધ નિશ્ચયનયથી જોકે શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ કહેવામાં આવેલ છે. તો પણ કર્મબંધના પ્રસંગમાં અશુદ્ધ નિશ્ચયથી રાગાદિ પરિણામને પણ સ્વભાવ કહેવામાં આવે છે. તેવા સ્વભાવને કરતો થકો.

પ્રશ્ન : તેવા સ્વભાવને કરતો થકો તે કોણ છે ?

ઉત્તર : તેવા સ્વભાવને કરતો થકો આત્મા છે. પોતાના સ્વભાવને કરતો થકો આત્મા ખરેખરમાં કર્તા છે.

પ્રશ્ન : તે કોનો કર્તા છે ?

ઉત્તર : પોતાના ચૈતન્ય રૂપ સ્વભાવ-રાગાદિ પરિણામનો કર્તા છે. નિશ્ચયથી તે રાગાદિ તેનું પરિણામરૂપ ભાવકર્મ કહેવાય છે.

પ્રશ્ન : રાગાદિ પરિણામ તેનું ભાવકર્મ કેમ છે ?

ઉત્તર : તપેલા લોખંડના પિંડની જેમ તે આત્મા દ્વારા પ્રાપ્ય-પ્રાપ્ત હોવા યોગ્ય અને વ્યાપ્ય-વ્યાપ્ત હોવા યોગ્ય હોવાથી તે રાગાદિ પરિણામ આત્માનું ભાવકર્મ છે. પરંતુ તે ચૈતન્યરૂપ આત્માથી વિરૂદ્ધ લક્ષણ એવા જ્ઞાનાવરણ આદિ દ્રવ્યકર્મ પર્યાયરૂપ પુદ્‌ગલદ્રવ્યમયી બધા ભાવોનો કર્તા નથી.

આથી જણાયછે કે રાગાદિ નિજ પરિણામ જ જીવનું કર્મ છે. અને તેનો જ તે કર્તા છે. ॥ ૧૮૪ ॥

હવે, દ્રવ્યકર્મરૂપ પરિણામ આત્માનું કર્મ કઈ રીતે નથી ? એવો પ્રશ્ન થવાથી સમાધાન આપે છે.

## ગાથા ૧૮૫

જીવ સર્વ કાળે પુદ્‌ગલોની મધ્યમાં વર્તે ભલે,
પણ નવ ગ્રહે, ન તજે, કરે નહિ જીવ પુદ્‌ગલકર્મને. ૧૮૫.

અન્વયાર્થ :– [**जीवः**] જીવ [**सर्वकालेषु**] સર્વ કાળે [**पुद्गलमध्ये वर्तमानः अपि**] પુદ્‌ગલની મધ્યમાં રહેતો હોવા છતાં પણ [**पुद्गलानि कर्माणि**] પૌદ્‌ગલિક કર્મોને [**हि**] ખરેખર [**गृह्णाति न**

**एव**] ગ્રહતો નથી, [**मुञ्चति न**] છોડતો નથી, [**करोति न**] કરતો નથી.

ટીકાર્થ : જેવી રીતે વિકલ્પ રહિત સમાધિમાં લીન પરમ મુનિ, પરભાવને ગ્રહણ કરતા નથી, છોડતા નથી અને ઉપાદાનરૂપથી કરતા નથી. અથવા જેવી રીતે લોખંડનો ગોળો અગ્નિને ગ્રહણ કરતો નથી, છોડતો નથી અને ઉપાદાનરૂપથી કરતો નથી; તેવી જ રીતે આ આત્મા પુદ્ગલકર્મોને ન તો ગ્રહણ કરે છે, ન છોડે છે અને ન તો ઉપાદાનરૂપથી કરે છે.

પ્રશ્ન : શું કરતો થકો પણ આત્મા આ બધુ કરતો નથી ?

ઉત્તર : દૂધ અને પાણીની જેમ હંમેશા એક સાથે રહેવારૂપ ન્યાયથી બધા-દરેક કાળે હંમેશા પુદ્ગલોની વચ્ચે રહેવા છતાં પણ પુદ્ગલ કર્મોને ગ્રહણ આદિ કરતો નથી.

પ્રશ્ન : આથી શું કહેવાયું છે ? અથવા આ બધા કથનનું શું પ્રયોજન છે ?

ઉત્તર : જેવી રીતે સિદ્ધ ભગવાન, પુદ્ગલોની વચ્ચે રહેવા છતાં પણ પરદ્રવ્યને ગ્રહણ કરવા, છોડવા અને કરવાથી રહિત છે; તેવી રીતે શુદ્ધ નિશ્ચયનયની અપેક્ષાએ શક્તિરૂપથી સંસારી જીવ પણ આ બધાથી રહિત છે. એવું પ્રયોજન છે. ॥ ૧૮૫ ॥

હવે, જો આત્મા પુદ્ગલકર્મને કરતો નથી અને છોડતો નથી તો બંધ કેવી રીતે થાય છે ? અને મોક્ષ પણ કેવી રીતે થાય છે ? એવો પ્રશ્ન થવા પર ઉત્તર આપે છે.

## ગાથા ૧૮૬

તે હાલ દ્રવ્યજનિત નિજ પરિણામનો કર્તા બને,
તેથી ગ્રહાય અને કદાપિ મુકાય છે કર્મો વડે. ૧૮૬.

અન્વયાર્થ :– [**सः**] તે [**इदानीं**] હમણાં (સંસારાવસ્થામાં) [**द्रव्यजातस्य**] દ્રવ્યથી (આત્મદ્રવ્યથી) ઉત્પન્ન થતા [**स्वकपरिणामस्य**] (અશુદ્ધ) સ્વપરિણામનો [**कर्ता सन्**] કર્તા થતો થકો [**कर्मधूलिभिः**] કર્મરજ વડે [**आदीयते**] ગ્રહાય છે અને [**कदाचित् विमुच्यते**] કદાચિત્ મુકાય છે.

ટીકાર્થ : 'હવે' તે કર્તા થયો થકો પહેલા કહેવામાં આવેલ લક્ષણવાળા આત્માનો.

પ્રશ્ન : 'હવે' નો શું અર્થ છે ?

ઉત્તર : આ પહેલા કહેવામાં આવેલ નય વિભાગથી કર્તા થયો થકો તે 'હવે' નો અર્થ છે.

પ્રશ્ન : કોનો કર્તા થયો થકો ?

ઉત્તર : વિકાર રહિત હંમેશા આનંદ એક લક્ષણ પરમસુખરૂપી અમૃતની પ્રગટતારૂપ કાર્ય સમયસારને સાધવાવાળા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ કારણ સમયસારથી વિલક્ષણ, મિથ્યાત્વ-રાગાદિ વિભાવરૂપ પોતાના પરિણામનો કર્તા થયો થકો.

પ્રશ્ન : વળી બીજી કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : પોતાના આત્મદ્રવ્યના ઉપાદાન કારણથી ઉત્પન્ન પરિણામોનો કર્તા થયો થકો બંધાય છે.

પ્રશ્ન : કોનાથી બંધાય છે ?

ઉત્તર : કર્તાભૂત (એવી) કર્મરજથી બંધાય છે. કદાચિત્ પહેલા કહેવામાં આવેલ વિભાવ પરિણામના સમયે બંધાય છે. ન કેવળ બંધાય છે પણ, વિશેષરૂપથી છૂટે પણ છે. તે કર્મરજોથી કદાચિત્ પહેલા કહેવામાં આવેલ કારણ સમયસાર રૂપ પરિણતિને સમયે છૂટે છે.

આથી શું કહેવામાં આવ્યું ? અથવા આ બધા કથનનું શું પ્રયોજન છે ?

ઉત્તર : અશુદ્ધ પરિણામોથી જીવ બંધાય છે, શુદ્ધ પરિણામોથી છૂટે છે આવું જ્ઞાન કરાવવાનું આ કથનનું પ્રયોજન છે. ॥ ૧૮૬ ॥

હવે, જેવી રીતે દ્રવ્યકર્મ નિશ્ચયથી સ્વયંથી જ ઉત્પન્ન થાય છે. તેવી રીતે જ્ઞાનાવરણ આદિ વિવિધ ભેદરૂપથી સ્વયં પરિણમિત થાય છે એવું કહે છે.

## ગાથા ૧૮૭

જીવ રાગદ્વેષથી યુક્ત જ્યારે પરિણમે શુભ-અશુભમાં,
જ્ઞાનાવરણ ઈત્યાદિભાવે કર્મધૂલિ પ્રવેશ ત્યાં. ૧૮૭.

અન્વયાર્થ :– [**यदा**] જ્યારે [**आत्मा**] આત્મા [**रागद्वेषयुत:**] રાગદ્વેષયુક્ત થયો થકો [**शुभे अशुभे**] શુભ અને અશુભમાં [**परिणमति**] પરિમણે છે, ત્યારે [**कर्मरज:**] કર્મરજ [**ज्ञानावरणादिभावै:**] જ્ઞાનાવરણાદિભાવે [**तं**] તેનામાં [**प्रविशति**] પ્રવેશે છે.

ટીકાર્થ : હવે, આત્મા પરિણમિત થાય છે. સંપૂર્ણ શુભ-અશુભ પરદ્રવ્યોના વિષયોમાં પરમ ઉપેક્ષા લક્ષણ શુદ્ધ ઉપયોગરૂપ પરિણામોને છોડીને જ્યારે આ આત્મા પરિણમિત થાય છે.

પ્રશ્ન : આ આત્મા શેમાં પરિણમિત થાય છે ?

ઉત્તર : શુભ અથવા અશુભ પરિણામમાં પરિણમિત થાય છે.

પ્રશ્ન : કેવો થયો થકો તેમાં પરિણમિત થાય છે ?

ઉત્તર : રાગ-દ્વેષથી સહિત અર્થાત્ રાગ-દ્વેષ રૂપ પરિણત થયો થકો તેમાં પરિણમિત થાય છે.

એવો અર્થ છે. ત્યારે તે સમયે તે પ્રસિદ્ધ કર્મરજ પ્રવેશ કરે છે.

પ્રશ્ન : તે કયા રૂપથી પ્રવેશ કરે છે ?

ઉત્તર : જેવી રીતે પૃથ્વીને વાદળોના પાણીનો સંયોગ થવા કાળે અન્ય પુદ્‌ગલ સ્વયં જ લીલા પાંદડા આદિ ભાવોથી પરિણમિત થાય છે. તેવી જ રીતે સ્વયં જ મુળ ઉત્તર પ્રકૃતિરૂપ અનેક ભેદ પરિણત જ્ઞાનાવરણ આદિ ભાવો-પર્યાયો રૂપથી (કર્મરજ) પ્રવેશ કરે છે.

આથી એમ જણાય છે કે જેવી રીતે જ્ઞાનાવરણ આદિ કર્મોની ઉત્પત્તિ સ્વયંકૃત છે. તેવી રીતે મુળ ઉત્તર પ્રકૃતિરૂપ વિચિત્રતા પણ સ્વયંકૃત છે. જીવ દ્વારા કરવામાં આવી નથી. ॥ ૧૮૭ ॥

હવે, પહેલા કહેવામાં આવેલ પ્રકૃતિઓના જઘન્ય અનુભાગ અને ઉત્કૃષ્ટ અનુભાગનું સ્વરૂપ પ્રતિપાદિત કરે છે.

**વધારાની ગાથા - ૧૩**

सुहपयडीण विसोही तिव्वो असुहाण संकिलेसम्मि ।
विवरीदो दु जहण्णो अणुभागो सव्वपयडीणं ॥ १३ ॥

તીવ્ર શુભપ્રકૃતિ વિશુદ્ધિમાંને તીવ્ર અશુભ સંકલેશમાં,
અનુભાગ જઘન્ય રહે વિપરીત સૌ પરિણામોમાં.

ગાથાર્થ : તીવ્ર-અધિક વિશુદ્ધિમાં શુભ-પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ-તીવ્ર અનુભાગ બંધ અને તીવ્ર સંકલેશતામાં અશુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ-તીવ્ર અનુભાગ બંધ હોય છે. આથી વિપરીત પરિણામોથી બધી પ્રકૃતિઓનો જઘન્ય અનુભાગ બંધ થાય છે.

ટીકાર્થ : અનુભાગ-ફળ દેવા સંબંધની શક્તિ વિશેષ હોય છે. એવો ક્રિયાનો અધ્યાહાર-ગ્રહણ કરવામાં આવેલ છે.

પ્રશ્ન : આ શક્તિ વિશેષ કેવી હોય છે ?

ઉત્તર : તે તીવ્ર પ્રકૃષ્ટ-પરમ અમૃત સમાન હોય છે.

પ્રશ્ન : આ રૂપે તે કોની હોય છે ?

ઉત્તર : સાતા વેદનીય આદિ શુભ પ્રકૃતિઓની શક્તિ આ રૂપે હોય છે.

પ્રશ્ન : તે કયા કારણથી આ રૂપે હોય છે ?

ઉત્તર : તીવ્ર ધર્મ અનુરાગરૂપ વિશુદ્ધિ દ્વારા સાતા વેદનીય આદિ શુભ પ્રકૃતિઓની, પરમ અમૃત સમાન ફળદાન (આપવાની) શક્તિ હોય છે. અસાતા વેદનીય આદિ અશુભ પ્રકૃતિઓનો મિથ્યાત્વ આદિ રૂપ તીવ્ર સંકલેશ થવાથી તીવ્ર હળાહળ ઝેરની જેમ અનુભાગ હોય છે. તેનાથી વિપરીત જઘન્ય અનુભાગબંધ ગોળ અને લીમડારૂપ હોય છે. જઘન્ય વિશુદ્ધિ અને જઘન્ય સંકલેશથી તથા મધ્યમ વિશુદ્ધિ અને મધ્યમ સંકલેશથી ક્રમશઃ શુભ-અશુભ પ્રકૃતિઓનો ખાંડ અને સાકરરૂપ તથા કાંજી અને ઝેર રૂપ (અનુભાગ) હોય છે.

પ્રશ્ન : આ પ્રકારે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટરૂપ અનુભાગ કોને હોય છે ?

ઉત્તર : મૂળ-ઉત્તર પ્રકૃત્તિઓથી રહિત નિજ પરમાનંદ એક સ્વભાવ લક્ષણ, બધા પ્રકારથી ઉપાદેયભૂત પરમાત્મ દ્રવ્યથી ભિન્ન હેયભૂત મૂળ-ઉત્તર પ્રકૃતિઓનો જઘન્ય આદિ રૂપ અનુભાગ છે. આ પ્રકારે કર્મોની શક્તિઓનું સ્વરૂપ જાણવું જોઈએ. (ગાથા ૧૩ વધારાની)

હવે, અભેદનયથી બંધના કારણભૂત રાગાદિરૂપથી પરિણત આત્મા જ બંધ કહેવાય છે એવું મર્યાદાપૂર્વક જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૮૮

સપ્રદેશ જીવ સમયે કષાયિત મોહરાગાદિ વડે,
સંબંધ પામી કર્મરજનો, બંધરૂપ કથાય છે. ૧૮૮.

અન્વયાર્થ :– [**सप्रदेश:**] સપ્રદેશ એવો [**स: आत्मा**] તે આત્મા [**समये**] સમયે [**मोहरागद्वेषै:**] મોહ-રાગ-દ્વેષ વડે [**कषायित:**] કષાયિત થવાથી [**कर्मरजोभि: श्लिष्ट:**] કર્મરજ વડે શ્લિષ્ટ થયો થકો (અર્થાત્ જેને કર્મરજ વળગી છે એવો થયો થકો) [**बन्ध: इति प्ररूपित:**] 'બંધ' કહેવામાં આવ્યો છે.

ટીકાર્થ : લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશ હોવાથી પ્રથમ તો સપ્રદેશ છે, તે પહેલા (૧૮૪મી ગાથામાં) કહેવામાં આવેલ લક્ષણવાળો આત્મા.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : કષાયથી પરિણત-રંજિત-રંગાયેલ છે.

પ્રશ્ન : તે કોના વડે કષાયથી રંગાયેલ છે ?

ઉત્તર : મોહ રહિત સ્વશુદ્ધાત્મ તત્ત્વની ભાવનાના પ્રતિબંધક મોહ-રાગ-દ્વેષ વડે તે કષાયથી રંગાયેલ છે.

પ્રશ્ન : વળી તે ક્યા સ્વરૂપે છે ?

ઉત્તર : કર્મરજ દ્વારા બંધાયેલ અર્થાત્ કર્મવર્ગણાને યોગ્ય પુદગલ રજ વડે સંશ્લિષ્ટ (સારી રીતે) બંધાયેલ છે. અભેદનયથી આત્મા જ બંધ છે. એમ કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : અભેદનયથી આત્મા જ બંધ છે એવું ક્યાં કહેવામાં આવેલ છે ?

ઉત્તર : પરમાગમમાં એવું કહેવામાં આવેલ છે.

અહીં એવું કહેવામાં આવેલ છે કે જેવી રીતે લોધર આદિ દ્રવ્યો વડે કષાયેલા રૂપથી રંગાયેલ

[1]લોધ્ર (લોધર) = કુમકુમ, લાલ હળદર, અગાઉના સમયમાં લાલ રંગમાં ડાય તરીકે વપરાતો પદાર્થ, તિલકના પણ ઉપયોગમાં લેવાતો પદાર્થ.

વસ્ત્ર, મંજીષ્ઠ[1] રંગવાળા દ્રવ્યથી રંગાયેલ થયું થકુ અભેદનયથી ‘લાલ’ એવું કહેવામાં આવે છે. તેવી જ રીતે વસ્ત્રને સ્થાને આત્મા લોધર આદિ દ્રવ્યોની જગ્યાએ મોહરાગદ્વેષ દ્વારા કષાયથી રંગાયેલ તે રૂપે પરિણત (આત્મા) મંજીષ્ઠ[1] ની જગ્યાએ કર્મ પુદ્‌ગલોની સાથે સંશ્લિષ્ટ-સંબંધ-બંધાયેલો હોવાથી ભેદ હોવા છતાં પણ અભેદ ઉપચાર લક્ષણ અસદ્‌ભૂત વ્યવહારથી બંધ એવું કહેવામાં આવે છે.

પ્રશ્ન : તે બંધ કેમ કહેવામાં આવે છે ?

ઉત્તર : અશુદ્ધ દ્રવ્યના વિશેષ કથનને માટે અસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય હોવાથી તેને બંધ કહેવામાં આવે છે. ॥ ૧૮૮ ॥

અને તેવી રીતે આકાશ આદિ દ્રવ્યોને કષાયનો અસંભવ હોવાથી પુદ્‌ગલ કર્મ (કાર્મણવર્ગણા)નો સંબંધ હોવા છતાં પણ બંધ નથી થતો.

હવે, નિશ્ચય-વ્યવહારનો અવિરોધ બતાવે છે.

## ગાથા ૧૮૯

- આ જીવ કેરા બંધનો સંક્ષેપ નિશ્ચય ભાખિયો
અર્હંતદેવે યોગીને; વ્યવહાર અન્ય રીતે કહ્યો. ૧૮૯.

અન્વયાર્થ :– [**एष:**] આ (પૂર્વોક્ત રીતે), [**जीवानां**] જીવોના [**बन्धसमास:**] બંધનો સંક્ષેપ [**निश्चयेन**] નિશ્ચયથી [**अर्हद्भि:**] અર્હંતદેવોએ [**यतीनां**] યતિઓને [**निर्दिष्ट:**] કહ્યો છે; [**व्यवहार:**] વ્યવહાર [**अन्यथा**] અન્ય રીતે [**भणित:**] કહ્યો છે.

ટીકાર્થ : આ બંધનો સંક્ષેપ છે. આ પહેલા કહેવામાં આવેલ અનેક પ્રકારની રાગાદિ પરિણતિરૂપ બંધનો સંક્ષેપ છે.

પ્રશ્ન : આ રાગાદિ પરિણતિરૂપ બંધનો સંક્ષેપ કોનો છે ?

ઉત્તર : આ જીવોના બંધનો સંક્ષેપ છે. નિશ્ચયનયથી એવું કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : આ કર્તાભૂત કોના દ્વારા કહેવામાં આવેલ છે.

ઉત્તર : અરિહંત, નિર્દોષી પરમાત્મા દ્વારા કહેવામાં આવેલ છે.

પ્રશ્ન : તેના દ્વારા કોના માટે કહેવામાં આવેલ છે.

ઉત્તર : જિતેન્દ્રિય હોવાથી શુદ્ધાત્મા સ્વરૂપમાં પ્રયત્નશીલ ગણવરદેવ આદિ યતિઓને માટે કહેવામાં આવેલ છે. દ્રવ્યકર્મરૂપ વ્યવહાર બંધ, નિશ્ચયનયની અપેક્ષાએ વ્યવહારનયથી અન્ય

[1]મંજીષ્ઠ = ઘટ્ટ લાલ

પ્રકારે કહેવામાં આવેલ છે.

બીજી વાત એમ છે કે આત્મા રાગાદિને જ કરે છે અને તેને જ ભોગવે છે એવું આ નિશ્ચયનયનું લક્ષણ છે. અને આ નિશ્ચયનય દ્રવ્યકર્મબંધના પ્રતિપાદક એવા અસદ્‌ભૂત વ્યવહારનયની અપેક્ષાએ, શુદ્ધ દ્રવ્યનું નિરૂપણ કરવાના સ્વભાવવાળો વિવક્ષિત નિશ્ચયનય અને તે જ પ્રકારે અશુદ્ધ નિશ્ચય કહેવાય છે.

આત્મા દ્રવ્યકર્મને કરે છે અને ભોગવે છે-એવા અશુદ્ધ દ્રવ્યનું નિરૂપણ કરવાવાળાને અસદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે. આ પ્રકારે આ બે નય છે. પરંતુ અહીં નિશ્ચયનય ઉપાદેય છે. અસદ્‌ભૂત વ્યવહારનય ઉપાદેય નથી.

અહીં પ્રશ્ન છે કે રાગાદિને આત્મા કરે છે અને ભોગવે છે એવા લક્ષણવાળો નિશ્ચયનય કહ્યો તે ઉપાદેય કેવી રીતે છે ? તેનો ઉત્તર કહે છે કે,

ઉત્તર : રાગાદિ ને આત્મા જ કરે છે અને દ્રવ્ય કર્મને નથી કરતો, રાગાદિ જ બંધના કારણ છે. એવું જ્યારે જીવ જાણે છે ત્યારે રાગદ્વેષ આદિ વિકલ્પ જાળને છોડીને રાગાદિના વિનાશને માટે નિજ શુદ્ધાત્માની ભાવના કરે છે. અને તેનાથી રાગાદિનો વિનાશ થાય છે. અને રાગાદિનો વિનાશ થવાથી આત્મા શુદ્ધ થાય છે. એટલા માટે પરંપરાથી શુદ્ધાત્માનો સાધક હોવાને કારણે આ અશુદ્ધનય પણ ઉપચારથી શુદ્ધનય કહેવાય છે. નિશ્ચયનય કહેવાય છે. તેવી રીતે તે ઉપાદેય કહેવાય છે. આમ અભિપ્રાય છે.

આ પ્રકારે આત્મા પોતાના પરિણામોનો કર્તા છે દ્રવ્યકર્મોનો નહીં આ કથનની મુખ્યતાથી સાત ગાથાઓ દ્વારા છઠ્ઠું સ્થળ પૂરું થયું.

આ પ્રકારે ત્રણ ગાથાઓ દ્વારા શુદ્ધાત્માનું વ્યાખ્યાન કરવામાં આવતા અમૂર્ત આત્માનો મૂર્ત કર્મોની સાથે બંધ કેવી રીતે થાય છે. એવું જે શિષ્ય દ્વારા કહેવામાં આવેલ હતું તેના પરિહાર માટે નય વિભાગ દ્વારા બંધના સમર્થનની મુખ્યતાથી ૧૯ ગાથાઓ દ્વારા ૬ સ્થળોમાં ત્રીજો વિશેષ અંતર અધિકાર સમાપ્ત થયો.

હવે, આગળ ૧૨ ગાથાઓ સુધી ચાર સ્થળો દ્વારા શુદ્ધાત્મ અનુભૂતિ લક્ષણ અવિશેષ ભેદભાવના રૂપ ચુલિકાનું વ્યાખ્યાન કરે છે ત્યાં શુદ્ધાત્મ ભાવનાની પ્રધાનતા હોવાથી પાઠક્રમથી પહેલા સ્થળમાં ચાર ગાથાઓ છે. ત્યારબાદ શુદ્ધ આત્માની પ્રાપ્તિ રૂપ ભાવનાના ફળથી દર્શનમોહરૂપી ગ્રંથીનો વિનાશ તથા ચારિત્ર મોહરૂપ ગ્રંથીનો વિનાશ (એમ) ક્રમથી આ બન્નેનો વિનાશ થાય છે. આ કથનની મુખ્યતાથી બીજા સ્થળમાં ત્રણ ગાથાઓ છે. ત્યારબાદ કેવળીના ધ્યાનના ઉપચાર કથનરૂપથી ત્રીજા સ્થળમાં બે ગાથાઓ છે. ત્યારબાદ દર્શન અધિકારના ઉપસંહારની પ્રધાનતાથી ચોથા સ્થળમાં બે ગાથાઓ છે. અને તે ઉપરાંત એક નમસ્કાર ગાથા છે.

આ પ્રકારે બાર ગાથાઓ દ્વારા ચાર સ્થળો રૂપ વિશેષ અંતર અધિકારમાં સામૂહિક પાતનિકા પૂરી થઈ. ॥ ૧૮૯ ॥

| ચોથા વિશેષ અંતર અધિકારનું સ્થળ વિભાજન<br>ગાથા ૧૯૦ થી ૨૦૦ + વધારાની ૧૪ મી | | | |
|---|---|---|---|
| સ્થળ ક્રમ | પ્રતિપાદિત વિષય | ગાથા<br>ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
| પહેલો | શુદ્ધાત્મ ભાવનાની પ્રધાનતા | ૧૯૦ થી ૧૯૩ | ૪ |
| બીજો | શુદ્ધાત્મની ઉપલબ્ધિના ફળનું કથન | ૧૯૪ થી ૧૯૬ | ૩ |
| ત્રીજો | કેવળી ભગવાનને ધ્યાન ઉપચારથી | ૧૯૭ થી ૧૯૮ | ૨ |
| ચોથો | દર્શન અધિકારનો ઉપસંહાર | ૧૯૯ થી ૨૦૦ | ૨ |
| પાંચમો | નમસ્કાર ગાથા | વધારાની ૧૪ મી ગાથા | ૧ |
| | | કુલ ગાથા | ૧૨ |

હવે, અશુદ્ધ નયથી અશુદ્ધ આત્માની જ પ્રાપ્તિ થાય છે એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૧૯૦

'હું આ અને આ મારું' એ મમતા ન દેહ-ધને તજે,
તે છોડી જીવ શ્રામણ્યને ઉન્માર્ગને આશ્રય કરે. ૧૯૦.

અન્વયાર્થ :– [**यः तु**] જે [**देहदविणेषु**] દેહ-ધનાદિકમાં [**अहं मम इदम्**] 'હું આ છું અને આ મારું છે' [**इति ममतां**] એવી મમતા [**न त्यजति**] છોડતો નથી, [**सः**] તે [**श्रामण्यं त्यक्त्वा**] શ્રામણ્યને છોડીને [**उन्मार्गम् प्रतिपन्नः भवति**] ઉન્માર્ગનો આશ્રય કરે છે.

ટીકાર્થ : જે મમતા ને નથી છોડતો, મમકાર અહંકાર આદિ સંપૂર્ણ વિભાવોથી રહિત પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન આદિ અનંત ગુણ સ્વરૂપ પોતાના આત્મપદાર્થની નિશ્ચળ અનુભૂતિ લક્ષણ નિશ્ચયનયથી (શુદ્ધાત્માથી) રહિત હોવાને કારણે વ્યવહારથી હૃદયને મોહિત કરતો થકો જે મમત-મમત્વભાવને નથી છોડતો તે.

પ્રશ્ન : કયા રૂપવાળા-કેવા મમત્વભાવને નથી છોડતો ?

કયા વિષયોમાં આવા મમત્વભાવને નથી છોડતો ?

ઉત્તર : દેહ દ્રવ્યોમાં. શરીરમાં-શરીર હું છું. આ પ્રકારથી અને પર દ્રવ્યોમાં આ મારા છે એ પ્રકારથી શરીર અને પર દ્રવ્યોમાં મમત્વને નથી છોડતો તે શ્રામણ્ય ને છોડીને ઉન્માર્ગને પ્રાપ્ત થાય છે. તે પુરુષ જીવન-મરણ, લાભ-અલાભ, સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, નિંદા-પ્રશંસા આદિમાં પરમ મધ્યસ્થતા-સમતાભાવ લક્ષણ શ્રામણ્ય-યતિત્વ-મુનિપણા રૂપ ચારિત્રને દૂરથી જ છોડીને તેનાથી વિપરીત ઉન્માર્ગને-મિથ્યા માર્ગને-ઉલ્ટા માર્ગને પ્રાપ્ત થાય છે. અને ઉન્માર્ગથી સંસારમાં રખડે છે. આથી નિશ્ચિત થયું કે અશુદ્ધનયથી અશુદ્ધ આત્માની જ પ્રાપ્તિ થાય છે. ॥ ૧૯૦ ॥

હવે, શુદ્ધનયથી શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે એવું નિશ્ચિત કરે છે.

## ગાથા ૧૯૧

હું પર તણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું
- જે એમ ધ્યાવે, ધ્યાનકાળે તેહ શુદ્ધાત્મા બને. ૧૯૧.

અન્વયાર્થ :– '[**अहं परेषां न भवामि**] હું પરનો નથી, [**परे मे न सन्ति**] પર મારાં નથી, [**ज्ञानम् अहम् एक:**] હું એક જ્ઞાન છું' [**इति य: ध्यायति**] એમ જે ધ્યાવે છે, [**स: ध्याता**] તે ધ્યાતા [**ध्याने**] ધ્યાનકાળે [**आत्मा भवति**] આત્મા અર્થાત્ શુદ્ધાત્મા થાય છે.

ટીકાર્થ : હું પરનો નથી અને પર મારું નથી એ પ્રકારે સંપૂર્ણ ચેતન-અચેતન પર દ્રવ્યોમાં મન, વચન, શરીર અને કૃત, કારિત, અનુમોદન દ્વારા પોતાના આત્માની અનુભૂતિ લક્ષણ એવા નિશ્ચયનયના બળથી, પહેલા સ્વ-સ્વામી સંબંધ ને છોડીને-તેનું નિરાકરણ કરીને.

પ્રશ્ન : પહેલા સ્વ-સ્વામી સંબંધ છોડીને પછી શું કરે છે ?

ઉત્તર : હું એક જ્ઞાન છું, પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન જ છું. અને ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી રહિત હોવાને કારણે હું એક છું. આ પ્રકારથી જે આવું ધ્યાન કરે છે, ચિંતન કરે છે, ભાવના કરે છે.

પ્રશ્ન : આવું ધ્યાન આદિ તે ક્યાં કરે છે ?

ઉત્તર : આવું તે નિજ શુદ્ધાત્મામાં ધ્યાન કરે છે. નિજ શુદ્ધાત્માના ધ્યાનમાં સ્થિત તે આત્માનો ધ્યાતા થાય છે. તે જ્ઞાનાનંદ એક સ્વભાવી પરમાત્માનું ધ્યાન કરવાવાળો હોય છે. અને એટલા માટે પરમાત્માના ધ્યાનથી તેની જેમ જ પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : તેના ધ્યાનથી તે તેવી જ દશા શા માટે પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : "ઉપાદાન કારણના જેવું કાર્ય હોય છે" એવું વચન હોવાથી તે તેના ધ્યાનથી તેના જેવી જ દશાને પ્રાપ્ત કરે છે.

આથી જણાય છે કે શુદ્ધનયથી શુદ્ધાત્માની પ્રાપ્તિ હોય છે. ॥ ૧૯૧ ॥

હવે, ધ્રુવરૂપ હોવાથી હું શુદ્ધાત્માની જ ભાવના કરું છું - એવો વિચાર કરે છે.

## ગાથા ૧૯૨

એ રીત દર્શન-જ્ઞાન છે, ઈન્દ્રિય-અતીત મહાર્થ છે,
માનું હું - આલંબન રહિત, જીવ શુદ્ધ, નિશ્ચળ, ધ્રુવ છે. ૧૯૨.

અન્વયાર્થ :– [**अहम्**] હું [**आत्मकं**] આત્માને [**एवं**] એ રીતે [**ज्ञानात्मानं**] જ્ઞાનાત્મક, [**दर्शनभूतम्**] દર્શનભૂત, [**अतीन्द्रियमहार्थं**] અતીન્દ્રિય મહા પદાર્થ, [**ध्रुवम्**] ધ્રુવ, [**अचलम्**] અચળ, [**अनालम्बं**] નિરાલંબ અને [**शुद्धं**] શુદ્ધ [**मन्ये**] માનું છું.

ટીકાર્થ : પદ ખંડના રૂપથી વ્યાખ્યાન કરે છે. માનું છું, ધ્યાવું છું. બધા પ્રકારથી ઉપાદેયરૂપથી ભાવના કરું છું.

પ્રશ્ન : એવું કરવાવાળો તે કોણ છે ?

ઉત્તર : કર્તારૂપ એવો હું, આવું કરું છું.

પ્રશ્ન : કર્મતાને પ્રાપ્ત કોને માનું છું ?

ઉત્તર : સહજ પરમાનંદ એક લક્ષણ નિજાત્માને માનું છું.

પ્રશ્ન : તે આત્મા કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : રાગાદિ સંપૂર્ણ વિભાવોથી રહિત શુદ્ધ છે.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : ટાંકણાથી ઘડાયેલાની જેમ ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવરૂપ હોવાથી ધ્રુવ અવિનશ્વર છે.

પ્રશ્ન : વળી તે કેવો છે ?

ઉત્તર : આ પ્રકારે પહેલા કહેવાયેલ અનેક પ્રકારથી અખંડ એક જ્ઞાન દર્શન સ્વરૂપ છે.

પ્રશ્ન : વળી તે કેવા સ્વરૂપવાળો છે ?

ઉત્તર : અતીન્દ્રિય છે, મૂર્ત અને વિનશ્વર એવી અનેક ઈન્દ્રિયોથી રહિત હોવાને કારણે અમૂર્ત અવિનશ્વર એક અતીન્દ્રિય સ્વભાવવાળો છે.

પ્રશ્ન : વળી તે કેવો છે ?

ઉત્તર : મોક્ષ લક્ષણ નામના મહા પુરુષાર્થનો સાધક હોવાથી મહાઅર્થ છે.

પ્રશ્ન : વળી કયા સ્વભાવવાળો છે ?

ઉત્તર : અતિ ચપળ-ચંચલ મન-વચન-કાયના વ્યાપારથી રહિત હોવાને કારણે સ્વસ્વરૂપમાં નિશ્ચળ સ્થિર છે.

પ્રશ્ન : વળી કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : સ્વાધીન દ્રવ્યરૂપ હોવાથી આલંબન સહિત ભરિત-અવસ્થ રૂપ હોવા છતાં પણ સંપૂર્ણ પરાધીન-પરદ્રવ્યોના આલંબનથી રહિત હોવાને કારણે નિરાવલંબન સ્વરૂપ છે. એવો અર્થ છે. આ વિશેષણોથી વિશિષ્ટ સહજ પરમાનંદ એક સ્વભાવી સ્વ આત્માનો જ હું સ્વીકાર કરું છું. તેનું જ ધ્યાન કરું છું. અને તેની જ ભાવના કરું છું. ॥ ૧૯૨ ॥

હવે, આત્માથી જુદા શરીર આદિ અધ્રુવ હોવાથી ભાવના કરવા યોગ્ય નથી એવું પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૧૯૩

લક્ષ્મી, શરીર, સુખદુઃખ અથવા શત્રુ મિત્ર જનો અરે !
જીવને નથી કંઈ ધ્રુવ, ધ્રુવ ઉપયોગ-આત્મક જીવ છે. ૧૯૩.

અન્વયાર્થ :– [**देहा: वा**] શરીરો, [**द्रविणानि वा**] ધન, [**सुखदु:खे**] સુખદુઃખ [**वा अथ**] અથવા [**शत्रुमित्रजना:**] શત્રુમિત્રજનો–એ કાંઈ [**जीवस्य**] જીવને [**ध्रुवा: न सन्ति**] ધ્રુવ નથી, [**ध्रुव:**] ધ્રુવ તો [**उपयोगात्मक: आत्मा**] ઉપયોગાત્મક આત્મા છે.

ટીકાર્થ : ધ્રુવ-અવિનશ્વર, નિત્ય નથી.

પ્રશ્ન : કોને તે ધ્રુવ નથી ?

ઉત્તર : જીવને તે ધ્રુવ નથી.

પ્રશ્ન : તે કોણ ધ્રુવ નથી ?

ઉત્તર : શરીર અથવા દ્રવ્ય આદિ બધા પ્રકારથી શુચિભૂત-પવિત્ર, શરીર રહિત, પરમાત્માથી વિલક્ષણ ઔદારિક આદિ પાંચ શરીર તથા તેવી જ રીતે પાંચ ઈન્દ્રિયોના ભોગ-ઉપભોગના સાધક પરદ્રવ્ય ધ્રુવ નથી. શરીર આદિ જ માત્ર ધ્રુવ નથી એવું નથી. પરંતુ વિકાર રહિત પરમાનંદ એક લક્ષણ નિજાત્માથી ઉત્પન્ન સુખરૂપી અમૃતથી વિરૂદ્ધ લક્ષણ, એવા સાંસારિક સુખ દુઃખ પણ ધ્રુવ નથી.

અહો હે ભવ્યો ! શત્રુ મિત્ર આદિ ભાવથી રહિત, આત્માથી ભિન્ન, શત્રુ અને મિત્ર આદિ જન પણ ધ્રુવ નથી. જો આ બધા અધ્રુવ છે, તો ધ્રુવ કોણ છે ? જો એવો પ્રશ્ન હોય તો તેનો ઉત્તર કહે છે.

ઉત્તર : ધ્રુવ, શાશ્વત છે.

પ્રશ્ન : તે કોણ ધ્રુવ છે ?

ઉત્તર : પોતાનો આત્મા ધ્રુવ છે.

પ્રશ્ન : તે પોતાનો આત્મા કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : ત્રણ લોકરૂપી પેટના છિદ્રમાં સ્થિત સંપૂર્ણ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ત્રણ કાળના વિષયોને એક સાથે જાણવામાં સમર્થ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉપયોગ સ્વરૂપ છે.

આ પ્રકારે શરીર આદિ બધાની અધ્રુવતા-અનિત્યતા જાણીને, ધ્રુવ સ્વભાવી સ્વ આત્માની ભાવના કરવી જોઈએ એવું તાત્પર્ય છે. ॥ ૧૯૩ ॥

આ પ્રકારે અશુદ્ધ નયથી અશુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે - આ કથનરૂપથી પહેલી ગાથા, શુદ્ધનયથી શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે - એવા કથનરૂપથી બીજી ગાથા, ધ્રુવતા-નિત્યતાને કારણે આત્મા જ ભાવના કરવા યોગ્ય છે - આ કથનરૂપથી ત્રીજી ગાથા અને આત્માથી ભિન્ન અધ્રુવ (સંયોગાદિ) ભાવના કરવા યોગ્ય નથી - એવા કથનરૂપથી ચોથી, આ પ્રકારે શુદ્ધાત્માના વિશેષ કથનની મુખ્યતાથી પહેલા સ્થળમાં ચાર ગાથાઓ પૂર્ણ થઈ.

હવે, આ પ્રકારે પહેલા (ગાથા ૧૯૦ થી ૧૯૩ સુધી) કહેવામાં આવેલ પદ્ધતિથી શુદ્ધાત્માની પ્રાપ્તિ થવાથી શું ફળ હોય છે ? એવો પ્રશ્ન થવાથી તેનો ઉત્તર કહે છે.

## ગાથા ૧૯૪

- આ જાણી, શુદ્ધાત્મા બની, ધ્યાવે પરમ નિજ આત્મને,
સાકાર અણ-આકાર હો, તે મોહગ્રંથિ ક્ષય કરે. ૧૯૪.

અન્વયાર્થ :– [**य:**] જે [**एवं ज्ञात्वा**] આમ જાણીને [**विशुद्धात्मा**] વિશુદ્ધાત્મા થયો થકો [**परमात्मानं**] પરમ આત્માને [**ध्यायति**] ધ્યાવે છે, [**स:**] તે [**साकार: अनाकार:**] સાકાર હો કે અનાકાર હો–[**मोहदुर्ग्रन्थिं**] મોહદુર્ગ્રંથિને [**क्षपयति**] ક્ષય કરે છે.

ટીકાર્થ : કર્તારૂપ જે ધ્યાન કરે છે.

પ્રશ્ન : કોનું ધ્યાન કરે છે ?

ઉત્તર : નિજાત્માનું ધ્યાન કરે છે.

પ્રશ્ન : કેવા નિજાત્માનું ધ્યાન કરે છે ?

ઉત્તર : પરમ અનંત જ્ઞાનાદિ ગુણોનો આધાર હોવાથી પરમ ઉત્કૃષ્ટ નિજાત્માનું ધ્યાન કરે છે.

પ્રશ્ન : પહેલા શું કરીને તેનું ધ્યાન કરે છે ?

ઉત્તર : આ પ્રકારની પહેલાની (ગાથામાં) કહેલી પદ્ધતિરૂપ નિજાત્માની પ્રાપ્તિ લક્ષણ સ્વસંવેદન જ્ઞાનથી નિજાત્માને જાણીને પછી તેનું ધ્યાન કરે છે.

પ્રશ્ન : તે કેવો થયો થકો તેનું ધ્યાન કરે છે ?

ઉત્તર : ખ્યાતિ, પૂજા, લાભ આદિ સંપૂર્ણ ઈચ્છા સમૂહોથી રહિત હોવાને કારણે વિશુદ્ધાત્મા થયો થકો તેનું ધ્યાન કરે છે.

પ્રશ્ન : વળી તે કેવો છે ?

ઉત્તર : સાગાર-અનાગાર છે. અથવા સાકાર-અનાકાર છે. જે આકાર અર્થાત્ વિકલ્પની સાથે વર્તે છે તે સાકાર-આકાર સહિત જ્ઞાન ઉપયોગ છે. અનાકાર-વિકલ્પ રહિત દર્શન ઉપયોગ આ બન્નેથી સહિત સાકાર-અનાકાર છે. અથવા સાકાર એટલે સવિકલ્પ ગૃહસ્થ અને અનાકાર એટલે નિર્વિકલ્પ મુનિરાજ અથવા સાકાર એટલે લિંગ-ચિન્હરૂપથી જે વર્તે છે તે આકાર સહિત-સાકાર યતિ-મુનિ છે. અને અનાકાર અર્થાત્ ચિન્હ રહિત ગૃહસ્થ છે.

જે આ ગુણોથી સહિત છે તે મોહરૂપી દુર્ગ્રંથિ, ખરાબ ગાંઠનો ક્ષય કરે છે. મોહ જ ખરાબ ગાંઠ છે. મોહ દુર્ગ્રંથી, શુદ્ધાત્માની રૂચિની પ્રતિબંધક એવી દર્શન મોહ (રૂપ) છે, તેને નષ્ટ કરે છે.

આથી એમ નિશ્ચિત થયું કે મોહરૂપી ગ્રંથિનો વિનાશ જ, આત્મ ઉપલબ્ધિનું ફળ છે. ॥ ૧૯૪ ॥

હવે, દર્શન મોહરૂપી ગ્રંથીના નાશથી શું થાય છે ? એવો પ્રશ્ન થવા પર સમાધાન આપે છે.

## ગાથા ૧૯૫

હણી મોહગ્રંથિ, ક્ષય કરી રાગાદિ, સમસુખદુઃખ જે
જીવ પરિણમે શ્રામણ્યમાં, તે સૌખ્ય અક્ષયને લહે. ૧૯૫.

અન્વયાર્થ :– [**य:**] જે [**निहतमोहग्रन्थि**] મોહગ્રંથિને નષ્ટ કરી, [**रागप्रदेषौ क्षपयित्वा**] રાગ-દ્વેષનો ક્ષય કરી, [**समसुखदु:ख**] [૪]સમસુખદુઃખ થયો થકો [**श्रामण्ये भवेत्**] શ્રામણ્યમાં (મુનિપણામાં) પરિણમે છે, [**स:**] તે [**अक्षयं सौख्यं**] અક્ષય સૌખ્યને [**लभते**] પ્રાપ્ત કરે છે.

ટીકાર્થ : જે પહેલા ગાથામાં કહેલ હતી તે પદ્ધતિથી દર્શનમોહરૂપી ગાંઠથી રહિત થઈને નિજ

૪. સમસુખ દુઃખ = જેને સુખ અને દુઃખ સમાન છે એવા.

શુદ્ધાત્મમાં નિશ્ચળ અનુભૂતિ લક્ષણ વીતરાગ ચારિત્રને રોકવાવાળા ચારિત્ર મોહ નામના રાગ-દ્વેષનો ક્ષય કરી.

પ્રશ્ન : ક્યાં રાગ-દ્વેષનો ક્ષય કરીને ?

ઉત્તર : સ્વસ્વભાવ (ની પ્રગટતા રૂપ) લક્ષણ (એવા) શ્રામણ્યમાં તેનો ક્ષય કરીને.

પ્રશ્ન : વળી શું કરીને ?

ઉત્તર : થઈને.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા થઈને ?

ઉત્તર : સ્વશુદ્ધાત્માના સ્વસંવેદનથી ઉત્પન્ન, રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત પરમ સુખરૂપી અમૃતના અનુભવથી, સાંસારિક સુખ દુઃખથી ઉત્પન્ન હર્ષ વિષાદ રહિત હોવાને કારણે સુખ દુઃખમાં સમતાભાવવાળો હોય છે. તે આ ગુણોથી વિશિષ્ટ ભેદજ્ઞાની અક્ષય સુખને પ્રાપ્ત કરે છે.

આથી જણાય છે કે દર્શન-મોહના ક્ષય પછી ચારિત્ર મોહરૂપ રાગ-દ્વેષનો વિનાશ થાય છે. અને તેનાથી સુખ દુઃખ આદિમાં મધ્યસ્થ લક્ષણ શ્રામણ્ય-મુનિપણામાં અવસ્થાન થાય છે તેનાથી અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે. ॥ ૧૯૫ ॥

હવે, પોતાના શુદ્ધાત્મામાં એકાગ્રતા લક્ષણ ધ્યાન, આત્માની અત્યંત વિશુદ્ધિ કરે છે એવું આવેદન કરે છે—મર્યાદાપૂર્વક જ્ઞાન કરાવે છે.

## ગાથા ૧૯૬

જે મોહમળ કરી નષ્ટ, વિષયવિરક્ત થઈ, મન રોકીને,
આત્મસ્વભાવે સ્થિત છે, તે આત્મને ધ્યાનાર છે. ૧૯૬.

અન્વયાર્થ :– [**यः**] જે [**क्षपितमोहकलुषः**] મોહમળનો ક્ષય કરી, [**विषयविरक्तः**] વિષયથી વિરક્ત થઈ, [**मनः निरुध्य**] મનનો નિરોધ કરી, [**स्वभावे समवस्थितः**] સ્વભાવમાં સમવસ્થિત છે, [**सः आत्मान**] તે આત્મા [**ननु ध्याता भवति**] ધ્યાનાર છે.

ટીકાર્થ : જે મોહ-કલુષતાના ક્ષયથી સહિત છે. મોહ અર્થાત્ દર્શનમોહ, કલુષ અર્થાત્ ચારિત્ર મોહ. પહેલાની બે ગાથામાં કહેવામાં આવેલ ક્રમથી જેના દ્વારા મોહ અને કલુષતાનો ક્ષય કરવામાં આવેલ છે, તે મોહ અને કલુષતાનો ક્ષય કરવાવાળો છે.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : મોહ અને કલુષ રહિત પોતાના આત્માની અનુભૂતિથી સારી રીતે ઉત્પન્ન સુખરૂપી અમૃતરસના આસ્વાદના બળથી, કલુષ અને મોહના ઉદયથી ઉત્પન્ન વિષય સુખની આકાંક્ષાથી રહિત થવાને કારણે વિષયોથી વિરક્ત છે.

પ્રશ્ન : વળી તે કેવો છે ?

ઉત્તર : સારી રીતે અવસ્થિત છે.

પ્રશ્ન : સારી રીતે ક્યાં અવસ્થિત છે ?

ઉત્તર : પોતાના પરમાત્મ દ્રવ્યરૂપ સ્વભાવમાં અવસ્થિત છે.

પ્રશ્ન : પહેલા શું કરીને સ્વભાવમાં અવસ્થિત છે ?

ઉત્તર : વિષય કષાયથી ઉત્પન્ન વિકલ્પ સમૂહરૂપ મનને રોકીને, નિશ્ચલ કરીને સ્વભાવમાં અવસ્થિત છે. તે આ ગુણો સહિત પુરુષ પોતાના આત્માનો ધ્યાતા છે. તે જ શુદ્ધાત્માના ધ્યાનથી આત્યાંતિક (હંમેશાને માટે પરિપૂર્ણ) મુક્તિ લક્ષણ શુદ્ધિને પ્રાપ્ત થાય છે.

આથી નિશ્ચિત થયું કે શુદ્ધ આત્માના ધ્યાનથી જીવ વિશુદ્ધ થાય છે.

બીજી બાબત એ છે કે ધ્યાનથી ખરેખર આત્મા શુદ્ધ થાય છે આ ધ્યાનના વિષયમાં ચાર પ્રકારથી વિશેષ કથન કરે છે. તે આ પ્રકારે છે.

ધ્યાન, ધ્યાનસંતાન, તેવી રીતે ધ્યાન ચિંતા અને ધ્યાનનું અન્વય સૂચન. (પ્રથમ) ત્યાં એકાગ્ર ચિંતા નિરોધ, એક અગ્ર વિષયમાં ચિંતાનું રોકાય જવું ધ્યાન છે, અને તે ધ્યાન શુદ્ધ અશુદ્ધ રૂપે બે પ્રકારનું હોય છે.

હવે ધ્યાન સંતાન કહે છે, જ્યાં અંતર્મૂહુર્ત સુધી ધ્યાન છે, પછી અંતર્મૂહુર્ત પર્યંત તત્ત્વની ચિંતા-તત્ત્વ ચિંતન હોય છે. ફરી અંતર્મૂહુર્ત સુધી ધ્યાન અને ફરી તત્ત્વ ચિંતન આ પ્રકારે પ્રમત્ત અપ્રમત્ત ગુણસ્થાનની જેમ અંતર્મૂહુર્તે-અંતર્મૂહર્ત પસાર થવાથી જે પરિવર્તન છે તે ધ્યાન સંતાન-ધ્યાનની પરંપરા કહેવામાં આવે છે અને તે ધર્મધ્યાન સંબંધી છે. શુક્લધ્યાન તો ઉપશમ શ્રેણી કે ક્ષપકશ્રેણીના આરોહણથી થાય છે. ત્યાં સમય ઓછો હોવાથી પરિવર્તનરૂપ ધ્યાન સંતાન ઘટિત થતું નથી.

હવે, ધ્યાન ચિંતા કહેવામાં આવે છે. જ્યાં ધ્યાન સંતાનની જેમ ધ્યાનનું પરિવર્તન નથી ધ્યાન સંબંધી ચિંતા-ચિંતન છે, ત્યાં જો કે કોઈ સમયે ધ્યાન કરે છે તો પણ તે ધ્યાન ચિંતા કહેવાય છે.

હવે ધ્યાન અન્વય સૂચન કહેવામાં આવે છે. જ્યાં ધ્યાનની સામગ્રી ભૂત બાર અનુપેક્ષા અથવા ધ્યાન સંબંધી અન્ય સંવેગ-વૈરાગ્ય રૂપ વચન અથવા વિશેષ કથન છે તે ધ્યાન અન્વય સૂચન છે.

અથવા બીજા ચાર પ્રકારથી ધ્યાનનું વ્યાખ્યાન થાય છે. ધ્યાતા, ધ્યાન, ધ્યાનનું ફળ અને ધ્યેય અથવા આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લના ભેદથી ચાર પ્રકારરૂપ ધ્યાનનું વિશેષ કથન કરવામાં આવે

છે તે બીજી જગ્યાએ (પંચાસ્તિકાય - જયસેન આચાર્યકૃત તાત્પર્યવૃત્તિ ટીકા - ગાથા-૧૮૧ માં) કહેવામાં આવેલ છે.

આ પ્રકારે આત્માના પરિજ્ઞાનથી દર્શનમોહનો ક્ષય થાય છે આ કથનરૂપ પહેલી ગાથા, દર્શન મોહના ક્ષયથી ચારિત્ર મોહનો ક્ષય થાય છે-આ કથનરૂપ બીજી ગાથા, અને આ બન્નેના ક્ષયથી મોક્ષ થાય છે એવા પ્રતિપાદનરૂપ ત્રીજી, આ પ્રકારે આત્માની પ્રાપ્તિના ફળ કથનરૂપ બીજા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ. ॥ ૧૯૬ ॥

હવે, શુદ્ધાત્મ તત્ત્વને પ્રાપ્ત સકળજ્ઞાની-કેવળજ્ઞાની કોનું ધ્યાન કરે છે ? એવો પ્રશ્ન અથવા આક્ષેપના માધ્યમથી પૂર્વપક્ષ કરે છે.

## ગાથા ૧૯૭

શા અર્થને ધ્યાવે શ્રમણ, જે નષ્ટઘાતિકર્મ છે,
પ્રત્યક્ષસર્વપદાર્થ ને જ્ઞેયાન્તપ્રાપ્ત, નિઃશંક છે ? ૧૯૭.

અન્વયાર્થ :– [**निहतघनघातिकर्मा**] જેમણે ઘનઘાતિકર્મનો નાશ કર્યો છે, [**प्रत्यक्षं सर्वभावतत्त्वज्ञः**] જે સર્વ પદાર્થોના સ્વરૂપને પ્રત્યક્ષ જાણે છે અને [**ज्ञेयान्तगतः**] જે જ્ઞેયના પારને પામેલા છે [**असन्देहः श्रमणः**] એવા સન્દેહ રહિત શ્રમણ [**कम् अर्थं**] કયા પદાર્થને [**ध्यायति**] ધ્યાવે છે ?

ટીકાર્થ : પહેલાની ગાથામાં કહેલ નિશ્ચળ નિજ પરમાત્મ તત્ત્વમાં પરિણતિ રૂપ શુદ્ધ ધ્યાન દ્વારા ઘનરૂપ ઘાતિ કર્મોને નષ્ટ કરવાવાળા, જેવી રીતે પ્રત્યક્ષ થાય છે તેવી રીતે બધા પદાર્થો તત્ત્વોને જાણવાવાળા-બધા પદાર્થોને પૂર્ણરૂપથી જાણવાના સ્વરૂપવાળા જ્ઞેયોના અંત ને પ્રાપ્ત-જાણવાની અપેક્ષાએ જ્ઞેયભૂત પદાર્થોનાં પારને પ્રાપ્ત, (બધાને જાણવાવાળા) આ પ્રકારના ત્રણ વિશેષણોથી સહિત જીવન-મરણ આદિમાં સમભાવરૂપથી પરિણત આત્મ સ્વરૂપ શ્રમણ-મહાશ્રમણ-સર્વજ્ઞ-કેવળી ભગવાન કયા પદાર્થનું ધ્યાન કરે છે ? એવો પ્રશ્ન છે. અથવા

પ્રશ્ન : કયા પદાર્થનું ધ્યાન કરે છે ?

ઉત્તર : કોઈ પણ પદાર્થનું ધ્યાન નથી કરતા. એવો આક્ષેપ છે.

પ્રશ્ન : તે સર્વજ્ઞ કેવા થયા થકા કોઈનું પણ ધ્યાન નથી કરતા ?

ઉત્તર : તે સંદેહ રહિત-સંશય આદિ દોષોથી રહિત થયા થકા કોઈનું પણ ધ્યાન નથી કરતા.

અહીં એમ અર્થ છે કે જેવી રીતે કોઈ પણ દેવદત્ત, વિષય-સુખની પ્રાપ્તિને માટે વિદ્યાની

આરાધનારૂપ ધ્યાન કરે છે અને જ્યારે વિદ્યા સિદ્ધ થઈ જાય છે ત્યારે તેના ફળસ્વરૂપે વિષયસુખને પ્રાપ્ત થઈ જાય છે. પછી તેની આરાધનારૂપ ધ્યાન નથી કરતો. તેવી રીતે આ ભગવાન પણ કેવળજ્ઞાનરૂપી વિદ્યાની પ્રાપ્તિને માટે તેના ફળસ્વરૂપ અનંત સુખની પ્રાપ્તિને માટે પહેલા છદ્મસ્થ દશામાં શુદ્ધ આત્માની ભાવના રૂપ (તદ્રૂપ પરિણમન) ધ્યાન કરે છે. હવે તે ધ્યાનથી કેવળજ્ઞાનરૂપી વિદ્યા સિદ્ધ થઈ ગઈ છે તથા તેના ફળ સ્વરૂપે અનંત સુખ પણ પ્રગટ થઈ ગયું છે. ત્યારે તે શા માટે, અથવા કયા પદાર્થનું ધ્યાન કરે છે ? એવો પ્રશ્ન અથવા આક્ષેપ છે.

આ પ્રશ્ન અથવા આક્ષેપનું બીજું પણ કારણ છે કે પદાર્થના પરોક્ષ હોવા પર ધ્યાન હોય છે. કેવળી ભગવાનને બધા પદાર્થો પ્રત્યક્ષ છે, ત્યારે ધ્યાન કેવી રીતે કરે ? આ પ્રકારે પુર્વપક્ષની અપેક્ષાએ એક ગાથા પૂરી થઈ. ॥ ૧૯૭ ॥

હવે, અહીં પૂર્વપક્ષનો પરિહાર આપે છે - નિરાકરણ કરે છે.

## ગાથા ૧૯૮

બાધા રહિત, સકલાત્મમાં સંપૂર્ણસુખજ્ઞાનાઢ્ય જે,
ઇન્દ્રિય-અતીત અનિંદ્રિ તે ધ્યાવે પરમ આનંદને. ૧૯૮.

અન્વયાર્થ :– [**अनक्षः**] અનિન્દ્રિય અને [**अक्षातीतः भूतः**] ઇન્દ્રિયાતીત થયેલો આત્મા [**सर्वाबाधवियुक्तः**] સર્વ બાધા રહિત અને [**समन्तसर्वाक्षसौख्यज्ञानाढ्यः**] આખા આત્મામાં સમંત (સર્વ પ્રકારનાં, પરિપૂર્ણ) સૌખ્ય તેમ જ જ્ઞાનથી સમૃદ્ધ વર્તતો થકો [**परं सौख्यं**] પરમ સૌખ્યને [**ध्यायति**] ધ્યાવે છે.

ટીકાર્થ : ધ્યાન કરે છે. એકાકાર સમરસી ભાવથી પરિણમન કરે છે - અનુભવ કરે છે.

પ્રશ્ન : ધ્યાન કરવારૂપ ક્રિયાના કર્તા તે કોણ છે ?

ઉત્તર : તે ભગવાન ધ્યાન કરવારૂપ ક્રિયાના કર્તા છે.

પ્રશ્ન : તે કોનું ધ્યાન કરે છે ?

ઉત્તર : તે સૌખ્યનું ધ્યાન કરે છે.

પ્રશ્ન : તે સૌખ્ય કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : તે સૌખ્ય ઉત્કૃષ્ટ સંપૂર્ણ આત્મપ્રદેશોમાં આહ્‌લાદને ઉત્પન્ન કરવાવાળું પરમ અનંત સુખરૂપ છે.

પ્રશ્ન : આવા સુખનું ધ્યાન તે કયા પ્રસંગમાં-કયા સમયે કરે છે ?

ઉત્તર : જે ક્ષણથી સારી રીતે ઉત્પન્ન થયું છે ત્યારથી જ તે તેવા સુખનુ તેઓ ધ્યાન કરે છે.

પ્રશ્ન : તે કઈ વિશેષતા રૂપથી ઉત્પન્ન થયેલ છે ?

ઉત્તર : અક્ષાતીત-ઈન્દ્રિય રહિત થયેલ છે. માત્ર સ્વયં જ ઈન્દ્રિય રહિત થયા છે એટલું જ નહીં પરંતુ બીજાઓને માટે પણ તેઓ અનક્ષ-ઈન્દ્રિયોનો વિષય નથી. એવો અર્થ છે.

પ્રશ્ન : વળી તે કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : "સવ્વાબાધવિજુતો" આ શબ્દમાં પ્રાકૃત ભાષાના લક્ષણના માધ્મથી બાધા શબ્દનો હ્રસ્વ બાધ શબ્દ બનેલ છે મુળ શબ્દ "સર્વ બાધા વિયુક્ત" છે. આ-સમન્તાત્-બધી તરફથી બાધા-પીડા આબાધા છે. સંપૂર્ણ તરફથી તે આબાધા સર્વાબાધાથી રહિત સર્વ બાધાથી મુક્ત અર્થાત્ તે સંપૂર્ણ બાધાઓથી રહિત થયા છે. અને તે કયા રૂપે થયા છે ?

ઉત્તર : સમન્તતઃ- પૂર્ણ રૂપથી સ્પર્શન આદિ બધી ઈન્દ્રિયો સંબંધી સૌખ્ય અને જ્ઞાનથી સમૃદ્ધ છે. અથવા સમન્તતઃ સંપૂર્ણ આત્મ પ્રદેશોથી સ્પર્શન આદિ બધી ઈન્દ્રિયો સંબંધી જે જ્ઞાન અને સૌખ્ય બન્ને તેનાથી આઢ્ય-પરિપૂર્ણ છે. એવો અર્થ છે.

તે આ પ્રકારે,

જ્યારે આ ભગવાન નિશ્ચય રત્નત્રય સ્વરૂપ કારણ સમયસારના બળથી એકદેશ પ્રગટ સાંસારિક જ્ઞાન અને સુખના કારણભૂત તથા સંપૂર્ણ આત્મપ્રદેશોથી ઉત્પન્ન સ્વાભાવિક અતીન્દ્રિય જ્ઞાન અને સુખ ને નષ્ટ કરવાવાળી, તે ઈન્દ્રિયોનું અતિક્રમણ કરે છે-વિનાશ કરે છે; ત્યારે તે જ સમયે સંપૂર્ણ બાધાઓથી રહિત થયા થકા, અતીન્દ્રિય અનંત આત્માના આશ્રયથી ઉત્પન્ન, સુખનું ધ્યાન કરે છે-અનુભવ કરે છે-તે રૂપ પરિણમન કરે છે.

આથી એમ જણાય છે કે કેવળીને અન્ય વિષયમાં ચિંતાના નિરોધ લક્ષણવાળું ધ્યાન નથી. પરંતુ આ જ પરમસુખના અનુભવને અથવા ધ્યાનના કાર્યભૂત કર્મોની નિર્જરાને જોઈને ધ્યાન શબ્દથી ઉપચરિત કરવામાં આવે છે. અને જે સયોગ કેવળીને ત્રીજું શુકલધ્યાન તથા અયોગી કેવળીને ચોથું શુકલ ધ્યાન હોય છે, એવું કથન છે તે ઉપચારથી જાણવું જોઈએ. એવો ગાથાનો અભિપ્રાય છે. ॥ ૧૯૮ ॥

(આ પ્રકારે સયોગી કેવળી "સૂક્ષ્મક્રિયા પ્રતિપાતિ" અને વ્યુપરત ક્રિયા નિવૃત્તિ લક્ષણ શુકલધ્યાન દ્વારા સાધ્યભૂત સર્વશ્રેષ્ઠ સિદ્ધોમાં ઉત્પન્ન ભાવિ સૌખ્યનું ધ્યાન કરે છે.) *(આચાર્ય પ્રભાચંદ્ર - પ્રવચનસાર સરોજભાસ્કર ટીકા)*

હવે, આ પ્રકારે કેવળી ભગવાન કોનું ધ્યાન કરે છે આ પ્રશ્નની મુખ્યતાથી પહેલી ગાથા તથા પરમ સુખનું ધ્યાન-અનુભવ કરે છે એ પ્રકારના પરિહારની મુખ્યતાથી બીજી ગાથા, આ પ્રકારે ધ્યાન સંબંધી પૂર્વપક્ષ અને પરિહારની અપેક્ષાએ ત્રીજા સ્થળમાં બે ગાથાઓ પૂરી થઈ.

હવે, અહીં નિજશુદ્ધાત્માની પર્યાયમાં પ્રગટતા લક્ષણ જ મોક્ષમાર્ગ છે, બીજા કોઈ નથી. એવું વિશેષરૂપથી સમર્થન કરે છે.

## ગાથા ૧૯૯

શ્રમણો, જિનો, તીર્થંકરો આ રીત સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા; નમું તેમને, નિર્વાણના તે માર્ગને. ૧૯૯.

અન્વયાર્થ :– [**जिनाः जिनेन्द्राः श्रमणाः**] જિનો, જિનેંદ્રો અને શ્રમણો (અર્થાત્ સામાન્ય કેવળીઓ, તીર્થંકરો અને મુનિઓ) [**एवं**] આ રીતે (પૂર્વે કહેલી રીતે જ)[**मार्गं समुत्थिताः**] માર્ગમાં આરૂઢ થયા થકા [**सिद्धाः जाताः**] સિદ્ધ થયા. [**नमः अस्तु**] નમસ્કાર હો [**तेभ्यः**] તેમને [**च**] અને [**तस्मै निर्वाणमार्गाय**] તે નિર્વાણમાર્ગને.

ટીકાર્થ : થયા છે.

પ્રશ્ન : કેવા થયા છે ?

ઉત્તર : સિદ્ધ-સિદ્ધ પરમેષ્ઠી-મુક્ત આત્મા, મુક્ત અવસ્થારૂપ થયા છે. એવો અર્થ છે.

પ્રશ્ન : કર્તારૂપ કોણ સિદ્ધ થયા છે ?

ઉત્તર : જિન-અણાગાર કેવળી સિદ્ધ થયા છે. માત્ર કેવળી જિન જ સિદ્ધ થયા છે એમ નથી પણ જિનેન્દ્ર-તીર્થંકર પરમદેવ પણ સિદ્ધ થયા છે.

પ્રશ્ન : આ બધા શું થયા થકા સિદ્ધ થયા છે ?

ઉત્તર : પોતાના પરમાત્મ તત્ત્વની અનુભૂતિ લક્ષણમાર્ગ-મોક્ષમાર્ગમાં આરૂઢ-મોક્ષમાર્ગનો આશ્રય લેતા થકા સિદ્ધ થયા છે.

પ્રશ્ન : કેવા મોક્ષમાર્ગનો આશ્રય લેતા થકા સિદ્ધ થયા છે ?

ઉત્તર : પહેલા અનેક પ્રકારે કહેવામાં આવેલ ક્રમવાળા મોક્ષમાર્ગનો આશ્રય લેતા થકા સિદ્ધ થયા છે. માત્ર કેવળી અને તીર્થંકર જ આ માર્ગથી સિદ્ધ નથી થયા, પરંતુ સુખ-દુઃખ આદિમાં સમતાભાવથી પરિણત આત્મતત્ત્વ લક્ષણ યુક્ત શેષ અચરમ શરીરી શ્રમણ-એ જ ભવમાં મુક્ત નહીં થવાવાળા બીજા મુનિરાજો પણ (પછીથી) આ માર્ગથી સિદ્ધ થયા છે.

અચરમ શરીરીઓને તે જ ભવે મોક્ષ નહીં જવાવાળાને સિદ્ધપણું કેવી રીતે સંભવ છે ? જો એવો પ્રશ્ન હોય તો કહે છે કે,

“તપથી સિદ્ધ, નયથી સિદ્ધ, સંયમથી સિદ્ધ, ચારિત્રથી સિદ્ધ, જ્ઞાન અને દર્શનથી સિદ્ધ થયેલ

સિદ્ધ ભગવંતોને હું મસ્તક નમાવીને નમસ્કાર કરું છું.''

આ પ્રકારે ગાથામાં કહ્યા પ્રમાણેના ક્રમથી એકદેશ સિદ્ધતા અચરમ શરીરી જીવોને પણ માનવામાં આવી છે.

તેમને નમસ્કાર હો. તેમને મારા અનંતજ્ઞાન આદિ સિદ્ધ ગુણોના સ્મરણરૂપ ભાવ નમસ્કાર હો તથા વિકાર રહિત-સ્વસંવિતિ-પોતાના આત્મસ્વરૂપમાં લીનતા લક્ષણ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગને મારા નમસ્કાર હો.

આથી એમ નિશ્ચિત થયું કે આ જ મોક્ષમાર્ગ છે બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. ॥ ૧૯૯ ॥

હવે, ''હું સામ્યનો આશ્રય ગ્રહણ કરું છું જેનાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે.'' એવી પહેલા કરવામાં આવેલ પ્રતિજ્ઞાનું પાલન કરતા થકા સ્વયં પણ મોક્ષમાર્ગરૂપ પરિણતિનો સ્વીકાર કરે છે, એવું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૨૦૦

એ રીત તેથી આત્મને જ્ઞાયકસ્વભાવી જાણીને,
નિર્મમપણે રહી સ્થિત આ પરિવર્જું છું હું મમત્વને. ૨૦૦.

અન્વયાર્થ :– [**तस्मात्**] તેથી (અર્થાત્ શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ વડે જ મોક્ષ થતો હોવાથી) [**तथा**] એ રીતે [**आत्मानं**] આત્માને [**स्वभावेन ज्ञायकं**] સ્વભાવથી જ્ઞાયક [**ज्ञात्वा**] જાણીને [**निर्ममत्वे उपस्थित:**] હું નિર્મમત્વમાં સ્થિત રહ્યો થકો [**ममतां परिवर्जयामि**] મમતાનો પરિત્યાગ કરું છું.

ટીકાર્થ : આથી પહેલા કહેવામાં આવેલ શુદ્ધાત્માની પ્રાપ્તિ લક્ષણ મોક્ષમાર્ગથી સામાન્ય કેવળી તીર્થંકર કેવળી અને મુનિરાજ સિદ્ધ થયા છે. તેથી હું પણ તેવી જ રીતે તે પ્રકારથી જાણીને.

પ્રશ્ન : તેવી જ રીતે કોને જાણીને ?

ઉત્તર : નિજ પરમાત્માને તેવી જ રીતે જાણીને.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા નિજ પરમાત્માને જાણીને ?

ઉત્તર : જ્ઞાયક-કેવળજ્ઞાન આદિ અનંતગુણ સ્વભાવવાળા નિજ પરમાત્માને જાણીને.

પ્રશ્ન : તેને કોના વડે જાણીને ?

ઉત્તર : સંપૂર્ણ રાગાદિ વિભાવોથી રહિત શુદ્ધ બુદ્ધ એક સ્વભાવ દ્વારા જ્ઞાયક સ્વભાવી પોતાના પરમાત્માને જાણીને.

પ્રશ્ન : જાણ્યા બાદ હું શું કરું છું ?

ઉત્તર : પરિ-સમન્તાત્-બધી તરફથી પૂર્ણ રીતથી હું છોડું છું.

પ્રશ્ન : પૂર્ણ રૂપથી હું કોને છોડું છું ?

ઉત્તર : સંપૂર્ણ ચેતન, અચેતન અને મિશ્રરૂપ પર દ્રવ્ય સંબંધી મમતાને હું છોડું છું.

પ્રશ્ન : કેવો થયો થકો હું તેને છોડું છું ?

ઉત્તર : ઉપસ્થિત પરિણમિત થયો થકો હું તેને છોડું છું.

પ્રશ્ન : ક્યાં ઉપસ્થિત થયો થકો હું તેને છોડું છું ?

ઉત્તર : સંપૂર્ણ પર દ્રવ્ય સંબંધી મમકાર-અહંકારથી રહિત હોવાને કારણે નિર્મમત્વ લક્ષણ પરમ સામ્ય નામક વીતરાગ ચારિત્રમાં અથવા તે વીતરાગ ચારિત્રરૂપ પરિણત નિજ શુદ્ધાત્મ સ્વભાવમાં ઉપસ્થિત થયો થકો હું તેને છોડું છું.

તે આ પ્રકારે,

પ્રથમ તો હું કેવળજ્ઞાન-દર્શન સ્વભાવરૂપ હોવાથી જ્ઞાયક એક ટંકોત્કીર્ણ સ્વભાવ છું એવો હોવાથી મારો પર દ્રવ્યની સાથે સ્વસ્વામી આદિ સંબંધ નથી માત્ર એટલું જ નહીં પરંતુ નિશ્ચયથી જ્ઞેય જ્ઞાયક સંબંધ પણ નથી. આ કારણે હું સંપૂર્ણ પરદ્રવ્યોના પ્રતિ મમત્વ રહિત થઈને પરમ સામ્ય લક્ષણ મારા શુદ્ધાત્મામાં સ્થિત રહું છું.

વિશેષ એમ છે કે ‘‘હું સામ્યનો આશ્રય-ગ્રહણ કરું છું.’’ એવી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરતા થકા સ્વયં પણ મોક્ષમાર્ગ પરિણતિનો સ્વીકાર કરે છે. એવું જે ગાથાની પાતનિકાના પ્રારંભમાં કહેવામાં આવેલ હતું તે.

પ્રશ્ન : તેનાથી શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : જે તે પ્રતિજ્ઞાને ગ્રહણ કરી સિદ્ધ-મુક્ત અવસ્થાને પ્રાપ્ત થયા છે તેમના દ્વારા જ તે પ્રતિજ્ઞા વસ્તુવૃત્તિથી-ખરેખરમાં પુર્ણ કરવામાં આવી છે. તથા ‘‘કુંદકુંદાચાર્ય દેવ’’ દ્વારા જ્ઞાન અધિકાર અને દર્શન અધિકાર આ બે અધિકારરૂપ ગ્રંથની સમાપ્તિરૂપથી તે સમાપ્ત કરવામાં આવી છે. અને શિવકુમાર મહારાજ દ્વારા તે ગ્રંથને સાંભળવારૂપથી પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં આવી છે.

પ્રશ્ન : આ રૂપથી તેમની પ્રતિજ્ઞા પૂર્ણ કેમ થઈ છે ? એવો જો પ્રશ્ન હોય તો આચાર્ય ઉત્તર આપે છે કે જે સિદ્ધ થયા છે. તેમની આ પ્રતિજ્ઞા પૂર્ણ થઈ પરંતુ તે કુંદકુંદાચાર્યદેવ અને શિવકુમાર મહારાજની પ્રતિજ્ઞા પૂર્ણ નથી થઈ.

પ્રશ્ન : એમની પ્રતિજ્ઞા પૂર્ણ કઈ રીતે નથી થઈ ?

ઉત્તર : ચરમ શરીરનો (એટલે કે) તેજ ભવથી મોક્ષ જવાનો અભાવ હોવાથી તેમની પ્રતિજ્ઞા પૂરી નથી થઈ. ॥ ૨૦૦॥

આ પ્રકારે જ્ઞાન અધિકાર અને દર્શન અધિકારની પૂર્ણતારૂપથી છેલ્લા ચોથા સ્થળમાં બે

ગાથાઓ પુરી થઈ.

આ પ્રકારે સ્વશુદ્ધાત્માની ભાવનારૂપ મોક્ષમાર્ગ દ્વારા, જે સિદ્ધિને પ્રાપ્ત થયા છે. અને જે તેના આરાધક છે. તેમને દર્શન અધિકારની અપેક્ષાએ અંતિમ મંગળને માટે તથા ગ્રંથની અપેક્ષાએ મધ્યમ મંગળને માટે તે પદના અભિલાષી થઈને નમસ્કાર કરે છે.

**વધારાની ગાથા નં. ૧૪**

**दंसणसंसुद्धाणं सम्मण्णाणोवजोगजुताणं ।**
**अव्वाबाधरदाणं णमो णमो सिद्धसाहूणं ।।**

સંશુદ્ધ દર્શન યુકત સમ્યકૂજ્ઞાનના ઉપયોગ યુત,
નિર્બાદ્ધથી સિદ્ધ-સાધુઓને નમન હો ત્રણ યોગ યુત.

ગાથાર્થ : દર્શનથી સંશુદ્ધ, સમ્યકૂજ્ઞાન અને ઉપયોગથી સહિત નિર્બાધરૂપથી સ્વરૂપલીન સિદ્ધ સાધુઓને વારંવાર નમસ્કાર હો.

ટીકાર્થ : નમસ્કાર હો ! નમસ્કાર હો ! વારંવાર નમસ્કાર કરું છું - આ પ્રકારે ભક્તિની અધિકતા દર્શાવી છે.

પ્રશ્ન : કોને નમસ્કાર હો ?

ઉત્તર : સિદ્ધ સાધુઓને નમસ્કાર હો.

સિદ્ધ શબ્દથી વાચ્ય પોતાના આત્માની ઉપલબ્ધિ લક્ષણ અરિહંત અને સિદ્ધોને તથા સાધુ શબ્દથી વાચ્ય સિદ્ધ દશાને સાધવાવાળા આચાર્ય ઉપાધ્યાય અને સાધુઓને નમસ્કાર હો.

પ્રશ્ન : વળી પણ બીજી કઈ વિશેષતાવાળાને નમસ્કાર હો ?

ઉત્તર : ત્રણ મુઢતા આદિ ૨૫ દોષથી રહિત સમ્યકૂદર્શનથી સંશુદ્ધ જીવોને નમસ્કાર હો.

પ્રશ્ન : વળી પણ બીજી કઈ વિશેષતાવાળાને નમસ્કાર હો ?

ઉત્તરઃ સંશય આદિ ત્રણ મૂઢતા આદિ ૨૫ દોષોથી રહિત, સમ્યકૂદર્શનથી સંશુદ્ધ જીવોને નમસ્કાર હો !

પ્રશ્ન : વળી પણ બીજી કઈ વિશેષતાવાળાને નમસ્કાર હો ?

ઉત્તર : સંશય આદિ દોષોથી રહિત જ્ઞાન સમ્યકૂજ્ઞાન છે તેનો ઉપયોગ સમ્યકૂજ્ઞાન ઉપયોગ છે. યોગ અર્થાત વિકલ્પ રહિત સમાધિ-સ્વરૂપલીનતા રૂપ વીતરાગ ચારિત્ર, એવો અર્થ છે. તેનાથી સહિત-સમ્યકૂજ્ઞાન ઉપયોગથી સહિત તેમના માટે તેમને નમસ્કાર હો !

પ્રશ્ન : વળી કયા સ્વરૂપવાળાને નમસ્કાર હો ?

ઉત્તર : સમ્યકૂજ્ઞાન આદિ રૂપ ભાવનાથી ઉત્પન્ન આવ્યાબાધ બાધા રહિત અને અનંત સુખમાં

લીન જીવોને નમસ્કાર હો !

આ પ્રકારે નમસ્કાર ગાથા સહિત ચાર સ્થળો દ્વારા ચોથો વિશેષ અંતર અધિકાર પૂરો થયો.

આ પ્રકારે અગિયાર ગાથાઓ સુધી શુભઉપયોગ અશુભ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ આ ત્રણની મુખ્યતાથી પહેલા વિશેષ અંતર અધિકાર, ત્યારબાદ નવ ગાથાઓ સુધી પુદ્ગલોના પરસ્પર બંધની મુખ્યતાથી બીજો વિશેષ અંતર અધિકાર, તે ઉપરાંત ૧૯ ગાથાઓ સુધી પુદ્ગલ કર્મની સાથે જીવના બંધની મુખ્યતાથી ત્રીજો વિશેષ અંતર અધિકાર અને ત્યારપછી બાર ગાથાઓ સુધી વિશેષ ભેદ ભાવના ચુલિકા વ્યાખ્યાન રૂપ ચોથો વિશેષ અંતર અધિકાર, આ પ્રકારે ૫૧ ગાથાઓ દ્વારા ચાર વિશેષ અંતર અધિકારરૂપથી વિશેષ ભેદ ભાવના નામનો ચોથો અધિકાર પૂરો થયો.

આ પ્રકારે ''શ્રી જયસેન આચાર્ય'' કૃત ''તાત્પર્યવૃત્તિમાં'' ૩૫ ગાથાઓ સુધી સામાન્ય જ્ઞેય વ્યાખ્યાન તે ઉપરાંત ૧૯ ગાથાઓ સુધી જીવ, પુદ્ગલ, ધર્માદિ ભેદના વિશેષ જ્ઞેય-વ્યાખ્યાન, ત્યારબાદ આઠ ગાથાઓ સુધી સામાન્ય ભેદ ભાવના અધિકાર, ત્યારબાદ એકાવન ગાથાઓ સુધી વિશેષ ભેદ ભાવના અધિકાર. આ પ્રકારે ચાર અધિકારથી ૧૧૩ ગાથાઓ દ્વારા સમ્યક્દર્શન અધિકાર-બીજું નામ જ્ઞેય અધિકાર નામનો બીજો મહાધિકાર પૂરો થયો.

કાર્યની અપેક્ષાએ અહીં (૨૧૪ ગાથા સુધી) જ ગ્રંથ પૂરો થઈ ગયો છે. એમ જાણવું જોઈએ.

પ્રશ્ન : એવું કેમ જાણવું જોઈએ ? એવો જો પ્રશ્ન હોય તો કહે છે કે સામ્યનો આશ્રય ગ્રહણ કરું છું આ પ્રતિજ્ઞાની પૂર્ણતા થવાથી અહીં જ ગ્રંથની પૂર્ણતા જાણવી જોઈએ.

## ૩. સમ્યક્ ચારિત્ર મહાઅધિકાર (ચરણાનુયોગ સૂચક ચૂલિકા)

અહીંથી આગળ ક્રમાનુસારથી ૯૭ ગાથાઓ સુધી ચૂલિકારૂપે ચારિત્ર અધિકારનું વ્યાખ્યાન શરૂ થાય છે.

ત્યાં સૌથી પહેલાં ઉત્સર્ગરૂપથી ચારિત્રનું સંક્ષેપમાં વ્યાખ્યાન છે. ત્યાર પછી અપવાદરૂપથી તે જ ચારિત્રનું વિસ્તારથી વ્યાખ્યાન છે. ત્યાર પછી શ્રામણ્ય અપરનામ મોક્ષમાર્ગનું વ્યાખ્યાન છે. આ ઉપરાંત શુભોપયોગનું વ્યાખ્યાન છે. આ પ્રકારે ચાર અંતર અધિકાર છે.

**ચારિત્ર અધિકાર અપરનામ ચરણાનુયોગ સૂચક ચૂલિકાનું અંતરઅધિકાર વિભાજન**

| અંતર અધિકાર ક્રમ | અંતર અધિકાર પ્રતિપાદન મુખ્ય વિષય | ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથાઓ |
|---|---|---|---|
| પહેલા | ઉત્સર્ગરૂપથી ચારિત્રનું સંક્ષેપમં વ્યાખ્યાન | ૨૦૧ થી ૨૧૯ વધારાની ૨ ગાથા | ૨૧ |
| બીજો | અપવાદરૂપથી ચારિત્રનું વિસ્તૃત વ્યાખ્યાન | ૨૨૦ થી ૨૩૧ વધારાની ૧૮ ગાથા | ૩૦ |
| ત્રીજો | મોક્ષમાર્ગ વ્યાખ્યાન | ૨૩૨ થી ૨૪૪ વધારાની ૧ ગાથા | ૧૪ |
| ચોથો | શુભોપયોગ વ્યાખ્યાન | ૨૪૫ થી ૨૭૫ વધારાની ૧ ગાથા | ૩૨ |
| કુલ ચાર અંતર અધિકાર | | | કુલ ૯૭ |

**પહેલા અંતર અધિકારનું સ્થળ વિભાજન**

| સ્થળ ક્રમ | મુખ્ય વિષય | ગાથા ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
|---|---|---|---|
| ૧ | દીક્ષાભિમુખ પુરુષનું દીક્ષા વિધાનનું કથન | ૨૦૧ થી ૨૦૭ | ૭ |
| ૨ | મુલગુણ કથન | ૨૦૮ થી ૨૦૯ | ૨ |
| ૩ | ગુરુ વ્યવસ્થા અને પ્રાયશ્ચિત કથન | ૨૧૦ થી ૨૧૨ | ૩ |
| ૪ | મુનિરાજ સંબંધી | ૨૧૩ થી ૨૧૬ | ૩ |
| ૫ | ભાવહિંસા- દ્રવ્યહિંસાનું નિરાકરણ | ૨૧૬ થી ૨૨૧ | ૬ |
| | | કુલ ગાથા | ૨૧ |

## સમ્યક્ચારિત્ર મહાઅધિકાર

હવે ચારિત્ર અધિકાર સંબંધી પ્રથમ અંતર અધિકારની સાત ગાથાઓમાં નિર્બદ્ધ પહેલું સ્થળ પ્રારંભ થાય છે.

હવે, આસન્નભવ્ય જીવોને ચારિત્રમાં પ્રેરિત કરે છે.

### ગાથા ૨૦૧

એ રીત પ્રણમી સિદ્ધ, જિનવરવૃષભ, મુનિને ફરી ફરી,
શ્રામણ્ય અંગીકૃત કરો, અભિલાષ જો દુખમુક્તિની. ૨૦૧.

અન્વયાર્થ :– [**यदि दु:खपरिमोक्षम् इच्छति**] જો દુઃખથી પરિમુક્ત થવાની ઈચ્છા હોય તો, [**एवं**] પૂર્વોક્ત રીતે (જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપનની પહેલી ત્રણ ગાથાઓ પ્રમાણે [**पुन: पुन:**] ફરી ફરીને [**सिद्धान्**] સિદ્ધોને, [**जिनवरवृषभान्**] જિનવરવૃષભોને (-અર્હંતોને) તથા [**श्रमणान्**] શ્રમણોને [**प्रणम्य**] પ્રણમીને, [**श्रामण्यं प्रतिपद्यताम्**] (જીવ) શ્રામણ્યને અંગીકાર કરો.

ટીકાર્થ : સ્વીકાર કરો - ગ્રહણ કરો.

પ્રશ્ન : કોને ગ્રહણ કરે ?

ઉત્તર : શ્રામણ્ય-ચારિત્રને ગ્રહણ કરો.

પ્રશ્ન : શું ઈચ્છે છે  તો તે ગ્રહણ કરે ?

ઉત્તર : જો દુઃખથી પૂર્ણ મુક્તિ ઈચ્છતા હો તો તેનો સ્વીકાર કરો.

પ્રશ્ન : સ્વીકાર કરનારરૂપ કર્તા તે કોણ છે ?

ઉત્તર : બીજાનો આત્મા તેનો સ્વીકાર કરે.

પ્રશ્ન : તે તેનો કેવી રીતે સ્વીકાર કરે ?

ઉત્તર : પહેલાં કહેવાઈ ગયું છે તે અનુસાર પાંચ ગાથાઓ દ્વારા પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરી દુઃખથી છૂટવાનો ઈચ્છુક એવો હું પોતે, અથવા પહેલા કહેવાયેલા અન્ય ભવ્યોએ જેવી રીતે તે ચારિત્રનો સ્વીકાર કર્યો છે તેમ સ્વીકાર કરે.

પ્રશ્ન : તે પહેલાં શું કરીને તેનો સ્વીકાર કરે ?

ઉત્તર : તે પ્રણામ કરીને તેનો સ્વીકાર કરે.

પ્રશ્ન : કોને પ્રણામ કરીને તેનો સ્વીકાર કરે ?

ઉત્તર : અંજન, પાદુકા આદિની સિદ્ધિથી વિલક્ષણ પોતાના આત્માની પૂર્ણ ઉપલબ્ધિરૂપ

સિદ્ધિથી સહિત સિદ્ધોને-સાસાદન ગુણસ્થાનથી શરૂ કરી ક્ષીણ-કષાય પર્યંત ગુણસ્થાન પર્યંત (ના જીવ) એક દેશ જિન કહેવાય છે અને બીજા અનાગાર કેવળી જિનવર કહેવાય છે તથા તીર્થંકર પરમદેવ જિનવર વૃષભ છે, તે જિનવર વૃષભોને પ્રણામ કરીને માત્ર સિદ્ધો અને જિનવર વૃષભોને જ પ્રણામ કરીને નહીં, પરંતુ ચૈતન્ય ચમત્કાર માત્ર પોતાના આત્મા સંબંધી સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ નિશ્ચય રત્નત્રયસ્વરૂપ આચરણના પ્રતિપાદનમાં અને સાધવામાં પ્રયત્નશીલ શ્રમણ શબ્દથી વાચ્ય આચાર્ય-ઉપાધ્યાય અને સાધુઓને વારંવાર પ્રણામ કરી સ્વીકાર કરે.

વિશેષ આ છે કે પહેલાં ગ્રંથની શરૂઆત કરવા સમયે 'સામ્યનો આશ્રય લઉં છું' - આ પ્રમાણે શિવકુમાર મહારાજ પ્રતિજ્ઞા કરે છે એમ કહેલું, અને હવે મારો આત્મા ચારિત્રને પ્રાપ્ત કરે છે. (આમ કહ્યું), આમ પહેલાંના અને આ કથનમાં વિરોધ છે. આચાર્ય તેનું સમાધાન કરતાં કહે છે કે ગ્રંથની શરૂઆત કરતાં પહેલાં જ દીક્ષા ગ્રહણ કરવાવાળા જીવની અપેક્ષાએ, હું સામ્યનો આશ્રય લઉં છું—એવું કહ્યું હતું, પરંતુ અહીં ગ્રંથ રચનાના માધ્યમથી (ચારિત્રરૂપ) ભાવના પરિણત કોઈ પણ આત્માને બતાવે છે અર્થાત્ કોઈ શિવકુમાર મહારાજને અથવા બીજા કોઈ પણ ભવ્ય જીવને ચારિત્ર સ્વીકાર કરતા બતાવે છે. આ કારણથી આ ગ્રંથમાં પુરુષનો નિયમ નથી, કાળનો નિયમ નથી-એવો અભિપ્રાય છે. ॥ ૨૦૧ ॥

હવે, શ્રમણ થવાની ઈચ્છા કરતાં પહેલાં ક્ષમા ભાવ કરે છે-અથવા આ પ્રકારે આગળ છટ્ઠી (૨૦૭) ગાથામાં જે વ્યાખ્યાન છે, તેને મનમાં ધારણ કરી પહેલાં શું કરીને શ્રમણ થશે, તેનું વિશેષ કથન કરે છે.

## ગાથા ૨૦૨

બંધુજનોની વિદાય લઈ, સ્ત્રી-પુત્ર-વડીલોથી છૂટી,
દગ-જ્ઞાન-તપ-ચારિત્ર-વીર્યાચાર અંગીકૃત કરી. ૨૦૨.

અન્વયાર્થ :– (શ્રામણ્યાર્થી) [**बन्धुवर्गम् आपृच्छय**] બંધુવર્ગની વિદાય લઈને, [**गुरुकुलत्रपुत्रैः विमोचितः**] વડીલો, સ્ત્રી અને પુત્રથી મુક્ત કરવામાં આવ્યો થકો, [**ज्ञानदर्शनचारित्रतपोवीर्याचारम् आसाद्य**] જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને અંગીકાર કરીને..

ટીકાર્થ : પૂછીને.
પ્રશ્ન : કોને પૂછીને ?
ઉત્તર : બંધુસમુહને-ગોત્રવાળાને પૂછીને.

પ્રશ્ન : ત્યારબાદ શું થાય છે ?

ઉત્તર : ત્યાગી થાય છે-છૂટે છે.

પ્રશ્ન : કયા કર્તાઓથી છૂટે છે ?

ઉત્તર : પિતા, માતા, સ્ત્રી, પુત્રોથી છૂટે છે. (પોતાને છોડાવે છે)

પ્રશ્ન : વળી બીજું શું કરીને શ્રમણ થશે ?

ઉત્તર : આશ્રય કરીને શ્રમણ થશે.

પ્રશ્ન : કોનો આશ્રય કરીને શ્રમણ થશે ?

ઉત્તર : જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચારનો આશ્રય લઈને શ્રમણ થશે.

હવે, તેનો વિસ્તાર કરે છે-અહો ! બંધુ સમૂહ, પિતા, માતા, સ્ત્રી, પુત્ર-આ મારો આત્મા હવે પ્રગટ ઉત્કૃષ્ટ ભેદજ્ઞાન જ્યોતિવાળો થયો થકો, નિશ્ચયનયથી અનાદિ બંધુવર્ગ, પિતા, માતા, સ્ત્રી, પુત્ર રૂપ પોતાના જ્ઞાનાનંદ એક સ્વભાવી પરમાત્માનો જ આશ્રય લે છે તે કારણે તમે બધા મને છોડો-આ પ્રકારે ક્ષમા ભાવ કરે છે. ત્યાર પછી બીજું શુ કરે છે ? ઉત્કૃષ્ટ ચૈતન્યમાત્ર પોતાના આત્મતત્ત્વને સર્વ પ્રકારે ઉપાદેયરૂપ-ગ્રહણ કરવાવાળી (માનવાવાળી) રૂચિ, તેની જ જાણકારી અને તેની જ નિશ્ચળ અનુભૂતિરૂપ દર્શાનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, સંપૂર્ણ પરદ્રવ્યો સંબંધી ઈચ્છાઓથી નિવૃત્તિ લક્ષણ તપશ્ચરણ-તપાચાર અને જે પોતાની શક્તિને ગોપવતા નથી તે (સ્વશક્તિ-અગોપનસ્વરૂપ) વીર્યાચાર-આવા નિશ્ચય પંચાચાર તથા આચાર આદિ ચરણાનુયોગના ગ્રંથમાં કહેલા નિશ્ચયપંચાચારના સાધક વ્યવહાર પંચાચારનો આશ્રય કરે છે-એવો અર્થ છે.

અહીં, જે ગોત્ર આદિની સાથે ક્ષમાભાવનું વ્યાખ્યાન (કથન) કર્યું છે, તે અતિપ્રસંગ-અમર્યાદાના નિરોધને માટે કર્યું છે. ત્યાં (ક્ષમાભાવનો) નિયમ નથી.

પ્રશ્ન : ક્ષમાભાવનો નિયમ કેમ નથી ?

ઉત્તર : જો આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તો કહે છે-પ્રાચીન કાળમાં મહદ્ અંશે ભરત, સગર, રામ, પાંડવ વગેરે રાજાઓ જિનદીક્ષા અંગીકાર કરે છે ત્યારે તેમના પરિવારમાં કોઈ મિથ્યાદૃષ્ટિ હોય તે ધર્મઉપર ઉપસર્ગ કરે છે. અને કદાચ કોઈ એમ માને કે હું ગોત્રને પ્રસન્ન કરીને પછી તપશ્ચરણ કરું તો મહદ્અંશે તેનું તે તપશ્ચરણ જ નથી. કોઈપણ પ્રકારે તપશ્ચરણ ગ્રહણ કરીને ગોત્ર વગેરેમાં મમત્વ કરે, તો તે તપોધન જ નથી. વળી તેવું કહ્યું પણ છે કે-

"જે પહેલાં સંપૂર્ણ નગર અને રાજ્યને છોડીને પણ મમત્વ કરે છે તે લિંગધારી (મુનિ) વિશેષપણે સંયમના સાર થી નિસ્સાર છે (રહિત) છે. ॥ ૨૦૨ ॥

હવે, જિન-દીક્ષાના ઈચ્છુક ભવ્ય, જૈનાચાર્યનો આશ્રય લે છે.

## ગાથા ૨૦૩

'મુજને ગ્રહો' કહી, પ્રણત થઈ, અનુગૃહીત થાય ગણી વડે,
- વયરૂપકુલવિશિષ્ટ, યોગી, ગુણાઢ્ય ને મુનિ-ઈષ્ટ જે. ૨૦૩.

અન્વયાર્થ :– [**श्रमणं**] જે શ્રમણ છે, [**गुणाढ्यं**] ગુણાઢ્ય છે, [**कुलरूपवयोविशिष्टं**] કુળ, રૂપ તથા વયથી વિશિષ્ટ છે અને [**श्रमणैः इष्टतरं**] શ્રમણોને અતિ ઈષ્ટ છે [**तम् अपि गणिनं**] એવા ગણીને [**माम् प्रतीच्छ इति**] 'મારો સ્વીકાર કરો' એમ કહીને [**प्रणतः**] પ્રણત થાય છે (-પ્રણામ કરે છે) [**च**] અને [**अनुगृहीतः**] અનુગૃહીત થાય છે.

ટીકાર્થ : નિંદા-પ્રશંસા વગેરેમાં સમાન હૃદયી-સમતાભાવવાળા હોવાથી પહેલાં (૨૦૨ મી) ગાથામાં કહેલા નિશ્ચયપંચાચાર અને વ્યવહાર પંચાચારનું આચરણ કરવા અને કરાવવામાં પ્રવીણ-ચતુર હોવાથી શ્રમણ છે. ચોરાશીલાખ ગુણો અને અઢાર હજાર શીલોના સહકારી કારણભૂત ઉત્તમ પોતાના શુદ્ધાત્માની અનુભૂતિ રૂપ ગુણથી ભરેલા હોવાથી પરિપૂર્ણ હોવાના કારણે ગુણાઢ્ય છે. લોક સંબંધી દુર્ગંચ્છા-ઘૃણા-નિંદાથી રહિત હોવાને કારણે જિન-દીક્ષાને યોગ્યને કુળ કહે છે. અંતરંગમાં શુદ્ધાત્માની અનુભૂતિને દર્શાવનાર પરિગ્રહ રહિત (ગાંઠ રહિત) વિકાર રહિત વેષને રૂપ કહે છે. શુદ્ધાત્માની અનુભૂતિનો નાશ કરનારી વૃદ્ધાવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા સંબંધી ઉદ્વેગથી ઉત્પન્ન બુદ્ધિની વિકળતા (અસ્થિરતા) રહિત વય છે. આ કુળ, રૂપ અને વયથી વિશિષ્ટ હોવાને કારણે કુળ, રૂપ, વય વિશિષ્ટ છે. ઈષ્ટતર-સંમતિ સ્વીકાર્ય છે.

પ્રશ્ન : કોને સ્વીકાર્ય છે ?

ઉત્તર : પોતાના પરમાત્મતત્ત્વની ભાવનાથી સહિત, સમચિત-સમભાવ પરિણત શ્રમણો-બીજા આચાર્યોને સ્વીકાર્ય છે. આ પ્રકારના ગુણોથી વિશિષ્ટ, પરમાત્મભાવનાના સાધક, દીક્ષા આપનાર આચાર્યને આશ્રિત હોય છે. ન કેવળ તે આચાર્યને આશ્રિત હોય છે પરંતુ પ્રણત-વિનયી-નમન કરવાવાળા પણ હોય છે.

પ્રશ્ન : કેવા પ્રકારે વિનયી થાય છે ?

ઉત્તર : હે ભગવન્ ! અનંત જ્ઞાનાદિ પોતાના ગુણોરૂપ સંપત્તિને પ્રગટવામાં કારણભૂત અનાદિકાળમાં અત્યંત દુર્લભ ભાવ સહિત જિન-દીક્ષાને આપવા રૂપ પ્રસાદ થી મારો સ્વીકાર કરો. આ પ્રકારે વિનયી થાય છે. ન કેવળ વિનયી થાય છે, પરંતુ તે આચાર્ય દ્વારા અનુગ્રહિત-સ્વીકાર પણ કરાય છે. હે ભવ્ય ! સાર રહિત સંસારમાં દુર્લભબોધિ-રત્નત્રયને પ્રાપ્ત કર. પોતાના શુદ્ધાત્માની ભાવનારૂપ ચાર પ્રકારની નિશ્ચય આરાધનાથી મનુષ્યજન્મને સફળ કરો-આ પ્રકારે અનુગ્રહિત થાય છે-એવો અર્થ છે. ॥ ૨૦૩ ॥

હવે, ગુરુ દ્વારા સ્વીકૃત થયો થકો તે કેવો થાય છે તેનો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૦૪

પરનો ન હું, પર છે ન મુજ, મારું નથી કંઈ પણ જગે,
- એ રીત નિશ્ચિત ને જિતેંદ્રિય સાહજિકરૂપધર બને. ૨૦૪.

અન્વયાર્થ :– [**अहं**] હું [**परेषां**] પરનો [**न भवामि**] નથી, [**परे मे न**] પર મારાં નથી, [**इह**] આ લોકમાં [**मम**] મારું [**किञ्चित्**] કાંઈ પણ [**न अस्ति**] નથી–[**इति निश्चितः**] આવા નિશ્ચયવાળો અને [**जितेन्द्रियः**] જિતેંદ્રિય વર્તતો થકો તે [**यथाजातरूपधरः**] યથાજાતરૂપધર (સહજરૂપધારી) [**जातः**] થાય છે.

ટીકાર્થ : હું પરનો નથી. મારા શુદ્ધાત્માથી જુદા બીજા દ્રવ્યોનો હું સંબંધી નથી. પરદ્રવ્ય મારા સંબંધી નથી. અહીં મારું કંઈ પણ નથી. આ લોકમાં મારા શુદ્ધાત્માથી જુદા કોઈ પણ પર દ્રવ્ય મારા નથી. આ પ્રમાણેની નિશ્ચિત બુદ્ધિવાળો તથા ઈન્દ્રિય અને મનથી ઉત્પન્ન વિકલ્પ સમૂહથી રહિત, અનંતજ્ઞાનાદિ ગુણસ્વરૂપ પોતાના પરમાત્મદ્રવ્યથી વિપરીત, ઈન્દ્રિય અને મનને જીતીને જિતેન્દ્રિય થયો થકો, યથાજાતરૂપધર, વ્યવહારે યથાજાતરૂપ નગ્નતા છે, તથા નિશ્ચયથી પોતાના આત્મરૂપ યથાજાતરૂપ છે, તે આ પ્રકારે યથાજાતરૂપને ધારણ કરે છે-આ પ્રકારે યથાજાતરૂપ ધર નિર્ગ્રંથ અર્થાત્ આરંભ-પરિગ્રહથી રહિત નગ્ન-દિગમ્બર થાય છે. આમ તાત્પર્ય છે. ॥ ૨૦૪॥

હવે, અનાદિકાળથી દુર્લભ પહેલાં (૨૦૪ મી) ગાથામાં કહ્યા પ્રમાણે પોતાના આત્માની પૂર્ણ પ્રગટ પ્રાપ્તિ લક્ષણ સિદ્ધિના કારણભૂત નિર્ગ્રંથ યથાજાતરૂપધરના ગમક-ચિન્હ-ઓળખના ચિન્હ સ્વરૂપ બાહ્ય અને અંતરંગ બે ચિન્હોને કહે છે.

## ગાથા ૨૦૫ - ૨૦૬

જન્મ્યા પ્રમાણે રૂપ, લુંચન કેશનું, શુદ્ધત્વ ને
હિંસાદિથી શૂન્યત્વ, દેહ-અસંસ્કરણ - એ લિંગ છે. ૨૦૫.

અન્વયાર્થ :– [**यथाजातरूपजातम्**] જન્મ સમયના રૂપ જેવા રૂપવાળું, [**उत्पाटित-केशश्मश्रुकं**] માથાના અને દાઢીમૂછના વાળનો લોચ કરાયેલું, [**शुद्धं**] શુદ્ધ (અકિંચન), [**हिंसादितः रहितम्**] હિંસાદિથી રહિત અને [**अप्रतिकर्म**] પ્રતિકર્મ (શરીરની સજાવટ) વિનાનું–[**लिंगं भवति**] એવું (શ્રામણ્યનું બહિરંગ) લિંગ છે.

આરંભ મૂર્છા શૂન્યતા, ઉપયોગયોગ વિશુદ્ધતા,
નિરપેક્ષતા પરથી, -જિનોદિત મોક્ષકારણ લિંગ આ ૨૦૬.

અન્વયાર્થ :– [**मूर्च्छारम्भवियुक्तम्**] મૂર્છા (મમત્વ) અને આરંભ રહિત, [**उपयोगयोग-शुद्धिभ्यां युक्तं**] ઉપયોગની અને યોગની શુદ્ધિથી યુક્ત તથા [**न परापेक्षं**] પરની અપેક્ષા વિનાનું–એવું [**जैनं**] જિનદેવે કહેલું [**लिङ्गम्**] (શ્રામણ્યનું અંતરંગ) લિંગ છે [**अपुनर्भवकारणम्**] કે જે મોક્ષનું કારણ છે.

ટીકાર્થ : પહેલાં (૨૦૪ મી) ગાથામાં કહેલા લક્ષણવાળા યથાજાતરૂપથી નિર્ગ્રંથ હોવાને કારણે યથાજાતરૂપથી ઉત્પન્ન છે. વાળ (માથાના વાળ) શ્મશ્રુ (દાઢી-મૂંછ સંબંધી વાળ) ને સજાવવાથી ઉત્પન્ન રાગાદિ દોષોને ટાળવા માટે વાળ અને શ્મશ્રુ (દાઢી-મૂંછના વાળ)નો લોચ થવાથી ઉત્પાટિત કેશ-શ્મશ્રુ છે. નિર્વદ્ય-પાપ રહિત ચૈતન્ય ચમત્કારથી વિપરીત સંપૂર્ણ સાવદ્ય યોગથી રહિત હોવાને કારણે શુદ્ધ છે. શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચય પ્રાણ હિંસાના કારણભૂત, રાગાદિ પરિણતિ લક્ષણ નિશ્ચય હિંસાનો અભાવ હોવાથી હિંસાદિ રહિત છે. પરમ-ઉપેક્ષા-સંયમના બળે શરીર સંબંધી પ્રતિકારથી રહિત હોવાના કારણે, અપ્રતિકર્મ છે.

પ્રશ્ન : આ બધા રૂપ શું છે ?

ઉત્તર : આ પ્રકારે પાંચ વિશેષણોથી વિશિષ્ટ દ્રવ્યલિંગ છે-આમ જાણવું જોઈએ-આ પ્રમાણે પ્રથમ (૨૦૫ મી) ગાથા પૂર્ણ થઈ.

પરદ્રવ્ય સંબંધી ઈચ્છાથી રહિત, મોહ રહિત પરમાત્મજ્યોતિથી વિલક્ષણ બાહ્ય અન્ય દ્રવ્યમાં મમત્વબુદ્ધિ મૂર્છા કહેવાય છે. મન-વચન અને શરીરના વ્યાપારથી રહિત, ચૈતન્ય ચમત્કારથી વિરૂદ્ધ આરંભ અર્થાત્ વ્યાપાર છે તે મૂર્છા-આરંભથી રહિત મૂર્છા-આરંભ વિમુક્ત છે. વિકાર રહિત સ્વસંવેદન લક્ષણ ઉપયોગ છે, અને વિકલ્પ રહિત સમાધિ યોગ છે. આ બંને ઉપયોગ અને યોગની શુદ્ધિ, ઉપયોગ-યોગ શુદ્ધિ છે-આ શુદ્ધિથી સહિત છે. નિર્મળ અનુભતિરૂપ પરિણતિનું પરદ્રવ્યની અપેક્ષાએ રહિત થવું-પરાપેક્ષા રહિત-પર નિરપેક્ષ છે. પુનઃ જનમ ધારણ કરવારૂપ પરિણામોનો નાશ કરવાવાળા શુદ્ધ આત્મ પરિણામોથી અવિરૂદ્ધ, અપુર્નભવ-મોક્ષનું કારણ અર્થાત્ અપુર્નભવ-કારણ છે. આ જિન સંબંધી અર્થાત્ જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવ્યું છે. આ પ્રકારે પાંચ વિશેષણોથી વિશિષ્ટ છે.

પ્રશ્ન : પાંચ વિશેષણોથી વિશિષ્ટ શું છે ?

ઉત્તર : ભાવલિંગ પાંચ વિશેષણોથી વિશિષ્ટ છે.

આ પ્રમાણે દ્રવ્યલિંગ-ભાવલિંગનું સ્વરૂપ જાણવું જોઈએ. ॥ ૨૦૫-૨૦૬ ॥

હવે, આ બંને નયોને ગ્રહણ કરીને પહેલાં ભાવિ નૈગમનયથી કહેલા પંચાચારના સ્વરૂપનો હવે સ્વીકાર કરી તેના આધારે ઉપસ્થિત-સ્વસ્થ-સ્વરૂપલીન થઈને તે શ્રમણ થાય છે, એમ પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૦૭

ગ્રહી પરમગુરુ-દીધેલ લિંગ, નમસ્કરણ કરી તેમને,
વ્રત ને ક્રિયા સુણી, થઈ ઉપસ્થિત, થાય છે મુનિરાજ એ. ૨૦૭.

અન્વયાર્થ :– [**परमेण गुरुणा**] પરમ ગુરુ વડે દેવામાં આવેલાં [**तद् अपि लिंगम्**] તે બન્ને લિંગને [**आदाय**] ગ્રહીને, [**तं नमस्कृत्य**] તેમને નમસ્કાર કરીને, [**सव्रतां क्रियां श्रुत्वा**] વ્રત સહિત ક્રિયાને સાંભળીને [**उपस्थितः**] ઉપસ્થિત (આત્માની સમીપ સ્થિત) થયો થકો [**सः**] તે [**श्रमणः भवति**] શ્રમણ થાય છે.

ટીકાર્થ : આ પહેલા (૨૦૫ અને ૨૦૬) ગાથામાં કહેલા બંને લિંગોને પણ ગ્રહણ કરીને.

પ્રશ્ન : કેવા બંને લિંગોને ગ્રહણ કરીને ?

ઉત્તર : આ ક્રિયા અધ્યાહાર છે. (પ્રકરણ અનુસાર લઈ લેવું) અર્થાત્ આપવામાં આવેલ બંને લિંગોને ગ્રહણ કરીને.

પ્રશ્ન : કોના દ્વારા આપવામાં આવેલા તેને ગ્રહણ કરવા ?

ઉત્તર : દિવ્યધ્વનિના સમયે પરમાગમના ઉપદેશરૂપે અરહંત ભટ્ટારક ભગવાન દ્વારા તથા દીક્ષાના સમયે દીક્ષા ગુરુ દ્વારા આપવામાં આવેલ તે લિંગોને ગ્રહણ કરી, લિંગ ગ્રહણ કર્યા પછી તે ગુરુને નમસ્કાર કરીને ત્યારપછી સાંભળીને.

પ્રશ્ન : કોને સાંભળીને ? (શેના વિષે સાંભળીને ?)

ઉત્તર : ક્રિયા અર્થાત્ બૃહત્ પ્રતિક્રમણને સાંભળીને.

પ્રશ્ન : કોના સહિત તેને સાંભળીને ?

ઉત્તર : સવ્રત-વ્રતારોપણ સહિત બૃહત પ્રતિક્રમણરૂપ ક્રિયાને સાંભળીને.

અને ત્યારબાદ ઉપસ્થિત-સ્વસ્થ પોતામાં લીન થઈને પહેલાં કહેલ તપોધન-મુનિ, હવે શ્રમણ થાય છે.

અહીં તેનો વિસ્તાર કરે છે-પહેલા (૨૦૫-૨૦૬) ગાથામાં કહેલ બંને લિંગોને ગ્રહણ કરીને પછી પહેલા (૨૦૨ મી) ગાથામાં કહ્યા પ્રમાણે પંચાચારનો આશ્રય લે છે. તે ઉપરાંત અનંતજ્ઞાનાદિ-ગુણ-સ્મરણરૂપ ભાવ નમસ્કાર દ્વારા અને તેવી જ રીતે તે ગુણોના પ્રતિપાદક વચનરૂપ દ્રવ્ય નમસ્કાર દ્વારા ગુરુને નમસ્કાર કરે છે. ત્યારપછી સંપૂર્ણ શુભ-અશુભ પરિણામોથી નિવૃત્તિરૂપ પોતાના

સ્વરૂપમાં નિશ્ચળ અવસ્થાનમયી પરમ સામાયિક વ્રત પર આરોહણ કરે છે-પરમ સામાયિક વ્રતનો સ્વીકાર કરે છે. મન-વચન-કાય અને કૃત કારિત અનુમોદના દ્વારા ત્રણ લોક ત્રણ કાળમાં પણ સંપૂર્ણ શુભ-અશુભ કર્મોથી ભિન્ન પોતાના શુદ્ધાત્મારૂપ પરિણતિ લક્ષણ જે ક્રિયા, તે નિશ્ચયથી બૃહત્ પ્રતિક્રમણ કહેવાય છે; વ્રતારોપણ પછી તેને સાંભળે છે. ત્યારપછી નિર્વિકલ્પ સમાધિના બળે શરીરનો ત્યાગ કરી-શરીર પ્રત્યેનો મોહ છોડી, ઉપસ્થિત-સ્વરૂપલીન થાય છે. અને તેને આ પ્રકારે પરિપૂર્ણ શ્રમણ સંબંધી સામગ્રી હોવાથી પરિપૂર્ણ શ્રમણ થાય છે. એવો અર્થ છે. ॥ ૨૦૭ ॥

આ પ્રકારે દીક્ષાની સન્મુખ પુરુષને દીક્ષા-વિધાન કથનની મુખ્યતાથી પહેલા સ્થળની સાત ગાથાઓ પૂર્ણ થઈ.

(હવે, મૂળગુણના કથનરૂપ બે ગાથાઓવાળું બીજું સ્થળ શરૂ થાય છે.)

હવે, જ્યારે વિકલ્પ રહિત સામાયિક સંયમથી ચ્યુત થાય છે ત્યારે વિકલ્પ સહિત છેદોપસ્થાપન ચારિત્રનો સ્વીકાર કરે છે. આવું કથન કરે છે.

## ગાથા ૨૦૮ - ૨૦૯

વ્રત, સમિતિ, લુંચન, આવશ્યક, અણચેલ, ઈન્દ્રિયરોધનં,
નહિ સ્નાન-દાતણ, એક ભોજન, ભૂશયન, સ્થિતિભોજનં. ૨૦૮.

અન્વયાર્થ :– [**व्रतसमितीन्द्रियरोधः**] વ્રત, સમિતિ, ઈન્દ્રિયરોધ, [**लोचावश्यकम्**] લોચ, આવશ્યક, [**अचेलम्**] અચેલપણું [**अस्नानं**] અસ્નાન, [**क्षितिशयनम्**] ક્ષિતિશયન, [**अदन्तधावनं**] અદંતધાવન, [**स्थितिभोजनम्**] ઊભાં ઊભાં ભોજન [**च**] અને [**एकभक्तं**] એક વખત આહાર–

- આ મૂળગુણ શ્રમણો તણા જિનદેવથી પ્રજ્ઞપ્ત છે,
તેમાં પ્રમત્ત થતાં શ્રમણ છેદોપસ્થાપક થાય છે. ૨૦૯.

અન્વયાર્થ :– [**एते**] આ [**खलु**] ખરેખર [**श्रमणानां मूलगुणाः**] શ્રમણોના મૂળગુણો [**जिनवरैः प्रज्ञप्ताः**] જિનવરોએ કહ્યા છે; [**तेषु**] તેમાં [**प्रमत्तः**] પ્રમત્ત થયો થકો [**श्रमणः**] શ્રમણ [**छेदोपस्थापकः भवति**] છેદોપસ્થાપક થાય છે.

ટીકાર્થ : વ્રત, સમિતિઓ અને ઈન્દ્રિય નિરોધ (આ પ્રકારે દ્વંદસમાસથી) -

'વ્રતસમિતીન્દ્રિયરોધ' શબ્દ બન્યો. લોચ અને આવશ્યક આ પ્રકારે 'લોચાવશ્યક' શબ્દ બનેલ છે ''સમાહાર-દ્વંદસમાસમાં છેલ્લું પદ એકવચન હોય છે''-આ સૂત્ર અનુસાર **लोचावस्सयं** નો **वस्सयं** પદ એકવચનમાં યોજ્યું છે. અચેલક (નિર્વસ્ત્ર), અસ્નાન, ભૂમિશયન, અંદતધોવન

ઊભા રહીને ભોજન અને એકવાર ભોજન, ખરેખરમાં શ્રમણોના ૨૮ મૂળગુણ જિનેન્દ્ર ભગવાને કહ્યા છે. આ મૂળગુણોમાં જ્યારે પ્રમત્ત થાય છે-ત્યારે તેનાથી ચ્યુત થાય છે.

પ્રશ્ન : તે કોણ તેમાં પ્રમત્ત થાય છે ?

ઉત્તર : શ્રમણ-તપોધન-મુનિરાજ જ્યારે પ્રમત્ત થાય છે ત્યારે તેઓ તે સમયે છેદોપસ્થાપક થાય છે. છેદ એટલે કે વ્રત ખંડન થવાથી, ફરીથી તેમાં જ ઉપસ્થિત થવાવાળા છેદોપસ્થાપક છે.

તે આ પ્રકારે નિશ્ચયથી મૂળ આત્મા છે, તેના કેવળજ્ઞાનાદિ અનંતગુણ મૂળગુણ છે, અને તે વિકલ્પ રહિત સમાધિરૂપ પરમ સામાયિક નામ નિશ્ચય એકવ્રતરૂપ મોક્ષના બીજભૂત હોવાથી, મોક્ષ થવાથી બધા પ્રગટ થાય છે. આ કારણે તે સામાયિક મૂળગુણોને પ્રગટ કરવાના કારણરૂપ હોવાથી નિશ્ચય મૂળગુણ છે અને જ્યારે આ જીવ વિકલ્પ રહિત સમાધિમાં સમર્થ હોતો નથી ત્યારે જેમ કોઈપણ સુવર્ણના ઈચ્છુક પુરુષ, સુવર્ણને મેળવી શકતો નથી પરંતુ તેની કુંડલ આદિ પર્યાયોને ગ્રહણ કરે છે, સર્વથા તેનો ત્યાગ કરતો નથી, તેવી રીતે આ જીવ પણ નિશ્ચય મૂળગુણરૂપ પરમ સમાધિના અભાવમાં છેદોપસ્થાપન ચારિત્ર ગ્રહણ કરે છે. છેદ-વ્રત ખંડન થવાથી ફરીથી તેમાં જ ઉપસ્થિત થવું, તે છેદોપસ્થાન છે. અથવા છેદ એટલે વ્રતોના ભેદમાં ઉપસ્થિત થવું તે છેદોપસ્થાન છે. અને તે સંક્ષેપથી પાંચ મહાવ્રતરૂપ છે. અને આ વ્રતોની રક્ષા માટે પાંચ સમિતિ વગેરે ભેદોથી ફરીથી અટ્ઠાવીસ મૂળગુણ ભેદ પડે છે. અને આ મૂળગુણોની રક્ષાને માટે બાવીસ પરીષહજય, બાર પ્રકારના તપના ભેદથી ચોત્રીસ ઉત્તરગુણ હોય છે. અને તેની રક્ષાના હેતુ માટે દેવકૃત, મનુષ્યકૃત, તિર્યંચકૃત અને અચેતનકૃત ચાર પ્રકારના ઉપસર્ગને જીતવા માટે બાર અનુપ્રેક્ષા ભાવના વગેરે હોય છે-આવો અભિપ્રાય છે. ॥ ૨૦૮-૨૦૯ ॥

આ પ્રકારે મૂળગુણ અને ઉત્તરગુણોના કથન અનુસાર બીજા સ્થળમાં બે ગાથા પૂરી થઈ.

(હવે, ગુરુવ્યવસ્થા અને પ્રાયશ્ચિત કથન વિષયક ત્રણ ગાથાઓમાં નિબદ્ધ ત્રીજુ સ્થળ શરૂ થાય છે.)

હવે, તે મુનિરાજને દીક્ષા આપવાવાળા ગુરુ સમાન નિર્યાપક નામના બીજા પણ ગુરુ છે, આ પ્રકારે ગુરુ વ્યવસ્થાનું નિરૂપણ કરે છે.

## ગાથા ૨૧૦

જે લિંગગ્રહણે સાધુપદ દેનાર તે ગુરુ જાણવા;<br>
છેદદ્વયે સ્થાપન કરે તે શેષ મુનિ નિર્યાપકા. ૨૧૦.

અન્વયાર્થ :– [**लिंगग्रहणे**] લિંગગ્રહણ વખતે [**प्रवज्यादायक: भवति**] જે પ્રવજ્યાદાયક

(દીક્ષા દેનાર) છે તે [**तेषां गुरुः इति**] તેમના ગુરુ છે અને [**छेदयोः उपस्थापकाः**] જે [1]છેદદ્વયે ઉપસ્થાપક છે [એટલે કે (૧) જે ભેદોમાં સ્થાપિત કરે છે તેમ જ (૨) જે સંયમમાં છેદ થતાં ફરી સ્થાપિત કરે છે] [**शेषाः श्रमणाः**] તે શેષ શ્રમણો [**निर्यापकाः**] [2]નિર્યાપક છે.

ટીકાર્થ : લિંગ-મુનિવેશ ધારણ કરવામાં તે મુનિરાજના ગુરુ હોય છે.

પ્રશ્ન : તે કોણ તેમના ગુરુ હોય છે ?

ઉત્તર : વિકલ્પ રહિત સમાધિરૂપ પરમ સામાયિકનું નિરૂપણ કરવાવાળા કે જે પ્રવજ્યા-દીક્ષા આપવાવાળા છે, તે જ દીક્ષા ગુરુ છે. અને છેદ થવાથી તેનું નિરાકરણ કરી ફરીથી વ્રતમાં સ્થાપન કરવાવાળા જે છે, તે બાકીના શ્રમણ-મુનિ નિર્યાપક છે અને શિક્ષા ગુરુ છે.

અહીં અર્થ આ છે-વિકલ્પ રહિત સમાધિરૂપ સામાયિકની એકદેશ ચ્યુતિ એકદેશ છેદ છે. તથા સર્વથા-પૂર્ણરૂપ ચ્યુતિ સકળ છેદ છે-આ પ્રકારે દેશ અને સકળના ભેદથી છેદ બે પ્રકારે છે. જેઆ બંને છેદોમાં પ્રાયશ્ચિત આપીને સંવેગ અને વૈરાગ્યને ઉત્પન્ન કરવાવાળા પરમાગમના વચનો દ્વારા સંવરણ કરે છે, તે નિર્યાપક, શિક્ષાગુરુ અને શ્રુતગુરુ કહેવાય છે. દીક્ષા આપવાવાળા દીક્ષાગુરુ છે. એવો અભિપ્રાય છે. ॥ ૨૧૦॥

હવે પહેલા (૨૧૦) ગાથામાં કહેલ બે પ્રકારના છેદના પ્રાયશ્ચિતનું વિધાન કહે છે.

## ગાથા ૨૧૧-૨૧૨

જો છેદ થાય પ્રયત્ન સહ કૃત કાયની ચેષ્ટા વિષે,
આલોચનાપૂર્વક ક્રિયા કર્તવ્ય છે તે સાધુને. ૨૧૧.

અન્વયાર્થ :– [**यदि**] જો [**श्रमणस्य**] શ્રમણને [**प्रयतायां**] *પ્રયત્નપૂર્વક [**समारब्धायां**] કરવામાં આવતી [**कायचेष्टायां**] કાયચેષ્ટાને વિષે [**छेदः जायते**] છેદ થાય છે તો [**तस्यपुनः**] તેણે તો [**आलोचनपूर्विका क्रिया**] *આલોચનપૂર્વક ક્રિયા કરવી જોઈએ.

૧. છેદદ્વયે : બે પ્રકારના છેદ (અહીં (A) સંયમમાં જે ૨૮ મુળગુણરૂપ ભેદ પડે તેને પણ છેદ કહેલ છે અને (B) ખંડનને અથવા દોષને પણ છેદ કહેલ છે છે)

૨. નિર્યાપક : નિર્વાહ કરનાર, સદુપશદેશથી દૃઢ કરનાર, શિક્ષાગુરુ, શ્રુતગુરુ.

* પ્રયત્નપૂર્વક : મુનિને શુદ્ધોપયોગ તે અંતરંગ અથવા નિશ્ચય પ્રયત્ન છે. અને તે શુદ્ધોપયોગદશામાં વર્તતો જે હઠ વગરનો દેહચેષ્ટા સંબંધીનો શુભોપયોગ તે તે બહિરંગ અથવા વ્યવહાર પ્રયત્ન છે.

* આલોચનાપૂર્વક : સૂક્ષ્મતાપૂર્વક જોઈ જવું. બારીકાઈથી વિચારવું.

છેદોપયુક્ત મુનિ, શ્રમણ વ્યવહારવિજ્ઞ કને જઈ,
નિજ દોષ આલોચન કરી, શ્રમણોપદિષ્ટ કરે વિધિ. ૨૧૨.

અન્વયાર્થ :– [**श्रमण: छेदोपयुक्त:**] (પરંતુ) જો શ્રમણ છેદમાં ઉપયુક્ત થયો હોય તો તેણે [**जिनमते**] જિનમતને વિષે [**व्यवहारिणं**] વ્યવહારકુશળ [**श्रमणम् आसाद्य**] શ્રમણ પાસે જઈને, [**आलोच्य**] *આલોચન કરીને (-પોતાના દોષનું નિવેદન કરીને), [**तेन उपदिष्टं**] તેઓ જે ઉપદેશે તે [**कर्तव्यम्**] કરવું જોઈએ.

ટીકાર્થ : પ્રયત્નપૂર્વક શરૂ કરેલી શારીરિક ચેષ્ટાઓમાં જો શ્રમણને છેદ થાય તો તેનો વિસ્તાર કરે છે-જો છેદ થાય છે તો સ્વસ્થભાવ-પોતે પોતામાં સ્થિતિ-લીનતારૂપ પરિણામથી ચ્યુત થવું-છૂટવું તે છેદ છે.

પ્રશ્ન : શામાં છેદ થાય છે ?

ઉત્તર : શરીર સબંધી ચેષ્ટામાં છેદ થાય છે.

પ્રશ્ન : કેવા પ્રકારની શારીરિક ચેષ્ટામાં છેદ થાય છે ?

ઉત્તર : પ્રયત્નપૂર્વક પોતે પોતામાં લીનતા લક્ષણ પ્રયત્નપૂર્વક પ્રારબ્ધ, અશન-ભોજન, શયન-નિદ્રા, યાન-ચર્યા, સ્થાન-બેસવું વગેરે પ્રારંભ કરેલી શારીરિક ક્રિયાઓમાં જો છેદ થાય છે તો તેને ફરીથી આલોચનાપૂર્વક ક્રિયા હોય છે. તે સમયે પોતે પોતામાં લીન તે મુનિરાજને બાહ્ય સહકારી કારણભૂત પ્રતિક્રમણસ્વરૂપ આલોચનાપૂર્વક ક્રિયા જ તેનું પ્રાયશ્ચિત અર્થાત્ પ્રતિકાર છે, તેનાથી કંઈ વિશેષ નથી.

પ્રશ્ન : આટલું જ માત્ર તેનું પ્રાયશ્ચિત કેમ છે ?

ઉત્તર : અંતરંગમાં પોતે પોતામાં લીનતારૂપ પરિણામથી વિચલિત હોવાનો અભાવ હોવાને કારણે તેટલા માત્રથી જ તેનું પ્રાયશ્ચિત થઈ જાય છે. આ પ્રકારે પહેલી (૨૧૧ મી) ગાથા પૂર્ણ થઈ.

છેદમાં પ્રયુક્ત શ્રમણ, તે શ્રમણ, જો વિકાર રહિત આત્માનુભૂતિરૂપ ભાવનાથી ચ્યુતિ લક્ષણ છેદથી પ્રયુક્ત સહિત થાય છે તો, જિનમતમાં વ્યવહાર કુશળ શ્રમણને ત્યારે જિનમતમાં વ્યવહારને જાણવાવાળા પ્રાયશ્ચિતમાં કુશળ શ્રમણ મુનિનો સમાગમ થતાં, ન કેવળ સમાગમ થતાં પરંતુ પ્રપંચ રહિત ભાવથી-કપટ રહિત-ટૂંકમાં આલોચના કરી દોષોને રજૂ કરવા, તથા તેમના દ્વારા કહેલું કરવું જોઈએ. તે પ્રાયશ્ચિત સંબંધી જાણકારી સહિત આચાર્ય દ્વારા વિકાર રહિત પોતાની અનુભૂતિભાવનાને અનુકૂળ, જે પ્રાયશ્ચિત કહેવામાં આવ્યું છે, તે કરવું જોઈએ-આ ગાથાનું તાત્પર્ય છે.

આમ બે પ્રકારના છેદ સંબંધી બે પ્રકારના પ્રાયશ્ચિતનું વિધાન છે. ॥ ૨૧૧-૨૧૨ ॥

આમ, ગુરુવ્યવસ્થા સંબંધી કથનરૂપે પહેલી ગાથા અને આ પ્રમાણે પ્રાયશ્ચિત સંબંધી કથન માટે બે ગાથાઓ-આ પ્રમાણે સમુદાયરૂપે ત્રીજા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂર્ણ થઈ.

(હવે, મુનિરાજ સંબંધી સંક્ષિપ્ત જાણકારીનું કથન ત્રણ ગાથાઓવાળા ચોથા સ્થળમાં શરૂ થાય છે.)

હવે, વિકાર રહિત શ્રામણ્યમાં છેદને ઉત્પન્ન કરવાવાળા પરદ્રવ્યોના સંબંધનો નિષેધ કરે છે.

## ગાથા ૨૧૩

પ્રતિબંધ પરિત્યાગી સદા અધિવાસ અગર વિવાસમાં,
મુનિરાજ વિહરો સર્વદા થઈ છેદહીન શ્રામણ્યમાં. ૨૧૩.

અન્વયાર્થ :– [**अधिवासे**] અધિવાસમાં વસતાં (આત્મવાસમાં અથવા ગુરુઓના સહવાસમાં વસતાં) [**वा**] કે [**विवासे**] વિવાસમાં વસતાં (ગુરુઓથી ભિન્ન વાસમાં વસતાં), [**नित्यं**] સદા [**निबन्धान्**] (પરદ્રવ્યને વિષે) પ્રતિબંધો [**परिहरमाण:**] પરિહરતો થકો [**श्रामण्ये**] શ્રામણ્યને વિષે [**छेदविहीन: भूत्वा**] છેદવિહીન થઈને [**श्रमण: विहरतु**] શ્રમણ વિહરો.

ટીકાર્થ : વિહાર કરો.

પ્રશ્ન : તે કોણ વિહાર કરે ?

ઉત્તર : શત્રુ-મિત્ર વગેરેમાં સમાન ચિત્તવાળા શ્રમણ વિહાર કરે. નિત્ય - બધા કાળે.

પ્રશ્ન : શું કરતા થકા તેઓ વિહાર કરે ?

ઉત્તર : પરિહાર-નિરાકરણ કરતા થકા તે વિહાર કરે. ચેતન, અચેતન અને મિશ્ર પરદ્રવ્યોમાં એકત્વરૂપ-સંબંધનો નાશ કરીને વિહાર કરે.

પ્રશ્ન : તેઓ ક્યાં વિહાર કરે છે ?

ઉત્તર : મહદ્ અંશે ગુરુ-કુળમાં નિવાસ કરે છે અથવા નિશ્ચયથી પોતાના શુદ્ધાત્મામાં નિવાસ કરે છે, અથવા ગુરુથી જુદા ક્ષેત્રમાં વિહાર કરે છે. શું કરતા થકા વિહાર કરે ?

પોતાના શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ નિશ્ચળ ચારિત્રમાં છેદથી રહિત થઈને, રાગાદિ રહિત પોતાના શુદ્ધાત્માની અનુભૂતિ લક્ષણ નિશ્ચય ચારિત્રથી ચ્યુતિરૂપ છેદ રહિત થઈને અહીં વિહાર કરે.

આ પ્રકારે ગુરુ પાસે જેટલા શાસ્ત્ર હોય તેટલાં વાંચીને, અને ત્યારપછી ગુરુને પુછીને સમાનશીલવાળા તપસ્વીઓ સાથે ભેદ-અભેદ રત્નત્રયની ભાવનાથી, ભવ્ય જીવોના આનંદને ઉત્પન્ન કરવાવાળા તપ, શ્રુત, સત્ત્વ, એકત્વ, સંતોષ રૂપ પાંચ ભાવના ભાવીને તીર્થંકર-પરમદેવ,

ગણધરદેવ વગેરે મહાપુરુષોના ચારિત્રની સ્વયં ભાવના ભાવતાં અને બીજાઓને બતાવતા થકા - વિહરે છે - વિહાર કરે છે. ॥ ૨૧૩॥

હવે, શ્રમણતાનું સંપૂર્ણ કારણપણું હોવાથી પોતાના શુદ્ધાત્મ દ્રવ્યમાં હંમેશાં સ્થિતિ કરવી જોઈએ એમ પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૧૪

જે શ્રમણ જ્ઞાન-દૃગાદિકે પ્રતિબદ્ધ વિચરે સર્વદા,
ને પ્રયત મૂળગુણો વિષે, શ્રામણ્ય છે પરિપૂર્ણ ત્યાં. ૨૧૪.

અન્વયાર્થ :– [**यः श्रमणः**] જે શ્રમણ [**नित्यं**] સદા [**ज्ञाने दर्शनमुखे**] જ્ઞાનમાં અને દર્શનાદિકમાં [**निबद्धः**] પ્રતિબદ્ધ [**च**] તથા [**मूलगुणेषु प्रयतः**] મૂળગુણોમાં પ્રયત (પ્રયત્નશીલ) [**चरति**] વિચરે છે, [**सः**] તે [**परिपूर्णश्रामण्यः**] પરિપૂર્ણ શ્રામણ્યવાળો છે.

ટીકાર્થ : આચરણ કરે છે. વર્તે છે.

પ્રશ્ન : કેવું આચરણ કરે છે ?

ઉત્તર : આધીન, નિત્ય-સર્વકાળ હંમેશા આચરણ કરે છે.

પ્રશ્ન : આચરણ કરવાવાળા તે કોણ છે ?

ઉત્તર : લાભ-અલાભ વગેરેમાં સમાનવૃત્તિ રાખવાવાળા શ્રમણ.

પ્રશ્ન : તેઓ ક્યાં નિબદ્ધ-લીન છે ?

ઉત્તર : વીતરાગ-સર્વજ્ઞ ભગવાન દ્વારા કહેવામાં આવેલા પરમાગમના જ્ઞાનમાં અથવા તેના ફળસ્વરૂપ સ્વસંવેદન જ્ઞાનમાં. દર્શન-તત્ત્વાર્થ શ્રદ્ધાન અથવા તેના ફળસ્વરૂપ પોતાના શુદ્ધાત્માને જ ઉપાદેય-ગ્રહણ કરવા યોગ્ય છે. આવી રૂચિરૂપ નિશ્ચય સમ્યક્ત્વ, તેની મુખ્યતા સહિત અનંત સુખાદિ ગુણોમાં નિબદ્ધ છે. અને પ્રયત-પ્રયત્ન પર (એટલે કે) પ્રયત્નશીલ છે.

પ્રશ્ન : શેમાં પ્રયત્નશીલ છે ?

ઉત્તર : મૂળગુણોમાં અથવા નિશ્ચય મૂળગુણોનાં આધારભૂત પરમાત્મદ્રવ્યમાં, પ્રયત્નશીલ છે. જે આ ગુણોથી વિશિષ્ટ શ્રમણ છે, તે સંપૂર્ણ શ્રામણ્ય છે.

અહીં તાત્પર્ય આ છે કે પોતાના શુદ્ધાત્માની ભાવનામાં લીનતા જ સંપૂર્ણ શ્રમણતા હોય છે. ॥ ૨૧૪॥

હવે, શ્રમણતાના છેદનું કારણ હોવાથી પ્રાસુક આહાર વગેરેમાં મમત્વનો નિષેધ કરે છે.

## ગાથા ૨૧૫

મુનિ ક્ષપણ માંહી, નિવાસસ્થાન, વિહાર વા ભોજન મહીં,
ઉપધિ-શ્રમણ-વિકથા મહીં પ્રતિબંધને ઇચ્છે નહીં. ૨૧૫.

અન્વયાર્થ :– [**भक्ते वा**] મુનિ આહારમાં, [**क्षपणे वा**] ક્ષપણમાં (ઉપવાસમાં), [**आवसथे वा**] આવસથમાં (નિવાસસ્થાનમાં), [**पुनः विहारे वा**] વિહારમાં, [**उपधौ**] ઉપધિમાં (પરિગ્રહમાં), [**श्रमणे**] શ્રમણમાં (અન્ય મુનિમાં) [**वा**] અથવા [**विकथायाम्**] [1]વિકથામાં [**निबद्धं**] પ્રતિબંધ [**न इच्छति**] ઇચ્છતો નથી.

ટીકાર્થ : ઈચ્છતા નથી.

પ્રશ્ન : કોને ઈચ્છતા નથી ?

ઉત્તર : નિબદ્ધ-આસક્તિ ઈચ્છતા નથી.

પ્રશ્ન : ક્યાં આસક્તિ ઈચ્છતા નથી ?

ઉત્તર : (૧) શુદ્ધાત્માની ભાવનાના સહકારીભૂત શારીરિક સ્થિતિનું કારણ હોવાથી ગ્રહણ કરવામાં આવેલ ભોજન-પ્રાસુક આહારમાં.

(૨) ઈન્દ્રિયોની પ્રબળતાનો નાશ કરવાના કારણસ્વરૂપ હોવાથી વિકલ્પરહિત સમાધિના કારણભૂત ક્ષપણ-અનશન-ઉપવાસમાં.

(૩) પરમાત્મતત્ત્વની પ્રાપ્તિના સહકારભૂત પર્વત અથવા ગુફા વગેરેના નિવાસમાં.

(૪) શુદ્ધાત્માની ભાવનાના સહકારીભૂત આહાર નિહાર માટે, વ્યવહાર માટે, વ્યવહારમાં અથવા અન્ય સ્થાન પર જવા માટે થવાવાળા વિહારમાં.

(૫) શુદ્ધોપયોગરૂપ ભાવનાના સહકારીભૂત શરીરરૂપ પરિગ્રહમાં અથવા જ્ઞાનના ઉપકરણ (સાધન) વગેરેમાં.

(૬) પરમાત્મ પદાર્થના વિચાર કરવાના સહકારી કારણભૂત (અન્ય) મુનિરાજમાં અથવા સમાનશીલના સમૂહમાં અથવા સમતા અને શીલસમૂહ તપોધન-મુનિરાજમાં.

(૭) પરમ સમાધિ-પૂર્ણ સ્વરૂપલીનતાને નષ્ટ કરવાવાળી શ્રૃંગાર-વીર-રાગાદિ કથામાં આસક્તિ ઈચ્છતા નથી.

અહીં આ અર્થ છે કે-આગમથી વિરુદ્ધ આહાર-વિહાર આદિમાં (મમત્વનો) પહેલેથી જ નિષેધ છે, (અહીં તો) યોગ્ય આહાર-વિહાર વગેરેમાં પણ મમત્વ ન કરવું જોઈએ (એમ કહે છે). ॥૨૧૫॥

આ પ્રમાણે ટૂંકમાં આચાર-આરાધનાદિરૂપથી કહેવાયેલા મુનિરાજના વિહાર સંબંધી વિશેષ કથનની મુખ્યતાથી ચોથા સ્થળમાં ત્રણ ગાથા પૂર્ણ થઈ.

(હવે, ભાવ હિંસા, દ્રવ્યહિંસા નિવારવા સંબંધી છ ગાથાઓમાં નિબદ્ધ છેલ્લું પાંચમું સ્થળ શરૂ થાય છે)

હવે, શુદ્ધોપયોગરૂપ ભાવનાને રોકવાવાળા છેદને કહે છે.

## ગાથા ૨૧૬

આસન-શયન-ગમનાદિકે ચર્યા પ્રયત્નવિહીન જે,
તે જાણવી હિંસા સદા સંતાનવાહિની શ્રમણને. ૨૧૬.

અન્વયાર્થ :– [**श्रमणस्य**] શ્રમણને [**शयनासनस्थानचङ्क्रमणादिषु**] શયન, આસન (બેસવું), સ્થાન (ઊભા રહેવું), ગમન ઇત્યાદિમાં [**अप्रयता वा चर्या**] જે અપ્રયત ચર્યા [**सा**] તે [**सर्वकाले**] સર્વ કાળે [**सन्तता हिंसा इति मता**] સતત હિંસા માનવામાં આવી છે.

ટીકાર્થ : માન્ય કરી છે - સંમત કરી છે - સ્વીકાર્ય છે.

પ્રશ્ન : શું માન્ય કરી છે ?

ઉત્તર : શુદ્ધોપયોગ લક્ષણ શ્રામણ્ય (મુનિપણા)માં છેદના કારણભૂત હિંસા માનવામાં આવી છે.

પ્રશ્ન : તે હિંસા કેવી છે ?

ઉત્તર : તે હિંસા સતત-નિરંતર છે.

પ્રશ્ન : હિંસા કોને માનવામાં આવી છે ?

ઉત્તર : ચર્યા-ચેષ્ટાને હિંસા માનવામાં આવી છે.

પ્રશ્ન : જો આ ચર્યા કેવી હોય તો તે હિંસા માનવામાં આવી છે ?

ઉત્તર : પ્રયત્ન રહિત અથવા કષાયરહિત આત્માનુભૂતિરૂપ પ્રયત્નથી રહિત-સંકલેશથી સહિત ચર્યા હિંસા માનવામાં આવી છે-આવો અર્થ છે.

પ્રશ્ન : કયા વિષયોમાં આત્માનુભૂતિ રહિત ચર્યા હિંસા છે ?

ઉત્તર : સુવામાં, બેસવામાં, ઉઠવામાં, જવામાં, સ્વાધ્યાય કરવામાં, તપશ્ચર્યા વગેરેમાં આત્માનુભૂતિ રહિત-અપ્રયત ચર્ચા સતત હિંસા છે.

પ્રશ્ન : આ હિંસા કોને છે ?

ઉત્તર : શ્રમણ-મુનિરાજને આ હિંસા છે.

પ્રશ્ન : તેમને ક્યારે આ હિંસા હોય છે ?

ઉત્તર : સર્વકાળે તેમને આ હિંસા છે.

અહીં તાત્પર્ય આ છે કે - મુનિરાજો દ્વારા બાહ્ય વ્યાપારરૂપ શત્રુ તો પ્રથમથી જ છોડી દેવાયા છે, ભોજન, શયન વગેરે વ્યાપાર છોડવા સંભવ નથી. તેથી અંતરંગ ક્રોધાદિ શત્રુઓ ઉપર વિજય મેળવવા ત્યાં પણ સંક્લેશ કરવો જોઈએ નહિ. ॥ ૨૧૬ ॥

હવે, અંતરંગ-બહિરંગ હિંસારૂપથી બે પ્રકારના છેદની પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૧૭

જીવો-મરો જીવ, યત્નહીન આચાર ત્યાં હિંસા નક્કી;
સમિતિ-પ્રયત્નસહિતને નહિ બંધ હિંસામાત્રથી. ૨૧૭.

અન્વયાર્થ :– [**जीव:**] જીવ [**म्रियतां वा जीवतु वा**] મરો કે જીવો, [**अयताचारस्य**] અપ્રયત આચારવાળાને [**हिंसा**] (અંતરંગ) હિંસા [**निश्चिता**] નિશ્ચિત છે; [**प्रयतस्य समितस्य**] [1]પ્રયતને, [2]સમિતિવંતને [**हिंसामात्रेण**] (બહિરંગ) હિંસામાત્રથી [**बन्ध:**] બંધ [**नास्ति**] નથી.

ટીકાર્થ : જીવ મરે અથવા જીવે, પ્રયત્ન રહિતને નિશ્ચિત હિંસા થાય છે. બાહ્યમાં બીજા જીવનું મરણ થાય કે મરણ ન થાય તો પણ વિકાર રહિત નિજ અનુભૂતિ લક્ષણ પ્રયત્નથી રહિત જીવને નિશ્ચય શુદ્ધ ચૈતન્ય પ્રાણોના ઘાતરૂપ નિશ્ચય હિંસા થાય છે. બહિરંગ અને અંતરંગ પ્રયત્નમાં તત્પર જીવને બંધ થતો નથી.

પ્રશ્ન : તેમને શેનાથી બંધ થતો નથી ?

ઉત્તર : દ્રવ્યહિંસા માત્રથી તેમને બંધ થતો નથી.

પ્રશ્ન : કેવા પુરુષોને બંધ નથી ?

ઉત્તર : સમિતને - સમિતિ ધારણ કરનારને કે જે શુદ્ધાત્મ સ્વરૂપમાં સારી રીતે ગત પરિણત સમિત છે, આ સમિતને અને વ્યવહારે ઈર્યા આદિ પાંચ સમિતિઓથી સહિત સમિતને બંધ નથી.

અહીં તાત્પર્ય આ છે કે-પોતાના આત્મામાં લીનતારૂપ નિશ્ચય પ્રાણોના વિનાશના કારણભૂત રાગાદિ પરિણતિ નિશ્ચય હિંસા કહેવાય છે, રાગાદિની ઉત્પત્તિથી બહારમાં નિમિત્તભૂત પર જીવોનો ઘાત વ્યવહાર હિંસા છે-આ પ્રકારે હિંસા બે પ્રકારની જાણવી જોઈએ. પરંતુ વિશેષ આ છે કે બાહ્ય હિંસા હોય અથવા ન હોય પણ સ્વસ્થ ભાવનારૂપ (આત્મલીનતા) નિશ્ચય પ્રાણોનો ઘાત થવાથી

૧. પ્રયતને : પ્રયત્નશીલ, સાવધાન.

૨. સમિતિવંત : શુદ્ધાત્મ સ્વરૂપમાં સમ્યક્ ઈતિ અર્થાત્ પરિણતિ તે નિશ્ચય સમિતિ છે. અને તે દશામાં વર્તતી હઠ વગરની ઈર્યા ભાષાદિ સમિતિ તે વ્યવહાર સમિતિ છે.

નિયમથી નિશ્ચય હિંસા હોય છે. આ કારણે તે જ મુખ્ય છે. ॥ ૨૧૭॥

હવે, આ જ અર્થને દૃષ્ટાંત દાષ્ટાંત દ્વારા દૃઢ કરે છે.

**વધારાની ગાથા - ૧૫-૧૬**

**उच्चालियम्हि पाए इरियासमिदस्स णिग्गमत्थाए ।**
**आबाधेज्ज कुलिंगंमरिज्ज तं जोगमासेज्ज ।। १५ ।।**

પગ ઉપડ્યા ઈર્યા સમિતિના નિરગમન - અર્થથી,
બાધા હો જંતુને કે મરણ હો તે યોગ નિમિત અર્થથી. ૧૫.

**ण हि तस्स तण्णिमितो बंधो सुहुमो य देसिदो समये ।**
**मुच्छा परिग्गहो च्चिय अज्झप्पयमाणदो दिट्ठो ।। १६ ।।**

કિંચિતમાત્ર બંધ પણ કહ્યો નથી આગમમાં,
મૂર્ચ્છા જ પરિગ્રહ કરે પ્રમાણથી અધ્યાત્મમાં. ૧૬.

ગાથાર્થ : ઈર્યા સમિતિથી ચાલતા મુનિરાજને ક્યાંક જવા માટે ઉપાડેલ પગના નિમિત્તથી કોઈ નાના પ્રાણીને બાધા પહોચે કે મરી જાય તો પણ તે મુનિરાજો ને તે હિંસાના નિમિત્તથી કિંચિત્ માત્ર પણ બંધ આગમમાં કહ્યો નથી. અધ્યાત્મ પ્રમાણથી મૂર્છાને જ (મમત્વને જ) પરિગ્રહ કહે છે તેની સમાન ॥ ૧૫ ॥

ગાથાર્થ : અયત્નાચારી મુનિરાજ, છ કાયના જીવોનો વધ કરનારા માનવામાં આવેલ છે. તથા જો તે યત્નાચારરૂપ વર્તે છે તો હંમેશા પાણીમાં કમળ સમાન નિરૂપલેપ માનવામાં આવે છે.

ટીકાર્થ : પગ ઉપાડવાથી.

પ્રશ્ન : કોના પગ ઉપાડવાથી ?

ઉત્તર : ઈર્યા સમિતિ સહિત મુનિરાજના પગ ઉપાડવાથી.

પ્રશ્ન : તેમના પગ ક્યાં ઉપાડવાથી ?

ઉત્તર : વિવક્ષિત સ્થાનથી જવા સમયે પગ ઉપાડવાથી બાધા પહોંચે અથવા પીડા થાય.

પ્રશ્ન : તે કોણ પીડિત થાય ?

ઉત્તર : સૂક્ષ્મ જંતુ બાધિત થાય. માત્ર બાધિત જ ન થાય, પરંતુ કદાચ મરી પણ જાય.

પ્રશ્ન : શું કરતા મરી જાય ?

ઉત્તર : પહેલા કહેલ પગના યોગથી-પગ નીચે કચડાવાથી કદાચ મરી પણ જાય, તો પણ તેમને આ કારણે લેશમાત્ર પણ બંધ આગમમાં કહ્યો નથી. આ મુનિરાજને આ કારણે સૂક્ષ્મ જંતુનો ઘાત થવાથી સૂક્ષ્મ પણ - થોડો પણ બંધ સમય-પરમાગમમાં જોવામાં આવ્યો નથી.

(આ માટે) ઉદાહરણ કહે છે-મુર્છા જ પરિગ્રહ છે.

૧. તત્ત્વાર્થસુત્ર અધ્યાય ૭ સુત્ર ૧૬.

આમ અધ્યાત્મ-પ્રમાણથી જોવામાં આવ્યું છે. અહીં તાત્પર્ય આ છે કે- [1]"મૂર્છા (મમત્વ પરિણામ) પરિગ્રહ છે-આ સૂત્રમાં, જેમ અધ્યાત્મદષ્ટિથી મૂર્છારૂપ રાગાદિ પરિણામો અનુસાર પરિગ્રહ હોય છે, બાહ્ય પરિગ્રહના અનુસારે નહીં, તે જ રીતે અહીં સૂક્ષ્મ જંતુનો ઘાત થવાથી પણ જેટલા અંશે આત્મલીનતામય પરિણામથી ચ્યુતરૂપ રાગાદિ પરિણતિ લક્ષણ ભાવહિંસા છે, તેટલા અંશે બંધ છે; પગના ઘસાવા માત્રથી બંધ નથી. આ મુનિરાજને રાગાદિ પરિણતિ લક્ષણ ભાવ હિંસા નથી, તે કારણે બંધ પણ નથી. (વધારાની ગાથા ૧૫-૧૬)

હવે, નિશ્ચય હિંસારૂપ અંતરંગ છેદ, પૂર્ણરૂપે નિષેધ કરવા યોગ્ય છે, આવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૧૮

મુનિ યત્નહીન આચારવંત છ કાયનો હિંસક કહ્યો;
જલકમલવત્ નિર્લેપ ભાખ્યો, નિત્ય યત્નસહિત જો. ૨૧૮.

અન્વયાર્થ :– [**अयताचारः श्रमणः**] અપ્રયત આચારવાળો શ્રમણ [**षट्सु अपि कायेषु**] છયે કાય સંબંધી [**वधकरः**] વધનો કરનાર [**इति मतः**] માનવામાં-કહેવામાં આવ્યો છે; [**यदि**] જો [**नित्यं**] સદા [**यतं चरति**] પ્રયતપણે આચરણ કરે તો [**जले कमलम् इव**] જળમાં કમળની માફક [**निरुपलेपः**] નિર્લેપ કહેવામાં આવ્યો છે.

ટીકાર્થ : મળ રહિત-નિર્મળ આત્માનુભૂતિરૂપ ભાવના લક્ષણ પ્રયત્નથી રહિત હોવાને કારણે અયત્નાચાર અર્થાત્ પ્રયત્ન રહિત છે.

પ્રશ્ન : તે કોણ પ્રયત્ન રહિત છે ?

ઉત્તર : મુનિરાજ જે પ્રયત્ન રહિત છે તે છ કાયના જીવોનો વધ કરવાવાળા માનવામાં આવેલ છે. અર્થાત્ છકાયના જીવોની તે મુનિરાજ હિંસા કરનારા છે-એમ માનવામાં આવે છે-કહેવામાં આવ્યું છે. અને જો તે આચરણ કરે છે-વર્તે છે.

પ્રશ્ન : કેવી રીતે વર્તે છે ?

ઉત્તર : શક્ય હોય તેટલા યત્નથી (વર્તે છે) હંમેશા-બધા કાળમાં તો, જળકમળ વત્ નિર્લેપ હોય છે.

પ્રશ્ન : આથી શું કહેવામાં આવ્યું છે ? આ બધા કથનનું તાત્પર્ય શું છે ?

ઉત્તર : શુદ્ધાત્માની અનુભૂતિ લક્ષણ શુદ્ધોપયોગ પરિણત પુરુષને છકાયના જીવસમૂહરૂપ લોકમાં વિહાર કરતાં, કદાચ બહારમાં દ્રવ્યહિંસા થાય છે તો પણ નિશ્ચય હિંસા નથી. (તેથી તેઓ

નિર્લેપ-તત્ સંબંધી કર્મબંધનથી રહિત છે) આ કારણે શુદ્ધ પરમાત્માની ભાવનાના બળે નિશ્ચય હિંસા જ સર્વ તાત્પર્યથી છોડવી જોઈએ. ॥ ૨૧૮ ॥

હવે, બાહ્યમાં જીવનો ઘાત થવાથી બંધ થાય છે અથવા નથી થતો પરંતુ પરિગ્રહ હોવાથી નિયમથી બંધ થાય છે એવું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૨૧૯

દૈહિક ક્રિયા થકી જીવ મરતાં બંધ થાય-ન થાય છે,
પરિગ્રહ થકી ધ્રુવ બંધ, તેથી સમસ્ત છોડ્યો યોગીએ. ૨૧૯.

અન્વયાર્થ :– [**अथ**] હવે (ઉપધિ વિષે એમ છે કે), [**कायचेष्टायाम्**] કાયચેષ્ટાપૂર્વક [**जीवे मृते**] જીવ મરતાં [**बन्धः**] બંધ [**भवति**] થાય છે [**वा**] અથવા [**न भवति**] નથી થતો; [**उपधेः**] (પણ) ઉપધિથી-પરિગ્રહથી [**ध्रुवम् बन्धः**] નક્કી બંધ થાય છે; [**इति**] તેથી [**श्रमणाः**] શ્રમણોએ (અર્હંતદેવોએ) [**सर्वं**] સર્વ પરિગ્રહને [**त्यक्तवन्तः**] છોડ્યો છે.

ટીકાર્થ : બંધ થાય છે અથવા નથી થતો.

પ્રશ્ન : શું થવાથી બંધ થાય છે અથવા નથી થતો ?

ઉત્તર : બીજા જીવ મરવાથી બંધ થાય છે. અથવા નથી થતો.

પ્રશ્ન : અહો ! કેવી રીતે મરવાથી બંધ થાય છે અથવા નથી થતો ?

ઉત્તર : શરીરની ચેષ્ટાથી જીવ મરવાથી બંધ થાય છે અથવા નથી થતો.

પ્રશ્ન : તો પછી બંધ કેવી રીતે થાય છે ?

ઉત્તર : ધ્રુવ-ચોક્કસપણે બંધ થાય છે.

પ્રશ્ન : શાથી ચોક્કસપણે બંધ થાય છે ?

ઉત્તર : ઉપધિ એટલે કે પરિગ્રહથી બંધ નિશ્ચિતપણે થાય છે.

આ કારણે શ્રમણ એટલે કે મહાશ્રમણ સર્વજ્ઞ ભગવાને, પહેલાં દીક્ષાના સમયે શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી પોતાના આત્માને બધી બાજુથી ગ્રહણ કરી, શેષ સંપૂર્ણ અંતરંગ અને બહિરંગ પરિગ્રહને વમન (ઉલ્ટી) ની જેમ છોડ્યા છે. આવું જાણીને શેષ મુનિરાજોએ પણ પોતાના પરમાત્માનું પરિગ્રહણ કરી-સ્વીકાર કરી બાકીના બધા પરિગ્રહ મન, વચન, કાય અને કૃત, કારિત અનુમોદનરૂપથી છોડવા જોઈએ.

અહીં આ કહેવામાં આવ્યું છે કે રાગાદિ પરિણામરૂપ નિશ્ચય હિંસાથી શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચય પ્રાણોના ઘાત થવાથી નિયમથી બંધ થાય છે. બીજા જીવનો ઘાત થવાથી બંધ થાય છે અથવા નથી

પણ થતો. નિયમ નથી; પરંતુ પરદ્રવ્યમાં મમત્વરૂપ મૂર્છા પરિગ્રહથી તો નિયમથી બંધ થાય જ છે.

આ પ્રકારે ભાવહિંસાના વ્યાખ્યાનની મુખ્યતાથી પાંચમા સ્થળમાં છ ગાથાઓ પૂરી થઈ. ॥ ૨૧૯॥

આ પ્રકારે પહેલા કહેવાયેલા ક્રમથી ૨૧ ગાથાઓ દ્વારા પાંચમા સ્થળનો ઉત્સર્ગ ચારિત્ર વ્યાખ્યાન નામનો પહેલો અંતર અધિકાર પૂર્ણ થયો.

હવે, ત્યાર પછી ચારિત્રના દેશ-કાળની અપેક્ષાએ અપહૃત સંયમરૂપથી અપવાદ વ્યાખ્યાનમાટે પાઠક્રમમાં ૩૦ ગાથાઓ દ્વારા બીજો અંતરઅધિકાર પ્રારંભ થાય છે. ત્યાં ચાર સ્થળ છે. ત્યાં પ્રથમ સ્થળમાં નિર્ગ્રંથ મોક્ષમાર્ગની સ્થાપનાની મુખ્યતાથી પાંચ ગાથાઓ છે. અહીં ટીકામાં (તત્ત્વપ્રદીપિકા ટીકામાં) ત્રણ ગાથાઓ નથી. ત્યાર પછી બીજા સ્થળમાં, સંપૂર્ણ સાવદ્ય (પાપ ક્રિયાઓ)ના ત્યાગ લક્ષણ સામાયિક સંયમમાં અસમર્થ મુનિરાજોનો સંયમ, શૌચ અને જ્ઞાનના ઉપકરણ નિમિત્ત અપવાદ વ્યાખ્યાનની મુખ્યતાથી ત્રણ ગાથાઓ છે. ત્યારપછી ત્રીજા સ્થળમાં સ્ત્રી મુક્તિના નિરાકરણની પ્રધાનતાથી અગિયાર ગાથાઓ છે. અને તે ગાથાઓ આચાર્ય અમૃતચંદ્રકૃત ટીકામાં નથી. તદ્ઉપરાંત ચોથા સ્થળમાં, પરિપૂર્ણ ઉપેક્ષા સંયમમાં અસમર્થ મુનિરાજોને દેશ કાળની અપેક્ષાએ કિંચિત્ સંયમના સાધક શરીર માટે નિર્દોષ આહાર આદિ સહકારી કારણ ગ્રહણ કરવા યોગ્ય છે-આ પ્રકારે ફરીથી અપવાદના વિશેષ વ્યાખ્યાનની મુખ્યતાથી અગિયાર ગાથાઓ છે. અહીં ટીકા (તત્ત્વ પ્રદીપિકા) માં ચાર ગાથા નથી.

આ પ્રકારે મૂળ ગાથાઓના અભિપ્રાયથી ૩૦ ગાથાઓ દ્વારા તથા (તત્ત્વપ્રદીપિકા) ટીકાની અપેક્ષાએ બાર ગાથાઓ દ્વારા બીજા અંતરઅધિકારમાં સામૂહિક પાતનિકા છે.

**બીજા અધિકારનું સ્થળ વિભાજન**

| સ્થળ ક્રમ | પ્રતિપાદિત વિષય | ગાથા ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
|---|---|---|---|
| પહેલો | નિર્ગ્રંથ મોક્ષમાર્ગની સ્થાપના | ૨૨૦થી ૨૨૧<br>વધારાની ૧૭થી ૧૯ | ૫ |
| બીજો | અપવાદ વ્યાખ્યાન | ૨૨૨ થી ૨૨૪ | ૩ |
| ત્રીજો | સ્ત્રી મુક્તિ નિરાકરણ | વધારાની ૨૦ થી ૩૦ | ૧૧ |
| ચોથુ | અપવાદ વિશેષ વ્યાખ્યાન | ૨૨૫ થી ૨૩૧<br>તથા વધારાની ૩૧ થી ૩૪ | ૧૧ |
| | | કુલ ગાથા | ૩૦ |

તે આ પ્રકારે, હવે, ભાવ-શુદ્ધિપૂર્વક બહિરંગ પરિગ્રહનો ત્યાગ કરી લેવામાં આવતા અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરી લેવામાં આવ્યો જ છે, તેવો નિર્દેશ કરે છે.

## ગાથા ૨૨૦

નિરપેક્ષ ત્યાગ ન હોય તો નહિ ભાવશુદ્ધિ ભિક્ષુને,
ને ભાવમાં અવિશુદ્ધને ક્ષય કર્મનો કઈ રીત બને ? ૨૨૦.

અન્વયાર્થ :– [**निरपेक्ष: त्याग: न हि**] જો નિરપેક્ષ (કોઈ પણ વસ્તુની અપેક્ષા વિનાનો) ત્યાગ ન હોય તો [**भिक्षो:**] ભિક્ષુને [**आशयविशुद्धि:**] ભાવની વિશુદ્ધિ [**न भवति**] નથી; [**च**] અને [**चित्ते अविशुद्धस्य**] ભાવમાં જે અવિશુદ્ધ છે તેને [**कर्मक्षय:**] કર્મક્ષય [**कथं नु**] કઈ રીતે [**विहित:**] થઈ શકે ?

ટીકાર્થ : નિરપેક્ષ ત્યાગ જો ન હોય તો, પરિગ્રહનો ત્યાગ સર્વથા નિરપેક્ષ નથી હોતો, પરંતુ કંઈપણ કપડા-વાસણ વિ. ગ્રહણ કરવા યોગ્ય છે-જો આપ એમ કહો છો, તો હે શિષ્ય ! મુનિના આશયની વિશુદ્ધિ નથી હોતી, ત્યારે સાપેક્ષ પરિણામ હોવાથી મુનિરાજના ચિતની શુદ્ધિ નથી હોતી. શુદ્ધાત્માની ભાવનારૂપ શુદ્ધિથી રહિત, મુનિરાજના મનમાં ખરેખર કર્મોનો ક્ષય ઉચિત કેમ હોય ? કોઈ પણ પ્રકારે ન હોય.

આથી એમ કહેવામાં આવ્યું છે કે જેમ બહારમાં તુષ (ફોતરા)નો સદ્‌ભાવ હોવાથી, ડાંગરની અંદરની શુદ્ધિ કરવી શક્ય નથી, તે પ્રકારે બાહ્ય પરિગ્રહની ઈચ્છાની હાજરીમાં નિર્મળ શુદ્ધાત્માની અનુભૂતિરૂપ મનની શુદ્ધિ કરવી શક્ય નથી. અને જો ખાસ વૈરાગ્યપૂર્વક પરિગ્રહનો ત્યાગ હોય છે, તો ચિત્તની શુદ્ધિ હોય જ છે; પરંતુ (ચિતની શુદ્ધિ) પ્રસિદ્ધિ, પૂજા-પ્રતિષ્ઠા લાભરૂપી નિમિત્તનો ત્યાગ કરવાથી નથી થતી. ॥ ૨૨૦॥

હવે, તે જ પરિગ્રહ-ત્યાગને દ્દઢ કરે છે.

**गेण्हदि व चेलखंडं भायणमत्थि त्ति भणिदमिह सुत्ते ।**
**जदि सो चत्तालंबो हवदि कहं वा अणारंभो ॥**

વધારાની ગાથા ૧૭

કરે ગ્રહણ વસ્ત્ર કે પાત્રનું આગમ જો એવુ કહે,
નિરાલંબી અનારંભી તે કેવી રીતે અહીં સંભવે. ૧૭.

**वत्थक्खंडं दुद्दियभायणमण्णं च गेण्हदि णियदं।**
**विज्जदि पाणारंभो विक्खेवो तस्स चित्तम्मि ॥**

વધારાની ગાથા ૧૮

તે વસ્ત્ર, પાત્ર દૂધનું કે અન્ય તે લેતો રહ્યો,
વિક્ષેપ પ્રાણારંભનો મનમાં સદા વરતી રહ્યો. ૧૮.

**गेणहइ विधुणइ धोवइ सोसेइ जदं तु आदवे खित्ता ।**
**पत्तं व चेलखंडं बिभेदि परदो य पालयदि ।।**

વધારાની ગાથા ૧૯

પરથી ડરે, બચાવે વસ્ત્ર પાત્ર કે અન્યને,
કરે સ્વચ્છ અને તડકે સુકવે તેને જ શ્રમથી. ૧૯.

ગાથાર્થ : જો અહીં કોઈ આગમમાં ''સાધુ વસ્ત્રને ગ્રહણ કરે છે, તેમને વાસણ પણ હોય છે'' એમ કહેવામાં આવ્યું હોય તો તે આલંબન રહિત અથવા આરંભ રહિત કેમ હોઈ શકે. ૧૭.

વસ્ત્રના ટુકડાને, દૂધ માટેના વાસણને તથા અન્ય વસ્તુઓને જો તે ગ્રહણ કરે છે તો તેનાથી હંમેશા જીવોનો ઘાત અને ચિત્તમાં ચંચળતા કાયમ થયા કરે છે. ૧૮.

તે વાસણ અથવા વસ્ત્રને ગ્રહણ કરે છે, ધૂળ સાફ કરે છે, ધોવે છે અને સાવધાનીથી તડકામાં સૂકવે છે, બીજાથી ડરે છે અને તેમની (વસ્ત્રની, કપડાની) રક્ષા કરે છે. ૧૯.

ટીકાર્થ : ચેલખંડ-ખંડવસ્ત્રને ગ્રહણ કરે છે અથવા ભિક્ષા આહારને માટે પાત્ર છે-એમ કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : ક્યાં કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : અહીં વિવક્ષિત આગમસૂત્રમાં કહેવામાં આવ્યું છે, તો.

પ્રશ્ન : પરના આલંબનથી રહિત પરમાત્મતત્ત્વની ભાવનાથી શૂન્ય થતો તે પુરુષ, બાહ્ય દ્રવ્યના આલંબનથી રહિત કેવી રીતે હોઈ શકે ?

ઉત્તર : કોઈ પણ પ્રકારે ન હોઈ શકે.

પ્રશ્ન : ક્રિયા રહિત, આરંભ રહિત પોતાના આત્મતત્ત્વની ભાવનાથી રહિત હોવાના કારણે, તે આરંભ રહિત કેવી રીતે હોઈ શકે ?

ઉત્તર : પણ તે આરંભ સહિત જ છે.

આ પ્રકારે પહેલી ગાથા (વધારાની ગાથા - ૧૭) પૂરી થઈ.

વસ્ત્રનો ટુકડો અથવા ખંડવસ્ત્ર, દૂધનું વાસણ અને બીજા, ધાબળો, નરમ પથારી વિ. જો ગ્રહણ કરે છે તો...

પ્રશ્ન : જો આ બધું ગ્રહણ કરે છે તો શું થાય છે ?

ઉત્તર : જો આ બધું ગ્રહણ કરે છે તો પોતાના શુદ્ધ-ચૈતન્ય લક્ષણ પ્રાણોના વિનાશરૂપ અથવા બીજા જીવોના પ્રાણોના વિનાશરૂપ પ્રાણારંભ-પ્રાણવધ ચોક્કસ જોવામાં આવે છે; ફક્ત પ્રાણારંભ જ નહિ પરંતુ ચંચળ મનથી રહિત (એવા) પરમ યોગથી રહિત, પરિગ્રહ સહિત તે પુરુષના ચિત્તમાં-મનમાં ચંચળતા જોવામાં આવે છે. આ પ્રકારે બીજી ગાથા (વધારની ગાથા - ૧૮) પૂરી થઈ.

પોતાના શુદ્ધાત્માના ગ્રહણથી રહિત થતો, કોઈપણ બાહ્ય દ્રવ્યને ગ્રહણ કરે છે; કર્મરૂપી ધૂળને (સાફ કરવાની) છોડીને, બહારની ધૂળને સાફ કરે છે-નાશ કરે છે; મળરહિત પરમાત્મતત્ત્વમાં મળ ઉત્પન્ન કરવાવાળા રાગાદિ મળને (ધોવાના) છોડીને, બહારના (વસ્ત્ર) મળને ધોવે છે-સ્વચ્છ કરે છે, વિકલ્પ રહિત ધ્યાનરૂપી તાપ દ્વારા સંસારરૂપી નદીને (તો) નહિ સૂકવતો થકો શક્ય તેટલા પ્રયત્નથી વસ્ત્ર સૂકવે છે.

પ્રશ્ન : શું કરીને સૂકવે છે ?

ઉત્તર : તડકામાં રાખીને સૂકવે છે.

પ્રશ્ન : ત્યાં રાખીને કોને સૂકવે છે ?

ઉત્તર : વાસણ અથવા વસ્ત્રખંડને ત્યાં રાખીને સૂકવે છે.

ભય રહિત શુદ્ધાત્માની ભાવનાથી રહિત થયો થકો ડરે છે.

પ્રશ્ન : કોનાથી ડરે છે ?

ઉત્તર : બીજા ચોરો વિ. થી ડરે છે.

પરમાત્મભાવનાનું પાલન-રક્ષણ નહિ કરતો, કોઈ પણ બીજા દ્રવ્યનું પાલન-રક્ષણ કરે છે. આ પ્રકારે ત્રીજી ગાથા (વધારાની ગાથા ૧૯) પૂરી થઈ. ॥ વધારાની ગાથા ૧૭-૧૮-૧૯ ॥

હવે, પરિગ્રહ સહિતનાને નિયમથી ચિત્તની શુદ્ધિ નાશ પામે છે, એમ વિસ્તારથી પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૨૧

આરંભ, અણસંયમ અને મૂર્છા ન ત્યાં - એ ક્યમ બને ?
પરદ્રવ્યરત જે હોય તે કઈ રીત સાધે આત્મને ? ૨૨૧.

અન્વયાર્થ :– [**तस्मिन्**] ઉપધિના સદ્‌ભાવમાં [**तस्य**] તેને (ભિક્ષુને) [**मूर्च्छा**] મૂર્છા, [**आरम्भः**] આરંભ [**वा**] કે [**असंयमः**] અસંયમ [**नास्ति**] ન હોય [**कथं**] એ કેમ બને ? (ન જ બને) [**तथा**] તથા [**परद्रव्ये रतः**] જે પરદ્રવ્યમાં રત હોય તે [**आत्मानं**] આત્માને [**कथं**] કઈ રીતે [**प्रसाधयति**] સાધે ?

ટીકાર્થ : પ્રશ્ન : પરદ્રવ્યોના પ્રતિ મમત્વથી રહિત (એવી) ચૈતન્ય ચમત્કાર પરિણતિથી વિરુદ્ધ (ને) મમત્વ કેવી રીતે નથી ?

ઉત્તર : (મમત્વ) જરૂર છે જ.

પ્રશ્ન : શેમાં મમત્વ છે જ ?

ઉત્તર : તે પરિગ્રહના ઈચ્છુક પુરુષમાં મમત્વ છે જ.

પ્રશ્ન : વળી મન, વચન, કાયાની ક્રિયાથી રહિત પરમ ચૈતન્યનો પ્રતિબંધક (રોકવાવાળો)

આરંભ કેમ નથી ?

ઉત્તર : (આરંભ) છે જ.

પ્રશ્ન : વળી તે પરિગ્રહ સહિતનાને શુદ્ધાત્માની અનુભૂતિથી વિલક્ષણ અસંયમ કેવી રીતે નથી ?

ઉત્તર : (અસંયમ) જરૂર છે જ.

પ્રશ્ન : આ જ રીતે પોતાના આત્મદ્રવ્યથી ભિન્ન, બીજા દ્રવ્યમાં આસક્ત (એવો) તે પરિગ્રહી પુરુષ, આત્માની સાધના કેવી રીતે કરી શકે ?

ઉત્તર : કોઈ પણ પ્રકારે ન કરી શકે.

આ પ્રકારે શ્વેતાંબર મતને અનુસરણ કરવાવાળા શિષ્યના સંબોધનને માટે, નિર્ગ્રંથ મોક્ષમાર્ગની સ્થાપનાની મુખ્યતાથી પહેલા સ્થાનમાં પાંચ ગાથાઓ પૂરી થઈ. ॥ ૨ ૨ ૧ ॥

(હવે, અપવાદ વ્યાખ્યાન વિષયક ત્રણ ગાથાઓવાળું બીજું સ્થાન શરૂ થાય છે)

હવે, કાળની અપેક્ષાએ પરમ ઉપેક્ષા-સંયમરૂપ શક્તિનો અભાવ હોવાથી, કેટલા આહાર, સંયમ, શૌચ, જ્ઞાન વિ.ના સાધન પણ (મુનિ) રાખી શકે છે, એવા અપવાદનો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૨૨

ગ્રહણે વિસર્ગે સેવતાં નહિ છેદ જેથી થાય છે,
તે ઉપધિ સહ વર્તો ભલે મુનિ કાળક્ષેત્ર વિજાણીને. ૨ ૨ ૨.

અન્વયાર્થ :– [**ग्रहणविसर्गेषु**] જે ઉપધિને (આહાર-નીહારાદિનાં) ગ્રહણ-વિસર્જનમાં સેવતાં [**येन**] જેનાથી [**सेवमानस्य**] સેવનારને [**छेद:**] ભેદ [**न विद्यते**] થતો નથી, [**तेन**] તે ઉપધિ સહિત, [**कालं क्षेत्रं विज्ञाय**] કાળક્ષેત્રને જાણીને, [**इह**] આ લોકમાં [**श्रमण:**] શ્રમણ [**वर्तताम्**] ભલે વર્તો.

ટીકાર્થ : જેનાથી છેદ નથી થતો, જે ઉપકરણથી, શુદ્ધોપયોગ લક્ષણ સંયમનો છેદ એટલે કે નાશ નથી થતો.

પ્રશ્ન : શું કરવાથી છેદ નથી થતો ?

ઉત્તર : જેને રાખવાથી, છોડવાથી, જેનાથી છેદ નથી થતો, જે ઉપકરણ અથવા બીજી વસ્તુને, રાખવા-સ્વીકારવામાં અથવા છોડવા-ત્યાગ કરવામાં છેદ નથી થતો.

પ્રશ્ન : શું કરવાવાળા મુનિરાજને છેદ નથી થતો ?

ઉત્તર : તે ઉપકરણનો ઉપયોગ કરવાવાળા મુનિરાજને છેદ નથી થતો.

મુનિરાજ તે ઉપકરણ સાથે લોકમાં વિચરે.

પ્રશ્ન : તેની (તે ઉપકરણની) સાથે અહીં તેઓ શું કરીને વિચરે ?

ઉત્તર : કાળ અને ક્ષેત્રને જાણીને, તેની (તે સાધનની) સાથે તેઓ અહીં વિચરે.

અહીં ભાવ આ છે : કાળ-પંચમકાળ અથવા ઠંડી-ગરમી ઋતુરૂપ કાળને તથા ક્ષેત્ર-ભરતક્ષેત્ર અથવા મનુષ્ય સંબંધી ક્ષેત્રને કે જંગલ સંબંધી ક્ષેત્રને જાણીને, જે ઉપકરણ દ્વારા આત્માનુભૂતિ લક્ષણ ભાવ-સંયમ અથવા બાહ્ય દ્રવ્ય-સંયમનો છેદ નથી થતો, તેવા (ઉપકરણ) સાથે (વર્તે) વિચરે. ॥ ૨૨૨ ॥

હવે, આગળની (૨૨૨ મી) ગાથામાં કહેવામાં આવેલ ઉપકરણનું સ્વરૂપ બતાવે છે.

## ગાથા ૨૨૩

ઉપધિ અનિંદિતને, અસંયત જન થકી અણપ્રાર્થ્યને,
મૂર્છાદિજનનરહિતને જ ગ્રહો શ્રમણ, થોડો ભલે. ૨૨૩.

અન્વયાર્થ :– [**यद्यपि अल्पम्**] ભલે થોડો હોય તોપણ, [**अप्रतिक्रुष्टम्**] જે અનિંદિત હોય, [**असंयतजनैः अप्रार्थनीयं**] અસંયત જનોથી અપ્રાર્થનીય હોય અને [**मूर्च्छादिजननरहितं**] જે મૂર્ચ્છાદિના જનન રહિત હોય–[**उपधिं**] એવા જ ઉપધિને [**श्रमणः**] શ્રમણ [**गृह्णातु**] ગ્રહણ કરો.

ટીકાર્થ : નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગના સહકારી કારણરૂપથી જેનો નિષેધ કરવામાં નથી આવેલ તેવા પરિગ્રહને-ઉપકરણરૂપ પરિગ્રહને, અપ્રાર્થનીય-વિકારરહિત આત્માની પ્રગટતા લક્ષણ (રૂપ) ભાવ સંયમથી રહિત, અસંયમી મનુષ્યો દ્વારા ઈચ્છા નહિ કરવા યોગ્ય. પરમાત્મદ્રવ્યથી વિરૂદ્ધ લક્ષણ (એવા) બાહ્ય દ્રવ્યમાં મમત્વરૂપ મૂર્છા-રક્ષણ-અર્જન (રક્ષા કરવી) સંસ્કાર (શણગારવું-સજાવવું) આદિ દોષોને ઉત્પન્ન કરવાથી રહિત આવા જે ઉપર કહેવામાં આવેલા થોડા ઉપકરણ ઉપધિને મુનિરાજ ગ્રહણ કરે કે જે થોડા હોય. અને તે પણ પહેલાં કહેવામાં આવેલ યોગ્ય લક્ષણવાળાને જ ગ્રહણ કરવા જોઈએ તેનાથી વિપરીત અથવા અધિકને ગ્રહણ ન કરવા જોઈએ એવો અભિપ્રાય છે. ॥ ૨૨૩ ॥

હવે, બધા પરિગ્રહોનો ત્યાગ જ શ્રેષ્ઠ છે, બાકી (આગળ ૨૨૫ મી ગાથામાં વર્ણન કરેલ છે તે સાધન) ના અશક્ય અનુષ્ઠાન છે એમ નિરૂપિત કરે છે.

## ગાથા ૨૨૪

ક્યમ અન્ય પરિગ્રહ હોય જ્યાં કહી દેહને પરિગ્રહ અહો !
મોક્ષેચ્છુને દેહેય નિષ્પ્રતિકર્મ ઉપદેશે જિનો ? ૨૨૪.

અન્વયાર્થ :– [**अथ**] જો [**जिनवरेन्द्राः**] જિનવરેંદ્રોએ [**अपुनर्भवकामिनः**] મોક્ષના અભિલાષીને, [**सङ्गः इति** ] 'દેહ પરિગ્રહ છે' એમ કહીને, [**देहे अपि**] દેહમાં પણ [**निःप्रतिकर्मत्वम्**] અપ્રતિકર્મપણું (સંસ્કારરહિતપણું) [**उद्दिष्टवन्तः**] ઉપદેશ્યું છે, તો પછી [**किं किञ्चनम् इति तर्कः**] તેમનો એવો આશય છે કે તેને અન્ય પરિગ્રહ તો શાનો હોય ?

ટીકાર્થ : શું પરિગ્રહ છે-એવો તર્ક, શું પરિગ્રહ-કેટલોક પરિગ્રહ છે-એવો તર્ક-વિચાર કરે છે તે પહેલા.

પ્રશ્ન : કોના સંબંધમાં શું પરિગ્રહ છે-એવો વિચાર કરે છે ?

ઉત્તર : જેને હવે ભવ નથી જોઈતો એવા અનંત જ્ઞાન વિ. ચતુષ્ટય સ્વરૂપ મોક્ષને ઈચ્છનારા જીવનો શું પરિગ્રહ છે-એવો વિચાર કરે છે; તે પહેલા.

અરે, શરીર પણ સંગ-પરિગ્રહ છે-આ કારણે જિનવરોના ઈન્દ્ર (એવા) તીર્થંકરરૂપ કર્તાએ નિષ્પ્રતિકર્મત્વ કહ્યું છે. શુદ્ધોપયોગ લક્ષણ પરમ ઉપેક્ષા સંયમના બળથી, શરીરમાં પણ નિષ્પ્રતિકર્મત્વ કહ્યું છે. શુદ્ધોપયોગ લક્ષણ પરમ ઉપેક્ષા સંયમના બળથી, શરીરમાં પણ નિષ્પ્રતિકારિત્વ (સાજ-શ્રુંગાર, આસક્તિથી રહિતપણું) કહ્યું છે.

આથી જાણવામાં આવે છે કે મોક્ષ-સુખના ઈચ્છનારા જીવોને, નિશ્ચયથી શરીર વિ. બધા પરિગ્રહોનો ત્યાગ જ યોગ્ય છે, બાકી તો ઉપચારમાત્ર છે. ॥ ૨૨૪॥

આ પ્રકારે અપવાદ વ્યાખ્યાનરૂપથી બીજા સ્થળમાં ત્રણ ગાથાઓ પૂરી થઈ.

(હવે, સ્ત્રીમુક્તિ નિરાકરણ પરનું ત્રીજું સ્થળ શરૂ થાય છે)

હવે, અગિયાર ગાથા સુધી, સ્ત્રી પર્યાયથી મોક્ષના નિરાકરણની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે.

તે આ પ્રકારે -

શ્વેતાંબર મતનું અનુસરણ કરવાવાળો શિષ્ય પ્રશ્ન કરે છે.

**पेच्छदि ण हि इह लोगं परं च समणिंददेसिदो धम्मो ।**
**धम्मम्हि तम्हि कम्हा वियप्पियं लिंगमित्थीणं ।।**

વધારાની ગાથા ૨૦

ઉપદેશ મુનિ-ઈન્દ્રનો લોકાલોકને દેખે નહીં,
તો ધર્મ નારિ-લિંગને કહે કયમ ભિન્ન અહીં વળી.

ગાથાર્થ : મુનિરાજોના ઈન્દ્ર-જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલો ધર્મ, આ લોક અને પરલોકની અપેક્ષા નથી કરતો, તો પછી આ ધર્મમાં સ્ત્રીઓના લિંગને જુદું કેમ કહેવામાં આવ્યું છે ?

ટીકાર્થ : ઉપરાગ (રાગાદિ મલિનતા) રહિત પોતાના ચૈતન્યની હંમેશા પ્રગટતારૂપ ભાવનાનો નાશ કરવાવાળા પ્રસિદ્ધિ, પૂજા, પ્રતિષ્ઠા, લાભરૂપ આ લોકને ખરેખર નથી જોતો, નથી ઈચ્છતો. ફક્ત આ લોકને જ નહિ, (પણ) પોતાના આત્માની પ્રાપ્તિરૂપ મોક્ષને છોડીને, સ્વર્ગો સંબંધી ભોગોની પ્રાપ્તિરૂપ પર-પરલોકને પણ નથી ઈચ્છતો.

પ્રશ્ન : આ સર્વે કોણ નથી ઇચ્છતો ?

ઉત્તર : મુનિરાજોના ઈન્દ્ર-જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલો ધર્મ આ સર્વે નથી ઈચ્છતો-એવો અર્થ છે.

પ્રશ્ન : (તો) આ ધર્મમાં કેવી રીતે વિકલ્પિત કર્યો છે ?

ઉત્તર : નિર્ગ્રંથ (દિગંબર) લિંગથી, વસ્ત્રાચ્છાદન થી જુદો કર્યો છે.

પ્રશ્ન : આનાથી (આ ધર્મથી) કોને જુદો કર્યો છે ?

ઉત્તર : આનાથી આવરણ સહિત ચિન્હને જુદું કર્યુ છે.

પ્રશ્ન : કોના સંબંધી આવરણ સહિત ચિન્હને જુદું કર્યુ છે ?

ઉત્તર : સ્ત્રીઓના આવરણ સહિત ચિન્હને જુદું કર્યું છે.

આ રીતે પ્રશ્ન વિષયક ગાથા પૂરી થઈ. ॥ વધારાની ગાથા - ૨૦॥

હવે આનું નિરાકરણ કરે છે :

**णिच्छयदो इत्थीणं सिद्धी ण हि तेण जम्मणा दिट्ठा ।**
**तम्हा तप्पडिरूवं वियप्पियं लिंगमित्थीणं ॥**

વધારાની ગાથા ૨૧

નિશ્ચયથી નારીએ ન જોયો મોક્ષ તે જ ભવમાં,
કહે પ્રતિરૂપ તેનાથી ચિહ્ન-ભિન્ન નારીનું રહે.

ગાથાર્થ : નિશ્ચયથી તે જ ભવમાં સ્ત્રીઓનો મોક્ષ નથી જોવામાં આવ્યો, તેથી સ્ત્રીઓના આવરણ સહિત (ચિન્હને) જુદુ ચિન્હ કહેવામાં આવ્યું છે.

ટીકાર્થ : નિશ્ચયથી સ્ત્રીઓના નરકાદિ ગતિઓથી જુદા લક્ષણવાળી અનંત સુખાદિ ગુણ સ્વભાવરૂપ સિદ્ધિ (સિદ્ધદશા) તે જ જન્મ-પર્યાયમાં નથી જોવામાં આવી નથી કહેવામાં આવી. તે કારણે તેનું પ્રતિયોગ્ય સાવરણ-વસ્ત્ર સહિત રૂપ નિર્ગ્રંથલિંગથી જુદું હોવાના કારણે, વસ્ત્ર સહિત ચિન્હ જુદું કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : વસ્ત્ર સહિત ચિન્હ કોનું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : સ્ત્રીઓનું વસ્ત્ર સહિત ચિન્હ કહેવામાં આવ્યું છે. ॥ વધારાની ગાથા - ૨૧ ॥

હવે સ્ત્રીઓને મોક્ષને રોકવાવાળી (તેમના) પ્રમાદની બળવતાને બતાવે છે.

**पइडीपमादमइया एदासिं वित्ति भासिया पमदा ।**
**तम्हा ताओ पमदा पमादबहुला त्ति णिद्दिट्ठा ॥**

વધારાની ગાથા ૨૨

પ્રમદા રહી પ્રકૃતિ જેની પરિણતિ પ્રમાદમય,
તેથી તેને બહુલા-પ્રમાદી કહે વળી તેહને.

ગાથાર્થ : સ્વભાવથી તેમની (સ્ત્રીઓની) પરિણતિ પ્રમાદી હોય છે, તેથી તેમને પ્રમદા કહેવામાં આવે છે, અને તેથી તેઓને 'પ્રમાદ બહુલ' -પ્રમાદની વિશેષતાવાળી કહેવામાં આવે છે.

ટીકાર્થ : પ્રકૃતિ અથવા સ્વભાવથી પ્રમાદથી ઘડાયેલી પ્રમાદી છે.

પ્રશ્ન : કોણ કરવાવાળી પ્રમાદી છે ?

ઉત્તર : આ સ્ત્રીઓની વૃત્તિ-પરિણતિ પ્રમાદી છે.

તેથી નામાવલીમાં પ્રમદા-પ્રમદા નામ સ્ત્રીઓને કહેવામાં આવ્યું છે.

તેથી જ તે સ્ત્રીઓની પ્રમાદ સંજ્ઞા છે, આ કારણથી જ તેઓને પ્રમાદ રહિત પરમાત્મતત્ત્વની ભાવનાનો નાશ કરવાવાળી 'પ્રમાદ બહુલા' કહેવામાં આવી છે. ॥ ૨૨ ॥

હવે, તેમના મોહાદિની બળવતા બતાવે છે.

**संति धुवं पमदाणं मोहपदोसा भयं दुगुंछा य ।**
**चित्ते चित्ता माया तम्हा तासिं ण णिव्वाणं ॥**

વધારાની ગાથા ૨૩

નિશ્ચિત નારી મનમાં મોહ દ્વેષ ભય અને ઘૃણા,
માયા વિચિત્ર પ્રકારની તેથી તેને નિર્વાણ ના.

ગાથાર્થ : સ્ત્રીઓના મનમાં મોહ, પ્રદ્વેશ, ભય, ગ્લાનિ અને વિચિત્ર પ્રકારની માયા નિશ્ચિત હોય છે, તેથી તેઓને મોક્ષ નથી.

ટીકાર્થ : પ્રમદાઓ-સ્ત્રીઓને ધ્રુવ-નિશ્ચિત છે.

પ્રશ્ન : સ્ત્રીઓના તે શું નિશ્ચિત છે ?

ઉત્તર : મોહ આદિથી રહિત અનંત સુખ વિગેરે ગુણ સ્વરૂપ મોક્ષના કારણોને રોકવાવાળા મોહ, પ્રદ્વેશ, ભય, દુગંચ્છા-ગ્લાનિરૂપ પરિણામો સ્ત્રીઓને નિશ્ચિત છે. કુટિલતા વક્રતા વિ. થી રહિત પરમજ્ઞાન-કેવળજ્ઞાન વિ. રૂપ પરિણતિથી વિપરીત ચિત્તમાં-મનમાં અનેક પ્રકારની માયા હોય છે, તેથી તેમને બાધાઓથી રહિત સુખ વિ. અનંત ગુણોનો આધારભૂત મોક્ષ નથી-એમ અભિપ્રાય છે. ॥ વધારાની ગાથા - ૨૩ ॥

હવે, તેને જ દૃઢ કરે છે.

**ण विणा वट्टदि णारी एक्कं वा तेसु जीवलोयम्हि ।**
**ण हि संउडं च गत्तं तम्हा तासिं च संवरणं ।।**

વધારાની ગાથા ૨૪

આ લોકમાં નારી કદી એક દોષ-વિહિન છે નહીં,
અંગ તેના સંવૃત નથી તેથી સં-વર્ણી તેને કહી.

ગાથાર્થ : આ જીવલોકમાં સ્ત્રી એક પણ દોષ વગરની નથી, તથા તેના અંગ પણ સંવૃત (ઢંકાયેલા) નથી, તેથી તેને વસ્ત્ર છે.

ટીકાર્થ : સ્ત્રી આના વગર નથી, તે દોષો રહિત પરમાત્માના ધ્યાનને નાશ કરવાવાળા, આગળ (વધારાની ગાથા ૨૪ મી માં) કહેલા દોષોમાંથી એક પણ દોષને છોડીને તે જીવલોકમાં નથી, ખરેખર તો તેનું શરીર પણ સંવૃત (ઢંકાયેલું) નથી અને તેથી તેને વસ્ત્રનું આવરણ આપવામાં આવે છે-તેને વસ્ત્રથી ઢાંકી દેવામાં આવે છે. ॥ વધારાની ગાથા ૨૪ ॥

હવે, બીજા પણ નિર્વાણને અટકાવનારા દોષો બતાવે છે.

**चित्तस्सावो तासिं सित्थिल्लं अत्तवं च पक्खलणं ।**
**विज्जदि सहसा तासु अ अप्पादो सुहममणुआणं ।।**

વધારાની ગાથા ૨૫

ચિત ચંચલ શિથિલતા સહસ રક્તસ્ત્રાવતા નારીને,
ઉત્પતિ સૂક્ષ્મ મનુષ્યની પણ હોય છે નારીને.

ગાથાર્થ : સ્ત્રીઓના ચિત્તમાં ચંચળતા અને તેમનામાં શિથિલતા હોય છે, તથા અચાનક (ઋતુ સમયમાં) લોહી વહે છે અને તેમનામાં સૂક્ષ્મ (લબ્ધિ અપર્યાપ્તક) મનુષ્યોની ઉત્પત્તિ થાય છે.

ટીકાર્થ : તે સ્ત્રીઓમાં જોવામાં આવે છે.

પ્રશ્ન : તે સ્ત્રીઓમાં શું જોવામાં આવે છે ?

ઉત્તર : ચિત્તનો પ્રવાહ, કામ-વાસનાથી રહિત આત્મતત્ત્વની અનુભૂતિને નષ્ટ કરવાવાળા મનના કામનું ઉદ્રેકથી (તીવ્રતાથી) વહેવુ-રાગથી આર્દ્ર થવું- ચંચળ થવું તે સ્ત્રીઓમાં જોવામાં આવે છે. તે સ્ત્રીઓને, શિથિલતાનો ભાવ-શિથિલતા-તે ભવમાં મોક્ષ જવા યોગ્ય પરિણામોના વિષયમાં, મનની દૃઢતાનો અભાવ (હોવાથી) સત્ત્વહીન-નબળા પરિણામ હોય છે-એમ અર્થ છે. ઋતુમાં થવાવાળા આર્તવનું પ્રસ્ખલન-લોહીનું વહેવું, જલ્દી-દરેક મહિનામાં ત્રણ દિવસ મનની શુદ્ધિનો નાશ કરવાવાળો લોહીનો પ્રવાહ તેમને હોય છે-એમ અર્થ છે. (સૂક્ષ્મ) લબ્ધિ અપર્યાપ્તક મનુષ્યોની ઉત્પત્તિ થાય છે. ॥ વધારાની ગાથા ૨૫ ॥

હવે (તે લબ્ધિ અપર્યાપ્તક જીવોની) ઉત્પત્તિના સ્થાન કહે છે.

**लिंगम्हि य इत्थीणं थणंतरे णाहिकक्खपदेसेसु ।**
**भणिदो सुहुमुप्पादो तासिं कह संजमो होदि ॥**

વધારાની ગાથા ૨૬

છે લિંગ-સ્તન મધ્યમાં નાભિ તેમજ કક્ષ પ્રદેશમાં,
કહી સૂક્ષ્મ જીવોની ઉત્પતિ તો સંયમ કયમ સંભવે.

ગાથાર્થ : સ્ત્રીઓના યોનિ-સ્થાનમાં, બન્ને સ્તનોના વચ્ચેના સ્થાનમાં, નાભિમાં તથા કાંખના સ્થાનમાં સૂક્ષ્મ જીવોની ઉત્પત્તિ કહેવામાં આવી છે, એમ હોવાથી તેમને સંયમ કેવી રીતે હોઈ શકે ?

ટીકાર્થ : સ્ત્રીઓના લિંગ અર્થાત્ યોનિપ્રદેશમાં, બે સ્તનની વચ્ચેના ભાગમાં; નાભિ પ્રદેશમાં અને કાંખ પ્રદેશમાં-આ સ્થાનોમાં સૂક્ષ્મ (લબ્ધિ અપર્યાપ્તક) મનુષ્યાદિ જીવોની ઉત્પત્તિ કહેવામાં આવી છે.

આ પહેલા (વધારાની ગાથા ૨૩ મી માં, ૨૫ મી માં) કહેવામાં આવેલ મોહાદિ, જીવોત્પત્તિ વિ. દોષ શું પુરુષમાં નથી હોતા ? જો આવો પ્રશ્ન હોય તો, કહે છે-એમ ન કહેવું જોઈએ (પુરુષોમાં હોય છે પરંતુ) સ્ત્રીઓમાં વિશેષપૂર્વક હોય છે, ફક્ત હોવાથી સમાનતા નથી હોતી. એકને ઝેરની કાંકરી માત્ર છે અને બીજાને તો ઝેરનો પર્વત છે-બન્નેમાં શું સમાનતા છે ? ઉલ્ટાનો પુરુષને પહેલાં (વૃષભનારાચ) સંહનન બળથી દોષોને નાશ કરવાવાળો, મુક્તિને યોગ્ય વિશેષ સંયમ છે. (જ્યારે) (ઉપર દર્શાવેલ દોષોના કારણે) તેમને (સ્ત્રીઓને) સંયમ કેવી રીતે હોય શકે ? ॥ વધારાની ગાથા ૨૬ ॥

હવે, સ્ત્રીઓના એ જ ભવથી મોક્ષ જવા યોગ્ય બધા જ કર્મોની નિર્જરાનો નિષેધ કરે છે.

**जदि दंसणेण सुद्धा सुत्तज्झयणेण चावि संजुत्ता ।**
**घोरं चरदि व चरियं इत्थिस्स ण णिज्जरा भणिदा ॥**

વધારાની ગાથા ૨૭

હો શુદ્ધ દર્શનાગમથી ને હો વળી અધ્યયનથી,
નિર્જરા ન કહી નારીને ભલે હો કઠિન ચારિત્રથી.

ગાથાર્થ : સ્ત્રી સમ્યક્દર્શનથી શુદ્ધ હોય, આગમના અધ્યયનથી પણ સહિત હોય તથા કઠિન ચારિત્રનું પણ આચરણ કરતી હોય, તો પણ સ્ત્રીના બધા જ કર્મોની નિર્જરા નથી કહેવામાં આવી.

ટીકાર્થ : જો કે દર્શનથી-સમ્યક્ત્વથી શુદ્ધ છે, અગિયાર અંગરૂપ સૂત્ર-આગમના અભ્યાસથી પણ સંયુક્ત છે, કઠિન ૧૫ દિવસના ઉપવાસ કે મહિનાના ઉપવાસ વિ. રૂપ ચારિત્રનું આચરણ કરતી હોય તો પણ સ્ત્રીના, તે જ ભવથી કર્મોના ક્ષય યોગ્ય પૂરેપૂરી નિર્જરા નથી કહેવામાં આવી-

એવો ભાવ છે.

બીજી વાત એ છે કે જેમ પહેલા સંહનનનો અભાવ હોવાથી સ્ત્રી સાતમી નરકે નથી જતી, તે પ્રકારે મોક્ષ પણ નથી જતી.

[૧] ''જે પુરુષ, ભાવ પુરુષવેદનું વેદન કરતાં અથવા બાકી રહેલ ઉદયથી ભાવ સ્ત્રીવેદનું કે નપુંસકવેદનું વેદન કરતાં, ક્ષપક શ્રેણી પર સવાર થાય છે, તે ધ્યાનમાં લીન મુનિ સિદ્ધ થાય છે''

આ પ્રકારે ગાથામાં કહેવામાં આવેલા અર્થના અભિપ્રાયથી ભાવ સ્ત્રીઓનો મોક્ષ કેવી રીતે હોય છે ? જો આવો પ્રશ્ન હોય તો ઉત્તર આપે છે-તે ભાવ સ્ત્રીઓને પહેલું સંહનન હોય છે તથા દ્રવ્ય સ્ત્રીવેદનો અભાવ હોવાથી, તે જ ભવથી મોક્ષ જવાવાળા પરિણામોને રોકવાવાળો તીવ્ર કામનો આવેગ પણ નથી હતો (તેથી તેમનો મોક્ષ થઈ જાય છે) ''દ્રવ્ય સ્ત્રીઓને પહેલું સંહનન નથી'' - એવું કયા આગમમાં કહેવામાં આવ્યું છે ? જો એવો પ્રશ્ન હોય તો ત્યાં ઉદાહરણ ગાથા કહે છે -

[૨] ''કર્મભૂમિ સ્ત્રીઓને નિયમથી છેલ્લા ત્રણ સંહનન હોય છે, શરૂઆતના ત્રણ સંહનન તેમને નથી હોતા-એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે. ''

અહીં પ્રશ્ન એ છે કે જો સ્ત્રીઓને મોક્ષ નથી હોતો, તો આપના મતમાં આર્યિકાઓને મહાવ્રતનું આરોપણ કેમ કરવામાં આવ્યું છે ? આચાર્ય ઉત્તર આપે છે કે કુળ-વ્યવસ્થાના નિમિત્તથી આ ઉપચાર કરવામાં આવ્યો છે, અને ઉપચાર સાક્ષાત્ હોવાને યોગ્ય નથી હોતો; ''આ દેવદત્ત અગ્નિની જેમ ક્રુર છે'' વગેરેની જેમ.

એવું પણ કહેવામાં આવ્યું છે -

''મુખ્યનો અભાવ હોવાથી પ્રયોજન અને નિમિત્તમાં ઉપચાર પ્રવૃત્ત થાય છે''

પરંતુ જો સ્ત્રીઓને તે જ ભવમાં મોક્ષ થાય તો, સો વર્ષ પહેલા દીક્ષિત આર્યિકા દ્વારા, આજના જ દિવસે દીક્ષિત સાધુ પૂજ્ય કેવી રીતે હોય છે ? તે આર્યિકા જ, તે સાધુ દ્વારા પહેલેથી પૂજ્ય કેમ નથી હોતી ?

પરંતુ આપના મતમાં ''મલ્લિ તીર્થંકર સ્ત્રી છે'' એમ કહે છે, તે પણ યોગ્ય નથી. કારણ કે પહેલા ભવમાં સમ્યક્દર્શન વિશુદ્ધિ વગેરે સોળ ભાવનાઓ ભાવીને પછી તીર્થંકર હોય છે. સમ્યક્દષ્ટિને સ્ત્રીવેદ કર્મનો બંધ જ નથી હોતો, તો તે સ્ત્રી કેવી રીતે થયા ? બીજી વાત એ છે કે અગર મલ્લિ તીર્થંકર અથવા બીજા કોઈ પણ, સ્ત્રી થઈને મોક્ષ ગયા છે, તો આપના દ્વારા સ્ત્રી રૂપ પ્રતિમાની આરાધના કેમ નથી કરવામાં આવતી ?

અગાઉ (વધારાની ગાથા ૨૩ મી વિ. માં) કહેવામાં આવેલા દોષ સ્ત્રીઓને હોય છે, તો સીતા, રુકમણિ, કુન્તી, દ્રૌપદી, સુભદ્રા વગેરે સ્ત્રીઓ જિનદીક્ષા ગ્રહણ કરી, ખાસ તપસ્યા કરીને સોળમાં સ્વર્ગમાં કેવી રીતે ગઈ ? જો આપનો આવો પ્રશ્ન હોય તો ઉત્તર આપે છે - ત્યાં દોષ નથી, તે સ્વર્ગથી આવીને, આગળ પુરુષવેદ દ્વારા મોક્ષ જશે. તે જ ભવથી નહિ, અન્ય ભવમાં હોય તો કોઈ

૧. પ્રાકૃત સિદ્ધ ભક્તિ ગાથા - ૬

૨. ગોમ્મટસાર - કર્મકાંડ ગાથા - ૩૨

દોષ નથી.

અહીં તાત્પર્ય આ છે - પોતે વસ્તુ-સ્વરૂપ જ જાણવુ જોઈએ, બીજા સાથે વિવાદ ન કરવો જોઈએ.

પ્રશ્ન : બીજા સાથે વિવાદ કેમ ન કરવો જોઈએ ?

ઉત્તર : વિવાદમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ થાય છે, અને તેથી શુદ્ધાત્માની ભાવના નાશ પામે છે, તેથી બીજા સાથે વિવાદ ન કરવો જોઈએ. ॥ વધારાની ગાથા ૨૭ ॥

હવે, ઉપસંહારરૂપે, સ્થિત પક્ષને દર્શાવે છે.

**तम्हा तं पडिरूवं लिंगं तासिं जिणेहिं णिद्दिट्ठं ।**
**कुलरूववओजुत्ता समणीओ तस्समाचारा ॥**

વધારાની ગાથા ૨૮

તેથી જિનેન્દ્રોએ સવસ્ત્રજ ચિન્હ જેનું છે કહ્યું,
કુલ-રૂપ-વય સહિત સમ આચારયુક્ત શ્રમણી કહી.

ગાથાર્થ : તેથી જિનેન્દ્ર ભગવાને, તે સ્ત્રીઓનું ચિન્હ વસ્ત્ર સહિત કહ્યું છે. કુળ, રૂપ, ઉમરથી સહિત પોતાને યોગ્ય આચારનુંપાલન કરતી તે શ્રમણી-આર્યિકા કહેવાય છે.

ટીકાર્થ : જે કારણથી તે જ ભવથી મોક્ષ નથી થતો, તે કારણ તેમના પ્રતિરૂપ વસ્ત્રપ્રાવરણ સહિત લિંગ-ચિન્હ લાંછન તે સ્ત્રીઓના, સર્વજ્ઞ-જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવ્યા છે. લોકમાં નિંદા-ધૃણાથી રહિત હોવાને કારણે, જિન દીક્ષાને યોગ્ય કુળ-કુળ કહેવામાં આવે છે. અંતરંગની વિકાર રહિત મનની શુદ્ધિને બતાવવાવાળું, બહારમાં વિકાર રહિત વેષ-રૂપ કહેવામાં આવે છે, ભંગ રહિત-અંગોપાંગની ખામી રહિત શરીર અથવા વિશેષ બાળપણ કે ઘડપણના સંબંધિત બુદ્ધિની અસ્થિરતાથી રહિત ઉંમર-વય કહેવાય છે; આ કુળ-રૂપ વય સહિત હોય છે.

પ્રશ્ન : આ કુળ, રૂપ, વયથી સહિત કોણ હોય છે ?

ઉત્તર : શ્રમણી-આર્યિકા-અર્જિકા કુળ, રૂપ, વયથી સહિત હોય છે.

પ્રશ્ન : અને તે બીજી પણ કઈ વિશેષતાવાળી છે ?

ઉત્તર : તે સ્ત્રીઓને યોગ્ય આચાર-શાસ્ત્રમાં કહેવામાં આવેલ સમાચાર-આચાર-આચરણ છે જેમના, તેઓ તે સમાચાર સંપન્ન આર્યિકાઓ છે. ॥ વધારાની ગાથા ૨૮ ॥

હવે આ સમયે પુરુષોના દીક્ષાગ્રહણમાં વર્ણ વ્યવસ્થા કહે છે.

**वण्णेसु तीसु एक्को कल्लाणंगो तवोसहो वयसा ।**
**सुमुहो कुच्छारहिदो लिंगग्गहणे हवदि जोग्गो ॥**

વધારાની ગાથા ૨૯

ત્રણ વર્ણોમાંથી એક જે વર્ણના તન તપ સહ્ય હો,
નિંદા રહિત સુમુખાવિંદ દિક્ષા લાયક તેને કહ્યું.

ગાથાર્થ : ત્રણ જ્ઞાતીઓમાંથી કોઈ એક જ્ઞાતીનો, નિરોગી શરીરવાળો, ઉંમરમાં તપશ્ચર્યા સહન કરવાવાળો, સુંદર ચહેરાવાળો, લોકનિંદાથી રહિત પુરુષ દીક્ષા લેવા યોગ્ય હોય છે.

ટીકાર્થ : ત્રણ જ્ઞાતી-બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક જ્ઞાતીઓમાંથી એક જ્ઞાતી, નિરોગ શરીર અને તપને સહન કરવામાં સમર્થ.

પ્રશ્ન : કોના દ્વારા તપને સહન કરવામાં સમર્થ ?

ઉત્તર : વિશેષ ઘડપણ અને વિશેષ બાળપણથી રહિત ઉંમર દ્વારા તપને સહન કરવાવાળો વિકાર રહિત અંતરમાં પરમ ચૈતન્ય પરિણતિરૂપ વિશુદ્ધિને બતાવનારો, ગમક (જ્ઞાન કરાવવાવાળો) બહારમાં વિકાર રહિત છે મુખ જેનું અથવા જે ચહેરાના અવયવો ખોટ રહિત છે, તે સુમુખ છે. લોકમાં દુરાચાર વિ. અપવાદો રહિત આ (બધા) ગુણોથી વિશિષ્ટ પુરુષ જિન-દીક્ષા લેવા યોગ્ય છે. યથાયોગ્ય સત્ શૂદ્ર વિ. પણ જિન-દીક્ષા લેવા યોગ્ય છે. ॥ વધારાની ગાથા ૨૯ ॥

હવે, નિશ્ચયનયનો અભિપ્રાય કહે છે.

**जो रयणत्तयणासो सो भंगो जिणवरेहिं णिद्दिट्ठो ।**
**सेसं भंगेण पुणो ण होदि सल्लेहणाअरिहो ॥**

વધારાની ગાથા ૩૦

ભંગ કહે જિનેન્દ્રદેવ જો-નાશ હો રત્નત્રયનો,
સંલેખના યોગ્ય નહી-શેષ ભંગ યુક્ત જો.

ગાથાર્થ : રત્નત્રયના નાશને જિનેન્દ્ર ભગવાને ભંગ કહ્યો છે તથા શેષ ભંગ દ્વારા તે (મુનિ) સંલેખનાને યોગ્ય નથી હોતા.

ટીકાર્થ : રત્નત્રયના નાશને જિનેન્દ્ર ભગવાન દ્વારા ભંગ કહેવામાં આવ્યો છે. વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવરૂપ પોતાના પરમાત્મતત્ત્વની સમ્યક્ શ્રદ્ધા, તેનું જ સમ્યક્જ્ઞાન અને તેમાં જ સમ્યક્ ચારિત્ર (લીનતા, આચરણ) રૂપ જે નિશ્ચય રત્નત્રયરૂપ પોતાનો ભાવ છે, તેનો નાશ થવો તે જ નિશ્ચયથી નાશ-ભંગ જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવ્યો છે. તથા શેષ ભંગ દ્વારા-શેષ શરીરના કોઈ અવયવનો ઘાત થવાથી, મુંડ (વાંકા) થઈ જવાથી, વાયુ રોગ થઈ જવાથી, વૃષણ (અંડકોશ) વિ. નો ઘાત થવાથી, (મુનિ) સંલેખનાને લાયક હોતા નથી. લોકનિંદાના ડરથી નિર્ગ્રંથરૂપ ધારણ કરવા યોગ્ય નથી. કૌપીન (એક વસ્ત્ર) ગ્રહણ દ્વારા તેની ભાવના કરવી યોગ્ય છે-એમ અભિપ્રાય છે. ॥ વધારાની ગાથા ૩૦ ॥

આ પ્રકારે સ્ત્રી-મુક્તિ-નિરાકરણના વ્યાખ્યાનની મુખ્યતાથી અગિયાર ગાથાઓ દ્વારા ત્રીજું સ્થળ સમાપ્ત થયું.

હવે, આ પહેલા (૨૨૩ મી ગાથામાં) કહેવામાં આવેલ ઉપકરણરૂપ અપવાદ વ્યાખ્યાનનું વિશેષ કથન કરવામાં આવે છે.

## ગાથા ૨૨૫

જન્મ્યા પ્રમાણે રૂપ ભાખ્યું ઉપકરણ જિનમાર્ગમાં,
ગુરુવચન ને સૂત્રાધ્યયન, વળી વિનય પણ ઉપકરણમાં. ૨૨૫.

અન્વયાર્થ :– [**यथाजातरूपम् लिङ्गं**] યથાજાતરૂપ જે લિંગ (-જન્મ્યા પ્રમાણે રૂપ એવું જે લિંગ) તે [**जिनमार्गे**] જિનમાર્ગમાં [**उपकरणम् इति भणितम्**] ઉપકરણ કહેવામાં આવ્યું છે; [**गुरुवचनं**] ગુરુનાં વચન, [**सूत्राध्ययनं च**] સૂત્રોનું અધ્યયન [**च**] અને [**विनयः अपि**] વિનય પણ [**निर्दिष्टम्**] ઉપકરણ કહેલ છે.

ટીકાર્થ : એમ કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : ઉપકરણ કહેવામાં આવ્યું છે

પ્રશ્ન : ક્યાં સાધન કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : જિનેન્દ્ર ભગવાન દ્વારા કહેવામાં આવેલ મોક્ષમાર્ગમાં (સાધન કહેવામાં આવ્યું છે)

પ્રશ્ન : ત્યાં ઉપકરણ કોને કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : શરીરના આકારવાળા પુદ્ગલ પિંડરૂપ દ્રવ્યલિંગને ઉપકરણ તથા સાધન કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : તે દ્રવ્યલિંગ કઈ વિશેષતાવાળું છે ?

ઉત્તર : યથાજાતરૂપ, યથાજાતરૂપ શબ્દ દ્વારા અહીં વ્યવહારથી (બહારમાં) પરિગ્રહના પરિત્યાગ સહિત નગ્નરૂપ અને નિશ્ચયથી અંદરમાં શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવ પરમાત્મ-સ્વરૂપ વિવક્ષિત છે. (ઉપરાંત) ગુરુના વચનને પણ, (જે) વિકાર રહિત ઉત્કૃષ્ટ ચૈતન્ય જ્યોતિ સ્વરૂપ પરમાત્મતત્ત્વનું જ્ઞાન કરાવવાવાળું સારભૂત સિદ્ધ (સફળ) ઉપદેશરૂપ ગુરુના ઉપદેશરૂપ વચન છે (તેને પણ ઉપકરણ કહેવામાં આવ્યું છે). (ઉપરાંત) ગુરુના ઉપદેશરૂપ વચન જ નહીં પણ આદિ મધ્ય-અંતથી રહિત, જન્મ-જરા-મૃત્યુથી રહિત પોતાના આત્મદ્રવ્યને પ્રકાશિત કરવાવાળા-બતાવવાવાળા સૂત્રોનું અધ્યયન-પરમાગમનું વાંચન (પણ ઉપકરણ કહેવામાં આવ્યું છે) એવો અર્થ છે. પોતાના નિશ્ચય રત્નત્રયની શુદ્ધિ નિશ્ચય-વિનય છે અને તેન આધારભૂત પુરુષોમાં ભક્તિનું પરિણામ વ્યવહાર-વિનય છે-આ બન્ને પ્રકારના વિનય પરિણામ ઉપકરણ છે-તેમ કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : આનાથી શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : નિશ્ચયથી તો ચાર જ સાધન છે અને બીજા તો વ્યવહાર-સાધન છે. ॥ ૨૨૫ ॥

હવે, યોગ્ય આહાર-વિહાર લક્ષણ (રૂપ) મુનિરાજનું સ્વરૂપ બતાવે છે.

## ગાથા ૨૨૬

આ લોકમાં નિરપેક્ષ ને પરલોક-અણપ્રતિબદ્ધ છે
સાધુ કષાયરહિત, તેથી યુક્ત આ'ર-વિહારી છે. ૨૨૬.

અન્વયાર્થ :– [**श्रमण:**] શ્રમણ [**रहितकषाय:**] કષાયરહિત વર્તતો થકો [**इहलोकनिरापेक्ष:**] આ લોકમાં નિરપેક્ષ અને [**परस्मिन् लोके**] પર લોકમાં [**अप्रतिबद्ध:**] અપ્રતિબદ્ધ હોવાથી [**युक्ताहारविहार: भवेत्**] *યુક્તાહારવિહારી હોય છે.

ટીકાર્થ : આ લોકથી નિરપેક્ષ, ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવી, પોતાના આત્માની અનુભૂતિનો નાશ કરવાવાળી પ્રસિદ્ધિ, પૂજા, લાભરૂપ આ લોક સંબંધી ઈચ્છાઓથી રહિત, પરલોકમાં અપ્રતિબદ્ધ, તપશ્ચર્યા કરવાથી દિવ્ય દેવ-સ્ત્રી-પરિવાર વિ. ભોગ મળે છે તેવા પરલોકના વિષયોમાં પ્રતિબદ્ધ (વિષયની ઈચ્છારૂપ બંધનથી) રહિત યુક્તાહાર-વિહારી હોય છે.

પ્રશ્ન : કોણ યુક્તાહાર-વિહારી હોય છે ?

ઉત્તર : મુનિ યુક્તાહાર-વિહારી હોય છે.

પ્રશ્ન : તે મુનિ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : કષાય રહિત સ્વરૂપની અનુભૂતિરૂપ અવલંબનના બળથી તેઓ કષાય રહિત છે. અહીં ભાવાર્થ એ છે કે-જેઓ આ લોક અને પરલોકથી નિરપેક્ષ તથા કષાય રહિત હોવાના કારણે દિપકના સ્થાને શરીરને અને તેલને સ્થાને કોળિયો માત્ર ખોરાક દઈને, ઘડા, કપડાં આદિ પ્રકાશિત થવાને યોગ્ય પદાર્થોને સ્થાને પોતાના પરમાત્મ પદાર્થનું નિરીક્ષણ કરે છે તે જ યુક્તાહાર-વિહારી છે. શરીરની પુષ્ટિમાં લાગેલા એવા બીજાઓ નહીં.

હવે, પંદર પ્રમાદો દ્વારા મુનિરાજ પ્રમાદી થાય છે, તેવું વર્ણન કરે છે.

**कोहादिएहिं चउहिं वि विकहाहिं तहिंदियाणमत्थेहिं ।**
**समणो हवदि पमत्तो उवजुत्तो णेहणिद्दाहिं ॥**

વધારાની ગાથા ૩૧

ક્રોધાદિ ચાર પ્રકારથી વિકથા ઈન્દ્રિય વિષયથી,
ઉપયુક્ત શ્રમણ પ્રમત હોતા નીંદથી ને સ્નેહથી.

* યુક્તાહારવિહારી : યોગ્ય આહાર વિહારવાળા, યોગપૂર્વક (આત્મસ્વભાવમાં જોડાણ સહિત) આહાર વિહારવાળા.

ગાથાર્થ : ચાર પ્રકારના ક્રોધાદિથી ચાર પ્રકારની વિકથાઓથી, તે જ પ્રકારે ઈન્દ્રિયોના વિષયોથી, સ્નેહ અને નિદ્રાથી ઉપયુક્ત (પરિણત) થતો થકો મુનિ પ્રમાદી થાય છે.

ટીકાર્થ : ક્રોધાદિ પંદર પ્રમાદોથી રહિત ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મતત્ત્વની ભાવનાથી ચ્યુત થયા થકા હોય છે.

પ્રશ્ન : કર્તારૂપ તેઓ કોણ હોય છે ?

ઉત્તર : સુખ દુઃખ વગેરેમાં સમાન મનવાળા, (સુખ દુઃખને) અનુભવવાળા મુનિરાજ હોય છે.

પ્રશ્ન : તે મુનિરાજો કઈ વિશેષતાવાળા હોય છે ?

ઉત્તર : તે મુનિરાજો પ્રમાદી હોય છે.

પ્રશ્ન : તેઓ કોનાથી પ્રમાદી હોય છે ? (-શામાં પ્રમાદી હોય છે ?)

ઉત્તર : ચાર પ્રકારના ક્રોધાદિ દ્વારા; સ્ત્રી કથા, ભક્ત કથા, ચોર કથા, રાજ કથારૂપ વિકથાઓ દ્વારા; તે પ્રકારે પાંચ ઈન્દ્રિયોના અર્થો-સ્પર્શ વિ. વિષયો દ્વારા પ્રમાદી થાય છે. (-વિષયોમાં પ્રમાદી હોય છે)

પ્રશ્ન : તે કયા રૂપે છે ?

ઉત્તર : પરિણમિત છે.

પ્રશ્ન : કયા રૂપે પરિણમિત છે ?

ઉત્તર : સ્નેહ અને નિદ્રારૂપથી પરિણમિત છે.

હવે, યુક્તાહાર-વિહારી મુનિરાજના સ્વરૂપનો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૨૭

આત્મા અનેષક તે ય તપ, તત્સિદ્ધિમાં ઉદ્યત રહી
વણ-એષણા ભિક્ષા વળી, તેથી અનાહારી મુનિ. ૨૨૭.

અન્વયાર્થ :– [**यस्य आत्मा अनेषण:**] જેનો આત્મા એષણારહિત છે (અર્થાત્ જે અનશનસ્વભાવી આત્માને જાણતો હોવાને લીધે સ્વભાવથી આહારની ઈચ્છા રહિત છે) [**तत् अपि तप:**] તેને તે પણ તપ છે; (વળી) [**तत्प्रत्येषका:**] તેને પ્રાપ્ત કરવા માટે (-અનશનસ્વભાવી આત્માને પરિપૂર્ણપણે પ્રાપ્ત કરવા માટે) પ્રયત્ન કરનારા [**श्रमणा:**] એવા જે શ્રમણો તેમને [**अन्यत् भैक्षम्**] અન્ય (-સ્વરૂપથી જુદી એવી) ભિક્ષા [**अनेषणम्**] એષણા વિના (-એષણાદોષ રહિત) હોય છે; [**अथ**] તેથી [**ते श्रमणा:**] તે શ્રમણો [**अनाहारा:**] અનાહારી છે.

ટીકાર્થ : જે મુનિ સંબંધી આત્મા.

પ્રશ્ન : તેઓ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : પોતાના શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી ઉત્પન્ન સુખરૂપી અમૃતના આહારથી તૃપ્ત હોવાના કારણે જેમને આહારની ઈચ્છા નથી, તે અનેષણ છે.

તેઓને નિશ્ચયથી તે જ -આહાર રહિત આત્માની ભાવનારૂપ ઉપવાસ લક્ષણ તપ છે જેની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ મુનિ તે નિશ્ચય ઉપવાસ લક્ષણ તપને ઈચ્છે છે, તેથી તેઓ પ્રથમ તો (ઉપવાસ તપ) સંયુક્ત શ્રમણ છે.

પ્રશ્ન : વળી બીજું પણ તેમને શું હોય છે ?

ઉત્તર : પોતાના પરમાત્મતત્ત્વથી અન્ય જુદા (છે તે) હેય છે.

પ્રશ્ન : તે અન્ય શું છે ?

ઉત્તર : ખોરાકની-આહારની-ભોજનની એષણા-વાંછા-ઈચ્છા-અન્નેષણ તે છે.

પ્રશ્ન : તે ભોજનની ઈચ્છા કેવી છે ?

ઉત્તર : ભિક્ષાના સમયે હોવાવાળી-ભિક્ષારૂપ છે.

હવે, અહો ! તેમ હોવા છતાં તે ઉપવાસ વિ. ગુણોવાળા મુનિ આહાર લેવા છતાં અનાહારી છે.

અને આ પ્રકારે, જેઓ નિષ્ક્રિય પરમાત્માની ભાવના કરે છે અને પાંચ સમિતિ સહિત વિહાર કરે છે, તેઓ વિહાર કરતા હોવા છતાં અવિહારી છે-એમ અર્થ છે. ॥ ૨૨૭॥

હવે, તે જ અનાહારકપણું પ્રકારાંતરથી બીજા રૂપમાં કહે છે.

## ગાથા ૨૨૮

કેવલશરીર મુનિ ત્યાંય 'મારું ન' જાણી વણ-પ્રતિકર્મ છે,
નિજ શક્તિના ગોપન વિના તપ સાથ તન યોજેલ છે. ૨૨૮.

અન્વયાર્થ :– [**केवलदेह: श्रमण:**] કેવળદેહી શ્રમણે (-જેને માત્ર દેહરૂપ પરિગ્રહ જ વર્તે છે એવા મુનિએ) [**देहे**] દેહમાં પણ [**न मम इति**] 'મારો નથી' એમ સમજીને [**रहितपरिकर्मा**] [1]પરિકર્મ રહિત વર્તતાં થકાં, [**आत्मन:**] પોતાના આત્માની [**शक्ति**] શક્તિને [**अनिगूह्य**] ગોપવ્યા વિના [**तपसा**] તપ સાથે [**तं**] તેને (-દેહને) [**आयुक्तवान्**] યુક્ત કર્યો (-જોડ્યો) છે.

ટીકાર્થ : ફક્ત શરીર (રૂપી પરિગ્રહ) સિવાય બીજા પરિગ્રહથી રહિત છે.

પ્રશ્ન : કર્તારૂપ તેઓ કોણ બીજા પરિગ્રહથી રહિત છે ?

ઉત્તર : નિંદા-પ્રશંસા વગેરેમાં સરખા મનવાળા મુનિ બીજા પરિગ્રહથી રહિત છે.

પ્રશ્ન : તો પછી શુ તેમને શરીરમાં મમતા થતી હશે ?

ઉત્તર : એવું નથી, શરીરમાં પણ મમતા રહિત પરિકર્મ છે. (પ્રવૃત્તિ છે)

"હું મમતાનો ત્યાગ કરું છું, નિર્મમતામાં સ્થિર થઉં છું,

આત્મા જ મારું આલંબન છે, બાકી સર્વેને હું છોડું છું.''

આ પ્રકારે (ઉપરની) ગાથામાં કહેવામાં આવેલ ક્રમથી (મુનિ) શરીરમાં પણ મમતા રહિત છે. તે શરીરને તપ સાથે જોડે છે.

પ્રશ્ન : શું કરીને તે શરીરને તપ સાથે જોડે છે ?

ઉત્તર : નહિ છુપાવીને તેને જોડે છે.

પ્રશ્ન : શું નહિ છુપાવીને જોડે છે ?

ઉત્તર : પોતાની શક્તિને નહિ છુપાવીને તેને (શરીરને) (તપ સાથે) જોડે છે.

આનાથી શું કહેવામાં આવ્યું છે ?

જે કોઈ પણ શરીરથી જુદા બાકીના પરિગ્રહને છોડીને, શરીરમાં પણ મમતા રહિત રહીને, તે પ્રકારે તે શરીરને તપ સાથે જોડે છે, તે નિયમથી યુક્તાહારી-વિહારી છે. ॥ ૨૨૮ ॥

હવે, યુક્તાહારપણું વિસ્તારથી પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૨૯

આહાર તે એક જ, ઊણોદર ને યથા-ઉપલબ્ધ છે,
ભિક્ષા વડે, દિવસે, રસેચ્છાહીન, વણ-મધુમાંસ છે. ૨૨૯.

અન્વયાર્થ :– [**खलु**] ખરેખર [**सः भक्तः**] તે આહાર (-યુક્તાહાર) [**एकः**] એક વખત [**अप्रतिपूर्णोदरः**] ઊણોદર, [**यथालब्धः**] યથાલબ્ધ (-જેવો મળે તેવો), [**भैक्षाचरणेन**] ભિક્ષાચરણથી, [**दिवा**] દિવસે, [**न रसापेक्षः**] રસની અપેક્ષા વિનાનો અને [**न मधुमांसः**] મધમાંસ રહિત હોય છે.

ટીકાર્થ : ખરેખર તો એક વખત જ કરેલો આહાર યુક્તાહાર છે.

પ્રશ્ન : એક વખત જ કરેલો આહાર યુક્તાહાર કેમ છે ?

ઉત્તર : એક વખત કરેલા આહારથી જ વિકલ્પ રહિત સમાધિ-સ્વરૂપલીનતાના સહકારી કારણભૂત શરીરની સ્થિતિ શક્ય હોવાથી, એક વખત જ કરેલો આહાર યુક્તાહાર છે.

પ્રશ્ન : અને તે આહાર કેવો છે ?

ઉત્તર : શક્તિ અનુસાર ભૂખથી ઓછો-ઊણોદરરૂપ છે. જેવો મળી જાય તેવો છે, પોતાની ઈચ્છાથી મેળવેલો નથી. ભિક્ષાચરણથી જ મેળવેલો છે, પોતાના દ્વારા બનાવેલ નથી. દિવસે જ

૧. મુલાચાર ગાથા ૪૫૧

બનાવવામાં આવેલ છે, રાત્રે નહિ. તેમાં રસની અપેક્ષા (મુનિને) નથી, પણ રસ સહિત અથવા રસ રહિત આહારમાં સરખું મન છે. મધ-માંસથી રહિત છે-આનો અર્થ ઉપલક્ષણથી આચારશાસ્ત્ર (ચરણાનુયોગ)માં કહેવામાં આવેલ ભોજનશુદ્ધિના ક્રમથી પૂરી રીતે અયોગ્ય આહારથી રહિત છે.

પ્રશ્ન : આનાથી શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : આ પ્રકારે આ ખાસ વિશેષણોથી સહિત જ આહાર, મુનિરાજોનો યુક્તાહાર છે.

પ્રશ્ન : આવો આહાર જ યુક્તાહાર કેમ છે ? જો એવો પ્રશ્ન હોય તો કહે છે કે,

ઉત્તર : જ્ઞાનાનંદ એક લક્ષણ નિશ્ચય પ્રાણોની રક્ષા સ્વરૂપ, રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત જે નિશ્ચયનયથી અહિંસા છે અને તેના સાધકરૂપ બહારમાં બીજા જીવોના પ્રાણોના ઘાતના ત્યાગરૂપ દ્રવ્ય અહિંસા છે-તે બન્ને પ્રકારની અહિંસા આ યુક્તાહારમાં જ શક્ય છે, તેથી તેવો આહાર જ યુક્તાહાર છે. તેનાથી વિપરીત જે આહાર છે, તે યુક્તાહાર નથી. તેનાથી વિપરીત આહાર યુક્તાહાર કેમ નથી-એવો પ્રશ્ન હોય તો કહે છે-આનાથી વિરુદ્ધ આહારમાં દ્રવ્ય-ભાવરૂપ હિંસાનો સદ્‌ભાવ હોવાથી, તે યુક્તાહાર નથી. ॥ ૨૨૯॥

હવે, વિસ્તારથી માંસના દોષ કહે છે.

**पक्केसु अ आमेसु विपच्चमाणासु मंसपेसीसु ।**
**संतत्तियमुववादो तज्जादीणं णिगोदाणं ॥**

વધારાની ગાથા ૩૨

કાચા કે પાકા રંધાતા માંસખંડોમાં સદા,
તે જાતિના નિગોદિયા ઉત્પન્ન થતા રહે સદા.

**जोपक्कमपक्कं वा पेसीं मंसस्स खादि फासदि वा ।**
**सो किल णिहणदि पिंडं जीवाणमणेगकोडीणं ॥ जुम्मं ॥**

વધારાની ગાથા ૩૩

કાચા કે પાકા માંસખંડને ખાતો કે અડતો થકો,
તે મારતો જીવોને નિશ્ચિત કોટાધિક સમૂહને.

૧ ગાથાર્થ : રાંધેલા, કાચા કે રંધાતા માંસના ટુકડાઓમાં એ જ જાતિના નિગોદિયા જીવો હંમેશા ઉત્પન્ન થતાં રહે છે, જે રાંધેલા અથવા નહિ રાંધેલા માંસના ટુકડાઓને ખાય છે અથવા અડે છે, તે ખરેખર અનેક કરોડો જીવોના સમુહનો ઘાત કરે છે.

ટીકાર્થ : આ ક્રિયા અધ્યાહાર છે-ઉપરથી લેવામાં આવી છે, કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : તે શું કહેવામાં આવ્યું છે ?

૧. આચાર્ય અમૃતચંદ્રદેવે પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં પદ્ય ૬૭-૬૮ દ્વારા ઉપરોક્ત બન્ને ગાથાઓને સંસ્કૃતમાં નિબદ્ધ કરી છે.

ઉત્તર : વ્યવહારનયથી ઉત્પાદ કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : તે ઉત્પાદ (જન્મ) કઈ વિશેષતાવાળો છે ?

ઉત્તર : તે જન્મ હંમેશા (-સતત, નિરંતર) માટે કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : કોનો જન્મ હંમેશને માટે કહેવામાં આવ્યો છે ?

ઉત્તર : અનાદિ-અનંત હોવાના કારણે ઉત્પાદ-વ્યયથી રહિત, નિશ્ચયથી શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી હોવા છતાં પણ નિગોદના જીવોનો હંમેશા જન્મ કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : અને કોનો જન્મ કહેવામાં આવ્યો છે ?

ઉત્તર : તે જ રંગ, તે જ ગંધ, તે જ રસ અને તે જ સ્પર્શવાળા હોવાથી તે જ જાતિના અર્થાત્ માંસની જાતિના જીવોનો જન્મ કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : કોના આધારે (કઈ જગ્યામાં) તેમનો જન્મ કહેવામાં આવ્યો છે ?

ઉત્તર : માંસના ટુકડાઓમાં તેમનો જન્મ કહેવામાં આવ્યો છે.

પ્રશ્ન : કેવા માંસના ટુકડાઓમાં તેમનો જન્મ કહેવામાં આવ્યો છે ?

ઉત્તર : રાંધેલા, કાચા અને રંધાતા માંસના ટુકડાઓમા તેમનો જન્મ કહેવામાં આવ્યો છે. ॥ ૩૨ ॥

આ પ્રકારે પહેલી ગાથા પૂરી થઈ.

કર્તારૂપ જે રાંધેલા કે કાચા ટુકડાને.

પ્રશ્ન : શેના ટુકડાને ?

ઉત્તર : માંસના ટુકડાને.

પોતાના શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન સુખરૂપી સુધાહાર-અમૃત ભોજનને પ્રાપ્ત ન કરતો, ખાય છે; ભક્ષણ કરે છે, અથવા અડે છે. કર્તારુપ તે, ખરેખર લૌકિક કથનથી અથવા પરમાગમના કથનથી સમુહને નષ્ટ કરે છે.

પ્રશ્ન : કોના સમુહને નષ્ટ કરે છે ?

ઉત્તર : જીવોના સમુહને નષ્ટ કરે છે.

પ્રશ્ન : કેટલી સંખ્યાવાળા જીવોના સમુહને નષ્ટ કરે છે ?

ઉત્તર : અનેક કરોડો જીવોના સમુહને નષ્ટ કરે છે.

'અહીં એમ કહેવામાં આવેલ છે કે બાકીના કંદ-મૂળ આદિ આહાર, કંઈક અનંતકાય પણ અગ્નિથી પકાવવામાં આવતા પ્રાસુક થઈ જાય છે. પરંતુ માંસ અનંતકાય છે અને તે પ્રકારથી અગ્નિથી રંધાયેલ, કાચુ કે રંધાતુ પણ પ્રાસુક નથી થતું. આ કારણથી અભક્ષ્ય અર્થાત્ ખાવા યોગ્ય નથી. ॥ ૩૩ ॥

હવે હાથમાં આવેલ પ્રાસુક આહાર પણ બીજાને દેવો ન જોઈએ એવો ઉપદેશ આપે છે.

**વધારાની ગાથા ૩૪**

**अप्पडिकुट्ठं पिंडं पाणिगयं णेव देयमण्णस्स ।**
**दत्ता भोतुमजोग्गं भुत्ता वा होदि पडिकुट्ठो ॥**

જો અન્ન હાથ અપ્રતિકૃષ્ટ અન્યને કદી દેય નહીં,
દેવાથી અ-ભોજન યોગ્ય કરે તો પ્રતિકૃષ્ટ છે.

ગાથાર્થ : હાથમાં આવેલો આગમથી અવિરૂદ્ધ આહાર બીજાઓને ન આપવો જોઈએ આપીને તે ભોજન કરવા યોગ્ય નથી રહેતો, છતાં જો તે ભોજન કરે છે, તો પ્રાયશ્ચિતને યોગ્ય છે.

ટીકાર્થ : આગમથી અવિરૂદ્ધ-નિર્દોષ, હાથમાં આવેલો આહાર દેવા યોગ્ય નથી-બીજાઓને દેવા યોગ્ય નથી. આપ્યા બાદ ભોજનને માટે અયોગ્ય છે. અથવા કથંચિત્ ખાવા યોગ્ય છે (એવું માનીને) ભોજન કરે છે તો પ્રતિકૃષ્ટ-પ્રાયશ્ચિતને યોગ્ય છે.

અહીં એવો ભાવ છે કે જે આ હાથમાં આવેલો આહાર છે તે બીજાઓને નથી આપતો, તો તેને મોહ રહિત આત્મતત્ત્વની ભાવનારૂપ મોહ રહિતતા-વીતરાગતા છે તેમ જણાય છે. ॥ ૩૪ ॥

હવે, નિશ્ચય વ્યવહાર નામના ઉત્સર્ગ અને અપવાદમાં કથંચિત્ પરસ્પર સાપેક્ષભાવને સ્થાપિત કરીને ચારિત્રની રક્ષાને બતાવે છે.

## ગાથા ૨૩૦

વૃદ્ધત્વ, બાળપણા વિષે, ગ્લાનત્વ, શ્રાંત દશા વિષે,
ચર્યા ચરો નિજયોગ્ય, જે રીત મૂળછેદ ન થાય છે. ૨૩૦.

અન્વયાર્થ :– [**बालः वा**] બાળ, [**वृद्धः वा**] વૃદ્ધ, [**श्रमाभिहतः वा**] [2]શ્રાંત [**पुनः ग्लानः वा**] કે [3]ગ્લાન શ્રમણ [**मूलच्छेदः**] મૂળનો છેદ [**यथा न भवति**] જે રીતે ન થાય તે રીતે [**स्वयोग्यां**] પોતાને યોગ્ય [**चर्यां चरतु**] આચરણ આચરો.

આચરણ કરે.

પ્રશ્ન : શેનું આચરણ કરે ?

ઉત્તર : ચારિત્ર-અનુષ્ઠાનનું આચરણ કરે.

પ્રશ્ન : કેવા ચારિત્રનું આચરણ કરે ?

ઉત્તર : પોતાના યોગ્ય પોતાની અવસ્થાને યોગ્ય ચારિત્રનું આચરણ કરે.

૨. શ્રાંત : શ્રમિત, થાકેલા.
૩. ગ્લાન : વ્યાધિગ્રસ્ત; રોગી; દુર્બળ.

પ્રશ્ન : કેવા પ્રકારે ન થઈ ને ?

ઉત્તર : મૂળનો છેદ ન થાય તેવી રીતે પોતાને યોગ્ય ચારિત્રનું આચરણ કરે.

પ્રશ્ન : કર્તારૂપ તે કોણ આચરણ કરે ?

ઉત્તર : બાળક અથવા વૃદ્ધ અથવા થાકથી પીડિત-શ્રમથી પીડિત અથવા ગ્લાન વ્યાધિમાં સ્થિત-બીમાર રોગી આવું આચરણ કરે.

આ પ્રકારે સૌથી પહેલા ઉત્સર્ગ અને અપવાદનું લક્ષણ કહે છે. પોતાના શુદ્ધાત્માથી ભિન્ન બહિરંગ અને અંતરંગ રૂપ સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ ઉત્સર્ગ છે.

ઉત્સર્ગ, નિશ્ચયનય, બધાનો પૂર્ણ ત્યાગ, પરમ ઉપેક્ષા સંયમ, વીતરાગ ચારિત્ર, શુદ્ધોપયોગ આ બધા એકાર્થ છે. એક જ ભાવને બતાવનાર છે. તેમાં અસમર્થ પુરુષ શુદ્ધાત્માની ભાવનાના સહકારી-કારણભૂત કંઈક પ્રાસુક આહાર, જ્ઞાનના ઉપકરણ આદિ ગ્રહણ કરે છે તે અપવાદ છે.

અપવાદ, વ્યવહારનય, એક દેશ પરિત્યાગ અને તે જ પ્રકારે અપહૃત સંયમ, સરાગ ચારિત્ર, શુભ ઉપયોગ આ બધા એકાર્થ છે.

ત્યાં શુદ્ધાત્માની ભાવનાના નિમિત્ત, સંપૂર્ણ ત્યાગ લક્ષણ ઉત્સર્ગરૂપ દુર્ધર (અતિઉગ્ર) અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરવાવાળા મુનિરાજ શુદ્ધાત્મ તત્ત્વના સાધક હોવાથી મૂળભૂત સંયમના અથવા સંયમના સાધક હોવાથી મૂળભૂત શરીરનો છેદ-વિનાશ જે રીતે ન થાય તેવી રીતે કંઈક પ્રાસુક આહાર આદિને ગ્રહણ કરે છે. આ પ્રકારે અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ કહેવામાં આવેલ છે અને જ્યારે અપવાદ લક્ષણ અપહૃત સંયમમાં પ્રવૃત્ત થાય છે, ત્યારે પણ શુદ્ધાત્મ તત્ત્વના સાધક હોવાથી મૂળભૂત સંયમના અથવા સંયમના સાધક હોવાથી મૂળભૂત શરીરનો જેવી રીતે ઉચ્છેદ-વિનાશ ન થાય તેવા ઉત્સર્ગની સાપેક્ષતાથી પ્રવૃત્તિ કરે છે.

પ્રશ્ન : તેવી પ્રવૃત્તિ કરે છે તેનો શું અર્થ છે ?

ઉત્તર : જે પ્રકારે સંયમની વિરાધના નથી થતી, તેવી રીતની પ્રવૃત્તિ કરે છે. આવો આનો અર્થ છે. આ રીતે ઉત્સર્ગ સાપેક્ષ અપવાદ છે એવો અભિપ્રાય છે.

હવે, અપવાદ નિરપેક્ષ ઉત્સર્ગ અને તે જ પ્રકારે ઉત્સર્ગ નિરપેક્ષ અપવાદનો નિષેધ કરતા થકા ચારિત્રની રક્ષા માટે વ્યતિરેક દ્વારથી (નાસ્તિરૂપ શૈલીથી) આ જ અર્થ ને દઢ કરે છે.

## ગાથા ૨૩૧

જો દેશ-કાળ તથા ક્ષમા-શ્રમ-ઉપધિને મુનિ જાણીને,
વર્તે અહારવિહારમાં, તો અલ્પલેપી શ્રમણ તે. ૨૩૧.

અન્વયાર્થ :– [**यदि**] જો [**श्रमण:**] શ્રમણ [**आहारे वा विहारे**] આહાર અથવા વિહારમાં [**देशं**] દેશ, [**कालं**] કાળ, [**श्रमं**] શ્રમ, [**क्षमां**] [1]ક્ષમતા તથા [**उपधिं**] ઉપધિને [**तान्ज्ञात्वा**] જાણીને [**वर्तते**] પ્રવર્તે [**स: अल्पलेपी**] તો તે અલ્પલેપી હોય છે.

ટીકાર્થ : વર્તે છે. પ્રવૃત્ત થાય છે.

પ્રશ્ન : તે કર્તારુપ કોણ વર્તે છે ?

ઉત્તર : શત્રુ, મિત્ર આદિમાં સમાનતા માનવાવાળા શ્રમણ મુનિરાજ વર્તે છે.

પ્રશ્ન : જો તે વર્તે છે તો શું થાય છે ?

ઉત્તર : જો તે વર્તે છે તો અલ્પલેપી-થોડું પાપ થાય છે.

પ્રશ્ન : કયા વિષયમાં વર્તે છે ?

ઉત્તર : મુનિરાજને યોગ્ય આહાર-વિહારમાં વર્તે છે.

પ્રશ્ન : પહેલા શું કરીને વર્તે છે ?

ઉત્તર : પહેલા જાણીને વર્તે છે.

પ્રશ્ન : કોને જાણીને વર્તે છે ?

ઉત્તર : તે કર્મતાને પ્રાપ્ત (કર્મકારકમાં પ્રયુક્ત)

દેશ, કાળ, માર્ગ આદિ સંબંધી શ્રમ-ક્ષમા-ક્ષમતા ઉપવાસ આદિના વિષયમાં શક્તિને, ઉપધિ-બાળક, વૃદ્ધ, થાકેલ, રોગીના શરીર માત્ર ઉપધિ-પરિગ્રહને આ પ્રકારે મુનિરાજના આચરણના સહકારીભૂત દેશ આદિ પાંચે જાણીને આહાર વિહારમાં વર્તે છે.

તે આ પ્રકારે, પહેલાની ગાથા ૨૩૦ માં કહેવાયેલ ક્રમથી પહેલા દુર્ધર અનુષ્ઠાનરૂપ ઉત્સર્ગમાં વર્તે છે. અને ત્યાં પ્રાસુક આહાર આદિ ગ્રહણ કરવાના નિમિત્તથી અલ્પલેપ થોડા બંધને જોઈને, જો તેમાં નથી પ્રવર્તતા તો આર્તધ્યાનરૂપ સંકલેશ દ્વારા શરીરનો ત્યાગ કરીને પહેલા કરેલા પુણ્યથી દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં સંયમનો અભાવ હોવાથી મહાનલેપ (અધિક બંધ) થાય છે. આ કારણે અપવાદ નિરપેક્ષ ઉત્સર્ગ છોડી દયે છે અને શુદ્ધાત્માની ભાવનાનો સાધક થોડો લેપ બહુ લાભરૂપ અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ સ્વીકાર કરે છે.

અને પૂર્વકથિત ગાથા ૨૩૦ માં કહ્યા ક્રમથી, અપહૃત સંયમ શબ્દથી કહેવાયોગ્ય અપવાદમાં પ્રવૃત્ત થાય છે અને તેમાં પ્રવર્તતા, જો કથંચિત્ ઔષધ-પથ્ય આદિ સાવદ્ય (-પાપ) ના ભયથી રોગ સંબંધી કષ્ટનો પ્રતિકાર (-નિરાકરણ) નહી કરીને, શુદ્ધાત્માતત્ત્વની ભાવના નથી કરતા તો મહાન લેપ થાય છે. અથવા જો પ્રતિકારમાં પ્રવૃત્ત થયા થકા પણ હરડેના બહાને ગોળ ખાવાની જેમ

૧. ક્ષમતા : શક્તિ, સહનશક્તિ, ધીરજ

ઈન્દ્રિય સુખની લંપટતા-આસક્તિથી સંયમની વિરાધના કરે છે તો પણ મહાન લેપ (બંધ) થાય છે. આ કારણથી ઉત્સર્ગ નિરપેક્ષ અપવાદ છોડીને શુદ્ધાત્માની ભાવનારૂપ અથવા શુભ ઉપયોગરૂપ સંયમની વિરાધના નહીં કરતા થકા ઔષધ પથ્ય આદિને કારણે ઉત્પન્ન અલ્પ પાપ થવા છતાં પણ, બહુ ગુણ રાશિરૂપ ઉત્સર્ગની સાપેક્ષતાવાળો અપવાદ સ્વીકાર કરે છે આવો અભિપ્રાય છે.

આ પ્રકારે અગિયાર ગાથાઓ દ્વારા અપવાદના વિશેષ કથનરૂપથી ચોથા સ્થળનું વ્યાખ્યાન પુરું થયું.

આ પ્રકારે, પહેલા કહેવામાં આવેલ ક્રમથી ત્રીસ ગાથાઓ દ્વારા ચાર સ્થળરૂપ અપવાદ નામનો બીજો અંતર અધિકાર પૂરો થયો.

આગળ ચૌદ ગાથાઓ સુધી શ્રામણ્ય જેનું બીજું નામ મોક્ષમાર્ગ નામનો ત્રીજો અંતરાધિકાર કહે છે. ત્યાં ચાર સ્થળ છે. તેમાં સૌથી પહેલા આગમ-અભ્યાસની મુખ્યતાથી યથાક્રમથી પહેલા સ્થળમાં ચાર ગાથાઓ છે. તે ઉપરાંત ભેદાભેદ રત્નત્રય સ્વરૂપ જ મોક્ષમાર્ગ છે એવા વ્યાખ્યાનરૂપથી બીજા સ્થળમાં ચાર ગાથાઓ છે. તે ઉપરાંત દ્રવ્ય-ભાવ સંયમના કથનરૂપથી ત્રીજા સ્થળમાં ચાર ગાથાઓ છે. ત્યારબાદ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગના ઉપસંહારની મુખ્યતાથી ચોથા સ્થળમાં બે ગાથાઓ છે.

આ પ્રકારે ચાર સ્થળો દ્વારા ત્રીજા અંતર અધિકારમાં સામુહિક પાતનકિા થઈ.

## ત્રીજા અંતર અધિકારનું સ્થળ વિભાજન

| સ્થળ ક્રમ | વિષય | ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથાઓ |
|---|---|---|---|
| ૧ | આગમ અભ્યાસની મુખ્યતા | ૨૩૨-૨૩૫ | ૪ |
| ૨ | ભેદ-અભેદ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ | ૨૩૬-૨૩૯ | ૪ |
| ૩ | દ્રવ્ય-ભાવ સંયમ કથન | વધારાની ૩૫<br>૨૪૦-૨૪૨ | ૪ |
| ૪ | નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગનો ઉપસંહાર | ૨૪૩-૨૪૪ | ૨ |

તે આ પ્રકારે : હવે શ્રમણ એકાગ્રતાને પ્રાપ્ત છે અને એકાગ્રતા આગમના પરિજ્ઞાનથી જ હોય છે એવું પ્રકાશિતકરે છે.

## ગાથા ૨૩૨

શ્રામણ્ય જ્યાં ઐકાગ્રય, ને ઐકાગ્રય વસ્તુનિશ્ચયે
નિશ્ચય બને આગમ વડે, આગમપ્રવર્તન મુખ્ય છે. ૨૩૨.

અન્વયાર્થ :– [**श्रमण:**] શ્રમણ [**ऐकाग्र्यगत:**] એકાગ્રતાને પ્રાપ્ત હોય છે; [**ऐकाग्र्यं**] એકાગ્રતા [**अर्थेषु निश्चितस्य**] પદાર્થોના નિશ્ચયવંતને હોય છે; [**निश्चिति:**] (પદાર્થોનો) નિશ્ચય [**आगमत:**] આગમ દ્વારા થાય છે; [**तत:**] તેથી [**आगमचेष्टा**] આગમમાં વ્યાપાર [**ज्येष्ठा**] મુખ્ય છે.

ટીકાર્થ : એકાગ્રતાને પ્રાપ્ત શ્રમણ છે. અહીં એવો અર્થ છે કે, ત્રણ લોક-ત્રણ કાળ વર્તી સંપૂર્ણ દ્રવ્ય-ગુણ પર્યાયોને એક કાળમાં જાણવામાં સમર્થ પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન લક્ષણ પોતાના પરમાત્મતત્ત્વની સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ દશા એકાગ્રતા કહેવાય છે. તે દશાને પ્રાપ્ત અર્થાત્ તન્મયરૂપથી પરિણત શ્રમણ-મુનિરાજ છે.

અને એકાગ્રતા નિશ્ચિતને થાય છે.

પ્રશ્ન : કોનામાં નિશ્ચિતને એકાગ્રતા થાય છે ?

ઉત્તર : ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવ એવો જે પરમાત્મપદાર્થ તત્પ્રભૃતિ પદાર્થોમાં નિશ્ચિતને-પદાર્થોના સંબંધમાં નિશ્ચિત બુદ્ધિવાળાને એકાગ્રતા થાય છે. અને તે પદાર્થોમાં નિશ્ચિત બુદ્ધિ આગમથી થાય છે.

તે આ પ્રકારે, જીવ ભેદ, કર્મભેદનું પ્રતિપાદન કરવાવાળા આગમના અભ્યાસથી હોય છે. માત્ર આગમના અભ્યાસથી નહીં, પરંતુ તે જ પ્રકારે આગમપદના સારભૂત જ્ઞાનાનંદ એક પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાવાળા-બતાવવાવાળા હોવાથી અધ્યાત્મ નામક પરમાગમથી પદાર્થોનું જ્ઞાન થાય છે. આ કારણથી કહેવામાં આવેલ લક્ષણવાળા આગમ અને પરમાગમમાં ચેષ્ટા, પ્રવૃત્તિ જયેષ્ઠ-શ્રેષ્ઠ-પ્રશસ્ય-શ્રેયકર છે. એવો અર્થ છે. ॥ ૨૩૨ ॥

હવે, આગમના પરિજ્ઞાનથી હીનને કર્મનો ક્ષય નથી થતો એવું પ્રરૂપિત કરે છે.

## ગાથા ૨૩૩

આગમરહિત જે શ્રમણ તે જાણે ન પરને, આત્મને;
ભિક્ષુ પદાર્થ-અજાણ તે ક્ષય કર્મનો કઈ રીત કરે ? ૨૩૩.

અન્વયાર્થ :– [**आगमहीन:**] આગમહીન [**श्रमण:**] શ્રમણ [**आत्मानं**] આત્માને (પોતાને) અને [**परं**] પરને [**न एव विजानाति**] જાણતો નથી જ; [**अर्थान् अविजानन्**] પદાર્થોને નહિ

જાણતો [**भिक्षु:**] ભિક્ષુ [**कर्माणि**] કર્મોને [**कथं**] કઈ રીતે [**क्षपयति**] ક્ષય કરે ?

ટીકાર્થ : આગમહીન શ્રમણ સ્વયંને તથા પરને નથી જાણતો. અર્થો—પરમાત્મા આદિ પદાર્થોને નહીં જાણતો થકો તે ભિક્ષુ કર્મોનો ક્ષય કેવી રીતે કરી શકે છે ? કોઈ પણ પ્રકારે નથી કરી શકતો.

હવે, તેનો વિસ્તાર કરે છે.

૧ ''ગુણસ્થાન, જીવસમાસ, પર્યાપ્તિ, પ્રાણ, સંજ્ઞા, ચૌદ માર્ગણા અને ઉપયોગ આ ક્રમથી વીસ પ્રરૂપણાઓ કહેવામાં આવી છે.''

આ પ્રકારે ગાથામાં કહેવાયેલ આગમને નહીં જાણતો અને તે જ પ્રકારે (કહ્યું છે કે)

૨ ''જેનાથી પોતાના શરીરથી ભિન્ન પોતાનો પરમાર્થ-પરમ પદાર્થ-ભગવાન આત્મા જાણવામાં નથી આવ્યો તે આંધળો બીજા આંધળાઓને માર્ગ શું દેખાડવાનો ?''

આ પ્રકારે દોહક ગાથામાં કહેવામાં આવેલ આગમ પદના સારભૂત અધ્યાત્મશાસ્ત્રને નહીં જાણતો પુરુષ રાગાદિ દોષ રહિત અવ્યાબાધ સુખાદિ ગુણસ્વરૂપ પોતાના આત્મદ્રવ્યના ભાવકર્મ શબ્દથી કહેવામાં આવેલ રાગાદિ અનેક વિકલ્પજાળરૂપ કર્મોની સાથે નિશ્ચયથી ભેદ નથી જાણતો. આ પ્રકારે કર્મ શત્રુને નાશ કરવાવાળા પોતાના પરમાત્મતત્ત્વનો જ્ઞાનાવરણ આદિ દ્રવ્યકર્મોની સાથે જુદાપણું પણ નથી જાણતો અને તે પ્રકારે શરીર રહિત લક્ષણ શુદ્ધાત્મપદાર્થનો શરીર આદિ નોકર્મની સાથે અન્યત્વ નથી જાણતો.

આ પ્રકારે ભેદ જ્ઞાનનો અભાવ હોવાથી શરીરમાં જ સ્થિત પોતાના શુદ્ધાત્માની રૂચિ-શ્રદ્ધા નથી કરતો અને સંપૂર્ણ રાગાદિના ત્યાગરૂપથી તેની જ ભાવના નથી કરતો તો તે કર્મોનો ક્ષય કેવી રીતે કરી શકે ? કોઈ પણ પ્રકારે ન કરી શકે.

આ કારણથી મોક્ષાર્થીઓએ પરમાગમનો અભ્યાસ કરવો જોઈએ એવો ભાવાર્થ છે. ॥ ૨૩૩ ॥

હવે, મોક્ષમાર્ગ ઈચ્છુકોને આગમ જ દ્રષ્ટિ-આંખ છે,એવું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

## ગાથા ૨૩૪

મુનિરાજ આગમચક્ષુ ને સૌ ભૂત ઈન્દ્રિયચક્ષુ છે,
છે દેવ અવધિચક્ષુ ને સર્વત્રચક્ષુ સિદ્ધ છે. ૨૩૪.

અન્વયાર્થ :– [**साधु:**] સાધુ [**आगमचक्षु:**] આગમચક્ષુ (-આગમરૂપ ચક્ષુવાળા) છે,

૧. ગોમ્મટસાર જીવકાંડ ગાથા-૨

૨. દોહાપાહુડ ગાથા ૧૨૮

[**सर्वभूतानि**] સર્વ ભૂતો (-પ્રાણીઓ) [**इन्द्रियचक्षूंषि**] ઈન્દ્રિયચક્ષુ છે, [**देवा: च**] દેવો [**अवधिचक्षुष:**] અવધિચક્ષુ છે [**पुन:**] અને [**सिद्धा:**] સિદ્ધો [**सर्वत:चक्षुष:**] સર્વતઃચક્ષુ (-સર્વ તરફથી ચક્ષુવાળા અર્થાત્ સર્વ આત્મપ્રદેશે ચક્ષુવાળા) છે.

ટીકાર્થ : શુદ્ધાત્મ આદિ પદાર્થોના પ્રાતિપાદન કરવાવાળા પરમાગમરૂપ નેત્રવાળા છે.

પ્રશ્ન : પરમાગમરૂપ નેત્રવાળા તેઓ કોણ છે ?

ઉત્તર : નિશ્ચય રત્નત્રયના આધારથી પોતાના શુદ્ધાત્માની સાધના કરવાવાળા સાધુ પરમાગમરૂપી નેત્રવાળા છે. નિશ્ચયથી ઈન્દ્રિય રહિત, અમૂર્ત, કેવળજ્ઞાનાદિ ગુણ સ્વરૂપ હોવા છતાં પણ વ્યવહારથી અનાદિ કર્મબંધને વશ ઈન્દ્રિયાધિન હોવાના કારણે ઈન્દ્રિય ચક્ષુવાળા છે.

પ્રશ્ન : કર્તારુપ કોણ ઈન્દ્રિય ચક્ષુવાળા છે ?

ઉત્તર : બધા પ્રાણીઓ-બધા સંસારીજીવો ઈન્દ્રિય ચક્ષુવાળા છે-આમ અર્થ છે. જ્યારે દેવ પણ સૂક્ષ્મ-મૂર્ત પુદ્‌ગલ દ્રવ્યોને વિષય કરવાવાળા અવધિજ્ઞાનરૂપ ચક્ષુવાળા છે. અને સિદ્ધ, શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી જીવ(ના) લોકાકાશ પ્રમાણ શુદ્ધ (માત્ર) અસંખ્યાત પ્રદેશોમાં (તે સિદ્ધ ભગવંતો) બધા પ્રદેશોરૂપ ચક્ષુવાળા છે.

પ્રશ્ન : આથી શું કહેવામાં આવે છે ?

ઉત્તર : મોક્ષાર્થી જીવો દ્વારા સંપૂર્ણ શુદ્ધ આત્મપ્રદેશોમાં (જ્ઞાનરૂપી) નેત્રોની ઉત્પત્તિ માટે પરમાગમના ઉપદેશથી ઉત્પન્ન વિકાર રહિત સ્વસંવેદનજ્ઞાન જ ભાવના કરવા યોગ્ય છે. ॥ ૨૩૪ ॥

હવે, આગમરૂપી નેત્રોથી બધું જોઈ શકાય છે એવું વિશેષરૂપથી જ્ઞાન કરાવવામાં આવે છે.

## ગાથા ૨૩૫

સૌ ચિત્ર ગુણપર્યાયયુક્ત પદાર્થ આગમસિદ્ધ છે;
તે સર્વને જાણે શ્રમણ એ દેખીને આગમ વડે. ૨૩૫.

અન્વયાર્થ :– [**सर्वे अर्था:**] બધા પદાર્થો [**चित्रै: गुणपर्यायै:**] વિચિત્ર (અનેક પ્રકારના) ગુણપર્યાયો સહિત [**आगमसिद्धा:**] આગમસિદ્ધ છે. [**तान् अपि**] તે સર્વને [**ते श्रमणा:**] એ શ્રમણો [**आगमेन हि दृष्ट्वा**] આગમ વડે ખરેખર દેખીને [**जानन्ति**] જાણે છે.

ટીકાર્થ : બધાં આગમસિદ્ધ (પદાર્થ) આગમથી જ્ઞાત છે.

પ્રશ્ન : આગમથી જ્ઞાત તેઓ કોણ છે ?

ઉત્તર : વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી (છે) જે તે પરમાત્મપદાર્થ તત્પ્રભૃતિ બધા પદાર્થો

આગમથી જ્ઞાત છે.

પ્રશ્ન : તે પદાર્થો આગમથી કેવી રીતે જ્ઞાત છે ?

ઉત્તર : તે પદાર્થો વિચિત્ર ગુણ-પર્યાયો સાથે જ્ઞાત છે. જાણે છે.

પ્રશ્ન : કોને જાણે છે ?

ઉત્તર : તે અગાઉ કહેવામાં આવેલ અર્થ (દ્રવ્ય) ગુણપર્યાયને જાણે છે.

પ્રશ્ન : પ્રથમ શું કરીને જાણે છે ?

ઉત્તર : પ્રથમ જોઈને-જાણીને જાણે છે.

પ્રશ્ન : કોને જોઈને જાણે છે ?

ઉત્તર : આગમથી જ જોઈને જાણે છે. અહીં અર્થ આમ છે - પ્રથમ આગમને વાંચીને ત્યારબાદ જાણે છે. તે શ્રમણ છે.

અહીં આમ કહેવામાં આવે છે કે બધા દ્રવ્ય-ગુણ-પર્યાય પરમાગમથી જ્ઞાત થાય છે.

પ્રશ્ન : પરમાગમથી કેમ જ્ઞાત થાય છે ?

ઉત્તર : પરોક્ષરૂપથી આગમ કેવળજ્ઞાન સમાન હોવાથી તેઓ પરમાગમથી જાણવામાં આવે છે. પછી આગમના આધારે સ્વસંવેદનજ્ઞાન હોવાથી અને સ્વસંવેદનજ્ઞાનના બળથી કેવળજ્ઞાન હોવાથી પ્રત્યક્ષ પણ થાય છે. આ કારણે આગમરૂપી નેત્ર દ્વારા પરંપરાથી બધું જોવામાં આવે છે.

આ પ્રકારે આગમ-અભ્યાસના કથનરૂપથી પહેલા સ્થળમાં ચાર ગાથાઓ પૂર્ણ થઈ. ॥ ૨૩૫ ॥

(હવે, ભેદાભેદ રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગના કથન વિષયક ચાર ગાથાઓમાં નિબદ્ધ બીજું સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, આગમ-પરિજ્ઞાન અને તત્ત્વાર્થ-શ્રદ્ધાન, આ બન્ને પૂર્વક સંયતપણું, આ ત્રણેનો મોક્ષમાર્ગત્વનો નિયમ કરવામાં આવે છે.

## ગાથા ૨૩૬

દૃષ્ટિ ન આગમપૂર્વિકા તે જીવને સંયમ નહીં
- એ સૂત્ર કેરું છે વચન; મુનિ કેમ હોય અસંયમી ? ૨૩૬.

અન્વયાર્થ :– [**इह**] આ લોકમાં [**यस्य**] જેને [**आगमपूर्वा दृष्टि:**] આગમપૂર્વક દૃષ્ટિ (-દર્શન) [**न भवति**] નથી [**तस्य**] તેને [**संयम:**] સંયમ [**न अस्ति**] નથી [**इति**] એમ [**सूत्रं भणति**] સૂત્ર કહે છે; અને [**असंयत:**] અસંયત તે [**श्रमण:**] શ્રમણ [**कथं भवति**] કઈ રીતે હોય ?

ટીકાર્થ : આ લોકમાં, જેને આગમપૂર્વક દૃષ્ટિ-સમ્યક્ત્વ નથી તેને સંયમ નથી આ પ્રકારે કહેવામાં આવે છે.

પ્રશ્ન : કર્તારૂપે કોણ આવું કહે છે ?

ઉત્તર : સૂત્ર આગમ આવું કહે છે.

પ્રશ્ન : અસંયત થયા થકા, શ્રમણ-મુનિરાજ કેવી રીતે થઈ શકે ? (એટલે કે) કોઈ પ્રકારે ન થઈ શકે.

તે આ પ્રકારે - જો દોષ રહિત પોતાનો પરમાત્મા જ ઉપાદેય છે-એવી રૂચિરૂપ સમ્યક્ત્વ નથી, તો પરમાગમના બળથી, સ્પષ્ટ એક જ્ઞાનરૂપ આત્માને જાણતા હોવા છતાં સમ્યક્દૃષ્ટિ નથી અને જ્ઞાની નથી. આ બન્નેનો અભાવ હોવાથી પાંચ ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છા અને છકાયજીવના ઘાતથી નિવૃત્તિ હોવા છતાં પણ સંયત નથી.

આથી આમ નિશ્ચિત થયું કે પરમાગમનું જ્ઞાન, તત્ત્વાર્થ-શ્રદ્ધાન અને સંયતપણું એ ત્રણ જ ત્રણેયનું યુગપદપણું જ મુક્તિનું કારણ છે. ॥ ૨૩૬ ॥

હવે, આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન, સંયતપણાના યુગપદપણાનો અભાવ હોવાથી મોક્ષ નથી, આવી વ્યવસ્થા દર્શાવે છે.

## ગાથા ૨૩૭

સિદ્ધિ નહિ આગમ થકી, શ્રદ્ધા ન જો અર્થો તણી;
નિર્વાણ નહિ અર્થો તણી શ્રદ્ધાથી, જો સંયમ નહીં. ૨૩૭.

અન્વયાર્થ :– [**आगमेन**] આગમથી, [**यदि अपि**] જો [**अर्थेषु श्रद्धानं नास्ति**] પદાર્થોનું શ્રદ્ધાન ન હોય તો, [**न हि सिद्ध्यति**] સિદ્ધિ (મુક્તિ) થતી નથી; [**अर्थान् श्रद्धान:**] પદાર્થોને શ્રદ્ધનારો પણ, [**असंयत: वा**] જો અસંયત હોય તો, [**न निर्वाति**] નિર્વાણ પામતો નથી.

ટીકાર્થ : (કેવળ) આગમથી ઉત્પન્ન પરમાત્મજ્ઞાન દ્વારા સિદ્ધિ નથી થતી, જો પરમાત્મા આદિ પદાર્થોમાં, પદાર્થો સંબંધી શ્રદ્ધાન ન હોય તો. અથવા જ્ઞાનાનંદ એક સ્વભાવી પોતાના પરમાત્મા આદિ પદાર્થોનું શ્રદ્ધાન છે તો પણ વિષય-કષાયને આધીન થવાથી અસંયત હોવાથી નિર્વાણ આદિને પ્રાપ્ત નથી કરતો.

તે આ પ્રકારે - જેમ દીપક સહિત પુરુષનું કુવામાં પડવાના પ્રસંગમાં, કુવામાં પડવાથી બચવું મારા માટે હિતકર છે એવુ જો નિશ્ચયરૂપ શ્રદ્ધાન ન હોય તો તેનો દીપક શું કરી શકે ? કંઈ પણ

નહી. તે પ્રકારે જીવના પણ પરમાગમના આધારથી સંપૂર્ણ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિશ્રિત ચિત્ર-વિચિત્ર સ્પષ્ટ એક જ્ઞાનરૂપ પોતાના આત્માને જાણવા છતાં પણ મારો આત્મા જ મને ઉપાદેય છે તે પ્રકારે જો નિશ્ચયરૂપ શ્રદ્ધાન નથી તો તેને દીપકના સ્થાને આગમ શું કરી શકે ? કંઈ પણ નહીં.

અથવા જેમ તે જ દીપક સહિત પુરુષ પોતાના પૌરુષ બળથી (પુરુષાર્થથી) જો કુવામાં પડવાથી નિવૃત્ત નથી થતો (બચતો નથી) તો તેનું શ્રદ્ધાન, દીપક અથવા નેત્ર શું કરી શકે ? કંઈ પણ નહીં. તે જ પ્રકારે શ્રદ્ધાન-જ્ઞાન સહિત આ જીવ પણ પૌરુષના સ્થાને ચારિત્રના સ્વરૂપ-સ્થિરતાના બળથી રાગાદિ વિકલ્પરૂપ અસંયમથી નિવૃત્ત નથી થતો (હટતો નથી) તો તેનું શ્રદ્ધાન અથવા જ્ઞાન શું કરે ? કંઈ પણ નહીં. ॥ ૨૩૭ ॥

આથી એમ સિદ્ધ થયું કે પરમાગમનું જ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન અને સંયતત્ત્વમાંથી બે અથવા એકથી મોક્ષ નથી થતો પરંતુ ત્રણેયની એકતાથી મોક્ષ થાય છે.

હવે, પરમાગમજ્ઞાન-તત્ત્વાર્થજ્ઞાન-સંયતત્ત્વ રૂપ ભેદરત્નત્રયનું યુગપદપણું હોવા છતાં પણ જે અભેદ રત્નત્રય સ્વરૂપ વિકલ્પ રહિત સમાધિ-સ્વરૂપ લીનતા લક્ષણ આત્મજ્ઞાન છે તે નિશ્ચયથી મુક્તિનું કારણ છે; આવું પ્રતિપાદન કરે છે.

## ગાથા ૨૩૮

અજ્ઞાની જે કર્મો ખપાવે લક્ષ કોટિ ભવો વડે,
તે કર્મ જ્ઞાની ત્રિગુપ્ત બસ ઉચ્છવાસમાત્રથી ક્ષય કરે. ૨૩૮.

અન્વયાર્થ :– [**यत् कर्म**] જે કર્મ [**अज्ञानी**] અજ્ઞાની [**भवशतसहस्रकोटिभिः**] લક્ષ કોટિ ભવો વડે [**क्षपयति**] ખપાવે છે, [**तत्**] તે કર્મ [**ज्ञानी**] જ્ઞાની [**त्रिभिः गुप्तः**] ત્રણ પ્રકારે (મન-વચન-કાયાથી) ગુપ્ત હોવાને લીધે [**उच्छ्वासमात्रेण**] ઉચ્છ્વાસમાત્રથી [**क्षपयति**] ખપાવે છે.

ટીકાર્થ : વિકલ્પ રહિત સમાધિરૂપ, નિશ્ચય રત્નત્રય સ્વરૂપ વિશિષ્ટ ભેદજ્ઞાનનો અભાવ હોવાથી અજ્ઞાની જીવ જે કર્મને નષ્ટ કરે છે.

પ્રશ્ન : ક્યા સાધનો દ્વારા તે કર્મને નષ્ટ કરે છે ?

ઉત્તર : લાખો કરોડો ભવો દ્વારા જે કર્મોને નષ્ટ કરે છે તે.

આ કર્મો જ્ઞાની જીવ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થયો થકો ઉચ્છવાસમાત્રમાં નષ્ટ કરી દે છે.

તે આ પ્રકારે - બાહ્ય વિષયમાં પરમાગમના અભ્યાસના બળથી સમ્યક્ પરિજ્ઞાન, તે પ્રકારે શ્રદ્ધાન અને વ્રતાદિ અનુષ્ઠાન-આ પ્રકારે ત્રણ. આ ત્રણેના આધારથી ઉત્પન્ન સિદ્ધ જીવના વિષયમાં

સમ્યક્ પરિજ્ઞાન, શ્રદ્ધાન અને તેના ગુણોના સ્મરણને અનુકૂળ અનુષ્ઠાન-આ પ્રકારે ત્રણ. આ ત્રણેયના આધારથી ઉત્પન્ન સ્પષ્ટ, નિર્મળ, અખંડ, એક, જ્ઞાનાકારરૂપ પોતાના શુદ્ધાત્મામાં જાણનસ્વરૂપ સવિકલ્પ જ્ઞાન, પોતાના શુદ્ધાત્માની ઉપાદેયભૂત રુચિના વિકલ્પરૂપ સમ્યક્દર્શન અને તે જ આત્મામાં રાગાદિ વિકલ્પોની નિવૃત્તિરૂપ સવિકલ્પ ચારિત્ર-આ પ્રકારે ત્રણ.

આ ત્રણેયના પ્રસાદથી ઉત્પન્ન જે વિકલ્પ રહિત સમાધિરૂપ નિશ્ચય રત્નત્રય લક્ષણ વિશિષ્ટ સ્વસંવેદનજ્ઞાન છે. તેનો અભાવ હોવાથી અજ્ઞાની જીવ અનેક કરોડ ભવોમાં જે કર્મ ક્ષય કરે છે તે કર્મ જ્ઞાની જીવ પૂર્વે કહેવામાં આવેલ જ્ઞાનગુણના સદ્ભાવમાં ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થયો થકો ઉચ્છ્વાસમાત્રમાં-લીલાથી જ-અત્યંત સહજરૂપથી જ નષ્ટ કરી દે છે. ॥ ૨૩૮ ॥

આથી જ્ઞાત થાય છે કે પરમાગમજ્ઞાન, તત્ત્વાર્થ શ્રદ્ધાન, સંયતત્ત્વરૂપ ભેદ રત્નત્રયનો સદ્ભાવ હોવા છતાં પણ અભેદ રત્નત્રયરૂપ સ્વસંવેદનજ્ઞાનની જ મુખ્યતા છે.

હવે, પૂર્વે (૨૩૮) ની ગાથામાં કહેવામાં આવેલ આત્મજ્ઞાનથી રહિત જીવના સંપૂર્ણ આગમનું જ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્ત્વનું યુગપદપણું પણ અકિંચિત્કર છે, એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૩૯

અણુમાત્ર પણ મૂર્ચ્છા તણો સદ્ભાવ જો દેહાદિકે,
તો સર્વઆગમધર ભલે પણ નવ લહે સિદ્ધત્વને. ૨૩૯.

અન્વયાર્થ :– [**पुन:**] અને [**यदि यस्यं**] જો [**देहादिकेषु**] દેહાદિક પ્રત્યે [**परमाणुप्रमाणं वा**] પરમાણુ જેટલી પણ [**मूर्च्छा**] મૂર્છા [**विद्यते**] વર્તતી હોય, તો [**स:**] તે [**सर्वागमधर: अपि**] ભલે સર્વઆગમધર હોય તોપણ [**सिद्धिं न लभते**] સિદ્ધિ પામતો નથી.

ટીકાર્થ : તથા શરીર આદિ વિષયોમાં જે પુરુષને પરમાણુમાત્ર (અતિ અલ્પ) પણ મમત્વ જો (હોય તો) જોવામાં આવે છે તો તે મુક્તિને પ્રાપ્ત નથી કરતો. પરમાણુમાત્ર મમત્વવાળો તે કેવો હોય ? - કે જે સંપૂર્ણ આગમને ધારણ કરવાવાળો (આગમ જ્ઞાની) હોવા છતાં પણ તે મુક્તિ પ્રાપ્ત નથી કરતો.

અહીં અર્થ એમ છે કે સંપૂર્ણ આગમનજ્ઞાન, તત્ત્વાર્થ-શ્રદ્ધાન અને સંયતત્ત્વની યુગપદપણું હોવા છતાં પણ જેને શરીરાદિ સંબંધમાં થોડું પણ મમત્વ જોવામાં આવે છે તેને પૂર્વે (૨૩૮) ની ગાથામાં કહેવામાં આવેલ નિર્વિકલ્પ સમાધિ લક્ષણ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ સ્વસંવેદનજ્ઞાન નથી.[૧]

૧. આ તથ્યને 'આચાર્ય કુંદકુંદદેવ' 'પંચાસ્તિકાય સંગ્રહ' ગાથા ૧૭૨ દ્વારા તથા 'આચાર્ય દેવસન', 'તત્ત્વસાર' ગાથા ૫૩ દ્વારા પણ સ્પષ્ટ કરેલ છે.

આ પ્રકારે ભેદાભેદરત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગની સ્થાપનાની મુખ્યતાથી બીજા સ્થળમાં ચાર ગાથાઓ પૂર્ણ થઈ.

વિશેષ આમ છે કે બહિરાત્માદશા, અંતરાત્માદશા અને પરમાત્મારૂપ મોક્ષ દશા-આ ત્રણ દશાઓ છે. આ ત્રણ દશાઓમાં તેનું અનુસરણ કરવાવાળું-તે રૂપ આકારવાળું દ્રવ્ય રહે છે. આ પ્રકારે પરસ્પરની અપેક્ષા સહિત દ્રવ્ય-પર્યાય સ્વરૂપ જીવ પદાર્થ છે. તેમાં મોક્ષના કારણનો વિચાર કરવામાં આવે છે.

પહેલી મિથ્યાત્વ રાગાદિરૂપ બહિરાત્માદશા અશુદ્ધદશા છે તે મોક્ષનું કારણ નથી. તથા મોક્ષદશા જે શુદ્ધ ફળભૂત છે તે આગળ ઉપર પ્રગટ થાય છે. તે બન્નેથી ભિન્ન જે અંતરાત્માદશા છે તે મિથ્યાત્વ-રાગાદિથી રહિત હોવાના કારણે શુદ્ધ છે. જેમ સૂક્ષ્મ નિગોદ-નિગોદિયા જીવના જ્ઞાનમાં શેષ આવરણ હોવા છતાં પણ ક્ષયોપશમ જ્ઞાનાવરણ (પર્યાય જ્ઞાન નામક ક્ષયોપશમ જ્ઞાનાવરણ) નથી, તેમ અહીં પણ કેવળજ્ઞાનાવરણ હોવા છતાં પણ એકદેશ ક્ષયોપશમ જ્ઞાનની અપેક્ષાએ આવરણ નથી. જેટલા અંશોમાં આવરણ રહિત અને રાગાદિ રહિત હોવાના કારણે શુદ્ધ છે તેટલા અંશોમાં મોક્ષનું કારણ છે.

ત્યાં શુદ્ધ પારિણામિક ભાવરૂપ પરમાત્મદ્રવ્ય ધ્યેય છે અને તે આ અંતરાત્મારૂપ ધ્યાન દશા વિશેષથી કથંચિત્ ભિન્ન છે. જો તે એકાંતથી તેનાથી અભિન્ન હોય તો મોક્ષમાં પણ ધ્યાન પ્રાપ્ત થાય અથવા આ ધ્યાન પર્યાયનો વિનાશ હોવાથી તે પારિણામિક ભાવ પણ વિનાશને પ્રાપ્ત થાય. ॥ ૨૩૯॥

આ પ્રકારે બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના કથનરૂપથી મોક્ષમાર્ગને જાણવો જોઈએ.

(હવે, ચાર ગાથાઓમાં નિબદ્ધ દ્રવ્ય-ભાવ સંયમના કથનરૂપ ત્રીજું સ્થળ પ્રારંભ થાય છે.)
હવે, દ્રવ્ય-ભાવ સંયમનું સ્વરૂપ કહેવામાં આવે છે.

**વધારાની ગાથા-૩૫**

**चागो य अणारंभो विसयविरागो खओ कसायाणं ।**
**सो संजमो त्ति भणिदो पव्वज्जाए विसेसेण ॥**

હો પ્રવજ્યામાં અનારંભ વા ત્યાગ વિષય વિરક્તતા,
હો ક્ષય કષાયો નો તથા સંયમ વિશેષ તેને કહે.

ગાથાર્થ : તપશ્ચરણ દશામાં ત્યાગ, અનારંભ, વિષયોથી વિરક્તતા અને કષાયોનો ક્ષય-વિશેષરૂપથી તેને સંયમ કહેવામાં આવેલ છે.

ટીકાર્થ : પોતાના શુદ્ધાત્માને બધી બાજુથી (સંપૂર્ણપણે) ગ્રહણ કરી બહિરંગ-અંતરંગ પરિગ્રહની નિવૃત્તિ તે ત્યાગ છે. ક્રિયા રહિત પોતાના શુદ્ધાત્મદ્રવ્યમાં સ્થિત થઈ મન-વચન-કાયા સંબંધી વ્યાપારથી નિવૃત્તિ તે અનારંભ છે. વિષયોથી રહિત પોતાના આત્માની ભાવનાથી ઉત્પન્ન સુખમાં તૃપ્ત થઈ પાંચ ઈન્દ્રિયો સંબંધી સુખની ઈચ્છાનો ત્યાગ તે વિષય-વિરાગ છે. કષાય રહિત શુદ્ધાત્માની ભાવનાના બળથી ક્રોધાદિ કષાયોનો ત્યાગ કષાયક્ષય છે. તે આ ગુણોથી વિશિષ્ટ 'સંયમ' એમ કહેવામાં આવેલ છે. પ્રથમ સામાન્ય પણ આ સંયમનું લક્ષણ છે. પ્રવજ્યા અર્થાત્ તપશ્ચરણરૂપ દશામાં વિશેષરૂપથી પણ આ જ સંયમનું લક્ષણ છે. અહીં અંદરમાં શુદ્ધાત્માની સંવિત્તિ-સ્વસંવેદન ભાવસંયમ છે અને બહારથી નિવૃત્તિ દ્રવ્ય સંયમ છે. ॥ ૩૫ ॥

હવે, આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયમતત્ત્વ-આ ત્રણેયનું જે સવિકલ્પ યુગપદપણું અને તે પ્રકારે વિકલ્પ રહિત આત્મજ્ઞાન છે-આ બન્નેની સંભવતા-એક સાથે ઉપસ્થિતિ દર્શાવે છે.

## ગાથા ૨૪૦

જે પંચસમિત, ત્રિગુપ્ત, ઈંદ્રિનિરોધી, વિજયી કષાયનો,
પરિપૂર્ણ દર્શનજ્ઞાનથી, તે શ્રમણને સંયત કહ્યો. ૨૪૦.

અન્વયાર્થ :– [**पञ्चसमित:**] પાંચ સમિતિયુક્ત, [**पञ्चेन्द्रियसंवृत:**] પાંચ ઈંદ્રિયોના સંવરવાળો, [**त्रिगुप्त:**] ત્રણ ગુપ્તિ સહિત, [**जितकषाय:**] જિતકષાય અને [**दर्शनज्ञानसमग्र:**] દર્શનજ્ઞાનથી પરિપૂર્ણ–[**श्रमण:**] એવો જે શ્રમણ [**स:**] તેને [**संयत:**] સંયત [**भणित:**] કહ્યો છે.

ટીકાર્થ : વ્યવહારથી પાંચ સમિતિઓ દ્વારા સમિત-સંવૃત-સમ્યક્ પ્રવૃત્તિ કરવાવાળા પંચસમિત છે અને નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં સારી રીતે ગત-પરિણિત-સમિત છે. વ્યવહારથી મન-વચન-કાયા ત્રણેના નિરોધથી ત્રિગુપ્ત છે. નિશ્ચયથી પોતાના સ્વરૂપમાં ગુપ્ત-પરિણત-લીન-ત્રિગુપ્ત છે. વ્યવહારથી પાંચે ઈન્દ્રિયો સંબંધી વિષયોના છૂટવાના કારણે સંવૃત પંચેન્દ્રિય-સંવૃત છે, નિશ્ચયથી અતીન્દ્રિય સુખના સ્વાદમાં લીન હોવાથી પંચેન્દ્રિય-સંવૃત છે. વ્યવહારથી ક્રોધાદિ કષાયોને જીતવાથી જીતકષાય છે, નિશ્ચયથી કષાય રહિત આત્માની ભાવનામાં લીન જીતકષાય છે. અહીં દર્શન શબ્દથી પોતાના શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ સમ્યક્દર્શન તથા જ્ઞાન શબ્દથી સ્વસંવેદન જ્ઞાન ગ્રહણ કરવું જોઈએ; તે બન્નેથી સમગ્ર-પરિપૂર્ણ દર્શન-જ્ઞાનથી પરિપૂર્ણ છે. તે આ ગુણોથી વિશિષ્ટ શ્રમણ સંયત કહેવામાં આવેલ છે.

આથી આમ નિશ્ચિત થયું કે-વ્યવહારથી જે બાહ્ય વિષયોમાં વ્યાખ્યાન કરવામાં આવ્યું તેનાથી

સવિકલ્પ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયનું યુગપદપણું ગ્રહણ કરવું જોઈએ તથા અંતરંગ વ્યાખ્યાનથી નિર્વિકલ્પ આત્મજ્ઞાન ગ્રહણ કરવું જોઈએ-આ પ્રકારે સવિકલ્પનું યુગપદપણું અને નિર્વિકલ્પ આત્મજ્ઞાન ઘટિત થાય છે. ॥ ૨૪૦॥

હવે, વિકલ્પરૂપ આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયતત્ત્વ-આ ત્રણેય લક્ષણોનું યુગપદપણું તથા નિર્વિકલ્પ આત્મજ્ઞાનથી સહિત છે જે તે સંયત છે તેનું શું લક્ષણ છે ? એવો ઉપદેશ દેવામાં આવે છે. એવો ઉપદેશ દેવામાં આવે છે...તેનો શો અર્થ છે ? એવો પ્રશ્ન પૂછવામાં આવતા ઉત્તર અપાય છે, આ તેનો અર્થ છે. આ પ્રકારે પ્રશ્નોત્તરરૂપ પાતનિકાના પ્રસંગમાં યથાસંભવ કોઈ-કોઈ જગ્યાએ 'ઈતિ' શબ્દનો આવો અર્થ જાણવો જોઈએ.

## ગાથા ૨૪૧

નિંદા-પ્રશંસા, દુઃખ-સુખ, અરિ-બંધુમાં જ્યાં સામ્ય છે,
વળી લોષ્ટ-કનકે, જીવિત-મરણે સામ્ય છે, તે શ્રમણ છે. ૨૪૧.

અન્વયાર્થ :– [**समशत्रुबन्धुवर्ग:**] શત્રુ અને બંધુવર્ગ જેને સમાન છે, [**समसुखदु:ख:**] સુખ અને દુઃખ જેને સમાન છે, [**प्रशंसानिन्दासम:**] પ્રશંસા અને નિંદા પ્રત્યે જેને સમતા છે, [**समलोष्टकाञ्चन:**] લોષ્ટ (માટીનું ઢેફું) અને કાંચન જેને સમાન છે [**पुन:**] તેમ જ [**जीवितमरणे सम:**] જીવિત અને મરણ પ્રત્યે જેને સમતા છે, [**श्रमण:**] તે શ્રમણ છે.

ટીકાર્થ : તે શ્રમણ સંયત તપોધન છે.

પ્રશ્ન : તેઓ કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, નિંદા-પ્રશંસા, માટી-સુવર્ણ, જીવન-મરણમાં સમ-સમાન મનવાળા છે.

આથી એમ નિશ્ચિત થયું કે શત્રુ-મિત્ર, સુખ-દુઃખ, નિંદા-પ્રશંસા, માટી-સુવર્ણ, જીવન-મરણમાં સમતાભાવથી પરિણત પોતાના શુદ્ધાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન અને અનુષ્ઠાનરૂપ વિકલ્પ સહિત સમાધિ-સ્વરૂપલીનતાથી સારી રીતે ઉત્પન્ન વિકાર રહિત ઉત્કૃષ્ટ આહ્‌લાદક એક લક્ષણ સુખામૃતરૂપ પરિણતિ સ્વરૂપ જે પરમ સામ્ય છે; તે જ પરમાગમ જ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન, સંયતત્ત્વનું યુગપદપણું અને તે પ્રકારે નિર્વિકલ્પ આત્મજ્ઞાનરૂપથી પરિણત મુનિરાજનું લક્ષણ જાણવું જોઈએ. ॥ ૨૪૧ ॥

હવે, સંયત મુનિરાજનું જે આ સામ્ય લક્ષણ કહેવામાં આવેલ છે તે શ્રામણ્ય (મુનિ અવસ્થા)

નું બીજુ નામ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે; એમ નિરૂપિત કરવામાં આવે છે.

## ગાથા ૨૪૨

દગ, જ્ઞાન ને ચારિત્ર ત્રણમાં યુગપદે આરૂઢ જે,
તેને કહ્યો ઐકાગ્ર્યગત; શ્રામણ્ય ત્યાં પરિપૂર્ણ છે. ૨૪૨.

અન્વયાર્થ :– [**यः तु**] જે [**दर्शनज्ञानचरित्रेषु**] દર્શન, જ્ઞાન અને ચારિત્ર–[**त्रिषु**] એ ત્રણમાં [**युगपद्**] યુગપદ્ [**समुत्थितः**] આરૂઢ છે, તે [**ऐकाग्रयगतः**] એકાગ્રતાને પામેલો છે [**इति**] એમ [**मतः**] (શાસ્ત્રમાં) કહ્યું છે. [**तस्य**] તેને [**श्रामण्यं**] શ્રામણ્ય [**परिपूर्णम्**] પરિપૂર્ણ છે.

ટીકાર્થ : જે કર્તા દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયમાં સારી રીતે ઉપસ્થિત-પ્રવૃત્ત છે, તે એકાગ્રતાને પ્રાપ્ત છે એમ માનવામાં આવેલ છે-સ્વીકાર કરવામાં આવેલ છે, તેઓના શ્રામણ્ય (મુનિ અવસ્થા)-ચારિત્ર-યતિપણું પરિપૂર્ણ છે.

તે આ પ્રકારે-ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી તથા શેષ પુદ્ગલ આદિ પાંચ દ્રવ્યોથી ભિન્ન સહજ-શુદ્ધ, હંમેશા આનંદ એક સ્વભાવરૂપ મારા સંબંધી જે આત્મદ્રવ્ય છે (હું જે આત્મદ્રવ્ય છું), તે જ મને ઉપાદેય છે-આવી રૂચિરૂપ સમ્યક્દર્શન, તેની જ વિશેષ જાણકારી રૂપ સમ્યક્જ્ઞાન અને તે જ સ્વરૂપમાં નિશ્ચળ અનુભૂતિ લક્ષણ ચારિત્ર-આ પ્રકારે કહેવામાં આવેલ સ્વરૂપવાળા જે સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય ઠંડાઈની માફક અનેક હોવા છતાં પણ અભેદનયથી એક છે, તેને સવિકલ્પ દશામાં વ્યવહારથી એકાગ્રતા કહેવામાં આવે છે. તે જ વિકલ્પ રહિત સમાધિ-સ્વરૂપલીનતાના સમયે, નિશ્ચયથી એકાગ્રતા કહેવાય છે. બીજા નામની અપેક્ષાએ પરમ સામ્ય છે. આ જ પરમ સામ્ય અન્ય પર્યાય નામોની અપેક્ષાએ શુદ્ધોપયોગ લક્ષણ શ્રામણ્ય (મુનિ અવસ્થા) (અને) બીજું નામ મોક્ષમાર્ગ જાણવું જોઈએ.

આ મોક્ષમાર્ગ ''સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેયની એકતારૂપ મોક્ષમાર્ગ છે'' આ પ્રકારે ભેદ સ્વરૂપ હોવાથી, પર્યાય પ્રધાન વ્યવહારનયથી નિર્ણય થાય છે. એકાગ્રતા મોક્ષમાર્ગ છે-આ પ્રકારે અભેદ સ્વરૂપ હોવાથી, દ્રવ્ય પ્રધાન નિશ્ચયનયથી નિર્ણય થાય છે. સમસ્ત વસ્તુ-સમૂહ જ ભેદાભેદાત્મક હોવાથી નિશ્ચયવ્યવહાર બન્ને મોક્ષમાર્ગોનો પ્રમાણથી પણ નિશ્ચય (નિર્ણય) થાય છે-આમ અર્થ છે. ॥ ૨૪૨ ॥

આ પ્રકારે નિશ્ચય-વ્યવહાર સંયમના પ્રતિપાદનની મુખ્યતાથી ત્રીજા સ્થળમાં ચાર ગાથાઓ પૂર્ણ થઈ.

(હવે, મોક્ષમાર્ગના ઉપસંહાર સૂચક બે ગાથાઓવાળું ચોથું અધ્યાય સ્થળ પ્રારંભ થાય છે.)

હવે, જે પોતાના શુદ્ધાત્મામાં એકાગ્ર નથી તેઓને મોક્ષનો અભાવ દર્શાવે છે.

## ગાથા ૨૪૩

પરદ્રવ્યને આશ્રય શ્રમણ અજ્ઞાની પામે મોહને,
વા રાગને વા દ્વેષને, તો વિવિધ બાંધે કર્મને. ૨૪૩.

અન્વયાર્થ :– [**यदि**] જો [**श्रमण:**] શ્રમણ, [**अन्यत् द्रव्यम् आसाद्य**] અન્ય દ્રવ્યનો આશ્રય કરીને [**अज्ञानी**] અજ્ઞાની થયો થકો, [**मुह्यति वा**] મોહ કરે છે, [**रज्यति वा**] રાગ કરે છે [**द्वेष्टि वा**] અથવા દ્વેષ કરે છે, તો તે [**विविधै: कर्मभि:**] વિવિધ કર્મો વડે [**बध्यते**] બંધાય છે.

ટીકાર્થ : જો મોહ કરે છે, રાગ કરે છે અથવા દ્વેષ કરે છે.

પ્રશ્ન : તો આ બધું શું કરીને કરે છે ?

ઉત્તર : બીજા (પર) દ્રવ્યોનો આશ્રય લઈને કરે છે.

પ્રશ્ન : આમ કોણ કરે છે ?

ઉત્તર : શ્રમણ-તપોધન-મુનિરાજ જો આમ કરે છે તો તે સમયે તે અજ્ઞાની છે અને અજ્ઞાની થયા થકા અનેક પ્રકારના કર્મોથી બંધાય છે.

તે આ પ્રકારે-જે વિકાર રહિત સ્વસંવેદન જ્ઞાન દ્વારા એકાગ્ર થઈને પોતાના આત્માને નથી જાણતા, તેનું ચિત્ત બાહ્ય વિષયોમાં જાય છે. આથી જ્ઞાનાનંદ એક પોતાના સ્વભાવથી ચ્યુત થાય છે અને આથી રાગ-દ્વેષ-મોહ રૂપે પરિણમે છે. તે રૂપે પરિણમન કરતો થકો અનેક પ્રકારના કર્મોથી બંધાય છે. આ કારણે મોક્ષાર્થીઓએ એકાગ્ર રૂપથી પોતાના સ્વરૂપની ભાવના કરવી જોઈએ-આમ અર્થ છે. ॥ ૨૪૩ ॥

હવે, જે પોતાના શુદ્ધાત્મામાં એકાગ્ર છે, તેમનો જ મોક્ષ થાય છે એવો ઉપદેશ આપવામાં આવે છે.

## ગાથા ૨૪૪

નહિ મોહ, ને નહિ રાગ, દ્વેષ કરે નહીં અર્થો વિષે,
તો નિયમથી મુનિરાજ એ વિધવિધ કર્મો ક્ષય કરે. ૨૪૪.

અન્વયાર્થ :– [**यदि य: श्रमण:**] જો શ્રમણ [**अर्थेषु**] પદાર્થોમાં [**न मुह्यति**] મોહ કરતો નથી, [**न हि रज्यति**] રાગ કરતો નથી, [**न एव द्वेषम् उपयाति**] દ્વેષ કરતો નથી, [**स:**] તો તે

**[नियतं]** નિયમથી (ચોક્કસ) **[विविधानि कर्माणि]** વિવિધ કર્મોને **[क्षपयति]** ખપાવે છે.

ટીકાર્થ : અર્થો-બાહ્ય પદાર્થોમાં જે મોહ નથી કરતા, રાગ નથી કરતા (તેઓ) ખરેખર તો દ્વેષને પણ પ્રાપ્ત નથી થતા. એમ છે તો તે મુનિ નિશ્ચિત વિવિધ કર્મોનો ક્ષય કરે છે.

હવે તેનું વિશેષ કથન કરવામાં આવે છે-જે તે જોયેલા, સાંભળેલા, ભોગવેલા ભોગોની ઈચ્છારૂપ અપધ્યાન (માઠું ધ્યાન)ના ત્યાગપૂર્વક પોતાના સ્વરૂપની ભાવના કરે છે, તેમનું મન બાહ્ય પદાર્થોમાં નથી જતું અને તેથી જ બાહ્ય પદાર્થો સંબંધી ચિંતાનો અભાવ હોવાથી, વિકાર રહિત ચૈતન્ય ચમત્કારથી ચ્યુત નથી થતા અને તેનાથી ચ્યુત ન થતા હોવાના કારણે રાગાદિનો અભાવ થવાથી વિવિધ કર્મો નષ્ટ થઈ જાય છે. આથી મોક્ષાર્થીને નિશ્ચળ મનથી પોતાના આત્મામાં ભાવના કરવી જોઈએ.

આ પ્રકારના વીતરાગ ચારિત્ર સબંધી વિશેષ કથન સાંભળીને કોઈ કહે છે-સયોગી કેવળીઓને પણ એકદેશ ચારિત્ર છે, પરિપૂર્ણ ચારિત્ર તો અયોગીના અંતિમ સમયમાં થશે, આ કારણે અત્યારે અમારે સમ્યક્ત્વ ભાવના અને ભેદજ્ઞાન ભાવના જ પર્યાપ્ત છે, ચારિત્ર પછી થશે. આચાર્ય કહે છે કે એવું ન કહેવું જોઈએ. અભેદનયથી ધ્યાન જ ચારિત્ર છે અને તે ધ્યાન કેવળીઓને ઉપચારથી કહેવામાં આવેલ છે, તેવી રીતે ચારિત્ર પણ ઉપચારથી કહેવામાં આવેલ છે તથા જે સંપુર્ણ રાગાદિ વિકલ્પ જાળ રહિત શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ સમ્યક્દર્શન-જ્ઞાનપૂર્વક છદ્મસ્થનું વીતરાગ ચારિત્ર છે તે જ કાર્યકારી છે.

પ્રશ્ન : તે જ કાર્યકારી કેમ છે ?

ઉત્તર : કેમકે તેનાથી જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેથી તે જ કાર્યકારી છે. તેથી ચારિત્રમાં પ્રયત્ન કરવો જોઈએ-એવો ભાવ છે.

બીજી વાત આ છે કે ઉત્સર્ગ વ્યાખ્યાનના સમયમાં શ્રામણ્ય (મુનિ અવસ્થા) નું વ્યાખ્યાન કરેલ હતું.

પ્રશ્ન : અહીં ફરીથી (શ્રામણ્ય-મુનિ અવસ્થાનું વ્યાખ્યાન) ક્યા કારણે કરેલ છે ?

ઉત્તર : એવો પ્રશ્ન ઉદ્ભવતા ઉત્તર આપવામાં આવે છે કે, ત્યારે સંપૂર્ણ પરિગ્રહ આદિનો પરિત્યાગ લક્ષણ-ઉત્સર્ગ જ મુખ્યરૂપથી મોક્ષમાર્ગ છે (એમ કહેવામાં આવ્યું હતું.) જ્યારે અહીં શ્રામણ્યનું વ્યાખ્યાન છે પણ શ્રામણ્ય (મુનિપણું) જ મોક્ષમાર્ગ છે એમ કહેવામાં આવ્યું છે. આ પ્રકારે (પૃથક-પૃથક) મુખ્યતાથી બન્નેમાં અંતર છે. ॥ ૨૪૪ ॥

આ પ્રકારે શ્રામણ્ય (મુનિ અવસ્થા)ના બીજા નામ મોક્ષમાર્ગના ઉપસંહારની મુખ્યતાથી ચોથા સ્થળમાં બે ગાથાઓ પૂર્ણ થઈ.

આ પ્રકારે અગાઉ કહેવામાં આવેલ ક્રમ પ્રમાણે ચૌદ ગાથાઓ દ્વારા ચાર સ્થળ રૂપથી શ્રામણ્ય અપરનામ મોક્ષમાર્ગ નામનો ત્રીજો અંતરાધિકાર પૂર્ણ થયો.

હવે, ત્યારબાદ ૩૨ ગાથાઓ સુધી પાંચ સ્થળ દ્વારા શુભોપયોગ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં સૌથી પહેલા લૌકિક સંસર્ગના નિષેધની મુખ્યતાથી પાઠક્રમથી પહેલા સ્થળમાં પાંચ ગાથાઓ છે. તદ્ઉપરાંત સરાગસંયમ જેનું બીજું નામ શુભપયોગ-તેના સ્વરૂપ કથનની મુખ્યતાથી બીજા સ્થળમાં આઠ ગાથાઓ છે. ત્યારબાદ પાત્ર-અપાત્રની પરીક્ષાના પ્રતિપાદનરૂપથી ત્રીજા સ્થળમાં છ ગાથાઓ છે. ત્યારપછી પરમ આચાર આદિ કહેવામાં આવેલા ક્રમથી અને સંક્ષેપરૂપથી ચોથા સ્થળમાં સમ-આચાર વ્યાખ્યાનની પ્રધાનતારૂપ આઠ ગાથાઓ છે. અને ત્યારબાદ પંચ રત્નની મુખ્યતાથી પાંચમા સ્થળમાં પાંચ ગાથાઓ છે.

**ચોથા અંતર અધિકારનું સ્થળ વિભાજન**

| સ્થળ ક્રમ | પ્રતિપાદિત વિષય | ગાથા ક્યાંથી ક્યાં સુધી | કુલ ગાથા |
|---|---|---|---|
| પહેલો | લૌકિક સંસર્ગના નિષેધની | ૨૬૮ થી ૨૭૦<br>૨૫૩ થી ૨૫૪ | ૫ |
| બીજો | શુભોપયોગ સ્વરૂપનું કથન | ૨૪૫, ૨૪૬<br>૨૪૮ થી ૨૫૨<br>વધારાની ગાથા ૩૬ મી | ૮ |
| ત્રીજો | પાત્ર અપાત્રની પરીક્ષા | ૨૫૫ થી ૨૬૦ | ૬ |
| ચોથો | સમાચાર વ્યાખ્યાન | ૨૬૧ થી ૨૬૭ તથા ૨૪૭ | ૮ |
| પાંચમો | પંચરત્ન ગાથા | ૨૭૧ થી ૨૭૫ | ૫ |
| | | કુલ ગાથા | ૩૨ |

ગાથાઓના ક્રમ આચાર્ય શ્રી જયસેન કૃત ટીકા કરતા શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવ કૃત ટીકામાં આડા અવળા છે. અત્રે શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવ મુજબ સળંગ લીધેલ છે. ઉપરના ચાર્ટ મુજબનું વિભાગીકરણ તે મૂજબની ગાથામાં જોઈ લેવું.

હવે આસ્રવથી સહિત હોવાને કારણે શુભોપયોગીઓને વ્યવહારથી મુનિપણું વ્યવસ્થાપિત કરે છે.

## ગાથા ૨૪૫

શુદ્ધોપયોગી શ્રમણ છે, શુભયુક્ત પણ શાસ્ત્રે કહ્યા;
શુદ્ધોપયોગી છે નિરાસ્રવ, શેષ સાસ્રવ જાણવા. ૨૪૫.

અન્વયાર્થ :– [**समये**] શાસ્ત્રને વિષે (એમ કહ્યું છે કે), [**शुद्धोपयुक्ताः श्रमणाः**] શુદ્ધોપયોગી તે શ્રમણ છે, [**शुभोपयुक्ताः च भवन्ति**] શુભોપયોગી પણ શ્રમણ છે; [**तेषु अपि**] તેમાંય, [**शुद्धोपयुक्ताः अनास्रवाः**] શુદ્ધોપયોગી નિરાસ્રવ છે, [**शेषाः सास्रवाः**] બાકીના સાસ્રવ છે (અર્થાત્ શુભોપયોગી આસ્રવ સહિત છે).

ટીકાર્થ : છે.

પ્રશ્ન : ક્યાં છે ?

ઉત્તર : પરમાગમમાં છે.

પ્રશ્ન : પરમાગમમાં કોણ છે ?

ઉત્તર : મુનિ પરમાગમમાં છે.

પ્રશ્ન : તે કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : તે શુદ્ધોપયોગથી યુક્ત શુદ્ધોપયોગી છે-એવો અર્થ છે. કેવળ શુદ્ધોપયોગયુક્ત નહિ પરંતુ શુભોપયોગયુક્ત પણ છે. અહીં 'ચકાર' 'ચ' શબ્દ અન્વાચય અર્થમાં અર્થાત્ ગૌણ અર્થમાં ગ્રહણ કરવો જોઈએ. આ પ્રસંગમાં દૃષ્ટાંત આપે છે. જેમ નિશ્ચયથી શુદ્ધ-બુદ્ધ એક સ્વભાવી સિદ્ધ જીવ જ જીવ કહેવાય છે અને વ્યવહારથી ચતુર્ગતિ પરિણત અશુદ્ધ જીવ, જીવ છે. એવી રીતે શુદ્ધોપયોગીની મુખ્યતા તથા ચકાર દ્વારા સમુચ્ચય વ્યાખ્યાન હોવાથી શુભોપયોગીની ગૌણતા છે.

પ્રશ્ન : ગૌણતા કેવી રીતે ઉત્પન્ન થઈ ? જો આવો પ્રશ્ન હોય તો કહીએ છીએ.

ઉત્તર : એમાંથી પણ શુદ્ધોપયોગ યુક્ત અનાસ્રવ છે, બાકીના સાસ્રવ (આસ્રવ સહિત) છે. આ કારણે એમાં ગૌણતા છે.

તે આ પ્રકારે,

પોતાના શુદ્ધાત્માના બળથી, સંપૂર્ણ શુભ-અશુભ સંબંધી સંકલ્પ-વિકલ્પ રહિત હોવાને કારણે, શુદ્ધપયોગી નિરાસ્રવ જ છે, બાકીના શુભપયોગી મિથ્યાત્વ, વિષય કષાયરૂપ અશુભ આસ્રવનો નિરોધ હોવા છતાં પણ પુણ્યાસ્રવ સહિત છે-એવો ભાવ છે. ॥ ૨૪૫ ॥

હવે, શુભોપયોગી શ્રમણો (મુનિઓ) નું લક્ષણ પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૪૬

વાત્સલ્ય પ્રવચનરત વિષે ને ભક્તિ અર્હંતાદિકે
- એ હોય જો શ્રામણ્યમાં, તો ચરણ તે શુભયુક્ત છે. ૨૪૬.

અન્વયાર્થ :– [**श्रमाण्ये**] શ્રામણ્યમાં [**यदि**] જો [**अर्हदादिषु भक्ति:**] અર્હંતાદિક પ્રત્યે ભક્તિ તથા [**प्रवचनाभियुक्तेषु वत्सलता**] પ્રવચનરત જીવો પ્રત્યે વત્સલતા [**विद्यते**] વર્તતી હોય તો [**सा**] તે [**शुभयुक्ता चर्या**] શુભયુક્ત ચર્યા (શુભોપયોગી ચારિત્ર) [**भवेत्**] છે.

ટીકાર્થ : તે ચર્યા શુભયુક્ત છે.

પ્રશ્ન : કોને તે ચર્યા શુભયુક્ત છે ?

ઉત્તર : મુનિને, તે ચર્યા શુભયુક્ત છે.

પ્રશ્ન : કેવા મુનિરાજને તે (ચર્યા) એવી હોય છે ?

ઉત્તર : સંપૂર્ણ રાગાદિ વિકલ્પ રહિત પરમ સમાધિ (સ્વરૂપ-સ્થિરતા)માં રહેવામાં અસમર્થ મુનિને, તે એવી હોય છે.

પ્રશ્ન : જો શું વર્તે છે તો એવી શુભયુક્ત ચર્યા હોય છે ?

ઉત્તર : જો જોવામાં આવે છે તો તે હોય છે.

પ્રશ્ન : ક્યાં જોવામાં આવે છે તો તે હોય છે ?

ઉત્તર : શ્રામણ્ય-ચારિત્રમાં જો જોવામાં આવે છે તો તે છે.

પ્રશ્ન : એમાં શું વર્તતું જોવામાં આવે છે ?

ઉત્તર : અનંત જ્ઞાન આદિ ગુણોથી સહિત અરિહંત-સિદ્ધોના ગુણો પ્રતિ અનુરાગ સહિત ભક્તિ જોવામાં આવે છે. વત્સલનો ભાવ વત્સલતા-વાત્સલ્ય છે. વિનય, અનુકૂળ વૃત્તિ-પ્રવૃત્તિ રૂપ વત્સલતા જોવામાં આવે છે.

પ્રશ્ન : કયા વિષયોમાં વત્સલતા જોવામાં આવે છે ?

ઉત્તર : પ્રવચનમાં અભિયુક્તોના પ્રત્યે અહીં પ્રવચન શબ્દથી આગમ અથવા સંઘ કહેવાયો છે, એ પ્રવચનથી અભિયુક્ત પ્રવચનાભિયુક્ત છે. (આ રીતે તૃતિય તત્પુરુષ સમાસ કર્યો) અર્થાત્ આગમમાં લીન-સ્વાધ્યાય રત અથવા સંઘમાં સ્થિત આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ પ્રત્યે એમાં વાત્સલ્યતા જોવામાં આવે છે.

આથી એ કહેવામાં આવ્યું છે કે-સ્વયં શુદ્ધોપયોગ લક્ષણ પરમ સામાયિકમાં રહેવાને અસમર્થ મુનિને, શુદ્ધોપયોગના ફળસ્વરૂપ કેવળજ્ઞાન પરિણત અન્ય જીવો પ્રત્યે અને એવી રીતે શુદ્ધોપયોગના આરાધક જીવો પ્રત્યે જે ભક્તિ છે તે શુભોપયોગી મુનિઓનું લક્ષણ છે. ॥ ૨૪૬ ॥

હવે શુભોપયોગીઓની શુભ પ્રવૃત્તિ બતાવે છે.

## ગાથા ૨૪૭

શ્રમણો પ્રતિ વંદન, નમન, અનુગમન, અભ્યુત્થાન ને,
વળી શ્રમનિવારણ છે ન નિંદિત રાગયુત ચર્યા વિષે. ૨૪૭.

અન્વયાર્થ :– [**श्रमणेषु**] શ્રમણો પ્રત્યે [**वन्दननमस्करणाभ्याम्**] વંદન-નમસ્કાર સહિત [**अभ्युत्थानानुगमनप्रतिपत्तिः**] [1]અભ્યુત્થાન અને [2]અનુગમનરૂપ [3]વિનીત વર્તન કરવું તથા [**श्रमापनयः**] તેમનો શ્રમ દૂર કરવો તે [**रागचर्यायाम्**] રાગચર્યામાં [**न निन्दिता**] નિંદિત નથી.

ટીકાર્થ : નિષેધ નથી.

પ્રશ્ન : શેમાં નિષેધ નથી ?

ઉત્તર : શુભરાગચર્યામાં-સરાગ ચારિત્ર અવસ્થામાં નિષેધ નથી.

પ્રશ્ન : શું નિન્દિત નથી ?

ઉત્તર : વંદન-નમસ્કારની સાથે અભ્યુત્થાન, અનુગમનરૂપ વિનીત પ્રવૃત્તિ નિન્દિત નથી. શ્રમણોમાં શ્રમને દૂર કરવો-રત્નત્રયરૂપ ભાવનાને નાશ કરવાવાળો શ્રમ-ખેદનો નાશ કરવો, નિન્દિત નથી.

આથી શું કહેવામાં આવ્યું છે :- 'શુદ્ધોપયોગના સાધક એવા શુભોપયોગમાં સ્થિત મુનિરાજોને, રત્નત્રયની આરાધના કરવાવાળા શેષ પુરુષોના વિષયમાં આ પ્રકારની શુભોપયોગરૂપ પ્રવૃત્તિઓ યુક્ત જ છે - યોગ્ય જ છે. ॥ ૨૪૭॥

હવે, શુભોપયોગીઓને આ પ્રકારની પ્રવૃત્તિઓ હોય છે, શુદ્ધોપયોગીઓને નથી હોતી; એમ પ્રરૂપિત - વિશેષ કથન કરે છે.

## ગાથા ૨૪૮

ઉપદેશ દર્શનજ્ઞાનનો, પોષણ ગ્રહણ શિષ્યો તણું,
ઉપદેશ જિનપૂજા તણો - વર્તન તું જાણ સરાગનું. ૨૪૮.

---

૧. અભ્યુત્થાન : માનાર્થે ઊભા થવું તે.

૨. અનુગમનરૂપ : પાછળ ચાલવું તે.

૩. વિનીત : વિનયયુક્ત, સન્માનયુક્ત, વિવેકી, સભ્ય.

અન્વયાર્થ :– [**दर्शनज्ञानोपदेश:**] દર્શનજ્ઞાનનો (સમ્યક્‌દર્શન અને સમ્યક્‌જ્ઞાનનો) ઉપદેશ, [**शिष्यग्रहणं**] શિષ્યોનું ગ્રહણ [**च**] તથા [**तेषाम् पोषणं**] તેમનું પોષણ, [**च**] અને [**जिनेन्द्र-पूजोपदेश:**] જિનેંદ્રની પૂજાનો ઉપદેશ [**हि**] ખરેખર [**सरागाणां चर्या**] સરાગીઓની ચર્યા છે.

ટીકાર્થ : દર્શન અર્થાત્ ત્રણ મૂઢતા આદિથી રહિત સમ્યક્ત્વ, જ્ઞાન અર્થાત્ પરમાગમનો ઉપદેશ-તે બંનેનો ઉપદેશ, દર્શન-જ્ઞાનનો ઉપદેશ (આ રીતે ષષ્ઠી તત્પુરુષ સમાસ કર્યો) રત્નત્રય આરાધનાની શિક્ષા લેવાવાળા શિષ્યોનું ગ્રહણ-સ્વીકાર અને એનું જ પોષણ અર્થાત ભોજન-શયન આદિની ચિંતા. આ પ્રકારની ચર્યા-ચારિત્ર-આચરણ હોય છે, ખરેખરમાં.

પ્રશ્ન : ખરેખરમાં આવું આચરણ કોને હોય છે ?

ઉત્તર : ધર્માનુરાગરૂપ આચરણ સહિત સરાગીઓનું આવું ચારિત્ર આચરણ હોય છે. માત્ર આ પ્રકારનું ચારિત્ર નથી હોતું, (પરંતુ) બીજું યથાસંભવ જિનેન્દ્ર પૂજા આદિ ધર્મોપદેશ દેવા સંબંધી આચરણ સરાગીઓનું હોય છે.

અહિં કોઈ શંકા કરે કે શુભપયોગીઓને પણ કોઈ સમયે શુદ્ધોપયોગરૂપ ભાવના જોવામાં આવે છે, શુદ્ધોપયોગીઓને પણ કોઈ સમયે શુભોપયોગ ભાવના જોવામાં આવે છે, શ્રાવકોને પણ સામાયિક આદિના સમયે શુદ્ધ ભાવના જોવામાં આવે છે, ત્યારે એનો વિશેષ ભેદ કેવી રીતે જાણવામાં આવે છે ?

આચાર્ય એનું સમાધાન કરતા કહે છે કે-તમારું કહેવું ઉચિત છે, પરંતુ વધારે શુભોપયોગરૂપ આચરણ કરે છે તે જો કે કોઈ સમયે શુદ્ધોપયોગરૂપ ભાવના કરે છે તો પણ તે શુભોપયોગી જ કહેવાય છે. તથા જે શુદ્ધોપયોગી છે તે પણ કોઈ સમયે શુભોપયોગ રૂપ વર્તે છે, તો પણ તે શુદ્ધોપયોગી જ છે.

પ્રશ્ન : બંને રૂપ પ્રવૃત્તિ હોવા છતાં પણ એવું કેમ છે ?

ઉત્તર : બહુપદની - અધિકતા હોવાને કારણે, આંબાનું વન, લીંબડાનું વન આદિની જેમ, બંનેરૂપ પ્રવૃત્તિ હોવા છતાં પણ અધિકતાની અપેક્ષાએ અંતર છે. ॥ ૨૪૮ ॥

હવે, કંઈપણ જે પ્રવૃત્તિ છે, તે શુભોપયોગીની જ છે, એવો નિયમ કરે છે.

## ગાથા ૨૪૯

વણ જીવકાયવિરાધના ઉપકાર જે નિત્યે કરે,
ચઉવિધ સાધુસંઘને, તે શ્રમણ રાગપ્રધાન છે. ૨૪૯.

અન્વયાર્થ :– [**यः अपि**] જે કોઈ (શ્રમણ) [**नित्यं**] સદા [**कायविराधनरहितं**] (છ) કાયની વિરાધના વિના [**चातुर्वर्णस्य**] ચાર પ્રકારના [**श्रमणसंघस्य**] શ્રમણસંઘને [**उपकरोति**] ઉપકાર કરે છે, [**सः अपि**] તે [**सरागप्रधानः स्यात्**] રાગની પ્રધાનતાવાળો છે.

ટીકાર્થ : જે હંમેશા ઉપકાર કરે છે.

પ્રશ્ન : કોનો ઉપકાર કરે છે ?

ઉત્તર : ચાર પ્રકારના મુનિસંઘનો ઉપકાર કરે છે. અહીં 'શ્રમણ' શબ્દથી 'શ્રમણ' દ્વારા વાચ્ય ઋષિ, મુનિ, યતિ, અણગાર ગ્રહણ કરવું જોઈએ.

અવધિજ્ઞાની તેમજ મનઃપર્યયજ્ઞાની, કેવળજ્ઞાની-એ મુનિ છે, ઋદ્ધિ પ્રાપ્ત સાધુ ઋષિ છે, બંને શ્રેણી પર આરૂઢ યતિ છે, તથા અન્ય સાધુ સમુહ અણગાર છે. રાજા, બ્રહ્મા, દેવ અને પરમઋષિ (રાજર્ષિ, બ્રહ્મર્ષિ, દેવર્ષિ, પરમર્ષિ) ક્રમથી વિક્રિયા અને અક્ષીણ શક્તિ પ્રાપ્ત, બુદ્ધિ અને ઔષધ ઋદ્ધિના સ્વામી, આકાશગમન ઋદ્ધિના ધારી અને કેવળજ્ઞાન ધારી હોય છે.

ઋદ્ધિ પ્રાપ્ત ઋષિ છે, તે રાજર્ષિ, બ્રહ્મર્ષિ, દેવર્ષિ, પરમર્ષિના ભેદથી ચાર પ્રકારના છે. ત્યાં વિક્રિયા અને અક્ષીણ ઋદ્ધિ રાજર્ષિને પ્રાપ્ત છે. બુદ્ધિ અને ઔષધ ઋદ્ધિથી સહિત બ્રહ્મર્ષિ છે. આકાશગમન ઋદ્ધિ સંપન્ન દેવર્ષિ છે. તથા કેવળી-કેવળજ્ઞાની પરમ ઋષિ છે. અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની અને કેવળજ્ઞાની મુનિ છે. શ્રેણીના આરોહક ઉપશમક અને ક્ષપક યતિ છે. સામાન્ય સાધુ અણગાર છે.

પ્રશ્ન : આ બધાં શ્રમણ, શા માટે કહેવાય છે ?

ઉત્તર : બધા ને સુખદુઃખ આદિ વિષયમાં સમતા પરિણામ છે તેથી એ બધાં શ્રમણ છે.

અથવા શ્રમણ ધર્મને અનુકુળ શ્રાવક આદિ ચતુર્વર્ણ સંઘ છે.

પ્રશ્ન : આ બધાનો ઉપકાર જેવો બને છે તે કેવી રીતે કરે છે ?

ઉત્તર : પોતાનામાં લીનતારૂપ ભાવના સ્વરૂપ, પોતાના શુદ્ધ ચૈતન્ય લક્ષણ નિશ્ચય પ્રાણોની રક્ષા કરતા થકા, બીજા છકાયના જીવોની વિરાધનાથી રહિત, જેમ ઉપકાર બને તેમ કરે છે. તે આ પ્રકારના મુનિ પણ ધર્માનુરાગરૂપ આચરણ સહિત મુનિઓમાં પ્રધાન-શ્રેષ્ઠ છે એવો અર્થ છે. ॥ ૨૪૯ ॥

હવે, વૈયાવૃત્તિના સમયે પણ, પોતાના સંયમની વિરાધના ન કરવી જોઈએ. એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૫૦

વૈયાવૃતે ઉદ્યત શ્રમણ ષટ્ કાયને પીડા કરે,
તો શ્રમણ નહિ, પણ છે ગૃહી; તે શ્રાવકોનો ધર્મ છે. ૨૫૦.

અન્વયાર્થ :– [**यदि**] જો (શ્રમણ) [**वैयावृत्त्यार्थम् उद्यत:**] વૈયાવૃત્ય માટે ઉદ્યમવંત વર્તતાં [**कायखेदं**] છ કાયને પીડા [**करोति**] કરે તો તે [**श्रमण: न भवति**] શ્રમણ નથી, [**अगारी भवति**] ગૃહસ્થ છે; (કારણ કે) [**स:**] તે (છ કાયની વિરાધના સહિત વૈયાવૃત્ય) [**श्रावकाणां धर्म: स्यात्**] શ્રાવકોનો ધર્મ છે.

ટીકાર્થ : જો કાયખેદ અર્થાત્ છકાય જીવોની વિરાધના કરે છે.

પ્રશ્ન : કેવો હોતો થકો આમ કરે છે.

ઉત્તર : વૈયાવૃત્તિમાં પ્રયત્નશીલ હોતો થકો આવું કરે છે. ત્યારે તે મુનિ નથી.

પ્રશ્ન : મુનિ નહીં તો શું છે ?

ઉત્તર : તો તે અગારી અર્થાત્ ગૃહસ્થ છે.

પ્રશ્ન : તે ગૃહસ્થ શું કામ છે ?

ઉત્તર : છકાય જીવોની વિરાધના કરી, વૈયાવૃત્તિ કરવાવાળો જે ધર્મ છે તે શ્રાવકોનો છે, મુનિઓનો નહીં, તેથી તે ગૃહસ્થ છે, મુનિ નથી. અહીં તાત્પર્ય એ છે કે-જો તે, પોતાના શરીરના પોષણ માટે, અથવા શિષ્ય આદિના મોહથી તે સાવદ્ય-(પાપ) નથી ઈચ્છતો, એના માટે તેનું (કાય વિરાધના કરી વૈયાવૃત્તિ ન કરવા સંબંધી) વ્યાખ્યાન શોભા આપે છે-ઉચિત છે, પરંતુ જો બીજા કાર્યોમાં સાવદ્ય (પાપ) કરે છે ને વૈયાવૃત્તિ આદિ પોતાની અવસ્થાને યોગ્ય ધર્મકાર્યમાં, સાવદ્ય (પાપ) નથી ઈચ્છતો, તો તેને સમ્યક્ત્વ જ નથી. ॥ ૨૫૦॥

હવે, જો કે પરોપકારમાં અલ્પલેપ થાય છે, તો પણ શુભોપયોગીઓ એ ધર્મોપકાર કરવો જોઈએ, એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૫૧

છે અલ્પ લેપ છતાંય દર્શનજ્ઞાનપરિણત જૈનને,
નિરપેક્ષતાપૂર્વક કરો ઉપકાર અનુકંપા વડે. ૨૫૧.

અન્વયાર્થ :– [**यद्यपि अल्प: लेप:**] અલ્પ લેપ થતો હોવા છતાં પણ [**साकारानाकारचर्यायुक्तानाम्**] સાકાર-અનાકાર ચર્યાયુક્ત [**जैनानां**] જૈનોને [**अनुकम्पया**] અનુકંપાથી

**[निरपेक्षं]** નિરપેક્ષપણે **[उपकारं करोतु]** (શુભોપયોગી) ઉપકાર કરો.

ટીકાર્થ : કરો.

પ્રશ્ન : કર્તારુપ કોણ કરો ?

ઉત્તર : શુભોપયોગી પુરુષ કરો.

પ્રશ્ન : શું કરો ?

ઉત્તર : અનુકંપા સહિત ઉપકાર, દયા સહિત ધર્મવાત્સલ્ય કરો.

પ્રશ્ન : શું હોય તો કરો ?

ઉત્તર : થોડું પાપ હોય અને પુણ્ય સમુહ બહુ હોય તો-એવા દૃષ્ટાંતથી જો કે થોડો લેપ-થોડું પાપ હોય તો કરો.

પ્રશ્ન : કોનું કરો ?

ઉત્તર : નિશ્ચય-વ્યવહારમોક્ષમાર્ગ પરિણત જૈનોનું કરો.

પ્રશ્ન : કેવી રીતે કરો ?

ઉત્તર : નિરપેક્ષ-શુદ્ધાત્મભાવનાનો નાશ કરવાવાળી પ્રસિદ્ધિ, પૂજા, લાભની ઈચ્છાથી રહિત જેમ બને તેમ કરો.

પ્રશ્ન : કેવા જૈનોનું કરો ?

ઉત્તર : આગાર અને અણાગાર ચર્યાથી સહિત-શ્રાવક અને મુનિઓના આચરણયુક્ત જીવોનું કરો-એવો અર્થ છે. ॥ ૨૫૧ ॥

**વધારાની ગાથા - ૩૬**

હવે, અનુકંપાનું લક્ષણ કહે છે –

**तिसिदं बुभुक्खिदं वा दुहिदं दट्ठूण जो हि दुहिदमणो ।**
**पडिवज्जदि तं किवया तस्सेसा होदि अणुकंपा ॥**
**વધારાની ગાથા ૩૬ ॥**

દુઃખિત-તૃષિત-ક્ષુધિત જોઈ જે મનથી છે દુઃખિત,
સ્વીકાર દયાથી કરે અનુકંપાભાવ તેને કહે.

ગાથાર્થ : તરસ્યા-ભૂખ્યા અથવા દુઃખીને જોઈને દુઃખી મનવાળા જેઓ વાસ્તવમાં તેને દયા પરિણામથી સ્વીકાર કરે છે તેઓનો તે ભાવ અનુકંપા છે.

ટીકાર્થ : તૃષિત-તરસ્યા કે ભૂખ્યા કે દુઃખી પ્રાણીને જોઈને, જે વાસ્તવમાં દુઃખી મનવાળા હોતા થકા સ્વીકાર કરે છે.

પ્રશ્ન : કર્મપણાને પ્રાપ્ત કોને સ્વીકાર કરે છે ?

ઉત્તર : તે પ્રાણી (જીવો) નો સ્વીકાર કરે છે.

પ્રશ્ન : કેવી રીતે સ્વીકાર કરે છે ?

ઉત્તર : કૃપા-દયારૂપ પરિણામથી સ્વીકાર કરે છે. તે પુરુષનું તે પ્રત્યક્ષ થવાવાળું શુભોપયોગરૂપ (પરિણામ) અનુકંપા-દયા છે. અને તે અનુકંપાને, જ્ઞાની સ્વરૂપ સ્થિરતારૂપ ભાવનાનો નાશ ન કરતા થકા, સંકલેશને દૂર કરવાના હેતુએ કરે છે. પરંતુ અજ્ઞાની, સંકલેશથી પણ કરે છે. એવો અર્થ છે. ॥ વધારાની ગાથા ૩૬ ॥

કયા પ્રસંગમાં વૈયાવૃત્તિ કરવી જોઈએ, એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૫૨

આક્રાંત દેખી શ્રમણને, શ્રમ, રોગ વા ભૂખ, પ્યાસથી,
સાધુ કરો સેવા સ્વશક્તિપ્રમાણ એ મુનિરાજની. ૨૫૨.

અન્વયાર્થ :– [**रोगेण वा**] રોગથી, [**क्षुधया**] ક્ષુધાથી, [**तृष्णया वा**] તૃષાથી [**श्रमणे वा**] અથવા શ્રમથી [**रूढम्**] આક્રાંત [**श्रमणं**] શ્રમણને [**दृष्टा**] દેખીને [**साधुः**] સાધુ [**आत्मशक्त्या**] પોતાની શક્તિ અનુસાર [**प्रतिपद्यताम्**] વૈયાવૃત્યાદિક કરો.

ટીકાર્થ : સ્વીકાર કરે.

પ્રશ્ન : કેવી રીતે સ્વીકાર કરે ?

ઉત્તર : પોતાની શક્તિ અનુસાર સ્વીકાર કરે.

પ્રશ્ન : કર્તારૂપથી તે કોણ સ્વીકાર કરે ?

ઉત્તર : રત્નત્રયરૂપ ભાવનાથી, જે પોતાના આત્માની સાધના કરે છે, તે સાધુ છે, તે સ્વીકાર કરે.

પ્રશ્ન : તે કોનો સ્વીકાર કરે ?

ઉત્તર : જીવન-મરણ આદિમાં સમાન પરિણામ હોવાથી તે શ્રમણ છે, એ શ્રમણ-મુનિનો તે સ્વીકાર કરે. જોઈને.

પ્રશ્ન : કેવો જોઈને સ્વીકાર કરે ?

ઉત્તર : વ્યાપ્ત-પીડિત-દુઃખી જોઈને સ્વીકાર કરે.

પ્રશ્ન : કોનાથી પીડિત જોઈને સ્વીકાર કરે ?

ઉત્તર : આકુળતાથી રહિત લક્ષણ(વાળા) પરમાત્માથી વિલક્ષણ, આકુળતાને ઉત્પન્ન

કરવાવાળા રોગથી, ખાસ રોગથી અથવા ભૂખથી, અથવા તરસથી અથવા માર્ગ-ઉપવાસ આદિ થાકથી પીડિતને જોઈને, સ્વીકાર કરે.

અહીં તાત્પર્ય આ છે-આત્મસ્થિરતારૂપ ભાવનાને નાશ કરવાવાળા રોગાદિનો પ્રસંગ હોવા પર, વૈયાવૃત્તિ કરે છે, બાકીના સમયમાં અનુષ્ઠાન કરે છે. ॥ ૨૫૨ ॥

આ રીતે શુભોપયોગી મુનિઓના શુભ અનુષ્ઠાનરૂપ કથનની મુખ્યતાથી આઠ ગાથાઓ દ્વારા બીજું સ્થળ સમાપ્ત થયું.

(હવે, ત્રીજું સ્થળ પ્રારંભ થાય છે)

આનાથી આગળ છ ગાથાઓ સુધી પાત્ર-અપાત્રની પરીક્ષાની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે-

હવે શુભોપયોગીઓને માટે, મુનિની વૈયાવૃત્તના નિમિત્તે લૌકિકજનોથી વાતચીતના વિષયમાં નિષેધ નથી એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૫૩

સેવાનિમિત્તે રોગી-બાળક-વૃદ્ધ-ગુરુ શ્રમણો તણી,
લૌકિક જનો સહ વાત શુભ-ઉપયોગયુત નિંદિત નથી. ૨૫૩.

અન્વયાર્થ :– [**वा**] વળી [**ग्लानगुरुबालवृद्धश्रमणानाम्**] રોગી, ગુરુ (–પૂજ્ય, વડેરા), બાળ અને વૃદ્ધ શ્રમણોની [**वैयावृत्त्यनिमितं**] સેવાના (વૈયાવૃત્યના) નિમિત્તે, [**शुभोपयुता**] શુભોપયોગવાળી [**लौकिकजनसम्भाषा**] લૌકિક જનો સાથેની વાતચીત [**न निन्दिता**] નિંદિત નથી.

ટીકાર્થ : શુભોપયોગી શ્રમણોને નિંદિત નથી - નિષેધ્ય નથી.

પ્રશ્ન : કર્મપણાને પ્રાપ્ત (કર્મકારકમાં પ્રયુક્ત) શું નિષેધ્ય નથી ?

ઉત્તર : લૌકિકજનોની સાથે વાતચીત-બોલવું નિષેધ નથી. અથવા તે બોલવું પણ શુભોપયોગ યુક્ત કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : કયા હેતુથી બોલવું નિષેધ્ય નથી ?

ઉત્તર : વૈયાવૃત્તિના નિમિત્તે બોલવું નિષેધ્ય નથી.

પ્રશ્ન : કોની વૈયાવૃત્તિના નિમિત્તે બોલવું નિષેધ્ય નથી ?

ઉત્તર : રોગી, ગુરુ, બાળક, વૃદ્ધ મુનિઓની વૈયાવૃત્તિના નિમિત્તે બોલવું નિષેધ્ય નથી.

અહીં ગુરુ શબ્દથી ભરાવદાર શરીરવાળા અથવા પૂજ્ય અથવા ગુરુ કહેવામાં આવ્યા છે.

તે આ પ્રકારે,

જ્યારે કોઈપણ શુભોપયોગ યુક્ત આચાર્ય, સરાગચારિત્ર લક્ષણ શુભોપયોગીઓની અથવા વીતરાગ ચારિત્ર લક્ષણ શુદ્ધોપયોગીઓની વૈયાવૃત્તિ કરે છે તે સમયે તે વૈયાવૃત્તિના નિમિત્તે, લૌકિકજનોની સાથે વાતચીત કરે છે બાકીના (અન્ય) સમયમાં નહી એવો ભાવ છે. ॥ ૨૫૩ ॥

હવે, આ વૈયાવૃત્તિ આદિ લક્ષણ શુભોપયોગ, મુનિઓએ ગૌણરૂપથી અને શ્રાવકોએ મુખ્યરૂપથી કરવો જોઈએ, એવું પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૫૪

આ શુભ ચર્યા શ્રમણને, વળી મુખ્ય હોય ગૃહસ્થને;
તેના વડે જ ગૃહસ્થ પામે મોક્ષસુખ ઉત્કૃષ્ટને. ૨૫૪.

અન્વયાર્થ :– [**एषा**] આ [**प्रशस्तभूता**] પ્રશસ્તભૂત [**चर्या**] ચર્યા [**श्रमणानां**] શ્રમણોને (ગૌણ) હોય છે [**वा गृहस्थानां पुनः**] અને ગૃહસ્થોને તો [**परा**] મુખ્ય હોય છે [**इति भणिता**] એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે; [**तया एव**] તેનાથી જ [**परं सौख्यं लभते**] (પરંપરાએ) ગૃહસ્થ પરમ સૌખ્યને પામે છે.

ટીકાર્થ : કહેવાય છે.

પ્રશ્ન : કર્મપણાને પ્રાપ્ત શું કહેવાય છે ?

ઉત્તર : ચારિત્ર, અનુષ્ઠાન-ચર્યા કહેવાય છે.

પ્રશ્ન : તે ચર્યા કઈ વિશેષતાવાળી છે ?

ઉત્તર : આ પ્રત્યક્ષીભૂત (વિદ્યમાન) તે ચર્યા છે.

પ્રશ્ન : અથવા તે કયા રૂપ છે ?

ઉત્તર : ધર્માનુરાગ રૂપ છે.

પ્રશ્ન : તે ચર્યા કોની છે ?

ઉત્તર : શ્રમણો (મુનિ) ની તે ચર્યા છે અથવા-તથા ગૃહસ્થોને તો આ જ ચર્યા સર્વોત્કૃષ્ટ-મુખ્ય છે. ગૃહસ્થ તે જ શુભપયોગ ચર્યા દ્વારા, પરંપરાથી મોક્ષ સુખ પ્રાપ્ત કરે છે.

તે આ પ્રકારે,

મુનિ અન્ય મુનિઓની વૈયાવૃત્તિ કરતા થકા શરીરથી કંઈપણ નિર્દોષ વૈયાવૃત્તિ કરે છે અને વચનથી ધર્મોપદેશ આપે છે. બાકી દવા, અન્ન, પાણી આદિ ગૃહસ્થોને આધીન છે, આ કારણે

વૈયાવૃત્તિરૂપ ધર્મ ગૃહસ્થોને મુખ્ય છે, મુનિઓને ગૌણ છે.

આ મુખ્યતા-ગૌણતાનું બીજું કારણ પણ છે-વિકાર રહિત ચૈતન્ય ચમત્કારની ભાવનાના પ્રતિપક્ષભૂત, વિષય કષાયના નિમિત્તથી ઉત્પન્ન આર્ત-રૌદ્ર બે દુર્ધ્યાનોરૂપ પરિણત ગૃહસ્થોને નિશ્ચય ધર્મનો અવકાશ નથી, વૈયાવૃત્તિ આદિ ધર્મથી દુર્ધ્યાનની વંચના થાય છે-ખોટા ધ્યાન રોકાય છે, મુનિઓના સંસર્ગથી નિશ્ચય વ્યવહાર મોક્ષમાર્ગના ઉપદેશનો લાભ મળે છે અને તેનાથી તેઓ પરંપરા એ મોક્ષને પ્રાપ્ત કરે છે-એવો અભિપ્રાય છે.

આ રીતે પાંચ ગાથાઓ દ્વારા લૌકિક વ્યાખ્યાન સંબંધી પહેલું સ્થળ પૂર્ણ થયું. ॥ ૨૫૪ ॥

(હવે, શુભોપયોગના પાત્રભૂત વસ્તુ વિશેષથી ફળ વિશેષ બતાવે છે.)

## ગાથા ૨૫૫

ફળ હોય છે વિપરીત વસ્તુવિશેષથી શુભ રાગને,
નિષ્પત્તિ વિપરીત હોય ભૂમિવિશેષથી જ્યમ બીજને. ૨૫૫.

અન્વયાર્થ :– [**इह नानाभूमिगतानि बीजानि इव**] જેમ આ જગતમાં અનેક પ્રકારની ભૂમિમાં પડેલાં બીજ [**सस्यकाले**] ધાન્યકાળે વિપરીતપણે ફળે છે, તેમ [**प्रशस्तभूत: राग:**] પ્રશસ્ત રાગ [**वस्तुविशेषेण**] વસ્તુભેદથી (-પાત્રના ભેદથી) [**विपरीतं फलति**] વિપરીતપણે ફળે છે.

ટીકાર્થ : ફળે છે-ફળ આપે છે.

પ્રશ્ન : તે કોણ ફળ આપે છે ?

ઉત્તર : રાગ ફળ આપે છે.

પ્રશ્ન : કેવો રાગ ફળ આપે છે ?

ઉત્તર : પ્રશસ્તભૂત-દાન-પૂજાદિરૂપ રાગ ફળ આપે છે.

પ્રશ્ન : તે શું ફળ આપે છે ?

ઉત્તર : વિપરીત અને બીજારૂપ ભિન્ન-ભિન્ન ફળ આપે છે.

પ્રશ્ન : કયા કરણભૂતથી-કયા સાધનથી ફળ આપે છે ? તે અર્થમાં આ દૃષ્ટાંત કહે છે.

ઉત્તર : અહીં અનેક પ્રકારની જમીનોમાં પડેલા બીજના, ધાન્યની ઉત્પત્તિના કાળ સમાન.

અહીં અર્થ આ છે કે-જેમ જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ જમીનના ભેદથી, તે જ બીજ, ભિન્ન ભિન્ન પ્રકારનું ફળ આપે છે, એવી રીતે બીજની જગ્યાએ તે જ શુભોપયોગ, જમીનની જગ્યાએ પાત્રભૂત

વસ્તુ-વિશેષથી ભિન્ન ભિન્ન ફળ આપે છે.

પ્રશ્ન : આથી શું સિદ્ધ થયું ?

ઉત્તર : આથી પહેલી ગાથામાં કહેલ ન્યાયથી સમ્યક્ત્વપૂર્વક શુભોપયોગ થાય છે ત્યારે મુખ્યરૂપથી પુણ્ય બંધ થાય છે તથા પરંપરાથી મોક્ષ થાય છે. જો તે એમ (સમ્યક્ત્વની સાથે) નથી, તો માત્ર પુણ્ય બંધ જ થાય છે. ॥ ૨૫૫ ॥

હવે, કારણની વિપરીતતાથી, ફળ પણ વિપરીત થાય છે, એમ તે જ અર્થને દ્દઢ કરે છે.

## ગાથા ૨૫૬

છદ્મસ્થ-અભિહિત ધ્યાનદાને વ્રતનિયમપઠનાદિકે,
રત જીવ મોક્ષ લહે નહીં, બસ ભાવ શાતાત્મક લહે. ૨૫૬.

અન્વયાર્થ :– [**छद्मस्थविहितवस्तुषु**] જે જીવ છદ્મસ્થવિહિત વસ્તુઓને વિષે (છદ્મસ્થે-અજ્ઞાનીએ કહેલા દેવગુરુધર્માદિને વિષે) [**व्रतनियमाध्ययनध्यानदानरतः**] વ્રત-નિયમ-અધ્યયન-ધ્યાન-દાનમાં રત હોય તે જીવ [**अपुनर्भावं**] મોક્ષને [**न लभते**] પામતો નથી, [**सातात्मकं भावं**] શાતાત્મક ભાવને [**लभते**] પામે છે.

ટીકાર્થ : પ્રાપ્ત નથી કરતો.

પ્રશ્ન : કર્તારૂપ તે કોણ પ્રાપ્ત નથી કરતો ?

ઉત્તર : વ્રત, નિયમ, અધ્યયન, ધ્યાન, દાનમાં લીન જીવ પ્રાપ્ત નથી કરતો.

પ્રશ્ન : કોના વિષયમાં જિન વ્રતાદિમાં લીન હોવા છતાં પણ પ્રાપ્ત નથી કરતો ?

ઉત્તર : છદ્મસ્થ દ્વારા વિહિત વસ્તુઓમાં-અલ્પજ્ઞાની પુરુષ દ્વારા વ્યવસ્થાપિત પાત્રભૂત વસ્તુઓમાં, વ્રતાદિરૂપમાં લીન હોવા છતાં પણ જીવ નથી પામતો.

પ્રશ્ન : એવો પુરુષ શું નથી પામતો ?

ઉત્તર : એવો પુરુષ, અપુનર્ભવ શબ્દથી વાચ્ય મોક્ષને નથી પામતો.

પ્રશ્ન : મોક્ષ નથી પામતો, તો શું પામે છે ?

ઉત્તર : શાતાત્મક ભાવને પામે છે. ભાવ શબ્દથી, અહીં સુદેવ, સુમનુષ્યત્વરૂપ પર્યાય ગ્રહણ કરવી જોઈએ.

પ્રશ્ન : તે પર્યાય કેવી છે ?

ઉત્તર : તે પર્યાય શાતાત્મક-શાતા વેદનીયના ઉદયરૂપ છે.

તે આ પ્રકારે,

જે કોઈ નિશ્ચય-વ્યવહારરૂપ મોક્ષમાર્ગને નથી જાણતા, પુણ્યને જ મુક્તિનું કારણ કહે છે, અહીં તેમને છદ્મસ્થ શબ્દથી ગ્રહણ કરવામાં આવ્યા છે, ગણધરદેવ આદિને નહિ. એ શુદ્ધાત્માના ઉપદેશથી રહિત, છદ્મસ્થ અજ્ઞાનીઓથી, જે દીક્ષિત છે, તે છદ્મસ્થ-વિહિત (વ્યવસ્થાપિત) વસ્તુઓ કહેવાય છે. એ પાત્રોના સંસર્ગથી જે વ્રત, નિયમ, અધ્યયન, ધ્યાન, દાન આદિ કરે છે, તે પણ શુદ્ધાત્માની ભાવનાને અનુકૂળ નથી. એ કારણથી તેઓ મોક્ષને પ્રાપ્ત નથી કરતા. સુદેવ, સુમનુષ્યત્વ પ્રાપ્ત કરે છે-એવો અર્થ છે. ॥ ૨૫૬ ॥

હવે, સમ્યક્ત્વ અને વ્રત રહિત પાત્રોમાં ભક્તિવાળા જીવો કુદેવ, કુમનુષ્ય થાય છે, એમ પ્રતિપાદન કરે છે.

## ગાથા ૨૫૭

પરમાર્થથી અનભિજ્ઞ, વિષયકષાયઅધિક જનો પરે,
ઉપકાર-સેવા-દાન સર્વ કુદેવમનુજપણે ફળે. ૨૫૭.

અન્વયાર્થ :– [**अविदितपरमार्थेषु**] જેમણે પરમાર્થને જાણ્યો નથી [**च**] અને [**विषयकषायाधिकेषु**] જેઓ વિષયકષાયે અધિક છે [**पुरुषेषु**] એવા પુરુષો પ્રત્યેની [**जुष्टं कृतं वा दत्तं**] સેવા, ઉપકાર કે દાન [**कुदेवेषु मनुजेषु**] કુદેવપણે અને કુમનુષ્યપણે [**फलति**] ફળે છે.

ટીકાર્થ : ફળે છે.

પ્રશ્ન : કયા રૂપે ફળે છે ?

ઉત્તર : કુત્સિત દેવો-મનુષ્યોના રૂપે ફળે છે.

પ્રશ્ન : શું કરવું ફળે છે ?

ઉત્તર : સેવા કરવી, કંઈપણ વૈયાવૃત્તિ આદિ કરવી, અથવા કંઈપણ આહાર આદિ આપવો તે કુદેવાદિના રૂપે ફળે છે.

પ્રશ્ન : આ બધું કોના પ્રત્યે કરવાથી આ રૂપે ફળે છે ?

ઉત્તર : આ બધું પુરુષરૂપ પાત્રોના પ્રત્યે કરવાથી આમ ફળે છે.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા પુરુષ પાત્રોમાં કરવાથી ફળે છે ?

ઉત્તર : પરમાર્થથી અજાણ પરમાત્મતત્ત્વના શ્રદ્ધાન-જ્ઞાનથી રહિત પુરુષોમાં કરવાથી ફળે છે.

પ્રશ્ન : વળી કયા સ્વરૂપવાળા પુરુષોમાં કરવાથી આ રૂપે ફળે છે ?

ઉત્તર : વિષય-કષાયોમાં અધિક - વિષય-કષાયોને આધીન હોવાથી, વિષય-કષાય રહિત શુદ્ધાત્મ સ્વરૂપની ભાવનાથી રહિત પુરુષોમાં, આ બધું કરવાથી, તેઓ કુદેવાદિરૂપમાં ફળે છે. ॥ ૨૫૭ ॥

હવે, આ જ અર્થ ને બીજારૂપે દૃઢ કરે છે.

## ગાથા ૨૫૮

'વિષયો કષાયો પાપ છે' જો એમ નિરૂપણ શાસ્ત્રમાં,
તો કેમ તત્પ્રતિબદ્ધ પુરુષો હોય રે નિસ્તારકા ? ૨૫૮.

અન્વયાર્થ :– [**यदि वा**] જો '[**ते विषयकषायाः**] તે વિષયકષાયો [**पापम्**] પાપ છે' [**इति**] એમ [**शास्त्रेषु**] શાસ્ત્રોમાં [**प्ररूपिताः**] પ્રરૂપણ કરવામાં આવ્યું છે, તો [**तत्प्रतिबद्धाः**] તેમાં પ્રતિબદ્ધ (વિષયકષાયમાં લીન) [**ते पुरुषाः**] તે પુરુષો [**निस्तारकाः**] +નિસ્તારક [**कथं भवन्ति**] કેમ હોઈ શકે ?

ટીકાર્થ : જો તે વિષય-કષાય પાપ છે - એવું શાસ્ત્રમાં કહેલ છે, તો તે તત્પ્રતિબદ્ધ - વિષય-કષાયમાં પ્રતિબદ્ધ - આસક્ત પુરુષ, નિસ્તારક - દાતાઓને સંસારથી પાર ઉતારવાવાળો કેમ હોઈ શકે ?

કોઈ પણ પ્રકારે ન હોઈ શકે.

તેથી આ કહેવામાં આવ્યું છે કે સર્વપ્રથમ તો વિષય-કષાય પાપ સ્વરૂપ છે. એનાથી સહિત પુરુષ પણ પાપ જ છે અને તે પોતાના ભક્ત દાતાઓના પુણ્યનો વિનાશ કરવાવાળો છે. ॥ ૨૫૮ ॥

હવે, પાત્રભૂત મુનિનું લક્ષણ કહે છે.

## ગાથા ૨૫૯

તે પુરુષ જાણ સુમાર્ગશાળી, પાપ-ઉપરમ જેહને,
સમભાવ જ્યાં સૌ ધાર્મિકે, ગુણસમૂહસેવન જેહને. ૨૫૯.

અન્વયાર્થ :– [**उपरतपापः**] જેને પાપ વિરામ પામ્યું છે, [**सर्वेषु धार्मिकेषु समभावः**] જે સર્વ ધાર્મિકો પ્રત્યે સમભાવવાળો છે અને [**गुणसमितितोपसेवी**] જે ગુણસમુદાયને સેવનારો છે [**सः पुरुषः**] તે પુરુષ [**सुमार्गस्य भागी भवति**] સુમાર્ગવંત છે.

+ નિસ્તારક = સંસાર સાગરથી પાર ઉતારનાર.

ટીકાર્થ : પાપથી રહિત હોવાને કારણે, સર્વ ધાર્મિકોને સમતાભાવથી જોવાવાળો હોવાને કારણે અને ગુણસમુહનું સેવન કરવાવાળો હોવાને કારણે, સ્વયંને મોક્ષનું કારણ હોવાથી અને બીજાને પુણ્યનું કારણ હોવાથી - આ પ્રકારના ગુણો સહિત પુરુષ, સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એકાગ્રતા લક્ષણ નિશ્ચય મોક્ષમાર્ગને પાત્ર છે. ॥ ૨૫૯ ॥

હવે, તે જ પાત્રભૂત મુનિરાજોનું બીજારૂપથી લક્ષણ સ્પષ્ટ કરે છે.

## ગાથા ૨૬૦

અશુભોપયોગરહિત શ્રમણો - શુદ્ધ વા શુભયુક્ત જે,
તે લોકને તારે; અને તદ્ભક્ત પામે પુણ્યને. ૨૬૦.

અન્વયાર્થ :– [**अशुभोपयोगरहिता:**] જેઓ અશુભોપયોગરહિત વર્તતા થકા [**शुद्धोपयुक्ता:**] શુદ્ધોપયુક્ત [**वा**] અથવા [**शुभोपयुक्ता:**] શુભોપયુક્ત હોય છે, તેઓ (તે શ્રમણો) [**लोकं निस्तारयन्ति**] લોકને તારે છે; (અને) [**तेषु भक्त:**] તેમના પ્રત્યે ભક્તિવાળો જીવ [**प्रशस्तं**] પ્રશસ્તને (-પુણ્યને) [**लभते**] પામે છે.

ટીકાર્થ : શુદ્ધોપયોગ-શુભોપયોગ પરિણત પુરુષ પાત્ર છે. તે આ પ્રકારે - વિકલ્પ રહિત સમાધિ-સ્વરૂપ સ્થિરતાના બળથી, શુભ-અશુભ બંને ઉપયોગોથી રહિત સમયમાં, ક્યારેક વીતરાગ-ચારિત્ર લક્ષણ શુદ્ધોપયોગથી સહિત તથા ક્યારેક મોહ-રાગ-દ્વેષ અને અશુભ રાગથી રહિત સમયમાં, સરાગ-ચારિત્ર લક્ષણ શુભોપયોગથી સહિત વર્તતા થકા, ભવ્ય જીવોને તારે છે અને એના પ્રત્યે ભક્તિવાળા ભવ્યવરપુંડરિક - ભવ્યોમાં શ્રેષ્ઠ ભક્તજન, પ્રશસ્ત ફળભૂત સ્વર્ગ પ્રાપ્ત કરે છે. અને પરંપરાથી મોક્ષ પ્રાપ્ત કરે છે - એવો ભાવ છે. ॥ ૨૬૦ ॥

આ પ્રકારે પાત્ર-અપાત્ર પરીક્ષા સંબંધી કથનની મુખ્યતાથી છ ગાથાઓ દ્વારા, ત્રીજું સ્થળ સમાપ્ત થયું.

(હવે, આઠ ગાથાઓમાં નિબદ્ધ, ચોથું સ્થળ પ્રારંભ થાય છે.)

આનાથી આગળ, આચાર શાસ્ત્રમાં કહેલ ક્રમથી પહેલા કહેવાઈ ગયું હોવા છતાં પણ ફરીને દૃઢ કરવા માટે વિશેષરૂપથી મુનિના સમાચાર (પરસ્પરમાં વિનયાદિ વ્યવહાર) કહે છે.

હવે, આવેલ મુનિના પ્રત્યે ત્રણ દિવસ સુધી સામાન્ય વિનય આદિ તથા ત્યારબાદ વિશેષ વિનય આદિ (વ્યવહારને બતાવે છે.

## ગાથા ૨૬૧

પ્રકૃત વસ્તુ દેખી અભ્યુત્થાન આદિ ક્રિયા થકી,
વર્તો શ્રમણ, પછી વર્તનીય ગુણાનુસાર વિશેષથી. ૨૬૧.

અન્વયાર્થ :– [**प्रकृतं वस्तु**] *પ્રકૃત વસ્તુને [**दृष्ट्रा**] દેખીને (પ્રથમ તો) [**अभ्युत्थान-प्रधानक्रियाभिः**] +અભ્યુત્થાન આદિ ક્રિયાઓ વડે [**वर्तताम्**] (શ્રમણ) વર્તો; [**ततः**] પછી [**गुणात्**] ગુણ પ્રમાણે [**विशेषितव्यः**] ભેદ પાડવો. –[**इति उपदेशः**] આમ ઉપદેશ છે.

ટીકાર્થ : વર્તે.

પ્રશ્ન : તે કોણ વર્તે ?

ઉત્તર : અહીંના આચાર્ય વર્તે.

પ્રશ્ન : શું કરીને વર્તે ?

ઉત્તર : તે જોઈને વર્તે.

પ્રશ્ન : કોને જોઈને વર્તે ?

ઉત્તર : મુનિરૂપ પાત્ર વસ્તુને જોઈને વર્તે.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા મુનિને જોઈને વર્તે ?

ઉત્તર : પ્રકૃત-અંદરમાં વર્તવાવાળી ઉપરાગ (મલિનતા) રહિત શુદ્ધાત્માની ભાવનાને બતાવવાવાળા, બહારમાં નિર્ગ્રંથ નિર્વિકાર - વિકાર રહિત દિગંબરરૂપને જોઈને વર્તે.

પ્રશ્ન : કયા રૂપથી વર્તે ?

ઉત્તર : આવેલા મુનિને યોગ્ય આચારશાસ્ત્રમાં કહેલી અભ્યુત્થાન - સન્માનાર્થ ઉભા થવું ઈત્યાદિ ક્રિયાઓ રૂપથી વર્તે. પછી ત્રણ દિવસ બાદ ગુણોથી - ગુણોની વિશેષતાથી તે આચાર્યને, એ મુનિના પ્રત્યે રત્નત્રયરૂપ ભાવનાની વૃદ્ધિની કારણભૂત ક્રિયાઓ દ્વારા, વિશેષ કરવું જોઈએ. એવો સર્વજ્ઞ, ગણધરદેવનો ઉપદેશ છે. ॥ ૨૬૧ ॥

હવે એને જ વિશેષ કહે છે-

---

*પ્રકૃત વસ્તુ : અવિકૃત વસ્તુ, અવિપરીત પાત્ર.
+અભ્યુત્થાન : માનાર્થે ઉભા થઈ જવું અને સામે જવું.

## ગાથા ૨૬૨

ગુણથી અધિક શ્રમણો પ્રતિ સત્કાર, અભ્યુત્થાન ને,
અંજલિકરણ, પોષણ, ગ્રહણ, સેવન અહીં ઉપદિષ્ટ છે. ૨૬૨.

અન્વયાર્થ :– [**गुणाधिकानां हि**] ગુણાધિક (ગુણથી અધિક શ્રમણો) પ્રત્યે [**अभ्युत्थानं**] અભ્યુત્થાન, [**ग्रहणं**] ગ્રહણ (આદરથી સ્વીકાર), [**उपासनं**] ઉપાસન, [**पोषणं**] પોષણ (તેમનાં અશન, શયન વગેરેની ચિંતા), [**सत्कारः**] સત્કાર (ગુણપ્રશંસા), [**अञ्जलिकरणं**] અંજલિકરણ (વિનયથી હાથ જોડવા) [**च**] અને [**प्रणामः**] પ્રણામ કરવાનું [**इह**] અહીં [**भणितम्**] કહ્યું છે.

ટીકાર્થ : કહેવામાં આવ્યું છે. આ ગ્રંથમાં.

પ્રશ્ન : અહીંયા કોના સંબંધમાં કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : અહીંયા ખરેખર તો ગુણોમાં અધિક મુનિઓના સંબંધમાં કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : એમના સંબંધમાં શું કહેવામાં આવ્યું છે ?

ઉત્તર : ઉભા થવું, ગ્રહણ, ઉપાસન, પોષણ, સત્કાર, અંજલિકરણ, પ્રણામ આદિ એમના સંબંધમાં કરવાનું કહેવામાં આવ્યું છે. સામે જવું અભ્યુત્થાન છે, સ્વીકાર કરવો ગ્રહણ છે, શુદ્ધાત્મ-ભાવનાના સહકારી કારણના હેતુથી સેવા કરવી ઉપાસન છે, એમના જ માટે ભોજન-શયન આદિની ચિંતા કરવી તે પોષણ છે, ભેદાભેદ રત્નત્રય રૂપ ગુણને પ્રકાશિત કરવા તે સત્કાર છે, અંજલિ બાંધીને નમસ્કાર કરવો તે અંજલિકરણ છે, નમસ્કાર હો - એવું વચન બોલવું તે પ્રણામ છે. ॥ ૨૬૨ ॥

હવે, આગત આવેલ મુનિરાજો પ્રત્યે, તે જ અભ્યુત્થાન આદિને અન્ય પ્રકારથી બતાવે છે.

## ગાથા ૨૬૩

મુનિ સૂત્ર-અર્થપ્રવીણ સંયમજ્ઞાનતપસમૃદ્ધને,
પ્રણિપાત, અભ્યુત્થાન, સેવા સાધુએ કર્તવ્ય છે. ૨૬૩.

અન્વયાર્થ :– [**श्रमणैः हि**] શ્રમણોએ [**सूत्रार्थविशारदाः**] સૂત્રાર્થવિશારદ (સૂત્રોના અને સૂત્રકથિત પદાર્થોના જ્ઞાનમાં નિપુણ) તથા [**संयमतपोज्ञानाढ्याः**] સંયમતપજ્ઞાનાઢ્ય (સંયમ, તપ અને આત્મજ્ઞાનમાં સમૃદ્ધ) [**श्रमणाः**] શ્રમણો પ્રત્યે [**अभ्युत्थेयाः उपासेयाः प्रणिपतनीयाः**] અભ્યુત્થાન, ઉપાસના અને *પ્રણિપાત કરવાયોગ્ય છે.

---

પ્રણિપ્રાતઃ સાષ્ટાંગ પ્રણામ, પગે પડવું તે.

ટીકાર્થ : જો કે ચારિત્ર ગુણથી અધિક નથી, કે તપથી અધિક નથી, તો પણ સમ્યક્જ્ઞાન ગુણની અપેક્ષાએ જયેષ્ઠ - અધિક હોવાથી શ્રુતના વિનયને માટે તે અભ્યુત્થાનને યોગ્ય - ઉઠીને સન્માન આદિ કરવા યોગ્ય છે.

પ્રશ્ન : તે કોણ એને યોગ્ય છે ?

ઉત્તર : શ્રમણ - નિર્ગ્રંથ આચાર્ય એને યોગ્ય છે.

પ્રશ્ન : તે નિર્ગ્રંથ આચાર્ય કઈ વિશેષતાવાળા છે ?

ઉત્તર : વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી પરમાત્મતત્ત્વ પ્રભૃતિ અનેકાંતાત્મક પદાર્થોમાં, વીતરાગ-સર્વજ્ઞ પ્રણીત માર્ગથી પ્રમાણ-નય-નિક્ષેપો દ્વારા વિચાર કરવામાં ચતુર ચિત્તવાળા, સૂત્રાર્થ વિશારદ છે. તેઓ કેવળ અભ્યુત્થાનને જ યોગ્ય નથી પણ પરમ ચૈતન્ય જ્યોતિ પરમાત્મ પદાર્થના પરિજ્ઞાનને માટે, ઉપાસના કરવા યોગ્ય છે - પરમ ભક્તિથી સેવા કરવા યોગ્ય છે. ખરેખર તો તે સંયમ-તપ-જ્ઞાનથી સમૃદ્ધ શ્રમણ, વંદના કરવા યોગ્ય છે. બાહ્યમાં ઈન્દ્રિય-સંયમ અને પ્રાણ - સંયમના બળથી અંદર પોતાના શુદ્ધાત્મામાં યત્નપરતા સંયમ છે. બાહ્યમાં અનશન આદિ તપના બળથી, અને અંદરમાં પરદ્રવ્યની ઈચ્છાના નિરોધથી, પોતાના સ્વરૂપમાં પ્રતપન-વિજયન તપ છે. બહારમાં પરમાગમના અભ્યાસથી, અંદરમાં સ્વસંવેદન જ્ઞાન સમ્યક્જ્ઞાન છે. આ પ્રકારે કહેલા લક્ષણવાળા સંયમ, તપ, જ્ઞાનથી સમૃદ્ધ - પરિપૂર્ણ શ્રમણ, યથાસંભવ પ્રતિવંદના કરવા યોગ્ય છે.

પ્રશ્ન : તેઓ કોના દ્વારા અભ્યુત્થાન આદિ કરવા યોગ્ય છે ?

ઉત્તર : તેઓ શ્રમણો દ્વારા અભ્યુત્થાન આદિ કરવા યોગ્ય છે.

અહીં તાત્પર્ય એ છે કે - જે બહુશ્રુત હોવા છતાં પણ ચારિત્રમાં અધિક નથી, તેઓ પણ પરમાગમના અભ્યાસ કરવાના હેતુથી, યથાયોગ્ય વંદનને યોગ્ય છે. એમના પ્રત્યે વંદના કરવાનું બીજું પણ કારણ છે - તેઓ સમ્યક્ત્વ અને જ્ઞાનમાં પહેલેથી જ દૃઢતર છે, પરંતુ આ નવા મુનિઓના સમ્યક્ત્વ અને જ્ઞાનમાં પણ દૃઢતા નથી.

પ્રશ્ન : તો પછી થોડા ચારિત્રવાળાઓના પ્રત્યે આગમમાં વંદન આદિનો નિષેધ શા માટે કરવામાં આવ્યો છે ? જો આવો પ્રશ્ન હોય તો કહીએ છીએ.

ઉત્તર : અતિપ્રસંગ (સીમાના ઉલ્લંઘનનો) નિષેધ કરવા માટે આગમમાં એનો નિષેધ કર્યો છે. ॥ ૨૬૩ ॥

હવે શ્રમણાભાસ કેવી રીતે હોય છે એવો પ્રશ્ન પૂછવાથી તેનો ઉત્તર આપે છે.

## ગાથા ૨૬૪

શાસ્ત્રે કહ્યું-તપસૂત્રસંયમયુક્ત પણ સાધુ નહીં,
જિન-ઉક્ત આત્મપ્રધાન સર્વ પદાર્થ જો શ્રદ્ધે નહીં. ૨૬૪.

અન્વયાર્થ :– [**संयमतप:सूत्रसम्प्रयुक्त: अपि**] સૂત્ર, સંયમ અને તપથી સંયુક્ત હોવા છતાં પણ [**यदि**] જો (તે જીવ) [**जिनाख्यातान्**] જિનોક્ત [**आत्मप्रधानान्**] આત્મપ્રધાન [**अर्थान्**] પદાર્થોને [**न श्रद्धत्ते**] શ્રદ્ધતો નથી તો તે [**श्रमण: न भवति**] શ્રમણ નથી–[**इति मत:**] એમ (આગમમાં) કહ્યું છે.

ટીકાર્થ : તે શ્રમણ નથી. એવું માનવામાં આવ્યું છે. સ્વીકાર કરવામાં આવ્યું છે.

પ્રશ્ન : એવું ક્યાં માનવામાં આવ્યું છે ?

ઉત્તર : એવું આગમમાં માનવામાં આવ્યું છે.

પ્રશ્ન : કેવા હોવા છતાં પણ તે મુનિ નથી ?

ઉત્તર : સંયમ, તપ, શ્રુતથી સહિત હોવા છતાં પણ તે મુનિ નથી.

જો સમ્યક્ત્વના ત્રણ મૂઢતા આદિ પચ્ચીસ મળ - દોષો સહિત હોવાથી શ્રદ્ધાન નથી કરતા, રૂચિ નથી કરતા, માનતા નથી તો તે મુનિ નથી.

પ્રશ્ન : કોનું શ્રદ્ધાન નથી કરતા ?

ઉત્તર : પદાર્થોનું શ્રદ્ધાન નથી કરતા.

પ્રશ્ન : કેવા પદાર્થોનું શ્રદ્ધાન નથી કરતા ?

ઉત્તર : દોષ રહિત પરમાત્મા પ્રધાન પદાર્થોનું શ્રદ્ધાન નથી કરતા.

પ્રશ્ન : બીજા કેવા પદાર્થોનું શ્રદ્ધાન નથી કરતા ?

ઉત્તર : વીતરાગ-સર્વજ્ઞ જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રસિદ્ધ કરેલા, દિવ્યધ્વનિ દ્વારા કહેલા, ગણધરદેવો દ્વારા ગ્રંથોમાં લખેલા, આત્મા પ્રધાન પદાર્થોનું શ્રદ્ધાન નથી કરતા તો તે મુનિ નથી - એવો અર્થ છે. ॥ ૨૬૪ ॥

હવે, (રત્નત્રય) માર્ગમાં સ્થિત મુનિ ઉપર દોષ લગાડવામાં, દોષ બતાવે છે.

## ગાથા ૨૬૫

મુનિ શાસને સ્થિત દેખીને જે દ્વેષથી નિંદા કરે,
અનુમત નહીં કિરિયા વિષે, તે નાશ ચરણ તણો કરે. ૨૬૫.

અન્વયાર્થ :– [**य: हि**] જે [**शासनस्थं श्रमणं**] શાસનસ્થ (જિનદેવના શાસનમાં રહેલા)

શ્રમણને (દ્રષ્ટા) દેખીને [**प्रद्वेषत:**] દ્વેષથી [**अपवदति**] તેના અપવાદ બોલે છે અને [**क्रियासु न अनुमन्यते**] (સત્કારાદિ) ક્રિયાઓ કરવામાં અનુમત (ખુશી) નથી, [**स: नष्टचारित्र: हि भवति**] તેનું ચારિત્ર નષ્ટ થાય છે.

ટીકાર્થ : ખરાબ બોલે છે - દોષ આપે છે - અપવાદ કરે છે.

પ્રશ્ન : તે કોણ દોષ આપે છે ? કર્તારૂપ ખરેખર તે કોને દોષ આપે છે ?

ઉત્તર : શ્રમણ - મુનિને દોષ આપે છે.

પ્રશ્ન : કેવા શ્રમણને દોષ આપે છે ?

ઉત્તર : શાસનસ્થ - નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગમાં સ્થિત મુનિને દોષ આપે છે.

પ્રશ્ન : એમને શું કામ દોષ આપે છે ?

ઉત્તર : દોષરહિત પરમાત્માની ભાવનાથી વિલક્ષણ, પ્રદ્વેષ-કષાયથી દોષ આપે છે.

પ્રશ્ન : પહેલા શું કરીને દોષ આપે છે ?

ઉત્તર : એમને જોઈને દોષ આપે છે. માત્ર દોષ જ નથી આપતા પણ એમનો સ્વીકાર પણ નથી કરતા.

પ્રશ્ન : કયા વિષયોમાં એમનો સ્વીકાર નથી કરતા ?

ઉત્તર : યથાયોગ્ય વંદના આદિ ક્રિયાઓમાં એમનો સ્વીકાર નથી કરતા.

આ સ્પષ્ટરૂપથી હોય છે.

પ્રશ્ન : તે કઈ વિશેષતાવાળો હોય છે ?

ઉત્તર : કથંચિત્ અતિપ્રસંગથી, ચારિત્રનષ્ટ હોય છે (પોતાના ચારિત્રનો નાશ કરે છે).

તે આ પ્રકારે - રત્નત્રયરૂપ માર્ગમાં સ્થિત મુનિને જોઈને, જો કોઈ પ્રકારે ઈર્ષાવશ દોષ ગ્રહણ કરે છે, તો સ્પષ્ટ ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. પછી આત્મનિંદા કરીને, જો નિવૃત્ત થઈ જાય - ઈર્ષાવશ અપવાદ કરવું છોડી દે, તો દોષ નથી. જો થોડા સમય પછી છોડે છે તો પણ દોષ નથી. તથા જો ત્યાં જ અનુબંધ કરીને તીવ્ર કષાયને કારણે વારંવાર તેમજ કરે છે, તો ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

અહીં ભાવ એ છે કે વિદ્વાનોએ અલ્પ વિદ્વાન મુનિઓના દોષ ગ્રહણ ન કરવા જોઈએ, પરંતુ તે મુનિઓના થોડા પણ પાઠ (વિદ્વતા) ગ્રહણ કરીને તેમનો દોષ ગ્રહણ ન કરવો જોઈએ. થોડું પણ સારાપણું ગ્રહણ કરી પોતાની ભાવના જ કરવી જોઈએ.

પ્રશ્ન : પરસ્પર (એકબીજાના)દોષ ગ્રહણ શું કામ ન કરવા જોઈએ ?

ઉત્તર : રાગદ્વેષની ઉત્પત્તિ થવાથી વિદ્વાનોને શ્રુતનું ફળ નથી, તથા તપસ્વીઓને તપનું ફળ નથી; તેથી પરસ્પર દોષ ગ્રહણ ન કરવા જોઈએ. ॥ ૨૬૫ ॥

હવે જે સ્વયં ગુણહીન હોતો થકો, બીજા અધિક ગુણવાળાથી વિનય ઇચ્છે છે, તેના ગુણોનો વિનાશ બતાવે છે.

## ગાથા ૨૬૬

જે હીનગુણ હોવા છતાં 'હું પણ શ્રમણ છું' મદ કરે,
ઇચ્છે વિનય ગુણ-અધિક પાસ, અનંતસંસારી બને. ૨૬૬.

અન્વયાર્થ :– [**य:**] જે શ્રમણ [**यदि गुणाधर: भवन्**] ગુણે હીન (હલકો) હોવા છતાં [**अपि श्रमण: भवामि**] 'હું પણ શ્રમણ છું' [**इति**] એમ માનીને અર્થાત્ ગર્વ કરીને [**गुणत: अधिकस्य**] ગુણે અધિક પાસેથી (-જે પોતાના કરતાં અધિક ગુણવાળા હોય એવા શ્રમણ પાસેથી) [**विनयं प्रत्येषक:**] વિનય ઇચ્છે છે, [**स:**] તે [**अनन्तसंसारी भवति**] અનંતસંસારી થાય છે.

ટીકાર્થ : તે કોઈ અપેક્ષાથી (કથંચિત્) અનંત સંસારી હોય છે.

પ્રશ્ન : જે શું કરે છે ?

ઉત્તર : જે ઇચ્છાવાળો છે, અભિલાષી છે - અપેક્ષાવાળો છે.

પ્રશ્ન : શું ઇચ્છાવાળો છે ?

ઉત્તર : વંદન આદિ વિનયની ઇચ્છાવાળો છે.

પ્રશ્ન : કોનાથી વિનયની ઇચ્છાવાળો છે ?

ઉત્તર : બહિરંગ - અંતરંગ રત્નત્રયરૂપ ગુણોથી અધિક બીજા મુનિથી વિનય ઇચ્છે છે.

પ્રશ્ન : કયા કારણે તે પોતાનો વિનય કરાવવા ઇચ્છે છે ?

ઉત્તર : ''હું પણ મુનિ છું'' -આ અભિમાન-ગર્વથી વિનય ઇચ્છે છે.

પ્રશ્ન : કેવો છે તો પણ વિનય ઇચ્છે છે ?

ઉત્તર : પોતે નિશ્ચય-વ્યવહાર રત્નત્રયરૂપ ગુણોથી હીન છે, તો પણ એનાથી વિનય ઇચ્છે છે; તો અનંત સંસારી થાય છે.

અહીં અર્થ આ છે કે - જો પહેલા અભિમાનને કારણે અધિક ગુણવાળાથી વિનયની ઇચ્છા કરે છે, પરંતુ પછી વિવેકના બળથી આત્મનિંદા - પશ્ચાતાપ કરે તો અનંત સંસારી નથી થતો. પરંતુ ત્યાં પણ મિથ્યા અભિમાનથી પ્રસિદ્ધિ, પૂજા, લાભને માટે દુરાગ્રહ કરે છે; તો એવો અનંત સંસારી થાય છે. અથવા જો થોડા સમય પછી પણ આત્મનિંદા (પશ્ચાતાપ) કરે છે, તો પણ એવો અનંત સંસારી નથી થતો. ॥ ૨૬૬ ॥

હવે, સ્વયં અધિક ગુણવાળો હોવા છતાં પણ, જો હીન ગુણવાળાઓની સાથે વંદન આદિ ક્રિયાઓમાં વર્તે છે, તો ગુણોનો વિનાશ થાય છે એમ બતાવે છે.

## ગાથા ૨૬૭

મુનિ અધિકગુણ હીનગુણ પ્રતિ વર્તે યદિ વિનયાદિમાં,
તો ભ્રષ્ટ થાય ચરિત્રથી ઉપયુક્ત મિથ્યા ભાવમાં. ૨૬૭.

અન્વયાર્થ :– [**यदि श्रामण्ये अधिकगुणा:**] જેઓ શ્રામણ્યમાં અધિક ગુણવાળા હોવા છતાં [**गुणाधरै:**] હીન ગુણવાળા પ્રત્યે [**क्रियासु**] (વંદનાદિ) ક્રિયાઓમાં [**वर्तन्ते**] વર્તે છે, [**ते**] તેઓ [**मिथ्योपयुक्ता:**] મિથ્યા ઉપયુક્ત થયા થકા [**प्रभ्रष्टचारित्रा: भवन्ति**] ચારિત્રથી ભ્રષ્ટ થાય છે.

ટીકાર્થ : વર્તે છે - પ્રવૃત્તિ કરે છે.

પ્રશ્ન : જો કરે, તો ક્યાં પ્રવૃત્તિ કરે છે ?

ઉત્તર : વંદના આદિ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે.

પ્રશ્ન : કોની સાથે આ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરે છે ?

ઉત્તર : ગુણોમાં નીચા - ગુણોથી સહિતની સાથે પ્રવૃત્તિ કરે છે.

પ્રશ્ન : સ્વયં કેવો હોવા છતાં, એમની સાથે પ્રવૃત્તિ કરે છે ?

ઉત્તર : સ્વયં અધિક ગુણવાન હોવા છતાં પણ, એમની સાથે પ્રવૃત્તિ કરે છે.

પ્રશ્ન : તે શેમાં અધિક ગુણવાન છે ?

ઉત્તર : ચારિત્રમાં તે અધિક ગુણવાન છે. (અને જેની સાથે પ્રવૃત્તિ કરે છે) તે મોટે ભાગે મિથ્યાત્વ સહિત હોય છે. માત્ર મિથ્યાત્વ સહિત જ નથી હોતો, પરંતુ ચરિત્રભ્રષ્ટ હોય છે.

તે આ પ્રકારે -

સ્વયં ચારિત્રગુણમાં અધિક પણ, જો જ્ઞાનાદિગુણોની વૃદ્ધિ માટે શાસ્ત્રજ્ઞ પાસે વંદન આદિ ક્રિયાઓમાં પ્રવૃત થાય છે, તો દોષ નથી. પરંતુ જો, માત્ર પ્રસિદ્ધિ, પૂજા, લાભને માટે એમાં પ્રવૃત્તિ કરે છે, તો અતિપ્રસંગનો દોષ થાય છે.

અહીં તાત્પર્ય આ છે - વંદન આદિ ક્રિયાઓમાં કે તત્ત્વ વિચાર આદિમાં જ્યાં રાગ દ્વેષની ઉત્પત્તિ થાય છે, ત્યાં બધી જગ્યાએ દોષ જ છે.

અહીં કોઈ કહે છે કે - આ તમારી કલ્પના છે, આગમમાં તેમ નથી. આચાર્ય કહે છે - એમ નથી, બધા આગમ રાગ-દ્વેષને દૂર કરવા માટે જ છે, પરંતુ જો કોઈ ઉત્સર્ગ-અપવાદરૂપથી આગમ સંબંધી નય-વિભાગને નથી જાણતા, તે જ રાગ-દ્વેષ કરે છે, અન્ય બીજા નહિ.

પ્રશ્ન : અહીં શિષ્ય કહે છે કે - અપવાદ વ્યાખ્યાનના પ્રસંગમાં શુભોપયોગનું વ્યાખ્યાન કર્યુ હતું, અહીં ફરીથી શા માટે વ્યાખ્યાન કર્યું છે ?

ઉત્તર : આચાર્ય નિરાકરણ કરતા કહે છે - તમારું આ વચન ઉચિત છે, પરંતુ ત્યાં સંપૂર્ણ ત્યાગ લક્ષણ ઉત્સર્ગ વ્યાખ્યાન કરવા છતાં પણ, એમાં અસમર્થ મુનિઓને સમયની અપેક્ષાએ થોડા જ્ઞાન, સંયમ, શૌચના ઉપકરણ આદિ ગ્રહણ કરવા ઉચિત છે - આ રીતે અપવાદ વ્યાખ્યાન જ મુખ્ય છે.

અહીં તો, જેમ ભેદનયથી સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રતપશ્ચરણરૂપ ચાર પ્રકારની આરાધનાઓ છે, તે જ અભેદનયથી સમ્યક્ત્વ અને ચારિત્રરૂપથી બે પ્રકારની છે, એમાં પણ અભેદ વિવક્ષાથી ફરીને એક જ વીતરાગ ચારિત્ર આરાધના છે, એવી રીતે ભેદનયથી સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ ત્રણ પ્રકારનો મોક્ષમાર્ગ છે, તે જ અભેદનયથી શ્રામણ્ય ને બીજું નામ મોક્ષમાર્ગરૂપથી એક જ છે, અને તે અભેદરૂપ મુખ્ય વૃત્તિથી ચૌદ ગાથાઓ દ્વારા, પહેલા જ વિશેષરૂપથી કહેલા છે, તથા આ ભેદરૂપ મુખ્ય વૃત્તિ દ્વારા, શુભોપયોગરૂપથી અત્યારે કહેલ છે, તેથી પુનરુક્તિ દોષ નથી. ॥ ૨૬૭॥

આ રીતે સમાચારના (પરસ્પર વિનયાદિ આચારના) વિશેષ કથનરૂપે ચોથા સ્થળમાં આઠ ગાથાઓ પૂર્ણ થઈ.

હવે આગળ પાંચમા સ્થળમાં સંક્ષેપથી, સંસારસ્વરૂપ અને મોક્ષસ્વરૂપની પ્રતીતિને માટે, પાંચ રત્નરૂપ પાંચ ગાથાઓ દ્વારા વ્યાખ્યાન કરે છે.

તે આ પ્રકારે -

હવે લૌકિક સંસર્ગનો નિષેધ કરે છે

## ગાથા ૨૬૮

સૂત્રાર્થપદનિશ્ચય, કષાય પ્રશાંતિ, તપ-અધિકત્વ છે,
તે પણ અસંયત થાય, જો છોડે ન લૌકિક-સંગને. ૨૬૮.

અન્વયાર્થ :– [**निश्चितसूत्रार्थपद:**] સૂત્રો અને અર્થોના પદને (અધિષ્ઠાનને) જેણે નિશ્ચિત (નિર્ણીત) કરેલ છે, [**समितकषाय:**] કષાયોને જેણે શમાવ્યા છે [**च**] અને [**तपोऽधिक: अपि**] જે અધિક તપવાળો છે–એવો જીવ પણ [**यदि**] જો [**लौकिकजनसंसर्गं**] લૌકિક જનોના સંસર્ગને [**न त्यजति**] છોડતો નથી [**संयत: न भवति**] તો તે સંયત રહેતો નથી (અર્થાત્ અસંયત થઈ જાય છે).

ટીકાર્થ : જેના દ્વારા અનેકાન્ત સ્વભાવી પોતાના શુદ્ધાત્મા આદિ પદાર્થોના પ્રતિપાદન કરવાવાળા સૂત્ર-અર્થ-પદ, નિશ્ચિતરૂપથી જાણવામાં આવેલા છે-નિર્ણય કરવામાં આવેલા છે. તે નિશ્ચિતરૂપે સૂત્રાર્થ પદ છે. બીજા વિષયોમાં ક્રોધાદિના ત્યાગથી અંતરંગમાં ઉત્કૃષ્ટ ઉપશમભાવથી પરિણિત પોતાના શુદ્ધાત્માની ભાવનાના બળથી કષાયોનું શમન કરવાવાળા છે. અનશન આદિ બાહ્ય તપના બળથી અને તે પ્રકારે અંતરંગમાં શુદ્ધાત્મતત્ત્વની ભાવનાના વિષયમાં પ્રતપન અને વિજયીથી જે તપમાં અધિક હોતા થકા પણ સ્વયં મુનિરૂપ કર્તા - (પણ જો) લૌકિક અર્થાત સ્વેચ્છાચારી, (કે) જેનો સંસર્ગ-લૌકિક સંસર્ગ છે તેને જો નથી છોડતા તો તેઓ સંયત-મુનિ નથી.

અહીં આ અર્થ છે કે-સ્વયં આત્માની ભાવના કરવાવાળા હોવા છતાં પણ જો અસંવૃત્ત-અસંયમી જનોનો સંસર્ગ નથી છોડતા તો અગ્નિની સંગતિમાં રહેવાવાળા પાણીની સમાન અતિપરિચયથી વિકૃતભાવ (રાગાદિ) ને પ્રાપ્ત થાય છે. ॥ ૨૬૮ ॥

હવે લૌકિકનું લક્ષણ કહે છે -

## ગાથા ૨૬૯

નિર્ગ્રંથરૂપ દીક્ષા વડે સંયમતપે સંયુક્ત જે,
લૌકિક કહ્યો તેને ય, જો છોડે ન ઐહિક કર્મને. ૨૬૯.

અન્વયાર્થ :– [**नैर्ग्रन्थ्यं प्रव्रजित:**] જે (જીવ) નિર્ગ્રંથપણે દીક્ષિત હોવાથી [**संयमतप: सम्प्रयुक्त: अपि**] સંયમતપસંયુક્ત હોય તેને પણ, [**यदि स:**] જો તે [**ऐहिकै: कर्मभि: वर्तते**] ઐહિક કાર્યો સહિત વર્તતો હોય તો, [**लौकिक: इति भणित:**] 'લૌકિક' કહ્યો છે.

ટીકાર્થ : વસ્ત્રાદિ પરિગ્રહથી રહિત હોવાને કારણે નિર્ગ્રંથ હોવા છતાં પણ દીક્ષા ગ્રહણ કરવાથી પ્રવજિત-દીક્ષિત સાધુ હોવા છતાં પણ જો વર્તે છે તો.

પ્રશ્ન : કોની સાથે વર્તે છે ?

ઉત્તર : ઐહિક કર્મોની સાથે-ભેદાભેદ રત્નત્રય પરિણામને નાશ કરવાવાળા પ્રસિદ્ધિ, પૂજા, લાભના નિમિત્તભૂત જ્યોતિષ, મંત્રવાદ, વૈદક (વૈદ્ય સંબંધી) આદિ, આ લોક સંબંધી જીવનના ઉપાયભૂત કર્મોની સાથે વર્તે છે. તે લૌકિક-વ્યવહારિક છે એવું કહેવામાં આવ્યું છે.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા હોવા છતાં પણ લૌકિક કહેવામાં આવ્યા છે ?

ઉત્તર : દ્રવ્યરૂપ સંયમ-તપથી સંયુક્ત હોવા છતાં પણ, તે લૌકિક કહેવામાં આવ્યા છે. ॥ ૨૬૯ ॥

હવે, ઉત્તમ સંસર્ગ કરવો જોઈએ, એવો ઉપદેશ આપે છે.

## ગાથા ૨૭૦

તેથી શ્રમણને, હોય જો દુઃખમુક્તિ કેરી ભાવના,
તો નિત્ય વસવું સમાન અગર વિશેષ ગુણીના સંગમાં. ૨૭૦.

અન્વયાર્થ :– [**तस्मात्**] (લૌકિક જનના સંગથી સંયત પણ અસંયત થાય છે) તેથી [**यदि**] જો [**श्रमण:**] શ્રમણ [**दु:खपरिमोक्षम् इच्छति**] દુખથી પરિમુક્ત થવા ઈચ્છતો હોય તો તે [**गुणात् समं**] સમાન ગુણવાળા શ્રમણના [**वा**] અથવા [**गुणै: अधिकं श्रमणं तत्र**] અધિક ગુણવાળા શ્રમણના સંગમાં [**नित्यम् अधिवसतु**] નિત્ય વસો.

ટીકાર્થ : જે કારણે હીન (હલકા) સંસર્ગથી ગુણોની હાનિ થાય છે, તે કારણે નિવાસ કરે-રહેતો.

પ્રશ્ન : કર્તારૂપ તે કોણ રહે ?

ઉત્તર : મુનિરાજ રહે છે

પ્રશ્ન : તેઓ ક્યાં રહે છે ?

ઉત્તર : તે આધારભૂતમાં રહે છે, હંમેશા-બધા કાળમાં રહે છે.

પ્રશ્ન : તે આધારભૂત શેમાં રહે છે ?

ઉત્તર : મુનિસંઘમાં રહે છે. અહીં લક્ષણ-વ્યાકરણના નિયમને કારણે, અધિકરણના અર્થમાં કર્મકારકનો પ્રયોગ થયો છે.

પ્રશ્ન : તે કેવા મુનિ-શ્રમણસંઘમાં રહે છે ?

ઉત્તર : તે સમાન શ્રમણ-મુનિસંઘમાં રહે છે.

પ્રશ્ન : શેનામાં સમાન શ્રમણસંઘમાં રહે છે ?

ઉત્તર : બહિરંગ અને અંતરંગ રત્નત્રય લક્ષણ ગુણોથી સમાન સંઘમાં રહે છે.

પ્રશ્ન : વળી કેવા સંઘમાં રહે ?

ઉત્તર : પોતાનાથી અધિકમાં રહે.

પ્રશ્ન : કોનાથી અધિકમાં રહે ?

ઉત્તર : મુળ અને ઉત્તર ગુણો દ્વારા પોતાનાથી અધિક ગુણવાળા સાધુસંઘમાં રહે.

પ્રશ્ન : શા માટે એમાં રહે ?

ઉત્તર : જો ઈચ્છતા હોય તો એમાં રહે.

પ્રશ્ન : શું ઈચ્છે છે ?

ઉત્તર : પોતાના આત્માથી ઉત્પન્ન સુખથી વિલક્ષણ, નરક આદિ દુ:ખોથી પૂર્ણપણે મુક્તિ-દુ:ખથી સંપૂર્ણ મુક્તિ ઈચ્છતા હોય તો એમાં રહે.

હવે અહીં વિસ્તાર કરે છે-જેમ અગ્નિના સંયોગથી, પાણીનો શીતળ ગુણ નાશ થાય છે, એવી રીતે વ્યવહારિક મનુષ્યોના સંપર્કથી મુનિરાજનો સંયમ ગુણ નાશ થાય છે-એવું જાણીને મુનિરાજરૂપ કર્તા; સમાનગુણ અથવા અધિકગુણ સંપન્ન મુનિરાજનો આશ્રય લે છે, ત્યારે જેમ ઠંડા વાસણ સહિત (માં રાખેલું) ઠંડાપાણીના ઠંડા ગુણનું રક્ષણ-રક્ષા થાય છે એવી રીતે સમાન ગુણોના સંસર્ગથી, તે મુનિના ગુણોની રક્ષા થાય છે. અને જેમ કપુર, સાકર આદિ ઠંડા દ્રવ્યો નાખવાથી, તે પાણીમાં ઠંડા ગુણની વૃદ્ધિ થાય છે, એવી રીતે નિશ્ચય-વ્યવહાર રત્નત્રયરૂપ ગુણોમાં અધિકના સંસર્ગથી, એના ગુણોમાં વૃદ્ધિ થાય છે-એવો ગાથાનો અર્થ છે. ॥ ૨૭૦ ॥

હવે સંસાર સ્વરૂપને પ્રગટ કરે છે.

## ગાથા ૨૭૧

સમયસ્થ હો પણ સેવી ભ્રમ અયથા ગ્રહે જે અર્થને,
અત્યંતફળસમૃદ્ધ ભાવી કાળમાં જીવ તે ભમે. ૨૭૧.

અન્વયાર્થ :– [**ये**] જેઓ, [**समये**] ભલે તેઓ સમયમાં હોય તોપણ (-ભલે તેઓ દ્રવ્યલિંગીપણે જિનમતમાં હોય તોપણ), [**एते तत्त्वम्**] ‘આ તત્ત્વ છે (અર્થાત્ આમ જ વસ્તુસ્વરૂપ છે)’ [**इति निश्चिता:**] એમ નિશ્ચયવંત વર્તતા થકા [**अयथागृहीतार्था:**] પદાર્થોને અયથાતથપણે ગ્રહે છે (-જેવા નથી તેવા સમજે છે), [**ते**] તેઓ [**अत्यन्तफलसमृद्धम्**] અત્યંતફળસમૃદ્ધ (અનંત કર્મફળોથી ભરેલા) એવા [**अत: परं कालं**] હવે પછીના કાળમાં [**भ्रमन्ति**] પરિભ્રમણ કરશે.

ટીકાર્થ : વીતરાગ-સર્વજ્ઞ પ્રણીત, નિશ્ચય-વ્યવહાર રત્નત્રયરૂપ ભાવની સમજણનો અભાવ હોવાથી, જે પદાર્થોને અન્યથા ગ્રહણ કરવાવાળા - વિપરીત ગ્રહણ કરવાવાળા છે.

પ્રશ્ન : અને જે કેવા છે ?

ઉત્તર : ‘‘આ તત્ત્વ છે’’, -એવો નિશ્ચય કરવાવાળા છે, આ જે મારા દ્વારા કલ્પિત પદાર્થ છે, ‘‘તે જ તત્ત્વ છે’’ -એવો નિશ્ચય કરવાવાળા છે.

પ્રશ્ન : ક્યાં સ્થિત રહીને એવો નિશ્ચય કરવાવાળા છે ?

ઉત્તર : નિર્ગ્રંથરૂપ દ્રવ્યસમયમાં સ્થિત રહીને, એવો નિશ્ચય કરવાવાળા છે. તે અત્યંત ફળ

સમૃદ્ધ થઈ, અનંતકાળ સુધી ભમે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ-ભાવ રૂપ પાંચ પ્રકારના સંસાર પરિભ્રમણથી રહિત શુદ્ધાત્મ સ્વરૂપની ભાવનાથી ચ્યુત - ભ્રષ્ટ થયા થકા ભમે છે.

પ્રશ્ન : ક્યાં સુધી ભમે છે ?

ઉત્તર : પરંકાળ-અનંતકાળ સુધી ભમે છે.

પ્રશ્ન : કેવી રીતે ભમે છે ?

ઉત્તર : નારક આદિ દુઃખરૂપ અત્યંત ફળસમૃદ્ધ થયા થકા ભમે છે.

પ્રશ્ન : અને ક્યાં સુધી ભમે છે ?

ઉત્તર : આ વર્તમાનકાળથી આગળ ભવિષ્ય સુધી ભમે છે.

અહીં આ અર્થ છે કે આ રીતે સંસાર પરિભ્રમણરૂપ પરિણત પુરુષ જ, અભેદરૂપથી સંસાર સ્વરૂપ જાણવો જોઈએ.

હવે મોક્ષનું સ્વરૂપ પ્રકાશિત કરે છે.

## ગાથા ૨૭૨

અયથાચરણહીન, સૂત્ર-અર્થસુનિશ્ચયી ઉપશાંત જે,
તે પૂર્ણ સાધુ અફળ આ સંસારમાં ચિર નહિ રહે. ૨૭૨.

અન્વયાર્થ :– [**यथार्थपदनिश्चित:**] જે જીવ યથાતથપણે પદોના અને અર્થોના (પદાર્થોના) નિશ્ચયવાળો હોવાથી [**प्रशान्तात्मा**] [1]પ્રશાંતાત્મા છે અને [**अयथाचारवियुक्त:**] [2]અયથાચાર રહિત છે, [**स: सम्पूर्णश्रामण्य:**] તે સંપૂર્ણ શ્રામણ્યવાળો જીવ [**अफले**] અફળ (-કર્મફળ રહિત થયેલા એવા [**इह**] આ સંસારમાં [**चिरं न जीवति**] ચિરકાળ રહેતો નથી (-અલ્પ કાળમાં મુક્ત થાય છે).

ટીકાર્થ : નિશ્ચય-વ્યવહાર પંચાચારરૂપ ભાવનાથી પરિણત હોવાને કારણે અયથાચારવિયુક્ત -વિપરીત આચારથી રહિત છે - એવો અર્થ છે; સહજ આનંદ એક સ્વભાવી પોતાના પરમાત્મા આદિ પદાર્થોના પરિજ્ઞાનથી સહિત હોવાને કારણે, યથાર્થ પદોના નિશ્ચયથી સહિત છે, વિશિષ્ટરૂપથી ઉત્કૃષ્ટ ઉપશમભાવરૂપ પરિણત પોતાના આત્મદ્રવ્યની ભાવનાથી સહિત હોવાને કારણે, પ્રશાન્તાત્મા છે, કર્તારૂપ જે - તે સંપૂર્ણ શ્રામણ્ય થયા થકા ચિર-ઘણા કાળ સુધી નથી જીવતા નથી રહેતા.

પ્રશ્ન : ક્યાં નથી રહેતા ?

પ્રશાંતાત્મા : પ્રશાંત સ્વરૂપ, ઉપશાંત, ઠરી ગયેલા.

ઉત્તર : શુદ્ધાત્માના સંવેદનથી ઉત્પન્ન સુખરૂપી અમૃતરસના આસ્વાદથી રહિત હોવાને કારણે અફળ - ફળરહિત અહીં આ સંસારમાં નથી રહેતા, પરંતુ શીઘ્ર મોક્ષ જાય છે.

અહીં ભાવ આ છે કે - આ રીતે મોક્ષતત્ત્વ પરિણત પુરુષ જ અભેદનયથી મોક્ષ સ્વરૂપ જાણવા જોઈએ. ॥ ૨૭૨ ॥

હવે મોક્ષનું કારણ પ્રસિદ્ધ કરે છે.

## ગાથા ૨૭૩

જાણી યથાર્થ પદાર્થને, તજી સંગ અંતર્બાહ્યને,
આસક્ત નહિ વિષયો વિષે જે, 'શુદ્ધ' ભાખ્યા તેમને. ૨૭૩

અન્વયાર્થ :– [**सम्यग्विदितपदार्थाः**] સમ્યક્ (યથાતથપણે) પદાર્થોને જાણતા થકા [**ये**] જેઓ [**बहिरस्थमध्यस्थम्**] બહિરંગ તથા અંતરંગ [**उपधिं**] પરિગ્રહને [**त्यक्त्वा**] છોડીને [**विषयेषु न अवसक्ताः**] વિષયોમાં આસક્ત નથી, [**ते**] તેમને [**शुद्धाः इति निर्दिष्टाः**] 'શુદ્ધ' કહેવામાં આવ્યા છે.

ટીકાર્થ : સંશય, વિપર્યય, અનધ્યવસાયથી રહિત, અનંત જ્ઞાનાદિ સ્વભાવ (વાળા) પોતાના પરમાત્મ પદાર્થ પ્રભૃતિ સંપૂર્ણ વસ્તુઓના વિચાર કરવામાં ચતુર ચિત્તની ચતુરાઈથી, પ્રકાશમાન અતિશય સહિત ઉત્કૃષ્ટ વિવેક જ્યોતિ દ્વારા, સારી રીતે પદાર્થોને જાણવાવાળા છે.

પ્રશ્ન : અને તેઓ કેવા રૂપે છે ?

ઉત્તર : પંચેન્દ્રિય વિષયોની આધીનતાથી રહિત હોવાને કારણે, પોતાના આત્મતત્ત્વની ભાવનારૂપ પરમ સમાધિ (સ્વરૂપ લીનતા) થી ઉત્પન્ન, પરમાનંદ એક લક્ષણ સુખરૂપી અમૃતરસના આસ્વાદરૂપ અનુભવના બળથી, વિષયોમાં જરા પણ આસક્ત નથી.

પ્રશ્ન : શું કરીને આસક્ત નથી ?

ઉત્તર : પહેલા પોતાના સ્વરૂપને પરિગ્રહી (સ્વીકાર કરી) પછી છોડીને આસક્ત નથી.

પ્રશ્ન : કોને છોડીને તેવા નથી ?

ઉત્તર : પરિગ્રહ છોડીને તેવા નથી.

પ્રશ્ન : કઈ વિશેષતાવાળા પરિગ્રહને છોડીને તેવા નથી ?

ઉત્તર : બહાર રહેલા ખેતર, મકાન આદિ અનેક પ્રકારના અને પોતાની અંદર રહેલ મિથ્યાત્વ આદિ ચૌદ પ્રકારના ભેદરૂપ, પરિગ્રહ છોડીને આસક્ત નથી. આ ગુણોથી વિશિષ્ટ જે મહાત્મા છે,

તેઓ શુદ્ધ-શુદ્ધોપયોગી છે-એવું કહ્યું છે.

પ્રશ્ન : આ વિશેષ કથનથી શું કહેલ છે ?

ઉત્તર : આ પ્રકારના પરમયોગી જ, અભેદરૂપથી મોક્ષમાર્ગ છે - એમ જાણવું જોઈએ. ॥ ૨૭૩ ॥

હવે સર્વ મનોરથોના સ્થાનરૂપથી શુદ્ધોપયોગ લક્ષણ મોક્ષમાર્ગને પ્રદર્શિત કરે છે.

## ગાથા ૨૭૪

રે ! શુદ્ધને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન દર્શન શુદ્ધને,
છે શુદ્ધને નિર્વાણ, શુદ્ધ જ સિદ્ધ, પ્રણમું તેહને. ૨૭૪.

અન્વયાર્થ :– [**शुद्धस्य च**] શુદ્ધને (-શુદ્ધોપયોગીને) [**श्रामण्यं भणितं**] શ્રામણ્ય કહ્યું છે, [**शुद्धस्य**] શુદ્ધને [**दर्शनं ज्ञानं**] દર્શન અને જ્ઞાન કહ્યું છે, [**शुद्धस्य च**] શુદ્ધને [**निर्वाणं**] નિર્વાણ હોય છે, [**स: एव**] તે જ (-શુદ્ધ જ) [**सिद्ध:**] સિદ્ધ હોય છે; [**तस्मै नम:**] તેને નમસ્કાર હો.

ટીકાર્થ : કહ્યું છે.

પ્રશ્ન : શું કહ્યું છે ?

ઉત્તર : સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર-એકાગ્રતા લક્ષણ, શત્રુ-મિત્ર આદિમાં સમભાવ પરિણતિરૂપ, સાક્ષાત્ મોક્ષનું કારણ જે શ્રામણ્ય કહ્યું છે.

પ્રશ્ન : તે કોને હોય છે ?

ઉત્તર : તે શુદ્ધ ને-શુદ્ધોપયોગી ને જ હોય છે. ત્રણ લોકના ઉદરરૂપી છિદ્રમાં તે સ્થિત, ત્રણકાળ સંબંધી વિષયો - સંપૂર્ણ વસ્તુઓમાં મળી આવતા અનંત ધર્મોને એક સમયમાં સામાન્ય-વિશેષરૂપે દેખવા-જાણવામાં સમર્થ જે દર્શન-જ્ઞાન-બંને તે શુદ્ધને જ હોય છે.

અવ્યાબાધ અનંત સુખ આદિ ગુણોના આધારભૂત, પરાધીનતાથી રહિત હોવાને કારણે પોતાને આધીન જે નિર્વાણ - મોક્ષ આ શુદ્ધને જ હોય છે. જે લૌકિક માયા, અંજન, રસ, દિગ્વિજય, મંત્ર, યંત્ર આદિ સિદ્ધિઓથી વિલક્ષણ, પોતાના શુદ્ધાત્માની પૂર્ણ પ્રાપ્તિ લક્ષણ ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વભાવી, જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના કર્મોથી રહિત હોવાને કારણે, સમ્યક્ત્વ આદિ આઠ ગુણોમાં ગર્ભિત અનંતગુણ સહિત સિદ્ધ ભગવાન છે, તેઓ પણ શુદ્ધ જ છે. તેમને જ પોતાના દોષ રહિત પરમાત્મામાં આરાધ્ય-આરાધક સંબંધ લક્ષણ ભાવ નમસ્કાર હો.

અહીં આ કહેલ છે કે - આ મોક્ષના કારણભૂત શુદ્ધોપયોગના માધ્યમથી, સંપૂર્ણ ઈષ્ટ મનોરથ પ્રાપ્ત થાય છે-એમ માનીને, બાકીના મનોરથોને છોડી, એમાં જ ભાવના કરવી જોઈએ. ॥ ૨૭૪ ॥

હવે, શિષ્યજનોને શાસ્ત્રનું ફળ બતાવતા થકા શાસ્ત્ર પૂર્ણ કરે છે.

## ગાથા ૨૭૫

સાકાર અણ-આકાર ચર્યાયુક્ત આ ઉપદેશને
જે જાણતો, તે અલ્પ કાળે સાર પ્રવચનનો લહે. ૨૭૫.

અન્વયાર્થ :– [यः] જે [साकारानाकारचर्यया युक्तः] સાકાર-અનાકાર ચર્યાથી યુક્ત વર્તતો થકો [एतत् शासनं] આ ઉપદેશને [बुध्यते] જાણે છે, [सः] તે [लघुना कालेन] અલ્પ કાળે [प्रवचनसारं] પ્રવચનના સારને (-ભગવાન આત્માને) [प्राप्नोति] પામે છે.

ટીકાર્થ : પ્રાપ્ત કરે છે. તે કર્તારૂપ શિષ્યજન પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : તે કોને પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : પ્રવચનસાર શબ્દથી વાચ્ય, પોતાના આત્માને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : કેવી રીતે (ક્યારે) પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : થોડા સમયમાં પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : જો શું કરે છે ? તો પ્રાપ્ત કરે છે ?

ઉત્તર : જો શિષ્યજન જાણે છે, તો પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન : શું જાણે છે ?

ઉત્તર : આ શાસ્ત્રને જાણે છે.

પ્રશ્ન : આનું નામ શું છે ?

ઉત્તર : પ્રવચનસાર - સમ્યક્જ્ઞાનનું, તે સમ્યક્જ્ઞાનના જ જ્ઞેયભૂત પરમાત્મા આદિ પદાર્થોનું, એના દ્વારા સાધ્ય, વિકાર રહિત સ્વસંવેદન જ્ઞાનનું. એવી જ રીતે તત્ત્વાર્થશ્રદ્ધાન લક્ષણ સમ્યક્દર્શનનું, એના વિષયભૂત અનેકાંતાત્મક પરમાત્મા આદિ દ્રવ્યોનું અને તે વ્યવહાર સમ્યક્ત્વથી સાધ્ય પોતાના શુદ્ધાત્માની રૂચિરૂપ નિશ્ચય સમ્યક્ત્વનું; અને એવી જ રીતે વ્રત, સમિતિ, ગુપ્તિ આદિ અનુષ્ઠાનરૂપ સરાગ-ચારિત્રનું અને એનાથી જ સાધ્ય પોતાના શુદ્ધાત્મામાં નિશ્ચળ અનુભૂતિરૂપ વીતરાગ ચારિત્રનું પ્રતિપાદક હોવાથી પ્રવચનસાર નામ છે.

પ્રશ્ન : તે શિષ્યજન કેવો છે ?

ઉત્તર : સાગાર કે અનાગાચાર ચર્યાથી સહિત છે. અંતરંગ રત્નત્રય અનુષ્ઠાનને ઉપાદેય કરી, બહિરંગ રત્નત્રયરૂપ અનુષ્ઠાન સાગાર ચર્યા કે જે શ્રાવકની ચર્યા છે. બહિરંગ રત્નત્રયના આધારથી, અંતરંગ રત્નત્રયના અનુષ્ઠાનરૂપ અનાગારચર્યા તે પ્રમત્ત સંયત આદિ મુનિની ચર્યા

છે. એવો અર્થ છે. ॥ ૨૭૫ ॥

આ રીતે પાંચ ગાથાઓ દ્વારા 'પંચરત્ન'નામનું પાંચમાં સ્થળનું વ્યાખ્યાન થયું.

આ રીતે ૩૨ ગાથાઓ દ્વારા પાંચ સ્થળરૂપે 'શુભોપયોગ' નામનો ચોથો અંતર અધિકાર સમાપ્ત થયો.

આ રીતે 'શ્રી જયસેન આચાર્ય' કૃત 'તાત્પર્યવૃત્તિ'માં પહેલા કહેલ ક્રમથી ૨૧ ગાથાઓ રૂપે 'ઉત્સર્ગ અધિકાર' છે. તે ઉપરાંત ૩૦ ગાથાઓ રૂપે 'અપવાદ અધિકાર' છે. ત્યાર પછી ૧૪ ગાથાઓરૂપે 'શ્રામણ્ય અને અન્ય નામ મોક્ષમાર્ગ અધિકાર' છે. તથા તેના પછી ૩૨ ગાથાઓ રૂપે 'શુભોપયોગ અધિકાર' છે. આ રીતે ચાર અંતરાધિકારો દ્વારા ૯૭ ગાથાઓ રૂપે 'ચરણાનુયોગ ચૂલિકા' નામનો 'ત્રીજો મહા અધિકાર' સમાપ્ત થયો.

# પ્રવચનસાર પરિશિષ્ટ

અહીં શિષ્ય કહે છે - જો કે પરમાત્મદ્રવ્યનું પહેલા અનેક પ્રકારથી વ્યાખ્યાન કર્યું છે, તોપણ સંક્ષેપથી હજુ પણ કહો !

ભગવાન (આચાર્ય) કહે છે - જે કેવળજ્ઞાન આદિ અનંતગુણોનું આધારભૂત છે, તે આત્મદ્રવ્ય કહેવામાં આવ્યું છે. તથા તેની નયો અને પ્રમાણથી પરીક્ષા કરી શકાય છે.

તે આ પ્રકારે, આ જે શુદ્ધનિશ્ચયનયથી ઉપાધિ (સંયોગો) રહિત સ્ફટિકની જેમ, સંપૂર્ણ રાગાદિ વિકલ્પોરૂપ ઉપાધિથી રહિત છે, તે જ અશુદ્ધ નિશ્ચયનયથી, ઉપાધિ સહિત સ્ફટિકની જેમ, સંપૂર્ણ રાગાદિ વિકલ્પોરૂપ ઉપાધિથી સહિત છે.

શુદ્ધ-સદ્ભૂત-વ્યવહાર-નયથી, જે શુદ્ધ સ્પર્શ-રસ-ગંધ-વર્ણના આધારભૂત પુદ્ગલ-પરમાણુની જેમ કેવળજ્ઞાનાદિ શુદ્ધગુણોનું આધારભૂત છે; તે જ અશુદ્ધ-સદ્ભૂત-વ્યવહારનયથી અશુદ્ધ સ્પર્શ, રસ, ગંધ, વર્ણના આધારભૂત દ્વિઅણુક આદિ સ્કંધની જેમ મતિજ્ઞાન આદિ, વિભાવગુણોનું (પર્યાયોનું) આધારભૂત છે.

અનુપચરિત - અસદ્ભૂત - વ્યવહાર-નયથી દ્વિઅણુક આદિ સ્કંધોમાં સંશ્લેશ બંધરૂપ સ્થિત પુદ્ગલ પરમાણુની જેમ અથવા પરમઔદારિક શરીરમાં સ્થિત વીતરાગ-સર્વજ્ઞના સમાન વિવક્ષિત એક શરીરમાં સ્થિત છે. ઉપચરિત - અસદ્ભૂત - વ્યવહાર-નયથી લાકડાના આસન આદિ પર બેઠેલ દેવદતના સમાન અથવા સમવસરણમાં સ્થિત વીતરાગ-સર્વજ્ઞની જેમ, વિવક્ષિત એક ગામ, ઘર આદિમાં સ્થિત છે.

ઈત્યાદિ પરસ્પર સાપેક્ષ અનેક નયો દ્વારા જાણેલ - વ્યવહાર કરવામાં આવ્યો તે (જીવદ્રવ્ય) ક્રમથી અમેચક સ્વભાવવાળા વિવક્ષિત એક ધર્મમાં વ્યાપક હોવાથી, એક સ્વભાવરૂપ છે. તે જ જીવદ્રવ્ય પ્રમાણ દ્વારા જાણવાથી મેચક સ્વભાવવાળા અનેક ધર્મોમાં એક સાથે વ્યાપક હોવાથી, ચિત્રપટની જેમ અનેક સ્વભાવરૂપ છે.

આ રીતે નય-પ્રમાણ દ્વારા તત્ત્વ વિચારના સમયે, જે તે પરમાત્મદ્રવ્યને જાણે છે, તે વિકલ્પ રહિત સમાધિના પ્રસંગમાં, વિકાર રહિત સ્વસંવેદન જ્ઞાનથી પણ એને જાણે છે.

શિષ્ય ફરી કહે છે કે - હે ભગવાન ! આત્મદ્રવ્ય તો જાણવામાં આવ્યું, હવે તેની પ્રાપ્તિનો ઉપાય કહો.

ભગવાન (આચાર્ય) કહે છે કે-પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન દર્શન સ્વભાવવાળા પોતાના પરમાત્મતત્ત્વની સમ્યકશ્રદ્ધા-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ અભેદ રત્નત્રયાત્મક વિકલ્પ રહિત સમાધિથી (સ્વરૂપલીનતાથી) ઉત્પન્ન, રાગાદિ ઉપાધિથી રહિત ઉત્કૃષ્ટ આનંદ એક લક્ષણ સુખરૂપી અમૃતરસ

સંબંધી સ્વાદના અનુભવને, ન પામતો થકો આ જીવ, પૂનમના દિવસના જળ-તરંગોથી ક્ષુબ્ધ (ચંચળ) સમુદ્રની જેમ રાગ-દ્વેષ-મોહરૂપી તરંગો દ્વારા, જ્યાં સુધી પોતાના સ્વરૂપમાં સ્થિર ન થવાથી ક્ષુબ્ધ (આકુળિત) રહે છે, ત્યાં સુધી પોતાના શુદ્ધાત્માને પ્રાપ્ત નથી કરતો.

તે જ વીતરાગ સર્વજ્ઞ પ્રણીત ઉપદેશથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય, સંજ્ઞી, પર્યાપ્ત, મનુષ્ય, ઉત્તમ દેશ, ઉત્તમ કુળ, રૂપ, ઈન્દ્રિયપટુતા (કાર્ય કરવામાં સમર્થ ઈન્દ્રિયો) નિરોગતા, પૂર્ણ આયુ, શ્રેષ્ઠ બુદ્ધિ, સત્ય ધર્મનું શ્રવણ-ગ્રહણ-ધારણ-શ્રદ્ધાન, સંયમ, વિષયસુખથી વિરક્ત, ક્રોધાદિ કષાયોનો વિનાશ - ઈત્યાદિ ઉતરોતર દુર્લભ દશાઓને પણ કથંચિત્ 'કાકતાલીય ન્યાય' (સહજ પુણ્યોદય) થી પ્રાપ્ત કરી, પરિપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન-દર્શન સ્વભાવી પોતાના આત્મતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદરત્નત્રય સ્વરૂપ વિકલ્પ રહિત સમાધિથી (સ્વરૂપ લીનતાથી) ઉત્પન્ન, રાગાદિ ઉપાધિ રહિત, ઉત્કૃષ્ટ આનંદ એક લક્ષણ સુખરૂપી અમૃતરસ સંબંધી સ્વાદના અનુભવની પ્રાપ્તિ થવાથી, અમાસના દિવસે જળ-તરંગોના ક્ષોભથી રહિત સમુદ્રની જેમ, રાગ, દ્વેષ, મોહરૂપી લહેરોના ક્ષોભથી રહિત પ્રસંગોમાં, જ્યારે પોતાના શુદ્ધાત્મા સ્વરૂપમાં સ્થિર થાય છે, ત્યારે તે જ જીવ પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને પ્રાપ્ત થાય છે.

આ રીતે 'શ્રી જયસેન આચાર્ય' કૃત 'તાત્પર્યવૃત્તિ'માં આ રીતે પહેલા કહેલા ક્રમથી ૧૦૧ ગાથાઓ સુધી 'સમ્યક્‌જ્ઞાન અધિકાર', તે ઉપરાંત ૧૧૩ ગાથાઓ સુધી 'જ્ઞેયાધિકાર અપરનામ સમ્યક્ત્વ અધિકાર' અને ત્યાર પછી ૯૭ ગાથાઓ સુધી 'ચારિત્ર અધિકાર' આ રીતે ત્રણ મહા અધિકારો દ્વારા, ૩૧૧ ગાથાઓરૂપથી 'પ્રવચનસાર પ્રાભૃત' પૂર્ણ થયુ.

પ્રવચનસારની આ તાત્પર્યવૃત્તિ પૂર્ણ થઈ.

આ રીતે 'આચાર્ય કુંદકુંદદેવ' કૃત 'પ્રવચનસાર પ્રાભૃત' તથા તેના પર 'આચાર્ય જયસેન' કૃત 'તાત્પર્યવૃત્તિ' ટીકાનું હિન્દીમાંથી ગુજરાતી પદ, ગાથાર્થ, ટીકાર્થ રૂપે ગુજરાતી અનુવાદ સમાપ્ત થયો.

# ટીકાકાર આચાર્ય શ્રી જયસેનનો પરિચય

## टीकाकार आचार्य जयसेन–प्रशस्ति:

अज्ञानतमसा लिप्तो मार्गो रत्नत्रयात्मक: ।
तत्प्रकाशसमर्थाय नमोऽस्तु कुमुदेन्दवे ।। १ ।।
सूरि: श्री वीरसेनाख्यो मूलसंघेऽपि सत्तपा: ।
नैर्ग्रन्थ्यपदवीं भेजे जातरूपधरोऽपि य: ।। २ ।।
तत: श्री सोमसेनोऽभूद्गणी गुणगणाश्रय: ।
तद्विनेयोस्ति यस्तस्मै जयसेनतपोभृते ।। ३ ।।
शीघ्रं बभूव मालु साधु: सदा धर्मरतो वदान्य: ।
सूनुस्तत: साधुमहीपतिर्यस्तस्मादयं चारुभटस्तनूज: ।। ४ ।।
य: संततं सर्वविदा: सपर्यामार्यक्रमाराधनया करोति ।
स श्रेयसे प्राभृतनामग्रन्थपुष्टात् पितुर्भक्तिविलोपभीरु ।। ५ ।।
श्रमन्त्रिभुवनचंद्रं निजमतवाराशितायना चन्द्रम् ।
प्रणमामि कामनामप्रबलमहापर्वतैकशतधारम् ।। ६ ।।
जगत्समस्तसंसारिजीवाकारणवन्धवे ।
सिंधवे गुणरत्नानां नमस्त्रिभुवनेन्दवे ।। ७ ।।
त्रिभुवनचंद्रं चंद्रं नौमि महासंयमोत्तमं शिरसा ।
यस्योदयेन जगतां स्वान्ततमोराशिकृन्तनं कुरुते ।। ८ ।।

અજ્ઞાનરૂપી અંધકારથી આ રત્નત્રયસ્વરૂપ (મોક્ષ) માર્ગ આચ્છાદિત છે તેને પ્રકાશિત કરવામાં સમર્થ કુમુદચંદ્ર કે પદ્મચંદ્ર મુનિને નમસ્કાર હો. ૧.

આ મુળ સંઘમાં પણ પરમ તપસ્વી શ્રી વીરસેન નામના આચાર્ય થયા છે જે નિર્ગ્રંથ પદવીના ધારક તથા જાતરૂપધર-દિગંબર પણ હતા. ૨.

તેમના શિષ્ય અનેક ગુણોના ધારક શ્રી સોમસેન આચાર્ય થયા તેમના શિષ્ય આ જયસેન આચાર્ય છે. ૩.

સદા ધર્મમાં લીન પ્રસિદ્ધ માલુ નામના સાધુ થયા તેમના પુત્ર મહીપતિ નામના સાધુ થયા અને

તેમનાથી આ ચારૂભટ્ટ નામનો પુત્ર ઉત્પન્ન થયો (જયસેન આચાર્ય) ૪.

જે હંમેશા સર્વજ્ઞની પૂજા તથા આચર્યોના ચરણની આરાધનાપૂર્વક સેવા કરે છે તે જયસેન આચાર્યે પિતાની ભક્તિનો વિલોપ થવાના ભયથી (ભવિષ્યમાં જીવોની દેવ-ગુરુ પ્રત્યેની ભક્તિ લુપ્ત થવાના ભયથી) આ પ્રાભૃત નામના ગ્રંથની ટીકા કરેલ છે. ૫.

પોતાના મતરૂપી જળની વૃદ્ધિ માટે ચંદ્રમાં સમાન તથા કામ (ઇચ્છા) નામના મહાપ્રબળ પર્વતના સેંકડો ટુકડા કરવાવાળા શ્રીમાન ત્રિભુવનચંદ્રને નમસ્કાર કરું છું. ૬.

જગતમાં સમસ્ત સંસારી જીવોના અકારણ બંધુ તથા ગુણરૂપી રત્નોના સમુદ્ર સમાન શ્રી ત્રિભુવનચંદ્રને નમસ્કાર હો. ૭.

જેના ઉદયથી જગતના જીવોનો અંધકાર નષ્ટ થઈ જાય છે એવા મહાસંયમને પાળવામાં શ્રેષ્ઠ ચંદ્રમાં સમાન એવા શ્રી ત્રિભુવનચંદ્રને નમસ્કાર કરું છું. ૮.